સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત

શ્રીહરિલીલામૃતગ્રંથ



INDEX



સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત

શ્રીહરિલીલામૃત ગ્રંથ

સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત

શ્રીહરિલીલામૃત ગ્રંથ

પ્રેરક	:	પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
સંશોધક	:	સંશોધન સમિતી
પ્રકાશક	:	શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા
પ્રકાશન તિથિ	:	સંવત્ ૨૦૭૦, ભાદરવા સુદ-૧૫, તા.૯/૯/૨૦૧૪
આવૃત્તિ	:	પહેલી
પ્રત	:	૩૦૦૦
કિંમત	:	રૂા.૭૫/-
ISBN	:	978-93-83456-59-8



- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- વડોદરા : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ........................**તા.**..............................**જિ.**..............................

સર્વ કારણના કારણ, સર્વાવતારી, સાકાર દિવ્ય મૂર્તિ શ્રીસ્વામિનારાયણ ભગવાનની દિવ્ય તથા માનુષી લીલાચરિત્રોથી સભર, આત્માને સુખ-શાંતિ દેનાર સદ્‌ગુરુ શ્રીભૂમાનંદસ્વામી કૃત **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'** ખરેખર અનુપમ છે.


આ સદ્‌ગ્રંથનું વાંચન, શ્રવણ, મનન આપ તથા આપના પરિવારજનોમાં આસ્તિકતા તથા આધ્યાત્મિકતામાં ઉમેરો કરે, સંસ્કાર, સદ્‌ગુણ અને ભક્તિભીના કરે એવી શુભેચ્છા સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....



પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ



સદ્.શ્રીગોપાળાનંદસ્વામી

સમર્પણ



સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી જેવા સંતોની મરજીમાં રહી ભણતર તથા સેવાભક્તિ કરનારા, માંદા સંતોની સેવામાં હંમેશાં તત્પર રહેનારા, વિદ્વાન તથા વાચાળ હોવા છતાં સદા સેવકના સેવક બની જીવનારા, પંચવર્તમાને પૂરા, શૂરા, અનેક મંદિરના નિર્માતા, સત્સંગની દૃઢતાના આગ્રહી, ધ્યાન-ભજનમાં નિમગ્ન રહેનારા, શ્રીહરિકૃત મર્યાદા પાળનાર અને પળાવનાર, શ્રીહરિચરિત્રને જ પોતાના જીવનનો સાચો આહાર માનનાર, આચાર્યશ્રી તથા અનેક સંતો-ભક્તોના પ્રીતિ અને પ્રસન્નતાના પાત્ર

સદ્.શ્રીભૂમાનંદસ્વામીનાં

કરકમળોમાં એમના જ રચેલા આ

‘શ્રીહરિલીલામૃત ગ્રંથ’

ને સમર્પણ કરી

અમે ધન્યતા અનુભવીએ છીએ.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના
ભાવભીના જય સ્વામિનારાયણ

પ્રસ્તાવના

કરોડો બ્રહ્માંડના કારણ, અક્ષરાધીપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન અનંત આત્માના ઉદ્ધાર માટે અવની ઉપર પ્રગટ થયા. સાથે અનંત મુક્તો લાવ્યા. તેમાંથી ઘણા મુક્તો પરમહંસ થયા. જેમ સૂર્યમંડળ ફરતી નક્ષત્રમાળા શોભે તેમ તેઓ આ સત્સંગમાં શોભતા હતા. તે પૈકીના એક મહામુક્ત એટલે **સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી**ના શિષ્ય **પુરાણી સદ્.શ્રીભૂમાનંદસ્વામી.** મુક્તરાજ ભૂમાનંદસ્વામીને ભગવાનની લીલા ચિંતવન કરવાનું આગવું અંગ હતું. તે વિષે માધવદાસજીસ્વામી શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગરમાં કહે છે,

પવિત્રાનંદ જુગલ ભોમાનંદ, અનંતાનંદ અચિંતાનંદ ત્રણ;
તમારી લીલા ચિંતવી, એણે ટાળ્યાં જન્મ મરણ.

વળી, આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ પણ કહે છે,

ભૂમાનંદજી સદ્‌ગુરુ સંત, કરે લીલાની વાત અત્યંત;
સુણી શ્રીહરિનો મહિમાય, સતસંગીને બહુ સમજાય.

જેમનાં કલ્યાણકારી ગુણો, ઐશ્વર્ય અને પ્રતાપ અમાપ છે એવા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની દિવ્ય અને માનુષી તમામ લીલાઓનું વાંચન, શ્રવણ, મનન ભગવાનના દિવ્યાનંદથી ભરી દે છે. શ્રીહરિની લીલા સહુને આંતરિક શાંતિ આપે છે, જન્મ-મરણનાં બંધન કાપે છે. મોક્ષ માટેનું સુગમ, શ્રેષ્ઠ અને સહુથી થઈ શકે એવું અનુપમ સાધન ઈષ્ટદેવના ચરિત્રોનું ચિંતન છે. ભૂમાનંદસ્વામી આ રહસ્યને સારી રીતે સમજતા હતા. તેથી જ તેમણે પોતાના પ્રસ્તુત આ **"શ્રીહરિલીલામૃત ગ્રંથ"**માં આંખે દેખેલા અહેવાલ જેવી શ્રીહરિની લીલાઓ કંડારી છે. સ્વામીશ્રીએ આ ગ્રંથમાં શ્રીહરિની ઐશ્વર્યપ્રતાપ દર્શક લીલા ઓછી લખી છે અને શ્રીહરિજી મહારાજની માનુષી લીલા

ખૂબ જ લખી છે. જે વાંચતા, સાંભળતા જીવમાં શાંતિ વળે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ કોઈ પણ પ્રસંગને મૂલવવા માટે જે તે સમય, સ્થળ અને એકબીજા વચ્ચેનો થયેલો સંવાદ બહુ જ મહત્ત્વનો હોય છે. ભૂમાનંદસ્વામીકૃત આ ગ્રંથની એ વિશેષતા છે કે, તેમણે શ્રીહરિના જન્મથી આરંભીને અંતર્ધાન સુધીની તમામ લીલાઓ વર્ષ પ્રમાણે લખી છે. પ્રાયઃ સમય ઉપર ધ્યાન આપ્યું છે. તેમજ જે તે સમયે શ્રીહરિજી અને સંતો સાથે થયેલા ટૂંકા પણ રસપ્રદ પ્રસંગો, સંવાદો સાથે લખ્યા છે. તે સમયે થયેલી અસરકારક ટૂંકી વાતો પણ લખી છે. જેમાંથી ગુરુ અને શિષ્યે, સંતો સંતોને તથા સંતો ભક્તોને પરસ્પર કેમ રહેવું ? કેમ બોલવું ? ક્યારે મૌન રહેવું ? શું કરવાથી ભગવાન કે મોટા સંતો રાજી થાય ? વગેરે આવી નાનીનાની બાબતનો વિનય-વિવેક શીખવા મળે છે. જીવનમાં દોષો ટાળવા અને સદ્‌ગુણો કેળવવાનું બળ મળે છે તથા ભગવાનમાં ખૂબ જ પ્રેમ વધે છે.

શ્રીહરિ વચ.ગ.મ.૩૫ માં કહે છે, "અમે જ્યાં જ્યાં ઉત્સવ-સમૈયા કર્યા હોય ને જે ઠેકાણે પરમહંસ, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ સર્વે ભેગાં થયાં હોય ને અમે કીર્તન ગવરાવ્યાં હોય ને વાર્તા કરી હોય ને અમારી પૂજા થઈ હોય, એ આદિક જે **અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે."**

ઉપરોક્ત શ્રીહરિનાં વચનો આ ગ્રંથ વાંચતા, વિચારતા જીવનમાં તાદૃશ થાય છે. શ્રીહરિની લીલાસભર આ ગ્રંથમાં સ્વામીશ્રીએ શ્રીસ્વામિનારાયણ ભગવાનના નામનો ઉલ્લેખ પ્રાયઃ **"શ્રીજી"** શબ્દથી કર્યો છે. અને બહુધા તો સર્વનામ વાપર્યું છે. વળી, તેમની શૈલી એવી હતી તેથી હું ત્યાં હાજર હતો એવું પ્રાયઃ નથી લખ્યું. જ્યાં જરૂર જણાય

ત્યાં પોતાના નામ **"ભૂમાનંદસ્વામી"** નો ઉલ્લેખ કર્યો છે. વળી, આ ગ્રંથમાં **"જીવનું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાન ને તેમના સંતના સમાગમે કરીને થાય છે, તેવું કોઈ સાધને કરીને થતું નથી."** આવા ભાવની રહસ્યપૂર્ણ ટૂંકી વાતોનો પણ ઘણી જગ્યાએ ઉલ્લેખ છે.

આ ગ્રંથ સદ્‌ગુરુ શ્રીભૂમાનંદસ્વામીએ વડતાલધામમાં રહીને રચ્યો છે. વર્ષ પ્રમાણે લખાયેલી આ ગ્રંથની લીલાનો વિસ્તાર આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ કૃત શ્રીહરિલીલામૃત ગ્રંથમાં જોવા, જાણવા મળે છે. આ ગ્રંથ સ્વામીશ્રીએ કયા સમયે લખ્યો તે ચોક્કસ કહી શકાતું નથી. આ ગ્રંથની ચાર-પાંચ કોપીઓ થયેલી છે. પરંતુ અમોને વડતાલધામ સાધુસમાજની લાઈબ્રેરીમાંથી આ ગ્રંથની એક કોપી મળી છે. જે સ્વામીશ્રી ધામમાં ગયા બાદ ત્રીજે વર્ષે સદ્. શ્રીપવિત્રાનંદસ્વામીના શિષ્ય **શ્રીકૃષ્ણદાસજીસ્વામીએ** સં.૧૯૪૧, અષાઢ વદ બીજ તા.૨૯/૭/૧૮૮૫ બુધવારે લખેલી છે. તે કોપીને આધારે અમોએ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. તેમાં લેખકશ્રીની મૂળ શૈલીનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. જ્યાં જરૂર જણાય ત્યાં વાચકોની સુગમતા માટે કૌંસમાં અઘરા શબ્દોના અર્થ આપેલા છે.

આવો અનુપમ આ **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'** તેના મૂળ સ્વરૂપમાં પ્રથમ વાર **શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતો-ભક્તો, મુક્તો અમારા ઉપર પ્રસન્ન થાય એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ





સદ્‌ગુરુ શ્રીભૂમાનંદસ્વામીનું
સંક્ષિપ્ત જીવન

સંપ્રદાયમાં બે ભૂમાનંદસ્વામી હતા. એક પુરાણી ભૂમાનંદસ્વામી અને બીજા કવિ ભૂમાનંદસ્વામી. બંને મહાન વિદ્વાન અને ભજનાનંદી હતા. મંજુકેશાનંદસ્વામી નંદમાળામાં કહે છે...

ભૂમાનંદ પુરાણી દોય, કરે ભક્તિ હરિની સોય.

તેમાં જે સંત કવિ હતા તે મોટા ભૂમાનંદસ્વામી નામથી પ્રસિદ્ધ થયા હતા. તેમનો જન્મ જામનગર જિલ્લાના કેશિયા ગામમાં સંવત ૧૮૫૨, વૈશાખ સુદ-૭ રવિવારના રોજ થયો હતો. તેમના પિતાનું નામ રામજીભાઈ અને માતાનું કુંવરબાઈ હતું. તેમનું પૂર્વાશ્રમનું નામ રૂપાભાઈ હતું. તેઓ જ્ઞાતિએ રાઠોડ અટકના કડિયા હતા. કૃષ્ણાનંદસ્વામી શ્રીહરિચરિત્રામૃત ગ્રંથના અ.૬૫ માં તેમનો પરિચય આપતા કહે છે...

ભોમાનંદસ્વામી ભલા ભક્ત, નામ રૂપો હરિમાં આસક્ત;
રહેતા ખારવા ગામમાં ખાંતે, ઘર ત્યાગ કર્યો સુણી વાતે...૧૯
કવિતા કરતા અતિ કાજુ, જગજીવનમાં હેત ઝાઝું;
થયા ત્યાગી મૂકી જગફંદ, નામ ધરાવ્યું ભૂધરાનંદ...૨૦
નામ કાવ્યમાં મળતું નાવ્યું, ત્યારે શ્રીજીએ આપે ફેરવ્યું;
પાડ્યું ભૂમાનંદ ભયહારી, કાવ્યમાં મળતું સુખકારી...૨૧

તેઓ ૧૬ વર્ષની ઉંમરે ગઢપુરમાં સંત બન્યા હતા. આ ભૂમાનંદસ્વામીએ લખેલો થાળ **'જમો થાળ જીવન જાઉં વારી'** આખા સંપ્રદાયમાં ગવાય છે. અને **'સર્વે સખી જીવન જોવાને ચાલો રે...'** વગેરે હજારો કીર્તનો તથા **'ઘનશ્યામલીલામૃત'** જેવા ગ્રંથો તેમણે બનાવ્યા છે. આ ભૂમાનંદસ્વામી સંવત્ ૧૯૨૪ મહા વદ ૮ ને રવિવારના રોજ **માણસા** ગામના મંદિરમાં પંચભૌતિક દેહનો ત્યાગ કરીને સ્વતંત્ર થકા અક્ષરવાસી થયા હતા. આ જે વિગત આપી તે શ્રીહરિના શિષ્ય કવિ ભૂમાનંદસ્વામીની વિગત છે.

બીજા પુરાણી ભૂમાનંદસ્વામી નિત્યાનંદસ્વામીના શિષ્ય હતા અને 'નાના ભૂમાનંદસ્વામી' તરીકે ઓળખાતા. તેમની વિશેષતા વર્ણવતા હરિલીલામૃત ક.૧/૨ માં આ.વિહારીલાલજી મહારાજ કહે છે...

શાર્દુલવિક્રીડીત :

નિત્યાનંદસ્વામી તણા સુશિષ્ય સુમતિ, જ્ઞાતાજનો સૌ કહે;
ભૂમાનંદમુનિ ભલા ભગવદી, વૃતાલયે તે રહે.
સાધુતા ગુણ શ્રેષ્ઠ શ્રીહરિ તણી, લીલા સદા ઉચ્ચરે;
બેસીને દૃઢ આસને પ્રભુ તણું, જે ધ્યાન નિત્ય ધરે.

તેઓ બુદ્ધિમાન હતા, શાસ્ત્રોના જ્ઞાતા હતા. વિશેષતઃ વડતાલધામમાં જ રહેતા હતા. અનેક સાધુતાના ગુણોએ યુક્ત હતા.

સદા શ્રીહરિની લીલા ભક્તોને ભાવથી કહેતા. નિત્ય ભગવાનના ધ્યાનમાં નિમગ્ન રહેતા. એવા તેઓ મહાન હતા.

તેમનો જન્મ અમદાવાદમાં દરિયાપુર વિસ્તારમાં મોટી સાલેપરી નામની પોળમાં થયો હતો અને તેમનું પૂર્વાશ્રમનું નામ કહળાભાઈ હતું. તેઓ જ્ઞાતિએ કડવા પાટિદાર હતા. પવિત્રાનંદસ્વામી તેમના માશિયાઈ ભાઈ થતા હતા.

પવિત્રાનંદસ્વામીનું પૂર્વાશ્રમનું નામ આનંદભાઈ હતું. અને તેઓ કાકા બાપાના પણ ભાઈ થતા હતા. આ પરિવાર પ્રથમથી જ સત્સંગના રંગે રંગાયો હતો. તેથી કહળાભાઈ અને આનંદભાઈ બંનેને નાનપણથી જ સત્સંગના સંસ્કારો મળ્યા હતા. આ બંને ભાઈઓ જન્મજાત મુમુક્ષુઓ હતા. જેમ વરસાદ થતા વસુંધરા નવપલ્લવિત થાય તેમ સંતોનો યોગ થતા બંને ભાઈઓને સાધુ થવાની ઇચ્છા થઈ હતી. પરંતુ આ બંને ભાઈઓમાં આનંદભાઈ(પવિત્રાનંદસ્વામી)ના લગ્ન થઈ ગયાં હતાં. તેથી તેમના સસરા પક્ષના લોકોએ તેમને સાધુ થવા દેવામાં વિરોધ કર્યો. તેથી તેમના પિતાશ્રી સત્સંગી હોવા છતાં તેમને સાધુ થવાની રજા આપતા નહીં.

આ વિરોધ ટાળવા માટે અને સાધુ થવાની સંમતિ મેળવવા માટે એ મુમુક્ષુ આનંદભાઈ પોતાની મેળે જ ભગવાં વસ્ત્રો પહેરી સસરાને ત્યાં ગયા અને તેમને કહ્યું કે, ‘હું સાધુ થવા જાઉં છું. તમે નકામા આટાં ખાશો નહીં.’ તેનો આ પ્રકારનો વ્યવહાર જોઈને તેના સસરા પક્ષના લોકોએ તેને સાધુ થવાની સંમતિ આપી. એટલે તરત જ તેમના પિતાશ્રીએ પણ પત્ર લખી આપ્યો કે, ‘મારા પુત્ર આનંદને હું સાધુ થવા માટે અનુમતિ આપું છું. તે સંત થાય એમાં અમે ખુશી છીએ.’

કહળાભાઈને તો પ્રથમથી જ તેમના પિતાશ્રીએ સંત બનવાની સહમતિ આપી દીધી હતી.

પછી પિતાની આજ્ઞા લઈને સંમતિપત્ર સાથે તે બંને મુમુક્ષુઓને ગઢપુર મૂકવા માટે તેમની સાથે તેમના ભાઈ ચાલ્યા. આ ત્રણેય ભક્તો ગઢપુર આવ્યા અને શ્રીહરિના દર્શન કર્યા. પછી તેઓના પિતાશ્રીએ લખેલ પત્ર શ્રીહરિને આપ્યો. અને કહ્યું કે, ‘અમારે બંનેને સાધુ થવું છે અને અમારા પિતાનો સંમતિપત્ર લઈને અમારા આ ભાઈ અમને બંનેને અહીં મૂકવા આવ્યા છે. માટે કૃપા કરી અમોને સદા આપની સેવામાં રાખો, અમારો સ્વીકાર કરો.’

શ્રીહરિએ તે સંમતિપત્ર વાંચ્યો અને કહ્યું કે, ‘આ પત્રમાં તો એકને જ સાધુ થવાનું લખેલ છે.’ ત્યારે પત્રમાં જેનું નામ હતું તે આનંદભાઈ કહે, ‘મહારાજ ! એક જ ગામના અને એક જ કુટુંબના બે ભાઈ માટે જુદાં-જુદાં પત્રો હોય નહીં. મારા આ બીજા મોટા બાપુના પુત્રને તો તેમના પિતાએ પ્રથમથી જ સાધુ થવાની સંમતિ આપી છે.’

આ વાતનું સમર્થન કરતાં કહળાભાઈએ કહ્યું કે, ‘તેમનાં લગ્ન થયાં હતાં તેથી જ તેમને સાધુ થવામાં વિરોધ હતો. એટલે જ આ પત્ર તેમના માટે લખવો પડ્યો અને મને તો મારા પિતાએ પ્રથમથી જ રજા આપી છે. અને આ મારો ભાઈ પણ રસ્તામાં મને કહેતો હતો કે, ‘તું સાધુ થા તેમાં અમે ખુશી છીએ.’ બંને મુમુક્ષુની આ વાતને તે બંનેની સાથે આવેલા તેના ત્રીજા ભાઈએ સમર્થન આપ્યું. તેથી શ્રીહરિ બહુ રાજી થયા.

પછી બંને મુમુક્ષુની વિશુદ્ધ ભાવના, પાત્રતા અને યોગ્યતા જોઈને શ્રીસ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં લક્ષ્મીવાડીમાં આ બંને

મુમુક્ષુઓને મહાદીક્ષા આપી સંત બનાવ્યા. તેમાં આનંદભાઈનું નામ **'પવિત્રાનંદસ્વામી'** રાખ્યું અને કહળાભાઈનું નામ **'ભૂમાનંદસ્વામી'** રાખ્યું અને નિત્યાનંદસ્વામીને આ બંને સંત સોંપ્યા.

પછી નિત્યાનંદસ્વામી પાસે રહીને ભૂમાનંદસ્વામી તથા પવિત્રાનંદસ્વામીએ સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કર્યો. અને સ્વામીશ્રીની સેવા કરીને તેમની ખૂબ જ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

❊ સ્વામી ઉપર શ્રીહરિની પ્રસન્નતા :

એકવાર સુખધામ શ્રીહરિ જેતલપુર પધાર્યા.

छंद पध्धरी :

वां आय जुगल मुनि दर्शन काज, भेटेउ भुज भरी भक्तजहाज;
भुमानंदमुनि भयहरनहार, पुनि स्वयंप्रकाशानंद सार...०८
सब समाचार पूछत शाम, निज दास जानी जन पूर्नकाम;
युं देत सब ही सुख शाम सोय, जनवृंद चंद ज्युं रहत जोय...०९

(हरिलीलासिंधु १२/३)

ત્યારે તમામ ભયને હરનારા ભૂમાનંદસ્વામી અને સ્વયંપ્રકાશાનંદ સ્વામી, આ બે મુનિજનો પ્રભુનાં દર્શન કરવા આવ્યા. ભક્તના જહાજરૂપ શ્રીહરિ તે બંનેને બાથમાં લઈને ભેટ્યા. તેઓને પોતાના દાસ જાણી પૂર્ણકામ શ્રીહરિએ સત્સંગના સુખ-દુઃખના બધા જ સમાચાર પૂછ્યા અને પ્રસન્નતા જણાવી. ત્યારે જેમ ચકોર પક્ષી ચંદ્રને જુવે તેમ ભૂમાનંદસ્વામી વગેરે સંતો-ભક્તો પ્રભુને નીરખતા હતા. ઘનશ્યામ શ્રીહરિએ ત્યારે સભામાં સહુને ખૂબ સુખ આપ્યું અને બહુ દિવસના વિરહની વેદના હતી તે અનુપમ દર્શન આપી શ્રીહરિએ ટાળી દીધી.

વળી, એકવાર શ્રીહરિ અમદાવાદમાં રંગોત્સવ કરવા પધાર્યા. તે સમયે સભામાં શ્રીહરિ ઉત્સાહથી બે નિષ્કામી સંતોની વાત પ્રસિદ્ધ કરતા કહે,

छप्पय : कहवत श्री मुख शाम, बात विख्यात अकामी,
लावनार यह रंग, संत हमरे सुखधामी;
गये रही गुनवंत, मानुभावानंदस्वामी,
भूमानंद भयहरन, करन सुख अति निष्कामी;
युं कही उभय मुनिवर्य पर, रंग माट भरी राजही,
गुलाल जुक्त डारत हरि, मनरंजन महाराजही...२७
लाल लाल मुनि लाल, किन कमलायत लोचन,
रंग बोल मुनि उभय, भक्त भव संकटमोचन;
(हरिलीलासिंधु १३/३६)

'હે સંતો ! આ રંગ લાવનારા અમારા સુખધામી અને ઉત્તમ ગુણવાળા બે સંતો છે. તેમાં એક મહાનુભાવાનંદસ્વામી અને બીજા સહુના ભયને હરનારા, સહુને સુખી કરનારા મહાનિષ્કામી ભૂમાનંદ સ્વામી છે.' એમ કહીને તે બંને મુનિવર્યો ઉપર અતિશય રાજી થઈને મહારાજે માટલું ભરીને રંગ નાખ્યો.

પછી મનરંજન, મનભાવન મહારાજે તેમના ઉપર ગુલાલ નાખી બહુ જ રાજી કર્યા. તે મુનિઓને કમલનયન મહાપ્રભુએ લાલ લાલ ને લાલ કરી દીધા. ભક્તોના ભવદુઃખને હરનારા એવા તે બંને સંતો મુખથી 'રંગ..રંગ' એમ બોલતા હતા. આ રીતે લીલા કરી બંને મુનિને રંગથી તરબોળ કર્યા. પછી મહારાજ સહુની ઉપર રંગ નાંખતા હતા. આ રંગોત્સવ સં.૧૮૮૧ માં થયો હતો. ત્યારે શ્રીહરિ સ્વામીશ્રીના સદ્‌ગુણો અને પ્રેમ-ભક્તિથી તેમના ઉપર ખૂબ જ રાજી થયા હતા.

❋ શ્રીહરિએ માંદા સંતોને પ્રસાદી જમાડી સાજા કર્યા :

સં.૧૮૮૩ માં ભાદરવા વદ ચોથને દિવસે સંતમંડળે સહિત મહારાજ વડતાલ પધાર્યા. પછી દશેરાના દિવસે શ્રીજીમહારાજે ગોમતીજીને કાંઠે સમી પૂજન કર્યું. તે દિવસે સ્વયંપ્રકાશાનંદસ્વામી વગેરે સંતો આવ્યા. તેમને સંતમંડળે સહિત મહારાજ મળ્યા ને પોતા પાસે રાખ્યા. ત્યાર કેડે મંડળના બધા સંતો માંદા પડ્યા, ત્યારે તેમને મહારાજ જોવા સારુ પધાર્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને સર્વેને એકુકો હાર આપ્યો.

મહારાજે ભૂમાનંદસ્વામીને પૂછ્યું જે, “તમે જમ્યાનું કેમ કરો છો ?” ત્યારે તેમણે કહ્યું જે, “અમે તો સર્વે માંદા છઈએ અને કોઈ ખાધાનું કરી આપનાર નથી.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તમે સાધુ મોકલજો, મારા થાળમાંથી તમારે જે જોઈશે તે હું આપીશ.” પછી નારાયણાનંદસ્વામી સર્વે માંદાનાં પત્તર લઈને જતા ત્યારે શ્રીહરિજી તેમને સર્વેનાં પત્તર ભરીને પ્રસાદી આપતા. એમ કરતાં પંદર દિવસ થયા ત્યારે સર્વે સાધુ સાજા થયા.

પછી મહારાજે કહ્યું જે, “તમે અહીં રહો ને બીજા સાધુને ફરવા મોકલો.” ત્યારે સાધુ ગામ વસો ગયા. પછી ફેર માંદા થયા. ત્યારે પોતે તેડાવીને પાસે રાખ્યા ને પ્રસાદી આપીને સાજા કર્યા. ત્યાર કેડે નિત્યાનંદસ્વામી ગઢડેથી આવ્યા. ત્યારે પોતે ઊભા થઈને તેમને મળ્યા ને પોતાના થાળની પ્રસાદી આપી. અને એમ બોલ્યા જે, “તમારા વિદ્યાર્થી માંદા પડ્યા હતા, તેને અમે પ્રસાદી આપીને સાજા કર્યા.” પછી ગઢડાના સુખશાંતિના સમાચાર પૂછ્યા.

આ રીતે શ્રીહરિ બીમાર સંતોની સ્વયં સંભાળ રાખતા. ભક્તવત્સલ મહારાજ સહુને સુખ થાય તેમ કરતા. વળી, વડતાલમાં રહેનારા કોઈ

સંત બીમાર થાય તો તેની સેવાસંભાળ રાખવાની જવાબદારી મહારાજે ભૂમાનંદસ્વામીને અને દામોદરાનંદસ્વામીને સોંપી હતી. આ બંને સંતોએ આજીવન આ જવાબદારી દિલથી સંભાળી હતી અને શ્રીહરિ તથા અનેક સંતોની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. માંદા સંતોની સંભાળ રાખવાનો ગુણ શ્રીહરિજી મહારાજની જેમ ભૂમાનંદસ્વામીમાં પણ હતો.



❖ સ્વામીશ્રીએ શ્રીહરિને જમાડી પ્રસન્ન કર્યા :

એક વખત શ્રીહરિ ગઢપુરથી જૂનાગઢ જતા હતા. રસ્તામાં વાંકિયા ગામમાં રાત રહ્યા અને મોકા ખાચરના આથમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. ત્યારે મોકા ખાચર બોલ્યા જે, "હે મહારાજ! સંતોને કહો જે રસોઈ કરે." ત્યારે કહ્યું જે, "આજ તો એકાદશી છે." ત્યારે મોકા ખાચર બોલ્યા જે, "મહારાજ પધાર્યા ને મોકાને ઘેર એકાદશી હોય નહીં." ત્યારે મહારાજે સંતને કહ્યું જે, "હમણાંથી રસોઈ કરશો ત્યારે સવારે કરી રહેશો." ત્યારે તેમના ઘરમાંથી બાઈઓએ સામાન કાઢીને મેલ્યો. ત્યારે મહારાજે સંતને કહ્યું જે, "સામાન લો."

ત્યારે ભૂમાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી વગેરે સંતોએ કહ્યું જે, "બાઈઓનું મેલેલું અમારે લેવાય નહીં." ત્યારે તેમના ઉપર મહારાજ રાજી થયા અને કહ્યું જે, "તમને નિરબાધ કરી આપું." એમ કહીને પોતે સામાન લઈને સંતને આપ્યો ને સંતોએ બાટીઓ કરી.

પછી બાટીઓ ને ગોળ-ઘી જમાડીને પોતે સવારના પહોરમાં વહેલા ચાલ્યા, તે ભેળા ચાર-પાંચ સંત ગયા. તેમને મહારાજે કહ્યું જે, "આંહીં જળ છે ? અમારે બહિર્ભૂમિ જાવું છે." ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, "આંહીં નદી છે." ત્યારે જ્યાં હમણાં કૂવો છે ત્યાં નદીને કાંઠે બહિર્ભૂમિ જઈને આવ્યા. ત્યારે ઊને પાણીએ કરીને હાથ મટિયાવ્યા.

પછી ભૂમાનંદસ્વામીએ ગરમ જળથી શ્રીજીમહારાજને સ્નાન કરાવ્યું અને પોતાની પાસે જે ભાતું હતું તે મહારાજને જમાડ્યું અને શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. ભૂમાનંદસ્વામી રસોઈ કાર્યમાં નિપુણ હતા. તેથી ઘણીવાર આ રીતે શ્રીહરિને જમાડતા હોય એવા પ્રસંગો મળે છે.

❋ વિપત્તિ સમયે શૂરવીરતાપૂર્વક મદદ કરી :

ગઢપુરમાં એક દિવસ શ્રીજીમહારાજ માંહિલી તરફ વાસુદેવના ઓરડામાં પોઢ્યા હતા. તેવામાં વાંસે વાણિયાનું હાટ બળવા માંડ્યું. ત્યારે મહારાજે રતનજીને કહ્યું જે, “તમે જુઓ, વાંસે શાનું અજવાળું જણાય છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “વાણિયાનું હાટ બળે છે.” ત્યારે મહારાજ ઊઠીને બહાર ચોકમાં બેઠા, ને બોલ્યા જે, “સાધુને ખબર કરો.” ત્યારે મિયાંજીએ આવીને સંતોને કહ્યું જે, “મહારાજના ઓરડાની વાંસે લાય(અગ્નિ) થઈ છે.”

ત્યારે સર્વે સંત ત્યાં આવીને ગંગાજળિયા કૂવામાંથી પાણી કાઢીને ઓલવવા માંડ્યા. ત્યારે એક બાઈએ કહ્યું જે, “મારે પાણિયારે ગોળો ભર્યો છે.” ત્યારે મહારાજે ભૂમાનંદસ્વામી ને માયાતીતાનંદસ્વામીને કહ્યું જે, “તમે ગોળો ઉપાડી લાવો.” ત્યારે તેમણે ઉપાડવા માંડ્યો, પણ ગોળો ઉપડ્યો નહીં. ત્યારે મહારાજ પોતે ત્યાં આવીને ઉપાડવા લાગ્યા.

પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “આ ભૂમાનંદસ્વામી વગેરે ભણનારા સાધુ છે તેમને તમારે અમારાથી નોખા કોઈ દિવસ પડવા દેવા નહીં; એ ભલામણ છે.” પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! હું નોંખા નહિ પડવા દઉં.” પછી મહારાજ પોઢવા ગયા ને સાધુ સર્વે ઉતારામાં આવ્યા.

❊ ભૂમાનંદસ્વામીને વીંછીની પીડા મટાડી :

એકવાર ભૂમાનંદસ્વામીને પગે વીંછી કરડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "એ સાધુને શું થયું ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "એને વીંછી કરડ્યો છે." ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "એ સાધુને ઘી ને સાકર ખવરાવો." ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ ઘી ને સાકર લાવીને મહારાજના હાથમાં આપી. ત્યારે પ્રસાદી કરીને ભૂમાનંદસ્વામીને આપી અને સાધુને દુઃખી જોઈને પોતાને દયા આવી. ત્યારે તરત વીંછીની વેદના મટી ગઈ.

❊ પંચરત્નનો ગુટકો લખાવ્યો, તે સેવકો ઉપર રાજીપો :

એક દિવસ શ્રીજીમહારાજ અક્ષરઓરડીને વિષે વિરાજમાન હતા. તે સમયમાં શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "અમારા સારુ એક પંચરત્નનો સારો ગુટકો લખાવો. ને સારાં માથાં(અક્ષરોનાં મથાળાં) બાંધતાં આવડતાં હોય તેની પાસે બંધાવો ને સારા લહિયા પાસે લખાવો." ત્યારે વૈષ્ણવાનંદસ્વામીએ કહ્યું જે, "ભૂમાનંદસ્વામીને માથાં બાંધતાં સારાં આવડે છે, પણ તમે કહ્યું છે જે, 'ભણનારા પાસે કોઈ કામ કરાવવું નહીં.' તેનુ કેમ ?"

ત્યારે મહારાજે કહ્યું જે, "બીજા કામની ના પાડી છે, પણ અમારા કામની કેદી ના પાડી છે ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજના ઉપયોગમાં આવે એ જ શિક્ષાનું ફળ છે." ત્યાર કેડે મહારાજ પોઢી ગયા ને સંત ઉતારે આવ્યા.

બીજે દિવસ મહારાજે ભણનારાને કહ્યું જે, "તમે કારિયાણી, બોટાદ, સુંદરિયાણે ભણવા જાઓ." ત્યારે તે ભણવા ગયા ને ભૂમાનંદ સ્વામી માથાં બાંધવા રહ્યા. થોડાક માથાં બાંધીને મહારાજ પાસે લઈ ગયા ને મહારાજના હાથમાં આપ્યાં. ત્યારે મહારાજ તે જોઈને બહુ

રાજી થયા અને કહ્યું જે, "છોકરા, તમને માથાં બાંધતાં સારાં આવડે છે !" ત્યારે તેમણે કહ્યું જે, "આવાં આવડે છે."

પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "આ છોકરો માથાં બાંધે ત્યાં સુધી નિત્ય થાળ આલજો." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "બ્રહ્મચારી તો એક દિવસ આપશે ને બીજે દિવસે ભૂલી જાશે." ત્યારે મહારાજે કહ્યું જે, "છોકરા, અમે જમવા બેસીએ ત્યારે તું આવજે, અમે પ્રસાદી આપશું." એમ કહીને નિત્ય પ્રત્યે એક મોટો કટોરો ભરીને પ્રસાદી આપે. એમ એક મહિના સુધી પ્રસાદી આપી. અને વેદાંતાનંદસ્વામીએ ગુટકો લખીને પૂરો કર્યો અને ભૂમાનંદસ્વામીએ તેના માથા બાંધ્યા ને આધારાનંદસ્વામીએ ગુટકો બાંધીને(બાઈન્ડીંગ કરીને) તૈયાર કર્યો.

પછી ત્રણે જણા મહારાજ પાસે લઈને ગયા, ત્યારે મહારાજ ગુટકાને જોઈને રાજી થયા. તેવામાં બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવા આવ્યા. ત્યારે સજ્યાથી આથમણી તરફ મેડીને વિશે જમવા પધાર્યા. ત્યારે બ્રહ્મચારીએ મહારાજના રસોયાને કહ્યું જે, "આજ લહિયા ઉપર રાજી થયા છે, તે બધી પ્રસાદી એને આપવાના છે. વાસ્તે થોડુંક રાખીને થાળ પૂરજ્યો." એમ કહીને થાળ લઈને મહારાજ પાસે આવ્યા.

ત્યારે મહારાજ જમવા માંડ્યા ને હસીને બોલ્યા જે, "બિરંજ ને પૂરી હોય તો લાવો." ત્યારે બ્રહ્મચારીએ વાંસે રખાવ્યું હતું તે લઈ આવ્યા. અને મહારાજ પોતે થાળ જમી રહ્યા ત્યારે થાળવાળાને આપવા સારુ એક થાળી ભરીને બ્રહ્મચારીને પ્રસાદી આપી, ને બીજી પ્રસાદી ગુટકો લઈને આવ્યા હતા તેમને આપી. તેમની આ કળાથી રાજી થઈને શ્રીહરિ ભૂમાનંદસ્વામીને આ સેવા માટે ઘણી વાર પોતાની સાથે રાખતા અને થાળની પ્રસાદી વગેરે આપતા. ભૂમાનંદસ્વામીએ સેવા સાથે પુરાણો, ઈતિહાસો, ધર્મશાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરીને સાધુતા સાથે વિદ્વતા પ્રાપ્ત કરી હતી.



❋ ભૂમાનંદસ્વામીને ઐશ્વર્ય પ્રાપ્ત થયું :

એકવાર નાની ઉંમરમાં ભૂમાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામીને કહ્યું, 'હે ગુરુદેવ ! શ્રીહરિ તથા આપની કૃપાથી મારા મનમાં કોઈ પણ જાતની માયિક પદાર્થની ઈચ્છા નથી, કોઈ પ્રકારની વાસના નથી. પરંતુ અક્ષરાધિપતિ શ્રીહરિને જેમ છે એમ જાણવા-માણવાની ઈચ્છા રહે છે. માટે એવાં મારા જીવમાં ઐશ્વર્યપ્રતાપ આવે તો હું પૂર્ણકામ થાઉં અને અખંડ મહારાજનો આનંદ માણી શકું.'

હ.ચ.સાગર ૧/૫૨માં આધારાનંદસ્વામી કહે છે...

અક્ષર લગ દૃષ્ટિ જેહિ જાવે, તાકું અગમ કોઉ ન રહાવે;
અપ્રાપ્ય ન રહે કોઉ તાઈ, અક્ષર મેં બાત સબ હી આઈ...૦૬

જેની દૃષ્ટિ અક્ષરધામ સુધી પહોંચે, તેને કાંઈ અગમ્ય રહેતું નથી અને કાંઈ અપ્રાપ્ય પણ રહેતું નથી. જ્યારે જીવ પોતાને અક્ષરબ્રહ્મ જાણે ત્યારે તેમાં બધી જ વાત આવી જાય છે. અર્થાત્ જેમ છે તેમ પુરુષોત્તમનારાયણ જણાય છે અને પોતે પૂર્ણકામ થાય છે. આવા જ કાંઈક ભાવથી ભૂમાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામીને પ્રાર્થના કરતા કહ્યું, 'હે ગુરુદેવ ! આપ નિત્ય શ્રીહરિની સાથે રહેનારા છો; તેમના એકાંતિક સંત છો, માછલું જેમ પાણીમાં પ્રેમથી હરેફરે છે તેમ તમે શ્રીહરિની સાથે સ્નેહથી બંધાયેલા છો અને શ્રીહરિના ગૂઢ અભિપ્રાયોને સમજનારા છો; અક્ષરમુક્તની જેમ આપને માયાનું કાંઈ જ બંધન નથી; આવું ઐશ્વર્ય-સ્થિતિ આપ કૃપા કરીને મને પણ આપો.'

પોતાના ગુણિયલ શિષ્ય ભૂમાનંદસ્વામીનું આવું વચન સાંભળી નિત્યાનંદસ્વામીએ કહ્યું, "એક વખત વલ્લભીપુર નરેશ હરિસિંહજીની પ્રાર્થનાથી શ્રીહરિ ત્યાં પધાર્યા હતા. ત્યારે હું પણ તેમની સાથે હતો. શ્રીહરિ ત્યારે ત્યાં પાંચ દિવસ રહ્યા હતા.

એકવાર સહુ સંતો-ભક્તોને સાથે લઈ શ્રીહરિ ત્યાં ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા અને ગંગાસાગર સંગમે સહુએ સ્નાન કર્યું. પછી શ્રીહરિએ કહ્યું, ‘જેમ કમળમાં ભમરો સ્નેહ રાખે છે તેમ જે મારા ચરણારવિંદમાં સ્નેહ રાખનારા છે તે જો શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આ સ્થળે સ્નાન કરે અને એક વખત જમી અમારું ભજન કરે; આ પ્રમાણે ચાર માસ સુધી અમારી સ્મૃતિ સાથે સ્નાન અને ભજન કરે તો તે જે ઇચ્છે એવું તેમને ઐશ્વર્ય પ્રાપ્ત થાય.’

માટે હે સાધુરામ ! તમે તે સ્થળે જાઓ અને શ્રીહરિએ જેમ કહ્યું છે તે વિધિ પ્રમાણે સારી રીતે વ્રત કરો, શ્રીજીમહારાજ જરૂર તમારો મનોરથ પૂર્ણ કરશે.” પછી ગુરુઆજ્ઞાને મસ્તકે ચડાવી ઉદાર બુદ્ધિવાળા અને શુદ્ધચરિત્રવાળા ભૂમાનંદસ્વામીએ જેમ નિત્યાનંદસ્વામીએ કહ્યું હતું તે રીતે પ્રસન્ન મનથી ત્યાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે સ્નાન, પૂજન વગેરે કર્યું. તેથી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તેમને સુખ દેનારું ઐશ્વર્ય મળ્યું હતું.

તેથી જ આ સ્થળને ‘ભૂમાનંદ ઘાટ’ કહેવાય છે. તેના અધિષ્ઠાતા દેવ ‘ઐશ્વર્યદ’ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. ભૂમાનંદસ્વામીએ બ્રહ્મરૂપની સ્થિતિ કેળવીને શ્રીજીમહારાજને માત્ર જાણવા-માણવા નિષ્કામભાવે વ્રત કરી મહાઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હતું અને પ્રસન્ન થયેલા ભગવાને પોતાનું ઐશ્વર્ય આપ્યું છતાં તેમણે ક્યારેય તેનો પોતા માટે કે બીજા માટે દુરુપયોગ કર્યો નથી. એ પણ ઘણી સમજણ માગી લે છે.

નિત્યાનંદસ્વામી જેવા મહાન સંતોની કૃપા હોય તો જ સામર્થી મળ્યા પછી સહુના દાસના દાસ થઈને રહી શકાય. નિર્માનીભાવે આજીવન સેવા કરી શકાય. આપણામાં પણ આવી સમજણ, દાસત્વ અને સેવાભાવના આવે એવી તેમના પાવન ચરણોમાં પ્રાર્થના...

❋ સ્વામીરૂપે શ્રીહરિએ ગઢવીનું ઝેર ઉતાર્યું :

ઈડર પાસે કોઈક ગામમાં ઉદા ગઢવીને સાપ કરડ્યો, તેથી તે મૃત્યુ પામ્યો. ત્યારે તેને ભૂમાનંદસ્વામી સાથે હેત હોવાથી શ્રીજીમહારાજ સ્વામીના રૂપે આવ્યા ને ગઢવીને દર્શન દઈને રક્ષા કરી. પછી તે સાપનું ઝેર ઊતરી ગયું ને તે સાજા થયા. એમ ભગવાન પોતાના ભક્તની તે ભક્તને જેમાં સ્નેહ હોય તે સાધુના રૂપે આવીને રક્ષા કરે છે.

❋ મંદિર નિર્માણના કાર્યમાં મદદ કરી :

સોરઠ પ્રદેશમાં ઉના ગામના નગરશેઠ ગણેશ શેઠને શ્રીહરિએ પ્રસન્ન થઈ પુત્રરૂપે લાલજી ભેટ આપ્યા હતા. તે લાલજીનું મંદિર કરવા માટે શેઠે પોતાનું મકાન શ્રીસ્વામિનારાયણ ભગવાનને સમર્પણ કર્યું હતું. તે મકાનને મંદિરરૂપમાં બનાવવાનું કામ ભૂમાનંદસ્વામીને સોંપ્યું હતું. પછી સ્વામીએ સહુ પ્રથમ ઉના જઈ સુંદર મંદિર બનાવીને શ્રીહરિના આપેલા બાળસ્વરૂપ લાલજી તથા શાલીગ્રામને પધરાવ્યા અને ત્યાં દેવોની સેવા તથા પૂજાવિધિ વગેરે વ્યવસ્થિત રીતે શરૂ કરાવ્યું હતું.

સુરતમાં હાલ વિદ્યમાન છે તે શિખરબદ્ધ મંદિરનું સેવાકાર્ય સંવત ૧૯૨૬ માં ચાલતું હતું. તેમાં શૂન્યાતીતાનંદસ્વામી સાથે ભૂમાનંદસ્વામીએ પણ ખૂબ જ સેવા કરી હતી. તે વાતને જણાવતા હરિલીલામૃત ક.૧૦/૧૫ માં કહ્યું છે,

ઓગણીશસેં છવીશા માંય, ધામ શિખરબંધી કર્યું ત્યાંય;
સ્વામિ શૂન્યાતીતાનંદ સંગે, હતો હું ભૂમાનંદ ઉમંગે.

વડોદરામાં શિખરબદ્ધ મંદિર થયું તેમાં પવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી અને વિજ્ઞાનાનંદસ્વામી એ ત્રણેય મોટા સદ્ગુરુઓ

પોતાના મંડળના સંતો સહિત સેવાકાર્યમાં રોકાયેલા અને સર્વ પ્રકારે સેવા કરી સુંદર મંદિર તૈયાર કર્યું હતું. એ યાદિ માટે મંદિર બનાવનાર કુશળ કારીગરોએ જ ત્રણેય મહાપુરુષોને સામા બેસાડી તેઓશ્રીની પથ્થરની મૂર્તિઓ બનાવી પ્રદક્ષિણાના થાંભલાઓ ઉપર બેસાડેલી છે.

વિ.સં.૧૯૩૨ ની સાલમાં ઉપરોક્ત ત્રણેય સદ્‌ગુરુઓએ રાજ્યનો સહકાર સાધી ભારે મોટી ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ કર્યો હતો. અને આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ હસ્તક પ્રતિષ્ઠા કરાવી હતી.

નડિયાદમાં હાલ જે લાકડાની કલાકોતરણીએ યુક્ત સુંદર પુરુષોનું મંદિર વિદ્યમાન છે, તે પણ ભૂમાનંદસ્વામીએ જ બનાવ્યું હતું.

સં.૧૯૩૫ ની સાલમાં ભૂમાનંદસ્વામી આણંદથી પવિત્રાનંદ સ્વામીને નડિયાદ મંદિર જોવા સારુ તેડી ગયા. પછી નડિયાદમાં પવિત્રાનંદસ્વામી માંદા થયા. ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું, "સ્વામી ! હમણાં દેશકાળ બહુ વિપરીત જણાય છે."

ત્યારે પવિત્રાનંદસ્વામી બોલ્યા જે, "હા, શ્રીજીમહારાજ સ્વધામમાં પધારી ગયા અને મોટા સદ્‌ગુરુઓ પણ ગયા તેથી દેશકાળ સારો ક્યાંથી રહે ?" ત્યારે ભૂમાનંદસ્વામી કહે, "સ્વામી ! આગળ જતાં તો ઘણો જ વિપરીત કાળ આવશે." ત્યારે પવિત્રાનંદસ્વામી કહે, "આપણે ગયા પછી ક્યાં જોવું છે, જેમ મહારાજની મરજી હશે તેમ થાશે."

❊ પ્રતિષ્ઠિત સંતોમાં સ્વામીશ્રીની ગણના :

જ્યારે વડતાલમાં રણછોડરાયની પ્રતિષ્ઠા કરવા જવાનું હતું ત્યારે શ્રીહરિએ રઘુવીરજીમહારાજની સાથે ભૂમાનંદસ્વામીને મોકલ્યા હતા.

નિત્યાનંદ તણા શિષ્ય જેહ, સારા સંત ભૂમાનંદ તેહ;
તેને એમ કહ્યું પ્રાણનાથે, તમે જાઓ આચારજ સાથે.
પધરામણીએ જહાં જાય, તમે રહેજો સમીપ સદાય;
હરિભક્તને પૂજાની રીત, તમે શીખવજો કરી પ્રીત.

- હ.લી.૯/૧૩

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછીથી સંપ્રદાયમાં જ્યારે જ્યારે કોઈ અતિ અગત્યનાં કાર્ય કરવાનાં હોય ત્યારે સત્સંગમાં સર્વ પ્રકારે યોગ્ય અને પ્રતિષ્ઠિત સુજ્ઞ સંતોની સંમતિથી જ તે કાર્યો કરવામાં આવતાં હતાં. એ સમયમાં ભૂમાનંદસ્વામી સુપ્રતિષ્ઠિત સંત તરીકે આખા સંપ્રદાયમાં પ્રસિદ્ધ હતા. આ.વિહારીલાલજીમહારાજે નિજ ગ્રંથમાં તેમના થોડા પ્રસંગો વર્ણવ્યા છે, તે જાણીએ...

બુરાનપુરમાં ગોપાળાનંદસ્વામીના શિષ્ય બાલમુકુંદસ્વામી વગેરે સંતોએ શિખરબદ્ધ મંદિર તૈયાર કર્યું. તેની પ્રતિષ્ઠા કરવા માટે જવા આચાર્ય શ્રીભગવત્પ્રસાદજી મહારાજે ભૂમાનંદસ્વામી વગેરે સંતોને બોલાવ્યા હતા.

એકવાર આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજે 'મોટા મોટા મંદિરોની વ્યવસ્થા કેવી રીતે બાંધવી' તેમ કોઠારી ગોરધન શેઠ વગેરેને વાત કરી. ત્યારે પણ મોટા સંતો ભેળા ભૂમાનંદસ્વામીને પણ સલાહ લેવા માટે બોલાવ્યા હતા.

સંવત ૧૯૩૫, શ્રાવણ વદ આઠમે આ.વિહારીલાલજી મહારાજ ગાદીએ બેઠા. પછી સત્સંગની સંભાળ કેવી રીતે રાખવી ? સત્સંગમાં કેવી રીતે સહુએ રહેવું ? વગેરે નિર્ણયો માટે તેમણે સહુ પ્રથમ સાત મોટા સદ્ગુરુઓને બોલાવ્યા હતા. જ્યારે તે સંતો આવ્યા ત્યારે તેમના પ્રત્યે આચાર્ય વિહારીલાલજી મહારાજ કહે,

બોલ્યા આચાર્ય લાલવિહારી, સુણો સદ્ગુરુઓ સુવિચારી;
અહો અદ્ભુતાનંદ મુનિ ઈંદ, ભૂમાનંદ ને વિજ્ઞાનાનંદ...૧૦
શ્વેતવૈકુંઠાનંદ સુજાણ, સાધુ નિષ્કામાનંદ પ્રમાણ;
આનંદાનંદજી બ્રહ્મચારી, અચિંત્યાનંદજી અવિકારી...૧૧
છો જી પ્રગટ પ્રભુને મળેલા, શ્રીજી તમ શિર અઢળ ઢળેલા;
વળી શ્રીજી તણો અભિપ્રાય, તે તો જાણો તમે મુનિરાય...૧૨
તમે સદ્ગુરુ છો મુખ્ય સાત, જેમ ઋષિયોમાં સાત વિખ્યાત;
કામ સોંપું છું તમને આ કાળ, આખા સતસંગની લ્યો સંભાળ...૧૩

વળી આ.ભગવત્પ્રસાદજી મહારાજ તથા આચાર્ય વિહારીલાલજી મહારાજ જ્યારે સત્સંગ વિચરણ કરવા નીકળતા ત્યારે પણ ભૂમાનંદ સ્વામી વગેરે મોટા સંતોને ખાસ સાથે રાખતા.

વડોદરામાં આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ આવ્યા ત્યારે પણ સ્વામીશ્રીને ખાસ સાથે લીધા હતા.

અદ્ભુતાનંદ ને ભૂમાનંદ, વિજ્ઞાનાનંદ આદિનાં વૃંદ;
સાથે લીધા ઘણા ઘણા સંત, મહાજ્ઞાની અને વિદ્યાવંત...૪૧

જ્યારે આચાર્ય વિહારીલાલજી મહારાજ ભાવનગર પધાર્યા ત્યારે પણ ભૂમાનંદસ્વામી વગેરે સંતો સાથે હતા. ભાવનગર નરેશે રસોઈ આપી. પછી તેના દરબારમાં અચિંત્યાનંદવર્ણી તથા ભૂમાનંદસ્વામીએ કથાવાર્તા કરી સહુને સુખી કર્યા હતા.

અચિંત્યાનંદ ને ભૂમાનંદ, ઉપદેશ કરે સુખકંદ;
કથા વાર્તા ને કીર્તન થાય, જોવા જથે જથે જન જાય.

સાંપ્રદાયિક સાહિત્યમાં આવા ઘણા પ્રસંગો નોંધાયેલા છે. તે ભૂમાનંદસ્વામીની ગરિમાને બતાવે છે.

જ્યારે ગોંડલમાં શિખરબદ્ધ મંદિર કરવાનો નિર્ણય લીધો ત્યારે પણ ભૂમાનંદસ્વામીની સંમતિ લેવામાં આવી હતી. અને સંવત ૧૯૨૮ માં જ્યારે ગોંડલ મંદિરની પ્રતિષ્ઠા કરવા માટે આ.ભગવત્પ્રસાદજીમહારાજ ગયા ત્યારે પણ ભૂમાનંદસ્વામીને સાથે લીધા હતા.

વળી, આ.વિહારીલાલજીમહારાજે હરિલીલામૃત ગ્રંથ રચવાનો આરંભ કર્યો ત્યારે તેમાં પણ ભૂમાનંદસ્વામીની સંમતિ લીધી હતી. તે વાત જણાવતા પોતે જ લખે છે.

વિજ્ઞાનાનંદસ્વામી વિદુષજનમણિ, હું હતો તેની પાસે;

આ રીતે ભૂમાનંદસ્વામીને વિદ્વાન, નિષ્ઠાવાન અને સુપ્રતિષ્ઠિત સંત સમજીને તે સમયે અનેક પ્રસંગોમાં તેમની સંમતિ લેવામાં આવતી અને સાથે રાખવામાં આવતા હતા.

☼ સ્વામીશ્રીને હરિલીલામૃત ગ્રંથના વક્તા બનાવ્યા :

ભૂમાનંદસ્વામીનો કંઠ બહુ જ ઊંચો અને મધુર હતો. તેઓ મંદિરોના નિર્માતા, ભજનાનંદી સાથોસાથ ઉત્તમ કોટિના વક્તા હતા. તેથી જ આ.વિહારીલાલજીએ નિજગ્રંથ શ્રીહરિલીલામૃતમાં પ્રથમ સંવાદ ભૂમાનંદસ્વામી તથા વસો ગામના વાઘજીભાઈનો મૂકેલો છે.

ભૂમાનંદ મુની કહે, સુણો સ્નેહથી વાઘજિભાઈ;
હરિલીલામૃત ગ્રંથની, ઉતપતિ કહું સુખદાઈ.

આચાર્ય વિહારીલાલજી મહારાજે હરિલીલામૃતમાં ભૂમાનંદ સ્વામીનો મહિમા ઘણો ગાયો છે.

પવિત્રાનંદસ્વામી અને ભૂમાનંદસ્વામીને પરસ્પર ખૂબ જ હેત હતું. તેઓ બંને વડતાલમાં જ રહેતા. આ બંને સંતો ધર્મવાળા, પ્રતાપી તથા વિદ્વાન હતા અને ખૂબ સેવાભાવી હતા. તેમાં પવિત્રાનંદસ્વામીએ

બનાવેલ વડતાલનો સભામંડપ અને વડોદરાનું મંદિર તે બંને કાર્યો તેમના કીર્તિસ્થંભ સમા સત્સંગમાં સુપ્રસિદ્ધ છે.

આ બંને સંતો સત્સંગની મર્યાદા સાચવવામાં અને સાધુઓનું ગૌરવ વધારવામાં ઘણા જ આગ્રહી અને ઉત્સાહી હતા. જરૂર પડે તો આચાર્ય મહારાજશ્રીને પણ સત્સંગની મર્યાદાની ધ્યાનમાં લાવવા જેવી વાત નીડરતાથી કહેતા હતા.

❋ સ્વામીશ્રીનો અક્ષરવાસ :

સંવત્ ૧૯૩૮ માં રંગોત્સવ કરવા માટે આ.વિહારીલાલજી મહારાજ સાથે સ્વામીશ્રી જૂનાગઢ ગયા. જૂનાગઢમાં રંગોત્સવના દિવસે સહુ ભક્તોને સત્સંગ, કથાવાર્તાનું ખૂબ સુખ આપ્યું, ત્યાં થોડા દિવસ રોકાયા. પછી ત્યાંથી ચાલતા થયા ત્યારે રસ્તામાં સ્વામી થોડા બિમાર પડ્યા. ‘ગઢપુરમાં પંચભૌતિક શરીર છોડવું’ એવી તેમની ઈચ્છા હતી. તેથી સ્વામીશ્રી સંતો સાથે ગઢપુર આવ્યા. અને આચાર્યશ્રી લોયા, નાગડકા વગેરે ગામોમાં સત્સંગ વિચરણ માટે ગયા હતા. પરંતુ ‘ગઢપુરમાં ભૂમાનંદસ્વામી વિશેષ બિમાર છે,’ એવા સમાચાર સાંભળતા આ.વિહારીલાલજી મહારાજ રાણપુરથી રેલગાડીમાં બેસી તત્કાળ ગઢપુર આવવા રવાના થયા.

આ બાજુ ભૂમાનંદસ્વામી ગઢપુરમાં લક્ષ્મીબાગમાં જે સ્થળે શ્રીહરિ પાસેથી પોતે દીક્ષા લીધી હતી તે જ સ્થળે ગયા. ત્યાં બેસી સ્વતંત્રપણે સં.૧૯૩૮, ચૈત્ર સુદ બીજના દિવસે બપોરે એક વાગ્યે દેહત્યાગ કરી શ્રીહરિનાં ધામમાં ગયા. ત્યાં આચાર્ય મહારાજ પણ ગઢપુર આવી પહોંચ્યા હતા. પછી સર્વ સંતોહરિભક્તોએ મોટા પ્રમાણમાં ભેળા થઈ દુ:ખી હૃદયે સ્વામીનો અંતિમસંસ્કાર કર્યો હતો. ગઢપુરમાં જ્યાં તેમનો ઘેલા કાંઠે અગ્નિસંસ્કાર કર્યો હતો ત્યાં હાલ ઓટો છે.

❊ ભૂમાનંદસ્વામીની શિષ્ય પરંપરા :

આજથી સો વર્ષ પહેલાં પુરાણી રઘુવીરચરણદાસજીસ્વામીએ ખરડો લખ્યો તેમાં તેમની શિષ્ય પરંપરા જણાવતા કહે છે કે, ભૂમાનંદસ્વામીના એક શિષ્ય સેવક પદ્મનાભદાસજીસ્વામી હતા અને તેમના શિષ્ય પુરાણી ભુદરચરણદાસજીસ્વામી હતા. તેમના શિષ્ય સાધુ પુરુષોત્તમચરણદાસજીસ્વામી હતા. તેમના સેવક વિષ્ણુપ્રસાદ-દાસજીસ્વામી હતા. અને તેમના શિષ્ય સાધુ ઘનશ્યામપ્રસાદ-દાસજીસ્વામી છે.

સ્વામીશ્રીના બીજા શિષ્ય સેવક પુરાણી રુકમણીરમણદાસજીસ્વામી હતા. તેમના શિષ્ય પુરાણી મોરારીચરણદાસજીસ્વામી હતા. અને તેમના શિષ્ય સાધુ હરિચરણદાસજીસ્વામી હતા.

સંપ્રદાયની આજીવન સેવા કરનાર, **'શ્રીહરિલીલામૃત ગ્રંથ'** જેવા સદ્ગ્રંથની ભેટ આપનારા સદ્ગુરુવર્ય ભૂમાનંદસ્વામીના પાવનકારી ચરણોમાં કોટી કોટી વંદન...

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



અનુક્રમણિકા

સંવત્ ૧૮૬૪ ની લીલા

સંવત્ ૧૮૬૫ ની લીલા

સંવત્ ૧૮૬૬ ની લીલા

સંવત્ ૧૮૬૭ ની લીલા

સંવત્ ૧૮૬૮ ની લીલા

સંવત્ ૧૮૬૯ ની લીલા

સંવત્ ૧૮૭૦ ની લીલા

સંવત્ ૧૮૭૧ ની લીલા

સંવત્ ૧૮૭૨ ની લીલા

સંવત્ ૧૮૭૩ ની લીલા

સંવત્ ૧૮૭૪ ની લીલા

સંવત્ ૧૮૭૫ ની લીલા

સંવત્ ૧૮૭૭ ની લીલા

સંવત્ ૧૮૭૮ ની લીલા

સંવત્ ૧૮૭૯ ની લીલા

સંવત્ ૧૮૮૦ ની લીલા

સંવત્ ૧૮૮૧ ની લીલા

સંવત્ ૧૮૮૨ ની લીલા

સંવત્ ૧૮૮૩ ની લીલા

સંવત્ ૧૮૮૪ ની લીલા

સંવત્ ૧૮૮૫ ની લીલા

સંવત્ ૧૮૮૬ ની લીલા



શ્રીસ્વામિનારાયણાય નમો નમઃ

શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ



સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત

શ્રીહરિલીલામૃત ગ્રંથ

સંવત્ ૧૮૩૭ થી ૧૮૬૧ ના વર્ષ સુધીની સંક્ષિપ્તલીલા

✹ શ્રીહરિનો જન્મ, વનવિચરણ, લોજ-આગમન અને ગાદી સ્વીકાર :

સંવત્ અઢારસો ને સાડત્રીશના ચૈત્ર સુદિ ૯ નવમીને દિવસે રાત્રિ ૧૦ દશ ઘડી ગઈ ત્યારે **છપૈયામાં** શ્રીજીમહારાજનો જન્મ થયો. અગિયાર વરસ ઘરમાં રહ્યા ને ત્યાંથી ચાલ્યા, તે ૭ સાત વરસ વનમાં ફર્યા. અને દંડકારણ્યની પ્રદક્ષિણા કરીને ભરતખંડમાં તીર્થ છે તે સર્વેને પવિત્ર કરતા થકા સુરતમાં નિર્વાણના અખાડામાં રહ્યા. અને તાપી નદી તથા મહિ નદીને ઊતરીને ગામ **બોચાસણ** પધાર્યા. બાવાના મંદિરમાં ઊતર્યા ને પટેલ કાશીદાસને ઘેર બ્રાહ્મણ જમતા, ત્યાં બે લાડુ તથા દૂધ-ભાત જમ્યા.

ત્યાંથી ચાલ્યા, તે **બુધેજ** આવ્યા. ત્યાં જારનું સદાવ્રત લીધું ને તેમાંથી ચપટી જાર જમ્યા ને બીજી કબૂતરાંને નાખી દીધી. અને ત્યાંથી

ચાલ્યા, તે ગામ **ગોરાડ** ગયા ને પાણી પીધાના કૂવા ઉપર જઈને બેઠા. ત્યાં દોરી વિના હાથે કૂવામાંથી તુંબડી ભરી લીધી. તેને જોઈને ઘણીક બાઈયો પાણી ભરવા આવી હતી તેમને એમ સમજાણું જે, **"આ તો ઈશ્વરમૂર્તિ છે !"** એમ ચમત્કાર જણાવીને ત્યાંથી ચાલ્યા, તે સાબર નદીને ઊતરીને ભાલ દેશને ઉલંઘીને **ભીમનાથ** આવ્યા.

ત્યાંથી ચાલ્યા એવા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી, તે **ગોપનાથ** નામે શિવજીનાં દર્શન કરીને પંચતીર્થી કરતાં કરતાં ત્યાંથી **ગુપ્તપ્રયાગ** ગયા ને ત્યાં દોઢ મહિનો રહ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **લોઢવે** ગયા. ત્યાંથી **માંગરોળ બંદર** આવ્યા. પછી ચાલ્યા જે શ્રીનીલકંઠ બ્રહ્મચારી તે સંવત્ અઢારસો ને છપ્પનના શ્રાવણ વદિ ૬ ને દિવસે **લોજપુર**માં આવ્યા ને વાવ ઉપર આવીને બેઠા. પછી મુક્તાનંદસ્વામીને મળ્યા. પછી જીવ, ઈશ્વર, માયા તેનાં સ્વરૂપ સંબંધી પ્રશ્ન પૂછ્યા. તેના મુક્તાનંદસ્વામીએ યથાશાસ્ત્ર ઉત્તર કર્યા. તે સાંભળીને પોતે બહુ રાજી થયા અને ત્યાં દિવાળી ને હુતાશની કરી. અને મુક્તાનંદસ્વામી તથા મહારાજે ભૂજ પત્ર લખ્યો ને તેનો ઉત્તર રામાનંદસ્વામીએ લખ્યો.

✹ રામાનંદસ્વામી અને વર્ણીનું મિલન તથા ગુરુએ ગાદી આપી :

સંવત્ **૧૮૫૬ ના જેઠ વદ ૧૨** બારસને દિવસ **પીપલાણા**માં નરસિંહ મહેતા નામે બ્રાહ્મણને ઘેર નીલકંઠજી રામાનંદસ્વામીને મળ્યા. સંવત્ **૧૮૫૭ ના કારતક સુદિ ૧૧** એકાદશીને દિવસ ગાદીએ બેસાર્યા. અને **માણાવદર**માં મહારાજે હુતાશની કરી ને રામાનંદસ્વામી ભેળા પોતે દોઢ વર્ષ રહ્યા. સંવત્ **૧૮૫૮ ના માગશર સુદિ ૧૩** તેરસને દિવસે ફરેણીમાં રામાનંદસ્વામીએ દેહ ત્યાગ કર્યો.

✹ માંગરોળમાં જન્માષ્ટમીનો સમૈયો તથા સમાધિ પ્રકરણ :

પછી મહારાજ સોરઠ દેશમાં ફર્યા ને **પીપલાણા**માં હુતાશની કરી. સંવત્ અઢારસો ને ઓગણસાઠમાં જન્માષ્ટમીનો સમૈયો

માંગરોળમાં કર્યો. ત્યાં સર્વે હરિભક્તને કૃષ્ણરૂપે પોતાનું દર્શન દીધું. અને વાવ ગળાવીને તેનું પૂર્તકર્મ કરવા સારુ પોતે બેઠા. તે સમયમાં વેદિયા બ્રાહ્મણ હતા તેમને પોતે વિષ્ણુરૂપે દર્શન દીધું. ત્યારે તે વેદિયા બ્રાહ્મણોએ શ્રીજીમહારાજની ષોડષોપચારે કરીને પૂજા કરી. અને ગામમાં જઈને મોટા મોટા માણસો આગળ વાત કરી જે, “સ્વામિનારાયણ તો વિષ્ણુ છે.” તે વાતની રાજાને ખબર પડી. ત્યારે તે રાજાએ પોતાનો દીવાન મોકલ્યો ને ગામના સારા સારા મોટા માણસ હતા તેમને પણ મોકલ્યા.

तारे तेमणे श्रीजिमहाराजने पुछ्युं जे तमे विस्नु छो। तारे श्रीजिमहाराजे कह्युं जे हा अमे विस्नुं छैये। तारे तेमणे कह्युं जे तमे विस्नुं छो तो अमारा ईष्टदेवनां दर्शन तमे करावो। तारे महाराजे सर्वने बेसारि समाधि करावि ने ते समयने विषे तेमना ईष्टदेवरूपे करिने पोते दर्शन दिधां पछे गाममां घणो कसमास थयो ने घणाक लोक श्रीजिमहाराजने आश्रीत थया ने चोरासी करावि ने ब्राह्मणोने दक्षणा आपिने बहु माणसोने समाधियुं कराविता एविरित्ये समैयो कर्यो


ત્યારે તેમણે શ્રીજીમહારાજને પૂછ્યું જે, “તમે વિષ્ણુ છો ?” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “હા, અમે વિષ્ણુ છીએ.” ત્યારે તેમણે કહ્યું જે, “તમે વિષ્ણુ છો તો અમારા ઈષ્ટદેવનાં દર્શન તમે કરાવો.” ત્યારે મહારાજે સર્વને બેસારી સમાધિ કરાવી. ને તે સમયને વિષે તેમના ઈષ્ટદેવરૂપે કરીને પોતે દર્શન દીધાં. પછી ગામમાં ઘણોક સમાસ થયો ને ઘણાક લોક શ્રીજીમહારાજને આશ્રિત થયા. ને ચોરાસી કરાવીને બ્રાહ્મણોને દક્ષિણા આપી ને બહુ માણસોને સમાધિયું કરાવી. એવી રીતે સમૈયો કર્યો.

સંવત્ **૧૮૫૯** માં મુક્તાનંદસ્વામી કચ્છમાંથી મેઘપુરમાં આવ્યા ને સમાધિ નિમિત્ત મહારાજને ઠબકો દીધો. પછી શ્રીજીમહારાજ **અમદાવાદ** પધાર્યા. ત્યાંના સત્સંગીને રઘુનાથદાસે ફેરવી નાખ્યા હતા, તેને પોતે સમજાવીને પોતાના આશ્રિત કર્યા. ને વૈરાગીએ ઉપાધિ કરી ને અંબામાનો નિશ્ચય તૂટી ગયો. પછી પોતે કચ્છ દેશમાં ફર્યા ને સર્વે સત્સંગીને પોતાનો નિશ્ચય કરાવ્યો. એવી રીતે ત્યાં સમાસ કર્યો. પછી રામચંદ્રની મૂર્તિઓ સિંહાસનમાં લઈને ગામોગામ ફરવાની આજ્ઞા કરી. ને સંત સોરઠ, હાલાર, પંચાળ દેશમાં ફરતા હવા.

સંવત્ **૧૮૬૧**ના વરસમાં હુતાશણીનો સમૈયો ગઢડામાં કર્યો.

॥ ઈતિ સં.૧૮૩૭ થી ૬૧ એકસઠની લીલા સંપૂર્ણ





સદ્.શ્રીરામાનંદસ્વામી શ્રીહરિને જેતપુરમાં ગાદી આપે છે.

સંવત્ ૧૮૬૨ ની લીલા

✵ શ્રીહરિનું સોરઠ, ઝાલાવાડ, દંઢાવ્ય દેશમાં વિચરણ :

ભાલ તથા ગુજરાતમાં ફરીને પછી સંવત્ **૧૮૬૨** બાસઠના વર્ષે શ્રીજીમહારાજ ગામ **મેઘપુર** પધાર્યા. ત્યાં છ મહિના સુધી બ્રહ્મભોજન કરાવ્યાં ને બ્રાહ્મણોને દક્ષિણા આપી. ઓજતને તીરે વિષ્ણુયાગ કર્યો અને ત્યાં વગર ભણેલા બ્રાહ્મણને વેદ બોલાવ્યા. તે જોઈને તે ગામના લોકોને બહુ ગુણ આવ્યો. ત્યાં ભાટ કરશનજીને કુરાન બોલાવ્યું છે.

ગામ **ધોરાજીનો લાલવડ** છે, ત્યાં ભારે ભારે આભૂષણ તથા વસ્ત્ર મહારાજને ધારણ કરાવ્યાં ને સર્વે હરિભક્તે પૂજા કરી. તે સમે આકાશને વિશે બ્રહ્માદિક દેવોએ આવીને પુષ્પ-ચંદને કરીને મહારાજની પૂજા કરી. તે પૃથ્વી ઉપર ચંદન તથા પુષ્પ પડ્યાં તે સર્વે સંતમંડળે દીઠાં. એવી રીતે બહુ મહોત્સવ થયો છે. એવી રીતે સમૈયો કર્યો. પછી શ્રીજીમહારાજ **ભુજનગર** પધાર્યા.

સંવત્ ૧૮૬૨ ને વર્ષે શ્રીજીમહારાજ ભુજથી ગામ **ભચાઉ** થઈને ગામ **વાંઢિયે** પધાર્યા. ત્યાંથી ગામ **માળિયે** પધાર્યા ને બજારમાં ઊતર્યા. લુવાણા ભક્તે ટીમણ લાવી દીધું તે જમ્યા. પછી શ્રીજીમહારાજ ત્યાંથી ગામ **મોરબી** પધાર્યા ને ભટ્ટ અમાઈદાસની વખારમાં ઊતર્યા. અને તે ભટ્ટના વાણોતરે(મહેતાજીએ) જમવાનું લાવી દીધું તે જમ્યા.

પછી એકાદશીને દિવસે ગામ **દેવળિયે** પધાર્યા. ત્યાં ગામના તળાવ ઉપર ઘડી એક બેસીને ગામ **હળવદ** પધાર્યા. ત્યાં ગામના તળાવ ઉપર સંધ્યા કરતા એવા શિવ જાની આદિક ઘણાક બ્રાહ્મણ, તેમને જોઈને પ્રસન્ન થયા. અને પોતે પણ વેદસ્તુતિના ગદ્ય બોલ્યા. તેને જોશી નારાયણજીએ સાંભળીને મોટાપુરુષ જાણીને શ્રીજીમહારાજને લક્ષ્મીનારાયણના મંદિરમાં પધરાવ્યા ને ત્યાંથી પોતાને ઘેર તેડી ગયા.

પછી મહારાજને આસન પાથરી દીધું ને પોતે પણ પાસે બેઠા. પછી મહારાજને જમવાનું પૂછ્યું, ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો આજ એકાદશી કરી છે." ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, "ઠીક મહારાજ."

પછી ત્યાંથી બારસને દિવસે ગામ **ધ્રાંગધ્રે** પધાર્યા ને ત્યાં સથવારાના ચોરામાં ઊતર્યા. પછી અવલબાઈએ થાળ કરીને જમાડ્યા ને ત્યાં રાત રહ્યા. તે રાતમાં ગામ મેથાણના હરિભક્ત કાકાભાઈને સ્વપ્ન થયું જે, "શ્રીજીમહારાજ પગપાળા ચાલ્યા આવે છે ને પગમાં ફોલ્લા પડ્યા છે." એવું જાણ્યું, તે સત્ય જાણીને સવારમાં વહેલા કાકાભાઈ ઘોડું લઈને મહારાજની સામા ગયા. તે ગામ **ગાળા**ની નદીમાં શ્રીજીમહારાજને ભેળા થયા. ત્યાંથી શ્રીજીમહારાજને ઘોડે બેસારીને ગામ **મેથાણ**માં વાજતેગાજતે પધરાવ્યા ને મહારાજે પૂજાભાઈને ઘેર ઉતારો કર્યો.

ત્યાં પાંચ દિવસ સુધી ફૂલમંડળી ભરીને(ઠાકોરજી આગળ ફૂલોની સજાવટ કરીને) ઘણી લીલા કરી. અને ત્યાં હળવદના શુક્લ બ્રાહ્મણ શ્રીજીમહારાજના આશ્રિત થયા. તે કિયા તો મકનજી તથા લીલાધર આદિક. અને ત્યાંથી શ્રીજીમહારાજ મેથાણના હરિભક્તનાં ઘોડાં ગાડાં સહિત એમને ભેળા લઈને ગામ **રામગ્રી** પધાર્યા. પટેલ જીવરાજને ઘેર ઊતર્યા. ત્યાં એક દિવસ રહીને ગામ **ડુમાણે** પધાર્યા ને પટેલ વશરામ તથા કુબેરને ઘેર ઉતારો કર્યો. ત્યાં થાળ જમીને ત્યાંથી ચાલ્યા, તે **વિરમગામ**ના મુનસર તળાવમાં નાઈને, ગામ વચમાં થઈને ગામ **રામપરે** પધાર્યા.

ત્યાં રાત રહીને ગામ **દેતરોજ** થઈને ગામ **રુદાતળ**માં રાત રહ્યા. ત્યાંથી ગામ **વિજાપરડા** પધાર્યા ને ત્યાં ઠાકોર ખેંગાર તથા ડુંગરજીને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમ્યા ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ઊંઝે** પધાર્યા. ત્યાં તળાવને કાંઠે વડને સમીપે જે ચોતરો તે ઉપર વિરાજમાન થયા.

અને ત્યાં સર્વે સંતમંડળ આવ્યાં ને સર્વે સાધુને મળ્યા. અને ત્યાં સર્વે દેશદેશના હરિભક્તના સંઘ પણ આવ્યા. ત્યાં સર્વ સંતને તીર્થમાત્રની વાત પૂછી. અને ત્યાંથી સવારમાં ગાજતેવાજતે ગુલાલ ઉડાડતા ઉડાડતા તે સર્વે સંત તથા સર્વ હરિભક્ત સહિત ગામ **સિદ્ધપુર** પધારવાને ચાલ્યા.

✵ ગાયો શ્રીજી સન્મુખ દોડી તેથી ગોવાળને નિશ્ચય, સિદ્ધપુરની લીલા :

ગામ **બીલિયા**ને સિમાડે ગયા ત્યારે ગાયોનું એક ટોળું આવ્યું. તે મહારાજને દેખીને સનમુખ દોડ્યું ને સમીપે આવીને મહારાજની બે-ત્રણ પ્રદક્ષિણા કરી, ને અતિ હેતે કરીને શ્રીજીમહારાજના સામું જોઈ રહ્યું. ત્યારે તેનો ગોવાળ જે રબારી તે એમ બોલ્યો જે, “આ ગાયો મારી રોકી રહી નહિ ને બહુ સામું જોઈ રહી છે. માટે જરૂર આ તમારી મંડળીમાં શ્રીકૃષ્ણ ભગવાન છે !” એમ કહીને ગાયુને લઈ ગયો.

પછી ત્યાંથી મહારાજ ચાલ્યા, તે **સંવત્ ૧૮૬૨** ના **મહા વદી બારસ**ને દિવસે **સિદ્ધપુર** પધાર્યા ને સરસ્વતીને કાંઠે આંબલિયુંમાં ઉતારો કર્યો. ત્યાં નિત્યવિધિ કરીને થાળ જમીને સર્વ સંતને જમાડ્યા. પછી બીજે દિવસે શિવરાત્રીને દિવસે સવારમાં બિંદુસરોવરે વાજતેગાજતે પધાર્યા. ત્યાં શ્રીજીમહારાજ સર્વ સંતમંડળે સહિત તે સરોવરને વિશે નાહ્યા ને બહુ પ્રકારે બ્રાહ્મણોને દક્ષિણા આપી. પછી મહારાજ ઉતારે પધાર્યા ને બ્રાહ્મણોની સભા કરીને તેમને ત્રાંબાના ચરુ કરાવીને દક્ષિણા આપી.

પછી બીજે દિવસ સંત તથા સત્સંગી સહિત ગાજતેવાજતે શહેરમાં થઈને **વટેશ્વર મહાદેવે** પધાર્યા. ત્યાં મહાદેવનાં દર્શન કરીને બ્રાહ્મણને ઘોડાનું દાન કર્યું. પછી પાછા ઉતારે પધાર્યા. અને નિત્ય રાત્રીમાં પ્રાતઃકાળ પર્યંત તાળી દઈને નારાયણ-ધૂન કરાવતા હવા. એવી રીતે પાંચ દિવસ પર્યંત લીલા કરતા હવા.

પછી બ્રહ્માનંદસ્વામી આદિ સંતમંડળને લુણાવાડામાં સત્સંગ કરાવવા જવાની આજ્ઞા કરી. અને વળી નાનાભાઈ આદિ સર્વ

હરિભક્તને પોતાનું પુરુષોત્તમપણું ગુપ્ત રાખવાને અર્થે એમ કહ્યું જે, "અમને પરમેશ્વર કહેવા નહીં ને અમને તો તપસ્વી કહેવા." અને બીજા સત્સંગીને પણ ગામોગામ એમ કહેવાની આજ્ઞા કરી.

પછી ત્યાંથી ગામ **બીલિયે** હરિભક્તને દર્શન આપીને ગામ **ઊંઝે** પાછા પધાર્યા. ત્યાં પોતે તથા સંત જમીને ગામ **અઠોર**માં રાત્રી રહ્યા. પછી ત્યાં જમીને તથા સંતમંડળને જમાડીને **વિશનગર** પધાર્યા ને ભીમનાથ મહાદેવમાં ઊતર્યા ને બળદેવ પંડ્યાને ઘેર થાળ જમ્યા. અને ત્યાં રાત્રી રહીને બીજે દિવસે ગામ **મેઉ** પધાર્યા ને ભૂખણ ભાવસારને ઘેર ઊતર્યા. અને પાર્ષદે સહિત જમીને બીજે દિવસે ગામ **માણસે** વાજતેગાજતે પંડ્યા અંબારામને ઘેર પધાર્યા.

✵ અડાલજ વાવમાં સ્નાન અને જેતલપુરે ફૂલદોલ ઉત્સવ :

પછી ત્યાં જમ્યા ને બે રાત્રી રહીને ગામ **ઉવારસદ** પધાર્યા. ત્યાં જમીને પછી ગામ **અડાલજ**ની વાવ ઉપર પધાર્યા. અને તે વાવમાં પથ્થરમાં લખ્યા એવા જે અક્ષર તેને વાંચીને બોલ્યા જે, "આ વાવમાં જેણે કામ કર્યું હશે તે સર્વેનું કલ્યાણ થાઓ !" પછી પોતે પાર્ષદે સહિત તે વાવમાં સ્નાન કરીને જલપાન કર્યું.

પછી ત્યાંથી સાયંકાળે **શ્રીનગર** મધ્યે વાજતેગાજતે ચોકસી હીરાચંદને ઘેર પધાર્યા. પછી ત્યાં કેટલાક દિવસ રહીને ગામ **અશ્લાલી** થઈને **જેતલપુર** ફૂલદોલના સમૈયા ઉપર મંદિરમાં પધાર્યા. ત્યાંથી કંકોતરીઓ લખાવીને દેશદેશમાંથી સંતમંડળ તથા હરિભક્તને તેડાવ્યા. તે સાધુ ભાઈરામદાસજી, મુક્તાનંદસ્વામી તથા આનંદસ્વામી તથા સર્વે સંતમંડળ આવ્યાં.

પછી પોતે ગામ **વહેલાલ**ના પટેલ જેસંગભાઈના પિતા રુગનાથદાસ માંદા હતા તેમને દર્શન આપીને તથા બીજા સર્વે બાઈભાઈ હરિભક્તને

પ્રસન્ન કરીને, પાછા ગામ **ગામડી**માં હરિભક્તને દર્શન આપીને, ગામ અશ્લાલીથી જમીને આવતા એવાં જે સંતમંડળ, તેમને શ્રીજીમહારાજ તળાવને ખૂણે જોરા ખાંટના વડને સમીપે ભેળા થયા. ત્યાં સંતમંડળ સર્વે દંડવત્ ને નમસ્કાર કરતા હવા. અને તે પછી સર્વે સંતમંડળને શ્રીજીમહારાજ મળ્યા. પછી સર્વે ભેળા થઈને **જેતલપુર**ના મંદિરમાં આવ્યા. અને ત્યાં પાટ ઉપર વિરાજમાન થઈને સર્વ સત્સંગીને વાતો કરી.

પછી બીજે દિવસે હુતાશનીનો સમૈયો આવ્યો. તેમાં સર્વ સત્સંગી ઉપર રંગ ને અબીલ-ગુલાલ નાખતા હવા. ને સર્વ સાધુએ શ્રીજીમહારાજની પૂજા બહુ પ્રકારે કરી, ને કંઠને વિશે પુષ્પના હાર ઘણાક પહેરાવ્યા. અને ફૂલડોલના દિવસે ગામના હરિભક્તે માલપૂડાની રસોઈ કરાવી તે જમ્યા. પછી સવારમાં ચાલ્યા, તે **મછિયાવ** થઈને ગામ **શિયાળ**માં રાત રહ્યા.

❋ કારિયાણીમાં તળાવ ખોદાવ્યાનો આરંભ ને પંદર દિવસ રહ્યા :

ત્યાંથી ચાલ્યા, તે **અડવાળ** થઈને ગામ **કારિયાણી**એ પધાર્યા. ત્યાં તળાવ ખોદાવ્યાનો આરંભ કર્યો. અને ત્યાં દેશદેશના હરિભક્તના સંઘ આવ્યા, તેમની પાસે પણ તળાવ ખોદાવતા હવા. તે શ્રીજીમહારાજ સવારમાં તળાવ ખોદાવવા જાય, તે મધ્યાન સમે થાળ જમવા ગામમાં પધારે. અને વળી સાંઝને સમે પણ તળાવ ખોદાવવા સારુ જતા હવા. એવી ને એવી પંદર દિવસ સુધી લીલા કરી. ગામમાં માંચાભક્તના ફળિયામાં લીમડાના વૃક્ષ હેઠે વિરાજમાન થઈને પોતાના ભક્તોને સમાધિ કરાવતા હવા. અને ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિક સાધુને ગામ **ધ્રાંગધ્રે** મોકલ્યા.

❋ ચરોતર તથા દંઢાવ્ય દેશમાં વિચરી ભક્તોને સુખ આપ્યું :

ત્યાંથી શ્રીજીમહારાજ ગુજરાતનો સંઘ લઈને ગામ **ખરડ** પધાર્યા. ત્યાંથી સંઘને રજા આપીને અસવારી સહિત શ્રીજીમહારાજ ગામ

બોડાણામાં રાબા જેઠસુરને ઘેર રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે ચરોતરમાં ગામ **બોચાસણ**માં કાશીદાસને ઘરે પધાર્યા. ત્યાં એક રાત્રી રહીને **વરતાલ** પધાર્યા. પટેલ બાપુજીને ઘેર રાત રહીને ગામ **પીજ**માં બચા મકનદાસની ખડકીએ ઊતર્યા. ત્યાંથી **ડભાણ**માં વિષ્ણુદાસને ઘેર જમીને રાત રહ્યા. ત્યાંથી **વસો** પધાર્યા ને શેઠ ઝવેરને ઘેર રાત રહ્યા. ને ત્યાંના હરિભક્ત પટેલ તુલસીભાઈ, હાંસજીભાઈ, વાલાભાઈ, દાદા દવે તથા જગન્નાથ એ આદિક સમસ્તના ઘરોઘર પધાર્યા. ને તેમની સેવાપૂજા અંગીકાર કરીને તેમને રાજી કર્યા.

પછી ગામ **ચાંગે** થઈને **વરતાલ** પધાર્યા. ત્યાંના સમસ્ત હરિભક્તની સેવા અંગીકાર કરીને તેમને આનંદ પમાડીને ગામ **ઉમરેઠ** પધાર્યા. અને નંદુભાઈને ઘેર ઊતર્યા ને નંદુભાઈ તથા નરભેરામ આદિક સમસ્ત હરિભક્તને આનંદ પમાડતા હવા.

તે સમયમાં ચાર દિવસ રહીને ગામ **ડડુસર** થઈને ગામ **સરખેદ**માં પાટીદારને ઘેર રાત રહ્યા. ત્યાંથી ગામ **ધમીજ**માં વિપ્ર શંકરને ઘેર જમીને ત્યાં રાત રહ્યા. ત્યાંથી ગામ **વાસણા** થઈને ગામ **દેગામ**માં ગણેશ પટેલને ઘેર રાત રહ્યા. ત્યાં ગંગાડોસીને ઘેર થાળ જમીને ગામ **પ્રાંતિજ** પધાર્યા. અને પંડ્યા મયારામને ઘેર થાળ જમ્યા. ત્યાં રહીને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે સાબરનદી ઊતરીને ગામ **સંઘપર** થઈને ગામ **વિજાપર** પધાર્યા. ત્યાં પ્રાગજીભક્તને ઘેર ઊતર્યા ને ત્યાં થાળ જમ્યા.

ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **જેરીતે** પધાર્યા ને પટેલ હરિસંઘની ખડકીમાં ઊતર્યા. ત્યાં થાળ જમીને ગામ **વસઈ** પધાર્યા ને પૂજા ભાવસારને ઘેર બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મેઉ** પધાર્યા ને ભૂખણ ભાવસારને ઘેર મુકુંદ બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમ્યા. અને ત્યાંથી ગામ **લાંઘણોજ** પધાર્યા ને રામા ભાવસારને ઘેર ઊતર્યા. ને બ્રહ્મચારી થાળ લાવ્યા તે જમ્યા.

✵ ધ્રાંગધ્રાથી મુક્તમુનિ આદિ સંતો કરજીસણ આવી શ્રીજીને મળ્યા :

અને ત્યાંથી ગામ **કરજીસણ** પધાર્યા. અને સંતમંડળને ધ્રાંગધ્રે મોકલ્યા હતા તે ત્યાં વૈરાગીએ બહુ ઉપાધિ કરી ને સાધુને લૂંટી લીધા ને ગામમાંથી કાઢી મૂક્યા. ત્યારે સર્વે સંતમંડળ કરજીસણે શ્રીજીમહારાજ પાસે આવ્યાં. અને ત્યાં શ્રીજીમહારાજને દંડવતપ્રણામ કરતા હવા. તેમને જોઈને મહારાજે પણ તે સંતોને દંડવત કર્યા. પછી મુક્તાનંદસ્વામીએ ના પાડી. પછી સર્વ સંતને મળીને સંતમંડળ સમસ્તને લઈને પટેલ ગોવિંદજીને ઘરે થાળ જમવા પધાર્યા. ત્યાં થાળ જમીને પછી સર્વેને જમાડ્યા ને રાત્રી રહ્યા.

બીજે દિવસે મુક્તાનંદસ્વામી તથા સુખાનંદસ્વામીનાં બે મંડળ બાંધ્યાં. તે મુક્તાનંદસ્વામીને અમદાવાદ મૂક્યા ને સુખાનંદસ્વામીનું મંડળ લઈને શ્રીજીમહારાજ ગામ **ડાંગરવે** પધાર્યા. પટેલ વેણીદાસને ઘેર ઊતર્યા. ત્યાં સમસ્ત સંતમંડળ જમ્યા. ને સુખાનંદસ્વામીનું મંડળ ત્યાં મૂકીને શ્રીજીમહારાજ પોતે **અમદાવાદ** પધાર્યા. ત્યાં નથુ ભટ્ટને ઘેર ઊતર્યા ને થાળ જમ્યા. ત્યાં એક રાત્રી રહીને શ્રીજીમહારાજ **જેતલપુર** પધાર્યા. ત્યાં મંદિરમાં ઊતર્યા ને આશારામ બ્રાહ્મણને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **ચોસર**માં પટેલ ભવાનીદાસને ઘેર ઊતર્યા. ત્યાંથી ગામ **ગામડી**એ પધાર્યા ને મંદિરમાં ઊતર્યા. અને પટેલ બાપુભાઈને ઘરે થાળ જમ્યા તથા કાકુભાઈને ઘેર થાળ જમ્યા તથા રઘુનાથદાસને ઘેર થાળ જમ્યા.

✵ લોભવશ ઉમાભાઈએ શ્રીજીને ન જમાડ્યા તો તલવાર આદિ ગયું :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **કણભે** પધાર્યા. ત્યાં નાથભક્તને ઘેર વાજતે ગાજતે પધાર્યા. ત્યાં બે દિવસ રહીને ચાલ્યા, તે માર્ગમાં એક ગામ આવ્યું. તેમાં પોતે વાણિયાના હાટમાં ઊતર્યા ને પોતે તે વાણિયાને કહ્યું જે, “તું મને જમવાનું આપ તો તને વૈકુંઠધામમાં પહોંચાડું.” ત્યારે

તેણે કહ્યું જે, "વૈકુંઠધામનો પતિ હોય તે ભીખ માગે નહીં." ત્યારે મહારાજે કહ્યું, "મૂઠી દાળિયા આપ તો ગોલોકમાં પહોંચાડું." તોય તેણે પૈસાભાર અન્ન આપ્યું નહીં.

પછી વાણિયો હાટ વાસીને સૂતો. ત્યારે મહારાજે કહ્યું જે, "આપણે વારાફરતી જાગો." ત્યારે ઉમાભાઈ જાગવા બેઠા ને અડધી રાત થઈ ત્યારે મહારાજ જાગવા બેઠા. ત્યારે વાણિયાએ કમાડ ઉઘાડીને તલવાર, ચોફાળ, કળશિયો ને તાંસળી લઈ લીધાં; પણ મહારાજ કાંઈ બોલ્યા નહીં. ત્યારે ઉમાભાઈએ કહ્યું જે, "આ કોણ લઈ ગયો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "નારાયણ જાણે !" પછી આઘેરા જઈને બોલ્યા જે, "એ તો વાણિયે લીધાં અને અમે ભૂખ્યા હતા ને અમારા ઉપયોગમાં ન આવ્યાં ત્યારે લેવા દીધાં." ત્યારે ઉમાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! અમારામાં મોટી ભૂલ આવી."

પછી ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **ભુવાલડી** પધાર્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી આદિ સાધુ હતા. તે મહારાજના સામા સામૈયું લઈને ગયા ને શ્રીજીને વાજતેગાજતે મંદિરમાં પધરાવ્યા. પછી સંતમંડળ સોતા પટેલની ખડકીમાં રસરોટલીની રસોઈ હતી ત્યાં થાળ જમ્યા. પછી સર્વે સંતને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી પટેલ રાઈજીભાઈ શ્રીજીમહારાજનાં ચરણારવિંદને વિશે ઊર્ધ્વરેખા આદિક ચિહ્નને જોઈને શ્રીપુરુષોત્તમપણાનો નિશ્ચય કરતા હવા.

✵ સાધુએ માબાપનું કલ્યાણ કરવાની ઇચ્છા ન રાખવી :

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમો સવારમાં આવજો." અને પોતે ડુંગરજી આદિ પાળાને લઈને **વહેલાલ** પધાર્યા. પટેલ જેસંગભાઈની ખડકી ઉપર વિરાજમાન થયા. ત્યાં થાળ જમ્યા ને સંતમંડળને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ પટેલ જેસંગભાઈના બાગમાં પધાર્યા. ત્યાં સર્વે સંતને જ્ઞાનની વાર્તા બહુ કરી જે, **"જાગ્રત, સ્વપ્ન,**

સુષુપ્તિ પર પોતાના આત્માને સમજવો. ને પ્રત્યક્ષ શ્રીપુરુષોત્તમનારાયણનું મન-કર્મ-વચને કરીને ભજન કરવું." એમ કહીને વળી બીજી પણ એ અંગની ઘણીક વાર્તા કરી.

અને કોઈક સાધુને પોતાના માબાપના કલ્યાણ કરવાની ઈચ્છા રહેતી. તે ઉપર શ્રીજીમહારાજે બહુ પ્રકારે કરીને વાત કરી જે, **"જ્યાં જ્યાં દેહ ધર્યા હશે ત્યાં ત્યાં ઘણાક માબાપ કર્યા હશે; માટે જો માબાપનું કલ્યાણ ઈચ્છવું તો તેનું પણ ઈચ્છવું. એમ સમજીને આ દેહના માબાપનો જે સ્નેહ તેનો ત્યાગ કરવો."** એ પ્રકારે શ્રીજીમહારાજ ઘણીક વાર્તા કરતા હવા. એ વાતને સાંભળીને મહાનુભાવાનંદસ્વામી આદિક સંત, તે શ્રીજીમહારાજને પગે લાગ્યા ને એવી રીતની ઈચ્છાનો ત્યાગ કરતા હવા. બીજું મુક્તાનંદસ્વામી, ગોવિંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિક સંતમંડળને પરમહંસ-દીક્ષા આપી. અને દાસાંત નામ હતાં તે આનંદાંત નામ કર્યાં.

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મહાનુભાવાનંદસ્વામીને બે ભાઈ છે, તે બહુ સારા છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બે ભાઈને જુદા જુદા મંડળમાં મૂકવા." એમ કહીને પછી સર્વે પરમહંસને પાંચ પાંચ મૂર્તિની મંડળી કરીને દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી. અને મહાનુભાવાનંદસ્વામી આદિક પાંચ પરમહંસને વિશલનગર જાવાની આજ્ઞા કરી.

તે પછી શ્રીજીમહારાજ **શ્રીનગર** પધાર્યા. અને હરિભક્તને બે દિવસ દર્શન આપીને ગામ **મોટેરે** પધાર્યા. ત્યાંથી ગામ **ઉવારસદ** પધાર્યા. અને ત્યાંથી **આદરજ** આવ્યા. અને ત્યાંથી ગામ **ગેરીતે** પધાર્યા. ત્યાં પંદર દિવસ પર્યંત રહીને સંતને કેરીઓ જમાડી. પછી **વિશલનગર** પધાર્યા ને સલાટોની જાયગાને વિશે ઊતર્યા. અને સલાટ પાનાચંદ તથા બેચર એ આદિક હરિભક્તોને ઘેર બ્રહ્મચારી થાળ લાવ્યા, તે પોતે જમ્યા.

પછી બ્રાહ્મણ, સલાટ, વાણિયા, ભાવસાર તથા મોઢ વાણિયા એ આદિક સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને પિંડોરિયા તળાવ પર્યંત વળાવવા ગયા.

પછી શ્રીજીમહારાજ નીકળ્યા કેડે પૂર્વ દેશમાંથી સંતદાસજી વિશલનગરમાં સુખાનંદસ્વામીનાં મંડળ ભેળાં થયાં ને ત્યાં પંદર દિન પર્યંત રહ્યા. પછી શ્રીજીમહારાજ **વડનગર** પધાર્યા ને તળાવ ઉપર બંગલામાં ઉતારો કર્યો. આચાર્ય વનમાળી આશકરણને ઘેર થાળ જમ્યા.

✹ શ્રીહરિ સિદ્ધપુર થઈ પાટણ પધાર્યા :

ત્યાં બે દિવસ રહીને પછી **સિદ્ધપુર** પધાર્યા ને ભગવાન નામે ચોપદારને ઘેર ઊતર્યા. પછી બીજે દિવસે સરસ્વતીમાં નાહીને રુદ્રમાળ જોવા પધાર્યા. તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, “આપણે ઈહાં જાયગા કરવી છે.” એમ કહીને પછી ઉતારે પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે શહેર **પાટણ** પધાર્યા. ગામના સર્વે હરિભક્ત નાના પ્રકારનાં વાજાં લઈને શ્રીજીમહારાજને સામા ગયા ને ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવતા હવા. ને નાના પ્રકારની ભેટ-સામગ્રી મેલીને શ્રીજીમહારાજને પગે લાગ્યા. અને પુરુષોત્તમ ભાવસારને ઘેર પધાર્યા ને બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા. બીજે દિવસ પટેલ ઈચ્છાભાઈને ઘેર બ્રહ્મચારીએ થાળ કર્યો તે પોતે જમ્યા. **સંવત્ ૧૮૬૨ ની દિવાળી સિદ્ધપુરમાં કરી.**

॥ ઈતિ ૬૨ બાસઠની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૬૩ ની લીલા

❋ ભુજમાં સંતો-ભક્તોને કથા-દર્શનાદિકનું સુખ આપ્યું :

પછી ત્યાંથી(પાટણથી) **ગોતરકા** મધ્યે સદાવ્રત લઈને ગામ **સાંતલપર** તથા **આડેસર** થઈને **આધોઈ** પધાર્યા. ને લાધાજીના દરબારમાં બે માસ પર્યંત રહ્યા. ને કબીરિયા સાથે ચર્ચા કરીને તેમનો પરાભવ કરતા હવા. પછી ગામ **કંથકોટ**માં મૂળજી ઠક્કરને ઘેર ગયા ને ત્યાં કેટલાક દિવસ રહીને **ભચાઉ** પધાર્યા. અને ગામ **ખોખરે** થઈને **ભુજનગર** પધાર્યા. અને સુતાર હરિભક્ત રાજકારભારી હીરજી તથા સુંદરજી તેમની જાયગાને વિષે રહીને દવે પ્રાગજી પાસે શ્રીમદ્ભાગવત વંચાવતા હવા. ને ત્યાં કેટલાક માસ પર્યંત રહ્યા.

અને શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને કામરુ દેશને વિષે સદ્ગુરુનો અવતાર જે દલુજી તેમને મળીને પાછા વિશલનગરમાં આવ્યા એવા જે સમાધિનિષ્ઠ સાધુ સંતદાસજી, તેમણે સહિત વિશલનગરનું મંડળ ચાલ્યું, તે ભુજનગરમાં આવીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. તેમજ દેશદેશમાંથી સાધુના મંડળ આવીને દર્શન કરતા હવા. અને શ્રીજીમહારાજ તેમને કથા સંભળાવીને ત્યાગમાર્ગની વાર્તા કરતા હવા. ને ત્યાં કેટલાક દિવસ રાખીને પછી ત્રીસ તથા ચાલીસ સાધુનાં બે મંડળ કરીને, એક મંડળને ગામ **બળધિયે** જાવાની આજ્ઞા કરી, ને બીજાને **માનકૂવે** જાવાની આજ્ઞા કરી ને ત્યાં પોતે પણ પધાર્યા. અને ત્યાં સંતમંડળ હતું, તેમને **માંડવી** બંદર જવાની આજ્ઞા કરતા હવા ને પોતે પાછા **ભુજનગર**માં કેટલાક માસ પર્યંત રહ્યા.

પછી શ્રીજીમહારાજે સર્વે સંતમંડળ પ્રત્યે કહ્યું જે, “તમે સર્વે સાધુ કારિયાણી કથા સાંભળવા સારુ ભેળા થાજો, અમે પણ ત્યાં આવશું.” એમ કહીને પ્રાગજી દવેને મોકલ્યા ને પોતે ન પધાર્યા.

પછી આનંદાનંદસ્વામીને ચૈત્રી પૂર્ણિમાસીનો ઉત્સવ કરવા સારુ જીર્ણગઢ મોકલીને સામાન કરાવ્યો. અને કંકોતરીઓ લખીને ત્યાં દેશદેશના હરિભક્તને બોલાવ્યા. અને ભુજનગરના સુતાર ભગવાનજી કિનખાપની ડગલી, સુરવાળ તથા માથે બાંધ્યાનું સેલું તથા કેડે બાંધ્યાનું સેલું, એટલાં વસ્ત્ર શ્રીજીમહારાજને ધારણ કરાવતા હવા.

✵ ભુજથી જૂનાગઢ પધાર્યા અને નવાબે પધરામણી કરાવી :

તે વસ્ત્ર ધારણ કરીને ભુજનગરથી ચાલ્યા, તે **ધોરાજી** પધાર્યા. ત્યાં લાલવડ હેઠે પોતે આવીને ઊતર્યા. અને ત્યાં ગુજરાતનો સંઘ આવ્યો, તેને પોતે દર્શન દીધાં. પછી તે ગામના જીજીભાઈ તથા અજુભાઈ આદિની સેવા અંગીકાર કરીને ચાલ્યા, તે **જીરણગઢ** પધાર્યા. ત્યાં ભેળા થયા જે સંત તથા હરિજન તેમને તે વસ્ત્ર સહિત દર્શન દઈને બ્રાહ્મણોને તથા સર્વ સંઘને જમાડ્યા.

તે સમયમાં નવાબ સાહેબે ઠાકોર ઝીણાભાઈ તથા દેવરામ ઘડિયાળીને તેડાવીને એમ કહ્યું જે, “તમે સ્વામિનારાયણને એમ કહો જે આંહીં પધારો ને અમને દર્શન આપો ને અમારો દરબાર પવિત્ર કરો !” એવી નવાબ સાહેબની પ્રાર્થના સાંભળીને પોતે કૃપા કરીને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ તથા સોમલા ખાચર, સુરા ખાચર આદિક પોતાના પાર્ષદે સહિત નવાબ સાહેબના દરબારમાં વાજતેગાજતે પધાર્યા. નવાબ સાહેબે શ્રીજીમહારાજને ભારે આસન આપ્યું, તે ઉપર વિરાજમાન થયા. પછી નવાબ સાહેબે શ્રીજીમહારાજની ભારે ભારે વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. અને એમ કહ્યું જે, “આજે મને તમે કૃતાર્થ કર્યો !”

✵ જૂનાગઢમાં સદ્. શ્રીનિત્યાનંદસ્વામી સભા જીત્યા :

તેવા સમયમાં નાગર લોકોએ નરસિંહ પંડ્યાને તેડાવ્યા ને નવાબ સાહેબને એમ કહ્યું જે, “નરસિંહ પંડ્યાને ચર્ચા કરવી છે.” ત્યારે

શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે તો ઊઠશું, ને નિત્યાનંદસ્વામી સાથે ચર્ચા કરવી હોય તો કરે." ત્યારે નવાબ સાહેબે કહ્યું જે, "બહુ સારું."

ત્યારે નરસિંહ પંડ્યાએ એમ કહ્યું જે, "વંદે મહાપુરુષ ! તે ચરણારવિંદમ્, તેનો શો અર્થ છે ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ એમ કહ્યું જે, "મોટા રાજા હોય તેમને પણ એમ કહેવાય જે, તમારા કદમને વિષે રહીએ છીએ, પણ એમ ન કહેવાય જે, તમારા મસ્તકને વિષે રહીએ છીએ; તેમ ભગવાનને પણ કહેવું જે, તમારા ચરણને નમસ્કાર કરીએ છીએ." ત્યારે નરસિંહ પંડ્યા બોલ્યા જે, "એનો એમ અર્થ નહીં, કાં જે, ભગવાનના ચરણમાં માયા નથી. તે વાસ્તે ચરણને નમસ્કાર કરવો કહ્યો છે."

ત્યારે નવાબ સાહેબે કહ્યું જે, "નિત્યાનંદજી ! ક્યા ચર્ચા હોઈ ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "નરસિહ પંડ્યા એમ કહે છે જે, 'ખુદાના મુખ આદિક સબ જુસા(અંગ) હે સો નાપાક છે ને ચરણ તે પાક છે." ત્યારે નવાબ સાહેબ એમ બોલ્યા જે, "નરસિંહ પંડ્યા બોત બૂરા કહત હે, ખુદા તો પાક હે."

ત્યાર કેડે નરસિંહ પંડ્યાએ બીજો પ્રશ્ન પૂછ્યો જે, "તમે સ્વામિનારાયણને ભગવાન કહો છો, તે ભગવાન તો ત્યારે કહેવાય જે, નવાં શાસ્ત્ર કરીને કાશીમાં મોકલે ને કાશીના શાસ્ત્રી પ્રમાણ કરે ત્યારે ભગવાન કહેવાય." ત્યારે નવાબ સાહેબ બોલ્યા જે, "નિત્યાનંદજી ! ક્યા ચર્ચા હુઈ ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "નરસિંહ પંડ્યા એમ કહે જે, 'સૂરજ ઊગે ત્યારે સબ દુનિયા મળીને એમ કહે જે, તમે સૂરજ સાચા, ત્યારે સૂરજ સાચા થાય ને ન કહે ત્યારે સાચા ન થાય."

ત્યારે નવાબ સાહેબ બોલ્યા જે, "નરસિંહ પંડ્યા બોત બૂરા કહત હે, સૂર્ય તો દુનિયા ન કહે તોય સૂર્ય જ છે." ત્યારે નરસિંહ પંડ્યા બોલ્યા

જે, “તમે કહો છો તે વાત સાચી છે.” એવી રીતે સભા જીતી ને નવાબ સાહેબે સત્કારને કર્યા થકા (નિત્યાનંદસ્વામી) પોતાના ઉતારામાં આવ્યા. તે વાત સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને નિત્યાનંદસ્વામીને પોતાની કોટમાં હાર હતા, તે સર્વે આપ્યા.

❋ જૂનાગઢથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

અને ત્યાં સાધુની તથા પરમહંસ દીક્ષાવાળાની પોતે વ્યવસ્થા કરી જે, સાધુમંડળને સોરઠમાં ફરવાની આજ્ઞા કરી ને પરમહંસ-મંડળને ભેળા લઈને પોતે ગામ **ચુડા રાણપર** આવ્યા. ત્યાંથી **દેરડી** પધાર્યા ને ત્યાંથી **દુર્ગપુર** આવ્યા અને દાદા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયમાં બ્રહ્મચારીએ આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, “હે મહારાજ ! જમવાનો થાળ થયો છે.” ત્યારે હસતાં હસતાં બ્રહ્મચારી ભેળા જમવા પધાર્યા, ને નાના પ્રકારનાં ભોજન જમીને પોતાના રસોયાનાં વખાણ કર્યાં જે, “અમે ઘણે ઠેકાણે જમ્યા, પણ આવી રસોઈ તો કોઈને આવડતી નથી.” એમ કહીને પોતે ચળુ કરીને રૂમાલ વતે હાથ લોઈને પોતાના પ્રેમી હરિભક્તે આપ્યો જે મુખવાસ તેને જમીને પોઢવા સારુ પધાર્યા.

પછી તે જ દિવસ સાંજને સમે સભા કરીને બેઠા. તે સમયમાં સર્વે હરિભક્ત ચંદન-પુષ્પાદિકે કરીને શ્રીજીમહારાજની પૂજા કરતા હવા. ગવૈયા વાજાં વગાડીને કીર્તન ગાતા હવા. પછી આરતી-ધૂન કરીને સભાને ઊઠવાની આજ્ઞા કરી, ને પોતે પોઢવા સારુ પધાર્યા. આવી ઘણાક દિવસ લીલા કરી.

❋ ગઢડાથી વિચરણ કરતા ધોરાજી પધાર્યા.

પછી ત્યાંથી ચાલ્યા, તે **વાંકિયે** પધાર્યા. ત્યાંના મોકા ખાચર

આદિક હરિભક્ત મહારાજની સામા આવ્યા ને ગાજતેવાજતે પોતાના દરબારમાં સુંદર ઢોલિયો ઢાળીને તે ઉપર પધરાવ્યા. અને મહારાજને સારુ બ્રહ્મચારી પાસે થાળ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. અને મહારાજ ભેળા પાર્ષદ હતા તેમને તો પોતાના ઘેર જમાડ્યા.

અને ત્યાંથી સવારમાં ઊઠીને ચાલ્યા, તે **કોટડે** થઈને લખમણને **પીપળિયે** થઈને **ગોંડલ** પધાર્યા. ત્યાં રાજા હઠીભાઈ અસવારી તથા વાજાં લઈને શ્રીજીમહારાજની સામા આવ્યા. અને વાજતે ગાજતે શ્રીજીમહારાજને પોતાના દરબારમાં સિંહાસન ઉપર પધરાવ્યા. બ્રહ્મચારી પાસે સારામાં સારાં પકવાન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા ને સારાં પાનબીડીનો મુખવાસ આપ્યો. અને ચંદન-પુષ્પ, વસ્ત્ર-અલંકાર વડે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને હાથ જોડીને સ્તુતિ કરી જે, “મારા પુત્ર-પરિવાર ને રાજ્ય સહિત હું તમારો છું.” એમ કહીને શ્રીજીમહારાજ ભેળા પાર્ષદ હતા તેમને જમાડ્યા ને મહારાજને બે દિવસ રાખ્યા.

પછી મહારાજ ચાલ્યા, તે માર્ગમાં હરિભક્તનાં ગામ આવ્યાં તેને દર્શન દેતાં દેતાં **ધોરાજી** પધાર્યા. ત્યાંના હરિભક્તે શ્રીજીમહારાજને વાજતેગાજતે ગામમાં ઢોલિયા ઉપર પધરાવ્યા. પછી મુકુંદ બ્રહ્મચારી પાસે થાળ કરાવ્યો. તે શ્રીજીમહારાજ જમ્યા ને ચળુ કરીને રૂમાલ વતે હાથ લૂછ્યા. પછી મુખવાસ લીધો ને પોતા ભેળા પાર્ષદ હતા તેમને જમાડ્યા.

✵ કાલવાણીમાં સમાધિ પ્રકરણ તથા સંતોને પરમહંસ-દીક્ષા :

અને ત્યાં થોડાક દિવસ રહીને **કાલવાણી** પધાર્યા ને પર્વતભાઈ વાજતેગાજતે શ્રીજીમહારાજને ઢોલિયા ઉપર પધરાવતા હવા. અને મુળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજ સારુ થાળ કરીને લાવ્યા તે જમ્યા. પછી ચળુ કરીને હાથ લોઈને પર્વતભાઈએ આપેલો મુખવાસ જમ્યા.

પછી ચંદન-પુષ્પ ને વસ્ત્ર-અલંકાર વડે પર્વતભાઈએ શ્રીજીમહારાજની પૂજા કરી અને મહારાજ ભેળા પાર્ષદ હતા તેમને જમાડ્યા.

તે સમામાં શ્રીજીમહારાજ સમાધિની વાર્તા કરતા હવા. અને આત્મા-પરમાત્મા તથા પોતાના સ્વરૂપના નિશ્ચયની ઘણીક વાર્તા કરતા હવા. તે સમયમાં શ્રીજીમહારાજ હજારો માણસને સમાધિ કરાવતા હવા. અને ત્યાં સાધુનાં મંડળ ભેળાં થયાં. તેમને સાધુની દીક્ષા મુકાવીને પરમહંસની દીક્ષા ધારણ કરાવી અને તેમનાં પાંચ પાંચ મૂર્તિનાં મંડળ કરીને દેશ દેશ પ્રત્યે સત્સંગ કરાવવા સારુ આજ્ઞા કરતા હવા.

॥ ઈતિ ૬૩ ત્રેસઠની લીલા સંપૂર્ણ ॥





શ્રીહરિ સમાધિમાં પોતપોતાના ઇષ્ટદેવનાં દર્શન કરાવે છે.

સંવત્ ૧૮૬૪ ની લીલા

❋ શ્રીહરિ ભાદરામાં વિશ્રામ સુતારના ઘેર એક માસ રહ્યા :

પછી પોતે થોડાક દિવસ ત્યાં રહીને ત્યાંથી ગામ **ભાદરા**માં વિશ્રામ સુતારની ખડકીમાં એક મહિના પર્યંત રહેતા હવા. અને ત્યાં રહીને સત્સંગમાં વચનપત્ર લખ્યો જે, "જે સત્સંગીને સાધુ થાવું હોય તે ભાઈરામદાસજી પાસે જાય ને પરમંહસ થઈને અમારે પાસે આવજો." એમ લખીને ત્યાંના હરિભક્તને શ્લોક, કીર્તન, વાર્તાને શીખવતા હવા. અને ત્યાં રહીને ભાઈરામદાસજી તથા ગોવિંદસ્વામી તે પ્રત્યે જેતલપુરમાં મહારુદ્ર કરવા સારુ સામાન કરવાનો પત્ર લખાવતા હવા.

❋ ખારું પાણી મીઠું કર્યું, લાલજી સુથારને નિષ્કુળાનંદ નામે સાધુ કર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે નિષ્કુળાનંદસ્વામીને સાધુ કરવા સારુ ભેળા લઈને ગામ **પીપળિયે** પધાર્યા. ત્યાંથી **માળીયા**ના રણમાં જાતાં પોતાને તરસ લાગી. ત્યારે પોતે બોલ્યા જે, "અમને તો ઘણી તરસ લાગી છે." ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! પાણી તો નથી." ત્યારે પોતે બોલ્યા જે, "પાણી વિના તો નહિ ચલાય." ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, "આ પાણી તો સર્વે ખારું છે." ત્યારે પોતે બોલ્યા જે, "પાણી ચાખી તો જુવો !" ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ પાણી ચાખી જોયું. ત્યારે પાણી મીઠું લાગ્યું. ત્યારે પાણી ભરીને શ્રીજીમહારાજને પાયું. તે પછી તેને તે પાણી ફરીને ચાખ્યું, ત્યારે તો ખારું લાગ્યું. એવી રીતે ચાલતે સતે રણ ઊતરીને ગામ **વાંઢિયા** આવ્યા. તે પછી ગામ **લાકડિયા**ને પાદર નિષ્કુળાનંદસ્વામીને સાધુ કર્યા.

❋ શ્રીહરિ કહે, અમે અમારા ભક્તની માળા ફેરવીએ છીએ :

અને ત્યાંથી **આધોઈ** શહેરમાં લાધાજીના દરબારમાં એક માસ પર્યંત રહ્યા ને હરિભક્તોને બહુ સુખ આપ્યું. અને શ્રીજીમહારાજના

હાથમાં માળા જોઈને તે હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! અમે તમારું ભજન કરીએ છીએ ને તમારી માળા ફેરવીએ છીએ, પણ તમે કોનું ભજન કરો છો ? ને માળા ફેરવો છો ?" પછી પોતે બોલ્યા જે, "અમે ભક્તજનનું ભજન કરીએ છીએ." એવી રીતે હરિભક્તને સુખ આપીને **ભચાઉ** થઈને પોતે **ભુજનગર** પધાર્યા.

ત્યાં એક માસ રહીને પાર્ષદ સહિત **માનકૂવા** પધાર્યા. ત્યાં પંદર દિવસ રહ્યા ને ત્યાંથી ગામ **કેરે** આવ્યા. તે ગામને સમીપે સજીવન પાણી ઉપર થઈને વહે છે એવો કુંડ છે. ત્યાં પોતે નાહીને સદાબાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા. ત્યાંથી ગામ **બળધિયા**માં પટેલ ગંગદાસને ઘેર પધાર્યા. ત્યાં થાળ જમીને ત્યાંથી ગામ **ગજોડ** સુથાર ધનજીને ઘેર પધાર્યા.

❋ માંડવીમાં વેદાંતી ખૈયા ખત્રી મહારાજના આશ્રિત થયા :

ત્યાંથી ચાલ્યા, તે ગામ **માંડવી** બંદર પધાર્યા. ત્યાં રહ્યા થકા દેશદેશ પ્રત્યે કંકોતરીઓ લખાવી ને સર્વે પરમહંસોને તેડાવ્યા. ને ત્યાં રહ્યા થકા પોતે લક્ષ્મીનાથ ભટ્ટ પાસે કથા વંચાવતા ને વિષેશપણે કરીને તો વેદાંતની વાર્તા કરતા હતા. ને ત્યાં પોતાની સમીપે આવ્યા એવા જે વેદાંતી તેમનો પોતે વેદાંતની વાર્તાએ કરીને પરાજય કર્યો. પછી વેદાંતીમાં મુખ્ય એવો જે ખયોખત્રી તેને મહારાજને વિષે પરમેશ્વરની બુદ્ધિ થઈ.

અને પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિક મોટા મોટા સંતને અધ્યાત્મ શાસ્ત્ર ભણવાની આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે કહો તો સર્વે પરમહંસને ધૂળ નંખાવું ને કહો તો લાડુ જમાડું." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ધૂળ તો દુરિજન સર્વે ઠેકાણે નાખે છે, પણ લાડુ જમાડો તો સારું." ત્યાર પછી શ્રીજીમહારાજની ઈચ્છાએ

કરીને શહેરના સર્વે લોક ઉપરાઉપર રસોયું આપવા લાગ્યા. એવી રીતે અનેક પ્રકારની લીલા કરતા થકા એક માસ પર્યંત માંડવીમાં રહ્યા. તે પછી સર્વે પરમહંસોને અમદાવાદ ચાતુર્માસ રહેવાની આજ્ઞા કરી ને શ્રીજીમહારાજ પાછા **ભુજ** પધાર્યા.

✵ પંચાળામાં સ્નાનાદિક લીલા તથા ગામલોકોને જમાડ્યા :

અને ત્યાંથી પોતે પાર્ષદ ડુંગરજી આદિક લઈને ગામ **પંચાળે** પધાર્યા. ઠાકોર ઝીણાભાઈ શ્રીજીમહારાજને સામા જઈને વાજતેગાજતે પોતાના દરબારમાં મેડીને વિષે ઢોલિયા ઉપર પધરાવતા હવા. ત્યાર કેડે મુળજી બ્રહ્મચારી થાળ લાવ્યા, તે શ્રીજીમહારાજ જમ્યા. પછી ચળુ કરીને રૂમાલ વતે હાથ લોઈને ઝીણાભાઈએ આપેલો મુખવાસ જમ્યા. ત્યાર કેડે શ્રીજીમહારાજની ચંદન-પુષ્પ, ઘરેણાં-વસ્ત્રે કરીને ઝીણાભાઈ તથા ગગાભાઈએ પૂજા કરી. અને હાથ જોડીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે, “મારા પુત્ર, પરિવાર, દરબાર તેણે સહિત હું તમારો છું. મને તમારાં ચરણારવિંદમાં રાખજો !”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “બહુ સારું, સેવામાં રાખશું.” પછી પોતાના પાર્ષદને જમાડ્યા. ત્યાર કેડે પોતે પોઢ્યા. સાંજના પહોરની સભા કરાવીને પોતે તેમાં વિરાજમાન થયા. અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહિમાએ સહિત ભગવાનની એકાંતિક ભક્તિ, તે સંબંધી ઘણીક વાર્તા કરી. અને સર્વ સભાજનને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. અને નિત્ય પ્રત્યે નદીને વિષે પોતાના પાર્ષદે સહિત નાવા પધારતા. નાહીને ભારે ભારે વસ્ત્ર પહેરીને કીર્તન ગવરાવતા થકા દરબારમાં પધારતા. એમ દિન દિન પ્રત્યે લીલા કરતા થકા ત્યાં બે માસ રહ્યા.

અને તે સમયમાં શ્રીજીમહારાજે મંદવાડનો મિસ લીધો હતો. તે પોતે સાજા થયા, ત્યારે ઝીણાભાઈ પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આપણે મોતિયા લાડુ કરીને ગામ જમાડીએ.”

ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, "બહુ સારું, ગામલોકોને પૂછીએ." ત્યારે શ્રીજીમહારાજે તે લોકોને તેડાવીને પૂછ્યું જે, "તમે શું જમશો ?" ત્યારે તે લોકોએ કહ્યું જે, "અમને ગોળ, ચોખા ને ઘી જમાડો તો ઘણું સારું." ત્યારે શ્રીજીમહારાજે ગોળ, ચોખા ને ઘીની રસોઈ કરાવીને ગામ જમાડ્યું.

॥ ઈતિ ૬૪ ચોસઠની લીલા સંપૂર્ણ ॥





શ્રીહરિએ ખારું પાણી મીઠું કર્યું.

સંવત્ ૧૮૬૫ ની લીલા

✵ ઝીંઝાવદર અને કારિયાણીમાં કથા-દર્શનાદિકનું સુખ આપ્યું :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે કાઠિયાવાડમાં **ઝીંઝાવદર**માં અલૈયા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે હરિભક્તને દર્શન દીધાં. અને મુકુંદ બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા, તે પોતે જમ્યા ને પોતાના પાર્ષદને થાળની પ્રસાદી આપી. અને સર્વેને દર્શન દઈને તથા બોલાવીને રાજી કર્યા. એમ ઘણા દિવસ રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા. તે ગામના હરિભક્ત વસ્તા ખાચર તથા રાઘવ પટેલ એ આદિક સામૈયું લઈને સામા આવ્યા ને શ્રીજીમહારાજને ગાજતેવાજતે વસ્તા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા. અને ત્યાં બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા, તેને પોતે જમ્યા ને પોતાના પાર્ષદને જમાડ્યા અને પોતાના એકાંતિક ભક્તને મનવાછિંત સુખને આપતા હવા. અને તે ગામના તથા દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમને જ્ઞાન, વૈરાગ્ય ને મહિમાએ સહિત ભગવાનની ભક્તિની વાર્તા કરી અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો. એવી લીલા કરતા થકા ઘણાક દિવસ રહ્યા.

✵ સારંગપુર અને કુંડળમાં કથા-દર્શનાદિકનું સુખ આપ્યું :

અને ત્યાંથી ચાલ્યા, તે **સારંગપુર** પધાર્યા. ત્યાંના હરિભક્ત જીવા ખાચર આદિક શ્રીજીમહારાજને સામા ગયા ને ગાજતેવાજતે પોતાના દરબારમાં ઢોલિયા ઉપર પધરાવ્યા. ત્યાર કેડે મુકુંદ બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા, તે પોતે જમ્યા ને તે થાળ સાધુ તથા પાર્ષદને જમાડતા હવા. અને સાધુ પાસે કથા કરાવી ને પોતે પણ જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા ને મહિમાએ સહિત એકાંતિક ભક્તિની વાર્તા કરી ને પોતાના સ્વરૂપનો ઘણાક લોકોને નિશ્ચય કરાવ્યો. એમ નિત્ય પ્રત્યે નવી ને નવી લીલા કરતા થકા ઘણાક દિવસ રહીને પોતાના ભક્તજનને આનંદ પમાડતા હવા.

ત્યાંથી ચાલ્યા, તે **કુંડળ** પધાર્યા ને ત્યાંના હરિભક્ત મામૈયા પટગીર આદિક શ્રીજીમહારાજને ગાજતેવાજતે પોતાના દરબારમાં ઓરડાની ઓસરીમાં ઢોલિયો ઢળાવીને તે ઉપર પધરાવ્યા. ત્યાર કેડે મુળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજને વાસ્તે થાળ કરીને લાવ્યા, તેને પોતે જમ્યા ને સાધુ તથા પોતાના પાર્ષદ તેમને જમાડ્યા. અને નિત્યાનંદસ્વામી પાસે નિત્ય કથા કરાવતા ને નિત્ય પ્રત્યે ઉતાવળી નદીને વિષે નાવા જતા. એમ ઘણાક દિવસ લીલા કરીને ત્યાંથી ચાલ્યા, તે **ભીમનાથ** ગયા. ત્યાં બ્રાહ્મણોને બહુ દક્ષિણા આપી ને બાવા ગુમાનગરને પોતાના આશ્રિત કર્યા.

❋ કારિયાણીમાં તળાવ ગળાવ્યું ને કરજીસણનો સંઘ આવ્યો :

પછી સંવત્ **૧૮૬૫** અઢારસો પાંસઠના આસો વદમાં શ્રીજીમહારાજ **કારિયાણી** પધાર્યા ને ત્યાં (જે અધુરું હતું, તે) તળાવ ખોદાવ્યું. તે સમયને વિષે દેશદેશના હરિભક્ત આવ્યા. તેમની પાસે પણ તળાવ ગળાવતા હતા. તે સવારમાં શ્રીજીમહારાજ તળાવ ખોદાવવા સારુ જાય ત્યારે પોતે ઘોડે ચડે ને પોતાના પાર્ષદ માથે છતર ધરે, ને સાધુ ઉત્સવ કરતાં કરતાં આગળ ચાલે, ને વાંસે હરિભક્ત કીર્તન ગાતાં ગાતાં આવે; એવી શોભાને ધરતા થકા પોતે તળાવને કાંઠે પધારે ને ત્યાં એક સમડાનું વૃક્ષ હતું, તેને તળે મોટી પાટ હતી, તેને વિષે ગાદીતકિયા નંખાવીને વિરાજમાન થાય.

પછી સર્વે હરિભક્ત પાસે તળાવ ગળાવે ને પહોર દિવસ ચડે ત્યારે પોતે દાળિયા, પલાળેલો બાજરો ને તલ તે સર્વને એક એક પોસ(ખોબો) ભરીને આપે. અને મધ્યાહ્ન સમો થાય ત્યારે થાળ જમવા પધારે ને ઉત્સવ કરાવતાં કરાવતાં ગામમાં પધારે.

પછી પોતાના એકાંતિક ભક્તે લાવેલા ઘણાક પ્રકારના થાળ તેને પોતે જમીને સંત તથા પાર્ષદ તેમને લાડુ તથા નાના પ્રકારનાં પકવાનો

પીરસીને જમાડતા હવા. પછી પોતે બે-ત્રણ ઘડી પોઢીને પાછા સાંજને સમે(ચારેક વાગે) પણ તળાવ ખોદાવવા સારુ જાય ને ત્યાંથી સાંજને સમે ગામમાં પધારે. અને પોતાના એકાંતિક ભક્તે કરી જે સેવા તેને અંગીકાર કરતા થકા પોઢતા.

એવી રીતે નિત્ય નિત્ય લીલા કરતા થકા તળાવ ખોદાવતા. પછી તેમાં પાતાળનું પાણી નીકળ્યું. તેમાં બે કુંડ કર્યા. તેમાં એક કુંડનુ નામ **રામકુંડ** ને બીજાનું નામ **ભીમકુંડ** એ બે નામ પાડ્યાં. અને બે કુંડના મધ્યને વિષે શ્રીજીમહારાજને બેસારીને તે કુંડના જળે કરીને સંતોએ સારી પેઠે નવરાવ્યા. તે સમે કરજીસણના નાનાભાઈ સંઘ લઈને આવ્યા. તે માણસોએ મહારાજ આગળ ફરીને કીર્તન ગાયાં. તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી સંત તથા સંઘે સહિત ગાજતેવાજતે ગામમાં પધાર્યા ને તેમને ઉતારા કરાવ્યા. અને મહારાજે સુખશાતા(સુખશાંતિ)ના સમાચાર પૂછ્યા ને તેમને મહારાજે કહ્યું જે, "તમારે કાંઈ જોઈતું હોય તે કહો, અમે અપાવીએ." ત્યારે તેમણે કહ્યું જે, "તમારા પ્રતાપથી સર્વે છે. અમારે તો એક તમારાં દર્શન જોઈએ છે." તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા.

✵ કારિયાણીમાં ભક્તોની પૂજા અંગીકાર કરી ને વિષ્ણુયાગ કર્યો :

પછી એક દિવસે સર્વે હરિભક્તે કહ્યું જે, "અમારે તમારી પૂજા કરવી છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, એક એક આવીને પૂજા કરો." ત્યારે એક હરિભક્ત પ્રેમી હતો, તેણે શ્રીજીમહારાજની પૂજા કરી, ને શ્રીજીમહારાજના મુખને વિષે એક સાકરનો મોટો કાંકરો આલ્યો. તેને પોતે જમી ગયા. પછી બીજો હરિભક્ત તેણે પણ પૂજા કરીને સાકરનો કાંકરો મુખને વિષે આલ્યો. એવી રીતે સર્વે હરિભક્તની પૂજા તથા સાકર અંગીકાર કરી ને સર્વના મનોરથ પૂર્ણ કર્યા.

અને તે જ સમયમાં શ્રીજીમહારાજે ત્યાં યજ્ઞ(વિષ્ણુયાગ) કરાવ્યો ને ત્યાં દેશાંતરના બ્રાહ્મણ તેડાવ્યા. અને તે બ્રાહ્મણોને જમવાના ચાલીસ ચોકા તળાવને કાંઠે થયા હતા. તેમને જોઈતું-જાયતું હોય એવી ખબર પૂછવા સારુ મહારાજ ઘોડે ચડીને નિત્ય પધારતા. તે સમામાં માંચાભક્તના દરબારમાં લિંબડાના વૃક્ષ હેઠે વિરાજમાન થઈને પોતાના ભક્તોને સમાધિ કરાવતા. ને તે લિંબડાની ઉગમણી તરફ યજ્ઞનો કુંડ કરાવ્યો. તે યજ્ઞમાં પરનાળે કરીને ઘી હોમાતું હતું. તે સમયમાં ચારે વેદના ભણેલા બ્રાહ્મણ વેદ ઉચ્ચારણ કરતા. ને વેદોક્ત કર્મ ચાલતું હતું.

તે સમયે શ્રીજીમહારાજ ત્યાં નિત્ય યજ્ઞનારાયણનાં દર્શન કરવા સારુ પધારતા. તેમને કાંઈ જોઈતું હોય તેની ખબર પૂછતા. અને તે યજ્ઞ પૂરો થયો ત્યાર કેડે બ્રાહ્મણોને સોનામહોર, રૂપિયા, વસ્ત્ર, અલંકાર તથા વાહનાદિક દાન આપ્યું. ને તે બ્રાહ્મણોને પોતાના સ્વરૂપનો ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. ને તે બ્રાહ્મણ પણ મહારાજનાં વખાણ કરતા થકા મહારાજની આજ્ઞા લઈને પોતપોતાના ઘેર ગયા. એવી રીતે સમૈયો કર્યો.

✵ ઝાલાવાડ તથા ગુજરાતના ગામોમાં વિચરણ :

અને સ્વરૂપાનંદસ્વામીનું મંડળ નવાનગર(જામનગર) મોકલ્યું ને ભાઈ રામદાસજીના મંડળને સુરત જવાની આજ્ઞા કરી. અને પોતે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને લઈને ગામ **વઢવાણ**ના તુલસી દવેને ઘેર પધાર્યા. ત્યાં થાળ જમીને ચાલ્યા, તે ગામ **ભદ્રેસી** રાત્રી રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **મેથાણ** પધાર્યા ને ત્યાંથી **અંકેવાળિયે** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **રામગ્રી** પધાર્યા ને ત્યાંથી ચાલ્યા, તે **વાટુ** થઈને ગામ **મછિયાવ** પધાર્યા. ત્યાં ઠાકોર દાજીભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **જેતલપુર** આવ્યા. ત્યાં સર્વે હરિભક્તને ઘરોઘર બ્રહ્મચારી પાસે થાળ કરાવીને જમ્યા.

એવી રીતે ઉત્સવ કરીને **શ્રીનગર** પધાર્યા ને બરકતરામની હવેલીમાં ઊતર્યા. અને ત્યાં પણ હરિભક્તને પ્રસન્ન કરવા સારુ ઘરોઘર બ્રહ્મચારી પાસે થાળ કરાવીને જમ્યા ને હરિજનને બહુ સુખ આપ્યું. અને પંડિત અંધ પુષ્કરદાસજીના મંદિરમાં પધાર્યા. તે બાવે મહારાજના આજાન બાહુનો સ્પર્શ કરીને ઈશ્વરપણાનો નિશ્ચય કર્યો. અને ત્યાંથી ચાલ્યા, તે ઘાંચીની વાડીએ ગૌરીશંકર મહાદેવના દેવળનાં દર્શન કરવા પધાર્યા. પછી પોતાને ઉતારે પધાર્યા.

એવી રીતે આશરે દશ દિવસ રહીને પાછા **જેતલપુર** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **નવાગામ** પધાર્યા ને રઘુનાથદાસને ઘેર ઊતર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **માતર**માં સોની ગિરધરને ઘેર પધાર્યા. ત્યાં બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા, તે શ્રીજીમહારાજ જમ્યા. તેમણે ચંદન-પુષ્પાદિકે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે **રઘવાણજ** પધાર્યા. રામદાસ આદિક સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. અને તે સર્વેનો ભાવ જોઈને થાળ કરી લાવ્યા તે મહારાજ જમ્યા. અને તેમણે ચંદન-પુષ્પ વસ્ત્ર-અલંકાર આદિકે કરીને શ્રીજીમહારાજને બહુ રાજી કર્યા.

અને ત્યાંથી ગામ **ડભાણ** પધાર્યા ને પટેલ રગનાથ આદિક સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા ને પટેલ રગનાથની મેડી ઉપર મહારાજ પધાર્યા. તે સમયમાં બ્રહ્મચારી થાળ લઈને આવ્યા, તે પોતે જમ્યા. ને પોતા પાસે સાધુ તથા પાર્ષદ હતા તેમને જમાડ્યા. અને ગામના પટેલ રગનાથ આદિક સર્વે હરિભક્ત શ્રીજીમહારાજની ચંદન,પુષ્પ,વસ્ત્ર,અલંકાર આદિકે કરીને પૂજા કરતા હવા. પછી ત્યાંથી **પીજ** પધાર્યા ને બચાભાઈની ખડકીમાં ઊતર્યા. તે સમયમાં બ્રહ્મચારી થાળ લઈને આવ્યા, તે શ્રીજીમહારાજ પોતે જમ્યા. અને સર્વે હરિભક્ત શ્રીજીમહારાજની પૂજા કરતા હવા. ને ત્યાં દર્શને

આવેલા ભક્તજનને ગર્ભવાસનું દુઃખ તથા ત્યાં જીવે કરી એવી જે પ્રાર્થના તે સંબંધી વાર્તા કરી.

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **નડિયાદ** પધાર્યા. ત્યાંના હરિભક્ત ગંગારામ, મોહનરામ, કડિયા કેવલ તથા પટેલ ગંગારામ આદિક સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. ને શ્રીજીમહારાજ પોતે નાગર ગંગારામ તથા મોહનરામને ઘેર ઊતર્યા. ને મોહનરામ તથા તેમની બહેને થાળ કર્યો, તે પોતે જમ્યા ને તેમણે આપ્યો એવો મુખવાસ તેને પોતે જમ્યા. અને પોતા ભેળા હતા જે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ તથા પોતા ભેળા હતા જે પાર્ષદ તેમને પોતે જમાડ્યા. અને પોતે પોતાના હરિભક્ત આગળ પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય તે અંગની વાત કરી.

✹ નડિયાદમાં અંગ્રેજ સાહેબોએ મહારાજની સ્તુતિ-પૂજા કરી :

તે સમયમાં વિલાયતથી ચાર મોટા સાહેબ નડીયાદ આવ્યા હતા. તેમણે પોતાની પલટણ તથા અસવારી મોકલીને શ્રીજીમહારાજને ગાજતેવાજતે પોતાને ઉતારે તેડી લાવ્યા ને ભારે આસન ઉપર પધરાવ્યા. તે સમયમાં પટેલ જોરાભાઈએ કહ્યું જે, “સ્વામિનારાયણ તો ખુદા કહેવાય છે.” ત્યારે સાહેબે કહ્યું જે, “તેમાં ખુદાઈ હશે તો તેમને ખુદા કહેતા હશે ! શું ખુદા કોઈ નવા બનતા હે ?” ત્યારે ફરીને જોરાભાઈએ કહ્યું જે, “સ્વામિનારાયણ તો સ્ત્રીઓ મેલાવી દે છે.” ત્યારે સાહેબે કહ્યું જે, “સ્વામિનારાયણ ! તમે ઈસકું કહો જે, તુમ તુમારી લુગાઈ(સ્ત્રી) છોડ દો. લુગાઈ કોઈકે કહેશું છોડાતી નહીં હે, એ તો જેના ઉપર ખુદાકી કૃપા થાય છે, તે લુગાઈને છોડે છે.”

ત્યાર કેડે શ્રીજીમહારાજે આખા ભરતખંડના દેશદેશની વાર્તા કરી. પછી વિલાયતની વાર્તા કરી ને તેમના લાંબા ગુરુની વાર્તા કરી. ત્યારે સાહેબ બોલ્યા જે, “ઈતની છોટી અવસ્થામાં ક્યાં તુમ આખા વિશ્વ ફરે

હોયગે ! પણ આપ ખુદા હો, વાસ્તે ખુદાને તો આખા વિશ્વની વાર્તા કરને વિષે આમળાની પેઠે દેખાય છે. વાસ્તે તમે વાત કહી તે સર્વે સાચી છે." એમ કહીને ગુલાબ તથા મોગરાના હાર તથા મોતીની માળા આદિક અલંકાર તથા ભારે ભારે વસ્ત્ર, તે વડે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને એમ બોલ્યા જે, "હે નારાયણ સ્વામી ! હમ તો તુમારા દિયા રાજ કરતા હે. વાસ્તે કુછ સેવાચાકરી હોય તો અમકુ કહેના." એમ કહીને પોતાના મુકામથી શ્રીજીમહારાજને ગાજતેવાજતે પલટણ તથા સવારીએ સહિત વળાવ્યા.

અને શ્રીજીમહારાજ જૂના કોટમાં રાત રહીને સવારના પહોરમાં નારાયણ દેવનું મંદિર જોઈને ઠાકોરજીનાં દર્શન કરીને **ડુમરાલ**ની ભાગોળે ચોતરાના વડ હેઠે ઓટા ઉપર વિરાજમાન થયા. તે સમયમાં હજારો માણસ દર્શન કરવા આવ્યા ને તેમના આગળ પોતાના સ્વરૂપના નિશ્ચયની ઘણીક વાર્તા કરી. તે સમયમાં શ્રીજીમહારાજનાં દર્શન કરીને કેટલાક માણસને સમાધિ થઈ ગઈ. તેને જોઈને તે સભાના માણસે એમ જાણ્યું જે, **'આ જગતના કર્તાહર્તા જે ભગવાન કહેવાય છે, તે જ આ સ્વામિનારાયણ છે.'** એમ નિશ્ચય કર્યો.

તે સમયમાં સર્વે હરિભક્ત શ્રીજીમહારાજની પૂજા કરતા હવા. પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્તને આનંદ ઉપજાવતા થકા ગામ **વરતાલ** આવ્યા. ત્યાં એક રાત રહીને હજારો મનુષ્યને દર્શન આપ્યાં.

✹ ઉમરેઠમાં અભણના મુખે વેદ બોલાવ્યા :

પછી ગામ **ઉમરેઠ** પધાર્યા. ત્યાં મહારાજને દર્શને આવ્યા જે સર્વે બ્રાહ્મણાદિક તે શ્રીજીને પૂછતા હવા જે, "હે મહારાજ ! પૂર્વે શંકરાચાર્ય મોટા પુરુષ થયા, તેમણે પાડાને વેદ બોલાવ્યા. માટે તમે પણ જો એવો પરચો દેખાડો તો મોટા પુરુષ ખરા !" ત્યારે મહારાજે કહ્યું જે, "પશુને વેદ બોલાવવો તે સંભવે નહીં, પણ વિદ્યારહિત હોય તે પાડા તુલ્ય છે."

ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, “હે મહારાજ ! આ નિરક્ષર બ્રાહ્મણ છે, તે એવો જ છે, તેને બોલાવો.”

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “એ તો બ્રાહ્મણ છે, તે વેદ બોલશે જ.” પછી તે બ્રાહ્મણ તુરત વેદ બોલવા લાગ્યો. તેને સાંભળીને તે સર્વે બ્રાહ્મણ મહારાજને શંકરાચાર્ય જેવા મોટા પુરુષ જાણતા હવા ને કેટલાકને તો પરમેશ્વર છે, એવો નિશ્ચય થયો.

પછી શ્રીજીમહારાજ ગામમાં ખેડાવાળ બ્રાહ્મણોને ઘરોઘર થાળ જમ્યા. અને તે ફેરે ભટના તળાવના ઉગમણા આરાને વિષે પોતે સાત દિવસ સુધી નાતા હવા. ને તે જ ફેરે શ્રીજીમહારાજનો બહુ પ્રતાપ જોઈને ઘણાક લોકોએ કહ્યું જે, “મહારાજ ! અમને વર્તમાન ધરાવો.” ત્યારે શ્રીજીમહારાજે જળનો ભરેલો ઘડો મંગાવીને સર્વેના ઉપર જળ છાંટ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “જેને આ પાણીના છાંટા અડ્યા, તે સર્વે અમારા સત્સંગી છો.” એમ કહીને હરિભક્તને રાજી કર્યા.

પછી ત્યાંથી ગામ **વરતાલ** પધાર્યા ને ત્યાંથી **ચાંગે** થઈને ગામ **મોરજ** પધાર્યા. ત્યાં હરિભક્ત ગોકળ ગઢવીને ઘેર પાંચ દિવસ રહ્યા ને તેમને અફીણ મેલાવ્યું. પછી તેમણે પાંચસો રૂપિયા મહારાજને પગે ભેટ મૂકીને પૂજા કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે **ચલોડે** નથુભાઈ અમીનના દીવાનખાનામાં ઊતર્યા. ને જીતબા મહારાજને પાર્ષદે સહિત જમાડતાં હવાં.

✵ જેતલપુરમાં અઢાર દિવસનો મહારુદ્ર તથા ચોરાસી કરી :

અને ત્યાંથી ચાલ્યા, તે પાછા ગામ **જેતલપુર** પધાર્યા. ત્યાં આનંદાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિક સાધુનું મંડળ આવ્યું, તેમને કૌમુદી ભણવાની આજ્ઞા કરી. પછી પોતે બીજે દિવસ પ્રાતઃકાળે તળાવ ઉપર નાવા પધાર્યા. નાહીને પાછા સાધુ તથા હરિભક્ત સહિત વડ તળે આવીને વિરાજમાન થયા. અને સર્વે હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, “આજ તો અમારે ગામડીએ જાવું છે.” ત્યારે ગંગાદાસ,

ભિખારીદાસ, ત્રવાડી આશારામ, દયારામ દવે તથા ઠાકોર રવાભાઈ એ આદિક સર્વે હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો નહિ જવાય. કેમ જે, કાલ મોટું પર્વ ઉત્તરાયણ છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઉત્તરાયણ પર્વને વિષે શું કરાય ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "બ્રાહ્મણ તથા સાધુને જમાડાય ને દાન-પુણ્ય થાય." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, આપણે પણ બ્રાહ્મણ જમાડીએ." એમ કહીને વળી બોલ્યા જે, "આ ગામની ચોરાશી કરીએ તો કેટલો સામાન જોઈએ ?" ત્યારે આશારામ બોલ્યા જે, "આ ગામની ચોરાશીમાં બાર મણ ઘી થાય(વપરાય) છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઘી મંગાવો ને બીજો પણ સામાન ભેળો કરો. કેમ જે, આપણે અહીં મહારુદ્ર કરશું." એમ કહીને પછી કંકોતરીઓ લખાવીને સર્વે દેશદેશના સર્વે બ્રાહ્મણોને બોલાવ્યા. તથા કાશી પર્યંત દેશદેશમાંથી ચાર વેદના ભણેલા બ્રાહ્મણોને તેડાવીને મહારુદ્ર કર્યાનો પ્રારંભ કર્યો.

તે સમાને વિષે નવાનગરથી સ્વરૂપાનંદસ્વામીનું મોટું મંડળ ત્યાં આવ્યું; તથા સુરતથી ભાઈરામદાસનું મંડળ આવ્યું; તથા સરસવણીથી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ આવ્યા; તથા હરિભક્ત પણ દેશદેશના આવ્યા. તેમને જોઈને મહારાજ પ્રસન્ન થયા ને સર્વેને મહારુદ્રના કામમાં જેને જેવું ઘટે તેને તેવા કામમાં પ્રેર્યા. અને પ્રાતઃકાળે ઉત્તરાયણ થકી બ્રહ્મભોજ ચાલતો કરાવ્યો. તથા દેશદેશથી આવ્યા એવા જે ચાર વેદના ભણેલ બ્રાહ્મણ તેમને વરૂણીમાં વરાવીને યજ્ઞ સંબંધી હોમ ચાલતો કરાવ્યો.

બીજું, ગામના હરિભક્તે બળતણ તથા ચોખા એ બે જણસ જેટલી જોઈએ તેટલી પૂરી કરી. અને બીજો સામાન જે ઘઉં, ખાંડ, ઘી તથા દાળ આદિક સામાન તે ગામના હરિભક્તે ગાડાં જોડીને દેશદેશમાંથી સર્વે સામગ્રી મહારાજને લાવી આપી. બીજું, કરજીસણના હરિભક્ત

નાનાભાઈ તે મહારાજ યજ્ઞ કરે છે એમ સાંભળીને તે દંઢાવ્ય દેશમાં વિશલનગર આદિક ગામમાંથી ઘણું ઘી ભેગું કરીને શ્રીજીમહારાજ પાસે લઈને આવ્યા. એ ઘી જોઈને મહારાજ એની ઉપર બહુ પ્રસન્ન થયા. પછી એમ બોલ્યા જે, "આ ઘી જે પશુનું હશે, તેનું પણ કલ્યાણ થાશે." એવી રીતે દેશદેશમાંથી બહુ સામાન આવ્યો. એવી રીતે મહારુદ્રને વિષે લક્ષાવધિ બ્રાહ્મણોને અઢાર દિવસ પર્યંત જમાડ્યા.

✵ યજ્ઞમાં ઘી અખૂટ કર્યું અને બ્રાહ્મણોને ભારે દક્ષિણાઓ આપી :

એક સમાને વિષે યજ્ઞની સમાપ્તિને દિવસે બ્રાહ્મણોની રસોઈ થતી હતી, તે ટાણે ઘી ખૂટ્યું. ત્યારે બ્રાહ્મણે જઈને અધિકારી આનંદસ્વામીને કહ્યું. ત્યારે તેમણે મહાનુભાવાનંદસ્વામીને મહારાજ પાસે મોકલ્યા. ત્યારે **મહારાજ તુરત ઘીનાં ઠાલાં કુડલાં પાસે આવ્યા. અને તે કુડલાંને સોટી મારીને કહ્યું જે, "આ કુડલામાંથી ઘી કાઢ્યા કરો, ઘી નહિ ખૂટે."** એમ કહીને પોતે લાડુના કોઠાર ઉપર પધાર્યા ને નાનાભાઈને કહ્યું જે, "અહીં થાળ જમાય ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ, જમાય." ત્યારે પોતે ત્યાં થાળ જમ્યા.

તેવામાં એક પાર્ષદ સમીપે હતો, તેણે તળાવની વચ્ચે જોયું. ત્યારે હેઠળ લાડુ નાખી દીધેલા દેખ્યા. તેને જોઈને મહારાજને કહ્યું, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હળવદ આદિ ગામના સત્સંગી બ્રાહ્મણોને નવરાવો ને કુંસંગી હોય તેમને બહાર કાઢો." એટલી વાત કહીને પોતે લાડુનો કોઠો જોયો, ને કહ્યું જે, "લાડુ તો બહુ પડ્યા છે." એમ કહીને પોતાને ઉતારે પધાર્યા ને આનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "લાડુ તો ઘણા છે, તે ગામમાં સર્વેને ઘરોઘર પાંચ-પાંચ લાડુ આપજો." પછી મહારુદ્રની સમાપ્તિ કરાવી. પછી સર્વે બ્રાહ્મણોને ભેગા કરીને સભા કરી અને બ્રાહ્મણોને ભારે ભારે શાલ-દુશાલા, પાઘડીઓ, ઘરેણાં, સોનામહોરો, કડાં તથા ઊતરીઓ એ આદિક દક્ષિણા બહુ પ્રકારે સન્માન કરીને આપી.

✵ અભક્ષ્યના ત્યાગનું ને અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કર્યું :

પછી તે બ્રહ્મસભા પ્રત્યે શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "શક્તિ(દેવી)નું પૂજન ચારે વર્ણ કરે છે, તે મદ્યમાંસે કરીને કરે કે તેમનો જુદો પ્રકાર છે ? જો શક્તિનું પૂજન મદ્યમાંસે કરીને જ થતું હોય, તો તે પૂજનનું અમારા આગળ સત્શાસ્ત્રે કરીને પ્રતિપાદન કરો." એ પ્રકારે બ્રહ્મસભા પ્રત્યે પ્રશ્ન પૂછ્યો.

ત્યારે તે સભાને વિષે બેઠા એવા જે અગ્રેસર બ્રાહ્મણ અમદાવાદના નરભેરામ શાસ્ત્રી, વિરમગામના આશારામ શાસ્ત્રી તથા વડોદરાના રૂપશંકર શાસ્ત્રી એ આદિક મહારાજ પ્રત્યે બોલ્યા જે, "હે મહારાજ ! શક્તિ-પૂજનનો પ્રકાર તો ચારેય વર્ણને શાસ્ત્રમાં જુદો જુદો કહ્યો છે જે, બ્રાહ્મણ વર્ણને તો ઘીએ કરીને પૂજન કરવું, ને ક્ષત્રિય વર્ણને દૂધે કરીને કરવું, ને વૈશ્ય વર્ણને મધે કરીને કરવું, ને શુદ્ર વર્ણને મદ્યે કરીને કરવું; ને તેમાં પણ શુદ્ર વર્ણને મદ્યનો ગંધ લેવો પણ પીવો નહીં." એ પ્રકારે શ્રીજીમહારાજની આગળ વેદ તથા વ્યાસના વચને કરીને ઉત્તર કર્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બ્રાહ્મણ વર્ણ થઈને શક્તિની આગળ મદ્યમાંસ ધરીને તે પ્રસાદ લે છે, તે બ્રાહ્મણને કેવા જાણવા ?" ત્યારે તે સર્વે બોલ્યા જે, "તેને તો શ્વપચ જેવા જાણવા." ત્યારે શ્રીજીમહારાજ તે સભા પ્રત્યે બોલ્યા જે, "તમારામાં મોટેરા હો તે ઊભા થઈને સર્વે સભાને એ વાર્તા સંભળાવો." ત્યારે અમદાવાદના નરભેરામ શાસ્ત્રી ઊભા થઈને **મદ્યમાંસે કરીને શક્તિ-પૂજન ન કરવું,** એ પ્રકારે સર્વે સભાને સાંભળતા સતા કહેતા હવા. એવી રીતે શ્રીજીમહારાજ દિન દિન પ્રત્યે અહિંસાદિક ધર્મનું પ્રતિપાદન કરતા હતા.

પછી તે સર્વે બ્રાહ્મણોની પ્રદક્ષિણા કરીને તેમને પગે લાગ્યા. પછી સર્વે સભા સહિત સરોવરમાં નાયા. ત્યાં નાહીને બ્રાહ્મણને દાન દીધાં. પછી દેશદેશમાં ગયા એવા જે બ્રાહ્મણ, તે યજ્ઞના ઉત્કર્ષની તથા ધર્મના

પ્રતિપાદનની વાર્તા વિસ્તારીને સર્વે લોક પ્રત્યે કહેતા હતા. **ઈતિ ૬૫ પાંસઠના યજ્ઞની સમાપ્તિ.**

પછી પોતે પાર્ષદે સહિત ગામ **ગામડી**એ પધાર્યા ને પોતા ભેળા ડાંગરવાના ગરાસિયા પ્રતાપસિંહજી આદિ હતા, તેમને પોતે ગામ **ગોધાવી**એ મોકલ્યા. તે પછી બીજે દિવસે તેમને ઝાલવા માટે અમદાવાદથી ફોજ આવી. તેણે મહારાજને કહ્યું જે, "ડાંગરવાના ગરાસિયા બતાવો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યાં હોય ત્યાંથી ખોળીને લઈ જાઓ." પછી તેમને ન જોઈને ફોજ પાછી ગઈ.

✵ અમદાવાદના સુબા વિઠુબા સાથે પ્રશ્નોત્તરમાં મહારાજની જીત :

ત્યાર પછી અમદાવાદનો સૂબો વિઠુબા ભાઉ તેણે સભા કરી. ત્યાં મહારાજ પધાર્યા. ત્યાં ઘણી વાર સુધી પ્રશ્નોત્તર કર્યા. પછી મહારાજને તે સૂબે કહ્યું જે, "તમારી જ્ઞાતિ બતાવો. તમે કઈ જ્ઞાતિના છો ?" પછી મહારાજે કહ્યું જે, "અમે તો અયોધ્યાના સરવરિયા બ્રાહ્મણ છીએ. અને અમને જો કોઈ ના પાડતા હોય તો તે વાતનો દશદશ હજાર રૂપિયાનો મચરકો(લેખપત્ર) લખીએ જે, જો અમે બ્રાહ્મણ ન હોઈએ તો દશ હજાર રૂપિયા અમે આપીએ, નૈ તો તમે આપો. અને ત્યાં અમારા ભાઈ ઉપર કાગળ લખીએ ને એક માણસ તમારું મોકલો ને એક માણસ અમારું મોકલીએ ને ત્યાં ખબર કઢાવીએ." એમ શ્રીજીમહારાજે કહ્યું, ત્યારે ત્યાં દુષ્ટજન હતા, તે ચાલી નીકળ્યા. અને મહારાજ પ્રાણનાથ શુક્લની ગાડીએ બેસીને અંબારામ વૈદને ઘેર પધાર્યા. ને તે પ્રાણનાથ શુકલ ઉપર શ્રીજીમહારાજ પ્રસન્ન થયા થકા પોતાના કંઠમાંથી ઊતરી કાઢીને આપતા હવા.

✵ સલકીમાં ચોરાસીનો સામાન કોળી-ઠાકોરને જમાડ્યો :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ચાલ્યા, તે ઈડરિયે દરવાજે થઈને ગામ **મોટેરા** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **વહેલાલ** પધાર્યા ને જેસંગભાઈની

ખડકી ઉપર ઊતર્યા. રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા, તે **વાસણા** પધાર્યા. ત્યાંથી **સલકી** પધાર્યા ને ત્યાં પગી દયાળજીને ઘેર ઊતર્યા. ત્યાં બ્રાહ્મણોની ચોરાસી નાત જમાડવાનો સામાન કરાવ્યો. સંતમંડળ પણ, મહારાજ આવ્યા છે, એવી વાત સાંભળીને ત્યાં આવ્યા. પછી શ્રીજીમહારાજે ગામ નાંદોલના બ્રાહ્મણોને કહ્યું જે, "તમે સર્વે જમો." ત્યારે તે બ્રાહ્મણોએ કહ્યું જે, "હમણાં તો અમારી નાતમાં ડખો છે, તે નહિ જમીએ." ત્યારે પછી તે સર્વે ચોરાસીનો સામાન હતો તે કોળી-ઠાકોર સર્વેને ભેળા કરીને જમાડી દેતા હવા ને ચોરી, અવેરી, દારૂ, માટી મુકાવ્યાં. એવી રીતે ત્યાં પંદર દિવસ સુધી લીલા કરી.

પછી શ્રીજીમહારાજ ખારી નદીમાં પોતાના પાર્ષદે સહિત નાવા પધાર્યા. પછી ત્યાં પગી દયાળજીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આ નદીમાં પાણી રહેતું નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જાઓ, પરમેશ્વરની ઇચ્છાએ કરીને રહેશે." એવી રીતનું વચન કહ્યું. પછી શ્રીજીમહારાજે ભાઈરામદાસજીને ગામ **લુણાવાડે** ફરવા જવાની આજ્ઞા કરી ને તેમના ભેગા સાધુ મહાનુભાવાનંદસ્વામી આદિ વીસ-પચીસને મોકલ્યા. અને બીજા સર્વે સંતને પણ દેશદેશમાં ફરવાની આજ્ઞા કરી.

✹ સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવ તથા જમદૂત ન આવવાનો વર :

પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે કાઠિયાવાડ દેશમાં **સારંગપુર**માં આવ્યા. તે સાંભળીને જીવા ખાચર આદિક સર્વે હરિભક્ત, સાધુ સહિત સામા જઈને અતિશય પ્રેમે સહિત આવ્યા. મહારાજને જોઈને બહુ આનંદ પામ્યા ને ઉત્સાહે સહિત ગાજતેવાજતે દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર પધરાવ્યા. અને મહારાજે સર્વેની ખબર પૂછી ને પોતાના એકાંતિક ભક્તે થાળ કર્યો તે જમ્યા. જમીને જીવા ખાચરને પ્રસાદી આપી તથા સાધુ-પાળાને પીરસતા હવા ને બહુ વાર પંગતમાં ફરીને પોઢ્યા.

અને સાંજને સમે સભા કરીને તે વચ્ચે પોતે બિરાજમાન થયા. ને તે સમયમાં શ્રીજીમહારાજ બોલતા હવા જે, **“જીવનું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાન ને તેમના સંત તેના સમાગમે કરીને થાય છે, તેવું કોય સાધને કરીને થાતું નથી.”** તે વાતને સાંભળીને સર્વે હરિભક્ત એમ સમજતા હવા જે, **‘અનેક બ્રહ્માંડના કરતા તે જ આ મહારાજ છે.’** એમ જાણતા હવા. ત્યાર કેડે આરતી કરી ને પછે પોઢવા પધાર્યા.

સવારના પહોરમાં ઊઠીને પોતે નદીએ પરમહંસ તથા પાર્ષદે સહિત નાવા પધાર્યા. નાહીને પોતે નવાં વસ્ત્ર પહેર્યાં ને ઘોડે અસવાર થઈને કીર્તન ગવરાવતા થકા ગામમાં આવ્યા. પછી ઢોલિયા ઉપર વિરાજમાન થઈને એમ બોલ્યા જે, “અમને ભૂખ બહુ લાગી છે.” ત્યારે મુકુંદ બ્રહ્મચારી બોલ્યા જે, “હે મહારાજ ! થાળ તૈયાર થયો છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “બહુ સારું, થાળ લાવો અમે જમીએ.” ત્યારે થાળ લાવીને આગળ મેલ્યો, તે પોતે જમ્યા. અને મધ્યાહ્ન થયો ત્યારે પોઢ્યા.

અને જીવા ખાચરને કહ્યું જે, “અમારે ચાલવું છે.” ત્યારે જીવા ખાચર બોલ્યા જે, “ફૂલદોલનો સમૈયો ઢૂંકડો આવ્યો છે.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “કેસુડાં, પતંગ તથા ગુલાલ મંગાવો ને તેનો

રંગ કઢાવો." ત્યાર કેડે બીજે દિવસે રંગ કઢાવ્યો ને શ્રીજીમહારાજને કહ્યું જે, "આજ તો હુતાશણીનો દિવસ છે, તે હે મહારાજ ! રંગ રમો તો બહુ સારું." ત્યારે શ્રીજીમહારાજ હસીને ઊભા થયા ને પોતાના પાર્ષદ ઉપર તાંસળી ભરીભરીને રંગ નાખવા માંડ્યા. અને પોતાના સખા પણ શ્રીજીમહારાજની ઉપર રંગ ને ગુલાલ નાખવા માંડ્યા. અને શ્રીજીમહારાજ રૂમાલ ભરીને ગુલાલ નાખવા માંડ્યા, તેણે કરીને બધો દરબાર રંગાઈ ગયો.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે વર માગો." ત્યારે જીવા ખાચર બોલ્યા જે, **"અમારા સીમાડામાં મરે તેને જમ તેડવા ન આવે ને ભગવાનના પાર્ષદ તેડવા આવે, એવો વર આપો."** ત્યારે શ્રીજીમહારાજ કહે, "તથાસ્તુ !" એમ કહીને પોતે ઘોડે ચડીને સાધુ તથા પોતાના પાર્ષદે સહિત નદીમાં સ્નાન કરીને ભારે ભારે વસ્ત્ર પહેરીને ગામમાં આવ્યા. પછી પોતે થાળ જમીને પોતાની પ્રસાદી વડે કરીને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ તથા સોમલા ખાચર, સુરા ખાચર, દાદા ખાચર તથા રતનજી તથા ભગુજી આદિક પાર્ષદને જમાડ્યા. એમ (**સારંગપુરમાં**) લીલા કરી.

❋ નાગડકામાં એક માસ લીલા કરી :

અને દિવસ પાંચ રહીને મુક્તાનંદ આદિક સાધુ તથા સોમલા ખાચર આદિક પાર્ષદે સહિત **નાગડકે** પધાર્યા. સુરા ખાચરના દરબારમાં ઓસરી ઉપર ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર પોતે વિરાજમાન થયા. અને પોતાના મુખારવિંદની આગળ બેઠા એવા જે સર્વે હરિભક્ત તેમને કરુણાની દૃષ્ટિએ કરીને સામું જોઈને આનંદ પમાડ્યા. અને પોતાના એકાંતિક ભક્તજને થાળ કર્યો તેને પોતે જમ્યા ને તે થાળની પ્રસાદી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ તથા

સોમલા ખાચર, સુરા ખાચર, દાદા ખાચર, રતનજી તથા ભગુજી આદિક પાર્ષદને જમાડ્યા. ને બપોર સુધી પોતે સર્વેને દર્શન દઈને પોઢ્યા.

અને પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે ઊઠીને પોતાના એકાંતિક ભક્તની સભાને વિષે વિરાજમાન થયા. તે સમયમાં નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવતા હતા. તેમાં જડભરતની વાત આવી. તે સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જીવને ભગવાન વિના બીજે હેત રહી જાય તો ભરતજી જેવા મોટા હોય તેમને પણ જન્મ લેવો પડ્યો. વાસ્તે દેહ ને દેહના સંબંધીમાં હેત રાખવું નહીં."** ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "એ તો બહુ કઠણ છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"સંતના સમાગમે કરીને પ્રત્યક્ષ ભગવાનને વિષે અતિશય હેત થાય તો કાંઈ કઠણ નથી."** એ વાત સાંભળીને સર્વે સભાના જન બહુ રાજી થયા.

પછી સુરા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! અહીં ઘણાક દિવસ રહો, ને ભારે ભારે રસોઈયું કરાવીને સર્વે પરમહંસને જમાડો." ત્યારે શ્રીજીમહારાજ કહે, "બહુ સારું." એમ કહીને લાડુ-બિરંજની ભારે ભારે રસોઈયો કરાવીને નિત્ય પ્રત્યે સાધુ, પાળા તથા હરિભક્ત સર્વેને ઝાઝી તાણ કરીને જમાડતા હવા. તે સમામાં પોતાનાં દર્શન કરવા આવેલાં બાઈભાઈ સર્વે મહારાજની લીલા જોઈને રાજી થયાં.

અને એ ગામની નદીમાં પાણીનો એક મોટો ધરો હતો. તેમાં પોતે પ્રવેશ કરીને સાધુ તથા પાર્ષદે સહિત જળક્રીડા કરી. અને પોતે ઘોડે અસવાર થઈને કીર્તન ગવરાવતાં ગવરાવતાં સુરા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં એક માસ પર્યંત રહ્યા હતા.

❋ નાગડકાથી ડભાણમાં મહારુદ્ર કરવા પ્રયાણ :

પછી ભાઈરામદાસજી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સાધુનું મંડળ લુણાવાડાથી ડભાણ આવ્યું. ત્યારે ડભાણના પટેલે ભાઈરામદાસજીને

અરજ કરી જે, “જેવો જેતલપુરમાં મહારુદ્ર કર્યો તેવો અમારે ગામ પણ કરો.” ત્યારે ભાઈએ કહ્યું જે, “તમો સર્વે મતાદાર(પંચના સભ્યો) કાગળ લખી આપો તો હું મહારાજ પાસે સાધુ મોકલું.” ત્યારે સર્વે પટેલોએ મળીને કાગળ લખી આપ્યો, એટલે કાગળ લઈને ભાઈએ બે સાધુને શ્રીજીમહારાજ પાસે મોકલ્યા ને નાગડકામાં શ્રીજીમહારાજને કાગળ આપ્યો. ત્યારે શ્રીજીએ પત્ર વાંચીને કહ્યું જે, “ડભાણમાં મહારુદ્ર કરશું.” એવું કહીને ડભાણ જવા સારુ પોતે ત્યાંથી અસવારી સોતા ચાલ્યા, તે ગામ **કમાલપર**માં ઝાલા હાલાજીને ઘેર રાત રહ્યા.

ત્યાંથી સવારમાં શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **બળોલ**માં પટેલ રયા ખટાણાને ઘેર ઉતારો કર્યો. ત્યાં થાળ જમ્યા ને ગામને પટેલે શ્રીજીમહારાજને રાખવા સારુ ઘણી તાણ કરી. ત્યારે ત્યાં મહાનુભાવાનંદસ્વામીને મંડળે સહિત મૂકીને શ્રીજી ચાલ્યા, તે **જેતલપુર**માં આવીને રાત રહ્યા. ત્યાં થાળ જમીને વિરાજમાન થયા. તેવામાં એક દુષ્ટ અભિપ્રાયવાળો અતિત પાસે આવ્યો. ત્યારે ડુંગરજીએ તેને હાથે ઝાલીને કાઢી મૂક્યો. પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે **કાસંદરા**માં વિપ્ર કનુને ઘેર રાત રહ્યા. ત્યાં થાળ જમ્યા ને તે વિપ્ર ઉપર રીજીને પ્રસાદીનો રેંટો આપ્યો.

અને ત્યાં સવારમાં થાળ જમીને ચાલ્યા, તે **નવાગામ**માં પટેલ રઘુનાથદાસની મેડી ઉપર રાત રહ્યા. અને મહાનુભાવાનંદસ્વામી ત્યાંથી(બળોલથી) શ્રીજી પાસે આવ્યા. તેવામાં જેતલપુરના પટેલો ગંગાદાસ આદિ તેડવા આવ્યા. તે ત્યાંથી શ્રીજીમહારાજ અસવારી સહિત તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળ સહિત **જેતલપુર** પધાર્યા, ને પોતે મંદિરમાં ઉતારો કર્યો. તે ગામમાં ઘણી લીલા કરતા થકા વીસ-પચીસ દિવસ સુધી ત્યાં રહ્યા.

✹ ખોખરા-મેમદાવાદમાં લડવા આવેલ વૈરાગીઓનો પરાજય :

અને તે ગામમાં કરડુવાના(કડવા પાટીદારના) વિવાહ હતા, તે થઈ રહ્યા ત્યારે ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **ખોખરા મેમદાવાદ**માં નથુ ભટને ઘેર પધાર્યા. ત્યાં સર્વે સંતમંડળ આવ્યાં. નિત્ય પ્રત્યે સવારમાં શ્રીજી કાંકરિયે તળાવ નાવા પધારે ને દોઢ પહોર દિવસ ચડે ત્યાં સુધી ત્યાં વિરાજમાન થાય. અને

'કિલા લિયા આતનકા નિરંજન નિર્ગુનકા,
પાંચ પચીસકું ઝોહર કીના.'

એ પ્રકારનાં કીર્તન પોતે બોલે. પછી ગામમાં પધારે ને થાળ જમીને સાંજના પહોરની સભા ગામ બહાર આંબલીને હેઠે નિત્ય પ્રત્યે કરતા થકા ત્યાં રહેતા હવા.

એકાદશીને દિવસ બાઈ શિવકુંવરે કેળાં, પેંડા તથા બરફીનું ફલાહાર આપ્યું, તે સંતોને કરાવ્યું. અને નિત્ય પ્રત્યે કાંકરિયે નાવા પધારે ને લીલાલહેર કરતા થકા વિરાજતા હવા. તેવામાં વૈરાગીની મોટી જમાત આવી. તે સંતનાં મંડળ અમદાવાદમાં ભિક્ષા માગવા ગયાં હતાં. માગીને આવતા તેમને માર્ગમાંથી ઝાલીને તે વૈરાગીઓએ લાકડાંની ભારીઓ ઉપડાવી, ને બંધૂકોના કંદા(હાથા) મારીને ગોમતીપુરમાં લઈ ગયા. ત્યારે ગરઢો વૈરાગી હતો, તેને દયા આવી ને સાધુને છોડાવી મૂક્યા. ત્યારે તે સાધુ રોતાં રોતાં શ્રીજીમહારાજ પાસે આવ્યા. તે સાધુને શ્રીજીએ જોયા ને પછી બોલ્યા જે, "હે સંતો ! સુરતમાં ફીરંગીનુ રાજ છે, ત્યાં જાઓ." ને એમ બોલ્યા જે, **"સંતો તો અમારાં ધન-દોલત સર્વે(સર્વસ્વ) છે."**

પછી સર્વે સંતો સુરત ગયા અને શ્રીજીમહારાજ કાંકરિયે તળાવ નાવા પધાર્યા. તે પોતે નાહીને ગરનાળા ઉપર વિરાજમાન થયા. અને પાળા પ્રત્યે બોલ્યા જે, "તમે અરધા હથિયાર બાંધીને અમારી પાસે

ઊભા રહો ને અરધા નાઓ." પછી સૌ નાઈ રહ્યા, ત્યારે શ્રીજીમહારાજ ઘોડા ઉપર બેસીને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ સાધુ તથા ભગુજી આદિ પાળા, તેમણે સહિત પોતે ગામમાં પધાર્યા. ગામથી ઉગમણી ભાગોળે આંબલિયુંમાં પાટ ઉપર વિરાજમાન થયા.

ત્યાર પછી થાળ થયો તે શ્રીજી ગામમાં જમવા પધાર્યા. અને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ પાટ ઉપર બેસીને વાત કરો." ત્યારે સ્વામીએ વાત કરવા માંડી ને શ્રીજી તો ગામમાં જમવા પધાર્યા છે. તેવામાં તો વૈરાગીની સોએ સો આદમીની ત્રણ કોરથી જમાત આવી. તે જમાત ગામને વીંટી વળી. અને મુક્તાનંદસ્વામી પાટ ઉપર બેસીને વાત કરતા હતા, તે ભાગ્યા ને ગામમાં બ્રાહ્મણના ઘરમાં જતા રહ્યા. મુક્તાનંદસ્વામીની કેડે વૈરાગી દોડતો આવતો હતો. તેને ડાંગરવાના ડાભી અગરાજીએ તરવારે કરીને તેના પગ કાપી નાખ્યા. તે પછી તે મરી ગયો.

ત્યાર પછી વૈરાગીની જમાતવાળા હલાં કરીને આવ્યા ને પ્રથમથી હાથરોલીવાળા ભગુ ખાંટને ઝટકો મૂક્યો. ત્યારે ગામ સલકીવાળા દયાળજીએ શ્રીજીને કહ્યું જે, "અમારો એક આદમી ઘવાયો." ત્યારે મહારાજે કહ્યું જે, "જેમ તમથી થાય તેમ કરો." પછી કોળીઓ વૈરાગીને તીરે કરીને મારવા માંડ્યા. ત્યારે તે વૈરાગીએ પણ બંધૂકોની ગોળીઓ સત્સંગી ઉપર નાખવા માંડી, પણ શ્રીજીમહારાજને પ્રતાપે કરીને કોઈને ગોળી વાગી નહીં; ને તે વૈરાગીને તો ઘણાં તીર વાગ્યાં.

અને સત્સંગી બાઈયોએ તે વૈરાગીને નળિયે કરીને ઘણા માર્યા, તેથી વૈરાગી ભાગ્યા. ને તેમાંથી કેટલાક પડ્યા રહ્યા, તે મારે કરીને મરી ગયા. ને તે લડાઈ બહુ પ્રકારે થઈ, તે એક ગાઉ સુધી વૈરાગીને ભગાડી મૂક્યા. ને ત્યાં જતાં એક વૈરાગીના માનતને મારી નાખ્યો ને શ્રીજીમહારાજના પાર્ષદ પાછા આવ્યા. એવી રીતે ઘણી લડાઈ થઈ, પણ આ તો સંક્ષેપમાત્ર લખી છે. તે લડાઈથી પોતાના પાર્ષદ પાછા

આવ્યા, તેમને શ્રીજીએ વાત પૂછી. ત્યારે કહ્યું જે, "આ વાત તો કાંઈ સારી ન થઈ."

પછી શ્રીજીમહારાજ જાડેજા રાયધણજીના ઘોડા ઉપર બેસીને પોતાના પાર્ષદ સહિત ગામ **વહેલાલ** પધાર્યા. પછી સલકીવાળા દયાળજી પગી ઉપર ખૂબ રાજી થઈને કહ્યું જે, "હવે તમો તમારે ઘેર જાઓ." પછી તે દયાળજી પગી પોતાનો સંઘ લઈને ઘેર ગયા. મહારાજ પોતે જેસંગભાઈને ઘેર રહ્યા ને થાળ જમીને પોતાના પાર્ષદોને જમાડ્યા. અને ત્યાં રાત રહીને **સલકી** પધાર્યા. ત્યાં દયાળજી પગીને ઘેર વિરાજ્યા. ત્યાંથી ચાલ્યા, તે **જાખોરે** પધાર્યા. ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાદરે** પધાર્યા. ત્યાં ચોરામાં રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **લાકરોડે** પધાર્યા. અને નદીમાં સ્નાન કરીને શ્રીજીમહારાજ બહાર ઊભા.

❋ ભાવસારનો સંકલ્પ પૂરો કરી તેને આશ્રિત કર્યો :


તે સમે શ્રીજીનો આશ્રિત નહિ એવો એક ભાવસાર હતો, તેણે પોતાના મનમાં એવો સંકલ્પ કર્યો જે, 'ધોતિયું ધો, એમ મને કહે તો સ્વામિનારાયણ ભગવાન ખરા ! ને એમ ન કહે તો નહીં.' ત્યારે એ વાર્તા જાણીને કહ્યું જે, "અમારુ ધોતિયું ધો." ત્યારે તેણે ભગવાનપણાનો નિશ્ચય કર્યો ને ધોતિયું ધોયું ને મહારાજનો આશ્રિત થયો.

ત્યાર પછી નદીમાં પાષાણની શીલા પડી હતી, તે ઉપર બેસીને જમ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **અનોડિયે** થઈને **વિજાપુર** પધાર્યા. ત્યાં પ્રાગજી ભક્તને ઘેર જમીને ગામ **મેઉ** પધાર્યા. ત્યાં જમીને ગામ **કાલરી** આવ્યા ને ત્યાં ભક્ત મેઘાને ઘેર ઊતર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગોતરકે** થઈને મહારાજ **સાંતલપર** ગયા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **આડેસર** ગયા. ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **ભીમાસર**માં ગરાસિયાને ઘેર ઊતર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાપર** થઈને **આધોઈ** પધાર્યા.

ત્યાં ગરાસિયા રાયધણજીને ઘેર ઊતર્યા. એક માસ પર્યંત રહીને ત્યાં બહુ લીલા કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે **કંથકોટ** ગયા ને કચરાભક્તને ઘેર ઊતર્યા. ત્યાંથી ચાલ્યા, તે **ભચાઉ** થઈને **ધમડકે** પધાર્યા. ત્યાં દરબારમાં રામસંગજીને ઘેર રાત્રી રહ્યા. ત્યાંથી ગામ **દુધઈ** થઈ **ચાંદ્રાણી** રાત્રી રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે શ્રીજીમહારાજ **ભુજ** પધાર્યા.

॥ ઈતિ ૬૫ પાંસઠની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૬૬ ની લીલા

✵ કચ્છના ગામોમાં વિચરણ :

પછી શ્રીજીમહારાજ ભૂજમાં ભક્ત સુંદરજીને ઘેર ઊતર્યા ને ત્યાં રહ્યા થકા પોતે પોતાનું અનેક પ્રકારે કરીને ઐશ્વર્ય જણાવતા હવા. તળાવમાં નિત્ય પ્રત્યે સ્નાન કરવા પધારતા ને પોતાના ભક્તજનને ઘણાક પ્રકારે કરીને સુખ આપતા હવા. એવી રીતે બે માસ પર્યંત રહેતા હવા.

પછી **માનકૂવે** પધાર્યા ને ત્યાં બ્રાહ્મણ કેશવજીને ઘેર ઊતર્યા. ત્યાં દશ દિવસ રહીને જાડેજા અદાભાઈ, સુતાર તેજસી તથા શામજી આદિકને સુખ આપીને **દહીંસરે** પધાર્યા. અને બ્રાહ્મણ ગોવર્ધન વ્યાસને ઘેર થાળ જમીને ચાલ્યા, તે ગામ **સરલી**માં ગરાસિયા માનજીને ઘેર પધાર્યા. તે ગામની સમીપે વીરડામાં નાહીને ગામ **રામપરે** આવ્યા. ત્યાં રવજી પટેલને ઘેર ઊતર્યા ને ત્યાં રહ્યા થકા ગામની આથમણી કોરે જે ગંગા ત્યાં નાવા પધાર્યા. તે સ્થાનક રમણીક દેખીને પોતે પોતાના પાર્ષદ સહિત પંદર દિન રહ્યા.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **આસંબી**એ થઈને **માંડવી** બંદર પધાર્યા. તે ગામના શિવરામ આદિક ઘણાક હરિભક્ત સામૈયું લઈને આવ્યા. ને મહારાજને વાજતેગાજતે દરબારની ટંકશાળામાં(છાપખાનામાં) એક મોટો પાટ હતો, તે ઉપર ગાદીતકિયા નાખીને વિરાજમાન કર્યા. પછી ગોમતીબાઈને ઘેર શ્રીજીમહારાજ થાળ જમવા પધાર્યા. તે થાળ જમીને પોતાને ઉતારે પધાર્યા.

એવી રીતે પાંચ દિવસ સુધી રહીને ચાલ્યા, તે **કાળેતળાવ** પધાર્યા. અને ભીમજી સુતાર, રવજી સુતાર, મનજી તેમને ઘેર પાંચ દિવસ રહીને પાછા ગામ **તેરે** સુતાર માવજી, નથુ, નોઘા, નાગજી તથા સંઘજી તેમને ઘેર આવ્યા. ત્યાં રહ્યા થકા પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવત

વંચાવ્યું. અને બ્રહ્માનંદસ્વામીને ગામ તેરેથી કાઠિયાવાડમાં ઘી ઉઘરાવવા મોકલ્યા. ને કરજીસણના નાનાભાઈ ઉપર કાગળ લખી મોકલ્યો જે, "દેશદેશમાં જે હરિભક્ત હોય તેમની પાસેથી માણસ દીઠ એક મણ ઘી લેજો ને ગરીબ હોય તો ઓછું લેજો. એવી રીતે અમારી આજ્ઞા છે. તે શા સારુ? તો અમારે ડભાણમાં મહારુદ્ર કરવો છે."

✵ સુરતમાં ગોળા પ્રકરણમાં માંદા પડેલા સંતોની સંભાળ લીધી :

પછી શહેર સુરતમાં સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામીનું મંડળ હતું, તે ત્યાં ગોળાનું પ્રકરણ બહુ આકરું કર્યું, ને પીવાનું પાણી પણ બહુ ખારું. તેમાંથી સાધુને શરીરે બહુ મંદવાડ થઈ ગયો. ત્યારે તેમાંથી સાધુ નાસીને ગામ તેરે શ્રીજીમહારાજ પાસે આવીને ફરિયાદ કરી જે, "હે મહારાજ ! ત્યાં તો મોગરિયો પંથ ચાલ્યો છે. તેમાંથી કેટલાક સંતો માંદા થઈ ગયા, કેટલાક નાસી ગયા ને કેટલાક દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા." એવી રીતે શ્રીજીમહારાજને તે સાધુએ પ્રાર્થના કરી. મહારાજે એવી રીતનું આકરું વરતાંત સાંભળીને આનંદાનંદસ્વામીને ત્યાં જાવાની આજ્ઞા કરી જે, "તમે ત્યાં જાઓ ને સાધુને સુખ થાય તેવો ઉપાય કરો."

પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ બે જણને ડભાણ જવાની આજ્ઞા કરી જે, "તમો ત્યાં જાઓ ને મહારુદ્રનો સામાન કરાવો ને અમે ત્યાં આવશું." એમ કહીને ત્યાં થોડાક દિવસ રહીને પોતે પાછા **ભુજનગર** પાધાર્યા.

પછી મોટા મોટા વૈરાગીના મહંત હતા, તે ઉપર પોતે કાગળ લખ્યો જે, "ખોખરા મેમદાવાદમાં અમે થોડા હતા, તે તમારી ચાકરી પૂરી થઈ શકી નથી. વાસ્તે અમે ડભાણ યજ્ઞ કરવાના છીએ, વાસ્તે તમે ત્યાં આવજો, તમારી ચાકરી જેવી બનશે તેવી કરીશું." આ વાતને સાંભળીને તે વૈરાગી બહુ દાઝે બળ્યા. આવો કાગળ લખીને પછી

ત્યાં પણ થોડાક દિવસ રહીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગામ **બંધરે** રાયસિંઘજીને ઘેર પધાર્યા. ત્યાંથી **અંજાર** પધાર્યા ને ત્યાં તેજબાઈ તથા ચાંગબાઈને ઘેર થાળ જમ્યા. ત્યાં બે-ચાર દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભચાઉ** આવ્યા. ત્યાં વાણિયા વાઘા તથા લખુને ઘેર પોતે હાથે બાટી ને શાક કરીને જમ્યા ને પોતાના પાર્ષદ ડુંગરજી આદિક હતા, તેમને તે વાણિયાને ઘેર જમાડ્યા.

ત્યાં જમીને ચાલ્યા, તે કોઈક ગરીબ બ્રાહ્મણને અડવાણે પગે આવતો જોઈને પોતે પોતાનો ચોફાળ તથા મોજડિયું તેને આપી દીધી. પછી સર્વે સત્સંગીને પાછા વાળ્યા ને ડુંગરજી આદિક પાર્ષદને પણ આજ્ઞા કરી જે, “તમો ગુજરાતમાં જાઓ.” એમ કહીને પોતે ત્યાંથી ચાલ્યા, તે ગામથી બે ખેતરવા એક કૂપ હતો, ત્યાં બાઈયું મહારાજને વાસ્તે થાળ કરીને બેઠી હતી. તેમણે પ્રાર્થના કરી જે, “હે મહારાજ ! અમે થાળ કરીને લાવ્યા છીએ, તે જમવા પધારો !” ત્યારે શ્રીજી બહુ પ્રાર્થનાનાં વચન સાંભળીને, તે કૂપ ઉપર એક લિંબડાનું વૃક્ષ હતું, ત્યાં બેસીને થાળ જમ્યા.

❋ આધોઈમાં કરણીબાએ જમાડ્યા ને પોતાના વસ્ત્રાલંકાર પહેરાવ્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **આધોઈ**એ પધાર્યા. ત્યાં રાયધણજીના દરબારમાં પોતે એકલા થાંભલાને ઓથે ઊભા રહ્યા. તે કરણીબાઈએ દીઠા. પછી શ્રીજીમહારાજને હાથે ઝાલીને ઢોલિયા ઉપર પધરાવ્યા ને સમાચાર પૂછવા લાગ્યાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “હમણાં સમાચાર પૂછવા રહેવા દો. અમને ભૂખ લાગી છે, તે જમવાનું લાવો.” ત્યારે બાઈએ કીધું જે, “અત્યારે તો સર્વે જમી રહ્યા છે, થોડીક વાર ખમો તો થાળ કરીએ.” ત્યારે શ્રીજીએ કહ્યું જે, “અમને બહુ ભૂખ લાગી છે, તે ખમાય એમ નથી; જે હોય તે લાવો.”

ત્યારે તે બાઈએ કહ્યું જે, "હમણાં તો કાંઈ નથી." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "દહીં છે કે નથી ? દહીં હોય તો લાવો." ત્યારે તે બાઈએ દહીં ભરેલાં ત્રણ ગોરસાં(દોણાં) લાવીને મહારાજને આપ્યાં. ત્યારે ત્રણે ગોરસાં જમી ગયા. પછી બોલ્યા જે, "હવે થાળ કરો." ત્યારે બાઈએ થાળ કરવા માંડ્યો. અને કરણીબાઈએ મહારાજનાં ચરણારવિંદમાંથી અઢાર કાંટા કાઢ્યા.

તે પછી કરણીબાઈએ શ્રીજીમહારાજની મરજી જાણીને પોતાના સર્વે વસ્ત્ર-અલંકાર શ્રીજીમહારાજને પહેરાવ્યાં ને ફરીને કીર્તન ગવરાવ્યાં. ત્યારે જાડેજા રાયધણજી આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "ડભાણનો મહારુદ્ર કરવા જઈએ." એમ કહીને પોતે તૈયાર થયા. તે ભેગા રાયધણજી, જેમલજી તથા હિંદુજી આદિ પાંચસે અસવાર ભેગા તૈયાર થયા.

✵ હળવદમાં મહારાજ એક મણ સાકર-બરફી-પેંડા જમ્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે શ્રીજીમહારાજ ગામ **માળિયે** પધાર્યા. ત્યાંથી **ખાખરેચી**એ પધાર્યા ને ત્યાંના તળાવમાં ઘોડાં પાઈને ત્યાંથી ગામ **વાટાવદર** તથા **રાશપર(રાયસંગપુર)** થઈને શ્રીજીમહારાજ **હળવદ** પધાર્યા. હરિભક્તે સામૈયું કર્યું ને તળાવ ઉપર આવીને ઘડીક વાર વિરાજમાન થયા. ને ગાજતેવાજતે રૂડી રીતે ગામમાં પધાર્યા. દવે ઈશ્વરના ડેલામાં ઉતારો કર્યો ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને તે ગામના ઘણા હરિભક્ત તે સર્વે સાકર, પેંડા તથા બરફી તેની ભેટ લાવ્યા, તે પોતે જમી ગયા.

પછી હરિભક્તે કહ્યું જે, "થાળ થયો છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભૂખ તો બહુ લાગી છે." એમ કહીને શિવ જાનીને ઘેરે જઈને થાળ જમ્યા. તે વાત સર્વેને ઘણી આશ્ચર્યકારી લાગી. કેમ જે સાકર તથા પેંડા-બરફી એક મણ આવી હશે, તે જમીને થાળ જમ્યા. પછી

પોતે ઉતારે પધાર્યા ને હરિભક્તે પંચામૃતે કરીને પગ ધોઈને ચરણામૃત લીધું, ને બહુ પ્રકારે પૂજા કરી.

તે દિવસ ત્યાં રહ્યા ને સવારમાં ત્યાંથી ચાલ્યા, તે ગામ **ધ્રાંગધ્રે** થઈને ગામ **મેથાણ**માં ઝાલા પૂજાભાઈને ઘરે પધાર્યા. ત્યાં પાંચ દિવસ વિરાજમાન થયા ને સર્વે હરિભક્તને ઘેર થાળ જમ્યા. સર્વે હરિભક્તને રાજી કરીને ત્યાંથી અસવારી સહિત પોતે ચાલ્યા, તે ગામ **ખેરવે** થઈને ગામ **રામગ્રી** પધાર્યા. ને પટેલ જીવરાજને ઘેર રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **વાટુના** હરિભક્તોને દર્શન દઈને **દદુકે** થઈને **મછિયાવ** પધાર્યા ને દાજીભાઈના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં થાળ જમીને ગામ **ભાત** થઈને **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં ઊતર્યા. ગંગામાએ થાળ કર્યો, તે જમવા પધાર્યા ને થાળ જમીને રાત રહીને **ડભાણ** પધાર્યા. ને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને મળ્યા ને કહ્યું જે, "તમે યજ્ઞનો સામાન ભેળો કરાવો ને અમે ઘોડાસર તથા હાથરોલી જઈને પંદર દિવસ રહીને પછી આવશું." એવી રીતની તેમને આજ્ઞા કરી.

✵ ડભાણ-યજ્ઞ નિમિત્તે ઘોડાસર અને હાથરોલીમાં કરેલ લીલા :

પછી પોતે ઘોડાસરને માર્ગે ચાલ્યા. પછી મારગમાં ટીમણ કરીને મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, "તમે વાંસેથી આવજો, અમે આગળ જઈએ છીએ." એમ કહીને **ઘોડાસર**ના ઠાકોર જાલમસિંહજી પાસે ગયા. ત્યારે ઠાકોરે કહ્યું જે, "બાપો આવ્યા." ત્યારે પોતે બોલ્યા જે, "બાપો તો વાંસે છે, અમે તો એમના સાધુ છીએ. અને બાપે પ્રસાદી મોકલી છે ને એમ કહ્યું છે જે, 'ગાંડા થયાની શંકા ન હોય તો આપજો." ત્યારે ઠાકોરે કહ્યું જે, "લાવો, હું મહારાજની પ્રસાદી પ્રથમ ખાઉં." એમ કહીને પ્રસાદી ખાધી. પછી પૂછ્યું જે, "બાપો કેવા છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમ જેવા છે ને અમારા જેવી બોલી છે." એમ કહીને પોતે ચાલ્યા.

પછી વાંસેથી બ્રહ્મચારી આવ્યા. ત્યારે ઠાકોરે કહ્યું જે, "આ બાપો આવ્યા..!" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "બાપો તો આગળ ગયા ને હું તો બાપાનો બ્રહ્મચારી છું." ત્યારે ઠાકોર બોલ્યા જે, "બાપે કહ્યું છે જે, 'અમ જેવા છે ને અમારા જેવી બોલી છે,' પણ આપણાથી(મારાથી) ઓળખાણા નહીં." એમ કહીને વાંસેથી ઘોડી લઈ શ્રીજીમહારાજ પાસે ગયા. અને મહારાજને કહ્યું જે, "અમે તમને ઓળખી શક્યા નહીં." એમ કહીને બહુ દિલગીર થયા.

પછી મહારાજને કહ્યું જે, "આ ઘોડી ઉપર તમે બેસો." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમને તો ઘોડી પાડે." ત્યારે ઠાકોરે કહ્યું જે, "તમે ઘોડીએ બેસો ને હું દોરું." ત્યારે મહારાજ ઘોડીએ બેસીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **હાથરોલી**એ ભગુ ખાંટના ઘેર પધાર્યા ને ત્યાં સર્વે સંતમંડળને તેડાવ્યા. પછી ત્યાં પ્રથમ મહાનુભાવાનંદસ્વામીની મંડળી આવી. પછી પર્વતભાઈ પણ સંઘ લઈને આવ્યા ને સર્વે સંત પણ આવ્યા. પછી શ્રીજીને મહાનુભાવાનંદસ્વામીએ કહ્યુ જે, "હે મહારાજ ! આ પર્વતભાઈ તો બહુ મોટા ને સમર્થ છે !" ત્યારે શ્રીજીમહારાજે કહ્યુ જે, "એ તો ચૌદ લોકના અંતરજામી છે."

પછી શ્રીજીમહારાજે સૌ સંતને આજ્ઞા કરી જે, "દર્શન કરો ને ઝોળી માગી આવીને જમો." એમ કહીને સંતોને ઝોળી માગવા મેલ્યા. સંતો વસ્તીમાં ઝોળી માગી આવીને ગામને સમીપે આંબલિયુંમાં પોતાનો ઉતારો હતો, ત્યાં આવીને સર્વ અન્ન ભેળું કરીને ગોળા વાળીને જમતા, ને શ્રીજીમહારાજનાં દર્શન કરતા હવા. અને સંતોને પહેલી પહોર રાત્રી સુધી તો ભગુ ખાંટના ફળિયામાં સભા કરીને ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિકની વાત કરતા. અને પાછલી પહોર રાત રહે ત્યારે મશાલ કરાવીને સંતોના ઉતારે પધારીને ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક તથા મનના સંકલ્પ સંબંધી ઘણીક પ્રકારની વાર્તા કરતા હવા.

તે બહુ આકરી વાર્તા સાંભળીને એક મુનિ હતા, તે વનમાં જઈને અન્નજળનો ત્યાગ કરીને બેઠા. પછી શ્રીજીએ બહુ આકરી વાર્તાની સમાપ્તિ કરી, ને સંતને કહ્યું જે, "હમાણાં તમે આટલા ગામડામાં ફરો ને અમે ડભાણ બોલાવીએ ત્યારે આવજો."

પછી ત્યાંથી શ્રીજી **બારમુવાડે** જમવા પધાર્યા. તે સમે વનને વિષે માર્ગમાં સમીપે શ્રીજીનો શબ્દ સાંભળીને તે સાધુ ઊઠીને પગે લાગ્યા. તે મુનિ ત્રણ દિવસથી અન્નજળ વિનાના હતા. તેને પોતે જળ તથા દૂધપેંડા આપ્યાં ને બારમુવાડે જમીને પાછા **હાથરોલી**એ પધાર્યા. ત્યાં સુરતનો સંઘ દર્શન કરવા આવ્યો. તે શ્રીજીને ભારેભારે વસ્ત્ર તથા ઘરેણાં બહુ પ્રકારનાં પહેરાવતાં હવાં. ત્યાં પંદર દિવસ રહ્યા.

પછી ઘોડાસરના ઠાકોરની પાલખીએ બેસીને **ઘોડાસર** પધાર્યા. તે ઠાકોર જાલમસિંહે શ્રીજીને પાલખીમાં બેસારીને ગામમાં ઘરોઘર ફૂલેકું ફેરવ્યું, ને પોતે ઠાકોરે પણ શ્રીજીની પાલખી ઉપાડીને પોતાના દરબારમાં પધરાવ્યા. પછી ઠાકોર બોલ્યા જે, "અમ જેવું કામકાજ જે હોય તે કહો." પછી મહારાજે કહ્યું જે, "અમારે ડભાણમાં યજ્ઞ કરવો છે, પણ વૈરાગીની ઉપાધિ છે તથા બીજા પણ ધર્મના દ્વેષી છે; વાસ્તે તમે સહાય કરો તો યજ્ઞ કરીએ."

ત્યારે ઠાકોર બોલ્યા જે, "મારે કોઈનો ભાર નથી, વાસ્તે આપની મરજી હોય તો એક લાખ માણસ લઈને આવું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારા પાસે અસવાર ઘણા છે, વાસ્તે થોડા માણસ લઈને આવો." ત્યારે દશ હજાર આદમી લઈને ઠાકોર શ્રીજીને પાલખીમાં બેસારીને ડભાણને માર્ગે ચાલ્યા. તેવામાં કાઠિયાવાડના અસવાર શ્રીજીમહારાજને સામા આવ્યા. તે એક મોટી ચોગાન જાયગામાં ભેળા થયા.

પછી શ્રીજીમહારાજ પાલખીથી ઊતરીને આસન ઉપર બેઠા. પછી કાઠિયાવાડના હરિભક્તે પૂજા કરી અને સોનાનાં કડાં, સાંકળાં, વેઢ,

વીંટી તથા સુરવાળ ને ડગલી પહેરાવ્યાં ને માથે ભારે રેટો બંધાવ્યો. પછી ઘોડાને ભારે ઘરેણાં પહેરાવીને શ્રીજીમહારાજની આગળ લાવ્યા. અને એમ કહ્યું જે, "આ ઘોડા ઉપર તમે અસવાર થાઓ." ત્યારે ઠાકોર બોલ્યા જે, "આ ઘોડો તો બહુ જબર છે ને મહારાજને પાડે એવો છે." ત્યારે અલૈયા ખાચરે કહ્યું જે, "મહારાજ તો ભારે અસવાર છે, એમને ઘોડો નહિ પાડે." પછી શ્રીજીમહારાજ હસતા થકા ઘોડા ઉપર અસવાર થયા ને ઘોડાને સારી પેઠે ફેરવ્યો. તે જોઈને ઠાકોર બહુ આશ્ચર્ય પામ્યા.

❋ખંભાતમાં ડભાણના ભક્તોને શ્રીજીએ શેઠરૂપે યજ્ઞનો સામાન આપ્યો :

પછી મહારાજ બોલ્યા જે, "તમે પાલખીમાં બેસો." એમ કહીને પોતે અસવારીએ સહિત ગામ **ડભાણ** પધાર્યા ને પટેલ રુગનાથદાસની મેડીએ ઉતારો કર્યો. ત્યાં સર્વ હરિભક્ત તથા મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી મહારાજ પાસે આવ્યા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું જે, "યજ્ઞનો સામાન કેટલો થયો છે ?" ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "સામાન તો તમારા સંકલ્પમાં રહ્યો છે."

એમ કહીને તે સામાન લાવ્યાની વાત શ્રીજીમહારાજની આગળ કરી જે, "અમે અહીંના હરિભક્તને કહ્યું જે, તમો ખંભાત જઈને યજ્ઞનો સામાન લઈ આવો. ત્યારે હરિભક્ત આશરે પચાસ ગાડાં લઈને ખંભાત ગયા. ત્યાં જઈને માંહોમાંહી બોલવા લાગ્યા જે, 'કોના ઘેરથી સામાન ભરશું ?' એવામાં એક ભારે શાહુકાર આવ્યો. તેણે પૂછ્યું જે, 'આ ગાડાં કોનાં છે ?' ત્યારે પૂજાભાઈએ કહ્યું જે, 'આ ગાડાં સ્વામિનારાયણનાં છે.' ત્યારે શેઠ બોલ્યા જે, 'સ્વામિનારાયણ તો અમારા આરતિયા(દલાલ) છે, વાસ્તે અમારી જાયગામાં ચાલો.'

પછી સર્વે ગાડાં લઈને શેઠની જાયગામાં ગયા. ત્યારે શેઠે પોતાની વખારમાં જઈને કહ્યું જે, 'તમારે જોઈએ તેટલો સમાન ભરી લો.' ત્યારે ઘી, ગોળ, સાકર, ખાંડ, ઘઉં, દાળ, ચોખા આદિક સામાન ગાડાંમાં

ભરી, ચાલવા સમે પૂજાભાઈએ શેઠને કહ્યું જે, 'કેટલો માલ ભરાણો ? ને શાં ભાવનો છે ? તેનો આંકડો અમને આપો.' ત્યારે શેઠે કહ્યું જે, 'ગાડાં લઈને ઘેર જાઓ, અમો તપાસ કરીને સ્વામિનારાયણને લખી મોકલશું; અમોને એમનો વિશ્વાસ છે." એ વાત સાંભળીને શ્રીજીમહારાજ મોઢે રૂમાલ રાખીને મંદમંદ હસ્યા અને પાસે બેઠા જે સાધુ, પાર્ષદ તથા હરિભક્ત તે એમ જાણતા હવા જે, આ શેઠરૂપે કરીને શ્રીજીમહારાજે આ સામાન મોકલ્યો. એમ સર્વે જાણતા હવા.

✵ ડભાણમાં યજ્ઞનો આરંભ :

પછી શ્રીજીમહારાજે કાશી પર્યંતથી ચાર વેદના ભણેલા બ્રાહ્મણને બોલાવીને યજ્ઞનો આરંભ કરાવ્યો. તે ગામથી આથમણી તરફ મોટો કુંડ કરાવ્યો ને પરનાળે ઘી હોમાવ્યું. અને ગામથી ઉગમણા તળાવને ઓતરાદે કાંઠે પાકશાળા કરાવી. અને ત્યાં લાખો બ્રાહ્મણની પંગતી કરાવીને જમાડ્યા. અને તે ઠેકાણે ત્રણ મંચ નંખાવીને તે ઉપર એક ઠેકાણે બેઠા થકા ત્રણે ઠેકાણે દર્શન દેતા હવા ને પોતાના સર્વે હરિજનને આનંદ ઉપજાવતા હવા.

✵ રણુના પ્રભાતગર બાવાનો સંકલ્પ પૂરો કરી નિશ્ચય કરાવ્યો :

તે સમયમાં દેશદેશથી યજ્ઞ જોવા સારુ ને મહારાજનાં દર્શન સારુ લાખો માણસ આવ્યા. તે ભેળા ગામ **રણુના** બાવા **પ્રભાતગર** તથા પટેલ દેસાઈભાઈ સર્વે આવ્યા ને મહારાજની સન્મુખ બેઠા. તે સમયમાં મહારાજે એક ભારે ધડકી(ગોદડી) ઓઢી હતી. તેને જોઈને બાવે સંકલ્પ કર્યો જે, 'આ ધડકી મને આપે તો સ્વામિનારાયણ ભગવાન ખરા !' ત્યારે એના મનનો સંકલ્પ જાણીને મહારાજે કહ્યું જે, "હે બાવા ! આ ધડકી તમે ઓઢો." એમ કહીને ધડકી આપી. એવી રીતે ઘણાક માણસના મનોરથ પૂરણ કરતા હવા અને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવતા હવા.

અને ઘરેણે યુક્ત ભારે ઘોડો તે ઉપર બેસીને, માથે દશાવતારનું છત્ર ધારીને, કિનખાપનો સુરવાળ, ડગલી તથા ભારે કસુંબલ રેટો માથે બાંધ્યો હતો; એવી શોભાને ધરતા થકા ગામમાં તથા સીમમાં સર્વે સંઘને દર્શન દીધાં. અને "જેને કાંઈ જોઈતું હોય તે માગી લેજો." એમ ખબર પૂછી. ત્યારે હરિભક્તે કહ્યું જે, **"તમારી કૃપાથી સર્વે છે, પણ આવાં ને આવાં અખંડ દર્શન દેજો ને અંત સમે તેડવા આવજો અને દેહ ને દેહના સંબંધીમાં કાંઈ બંધાવા દેશો નહીં."**

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તથાસ્તુ !" એમ કહીને પોતાના ભક્તજનની વૃત્તિઓને પોતાની મૂર્તિને વિશે આકર્ષણ કરીને પોતાના ઉતારામાં પધાર્યા. તે સમયમાં ગંગામા થાળ લઈને આવ્યાં, તે જમીને માત્ર સાયત(કલાક) પોઢ્યા.

પછી ઊઠીને સાંજની સભા કરાવી ને તે સભામાં પોતે બિરાજતા હવા અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી ઘણીક પ્રકારની વાર્તા કરતા હવા. અને **"પ્રત્યક્ષ ભગવાન ને સંતના સંબંધથી કલ્યાણ થવું બહુ સુગમ છે ને બીજા સાધને કલ્યાણ થવું તે બહુ કઠણ છે."** એમ કહીને પછી પોતાના ઉતારે પધાર્યા. પછી ગામના પટેલ રુગનાથદાસે આવીને એમ કહ્યું જે, "આ તો હજારો કોળી લોકો ભેગા થયા છે, તે અમારું ગામ લૂટી લેશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાંઈ ફિકર રાખશો નહીં." એમ કહીને તેમના મોટેરાને તેડાવીને કહ્યું જે, "અંગ્રેજની પલટણ આવે છે, વાસ્તે તમે પોતપોતાને ઘેર જાઓ." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું." એમ કહીને ચાલવા તૈયાર થયા. ત્યારે મહારાજે કંસાર ને ઘી જમાડીને વિદાય કર્યા. ત્યાર પછી ગંગામા તથા કાશીદાસ આદિક હરિભક્તે શ્રીજીમહારાજને કહ્યું જે, "સાધુને ઝોળી માંગવાની બંધ કરો ને જમવાની આજ્ઞા કરો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "મેં એમ સંકલ્પ કર્યો છે જે, **મારા સાધુને એક પૈસાભાર અન્ન આપે તેનું પણ કલ્યાણ કરવું છે. તે માટે સાધુ જમીને અનેક જીવનું કલ્યાણ કરે છે ને હું અનેક જીવને જમાડીને કલ્યાણ કરું છું; વાસ્તે સાધુ પાસે ઝોળી મંગાવું છું. અને હું તો ધારું તો ઝાડવેથી મોતિયા લાડવા ને જલેબી ઉતારીને નિત્ય પ્રત્યે સંતોને જમાડું."** ત્યારે ગંગામા અદિક હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! તમારો સંકલ્પ સાચો છે, પણ હમણાં તો સાધુને જમાડો." ત્યારે શ્રીજીમહારાજ ભારે ભારે રસોઈઓ કરાવીને પોતાના હાથે પીરસીને જમાડતા હવા.

❋ ડભાણ-યજ્ઞમાં જોબન પગી આદિને ઐશ્વર્ય-દર્શન :

એક સમયમાં વરતાલથી જોબનપગી, સુંદરપગી તથા તખાપગી, એ દશ જણ કાઠિયાવાડનાં ઘોડાં સારાં જાણીને ચોરવા આવ્યા. તે જે ઘોડા પાસે જાય ત્યાં મહારાજને અસવાર દેખે, ને બે પાળા પડખે દેખે; એમ બે રાત્રિ ફર્યા પણ એકે ઘોડું હાથ આવ્યું નહીં. પછી તે મહારાજને સામા આવીને ઊભા રહ્યા. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બે દિવસના ઉજાગરા કર્યા પણ એકે ઘોડો હાથ આવ્યો નહીં ?" ત્યારે તે બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો અંતરજામી છો ને જ્યાં ગુના છૂટીએ ત્યાં જ ગુના કર્યા; વાસ્તે અમારા ગુના માફ કરો ને અમને તમારા આશ્રિત કરો." ત્યારે શ્રીજીમહારાજ તેમને વર્તમાન ધરાવીને ચોરી આદિક પાપનો ત્યાગ કરાવતા હવા.

❋ સેવકની બેકાળજીને લીધે રિસાયેલા શ્રીજીને મનાવ્યા :

એક સમયને વિષે શ્રીજીમહારાજ રાત્રિને વિષે મોટી સભા કરીને મંચ ઉપર વિરાજમાન થયા. તે સમયમાં શ્રીજીમહારાજે ભારે ભારે વસ્ત્ર પહેર્યાં હતાં ને ભારે ભારે ઘરેણાં પહેર્યાં હતાં. તે સમયમાં પોતે ઘણીક વાર્તા કરી અને તે મંચ ઉપર પોઢી ગયા. તે સમયમાં એક

સમાધિવાળો હરિભક્ત(સુરતનો નારણદાસ) હતો, તે મહારાજ ભેળે જઈને સૂઈ ગયો. ત્યારે શ્રીજીમહારાજ જાગ્યા ને કહ્યું જે, “આ કોણ છે ?” એમ કહીને તેને ઉતારી મેલ્યો.

પછી પોતાની પાસે પાળા હતા, તેમને ઠબકો દઈને પોતે ઘરેણાં કાઢીને પૃથ્વી ઉપર ફગાવી દીધાં ને વસ્ત્ર પણ કાઢીને ફગાવી દીધાં. ત્યારે પરમહંસ પણ ગોદડીઓ હેઠી મૂકીને બેઠા. અને બાઈયું હતી તેમણે નાનાં છોકરાં હતાં તેમને ઉઘાડાં કરીને આગળ મેલ્યાં. ત્યારે તે છોકરાં રોવા લાગ્યાં. ત્યારે ભાઈ રામદાસજી ઊઠીને શ્રીજીમહારાજને ગોદડી ઓઢાડીને એમ બોલ્યા જે, “આમ કરવું હતું ત્યારે આટલાં માણસ શા સારુ ભેળાં કર્યાં ?” ત્યારે શ્રીજીમહારાજ રાજી થઈને વસ્ત્ર-ઘરેણાં પહેરતા હવા. સર્વે સંત તથા હરિભક્ત મહારાજને રાજી જાણીને બહુ આનંદ પામ્યા. ને હરિભક્ત માંહોમાંહી બોલ્યા જે, મહારાજ તો સાધુને વશ છે !

એક સમયમાં બ્રાહ્મણ રસોઈ કરવા ન ઊઠ્યા. ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને કહ્યું જે, “બ્રાહ્મણ તો રસોઈ નથી કરતા.” ત્યારે મહારાજ પોતાના પાર્ષદ તથા કાઠીઓને લઈને ઊઠ્યા, તે જે બ્રાહ્મણ મળે તેને જોરાયે તળાવમાં નવરાવીને રસોડામાં ઘાલે. ત્યારે એક બ્રાહ્મણ બોલ્યો જે, “હું તો લુવાણો છું.” ત્યારે કાઠીએ કહ્યું જે, “બ્રાહ્મણ મટીને લુવાણો કાંણાશે થાતો છે ?” એમ કહીને રસોડામાં ઘાલતા હવા.

✺ દક્ષિણા માટે હરિઇચ્છાથી રૂપિયાનું ગાડું આવ્યું :

એક દિવસ શ્રીજીમહારાજે કાશીદાસ મોટાને પૂછ્યું જે, “બ્રાહ્મણોને આપવા સારુ કાંઈ રૂપૈયા છે ?” ત્યારે કાશીદાસે કહ્યું જે, “તે તો નથી !” તેવાકમાં એક ગાડું આવ્યું. તેને જોઈને મહારાજ બોલ્યા જે, “આ ગાડું

તમે ઉતારજો.” ત્યારે મોટાએ ગાડું જોઈને કહ્યું જે, “બે કોથળા ચોખાના છે ને તળે તો રૂપૈયા છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “ઉતારીને ઠેકાણે મેલો, બ્રાહ્મણોને (દક્ષિણા આપવામાં) કામ આવશે.” ત્યારે મોટાએ કહ્યું જે, “આ રૂપૈયા ક્યાંથી આવ્યા ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “જ્યાં પાકતા હશે ત્યાંથી આવ્યા. તમારે તેનું શું કામ છે ?”

✵ યજ્ઞમાં ઘી અખૂટ કર્યું :

વળી એક સમયને વિષે ઘી થઈ રહ્યું, ત્યારે આનંદાનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, “ઘી થઈ રહ્યું છે ને એક કુલ્લું ઘી છે !” ત્યારે મહારાજ બોલ્યા જે, “એમાંથી ઘી કાઢ્યા કરો, નહિ ખૂટે.” ત્યારે તેમાંથી ઘી કાઢવા માંડ્યું, તે બે દિવસ સુધી ખૂટ્યું નહીં. પછી સાત ગાડાં ઘીનાં આવ્યાં, તેનું ઘી ઉતાર્યું. ત્યારે બ્રાહ્મણોએ ગાડાવાળાને પૂછ્યું જે, “આ ઘી ક્યાંથી આવ્યું ?” ત્યારે ગાડાવાળે કહ્યું જે, “તું ઘી ખાયા કરને, તારે પૂછ્યાનું શું કામ છે ?” એમ કહીને તે બ્રાહ્મણને જોતે થકે અદશ્ય થઈ જાતા હવા. ત્યારે તે બ્રાહ્મણ શ્રીજીમહારાજને ઈશ્વર જાણતા હવા.

✵ યજ્ઞમાં વિઘ્ન ઇચ્છતા બ્રાહ્મણો ઉપર પણ શ્રીહરિની કરુણા :

અને આવો પ્રતાપ જણાવતા સતા અઢાર દિવસ થયા ત્યારે પૂનમને દિવસ પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. ત્યારે બ્રાહ્મણે ઉપાધિ કરવા માંડી ને બસે બ્રાહ્મણ લાકડીઓ લઈને પાકશાળાને મોઢે આવીને બેઠા ને પીરસણ નીકળવા દે નહીં. ત્યારે મુકુંદ બ્રહ્મચારી શ્રીજીમહારાજ પાસે આવીને બોલ્યા જે, “બ્રાહ્મણ પીરસણ નીકળવા દેતા નથી.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “કાંઈ ચિંતા રાખશો નહીં.” એમ કહીને મહારાજે રસોઈયાને કહ્યું જે, “તમે બહુ દિવસ રસોઈ કરી, વાસ્તે સર્વે બહાર આવો, તમોને દક્ષિણા આપીએ.” એમ કહીને સર્વેને બહાર કાઢ્યા ને હળવદના બ્રાહ્મણ હરિભક્ત હતા, તેમને પાકશાળામાં ઘાલ્યા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “રૂડી પ્રકારે જમશો તો તમને દક્ષિણા આપીશું ને ઉપાધિ કરશો તો તમને આ કાઠી મારશે.” એમ કહીને કાઠીઓને કહ્યું જે, “તમે અસવાર થઈને આવો.” અને પાળાને કહ્યું જે, “તમે બંધૂકો બાંધી આવો.” અને પોતે પણ અસવાર થયા ને કાઠીઓને કહ્યું જે, “મારવા નહિ ને ખૂબ ડરાવવા.” ત્યારે કાઠીઓએ બરછીઓ ઉગામી ને બસે બ્રાહ્મણની લાકડીઓ લઈ લીધી. ને પાળાને કહ્યું જે, “તમે ગોળીઓ વિનાના ભડાકા કરો.” ત્યારે તેમણે પણ બંધૂકોના અવાજ કર્યા. તેણે કરીને દાળની સોળ કોઠીઓ ફાટી ગઈ. તે સમયમાં એક ઘરડા બ્રાહ્મણને ઝાલીને યજ્ઞમાં નાખવા લાવ્યા. ત્યારે ચોકીવાળા કાઠી હતા તેમણે એને મેલાવ્યો. **એવી રીતે છાસઠના વરસમાં યજ્ઞની નિર્વિઘ્ન સમાપ્તિ કરી.**

✵ યજ્ઞ-પૂર્ણાહુતિમાં બ્રાહ્મણોને દક્ષિણા તથા દારૂ-માંસનો નિષેધ :

અને તળાવના કાંઠા ઉપર સભા કરીને બ્રાહ્મણોને વસ્ત્ર-અલંકાર તથા રૂપિયા, સોનામહોરો વગેરે ઘણી દક્ષિણા આપી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “શક્તિપંથમાં માતાને દારૂ-માટીનું નૈવેદ્ય

ધરાવે છે, તે વાત શાસ્ત્રમાં છે ?" ત્યારે બ્રાહ્મણ બોલ્યા જે, "તે વાત શાસ્ત્રમાં તો નથી ને એવો જે મત છે તે ખોટો છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઊભા થઈને બોલો જે, એ શક્તિપંથમાં દારૂ-માટીનું નૈવેદ્ય કરે છે તે ખોટું છે." ત્યારે તેવી રીતે બ્રાહ્મણ ઊભા થઈને બોલ્યા. તે વાર પછી સર્વે સંતોને દેશદેશમાં ફરવાની આજ્ઞા કરી.

✹ ડભાણથી ગઢડે પધાર્યા ને ડભાણ-યજ્ઞની વાત કરી :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી અસવારી સહિત ચાલ્યા, તે ગામ **ચલોડા**માં અમીન નથુભાઈને ઘરે ઊતર્યા. ત્યાંથી **કાણોતર** જઈને કસિયાજી વાઘેલાના દરબારમાં ઊતર્યા. ત્યાં રાત રહીને પોતે ચાલ્યા, તે ગામ **બળોલ** તથા **અડવાળ** થઈને **સારંગપુર** પધાર્યા. અને પોતાના એકાંતિક ભક્ત હતા, તેમણે થાળ કર્યો તે પોતે જમ્યા ને તે પ્રસાદી વડે કરીને પોતાના પાર્ષદને જમાડ્યા. અને પોતાનાં દર્શન આપીને સર્વેને આનંદ પમાડ્યા.

ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે ગાજતેવાજતે **ગઢડા**માં દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારામાં વિરાજમાન થયા. તે સમયમાં પોતાના એકાંતિક ભક્ત જે મોટીબા, લાડુબા, રાજબાઈ, રામબાઈ, એભલ ખાચર, દાદા ખાચર તથા જીવા ખાચર એ સર્વે શ્રીજીમહારાજનાં દર્શને આવ્યાં. પછી શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, "તમે ડભાણમાં યજ્ઞ કર્યો ત્યારે દેશદેશના પ્રેમીભક્ત કેવા દર્શને આવ્યા હતા ? ને કઈ પ્રકારે તમારી સેવા કરતા હતા ? તે અમને કહો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તેમની સેવા ને પ્રેમ તેની તો તમારી સેવા ને પ્રેમ તે વિના બીજાની ઉપમા દેવાય એમ નથી." પછી એ વાત સાંભળીને સર્વે ભક્તજન રાજી થયા. તે સમામાં પોતાના રસોયા થાળ કરીને લાવ્યા તે પોતે હેતે કરીને જમ્યા. પછી પ્રસાદી પોતાના પ્રેમીભક્તને આપી.

✹ ગઢડેથી વિચરણ કરતા કચ્છમાં પધારી ત્યાંના ગામોમાં વિચરણ :

પછી ત્યાં થોડાક દિવસ રહીને ત્યાંથી ગામ **કોટડા**માં પીઠા વાળાને ઘેર રાત રહીને ચાલ્યા, તે ગામ **ગોંડળ** પધાર્યા. ત્યાંના રાજા હઠીભાઈ ગાજતેવાજતે અસવારીએ સહિત પોતાના દરબારમાં પધરાવતા હવા. અને હાથ જોડીને એમ બોલ્યા જે, **"તમારાં ચરણારવિંદ વિના બીજે ક્યાંય બંધાવા દેશો નહીં."** એમ સ્તુતિ કરતા હવા. અને રસોઈ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા ને પ્રસાદી વડે કરીને શ્રીજીમહારાજ પોતાના સંત તથા પાર્ષદને જમાડતા હવા.

પછી દરબાર હઠીભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! આપ અહીં એક મંદિર કરો તો બહુ સારું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનની ઇચ્છા હશે તો થાશે." એમ કહીને ત્યાં ઘણાક દિવસ રહીને પછી ગામ **કાલાવડ**માં ખત્રી જાદવજીને ઘેર ઉતારો કર્યો. ત્યાં જમ્યા ને સર્વે સાધુ તથા અસ્વારને જમાડ્યા. ત્યાં બે દિવસ રહ્યા. પછી ખત્રી ખેંગારે મોતિયા લાડુનું ભાતું બંધાવ્યું.

અને ત્યાંથી ચાલ્યા, તે **ભાદરા**માં સુતાર રામજીને ઘેર રાત રહ્યા. ત્યાંથી અસવારી સહિત ચાલ્યા, તે **જોડિયે** થઈને **બલાંભે** આવ્યા. ત્યાંથી **આંબરણ** તથા **ધુળકોટ** થઈને ગામ **પીપળિયે** પટેલ ગણેશને ઘેર પધાર્યા. ત્યાં થાળ જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાંથી ગામ **ભેલા**માં ગોવિંદજી બ્રાહ્મણને ઘેર પધાર્યા. ત્યાંથી **માળિયે** પધાર્યા ને ત્યાં દરબારમાં ઉતારો કર્યો. ત્યાંથી **વાંઢિયે** પધાર્યા ને ત્યાં સુતાર રૂડાને ઘેર ઉતારો કર્યો.

ત્યાંથી **આધોઈ**માં જાડેજા લાધાજીને ઘેર ઉતારો કર્યો. ત્યાં થાળ જમ્યા ને સર્વને જમાડ્યા. ત્યાં મહાનુભાવાનંદસ્વામી ઘોડાસરના ઠાકોરનો કાગળ લઈને આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "દેશમાં શી શી વાતુ થાય છે ?" ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "મહારુદ્રની

વાતુ થાય છે." ત્યારે શ્રીજીમહારાજે પણ મહારુદ્રની બહુ પ્રકારે કરીને વાર્તા કહી ને ત્યાં બહુ લીલા કરી.

અને ત્યાંથી **ભચાઉ**માં એક રાત રહીને ગામ **ખોખરે** પધાર્યા. તે ગામમાં પીવાના પાણીની તાણ હતી. ત્યારે મહારાજે કહ્યું જે, "આ ઠેકાણે કૂવો ખોદે એટલે પાણી આવશે." ત્યારે સર્વે હરિભક્તે કૂવો ખોદ્યો એટલે શ્રીજીમહારાજની કૃપાથી કૂવામાં ઘણું પાણી થયું. પછી ત્યાંથી **ભુજનગર** પધાર્યા ને ત્યાં એક માસ રહ્યા ને ઘણી લીલા કરી. ત્યાંથી **માનકૂવે** પધાર્યા ને સુતાર નાથાને ઘેર ઊતર્યા. ત્યાંથી ગામ **રવાગઢ** પધાર્યા ને હમીરભક્ત તથા શેઠ હંસરાજ તેને ઘેર પધાર્યા.

ત્યાંથી જમીને **કાળાતળાવ** પધાર્યા ને સુતાર ભીમજીને ઘેર ઊતર્યા. ત્યાં બે-ત્રણ દિવસ રહીને સુતાર ભીમજીના ગાડા ઉપર બેસીને **માંડવી** બંદર પધાર્યા. ત્યાં ત્રણ-ચાર દિન કાયથ શિવરામ મહેતાને ઘેર રહીને ગામ **દોણ** પધાર્યા. ત્યાંથી ગામ **ધાણ(સંધાણ)** પધાર્યા ને ડોસા સુતારને ઘેર ઊતર્યા.

✹ ગામ તેરામાં શ્રીમદ્ભાગવતની કથા કરાવી :

ત્યાંથી ગામ **તેરે** પધાર્યા ને માવજી સુતારને ઘેર ઊતર્યા. ત્યાં પ્રાગજી દવે પાસે શ્રીમદ્ભાગવતની કથા વંચાવવાનો પ્રારંભ કર્યો. અને સર્વે પ્રત્યે કાગળ લખીને સર્વ સાધુને ત્યાં તેડાવ્યા ને ત્યાં સર્વ દેશથી સાધુ આવ્યા. ને તે ગામ પ્રત્યે સર્વ સાધુની પહેલા મહાનુભાવાનંદસ્વામી આવ્યા. તેમને અતિ તપસ્વી જોઈને પોતે જમતા હતા, તે એમ ને એમ ઊઠીને સન્મુખ જઈને મળ્યા. મળીને પાછા જમવા બેઠા ને મહાનુભાવાનંદસ્વામીને સમાચાર પૂછ્યા. ને પોતે કથા સાંભળતા હરે..! હરે..! એ પ્રકારનો શબ્દ ઉચ્ચારતા હવા. તે ગામમાં એક માસ રહીને ભાગવતની કથાની સમાપ્તિ પોતે કરાવી.

❋ સંતોના પગ બળતા જોઈ શ્રીહરિએ પણ મોજડી કાઢી નાખી :

અને મધ્યાન સમે પોતે સંત પ્રત્યે કહ્યું જે, "હે સંતો ! તમે ગોળા જમીને આવજો ને અમે ચાલીએ છીએ." એમ કહીને પોતે ત્યાંથી ચાલ્યા ને વાંસેથી મુનિ પણ ચાલ્યા. અને પોતાને વાંસે આવતા એવા મુનિને પગે બળતા જોઈને પોતાના પગમાં મોજડીઓ હતી તે કાઢી નાખી ને બ્રાહ્મણને આપી દીધી. અને પોતે એમ ને એમ અડવાણે પગે ઉતાવળા ચાલ્યા. સંતો પણ વાંસે એમ ને એમ દોડ્યા.

પછી એક બાવળનું વૃક્ષ આવ્યું, તેને તળે વિરાજમાન થયા. ત્યાં પ્રથમ મહાનુભાવાનંદમુનિ શ્રીજીને સમીપે આવ્યા. પછી બીજા સંતો આવ્યા ને શ્રીજીમહારાજના પગનાં તળાં ઓળસવા(હાથથી માલિશ કરી ઠારવા) માંડ્યાં. પછી શ્રીજી બોલ્યા જે, "હે સંતો ! તમારાય પગ બળે છે." પછી મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે, "આવા પગ તો અમદાવાદની ઝોળી માગીને જાતો હતો, તે દિન બળ્યાતા કે આજ બળ્યા. પછી શ્રીજીએ ત્યાગ ને વૈરાગ્યનું કીર્તન બોલીને વાર્તા કરી જે, **"સંતને દેહરૂપે ન વર્તવું, આત્મારૂપે વર્તવું."** એ રીતની વાત કરી.

❋ કાળાતળાવમાં સંતોને ત્યાગ-વૈરાગ્યાદિકની વાતો કરી :

ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કાળાતળાવ** પધાર્યા. ત્યાં સુતાર ભીમજી તથા હરભમને ઘેર ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને સર્વ સંતને પોતાને સમીપે બોલાવીને ત્યાગ-વૈરાગ્યની તથા ભગવદ્‌સ્વરૂપની વાર્તા કરી.

સાંજ પડે ત્યારે ગામથી બહાર તળાવ ઉપર વસ્ત્ર નાંખીને, તે ઉપર શ્રીજીને પધરાવીને સર્વે સંત શ્રીજીને સન્મુખ પૃથ્વીને વિષે ચારેકોર બેસતા. તે સર્વ સંતને ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની પહોર રાત્રી પર્યંત વાર્તા કરીને પોતે ગામમાં પધારે ને સંતો તળાવને કાંઠે શ્રીજીનું ધ્યાન કરતા થકા નિદ્રા આવે ત્યારે બે-ચાર ઘડી સૂવે. અને પાછલી પહોર રાત

રહે ત્યારે સંત પાસે કાકડો કરાવીને પધારે ને પહોર દિન ચડે ત્યાં પર્યંત ત્યાગ-વૈરાગની વાર્તા કરે. પછી સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી તથા નિરંજનાનંદસ્વામી આદિ સાધુ સહિત પોતે ગામમાં ભીમજી સુતારને ઘેર પધારે. એવી રીતે કાળાતળાવમાં પંદર દિન રહીને લીલા કરી.

પછી સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, હરિયાનંદસ્વામી તથા નૃસિંહાનંદ સ્વામી એ બાર સાધુનાં મંડળ બાંધીને કહ્યું જે, “તમે ગુજરાતમાં જાઓ.” અને સર્વ હરિભક્ત પ્રત્યે પત્ર લખ્યો જે, “એ કહે તે વચન માનજ્યો.” એવી રીતે બાર સાધુને મોટેરા કરીને ત્યાંથી **માનકૂવે** થઈને **ભુજનગર** પધાર્યા ને સુંદરજી સુતારને ઘેર ઊતર્યા.

✵ ભુજમાં સુંદરજી સુતાર તથા ગંગારામ મલ્લની નિષ્ઠાની પરીક્ષા :

તે સમે શ્રીજીમહારાજને પગમાં ગૂમડું થયું હતું ને પ્રથમથી સુંદરજી તથા હીરજી સુતારે પ્રતિજ્ઞા કરી હતી જે, ‘મહારાજને કોઈ દિવસ કહેવું નહિ જે તમે અમારે ઘેરથી પધારો.’ એવી રીતે પ્રતિજ્ઞા કરી હતી. પછી સુંદરજીને જોવા ગામનો કામદાર મહેતો જગજીવન આવ્યો. તેણે કહ્યું જે, “સ્વામિનારાયણ તમારે ઘેર આવ્યા છે ?” ત્યારે તેનો શબ્દ સાંભળીને શ્રીજી મેડી ઉપરથી ઊતરીને સુંદરજીને સમીપે આવીને બેઠા. તેમને જોઈને જગજીવન નાગર બોલ્યો જે, “તમે ભગવાન કહેવાઓ છો ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હા.” ત્યારે જગજીવન મહેતો બોલ્યો જે, “તમે રાધિકા ને લક્ષ્મીના પતિ છો ?”

ત્યારે મહારાજે કહ્યું જે, **“હું લક્ષ્મીનો પતિ, રાધાનો પતિ, હું સચ્ચિદાનંદ, હું પૂર્ણાનંદ.”** એ પ્રકારનાં ઘણાંક વચન બોલ્યા. તેને સાંભળીને જગજીવન કામદાર ક્રોધે કરીને કંપતો ને રક્ત છે નેત્ર જેનાં એવો થકો તત્કાળ ત્યાંથી ઊઠી નીસર્યો.

તેને જોઈને હીરજી સુતાર ભય પામીને બોલ્યા જે, "હમણાં ગંગારામ મલ્લને ઘેર પધારો તો બહુ સારું !" (પછી પોતે ત્યાં આવેલ ગંગારામભાઈને કહ્યું જે, "અમને તમારે ઘેર રાખશો ?" ત્યારે તેમણે કહ્યું જે, "તમારું ઘર છે, પધારો મહારાજ !" પછી પોતે કહ્યું જે, "અમને તમે રાખશો તો ઉપાધિ થશે." ત્યારે ગંગારામે કહ્યું જે, "ભાર કેનો છે જે ઉપાધિ કરે ? તમે તો મારા શિર સાટે છો." પછી મહારાજે કહ્યું જે, "અમારાથી ચલાય તેમ નથી." પછી ગંગારામે ઉકા ઠક્કરને કહ્યું જે, "મહારાજને કાજે બેસવા ગાડી લાવો." ત્યારે ઉકા ઠક્કર મહેતાની ગાડી લાવ્યા.)

પછી તે સમે સર્વ હરિભક્તે શ્રીજીમહારાજના સર્વ અંગમાં ચંદને કરીને લેપન કર્યું હતું. ને ગુલાબ, મોગરા, ચંપો આદિ પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુબંધ આદિ સર્વ શરીરમાં ધારણ કરાવ્યાં હતાં. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિ કોટિ કોટિ કામને લજ્જા પમાડે એવી શોભતી હતી. એવી શોભાએ યુક્ત થકા જગજીવન મહેતાની ગાડીમાં બેસીને સર્વ શહેરના મનુષ્યને દર્શન આપતા થકા ગંગારામને ઘેર પધાર્યા.

✹ માણાવદરમાં મયારામ ભટ્ટના ઘેર કરેલ લીલા :

ભુજમાં એક માસ રહીને **અંજાર** પધાર્યા ને ત્યાંથી **ભચાઉ** પધાર્યા. ત્યાંથી **માળિયે** પધાર્યા. ત્યાંથી **પીપળિયે** ગણેશભક્તને ઘેર પધાર્યા. ત્યાંથી ગામ **વણથલી** પધાર્યા ને ભક્ત હરજી સુતારના ફળિયામાં વિરાજમાન થયા. ને ત્યાંથી **ભાયાવદર** તથા **માણાવદર**માં ભટ્ટ મયારામને ઘેર પધાર્યા. પછી ભટ્ટજી બોલ્યા જે, "હે મહારાજ ! બહુ કૃપા કરીને દર્શન દીધાં !" એમ કહીને શ્રીજીમહારાજને સુંદર ભારે ઢોલિયા ઉપર પધરાવ્યા. તે સમયમાં ગામગામના સર્વે હરિભક્ત દર્શને આવ્યા. તેમની આગળ શ્રીજીમહારાજે ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સંબંધી ઘણીક વાર્તા કરી.

ત્યારે મયારામ ભટ્ટ બોલ્યા જે, "હે મહારાજ ! વાર્તાની સમાપ્તિ કરીને જમી લો તો અમને બહુ શાંતિ થાય ને અતિશે આનંદ થાય." ત્યારે જમવા પધાર્યા ને જમતાં જમતાં એમનો ભાવ જોઈને વિશેષ જમ્યા. અને ભટ્ટને રાજી કરવાને દસ-દસ કોળિયા અધિક જમ્યા. પછી ચળુ કરીને મુખવાસ લીધો ને પાર્ષદને જમાડ્યા. એવી રીતે પોતાના ભક્તજનને મહાસુખ આપ્યું ને ત્યાં રહ્યા.

પછી શ્રીજીમહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે, "સર્વે સારુ ઓખાઈ(એ જાતનાં) જોડા સિવડાવો." ત્યારે જોડા સિવડાવીને લાવ્યા. તેવા સમામાં ભટ્ટજીએ કહ્યું જે, "નવાબનાં ઘરના માણસને મહારાજનાં દર્શન કરવાની ઇચ્છા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠીક." પછી મયારામ ભટ્ટે જઈને નવાબની સ્ત્રીને કહ્યું જે, "તમે ગોખમાં બેસો. મહારાજ બજારમાં ફરે ત્યારે તમને દર્શન થાશે." પછી શ્રીજીમહારાજ ઓખાઈ જોડા પહેરીને, મોળિયું બાંધીને, ઉઘાડે શરીરે બજારમાં ફરતા હવા. ત્યારે કોઈકે પૂછ્યું જે, "સ્વામિનારાયણ શું કરે છે ?" ત્યારે મયારામ ભટ્ટે કહ્યું જે, "એ તો લીલા કરે છે." એવી રીતે દર્શન દઈને પોતે ઉતારામાં પધાર્યા.

❋ માણાવદરથી સખા સાથે વિનોદ કરતા જૂનાગઢ પધાર્યા :

પછી ત્યાં થોડાક દિવસ રહીને પોતાના પાર્ષદે સહિત ત્યાંથી પગપાળા ચાલ્યા. પછી અલૈયા ખાચરે તથા સુરા ખાચરે હરિભક્ત પાસે બે ઘોડાં મંગાવ્યાં. તે ઘોડાં માર્ગમાં જાતાં ખૂંતી ગયાં. પછી મહારાજે કહ્યું જે, "ઘોડાંને કાઢીને આવો." પછી હરિભક્તે સુરા ખાચરને કહ્યું જે, "તમે મહારાજ ભેળા જાઓ, અમે ઘોડાં કાઢીને ઘેર લઈ જાશું." પછી મહારાજ બોલ્યા જે, "અમને ન દેખે તે ઉપવાસ કરે."

એમ કહીને પોતે ઉતાવળા ચાલ્યા. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "મારાથી ઉતાવળું ચલાતું નથી. વાસ્તે તમે હળવા ચાલો." ત્યારે

મહારાજ આગળ જઈને બેઠા. પછી એક વેગવાળી સાંકડી નદી આવી. ત્યાં અલૈયા ખાચર ને સુરા ખાચર ભેળા થયા.

પછી કહ્યું જે, "આ નદી બહુ વસમી છે." ત્યારે અલૈયા ખાચર બોલ્યા જે, "આમાં શું ? આ તો હીંડતાં ઊતરી જઈએ !" ત્યારે મહારાજે કહ્યું જે, "તમે પ્રથમ ઊતરો." ત્યારે અલૈયા ખાચર ઊતરવા માંડ્યા, તે નદીમાં તણાણા. પછી મહારાજે કહ્યું જે, "આ તો તણાઈ જશે !" એમ કહીને શ્રીજીમહારાજે ફેટો નાખીને તાણી કાઢ્યા. પછી જ્યાં ઊતરવાનો આરો હતો ત્યાં જઈને ઊતર્યા.

પછી ત્યાંથી **જૂનાગઢ** પધાર્યા ને ઝીણાભાઈના ઘરને વિષે ઊતર્યા ને ત્યાં પોતે જમ્યા. પછી ઝીણાભાઈએ કહ્યું જે, "અમારે અહીં નકલંક અવતાર થવાનો છે. તે મેઘલી રાણીને પરણશે. તે વણથલીમાં ચોરી (લગ્નમંડપ) બંધાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "નકલંક ભગવાન તો બ્રાહ્મણ છે, તે મેઘલીને નહિ પરણે." એમ કહીને પછી ત્યાં એક રાત રહીને **વણથલી** થઈને **પંચાળે** પધાર્યા.

✺ પંચાળામાં પાર્ષદોને નિયમ આપ્યું - મન માગે તે ખાવું નહીં.

ત્યાં જઈને પ્રકરણ ફેરવ્યું જે, 'મન માગે તે ખાવું નહીં.' ત્યારે કોઈકે ગોળ માગ્યો ને કોઈકે કળથી માગી; એમ ઘણાંક વાનાં માગ્યાં. ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, "આ તો જણ જણ પ્રત્યે નોખું નોખું માગે છે, તે હું ગામડામાં ક્યાંથી લાવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આપણે ખોરી જારના રોટલા કરાવો ને તે સર્વને ખાવા આપો." પછી પોતે તે રોટલા લઈને પંગતમાં પીરસ્યા. પછી અલૈયા ખાચરને કટકો રોટલો પણ ગળે ઊતરે નહીં ને મોઢામાંથી બહાર કાઢી નાખે. ત્યારે મૂળુભાઈએ કહ્યું જે, "અલૈયા ખાચર તો મોઢામાથી રોટલો કાઢી નાખે છે."

ત્યારે અલૈયા ખાચરે કહ્યું જે, "હું આંગળી વતે રોટલો ઠેલું છું, તોપણ ગળામાં ઊતરતો નથી; ત્યારે હું શું કરું ?"

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અલૈયા ખાચરને સારો રોટલો કરાવીને આપો." પછી અલૈયા ખાચરને એમ થયું જે, 'બીજા નિઃસ્વાદી ને હું સ્વાદિયો !' એમ મૂંઝવણ થઈ. પછી વગડામાં એક તલાવડી હતી ત્યાં જઈને રોવા માંડ્યા. ત્યારે એક ભરવાડે મહારાજને કહ્યું જે, "તમારો એક માણસ મરવાને તૈયાર થયો છે." ત્યારે મહારાજે પર્વતભાઈને મોકલ્યા. તે પર્વતભાઈ અલૈયા ખાચરને સમજાવીને પાછા લાવ્યા.

પછી થોડાક દાડા થયા કેડે મોટીબા તથા લાડુબાનો કાગળ આવ્યો. તેમાં એમ લખ્યું જે, 'એભલ ખાચરને ગાંડપનો વેગ આવ્યો હતો, તે દાદા ખાચરને મારી નાખત. ત્યારે અમે દાદા ખાચરને લઈને ગોખલાણે આવ્યાં છીએ." પછી મહારાજે કાગળ વાંચીને કહ્યું જે, "દાદા ખાચરને કષ્ટ આવ્યું, તે આપણે ચાલો ત્યાં જઈએ."

॥ ઈતિ ૬૬ છાસઠની લીલા સંપૂર્ણ ॥





ગામડે વિચરણ કરતા શ્રીહરિ

સંવત્ ૧૮૬૭ ની લીલા

✹ અગતરાઈમાં જન્માષ્ટમી અને જૂનાગઢની લીલા :

પછી ત્યાંથી-પંચાળાથી ચાલ્યા, તે **અગતરાઈ** પર્વતભાઈને ઘેર જન્માષ્ટમીનો સમૈયો કર્યો. ત્યાંથી **જૂનાગઢ** પધાર્યા ને ઝીણાભાઈના દીવાનખાનામાં ઊતર્યા. તે સમયમાં ઘડિયાળી નારણજી તથા દેવરામ એ આદિક સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને દર્શને આવ્યા. ત્યારે તેમને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "સર્વે હરિભક્ત સુખી છો ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "તમારે પ્રતાપે સર્વે સુખી છીએ." પછી ઝીણાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! જમવા પધારો." ત્યારે મહારાજ જમવા પધાર્યા. પછી જમીને દીવાનખાનામાં પધાર્યા.

પછી બીજે દિવસ પોતાના પાર્ષદ સહિત કાળવા નદીમાં નાવા પધાર્યા. પછી શ્રીજીમહારાજ બહિર્ભૂમિ જઈને ને હાથ મટીયાવીને સાગનાં મોટાં બે પાનડાં લઈને આવ્યા. પછી નાજે જોગિયે કહ્યું જે, "આ તો બહુ મોટાં પાનડાં છે !" ત્યારે મહારાજ બોલ્યા જે, "મોરે જોગી તપ કરતા ત્યારે વર્ષાઋતુમાં આવાં પાનડાં માથે મેલીને બેસતા."

એમ કહીને નદી વચ્ચે પોતે પ્રાણાયામ કરવા બેઠા, તે બ્રહ્મરંધ્રમાં જતું રહેવાણું. ત્યારે નાજે જોગિયે ઊંચે સાદે કરીને મહારાજને જગાડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે બહુ સારું કર્યું. અમારે તો મોરનો અભ્યાસ છે, તે છ મહિને પણ નીસરાય નહીં" એમ કહીને પોતે સ્નાન કરીને ગામમાં પધાર્યા ને ઝીણાભાઈની મેડીને વિષે જમીને પોતાના ઉતારામાં પધાર્યા.

✹ ગોખલાણામાં પાર્ષદો તથા બાઇઓને નિયમની સમાપ્તિ કરાવી :

પછી ત્યાં દિન પંદર રહીને ત્યાંથી **જેતપુર** પધાર્યા. ત્યાંથી **ગોંડળ** પધાર્યા ને ત્યાંથી **કોટડે** પધાર્યા. ત્યાંથી ગામ **ગોખલાણે** પધાર્યા. ત્યાં

દાદા ખાચરની મા સુરબાઈ તથા મોટીબા, લાડુબા તથા દાદા ખાચર એ સર્વે શ્રીજીમહારાજને પગે લાગ્યાં. પછી એમ કહ્યું જે, "આ સમામાં તમે કૃપા કરીને પધાર્યા તે બહુ સારું કર્યું !" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારા પાર્ષદને હમણાં આકરાં વર્તમાન છે. તે શાં ? તો મન માગે તે ખાવું નહીં." ત્યારે મોટીબા બોલ્યા જે, "અમારે સર્વે બાઈયોને આસન જીતવું, મટકું મારવું નહીં ને એક પળી પાણી પીવું; એવા નિયમ છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ તો તમે બહુ આકરા નિયમ રાખ્યા છે. એવા બીજા કોઈથી રખાય નહીં."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમો તથા અમારા પાર્ષદ સર્વે આજથી નિયમની સમાપ્તિ કરો." એમ કહીને ઘઉંના રોટલા ને ગોળ મંગાવ્યાં. પછી મહારાજે કહ્યું જે, "આ તમે જમો." પછી સુરા ખાચર બોલ્યા જે, "અમારે તો નિયમ છે, તે નહિ ખાઈએ." પછી શ્રીજીમહારાજે ખોરી જારનો લોટ ને જૂનો ગોળ મગાવીને માલપૂવાના ખીરા જેવું કર્યું અને તેમાં કળથી તથા તાંદળજાનાં પાનડાં નાખ્યાં. પછી મહારાજે કહ્યું જે, "નિઃસ્વાદી હોય તે આવો." એમ કહીને પોતે પીરસવા માંડ્યું. તે સર્વે જમી ગયા. પછી મહારાજે કહ્યું જે, "તમે સર્વે નિઃસ્વાદી ખરા, હવે આજથી તમે સર્વે નિયમની સમાપ્તિ કરો." એમ કહીને પછી બીજે દિવસ ઘઉંના રોટલા ને ગોળ જમાડ્યા.

✺ ગઢડેથી વિચરણ કરતા જેતલપુર પધાર્યા :

પછી ત્યાં બે દિવસ રહીને **કરિયાણે** પધાર્યા ને ત્યાંથી **ગઢડે** પધાર્યા. પછી પોતાના એકાંતિક ભક્તને આનંદ પમાડતા થકા પંદર દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે **ઝીંઝાવદર**માં અલૈયા ખાચરના દરબારમાં પધાર્યા. અને ત્યાં પોતાના પ્રેમી હરિભક્ત હતા, તેમની આગળ ભગવાનની મૂર્તિમાં અતિ હેત થાય એવી વાર્તા કરી. અને તેમના ચિત્તની વૃત્તિ પોતાને વિષે આકર્ષણ કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાળંગપુર**માં જીવા

ખાચરના દરબારમાં ઊતર્યા. અને પોતાના એકાંતિક ભક્તે રસોઈ કરી તે પોતે જમ્યા ને પોતાના પાર્ષદને જમાડ્યા. અને ત્યાં સર્વે કાઠીને ભેળા કર્યા ને સર્વને કહ્યું જે, "જેને પગપાળા ચાલવું હોય તે સર્વે ઘોડાં મેલીને અમારા ભેળા ચાલો."

પછી સર્વ કાઠી પગપાળા ચાલ્યા ને ગામ **અડવાળ** આવ્યા ને તુલજારામ બ્રાહ્મણને ઘેર ઊતર્યા. ત્યાંથી ગામ **બળોલ** વશરામ ચાવડાને ઘેર ઊતર્યા. ત્યાંથી **જવારજ** પધાર્યા ને આધાર બારોટને ઘેર મેડી ઉપર ઊતર્યા ને દહીં ને સાકર જમ્યા. ત્યાંથી **સીમેજ** પધાર્યા ને ત્યાંથી **ધોળકે** પધાર્યા. ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને ત્યાં મહોલમાં ઊતર્યા. અને મુક્તાનંદસ્વામી આદિ સંતને તેડાવ્યા ને ત્યાં શ્રીજીનાં દર્શન કરવા સારુ દેશદેશના હરિભક્ત આવ્યા. તે ભક્તજને શ્રીજીમહારાજને ગુલાબ, મોગરા, ચંપા આદિક પુષ્પના અગણિત હાર-તોરા-બાજુબંધ ચડાવ્યા. ને ચંદનનો અંગરાગ સર્વ શરીરે કર્યો.

અને મહારાજ મહોલની આગળ આસોપાલવના વૃક્ષને ઓઠું દઈને બેસતા. નિત્ય પ્રત્યે શ્રીજીની ચંદન-પુષ્પે કરીને પોતાના ભક્ત પૂજા કરતા. તે મહોલથી આથમણી દિશાએ ફૂલબાગ પોતે કરાવ્યો. ને નિત્ય પ્રત્યે સંત-હરિભક્ત સહિત તળાવમાં જળક્રીડા કરતા ને ત્યાં એક માસ રહ્યા.

✵ ડભાણમાં વસોના ભવાનીશંકરનો સંકલ્પ પૂરો કરી આશ્રિત કર્યો :

પછી ડભાણના પટેલ રઘુનાથદાસ વિગેરે તેડવા આવ્યા. ત્યારે ત્યાંથી શ્રીજીમહારાજ ગામ **ખેડે** થઈને **ડભાણ** પધાર્યા. ત્યાં વડના વૃક્ષ હેઠે હિંડોળો બાંધ્યો હતો, તે ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ દેશદેશના હરિભક્ત તથા સાધુની સભા ભરાઈને બેઠી હતી. તેવામાં ગામ વસોનો બ્રાહ્મણ ભવાનીશંકર આવ્યો. તેણે મનમાં એવો સંકલ્પ કર્યો જે, 'મારે છેડે સાકર બાંધી છે, તે માગી લે

તો ભગવાન ખરા !' ત્યારે શ્રીજીમહારાજે તે બ્રાહ્મણ પાસેથી સાકર માગી લીધી. અને તે બ્રાહ્મણ શ્રીજીમહારાજને અંતર્યામી જાણીને મહારાજનો આશ્રિત થયો. પછી શ્રીજીમહારાજ નિત્યે જમતા હવા ને સંત-હરિભક્તને જમાડતા હવા ને પોતાની પ્રસાદી આપતા હવા. અને આનંદ-ઉત્સવ કરતા થકા ત્યાં પંદર દિવસ રહ્યા.

પછી શ્રીજીમહારાજે સર્વ સંતને નડિયાદ જવાની આજ્ઞા કરી. સંત નડિયાદ ગયા, ત્યાર પછી પોતે પણ પાંચ-સાત દહાડે **નડિયાદ** પધાર્યા. હરિભક્તે ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. ત્યાં પોતાના એકાંતિક ભક્ત થાળ કરી લાવ્યા, તે પોતે જમ્યા. અને સંતોએ બહાર ઉતારો કર્યો હતો, ત્યાં દર્શન દેવા ગયા ને સર્વ સંતને દર્શન દઈને ગામ **ડભાણ** થઈને સોરઠ દેશમાં પધાર્યા. તે ગામ **માણાવદર**માં જઈને રહ્યા.

ગામ નડિયાદમાં સંતો હતા તેને ગોળા ખાવા કઠણ પડ્યા, તે દશ વીશ ત્યાંથી બીજે જતા રહ્યા ને બે સાધુ શ્રીજીમહારાજ પાસે ગયા. તે સાધુએ જઈને શ્રીજીને વાર્તા કરી જે, "ગોળા ખાવા બહુ કઠણ પડ્યા, માટે અમે આંઈ આવ્યા છીએ." ત્યારે શ્રીજીમહારાજે સ્વરૂપાનંદસ્વામી આદિ જે સંત નડિયાદ હતા, તે ઉપર કાગળ લખાવ્યો જે, "સર્વે બે બે મૂરત થઈને દેશદેશમાં ફરવા જાજો. ને જેનું ખપતું હોય તેનું અન્ન ખાજો ને જેનું ન ખપે તેનું ન ખાજો." એ પ્રકારે કાગળ લખાવીને તે સાધુને આપ્યો.

✹ માણાવદરથી વિચરણ કરતા ધોળકા પધાર્યા :

અને તે માણાવદર ગામથી શ્રીજીમહારાજ **જેતપુર** થઈને **ગોંડળ** પધાર્યા. ત્યાંથી **સરધાર** ને **કડુકે** થઈને ગામ **પીપરડી**એ પધાર્યા. ત્યાંથી **બોટાદ** થઈને **સાળંગપુર** પધાર્યા. ત્યાં ગઢડાનો સંઘ તેડાવ્યો, તે જીવુબા તથા લાડુબાઈની ગાડીઓ આવી. પછી ત્યાંથી સર્વ સંઘ લઈને ચાલ્યા, તે ગામ **અડવાળ** આવીને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **બળોલ**માં થાળ

જમીને ગામ **ગુંદી**એ આવીને સંઘ ભેળા થયા. પછી સંઘને અર્ણેજ જવાની આજ્ઞા કરી ને પોતે **જવારજ** પધાર્યા. ત્યાં જમીને પોતે **અર્ણેજ** સંઘ ભેળા થયા ને માતાની જગ્યામાં રાત રહ્યા. ત્યાંથી ગામ **કોઠ**ની બજાર વચ્ચે થઈને **ધોળકે** પધાર્યા.

✹ જેતલપુરમાં તેજના ગોળારૂપે દેવો દર્શને આવ્યા :

ત્યાં રાત રહીને **જેતલપુર** પધાર્યા ને મહોલમાં ઊતર્યા. પછી ગઢમાં પધારીને ગઢ વળાવીને ચોખો કરાવ્યો. અને પોતે આનંદસ્વામીને મહારુદ્રનો સામાન તૈયાર કરાવવાની આજ્ઞા કરી. અને પોતે તો આવીને મહોલમાં વિરાજ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ ભણતા હતા, તે પાસે પોતે મહોલમાંથી દર્શન દેવા સારુ પધાર્યા, ને ત્યાં બોરસડી હેઠે વિરાજમાન થયા. પછી સંતોને કહ્યું જે, "વિદ્યા (ભણવા) ભણાવવામાં અમારો ઘણો રાજીપો છે. તે સારુ તમે સર્વે વિદ્યા ભણો." તે સમે શ્રીજીની ઉપર પુષ્પની વૃષ્ટિ થઈ. પછી બોરસડીથી ઊઠ્યા તે રાયણ તળે આવ્યા ને સિંઘાસન ઉપર વિરાજમાન થયા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી એ આદિક ગવૈયા સંતને તેડાવ્યા ને તેમની પાસે વાજિંત્ર વજડાવીને બહુ વાર સુધી ગાનવિદ્યા કરાવી.

પછી સર્વે ભણવાવાળાને ભણવાની આજ્ઞા આપી અને પોતે મહોલમાં પધાર્યા. મુક્તાનંદસ્વામી આદિ સંત બોરસડીને તળે ભણવા ગયા. સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ પ્રશ્નોત્તર કરતા હવા. તે સમે રાયણથી પશ્ચિમ દિશામાં અગ્નિની જ્વાળા સરખો મોટો તેજનો સમૂહ પ્રથમ મહાનુભાવાનંદસ્વામીએ દેખ્યો. પછી ગોવિંદસ્વામીને પૂછ્યું, "આંયે ખળા છે ?" ત્યારે ગોવિંદસ્વામીએ કહ્યું જે, "ખળાં તો નથી." તેટલાકમાં તેજનો ગોળો ઊંચો ચડ્યો ને પૂર્વ દિશા સામો ચાલ્યો, તે ચાલતે ચાલતે રાયણ ઉપર આવ્યો; તેટલાકમાં તો એકના બે થયા ને રાયણને પાંદડે પાંદડે દીવા થઈ ગયા. ત્યાંથી તેજનો

ગોળો મહોલમાં ત્રણ રૂપે થઈને ગયો. ને તે મોહોલને પછવાડે જે વૃક્ષ હતાં, તે સર્વે તેજોમય થઈ ગયાં. તે તેજને પ્રતિબિંબે કરીને તળાવનું જળ સર્વે તેજોમય થઈ ગયું. તેને જોઈને સર્વે સાધુને આશ્ચર્ય થયું. પછી તે તેજનો ગોળો અદશ્ય થઈ ગયો. તે જોઈને સર્વે સાધુ કહેતા હવા જે, "આ તે શું હશે ?" એમ કહીને પછી સર્વે છાના રહ્યા.

પછી બીજે દિવસે મહારાજ જમવા પધાર્યા. તે સમે પોતાની રસોઈની કરનારી જે બાઈયો તેમાંથી મોટેરી ગંગામાએ પૂછ્યું જે, "કાલ રાત્રિએ સાધુને તેજનો ગોળો દેખાણો ને પછી અદશ્ય થઈ ગયો, તે શું હશે ?" પછી મહારાજે કહ્યું જે, "એ તો અમારાં દર્શન સારુ બ્રહ્મા, વિષ્ણુ ને શિવ આવ્યા હતા, તે પાછા અંતર્ધાન થઈ ગયા ને સર્વે દેવ આવ્યા હતા, તે પણ અંતર્ધાન થઈ ગયા."

ત્યાર પછી સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, "આ સમૈયો બહુ સારો થયો." એમ વખાણતા થકા પંદર દિવસ સુધી દર્શન આપ્યાં. પછી સંતને પોતે ફરવાની આજ્ઞા કરતા થકા બોલ્યા જે, "મહારુદ્રની વાર છે, તે સારુ તમે ચરોતરમાં જાઓ." એમ આજ્ઞા આપીને પોતે પણ ગામ **ઉમરેઠ** પધાર્યા. તે નંદુરામ ઠાકરે શ્રીજીમહારાજની આગળ બારસે રૂપિયા મૂક્યા. તે જોઈને પોતે રાજી થયા ને તેમણે કર્યો જે થાળ તેને પોતે જમ્યા.

✹ દેશકાળ વિપરીત જોઈને જેતલપુરમાં યજ્ઞ બંધ રાખ્યો :

પછી પોતે **જેતલપુર** આવ્યા. પછી ગામ **ચલોડે** જીતબા માંદા હતાં, તેમને જોવાને સારુ પધાર્યા. તેટલાકમાં અમદાવાદથી ભાઉની અસવારી આવી. તે "સ્વામિનારાયણ ક્યાં છે ?" એમ કહેતી આવી. તેને જેતલપુરના મનુષ્ય હતા, તે કહેતા હવા જે, "સ્વામિનારાયણ તો ફરવા ગયા છે." ત્યારે તે અસવારી તો સર્વે ઠેકાણે જોઈને પાછી અમદાવાદ ગઈ. ત્યાર પછી શ્રીજીમહારાજ પાછા **જેતલપુર** પ્રત્યે આવ્યા.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, "અમદાવાદથી ભાઉની અસવારી આવી હતી, તે તમોને ન દેખ્યા એટલે પાછી વળી ગઈ. તે વાત સાંભળીને પછી શ્રીજીમહારાજ **ખેડે** પધાર્યા. ત્યાં સાહેબને મળ્યા ને કહ્યું જે, "તમે અમારી સહાય કરો તો અમે મહારુદ્ર કરીએ." ત્યારે સાહેબે કહ્યું જે, "જેતલપુરમાં અમારું રાજ્ય નથી. તમે કહો તો અમે ગાડાં મોકલીએ ને તમારો સર્વે સામાન અમારા રાજ્યમાં મંગાવીએ." એમ એરણ સાહેબ, ડગલી સાહેબ તથા રોબડ સાહેબે કહ્યું. તે વાત સાંભળીને પોતે મનમાં વિચારી રહ્યા ને કાંઈ ન બોલ્યા.

ત્યાર પછી તે સાહેબ બોલ્યા જે, **"હે સ્વામિનારાયણ ! તમે ચોરી આદિક પાપ મુકાવો છો, તે બહુ સારું કરો છો. અને તમારો માર્ગ શાસ્ત્ર પ્રમાણે છે."** એમ કહીને શ્રીજીમહારાજનું વિનયપૂર્વક બહુ સન્માન કર્યું.

✵ ડભાણથી વિચરણ કરતાં ભુજ પધાર્યા તથા ઘુંઘટાનું પ્રકરણ :

અને તે દિવસ તો ત્યાં રહ્યા ને બીજે દિવસ **ડભાણ** પધાર્યા ને રાયજી કુબેરજીની મેડી ઉપર ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી મહાનુભાવાનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, "તમે જેતલપુર જાઓ ને ત્યાં આનંદસ્વામીને કહેજો જે, આપણે મહારુદ્ર તો નથી કરવો. ને સર્વે આ સામાન છે તે જે કોઈ અતિથિ, અભ્યાગત તથા બ્રાહ્મણ એ આદિ આવે તેને ચાર શેર અન્ન ને નવ હાથ વસ્ત્ર આપજો, એમ અમારી આજ્ઞા છે." એમ કહીને મહાનુભાવાનંદસ્વામીને આજ્ઞા આપી.પછી પોતે શ્રીજીમહારાજ ડભાણમાં પણ જે કોઈ અતિથિ અભ્યાગત આવે તેને ચાર શેર અન્ન ને નવ હાથ વસ્ત્ર આપતા થકા લીલા કરતા હવા.

અને તે ડભાણ ગામમાં સુરતનો સંઘ શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યો ને દશ અવતારનું છત્ર તથા ઘોડાનો સાજ એ આદિક જે સામાન તે લાવીને શ્રીજીમહારાજને અર્પણ કર્યો. અને છત્ર મસ્તક ઉપર ધર્યું ને સર્વ સંઘને દર્શન દીધાં. અને ભુજના ગંગારામ આદિક મલ્લ રમાડ્યા.

અને ત્યાંથી **બુધેજ** પધાર્યા ને ત્યાં એક રાત્રી રહીને **ગઢડે** પધાર્યા. ત્યાંના એકાંતિક ભક્તને દર્શન દઈને **કરિયાણે** પધાર્યા ને ત્યાં હુતાશણીનો સમૈયો કર્યો. પછી ત્યાંથી **ઝાલાવાડ** દેશમાં થઈને **માળિયે** થઈને રણ ઊતરીને **ભુજનગર** પધાર્યા. ગંગારામને ઘેર મેડા ઉપર ઊતર્યા ને ત્યાં બે માસ રહીને લીલા કરી.

ત્યાં ગુજરાતથી મહાનુભાવાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી બે દર્શને આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, “અમે વર્તમાન ફેરવ્યાનો કાગળ લખી મોકલ્યો છે, તે તમે જાણ્યું છે કે નહીં ?” ત્યારે એ બેયે કહ્યું જે, “અમને તો એ વાતની માલમ નથી.” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “આજ દિનથી તમારે ઘુંઘટાનાં વર્તમાન છે. વાસ્તે ગુફા તુલ્ય આ મેડો છે, તે આંહીં તમે બેઠા સુખે ભજન કરો; ને બીજા સાધુ છે, તે તમને ભિક્ષા લાવી આપશે.” એમ કહીને શ્રીજી **માનકૂવે** પધાર્યા.

✵ ભગુજી માનકૂવા જઈ મહારાજને મળ્યા ને પાર્ષદ થઈને રહ્યા :

તે સમે ભુજમાં ભગુજી આવ્યા ને મહાનુભાવાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામીને પૂછ્યું જે, “મારે મહારાજ પાસે પાળા થઈને રહેવું છે. તે મહારાજ ક્યાં છે ?” પછી સાધુએ કહ્યું જે, “શ્રીજી તો માનકૂવે વિરાજે છે, ત્યાં તમે જાઓ.” પછી ભગુજી મહારાજ પાસે ગયા ને ત્યાં શ્રીજીમહારાજની પાસે રહ્યા. ને શ્રીજીમહારાજના મહા પાર્ષદ થયા.

✵ ભુજમાં ગંગારામ આદિ ભક્તોએ શ્રીહરિને શિરસાટે રાખ્યા :

શ્રીજીમહારાજ પાછા **ભુજ**માં પધાર્યા ને ગંગારામની મેડીએ ઊતર્યા. ત્યાં શ્રીજીમહારાજને શરીરે કેસરચંદનનો અંગરાગ(લેપ) કર્યો હતો. અને અગણિત પુષ્પના હાર, તોરા, બાજુબંધ ને ગજરા તે શ્રીજીના અંગમાં પ્રેમીભક્તે ધારણ કરાવ્યા હતા. અને ફૂલમંડળી કરીને હિંડોળામાં શ્રીજીમહારાજને પધરાવીને ઝુલાવતા હતા. તે સમે ગંગારામ આદિ ભક્તજન વાજિંત્ર વજાડીને કીર્તન ગાવતા હતા. એવી રીતે શોભાએ

યુક્ત થકા હિંડોળામાં ઝૂલતા હતા ને આગળ ધામધૂમ થાતું હતું. તેને જગજીવન કામદારે સાંભળીને ગંગારામને ઘેર પોતાનો ચાકર જોવા સારુ મોકલ્યો. તે ચાકરે એવી શોભાએ યુક્ત શ્રીજીને જોઈને જગજીવન મહેતાને કહ્યું જે, "સ્વામિનારાયણ તો પ્રભુ થઈને હિંડોળે ઝૂલે છે." તે વચન સાંભળીને જગજીવનને રીસ ચઢી, ને પોતાનું મનુષ્ય મોકલીને કહેવરાવ્યું જે, "તમારે ગામમાં રહેવું નહીં."

પછી શ્રીજીમહારાજ તે વચન સાંભળીને બોલ્યા જે, "ગામમાં પાપકર્મ કરનારા રહે છે ને બીજા સર્વ લોક રહે છે ને અમે શું ભૂંડું કર્યું છે તે જાઈએ ? ને જા, તારા મહેતાને કહેજે જે, સ્વામિનારાયણ તો નહિ જાય ને તારાથી થાય તે કરજે." ત્યારે તે ચાકરે જગજીવન મહેતાને તેમ જ કહ્યું. પછી તે એવી રીતનાં શ્રીજીમહારાજનાં વચન સાંભળીને ક્રોધે કરીને વ્યાપ્ત થકો તે ગંગારામને ઘેર પોતે હલાં(હુમલો) કરતો હવો.

તે આરબની હલાં જોઈને ગંગારામ મલ્લ તથા માનકૂવાના ગરાસિયા અદાભાઈ આદિ ક્ષત્રિય હતા, તે ઢાલ-તરવાર આદિ હથિયાર લઈને ઊભા થયા. અને ગંગારામ સિંહનાદ કરીને બોલ્યા જે, "કોણ લડવા આવ્યો છે ? લાવો મશાલ, એમનાં મુખ તો હું જોઉં ! ને જે ખડકીને માંહિલી કોર પગ દે તેના કટકા કરી નાખું. કેની માયે શેર સૂંઠ ખાધી છે, તે માંઈ પગ દે ?" એ રીતનાં ગંગારામનાં વચન સાંભળીને જેમ સિંહ આગે શિયાળિયા ભાગે એવી રીતે ભાગી ગયા.

પછી ફતેમહમદ જમાદારે જગજીવન મહેતાને ઠબકો દીધો જે, "ફકીર લોકોને શા સારુ ખેડો(છેડે) છો ? સ્વામિનારાયણ તો બડા ફકીર છે. તે માટે એમને કચવાવ્યે તારું સારું નહિ થાય."

✹ તેરામાં સંતોની ભિક્ષાના ગોળાનો મહિમા કહેતા થકા તે જમ્યા :

પછી શ્રીજી ત્યાંથી-ભુજથી **માનકૂવે** પધાર્યા ને ત્યાં ત્રણ-ચાર દિન રહીને ગામ **સામતરે** થઈને ગામ **તેરા** પધાર્યા. ત્યાં પ્રાગજી દવેને

તેડાવીને શ્રીમદ્‌ભાગવતની કથાનો પ્રારંભ કરાવ્યો. તે વાત સાંભળીને ગામ ભચાઉ પ્રથમ પોતે મોકલ્યા એવા જે મહાનુભાવાનંદસ્વામી આદિક સંતમંડળ, તે શ્રીજીમહારાજનાં દર્શન કરવાને ત્યાં આવ્યા. તે સમે શ્રીજીમહારાજે તેમને કહ્યું જે, "જ્યાં સુધી તમે અમારાં દર્શન કરો ત્યાં સુધી તમારે ઘુંઘટાનું નિયમ નહીં, ને જ્યારે અમારાં દર્શન ન થતાં હોય ત્યારે તમારે ઘુંઘટાનું નિયમ યથાર્થ પાળવું."

એમ કહીને પોતે મોટેરા પરમહંસને ભિક્ષા માગવાની આજ્ઞા આપી. ત્યારે સંત ભિક્ષા માગવા ગયા. તે ભિક્ષામાં જે અન્ન મળ્યું તે લઈને આવ્યા. પછી તે સર્વે અન્નના ગોળા કરીને સર્વે જમવાનો પ્રારંભ કરતા હવા. ત્યારે શ્રીજીએ કહ્યું જે, "અમને ગોળો આપો." ત્યારે સંતે ગોળો ન આપ્યો. ત્યારે પોતે ઊઠીને તેમાંથી એક ગોળો ઉપાડી લીધો ને પોતે જમવા લાગ્યા. તે જમતા જાય ને વખાણતા જાય.

તે સમે પોતે એમ બોલ્યા જે, "આ ગોળા તો ચૂરણ જેવા ઔષધરૂપ છે. તે જે આ ગોળાને જમે તેના સર્વે વિકારમાત્રને ટાળી નાખે એવા છે." એમ કહીને પછી બોલ્યા જે, **"આ તમને હું ભિક્ષા મંગાવું છું, તે કાંઈ દુર્બળતાથી નથી મંગાવતો. હું તો એવો સમર્થ છું જે, પર્વતના શિખર ઉપર તમે બેઠા હો તો ત્યાં તમને લાડુનો વરસાત વરસાવું, એવો છું."** એમ કહીને પછી મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળને **નલિયા** ને **કોઠારા** આદિ ગામ પ્રત્યે ફરવા મોકલ્યા.

તે ત્યાં અસુરાંશ એવા જે વિતરાગી તેણે આવીને સાધુને માર્યા. તેથી સંત તો પાછા શ્રીજીની પાસે આવ્યા ને સાધુને વાગેલ જોઈને શ્રીજીએ કહ્યું જે, "અસુરનો થોડાક કાળે કરીને પરાભવ થઈ જાશે." ત્યાર પછી મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, "વ્યાકરણ ભણો." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "સારુ મહારાજ." પછી શ્રીજી બોલ્યા જે, "સારી પેઠે દાખડો કરીને ભણો ને હું તમારે સાટે માળા-ભજન

કરીશ, તમે ભણો.” અને વળી શ્રીજી બોલ્યા જે, “તમે ગુજરાતમાં જાઓ ને ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિ સાધુને અમારા પાસે મેલજો.”

પછી તે મહાનુભાવાનંદસ્વામી આદિ સાધુએ સમાચાર કહ્યા, તેથી મુક્તાનંદસ્વામી આદિ સંતે તેરે આવીને શ્રીજીનાં દર્શન કર્યાં. એવી રીતે તેરા ગામમાં બે માસ રહીને લીલા કરી.

✹ ગામ તેરાથી વિચરણ કરતા પંચાળે પધાર્યા :

અને ત્યાંથી સર્વે સંતમંડળ સહિત ગામ **કાળાતળાવ** પધાર્યા ને પોતાના ભક્ત એવા સુતાર હરભમ તથા મનજીને ઘેર ઊતર્યા. તે બે ભાઈએ ગામ મઉથી સાઠ મણ કેરીયુંનું ગાડું ભરી આવીને શ્રીજીને તથા સર્વે સંતને જમાડ્યા. અને તે ગામના સર્વે લોકને કેરીયું આપી. એવી રીતે એક માસને આશરે રહીને ઘણીક લીલા કરી.

અને ત્યાંથી ગામ **માનકૂવે** પધાર્યા. ત્યાંથી **ભુજનગર** પધાર્યા ને ત્યાં રહીને પોતાના ભક્તજનને આનંદ પમાડીને ત્યાંથી ગામ **ધમડકે** પધાર્યા. ત્યાં પોતાના એકાંતિક ભક્ત એવા અદાભાઈ, કલ્યાણસિંહ, રામસિંહ, રાયધણજી તથા કરણીબા આદિ બાઈયું એ સર્વેને સુખ આપતા થકા એમના દરબારમાં ઘણાક દિન રહ્યા. અને ત્યાંથી ગામ **ભચાઉ** પધાર્યા. ત્યાંથી ગામ **વાંઢીએ** થઈને **માળિયા** પધાર્યા. ત્યાંથી **પીપળિયે** થઈને હાલાર દેશમાં થઈને **પંચાળે** પધાર્યા ને ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા.

॥ ઈતિ ૬૭ સડસઠની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૯૮ ની લીલા

✵ કરિયાણામાં સંતદાસજીને પેંડા જમાડ્યા ને જન્માષ્ટમી કરી :

શ્રીજીમહારાજ પંચાળામાં ઘણાક દિવસ રહીને ગામ **કરિયાણે** પધાર્યા. ત્યાં ગામ ડભાણથી સંતદાસજીને લઈને સ્વરૂપાનંદસ્વામી આદિક સંત આવ્યા ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. પછી શ્રીજીમહારાજ સંતદાસજીને જોઈને બોલ્યા જે, "તમે સર્વે બાઈયો વેગળે રહેજો, એમને દેહનું ભાન નથી; વાસ્તે કોઈને અડી જાશે." ત્યારે બાઈયું સર્વે વેગળે જતી રહી.

પછી સંતદાસજીએ શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા ને વીશ ડગલાં પાછે પગે જઈને જેમ ગાય વચ્છ ઉપર હીંસોરો કરે તેમ હીંસોરા કરતાં કરતાં આવીને શ્રીજીમહારાજને દંડવત કરતા હવા. એમ પાંચ દંડવત કર્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બદરિકાશ્રમમાં આમ દંડવત કરવાની રીતિ છે." પછી મહારાજે કહ્યું જે, "સંતદાસજી આવો !" ત્યારે દૂધ-પેંડાનો થાળ હતો, તે ઉપર આવીને બેઠા.



ત્યારે મહારાજ બોલ્યા જે, "એને દેહનું ભાન નથી." એમ કહીને બીજા દૂધ-પેંડા મંગાવીને કહ્યું જે, "તમે જમો." ત્યારે બાચકો ભરીને મોઢા ઉપર મેલ્યો, પણ એકે (પેંડો) મોઢામાં પેઠો નહીં. ત્યારે મહારાજ ભાંગીને તેમના મુખમાં આપતા હવા. એમ બશેર દૂધ-પેંડા જમાડતા હવા. ત્યારે સુરે ખાચરે પૂછ્યું જે, "બદરિકાશ્રમમાં શું છે ?" ત્યારે સંતદાસજી બોલ્યા જે, **"જે છે તે તમારે આંહીં છે. આથી (અહીંથી) ક્યાંયે અધિક નથી."**

ત્યારે ફેરે સુરે ખાચરે કહ્યું જે, "તમે કેમ વારે વારે બદરિકાશ્રમમાં જાઓ છો ?" ત્યારે સંતદાસજી બોલ્યા જે, "મને આ શ્રીજીમહારાજની મૂર્તિ લઈ જાય છે, ત્યારે હું શું કરું ?" ત્યારે સર્વે સભાના જન એમ સમજતા હવા જે, 'આ શ્રીજીમહારાજથી કોઈ અધિક નથી.'

ત્યાર કેડે મહારાજની મરજી જોઈને સંતદાસજી ચાલ્યા, તે નદીને સામે કાંઠે ગયા.

ત્યાર કેડે ગઢડેથી જીવા ખાચર આવ્યા ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! હું સંતદાસજીનાં દર્શન વિનાનો રહી ગયો !" ત્યારે મહારાજે આંગળીની સાન કરી. ત્યારે સંતદાસજી પાછા વળ્યા ને મહારાજ પાસે આવ્યા ને જીવા ખાચર પગે લાગીને બેઠા. પછી પોતાના એકાંતિક ભક્ત થાળ કરીને લાવ્યા, તે શ્રીજીમહારાજ જમ્યા ને સાધુ તથા પોતાના પાર્ષદને પોતે પીરસીને જમાડ્યા.

પછી સાંજના સમે ગામથી બહાર ચોગાન જગ્યામાં મહારાજે ઘોડી ફેરવી. તેને જોઈને સર્વે કાઠીલોક બોલ્યા જે, "હે મહારાજ ! તમારા જેવી ઘોડી કોઈને ફેરવતા આવડે નહીં." પછી સર્વેને દર્શન દેતા થકા દરબારમાં પધાર્યા. પછી સંતદાસજીને મહારાજે આનાકારી(આજ્ઞા કે

સાન) કરી, તે ચાર-પાંચ દિન રહીને પાછા બદરિકાશ્રમમાં ગયા. તે પછી મુક્તાનંદસ્વામી આદિક સંત કરિયાણે આવ્યા ને દેશદેશથી હરિભક્ત પણ આવ્યા ને ત્યાં અષ્ટમીનો સમૈયો કર્યો.

❋ દેશદેશના હરિભક્તોને વૌઠે બોલાવી સમૈયો કર્યો :

અને ત્યાંથી મહારાજ ગામ **સખપર** આવ્યા. ને ત્યાંથી ગામ **સારંગપુર** પધાર્યા. ત્યાં રહીને દેશદેશમાં કંકોતરિયું લખાવી જે, "સર્વે હરિજન કારતકી પૂનમ ઉપર વૌઠે આવજ્યો." એવી રીતે પત્ર લખાવ્યો. તે પત્ર સાંભળીને ત્યાં સંત પ્રથમથી આવ્યા હતા ને સર્વે હરિભક્ત પણ આવ્યા હતા.

પછી શ્રીજીમહારાજ **બુધેજ** થઈને **વૌઠે** પધાર્યા ને સર્વે હરિભક્ત વાજાં લઈને શ્રીજીમહારાજને સન્મુખ ગયા ને ગાજતેવાજતે શ્રીજીમહારાજને નદીને કાંઠે ગામ **વારસિંહ**ની સીમમાં સંઘનો ઉતારો કરાવ્યો, તેને મધ્યે વિરાજમાન કર્યા. ને સર્વે હરિભક્તે કેસરચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તેણે કરીને સારી પેઠે પૂજા કરી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "કાલ સવારમાં આપણે સર્વેને મહાદેવનાં દર્શન કરવા જાવું છે. વાસ્તે સર્વે નાઈ-ધોઈને પૂજા કરીને તૈયાર થાજો." એવી રીતે પોતે બોલ્યા.

પછી પહોર રાત્રી ગઈ ત્યારે બ્રાહ્મણ નાનાભાઈએ સર્વ સંઘમાં સાદ પાડ્યો જે, "કાલ મધ્યાન સમે જેને મહારાજને થાળ કરવો હોય તે કરીને લાવજો." પછી કુબેરસિંહ છડીદાર શ્રીજીમહારાજને પગે લાગીને બોલ્યા જે, "હે મહારાજ ! આપને સન્મુખ ગોસાઈજી ઊતર્યા છે. તે એમ બોલ્યા જે, 'સ્વામિનારાયણે આટલી મશાલુ કરાવી છે, તે એમને એટલું તેલ કોણ આપે છે ?" પછી શ્રીજીમહારાજ એ વાત સાંભળીને હસ્યા જે, 'ગોસાઈજીને ક્યાં રાત્રિ-દિવસની ખબર છે ? ને ભગવાનના પ્રતાપની પણ ક્યાં ખબર છે ?'

પછી બીજે દિન સર્વે સંઘ સહિત શ્રીજીમહારાજે મહાદેવનાં દર્શન કરીને પૂજારી બ્રાહ્મણને પોતાનો સર્વે પોશાક આપ્યો. અને ત્યાંથી ગાજતેવાજતે મુકામ ઉપર પધાર્યા. અને સર્વે હરિભક્તમાત્ર થાળ કરીને શ્રીજીમહારાજના અગાડી લાવ્યા. તે નાના(અનેક) પ્રકારના સર્વે થાળ પોતે જમીને પ્રસાદી સર્વે સંતને આપી. અને સંત હતા તે ગોળા કરીને જમ્યા.

✵ ડભાણ, વડતાલ, બોચાસણ અને સરસવણીમાં વિચરણ :

પછી શ્રીજીમહારાજ ઘોડે અસ્વાર થઈને પાર્ષદે સહિત **ડભાણ** પધાર્યા. સંત પણ તત્કાળ શ્રીજીમહારાજને વાંસે ચાલ્યા ને ડભાણ ગયા. ગામના પટેલે રસોઈ આપી, તે સંતને જમાડીને મહારાજ **વરતાલ** પધાર્યા. ત્યાં સર્વે સંઘ પણ આવ્યો. અને પોતે જોબન વરતાલની મેડી ઉપર ઊતર્યા ને સર્વે સંતને દેશદેશ પ્રત્યે ફરવા મેલ્યા. અને ભણનારા સાધુ હતા તે વરતાલમાં નિત્યાનંદસ્વામી પાસે ભણવા લાગ્યા.

પછી શ્રીજીમહારાજ **બુધેજ** પધાર્યા ને ત્યાંથી **બોચાસણ** કાશીદાસને ઘેર ઊતર્યા. ત્યાં થાળ જમીને કાશીદાસને પ્રસાદી આપી ને એક દિવસ રહીને ગામ **શેરડી** પધાર્યા. ત્યાંથી **એકલબારા**ને આરે ઊતરીને **સરસવણી** પધાર્યા. પછી ગામના તળાવથી દક્ષિણાદી તરફ ભારે વડ હતો, તેને તળે સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં દ્વિજ રામચંદ્ર, નાગજી, ત્રીકમ, શેઠ અમૈદાસ ને ગિરધર આદિક હરિભક્તે શ્રીજીમહારાજની ચંદન-પુષ્પ વડે કરીને પૂજા કરી અને બરફી ને દૂધ-પેંડા આદિકની ભેટ મેલી અને હાથ જોડીને સ્તુતિ કરી.

તે સમયમાં કાનમના ઘણાક હરિભક્ત શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેમની આગળ પોતાના સ્વરૂપના નિશ્ચયની વાર્તા કરી. તે પછી શેઠ અમૈદાસને ઘેર ઉતારો કર્યો. ત્યાં દ્વિજ રામચંદ્ર ને નાગજી શ્રીજીમહારાજને સારુ થાળ કરીને લાવ્યા, તે પોતે જમ્યા ને સાધુ તથા પાર્ષદને જમાડ્યા.

✵ પાદરાના કાનુજીનો દુર્ભાવ અને શેરડીના મોકમસિંહની નિષ્ઠા :

અને ત્યાં એક રાત રહીને ગાયકવાડ કાનુજીના જાસુદ શ્રીજીમહારાજને તેડવા આવ્યા, તે પોતે ગામ **પાદરે** પધાર્યા. ત્યાં રાત્રિ રહીને તેનો ભાવ સારો ન દેખ્યો, વાસ્તે એકલા ચાલી નીસર્યા ને ગામ **બામણગામ** પધાર્યા. ને પોતે ગામને બહાર વિરાજમાન થયા ને હરિભક્ત ભેળું કહેવડાવી મોકલ્યું જે, "અમે ભૂખ્યા છીએ, માટે અમારા સારુ જમવાનું લાવો." પછી ખોડા પંડ્યા દહીં ને રોટલો લાવ્યા, તેને શ્રીજીમહારાજ જમ્યા.

તે સમયમાં સાધુ-બ્રહ્મચારી ત્યાં આવી પહોંચ્યા ને મહારાજને મળ્યા. પછી ત્યાંથી ગામ **શેરડી**એ બારિયા મોકમને ઘેર પધાર્યા. મહારાજે તેમને કહ્યું જે, "અમારે ને કાનુજીને બોલાચાલી થઈ છે. વાસ્તે તમારાથી અમને રખાશે ?" ત્યારે બારિયા મોકમ બોલ્યા જે, "કોઈ રાજા ચડી આવશે તેની મારે બીક નથી. વાસ્તે તમે સુખેથી રહો." એવાં વચન સાંભળીને શ્રીજીમહારાજ રાજી થયા થકા એક રાત રહ્યા.

અને ત્યાંથી **વરતાલ** પધાર્યા. તે સમે ભણનારા સંત ભણતા હતા, તે દીવાને હસતો(તણખા નિકળતા) જોઈને મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે, "આ દીવો હસે છે, તે શુભ સૂચવે છે. માટે શ્રીજીમહારાજ પધારશે કે શું !?" પછી બીજા સંત બોલ્યા જે, "મહારાજ તો કાઠિયાવાડમાં પધાર્યા છે, તે આંહીં ક્યાંથી આવે ?" એવી રીતે વાત કરે છે, ત્યાં બંધૂકનો ભડાકો થયો. તેને સાંભળીને સંતો પુસ્તક પડ્યાં મૂકીને શ્રીજીમહારાજની સન્મુખ દોડીને ગયા. પછી શ્રીજી જોબનપગીના ફળિયામાં ઊતર્યા ને જ્યાં જ્યાં ફર્યા તે વાર્તા પોતે સંતોને કહી.

✵ ઉમરેઠ-પણસોરામાં બે રૂપે થાળ જમ્યા :

પછી ત્યાંથી ગામ **ઉમરેઠ** પધાર્યા ને નંદુ ઠાકરને ઘેરે રાત્રિ રહીને થાળ જમ્યા. એક બ્રાહ્મણ બાઈ હતી, તેણે બીજે દિવસ મહારાજ

સારુ થાળ કર્યો. પછી મહારાજ જમ્યા વિના ચાલી નીસર્યા, તે ગામ **પણસોરે** ગયા. પછી તે બાઈના અંતઃકરણમાં પરિતાપ થયો. તે વાત પોતે જાણીને ગામ પણસોરામાં રહ્યા થકા દિવ્ય સ્વરૂપે કરીને પોતાના પાર્ષદ તથા અસવારીએ સહિત ગામ **ઉમરેઠ**માં આવીને તે બાઈનો થાળ જમ્યા. અને પોતાના પાર્ષદે સહિત ગામના સર્વ મનુષ્યને દર્શન દેતા થકા ગામ **પણસોરે** પધાર્યા. એવી રીતે એકકાળાવચ્છિન્ન બેય ઠેકાણે જમ્યા. એવી રીતે અલૌકિક લીલા કરી.

✵ કઠલાલની બાઈએ શ્રીહરિનું ચરણામૃત કૂવામાં નાખ્યું :

પછી ત્યાંથી **ડડુસર** પધાર્યા ને ભક્ત ગલુજીને ઘેર ઊતર્યા. ને સર્વ પાર્ષદને જમાડ્યા ને પોતે થાળ જમીને ગામ **કઠલાલ** પધાર્યા. ને નદીને કાંઠે પીપળા તળે ચોતરા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા. રાયજી પંડ્યા, ખુશાલ પંડ્યા તથા સદારામ પંડ્યા થાળ કરીને લાવ્યા, તે પોતે જમ્યા. અને તેના ઉપર પ્રસન્ન થઈને ત્યાંથી ચાલ્યા.

તે સમામાં ગામમાંથી એક બાઈ(રામબાઈ) પાણીનો ઘડો માથે મૂકીને માર્ગને વિષે પાછળ આવી અને કહ્યું જે, "મહારાજ ! આ ઘડામાં પગનો અંગૂઠો બોળો." પછી શ્રીજીમહારાજે બોળ્યો. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "આ પાણીને શું કરશો ?" પછી તે બાઈએ કહ્યું જે, "કૂવામાં નાંખીશ, તેને જે પીયે તેનું કલ્યાણ થાય." પછી ચરણામૃત કરી આપીને ગામ **તોરણે** પધાર્યા.

✵ આંતરોલી, શીંગાળી, લવાડ ને સલકીમાં વિચરણ :

ત્યાંથી **આંતરોલી** પધાર્યા. તે ગામના સર્વે સત્સંગી અસવારી ને વાજિંત્ર સહિત સન્મુખ આવ્યા ને શ્રીજીને ગામમાં પધરાવ્યા. અને ભટ્ટ ભાઈશંકરના ફળિયામાં ઊતર્યા. પછી શ્રીજીમહારાજ પોતે ભાઈશંકરને ઘેર થાળ જમવા પધાર્યા ને બહુ પ્રકારનાં ભોજન જમ્યા. પછી ભટ્ટ જયશંકરને ઘેર પણ થાળ જમ્યા ને ભક્તની સેવા અંગીકાર કરી.

અને ત્યાંથી ગામ **શિંગાળી**એ પધાર્યા. તે ગામથી આથમણી દિશામાં રાયણના વૃક્ષ હેઠે ડાળખી ઝાલીને ઊભા રહ્યા. ત્યારે તે ગામના રૂપો કોટવાળ આદિ ભક્તે જે ફળ-પુષ્પ આદિ આપ્યાં તેને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે **ઊંટડીએ મહાદેવ** પધાર્યા. તે મહાદેવનાં દર્શન કરીને પોતાનાં સર્વ વસ્ત્ર હતાં તે મહાદેવ ઉપર ભેટ મૂક્યાં. અને પોતે એમ કહ્યું જે, "આ તો તપભૂમિ છે."

એમ કહીને તે મહાદેવના સમીપે વહેતી એવી જે વાત્રક નામે નદી, તેમાં પોતે સ્નાન કરીને ત્યાંથી ગામ **લવાડ** પધાર્યા. તે ગામના પગી ગેંદાલજીએ શ્રીજીમહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા, તે સુખે કરીને રાત્રી ત્યાં રહ્યા.પછી ત્યાંથી ગામ **સલકી**એ પધાર્યા. તે ગામના ભક્ત દયાળજીએ શ્રીજીમહારાજની સેવા કરી, તેને અંગીકાર કરીને તે રાત્રી પોતે તે ભક્તને સુખ દેતા થકા ત્યાં રહ્યા.

✵ પ્રાંતિજમાં ભક્તોના થાળ જમ્યા ને સેવા સ્વીકારી :

ત્યાંથી પછી **પ્રાંતિજ** પધાર્યા. તે ગામના કાશીરામ પંડ્યા, મયારામ પંડ્યા, ગોવિંદરામ, મંછારામ તથા તુલજારામ આદિ સત્સંગી શ્રીજીની સન્મુખ આવીને વાજતેગાજતે પુરમાં પધરાવ્યા. પછી શ્રીસહજાનંદજી મહારાજ પંડ્યા મયારામને ઘેર ઊતર્યા. ત્યાં શ્રીજીમહારાજને અર્થે થાળ કરાવ્યો તેને પોતે જમ્યા. અને નવલબાના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. નવલબાએ સ્તુતિ કરી અને ત્યાં ચારેકોરના હરિભક્ત દર્શને આવ્યા. તે પોતાના ભક્તજનને સુખ આપતા થકા બોકમાં(પાણી ભરેલ ઘૂનામાં) નાવા સારુ સંતમંડળે સહિત પધાર્યા. અને બોકમાં તાળી દઈને કીર્તન ગાતા થકા બહુ વાર સ્નાન કર્યું.

પછી તે ભક્તે આપ્યાં એવાં જે વસ્ત્ર-અલંકાર તેને ધારણ કરીને ઘોડે અસવાર થઈને પાછા સંત તથા સત્સંગીએ સહિત બજાર સોંસરા થઈને

ઉતારે પધાર્યા. તે ગામમાં ઘરોઘર થાળને જમતા થકા ને તે ભક્તની બહુ પ્રકારની સેવાને અંગીકાર કરતા થકા બહુ દિન સુધી ભક્તોને સુખ આપ્યું.

❋ વિજાપર તથા ગેરીતામાં પધારી ભક્તોની સેવા સ્વીકારી :

પછી ત્યાંથી **વિજાપર** પધાર્યા ને પ્રાગજી આદિ સર્વે ભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજ ભક્ત પ્રાગજીને ઘેર જઈને ઊતર્યા. તે ભક્તે શ્રીજીમહારાજને અર્થે નાના પ્રકારનાં ભોજન કરાવ્યાં તેને પોતે જમ્યા. અને તે ગામના બીજા સત્સંગીએ બહુ પ્રકારે સેવા કરી, તેને પોતે અંગીકાર કરી.

પછી ત્યાંથી ગામ **ગેરીતે** પધાર્યા. તે ગામના ભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે પધરાવ્યા. પછી શ્રીજીમહારાજ ભક્ત મોતીને ઘેર ઊતર્યા ને તે ભક્તે શ્રીજીમહારાજને અર્થે બહુ પ્રકારનાં ભોજન કરાવ્યાં તેને પોતે જમ્યા. અને તે ગામના બીજા સત્સંગીએ પણ શ્રીજીમહારાજની સેવા વસ્ત્ર-અલંકારે કરીને કરી તેને પોતે અંગીકાર કરી.

❋ વિશનગરમાં ચોરાસી કરી :

અને ત્યાંથી ગામ **વિશલનગર** પધાર્યા. તે ગામના સત્સંગીએ શ્રીજીમહારાજને સન્મુખ અસવારી લાવીને વાજતેગાજતે શહેરની રાજબજારમાં થઈને દેસાઈ લાલદાસની મેડી ઉપર પધરાવ્યા. અને મેડીનો ઉગમણો ગોખ તેમાં શ્રીજીમહારાજ બેસીને તે ગામના ભક્તોને દર્શન આપતા થકા વિરાજતા હવા. અને તે ગામનાં ભક્ત ઉદેકુંવરબાઈ તેમણે શ્રીજીમહારાજને અર્થે થાળ કર્યો. તેમાં લાડુ, જલેબી, ઘેબર, બરફી, પેંડા એ આદિ નાના પ્રકારનાં પકવાન ને શાક તેણે કરીને શ્રીજીમહારાજને પોતાને ઘેર જમવા પધરાવ્યા.

તે સમે શ્રીજીમહારાજના દર્શનને અર્થે, તે ગામના સત્સંગી ને તે ગામના દેસાઈ કેશવદાસ આદિ ઘણાક નાગર બ્રાહ્મણ તે પણ આવ્યા.

તે શ્રીજીમહારાજને દર્શને કરીને બહુ રાજી થયા. તેમને શ્રીજીમહારાજ દર્શન દેતા થકા બહુ વાર સુધી જમ્યા. તે થાળ જમીને પછી પોતે ઉતારે પધાર્યા. ત્યાં દેસાઈએ શ્રીજીમહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા. તે ભક્તને શ્રીજીમહારાજ દર્શન દેતા થકા વિરાજતા હવા. અને સર્વે બ્રાહ્મણના જે મોટેરા હતા તેને બોલાવીને પોતે બોલ્યા જે, "અમારે બ્રાહ્મણની ચોરાસી કરવી છે. તે જો તમને રુચે તો બે તડવાળા બોલો."

ત્યારે શોભારામ વ્યાસના તડવાળા બોલ્યા જે, "અમે તો નહિ જમીએ." તે પછી દેસાઈ કેશવદાસના તડવાળા બોલ્યા જે, "અમે તો જમશું." એમ કહીને બેઠા, તેટલાકમાં દયારામ જોષી આવ્યા. તે પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે બ્રાહ્મણની ચોરાસી કરવી છે. માટે અમારે ઘી, સાકર, લોટ એ આદિ જે જોઈએ તે તમે અપાવો. જો તમારે ખોળાધર(બાંહેધર-સાક્ષી) જોઈએ તો આ ગોવિંદજીભાઈને લ્યો."

એમ કહીને પોતે નાના પ્રકારની સામગ્રીઓ મંગાવી ને પાંચ પ્રકારનાં પકવાન કરાવ્યાં. અને તે બ્રાહ્મણોને જમાડીને રૂપિયો રૂપિયો દક્ષિણા આપી. અને તે ગામના ભક્તજન જે વ્રજજીવન દવે, મોતીરામ વ્યાસ, હેમદાસ, હરિભાઈ તથા પાનાચંદ એ આદિ ભક્તજને પોતપોતાનાં ઘેર શ્રીજીમહારાજને પધરાવ્યા અને વસ્ત્ર-અલંકારે કરીને બહુ પ્રકારે સેવ્યા.

✵ ઉંઝામાં જયકુંવરબાઈનો થાળ જમ્યા :

પછી શ્રીજીમહારાજ ઘણાક દિવસ ત્યાં રહીને ગામ ઉંઝે પધાર્યા. તે ગામના ભક્તે શ્રીજીમહારાજને નાના પ્રકારના વાજિંત્રે સહિત સન્મુખ આવીને ગામમાં પધરાવ્યા. પછી બાઈ જયકુંવરે શ્રીજીમહારાજને અર્થે થાળ કર્યો ને મહારાજને જમાડ્યા. પછી તે ગામના ભક્ત મોરાર તથા અમરો એ આદિ ભક્તજનની સેવા અંગીકાર કરતા થકા તે ભક્તોને બહુ પ્રકારનું સુખ આપ્યું.

✹ મહેસાણા કસળબાઈને ઘેર પાર્ષદોને ખીચડી ને ઘી ખૂબ જમાડ્યા :

પછી ત્યાંથી **મહેસાણે** પધાર્યા ને તે ગામના ભક્તે શ્રીજીમહારાજને વાજતેગાજતે પધરાવ્યા ને કસળબાઈને ઘેર પધાર્યા. પછી તે બાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારા ઘરમાં ઘીનું કુડલું ભર્યું છે, તે તમો વાવરીને પછી પધારો." ત્યારે શ્રીજીમહારાજ પોતે થાળ જમીને પીરસવાને પધાર્યા અને સર્વેને ખીચડી ને ઘી ફેરવતા થકા એમ બોલ્યા જે, "આ કસળબાઈનું ઘી બધુંય વાવરવું છે." એમ કહીને પાળા ભગુજી આદિને પોતે બહુ જમાડીને પછી પોતે ઉતારે પધાર્યા. અને તે ગામના ભક્ત પીતાંબર આદિકની સેવા અંગીકાર કરી.

પછી ત્યાંથી ગામ **મોટપ** પધાર્યા. ત્યાં ગામથી ઉત્તરમાં તળાવને કાંઠે કૂવા ઉપર ઊતર્યા. અને તે ગામના ભક્ત તુલસીદાસ આદિ સર્વની સેવા અંગીકાર કરીને ગામ **ધીણોજ** પધાર્યા. તે ગામના ભક્ત મુગટરામ, બળદેવ, ચનુ દવે તથા ઉમયાશંકર એ આદિ વિપ્રની સર્વે સેવા અંગીકાર કરી. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **અંબાસણ** પધાર્યા. તે ગામના ભક્ત જે પાટીદાર તેમણે શ્રીજીમહારાજને વાજતેગાજતે પધરાવ્યા. અને તે પટેલિયે શ્રીજીમહારાજને અર્થે થાળ કરાવ્યો તેને પોતે જમ્યા. પછી તે ભક્તે શ્રીજીમહારાજની સેવા બહુ કરી, તેને પોતે અંગીકાર કરી.

✹ ટુંડાલી, નંદાસણ, માથાશૂલ, કુંડાલ ગામના ભક્તોની સેવા સ્વીકારી :

અને ત્યાંથી ગામ **ટુંડાલી**એ પધાર્યા ને તે ગામના ભક્તે શ્રીજીમહારાજને રૂડે પ્રકારે પધરાવ્યા. તે ગામના ભક્ત બાલચંદ આદિએ શ્રીજીમહારાજને અર્થે થાળ કરાવ્યો તેને પોતે જમ્યા. પછી તે ગામનાં જે બાઈભાઈ સર્વે તેમની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **નંદાસણ** પધાર્યા. તે ગામના ભક્તે શ્રીજીમહારાજને વાજતેગાજતે પધરાવ્યા.

પછી તે ગામના ભક્ત ભાવસિંહને ઘેર થાળ કરાવ્યો ને પોતે જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. અને ભક્ત ભગવાનદાસ આદિની સેવા

અંગીકાર કરીને ત્યાંથી **માથાશૂલ** પધાર્યા. તે ગામના જોઈતા આદિ સર્વે હરિજને પોતાને ઘેર પધરાવ્યા. ત્યાં રાત્રી રહીને મોરારભક્તને ઘેર થાળ જમીને ત્યાંથી **કુંડાલ** પધાર્યા. તે ગામના ભક્ત કલા આદિએ શ્રીજીમહારાજને સન્મુખ આવીને વાજતેગાજતે પોતાના ગામમાં પધરાવ્યા. અને શ્રીજીમહારાજની ચંદન-પુષ્પાદિક તથા ભોજનાદિકે કરીને પૂજા કરી.

✵ કડી અને રાજપર ગામે ભક્તોની સેવા સ્વીકારી :

અને ત્યાંથી ગામ **કડી**માં ગાજતેવાજતે પધાર્યા. તે ગામના હરિજન વિપ્ર ઉમેદ તરવાડી તથા દેવચંદ આદિ ભક્તની સેવા અંગીકાર કરીને ગામ **રાજપર** પધાર્યા. તે ગામના જેકણદાસ તથા બેચરદાસ આદિ હરિભક્તે પોતાને ઘેર પધરાવ્યા. અને શ્રીજી સર્વ ભક્તની સેવા અંગીકાર કરીને ગામની ભાગોળે સભા કરીને વિરાજમાન થયા.

તે સમે ગામના કુસંગી પટેલિયા તથા ગરાસિયાએ આવીને શ્રીજીમહારાજને પૂછ્યું જે, “તમે ભગવાન કહેવાવ છો તે કોઈનું ભૂંડું કરો તો ન થાય ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **“ભગવાન તો કોઈનું ભૂંડું કરતા નથી. જે જીવે જેવાં કર્મ કર્યાં હોય તેને તેવા કર્મનું ફળ આપે છે. અને ભગવાનના હાથમાં તો સર્વે જીવનાં નાડી-પ્રાણ છે.”** એમ કહીને બે ચકલાં હતાં તેનાં નાડી-પ્રાણ સંકેલી લીધાં ને સર્વને કહ્યું જે, “ભગવાન તો આટલી વારમાં ભૂંડું કરવું હોય તો કરે, પણ ભગવાન તો કલ્પવૃક્ષ તુલ્ય છે.” એવી રીતે કહ્યું.

✵ ડાંગરવા, કરજીસણ, ખોરજ, મોખાસણ ગામે થાળ-પધરામણી :

પછી ગામ **ડાંગરવે** પધાર્યા. તે ગામના અગરોજી, અમરોજી તથા બાઈ જતન એ આદિ એકાંતિક ભક્તને ઘેર પધાર્યા. અને સંત તથા પાર્ષદને દહીં-દૂધે ત્રપત કરીને રૂડી રીતે ગોવાળલીલા કરી અને સર્વ ભક્તજનને આનંદ પમાડીને ઘોડે અસવાર થઈને ગામ **કરજીસણ** પધાર્યા.

તે ગામના ભક્ત ગોવિંદજી તથા ભક્ત કસળા આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને પોતાના ગામમાં ગાજતેવાજતે પધરાવ્યા. અને તે સર્વને ઘેર થાળ જમ્યા. પછી ગામની પૂર્વ ભાગોળે વડ તળે સર્વ મુનિ તથા હરિભક્ત સહિત સભા કરીને વિરાજમાન થયા ને ભક્તજને હિંડોળામાં ઝુલાવ્યા. એવી રીતે ઘણાક દિન લીલા કરી.

પછી ત્યાંથી ગામ **ખોરજ** પધાર્યા ને તે ગામના ભક્ત પટેલ બેચર આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજને અર્થે થાળ થયો તે પોતે ગોદડજીને ઘેર થાળ જમવા પધાર્યા. તે સારી પેઠે જમીને પછી સંતને પણ જમાડ્યા. પછી તે ભક્તજનની સેવા અંગીકાર કરી.

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મોખાસણ** પધાર્યા. તે ગામના ભક્ત જેઠા તથા રાયચંદ આદિ શ્રીજીની સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામના પાણી ભરવાના કૂવાની સમીપે વડ તળે ઉતાર્યા. પછી શ્રીજીમહારાજને અર્થે ગામમાં થાળ કરાવ્યો તે પોતે જમીને સર્વે સંતને જમાડ્યા. પછી તે ભક્તે કેસરચંદને કરીને શ્રીજીમહારાજની પૂજા કરી.

✵ પલિયડ, નારદીપર, સોજા ગામે થાળ-પધરામણી :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ગામ **પલિયડ** પધાર્યા. તે ગામના ભક્ત જેઠા આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે બાઈ ગંગાને ઘેર પધરાવ્યા. ત્યાં શ્રીજીમહારાજ જમ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી તે ગામના વિપ્ર ઝુમખરામ આદિ સર્વે હરિજનની સેવાને અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **નારદીપર** પધાર્યા. તે ગામના વિપ્ર નાનાભાઈ આદિ શ્રીજીમહારાજની સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા ને સંતને પણ જમાડ્યા. પછી શ્રીજીએ બ્રાહ્મણની ચોરાસી કરીને બહુ દક્ષિણા દીધી.

પછી શ્રીજી તે ભક્તની સેવા અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **સોજે** પધાર્યા. તે ગામના બાલચંદ આદિ શ્રીજીની સન્મુખ આવ્યા ને પોતાને ઘેર પધરાવ્યા. પછી થાળ કરાવીને સારી પેઠે જમાડ્યા ને સર્વે સાધુને પણ જમાડ્યા. પછી તે ભક્તની સેવા અંગીકાર કરી.

❋ નાદરી ગામે શિવજીની ઇચ્છાથી સર્વને રુદ્રાક્ષનો પારો બંધાવ્યો :

ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **નાદરી**એ પધાર્યા. પછી બાઈ રતનને ઘેર થાળ જમ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી શ્રીજી તે ભક્તની સેવા અંગીકાર કરીને ગામની બહાર જઈને ભાગોળે ઉતારો કર્યો. ત્યાં શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

તે સમે શ્રીજીની આગળ ગવૈયા સંત કીર્તન ગાવા લાગ્યા. તે ગાવણું સાંભળીને શ્રીજી બહુ રાજી થયા. પછી સર્વે સંતને પોતે બહુ વાર સુધી જ્ઞાનવાર્તા કરી. પછી પોતે પોઢી ગયા ને સર્વે સંત પણ સૂઈ રહ્યા. તે જ્યારે પ્રાતઃકાલ થયો ત્યારે શ્રીજી ઊઠીને સર્વે સંતની સભા થઈ તે સામું જોઈને એમ બોલ્યા જે, "આજ તો અમારાં દર્શન કરવા શિવજી આવ્યા. તે દર્શન કરીને બહુ વાર સુધી પ્રાર્થના કરી અને એમ બોલ્યા જે, 'તમે અમારું કાંઈક ચિહ્ન રાખો.' એમ શિવે કહ્યું." તે સાંભળીને શ્રીજીમહારાજ સર્વે સંત તથા હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, "તમે સર્વે અકેકો રુદ્રાક્ષનો મણકો કંઠને વિષે ધારો." ત્યારે સંત-હરિભક્ત સર્વે રુદ્રાક્ષનો અકેકો મણકો ધારતા હવા. તે છ મહિના સુધી પ્રકરણ રહ્યું.

❋ વડુ, ઝુલાસણ, પાનસર, ઓળા, મોટેરા ગામે થાળ-પધરામણી :

એમ લીલા કરતા થકા તે ભક્તને દર્શન દેતા થકા ત્યાંથી ચાલ્યા, તે પાછા ગામ **વડુ** પધાર્યા. અને ગામના ભક્ત પટેલ તુલસીદાસ, માનો ગોયલ તથા ચોપરા જેરામ એ આદિ હરિજન સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. અને માના ગોયલના

ફળિયામાં શીરા-પૂરીની રસોઈ સંતને જમાડી અને પોતે થાળ જમીને સર્વ ભક્તની સેવા અંગીકાર કરી.

અને ત્યાંથી **ઝુલાસણ** પધાર્યા. તે ગામના ભક્ત પટેલ દેવકણ તથા હીરા આદિએ શ્રીજીને ચોરામાં ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા. ને શ્રીજી ભક્ત હીરાને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ગામ **પાનસર**માં સુથાર પીતાંબરને ઘેર થાળ જમીને ગામ **ઓળે** પધાર્યા. તે ગામના નરોત્તમ તથા શ્રીધરદાસ આદિ ભક્તે ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવ્યા. ને શ્રીજીને થાળ જમાડીને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજતા હવા.

ત્યાંથી ગામ **અડાલજ** થઈને **મોટેરે** પધાર્યા ને પટેલ ભૂધરદાસ ભક્તની પત્નીએ દૂધ ને પૂરી શ્રીજીમહારાજને જમાડી. તે જમીને પોતાના પાર્ષદને જમાડે. એવી રીતે લીલા કરીને પટેલ પુરુષોત્તમદાસ આદિ ભક્તજનની સેવા અંગીકાર કરી.

✺ જેતલપુરમાં તાવ ગ્રહણ કર્યો ને તે ભૂમીનાં ભાગ્ય વખાણ્યાં :

અને ત્યાંથી **શ્રીનગર** થઈને **જેતલપુર** પધાર્યા. અને તે ગામના ભક્ત આસજીભાઈ, જીવણદાસ, શંકરદાસ, મનોરહરદાસ, ગંગાદાસ મુખી તથા આશારામ તરવાડી એ આદિ હરિભક્ત શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં ફેરવીને શ્રીજીમહારાજને મહોલમાં પધરાવ્યા.

પછી શ્રીજીને શરીરે તપત(તાવ) જેવું હતું, તેથી મહોલને સમીપે ઓરડામાં વિરાજમાન થયા ને સગડી કરાવીને તાપતા હતા. તે સમે વિશલનગરથી સંતનું મંડળ આવ્યું. તે શ્રીજીને સાષ્ટાંગ પ્રણામ કરીને સમીપે બેઠા. પછી શ્રીજીએ સર્વેને સમાચાર પૂછ્યા ને કહ્યું જે, “તમે સર્વે આંહીં રહો.” પછી મુની બોલ્યા જે, “અમારે સર્વેને ભિક્ષા પૂરી નહિ થાય.”

પછી શ્રીજી બોલ્યા જે, “બાઈયું પાશેર અન્ન જમીને રહે છે. માટે તમે પણ જેટલું ભિક્ષામાં અન્ન મળે તેણે કરીને દેહનિર્વાહ કરો.” એવી રીતે શ્રીજીએ આજ્ઞા આપી અને પોતે પંદર દિન રહીને ત્યાં સંતને ત્યાગ-વૈરાગ્યની ઘણી વાત કરતા ને નિત્ય પ્રત્યે ગામમાં થાળ જમવા પધારતા. અને નિત્ય નવી લીલા કરતા થકા જેતલપુરની ભૂમીનાં વખાણ કર્યાં ને પોતે વૃક્ષ-વેલીઓ જોઈને પ્રસન્ન થયા.

✵ ડભાણમાં અન્નનો સંગ્રહ કરવા કહ્યું :

પછી ત્યાંથી **ગામડી** પધાર્યા ને તે ગામના ભક્તે શ્રીજીને રૂડી રીતે પધરાવ્યા. ત્યાંથી ગામ **કુણે** પધાર્યા ને વસ્તાભક્તને ઘેર ઊતર્યા. ત્યાંથી **ડભાણ** પધાર્યા ને રઘુનાથદાસને ઘેર રાત્રિ રહ્યા. અને રઘુનાથદાસને કહ્યું જે, “પાંચસે મણ કોદરા લ્યો, આગળ ખપ(જરૂર) પડશે. કેમ જે આવતા વરસનો નિરધાર નથી.” પછી રઘુનાથદાસે કહ્યું જે, “હે મહારાજ ! ઘણી બાજરી છે.”

✵ નાગડકામાં એક માસ ભાગવતની કથા કરાવી :

પછી ત્યાંથી **નાગડકે** જઈને સુરા ખાચરના દરબારમાં ઊતર્યા. ને એકાંતિક ભક્ત થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા. અને દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર અને અલંકાર વતે કરી જે સેવા તેને અંગીકાર કરી. અને શ્રીમદ્ભાગવતની કથા વંચાવતા થકા એક માસ રહ્યા. અને ત્યાં આમોદથી મુક્તાનંદસ્વામી આદિ સાત સંત શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેમને દશ દિન પોતાની પાસે રાખીને જેતલપુર જવાની આજ્ઞા કરી. અને કહ્યું જે, “ત્યાં મહાનુભાવાનંદસ્વામી આદિ સંતને ફૂલડોલ ઉપર અમારા પાસે મોકલજો.” એવી રીતે કહીને શ્રીજી **સારંગપુર** પધાર્યા ને ત્યાં ઘણા દિન રહીને **કારિયાણી** પધાર્યા. ત્યાંથી ગામ **નસીતપર** પધાર્યા.

❋ સારંગપુરમાં ફૂલદોલોત્સવ અને ચરણસેવાની દુર્લભતા :

ત્યાંથી પાછા **સારંગપુર** પધાર્યા ને ત્યાં ફૂલડોલનો સમૈયો ઠરાવ્યો. ત્યાં દેશદેશના હરિભક્ત આવ્યા ને જેતલપુરથી મહાનુભાવાનંદસ્વામી આદિ ત્રીસ મૂર્તિ આવ્યા ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. ત્યાં ફૂલડોલનો સમૈયો કર્યો. તે સમે મહાનુભાવાનંદસ્વામી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ ચાંપતા હતા. તે શ્રીજીમહારાજે ચરણારવિંદ પાછાં તાણી લીધાં. પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "આ ચરણારવિંદ સારુ તો લોકના તિરસ્કાર ઘણાક સહન કરીએ છીએ. અને ગામોગામ લોકો માથે ધૂળ નાંખે છે ને ગામમાંથી કાઢી મૂકે છે, તે સહન કરીએ છીએ, ને તેમ છતાં ચરણારવિંદ કેમ પાછાં તાણી લો છો ?"

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે તો તીર્થવાસીની પેઠે કરો છો જે, એક તીર્થવાસી હતો, તેણે વાણિયાની દુકાનમાં ઝાડું કાઢ્યું. પછી વાણિયાને કહ્યું જે, 'રે વાણિયા ! દશ શેર સોના લાવો.' પછી વાણિયે કહ્યું જે, 'સોનું શેનું માગો છો ?' પછી તીર્થવાસી બોલ્યો જે, 'મેં તેરી દુકાનમાં ઝાડું કાઢ્યું તેનું.' પછી વાણિયે કહ્યું જે, 'બાવા ! ઘેલા છો કે શું ?' તેની પેઠે તમે પણ કરો છો જે, લગારેક ધૂળ નાંખીને ગામમાંથી કાઢી મૂક્યા તેટલામાં આ ચરણારવિંદ મળે છે ? આ ચરણારવિંદ સારુ તો કેટલાક જોગી વનમાં જઈને હજારો વર્ષ તપ કરે છે ને માંથે ઉધેઈયું રાફડા કરે છે, તોય સ્વપ્નમાં પણ ભગવાનનાં દર્શન થાતાં નથી. ને તમારા જેવા પ્રેમી તો કેટલાક ભાગી ગયા ને ઘણાય પ્રેમ દેખાડતા હતા. ને તે ધરમપુરમાં પરમ ચૈતન્યાનંદ જઈને બેઠા."

પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "એવું તો ન થવાય !" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એમ તમારે ન થવાય ?" પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "એવું તો કોઈ દિન ન થાય !" પછી તો શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પોતાનાં ચરણારવિંદ લાંબાં કર્યાં,

તે મહાનુભાવાનંદસ્વામી ચાંપવા લાગ્યા. ત્યારે પરમાનંદસ્વામી પણ ચાંપવા લાગ્યા. તે બેય જણે સારી પેઠે દાબીને ચરણારવિંદને પોતાના મસ્તક ઉપર લીધાં ને છાતીમાં લીધાં. એમ બહુ વાર સેવા કરી.

❋ સારંગપુરમાં હુતાશણીનો ઉત્સવ :

પછી ત્યાં હુતાશણીનો ઉત્સવ કર્યો. તેમાં પોતાના ભક્તજન સંઘાથે બહુ વાર સુધી કેસુડાનો રંગ, પતંગનો રંગ ને ગુલાલ તે બહુ વાર ઉડાડીને પોતે ભક્તજનને આનંદ ઉપજાવતા થકા રમતા હવા. અને બાઈયું પણ પરસ્પર બહુ વાર રમી ને શ્રીજીમહારાજ પાસે ગોઠ્ય(ભેટ) માગી. તેમાં કાઠિયાવાડની બાઈયોએ તો ખજૂર ને ફગવા માગ્યા અને જે ગુજરાતની બાઈયું હતી તેમણે તો એમ વર માગ્યો જે, **"હે મહારાજ ! તમારા ચરિત્રને વિષે મનુષ્યભાવ આવે નહીં, ને અખંડ આવી મૂર્તિ દેખાય, ને દેહ ને દેહના સંબંધીમાં હેતરૂપી જે તમારી માયા, તે અમને નડે નહીં, ને તમારા ધામને વિશે રાધિકા ને લક્ષ્મીજીની પેઠે સેવામાં રાખજ્યો; એ વર આપો."** ત્યારે મહારાજે કહ્યું જે, "તથાસ્તુ !" એમ કહીને શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "કાઠિયાવાડની બાઇયું કરતાં ગુજરાતની બાઇયું બહુ ડાહી છે !" એમ કહીને પોતાના ઉતારે પધાર્યા.

પછી પોતે કાઠીના અસવારે વીંટાણા થકા પોતાના પાળા પાસે બંધૂકોના ભડાકા કરાવતા થકા ને ગુલાલ ઉડાડતા થકા નદીએ સ્નાન કરવા સંતમંડળ લઈને પધાર્યા. તે બહુ વાર સુધી સ્નાન કરીને પોતે આવતા હતા. તેવામાં જેતલપુરથી નિત્યાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી આદિ સંત આવ્યા. તે બહુ પુષ્પના હાર લાવ્યા ને શ્રીજીમહારાજની પૂજા કરી. પછી એવી શોભાને ધારણ કરતા થકા સાધુ, પાળા તથા કાઠીના અસવારે વીંટાણા થકા ગાજતેવાજતે પોતે ગામમાં જીવા ખાચરના દરબારમાં પધાર્યા.

તે સમયમાં પોતાના એકાંતિક ભક્ત જમવાનું લાવ્યા, તેને પોતે જમ્યા. પછી સાધુ, પાળા તથા અસવારને પોતે પીરસીને જમાડ્યા ને બીજા સંઘના માણસ હતા તેને પણ જમાડ્યા. એવી રીતે સમૈયો કર્યો.

❋ સારંગપુરથી સંતોને તવરાના મેળે મોકલી શ્રીહરિ ગઢડે પધાર્યા :

પછી તે સર્વે સંત પ્રત્યે એમ બોલ્યા જે, "તમે સર્વે તવરાને મેળે જાઓ અને અમે ને સત્સંગી સર્વે વાંસેથી આવશું." તે સાંભળીને સંત તો ગયા ને સત્સંગી પણ ગયા. અને ત્યાં પોતે તો ન પધાર્યા ને કેડેથી કહી મોકલ્યું જે, "તમે સર્વે મુક્તાનંદસ્વામીની પૂજા કરજો." એમ કહી મોકલ્યું ને પોતે તો ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા. ને પોતાના રસોઈયા હતા તેમણે રસોઈ કરી તે પોતે જમ્યા ને પોતાના એકાંતિક ભક્તને મનવાંછિત સુખ દીધાં. અને ત્યાં દાદા ખાચર આદિ પોતાના એકાંતિક ભક્તજન હતા, તેમણે શ્રીજીમહારાજની બહુ સેવા કરી, તેને અંગીકાર કરી.

❋ પંચાળામાં ઝીણાભાઈ પાસે અન્નસંગ્રહ કરાવ્યો :

પછી ત્યાંથી ગામ **પંચાળે** પધાર્યા ને ઠાકોર ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા. તે સમયમાં પોતાના એકાંતિક ભક્ત થાળ લાવ્યા તે પોતે જમ્યા. પછી ઝીણાભાઈ તથા ગગાભાઈ એકુકો ચરણ ખોળામાં લઈને ચાંપવા લાગ્યા. અને તે ગામના ભક્ત ઝીણાભાઈ આદિ સત્સંગી તેમણે શ્રીજીમહારાજની બહુ સેવા કરી, તેને અંગીકાર કરીને એમ બોલ્યા જે, "તમારે દાણા કેટલા છે ?" ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, "દાણા તો થોડા છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જાર લ્યો." ત્યારે તેણે જાર સો કળશી(૧કળશી=વીસ મણ) લીધી ને ખાણ્યો ભરી. અને શ્રીજીમહારાજ પોતે તો ભક્તજનને આનંદ ઉપજાવતા થકા વિરાજતા હવા.

॥ ઈતિ ૬૮ અડસઠની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૬૯ ની લીલા

✵ ઓગણોતેરામાં ચાતુર્માસ ગઢડે રહ્યા :

પછી ત્યાંથી ગામ ગઢડે પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં છાના રહ્યા. તે કોઈને દર્શન પણ ન આપે ને એકાંતે રહે. અને ગામ બોટાદ દર્શન દેવા કોઈક દિવસ રાત્રિમાં પધારે તથા ઝીંઝાવદર, કારિયાણી તથા સારંગપુર પધારે ને પાછા ગઢડા આવે. તેવા સમયમાં બજારમાં ઘણાક રાંક આવીને પડ્યાં હતાં. તેમને પોતે રોટલા કરાવીને તેના ટોપલા ભરાવીને તથા ખીચડાનાં કઢિયાં(પહોળા મોઢાવાળું માટીનું દેગડું-પાટિયો) ભરાવીને પોતાના માણસ પાસે અપાવતા હવા. અને પોતાના એકાંતિક ભક્તને રાત્રિને વિષે દર્શન દેતા હવા. ને મસ્તક ઉપર કેશ રાખ્યા ને તેમાં અત્તર નખાવતા.

તે સમયમાં સવારમાં કઢેલું દૂધ સાકર નાંખીને પીવે, તેનો ઉપલા હોઠ ઉપર દોરો પડે, તેને પોતાના હેઠલે હોઠે કરીને ભાંગી નાખે, ને કોઈક સમે તો પોતાના હાથ વતે કરીને ભાંગી નાંખે. અને બપોરે બિરંજ, હરિસો, જલેબી તથા મોતિયા લાડુ એ આદિક પકવાન તથા નાના પ્રકારનાં શાક, પૂરી, ભાત, દાળ, દહીંવડાં તથા દહીં ને સાકર એવાં અનેક પ્રકારનાં જમવાનાં પદાર્થ, તેને પોતાના એકાંતિક ભક્ત થાળમાં ભરીને લાવ્યા, તેને પોતે જમ્યા. અને પોતાના પ્રેમીજને આપ્યો જે મુખવાસ તેને પોતે જમ્યા. અને સાંજને સમે દૂધ-ભાત જમ્યા તથા કોઈક સમે ખીચડી ને કઢી તથા રોટલી ને શાક, પોતાના પ્રેમીજન લાવે તેને પોતે જમતા. ને મુખવાસ કરીને પોતાના ભક્તજનને સુખ દેતા થકા પોઢ્યા.

અને સવારના પહોરમાં ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને કિનખાપનો સુરવાળ તથા ડગલી તેને પહેરતા હવા ને માથે કસુંબલ રેંટો બાંધતા હવા ને ગુઢા રંગનો રેંટો ઓઢતા હવા ને કોઈક સમે કચ્છની

ટોપી ધારણ કરતા હવા. એમ નિત્ય પ્રત્યે નવી ને નવી લીલા કરતા થકા ચાતુર્માસ ગઢડાને વિશે રહ્યા.

❋ ગઢડે આવેલ મુક્તમુનિને દુષ્કાળ અંગે સમાચાર પૂછ્યા :

એક દિવસ સવારમાં સૂતા ઊઠીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તેવામાં ગુજરાતમાંથી મુક્તાનંદસ્વામી આવ્યા ને પ્રેમજી ઠક્કરના હાટમાં ઊતર્યા. પછી નાજે જોગિયે જઈને શ્રીજીમહારાજને કહ્યું જે, "મુક્તાનંદસ્વામી આવ્યા છે." ત્યારે મહારાજે મોટીબાને બોલાવીને કહ્યું જે, "એભલ ખાચરને તમે એમ કહો જે, અમારા ઠાકરની કલંગી ટૂટી ગઈ છે, તે તમે મુક્તાનંદસ્વામીને કહો તો સમી કરી આપે." ત્યારે એભલ ખાચરે મુક્તાનંદસ્વામીને બોલાવ્યા ને તેમને પૂછ્યું જે, "તમે ક્યાંથી આવો છો ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "અમે ગુજરાતમાંથી આવીએ છીએ ને કચ્છમાં મહારાજને દર્શને જઈએ છીએ." ત્યારે એભલ ખાચર બોલ્યા જે, "મોટીબાના ઠાકરની કલંગી ભાંગી ગઈ છે, તે તમે સમી કરી આલો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "નાજા જોગિયાને ભેળા મોકલો." એમ કહીને દરબારમાં ગયા.

પછી મહારાજે સ્વામીને દેખીને દંડવત કર્યો ને તેવામાં સ્વામીએ દંડવત કર્યો. ત્યાં તો પોતે ઉપાડી લઈને છાતીમાં ઘાલીને મળ્યા ને ચાકળા ઉપર બેસારીને ગુજરાતના સર્વે સાધુ તથા હરિભક્તના સમાચાર પૂછ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "અન્નની કોરનું સર્વેને કઠણ છે, પણ હરિભક્ત ભૂખ્યા રહીને સાધુની ઝોળીમાં અન્ન નાંખે છે." તે વાતને સાંભળીને શ્રીજીમહારાજ તે હરિભક્ત ઉપર બહુ રાજી થયા.

તેવા સમયમાં થાળ આવ્યો, તેને પોતે જમતા જાય ને મુક્તાનંદ સ્વામીને પીરસતા જાય. ને સ્વામી ના પાડે ત્યારે પોતે એમ કહે જે, "બહુ દિવસે થાળ મળ્યો છે, વાસ્તે સારી પેઠે જમો."

ત્યારે સ્વામી બોલ્યા જે, "બહુ સારું." એમ કરતાં એક પહોર વીતી ગયો. પછી મહારાજે કહ્યું જે, "તમે ઉતારા ઉપર જાઓ." ત્યારે સ્વામીએ કહ્યું જે, "બહુ સારું, આવી ને આવી અમારા ઉપર કૃપા રાખજો." એમ કહીને ઊઠ્યા ને ઠાકરને કલંગી ધરાવીને ડેલીએ ગયા. ત્યારે એભલ ખાચર બોલ્યા જે, "બહુ વાર લાગી !" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "કલંગી ટૂટી ગઈતી, તે સમી કરતાં બહુ વાર લાગી." એમ કહીને ઉતારા ઉપર પધાર્યા.

✺ જીવા ખાચરના સદાવ્રતમાં દાણા ખૂટતાં શ્રીહરિએ લાજ રાખી :

ત્યાર કેડે એક સમયમાં જીવા ખાચરને મૂંઝવણ થઈ. તે અફીણ લઈને મરવાનો વિચાર કરવા માંડ્યો. ત્યારે તેમની દીકરી જે અમુલાબાઈ તેણે શ્રીજીમહારાજને આવીને કહ્યું જે, "મારો બાપ તો મરવાને તૈયાર થયો છે." પછી શ્રીજીમહારાજે જીવા ખાચરને બોલાવીને પૂછ્યું જે, "તમે શા સારુ મૂંઝાઓ છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "મારી ડેલીથી માણસ રોટલા વિનાનો ભૂખ્યો જાય, ત્યારે મારે જીવ્યાનું શું પ્રયોજન છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "કાંઈ ચિંતા કરશો નહીં. અમે તમારી સહાયમાં ભળશું." એમ કહીને મુક્તાનંદસ્વામીને કારિયાણી મોકલ્યા, ને કહ્યું જે, "તમે વસ્તા ખાચરને કહેજો જે, તમારા ઘરમાં દાણા હોય તેમાંથી બાર મહિના ખાઓ એટલા રાખીને અધિક હોય તે મોકલી દેજ્યો; ને એક હજાર રૂપૈયા મોકલજો."

એ વાત સાંભળીને વસ્તા ખાચર બહુ રાજી થયા ને દાણા તથા રૂપૈયા શ્રીજીમહારાજ પાસે મોકલી દીધા. પછી તે દાણા તથા રૂપૈયા મહારાજે જીવા ખાચરને આપ્યા, ને બોલ્યા જે, "આટલા દાણા તમે વાવરો, વળી જોઈશે તો અમે અલાવશું." એમ કહીને અલૈયા ખાચરને કહ્યું જે, "તમે એક હજાર રૂપૈયા જીવા ખાચરને આપો ને આવતે વરસ તમને પાછા આપશે." ત્યારે અલૈયા ખાચરથી રૂપૈયા ન અપાણા.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "વસ્તા ખાચર જેવા હરિભક્ત અલૈયા ખાચર નહીં." ત્યારે અલૈયા ખાચરને મૂંઝવણ થઈ જે મારા કરતાં વસ્તા ખાચર સરસ ને હું નરસ !?" એમ કહીને દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાંથી મોળા પડવા માંડ્યા.

પછી તે સમયમાં સર્વે કાઠીએ ભેળા થઈને શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારા લોક તો સર્વે અન્ન વિના મરી જાશે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જેને અન્ન ન હોય તેને અમારી પાસે મોકલો." પછી જેને અન્ન નહોતું તે સર્વે મહારાજ પાસે આવ્યા. તેમાં કેટલાકને પોતે અન્ન અપાવ્યું ને કેટલાકને ગુજરાતમાં સાધુ પાસે મોકલ્યા. એવી રીતે લીલા કરતા થકા ગઢડાને વિષે રહ્યા.

✹ કુંડળમાં સંતોને દંડવત કર્યા ને ખટરસનાં નિયમ મુકાવ્યાં :

अने आथि पूर्वे साधुने खटरसनां निम आप्यां हतां ते अगन्योतरानि हुतासणिना समैया उपर्य सर्व साधु तथा सत्संगिने तेड्यां ने ते समैया उपर्य साधु आव्या तारे श्रीजिमहाराज गाम कुंडळ ने विषे सांभाग्या ने साधुने सामा आवता जोईने श्रीजिमहाराजे घोडि दोडाविने साधु पगला सामा दोड्या ने पछे महाराज घोडि उपरथि उतरिने साधुने साष्टांग दंडवत करता हवा ने सर्वे वस्त्र धुळवाळा थई गयां हवां ने साधुने पण श्रीजिमहाराजने साष्टांग दंडवत कर्या ने हाथ जोडिने स्तुति करिने एम बोल्या जे हे महाराज तमारे आम करवुं नहि तमे तो अनेक ब्रह्मांडना करता नारायण छो

અને આથી પૂર્વે સાધુને ખટરસના નિમ આપ્યા હતા, તે અગન્યોતરાની હુતાશણીના સમૈયા ઉપર સર્વ સાધુ તથા સત્સંગીને

તેડાવ્યા. ને તે સમૈયા ઉપર સાધુ આવ્યા, ત્યારે શ્રીજીમહારાજ ગામ કુંડળ સુધી સામા ગયા ને સાધુને સામા આવતા જોઈને શ્રીજીમહારાજે ઘોડી દોડાવી ને સાધુ પણ સામા દોડ્યા. ને પછી મહારાજ ઘોડી ઉપરથી ઊતરીને સાધુને સાષ્ટાંગ દંડવત કરતા હવા ને સર્વે વસ્ત્ર ધૂળવાળાં થઈ જાતાં હવાં. ને સાધુએ પણ શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત કર્યા ને હાથ જોડીને સ્તુતિ કરીને એમ બોલ્યા જે, "હે મહારાજ ! તમારે આમ કરવું નહીં. તમે તો અનેક બ્રહ્માંડના કર્તા નારાયણ છો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હું તમને અમથો દંડવત કરું છું ? આવાં કઠણ વર્તમાન રાખીને દેશદેશમાં ફરો છો ને મારા સ્વરૂપનો સર્વેને નિશ્ચય કરાવો છો. વાસ્તે જેવા તમે મને વહાલા છો, એવો તો મને મારો દેહ પણ વહાલો નથી, તો લૂગડાં ધૂળવાળાં થાય તેની શી ગણતી છે !?" એમ કહીને સાધુના મંડળે સહિત મામૈયા પટગીરને ઘેર ઊતર્યા ને સાધુને જમવા સારુ મોળી થૂલી કરાવી.

પછી અરધા સંતને જમવા ઉઠાડ્યા, તેવામાં મોટા મોટા કાઠી શ્રીજીમહારાજને દર્શને આવ્યા. ત્યારે તે સાધુ જમતા હતા તેને જોઈને તથા ખટરસના વર્તમાને કરીને દેહે અતિ દૂબળા જોઈને શ્રીજીમહારાજના આગળ પાઘડી ઉતારીને અરજ કરી જે, "હે મહારાજ ! સાધુને ખટરસનાં વર્તમાન મુકાવો, એ વર માગીએ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠીક." એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે સંતો ! આજથી ખટરસનાં વર્તમાન રહેવા દ્યો."

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "આ તો ગૌણવચન છે ને ત્યાગનું વચન મુખ્ય છે. વાસ્તે અમે નહિ માનીએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે તો ત્યાગનો અંત લીધો. તમારા જેવો ત્યાગ કોઈએ રાખ્યો નથી ને કોઈ રાખશે પણ નહીં; વાસ્તે આ અમારું વચન માનો. અને તમારા વાંસે સર્વેયને અન્ન-વસ્ત્ર મળે છે, વાસ્તે સર્વના હિતને અર્થે

જમો." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "ઠીક મહારાજ, તમને ગમ્યું તે સારું." ત્યારે મામૈયા પટગીરે પંગતમાં ગોળ-ઘી લાવીને ફેરવાવ્યું.

❋ રતાંધળા થયેલા સંતોને કારિયાણીમાં પોતાની ભેળા રાખ્યા :

અને તે દિવસ ત્યાં રહીને ગામ **કારિયાણી**એ પધાર્યા. તે વસ્તા ખાચરના દરબારમાં ઉતારો કર્યો ને થાળ થયો, તે શ્રીજીમહારાજ જમ્યા ને સંત સર્વને જમાડ્યા. પછી સાયંકાળે સભા કરીને પોતે શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ આવીને સર્વે સંતની સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વે વહેલા કેમ આવ્યા ? તમે વહેલા આવ્યા તે પાછા જાઓ."

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "કોઈ દેખતા હો તો મારો સતાર લાવો." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "એક અમારું મંડળ દેખે છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારું મંડળ દેખે છે ને બીજા કેમ નથી દેખતા ?" ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એ સાધુ સર્વેને રાસુંદો(રાત્રે ન દેખાય તેવો રોગ) થયો છે, માટે રાત્રિમાં નથી દેખતા. ને અમને તો ગામ ડભાણમાં હરિભક્તે બડેલાની ભાજી કરીને ખવરાવી, તેણે કરીને એક અમારું મંડળ દેખે છે." ત્યારે શ્રીજીમહારાજને દયા આવી, તે સર્વે સંતને રાખ્યા.

❋ ગઢડામાં ફૂલદોલ ઉત્સવ કર્યો :

અને ત્યાંથી શ્રીજીમહારાજ સર્વે સંત સહિત **ગઢડે** પધાર્યા. ત્યાં સંતો જીવા ખાચરની એક રસોઈ જમ્યા ને ફૂલડોલને દિવસ દાદા ખાચરની રસોઈ જમ્યા. અને ફૂલડોલના ઉત્સવને દિવસે શ્રીજીમહારાજ રંગે રમ્યા ને સર્વે સંત તથા હરિભક્તને રંગે રમાડ્યા. પછી કીર્તન ગાવતે ગાવતે ઘેલા નદીમાં નાવા ગયા. નાઈને પાછા આવીને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

અને ત્યાંથી સર્વે સંઘ સહિત ચાલ્યા, તે **કારિયાણી**એ પધાર્યા. ત્યાંથી **કુંડળ** પધાર્યા ને કુંડળથી ભાઈ રામદાસજી આદિ સર્વ સંતને ગુજરાતમાં જાવાની આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજ પાછા **ગઢડે** પધાર્યા ને ત્યાં ઉનાળાના ચાર મહિના રહ્યા. ત્યાં સર્વે પોતાના ભક્તજન આવ્યાં ને તેવામાં ગુજરાતમાંથી મહાનુભાવાનંદસ્વામી કાચી કેરિયું લઈને ગઢડે મહારાજ પાસે આવ્યા. શ્રીજીમહારાજ તે કેરિયુંને જમ્યા ને સંતને પ્રસાદી આપી. એ પ્રકારે લીલા કરતા થકા વિરાજતા હવા ને તે ભક્તજનોને બહુ સુખ આપતા હવા.

પછી અમદાવાદના સત્સંગીએ કાગળ મોકલ્યો જે, "અમારા દેશમાં કેરિયું બહુ પાકી છે, પણ સાધુ તો કેરી જમતા નથી." ત્યારે શ્રીજીમહારાજે કેરિયું જમ્યાનો કાગળ સંતમંડળને મોકલ્યો ને પોતે તો ત્યાં વિરાજતા હવા.

॥ ઈતિ ૬૯ ઓગનોતેરાની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૭૦ ની લીલા

✵ શ્રીહરિએ જાળિયામાં માંદગી ગ્રહણ કરી :

પછી ત્યાંથી-ગઢપુરથી ગામ **પંચાળે** પધાર્યા ને ભક્ત ઝીણાભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને શ્રીજીને પોતાને ઘેર પધરાવ્યા ને બહુ સેવા કરી. પછી ત્યાંથી **માણાવદર** પધાર્યા ને તે ગામના નવાબની અસવારી પોતાની સન્મુખ આવી અને શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા ને ભટ્ટ મયારામને ઘેર ઊતર્યા. ભટે રસોઈ કરી તે પોતે જમ્યા ને ભટ્ટ આદિ તે ગામના સર્વે હરિભક્તે શ્રીજીમહારાજની બહુ સેવા કરી, તેને અંગીકાર કરી.

પછી ગામ **જાળિયે** પધાર્યા ને ત્યાં પોતાના શરીરમાં મંદવાડ જેવું થયું, તે કાંઈ જમે પણ નહીં. અને પોતાના એકાંતિક ભક્તજન જે ભગુજી આદિ તેમણે બહુ પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમે જમો." ત્યારે પોતે કહ્યું જે, **"અમારે અર્થે તો લક્ષ્મીજી તથા શિવજી આદિ દેવ થાળ લઈને ઊભા છે, પણ અમારે તેણે કરીને કાંઈ સુખ નથી. હું તો આત્માના સુખે કરીને સુખિયો છું."** એમ કહીને બોલ્યા જે, "અમને સવાસો બેડે કરીને નવરાવો." ત્યારે બાઈયુંએ સવાસો બેડે કરીને નવરાવ્યા. પછી કહ્યું જે, "અમને આંબલીના કાતરા જમાડો તો સારું થાય." એમ કહીને આંબલીના કાતરા જમ્યા. એવી લીલા કરતા થકા એક માસ સુધી ત્યાં રહ્યા ને દિવાળીનો ઉત્સવ ત્યાં કર્યો.

✵ ગઢડામાં એભલ ખાચરે દેહ મૂક્યો :

પછી ત્યાંથી ચાલ્યા, તે ડોળીમાં બેસીને **કંડોરડે** આવ્યા ને ભક્તજનને સુખ આપ્યું. પછી ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. પછી ભાઈ રામદાસજી આદિ સંતમંડળ આવ્યા, તેને પીપળાવાડીએથી પાછા વાળ્યા ને દર્શન પણ ન દીધું. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત આવ્યા તેને દર્શન આપ્યાં.

પછી એભલ ખાચરે દેહ મૂક્યો તે સમે દેવનાં હજારો વેમાન આકાશમાં દેખાણાં ને દેવનાં દુંદુભી વાજાં વાગ્યાં. અને તેમની પત્ની જે સુરબાઈ તે શ્રીજીમહારાજને પોતાનું સર્વસ્વ આપીને એમ કહેતાં હવાં જે, “હે સ્વામી ! આ અમારો પુત્ર પણ તમોને અર્પણ કર્યો છે, તે તમારી નજરમાં આવે એમ કરો.”

પછી શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું જે, “સારું ખરચ કરો.” ત્યારે દાદા ખાચરે સાટા કરીને અતિ સારું ખરચ કર્યું. તે સર્વે પોતાની જ્ઞાતિ તથા સર્વ ગામમાં જે કોઈ અન્નાર્થી રાંક-ઢીક આવ્યું તે સર્વેને જમાડ્યા ને સર્વ સંતને જમાડ્યા.

✵ મછિયાવના દાજીભાઈને શ્રીજી ધામમાં તેડી ગયા :

અને ત્યાર પછી મુક્તાનંદસ્વામીને ચરોતરમાં ફરવા સારુ મોકલ્યા અને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળને **જેતલપુર** મોકલ્યા. તે સંતો ત્યાં કેટલાક દિન રહીને પછી ગામ **મછિયાવ** ગયા. પછી તે ગામના ઠાકોર દાજીભાઈએ દેહ મૂક્યો. તે સમે શ્રીજીમહારાજ પોતે દિવ્યરૂપે હજારો મુક્ત ને વિમાને વીંટાણા થકા આવ્યા. તે હજારો મનુષ્યે દેખ્યા. તે જોઈને સર્વેને આશ્ચર્ય થયું. પછી અનહદ વાજાં વાગ્યાં ને દાજીભાઈ દેહ મૂકીને અક્ષરધામને પામ્યા. અને તેમનો પુત્ર જે બાપુભાઈ તેણે રૂપિયાનું સવાશેર (લેખે) ઘી લઈને પકવાન કરાવીને અતિ સારું ખરચ કર્યું. તેમાં જે કોઈ અન્નાર્થી આવ્યા તે સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી નિત્યાનંદસ્વામી આદિ સંતમંડળ હતું, તે ગઢડે ગયું. તે શ્રીજીમહારાજના દર્શન કરીને ત્યાં રહ્યા.

✵ ગઢડામાં ફૂલદોલોત્સવ તથા વડતાલમાં રંગસપ્તમી કરી :

પછી મહારાજે સર્વે સંતોને વરતાલ જાવાની આજ્ઞા આપી ને કહ્યું જે, “અમે પણ ફૂલડોલ ઉપર આવશું.” એમ કહીને પોતે તો

ત્યાં રહીને ગઢડા ફૂલડોલનો ઉત્સવ કર્યો. પછી ત્યાંથી રંગ-સાતમ ઉપર **વરતાલ** પધાર્યા. ત્યાં રંગસાતમ(ફાગણ વદ ૭) ઉપર જોબન વરતાલાની મેડી ઉપર મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ સાથે પોતે બહુ વાર રમ્યા. પછી સુંદર પગીને કૂવે સંતમંડળે સહિત નાવા પધાર્યા ને થાળામાં નાહીને તે પાણી કૂવામાં નાખ્યું. પછી ગામમાં આવીને થાળ જમ્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળને સુરત, ધરમપુર ને પુના એ દેશમાં જાવાની આજ્ઞા આપી, ને પોતે **ગઢડે** પધાર્યા. પછી ત્યાં રામનવમી કરી.

❋ ઉમરેઠમાં ભક્તોની સેવા-પૂજા સ્વીકારી :

પછી કેરિયું પાકી ત્યારે પોતે સંતમંડળે વીંટાણા થકા ગામ **ઉમરેઠ**માં પધાર્યા. ત્યાં જાગનાથ મહાદેવમાં ઊતર્યા. પછી ઠાકર નંદુભાઈને ઘેર રસ ને રોટલીની રસોઈ કરાવી ને પોતે જમીને સાધુ તથા પાળા સર્વેને જમાડ્યા. પછી નંદુભાઈના ઘરની ઉગમણી બારીને વિષે પોતે વિરાજમાન થયા. અને ત્યાં નંદુભાઈએ ચંદન-પુષ્પાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી. પછી ત્યાંથી પોતાના ઉતારામાં પધાર્યા. તે સમયમાં નરભેરામ મોટા તથા ભટ્ટ ગંગાદત્ત તથા મલકાર્જુન આદિક સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને દર્શને આવ્યા ને સર્વેએ નોખી નોખી પૂજા કરી.

પછી ત્યાં રાત રહીને બીજે દિવસ ગામમાં સર્વે હરિભક્તને ઘેર પધારીને તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરી. પછી દવે નરભેરામ મોટાને ઘેર થાળ જમવા પધાર્યા ને તેમના ઓરડામાં બેસીને જમ્યા. પછી ખડકીની મેડી ઉપર પોઢ્યા. અને સાંજને સમે ફળિયામાં છોબન(ઈંટ-ચૂનાથી બાંધેલા) ઓટલા ઉપર ઊભા રહીને પોતે ધૂન કરાવી, ને સંધ્યા આરતી કરાવીને પોતાના ઉતારામાં પધાર્યા.

પછી ત્યાં બે દિવસ રહીને ગામ વડતાલના માર્ગે ચાલ્યા, તે ભેળા ઉમરેઠના સર્વે હરિભક્ત એક ગાઉ સુધી મહારાજને વળાવવા ગયા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “સર્વે હરિભક્ત પાછા વળો.” ત્યારે તે હરિભક્ત બોલ્યા જે, “હે મહારાજ ! વહેલા પધારજો અને આવાં ને આવાં દર્શન હંમેશ દેજો.” ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, “બહુ સારું.” એમ કહીને સંતમંડળ તથા પાર્ષદે સહિત **વડતાલ** પધાર્યા. પછી ત્યાંથી સર્વ દેશમાં ભક્તજનને દર્શન આપતા થકા વિચરતા હવા.

॥ ઈતિ ૭૦ સિત્તેરની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૭૧ ની લીલા

✵ જેતલપુર, અશ્લાલી અને અમદાવાદમાં ભક્તોની સેવા સ્વીકારી :

પછી **જેતલપુર** પધાર્યા ને તે ગામના ભક્ત આસજીભાઈ આદિક સન્મુખ આવ્યા ને શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા. અને શ્રીજીને નાના પ્રકારનાં ભોજન કરાવીને જમાડ્યા. પછી સર્વે સંતને જમાડ્યા ને શ્રીજીમહારાજની બહુ સેવા કરી.

ત્યાંથી શ્રીજી **અશ્લાલી**એ પધાર્યા ને તે ગામના ભક્ત વેણીભાઈ તથા હરિભાઈ આદિ ભક્તજનની સેવાને અંગીકાર કરતા થકા વેણીભાઈની મેડી ઉપર જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી શહેર **અમદાવાદ** પધાર્યા ને ત્યાંના ભક્તજને શ્રીજીમહારાજને ગાજતેવાજતે પધરાવ્યા. ત્યાં પોતે સર્વે ભક્તની સર્વે સેવાને અંગીકાર કરતા થકા પંદર દિવસ રહ્યા.

✵ મોટેરા, અડાલજ, ઓળા તથા વડુમાં ભક્તોની સેવા સ્વીકારી :

પછી ગામ **મોટેરે** પધાર્યા. તે ગામના ભક્ત પુરુષોત્તમદાસ આદિ સત્સંગીએ શ્રીજીમહારાજને વાજતેગાજતે પધરાવ્યા. ત્યાં પોતે થાળ જમ્યા ને પછી સંતને જમાડ્યા ને તેમની સર્વ સેવાને અંગીકાર કરી. અને ત્યાંથી **અડાલજ** પધાર્યા. તે ગામના મુળુ ગઢવી તથા ગેદાલજી આદિક ભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે પધરાવ્યા. ત્યાં પોતે જમીને સર્વે સંતને જમાડીને ભક્તજનની સર્વે સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **ઓળે** પધાર્યા. તે ગામના ભક્ત શ્રીધરદાસ આદિ સન્મુખ આવીને શ્રીજીમહારાજને ગામમાં પધરાવ્યા. અને જીવણદાસને ઘેર થાળ જમ્યા ને સર્વે સંતને લાડુ પોતે ફેરવ્યા.

અને તે ભક્તની સર્વે સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **વડુ**એ પધાર્યા. તે ગામના ભક્ત રામદાસ આદિ શ્રીજીમહારાજને સન્મુખ

આવ્યા ને પોતાને ઘેર પધરાવ્યા. અને શ્રીજીમહારાજને અર્થે થાળ કરાવ્યો ને પછી શ્રીજીમહારાજને જમાડ્યા ને સંતને જમાડ્યા. પછી તે ભક્તની સર્વે સેવાને અંગીકાર કરી.

❋ કરજીસણમાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો :

અને ત્યાંથી **કરજીસણ** પધાર્યા. તે ગામના ભક્ત ગોવિંદજી આદિ સન્મુખ આવ્યા ને શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા. અને પોતે નાના પ્રકારની રસોઈ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી શ્રીજીમહારાજને ઢોલિયા ઉપર વિરાજમાન કરીને કેસર-ચંદનાદિકે કરીને પૂજ્યા, એવા જે શ્રીજી તે એમ બોલ્યા જે, "દેશ પ્રત્યે લાવો કાગળ લખીને સર્વે સત્સંગીને તેડાવીએ. અને આપણે આંહીં જન્માષ્ટમીનો સમૈયો કરવો છે." એમ કહીને કાગળ લખીને દેશદેશ પ્રત્યે મોકલ્યા.

પછી સાતમને દિવસે સર્વે સત્સંગી આવ્યા. પછી જન્માષ્ટમીને દિવસે ગામની ઉગમણી ભાગોળે વડના વૃક્ષ તળે હિંડોળો બાંધ્યો. તે ઉપર શ્રીજીમહારાજ પોતે જરિયાની વસ્ત્રને ધારણ કરીને વિરાજમાન થયા. તે સમે દેશદેશથી ભક્તજન આવ્યા હતા. તેને પોતે દર્શન દેતા થકા સર્વે સંતહરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે, "ગોવિંદજીભાઈના ઘરના મનુષ્યને જેવો સંપ છે તેવો સંપ જો હોય તો, તેના ઘરમાંથી કૂવાનું પાણી ખૂટે તો અન્ન ખૂટે." એમ સંતની આગળ કહીને પછી પોતાના ઉતારે પધાર્યા. એમ પોતાના એકાંતિક ભક્તને દર્શન દેતા ને ભક્તની સર્વે સેવાને અંગીકાર કરતા થકા પંદર દિવસ રહ્યા.

પછી ત્યાંથી સર્વ સંતમંડળે વીંટાણા થકા ચાલ્યા, તે **ડાંગરવે** પધાર્યા. પછી પટેલ વેણીદાસને ઘેર થાળ થયો, તે પોતે સારી પેઠે જમ્યા ને સર્વ સંતને પણ જમાડ્યા. પછી તે ભક્તની સર્વ સેવાને અંગીકાર કરીને પાછા **કરજીસણ** પધાર્યા. તે ગામથી ઉત્તર દિશામાં

નાનાભાઈના કૂવા ઉપર વરખડાના વૃક્ષ તળે ઓરડીમાં પાંચ દિવસ સુધી તે ભક્તની સેવાને અંગીકાર કરતા થકા રહ્યા.

❋ લાંઘણજ, કરજીસણ, શ્રીનગર વિચરણ કરતા જેતલપુર પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા તે **લાંઘણજ** ગયા. તે ગામના ભક્ત રામો ભાવસાર આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી તે ભક્તે શ્રીજીની બહુ સેવા કરી તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **મેઉ** પધાર્યા. તે ગામના ભક્ત ભૂખણ ભાવસાર આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી થાળ કરાવીને શ્રીજીને સારી પેઠે જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા.

પછી શ્રીજીની કેસરચંદનાદિકે કરીને પૂજા કરી, તેને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ખોરજ** પધાર્યા. ત્યાં ગામથી ઉત્તરમાં આંબા તલાવડીની ઉગમણી પાળે ઊતર્યા. અને તે ગામના ભક્ત ગોદડજી આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. પછી સર્વે સંતે સહિત પોતાના ગામમાં લઈ ગયા ને શ્રીજીને પાટ ઉપર વિરાજમાન કર્યા. અને શ્રીજીને જમાડીને પછી સર્વે સંતને પણ જમાડ્યા. અને તે ભક્તની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કરજીસણ** પધાર્યા. તે ગામમાં ભક્ત ગોવિંદજીને ઘેર પોતે થાળ જમ્યા ને સંતને પણ જમાડ્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ઓળે** પધાર્યા. તે ગામના ભક્તની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **અડાલજ** થઈને ચાલ્યા, તે **મોટેરે** પધાર્યા. તે ગામના ભક્તની સેવાને ગ્રહણ કરીને ત્યાંથી પાછા **અમદાવાદ** પધાર્યા. તે શહેરના ભક્તજન જે હીરાચંદ આદિ તેમની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં એક માસ પર્યંત રહ્યા. અને તે ભક્તને આનંદ ઉપજાવતા થકા ત્યાંથી ગાજતેવાજતે માણેક ચોકની

મધ્યે થઈને દુર્જનના અંતઃકરણને કંપાવતા થકા ને ભક્તજનને આનંદ પમાડતા થકા ગામ **અશ્લાલી** થઈને **જેતલપુર** પધાર્યા.

✵ જેતલપુરમાં ઘરોઘર થાળ જમી ગોકુળથી અધિક કર્યું :

તે પુરના ભક્ત આસજીભાઈ આદિ સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે શ્રીજીને પોતાના ગામમાં ફેરવીને મહોલમાં પધરાવ્યા. ત્યાં મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ સંતને સુરતથી તેડાવ્યા. તે સર્વે સંત આવ્યા તથા દેશદેશના ભક્તજન શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. ને નિત્યે સંત તથા પાર્ષદે સહિત ગાતાં ગાતાં ગામમાં જમવા પધારે ને જમીને પાછા મહોલમાં વિરાજમાન થાય. ને ત્યાં આસોપાલવ તળે સભા કરીને વિરાજે.

તે સમે શ્રીજીની ચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર, તોરા, ગજરા, બાજુબંધ આદિકે કરીને ભક્તજન પૂજા કરતા હવા. ને સર્વેને વચનરૂપ અમૃતે કરીને આનંદ પમાડતા હવા. અને સંતે સહિત નિત્યે તળાવમાં જળક્રીડા કરે ને ગામની ભાગોળે વડના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થાય.

એક સમે ગાતાં ગાતાં ગામમાં જમવા પધાર્યા. તે સમે ભગુજીએ શ્રીજીમહારાજને માથે છત્ર ધર્યું ને ગાતાં ગાતાં ચાલ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "છત્ર ધરશો નહીં." એવી રીતે બે-ત્રણ વાર કહ્યું, પણ ભગુજીએ છત્ર કોરે ન લીધું. પછી તો શ્રીજીમહારાજે ભગુજીના હાથમાંથી છત્ર લઈને પૃથ્વીમાં પછાડ્યું. એવી રીતે ગાતાં ગાતાં જમવા પધાર્યા. એવી રીતે ગામના ભક્ત આસજીભાઈ, વાલોજી, ગંગાદાસ, પ્રભુદાસ, જીવણદાસ, વિહોજી, ગગજી, જાયમલજી તથા બ્રાહ્મણી બાઈ રળિયાત તથા બ્રાહ્મણ દેવરામ, આણંદરામ તથા બેચર એ આદિ સર્વે ભક્તને ઘેર ઘેર જમ્યા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"આ ગામમાં અમે ઘેરઘેર જમ્યા ને ગામની સીમમાં વીચર્યા છીએ. માટે આ જેતલપુરની ભૂમિ તો ગોકુલ-મથુરાથી પણ અતિ પવિત્ર છે."** એવી રીતે કહીને ત્યાંથી ગામ **પાલડી** ને **કાસંદરે** થઈને **મોડાસર** પધાર્યા. તે ગામના ભક્ત કલ્યાણ શેઠને ઘેર રાત્રી રહ્યા.

✵ મછિયાવ, દદુકા, શિયાણી, લાલિયાદ ગામે થાળ-પધરામણી :

પછી **મછિયાવ** પધાર્યા ને ઠાકોર બાપુભાઈના દરબારમાં વિરાજમાન થયા. તે ઠાકોર બાપુભાઈએ નાના પ્રકારનાં ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા ને ચંદન-પુષ્પે શ્રીજીને પૂજ્યા. અને ત્યાંથી ગામ **દદુકે** પધાર્યા ને તે ગામના ભક્ત ગોદડજી, કાંધાજી, પ્રભુભાઈ, કલ્યાણ તથા બેચર આદિ ભક્ત સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. અને પાર્ષદે સહિત શ્રીજીમહારાજને દહીં-દૂધ તથા નાના પ્રકારના ભોજને કરીને જમાડ્યા.

ત્યાંથી ગામ **કઠેચી** થઈને **તલસાણે** થઈને ગામ **શિયાણી**એ પધાર્યા. તે ગામના શિવરામ ભટ્ટ આદિ ભક્તે સન્મુખ આવીને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા અને શિવરામ ભટ્ટને ઘેર થાળ જમ્યા. ત્યાં રાત્રી રહીને **લિંબડી** શહેરમાં થઈને ગામ **લાલિયાદ** પધાર્યા ને તળાવની પાળે વિરાજમાન થયા. ઠાકોર રતનસિંહ આદિ ભક્તે થાળ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા.

✵ નાગડકા તથા બોટાદ ગામે ભક્તોએ જમાડી પૂજા કરી :

પછી ત્યાંથી ગામ **નાગડકે** પધાર્યા ને સુરા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. અને શ્રીજીમહારાજ થાળ આવ્યો તે પોતે જમ્યા ને પોતાના પાર્ષદને જમાડ્યા. અને સુરા ખાચર આદિ સર્વે હરિભક્તે ચંદન-પુષ્પાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરતા થકા ચાર દિન રહીને ગામ **બોટાદ** પધાર્યા. તે ગામના હરિભક્ત દાહા ખાચર,

ભગા શેઠ તથા મૂળચંદ આદિ સર્વે સત્સંગી શ્રીજીમહારાજને સન્મુખ ગયા ને ગાજતેવાજતે દાહા ખાચરના દરબારમાં પધરાવ્યા.

ત્યારે ભગા શેઠે કહ્યું જે, "આજ મારી રસોઈ છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "બહુ સારું, રસોઈ કરાવો." ત્યારે ભારે રસોઈ કરાવીને મહારાજને કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે ને આપને જમવાનો થાળ પણ થયો છે." ત્યારે મહારાજ જમવા પધાર્યા. જમીને પોતે પીરસીને સાધુ, પાળા તથા અસવારને જમાડ્યા. પછી ભગા શેઠે ચંદન, પુષ્પ તથા વસ્ત્ર-અલંકારે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી.

✹ બોટાદથી ગઢડે પધારી ભક્તોની સેવા-પૂજા સ્વીકારી :

બીજે દિવસ દાહા ખાચરની રસોઈ જમીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે માર્ગના ગામના હરિભક્તની સેવાને અંગીકાર કરતા થકા ગામ **ગઢડે** પધાર્યા. દાદા ખાચર તથા જીવા ખાચર આદિક સર્વે હરિભક્તો શ્રીજીમહારાજને સામા જઈને વાજતેગાજતે અસવારી તથા સાધુએ સહિત દાદા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર પધરાવ્યા. તે સમયમાં પોતાના એકાંતિક એવાં જે બાઈ-ભાઈ સર્વે હરિભક્ત, તે સર્વે દર્શને આવ્યાં ને ચંદન તથા પુષ્પના હાર વતે કરીને પૂજા કરી. અને બરફી, દૂધપેંડા તથા શ્રીફળ આદિક ભેટ મેલી.

તે સમયમાં પોતાના રસોઈયા હતા તેમણે થાળ કર્યો. અને દાદા ખાચરને કહ્યું જે, "મહારાજને તમે બોલાવો." ત્યારે દાદા ખાચરે કહ્યું જે, "હે મહારાજ ! થાળ તૈયાર થયો છે." ત્યારે મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા.

પછી ગંગાજળિયા કૂવા આગળ જઈને સ્નાન કરીને જમવા પધાર્યા. પછી થાળમાં પીરસ્યો એવો જે બિરંજ, હરિસો, મોતિયા લાડુ, જલેબી, વડાં, ભજિયાં, પૂરી, ભાત, દાળ તથા શાક એ આદિક જમવાના પદાર્થ તેને પોતે જમ્યા. અને તે દિવસે સાંજની સભા કરાવીને મુક્તાનંદસ્વામી,

બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિક સાધુ પાસે ગાવણું કરાવ્યું. અને તે ઉપર રાજી થઈને પોતાની કોટમાંથી પુષ્પના હાર કાઢીને તેમને આપ્યા. પછી ધૂન-આરતી કરીને પોતે પોઢ્યા.

❋ ગઢડામાં કપીલા છઠનો ઉત્સવ અને ભક્તોને સમાધિ :

એવી રીતે નિત્ય નિત્ય લીલા કરતે સતે કપિલા છઠ(ભા.વ.૬) આવી. તે મોર મુક્તાનંદસ્વામી આદિક ભણનારા સાધુને તેડાવ્યા. તે સર્વે આવ્યા ને તે સંતને મળીને ઉત્તરાદે બાર ઓરડામાં ઉતાર્યા. પછી કપિલા છઠને દિવસે ઓરડાના ઉગમણા મુખના ગોખમાં શ્રીજીને બેસારીને, લાંબાં ચરણારવિંદ કરાવીને, તળે મોટો તાંસ મેલ્યો. પછી દૂધ તથા દહીં મોટા શંખમાં ભરીને શ્રીજીમહારાજનાં ચરણકમળ ઉપર રેડ્યાં. પછી ઘી, ખાંડ તથા મધથી ચરણ પૂજ્યા. એવી રીતે પંચામૃત વડે કરીને શ્રીજીમહારાજની મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સર્વે સાધુએ પૂજા કરી. પછી હાથ જોડીને શ્રીજીમહારાજની સ્તુતિ કરી.

પછી મુકુંદ બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, “જમવાનો થાળ તૈયાર થયો છે.” પછી શ્રીજીમહારાજ હસતા થકા જમવા પધાર્યા. પછી જમીને સંતને મોતિયા લાડુ તથા જલેબી પીરસીને જમાડ્યા. પછી તે જ દિવસે સાંજને સમે મોટી સભા કરાવી, ને તેને મધ્યે શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર બેઠા. પછી મોટીબા તથા લાડુબાએ દાદા ખાચરને બોલાવીને કહ્યું જે, “આ વસ્ત્ર તથા ઘરેણાં તમે શ્રીજીમહારાજને પહેરાવો.”

ત્યારે દાદા ખાચરે મહારાજ પાસે જઈને કિનખાપનો સુરવાળ તથા ડગલી પહેરાવી, ને ભારે સોનાના તારે સહિત કસુંબલ રેટો મસ્તકને વિષે બંધાવ્યો, ને એક રેટો કેડે બંધાવ્યો, ને હસ્તને વિષે સોનાનાં કડાં તથા સાંકળાં પહેરાવ્યાં, તથા કંઠને વિષે સોનાની ઊતરી તથા મોતીની માળા પહેરાવી, તથા ચરણને વિષે સોનાનો તોડો પહેરાવ્યો,

તથા હસ્તની આંગળીઓને વિષે વેઢ તથા નંગજડિત ભારે વીંટીઓ પહેરાવી, ને ભાલને વિષે ચંદન ચર્ચીને તે મધ્યે કુંકુમનો ચાંદલો કરીને પુષ્પના હાર પહેરાવ્યા.

પછી મોટીબાએ કહ્યું જે, "આરતી ઉતારો, મારે શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું છે." પછી દાદા ખાચરે રૂપાની આરતી લઈને મહારાજની આરતી ઉતારી. તે સમયમાં સભામાં બેસનારા જે જન તેમાંથી ઘણાક માણસને સમાધિ થઈ ગઈ. તેમને આ મૂર્તિ ને અક્ષરધામને વિષે રહી જે મૂર્તિ તે એક દેખાણી. પછી તે સમાધિવાળાને પોતાના નેત્રની સાને કરીને જગાડ્યા.

પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી એ આદિક ગવૈયા પાસે ગાવણું કરાવ્યું. પછી સંધ્યા આરતી થઈ રહ્યા પછી નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી. પછી તે કથામાં એમ વાત આવી જે, 'પૃથુરાજાએ ભગવાનની કથા સાંભળવા સારુ દશ હજાર કાન માગ્યા.' તે વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, **"ભગવાનની શ્રવણ-ભક્તિ બરોબર બીજી કોઈ ભક્તિ નથી."** એમ કહીને સર્વેને કહ્યું જે, **"આજથી કોઈને ગ્રામ્યવાર્તા કરવી નહીં. જે દિવસ ગ્રામ્યવાર્તા થઈ જાય તે દિવસ ઉપવાસ કરવો."** એમ કહીને પોતે પોઢવા સારુ પધાર્યા.

અને બીજે દિવસે સંતને જમાડવાને અર્થે ગામના ભક્તજન વારંવાર નોતરાં દેતા હવા. પછી શ્રીજીમહારાજ જલેબી, મોતિયા આદિક પકવાન કરાવીને નિત્ય પોતાને હાથે કરીને જમાડતા. અને હરિભક્ત ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરતા. એવી રીતે એક માસ પર્યંત લીલા કરી.

✹ ગઢડામાં અદિબાના પ્રેમથી સંતોને ખૂબ જમાડ્યા :

એક દિવસ શ્રીજીમહારાજ જમીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તે સમયે જૂનાગઢથી પ્રેમીભક્ત અદિબા આવ્યાં ને શ્રીજીમહારાજને

પગે લાગીને કહ્યું જે, "પરમહંસને જમાડવા છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સાધુ તો ગામમાંથી જમીને હમણાં આવ્યા છે." પછી તે ભક્તે કહ્યું જે, "મારે તો આજે જ જમાડવા છે." પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "રસોઈ કરાવો." પછી તે ભક્તે બિરંજ તથા પૂરીની રસોઈ કરાવી ને સર્વે સંતને જમવા તેડ્યા. પછી શ્રીજીમહારાજ પોતે કટી બાંધીને પરમહંસને પીરસવા માંડ્યા. તે સંતને ખૂબ તાણ કરીને જમાડ્યા ને જમતાં જમતાં પાણી માગે ત્યારે થોડુંક પાણી પાય, પણ અધિક ન પાય; એવી રીતે જમાડીને તૃપ્ત કર્યા.

પછી કહ્યું જે, "જમ્યાનું જે માગો તે આપું." ત્યારે એક ભક્તે બ્રહ્માનંદસ્વામીને સૂચવ્યું જે, "પૂરી નથી, તે માગો." પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! પૂરી લાવો." પછી શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "બિરંજ લ્યો, પૂરી તો નથી." પછી મહાનુભાવાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "દૂધ છે ?" પછી શ્રીજીમહારાજે એ વાત સાંભળીને કહ્યું જે, "દૂધ તો નથી ને ગાયુ પણ આવી નથી." પછી ભગુજીએ ગાયુ દોવરાવીને પ્રથમથી દૂધ ભેગું કરી રાખ્યું હતું, તે લાડુબાઈ આદિ ભક્તે સાકરે સહિત દૂધની તાંબડિયું ભરીને મહારાજની આગળ મેલ્યું. પછી શ્રીજીમહારાજે દૂધ ને સાકર સંતને સારી પેઠે પાયું, તે સંત તો માંડ માંડ ઉતારે પહોંચ્યા.

✹ ગઢડાથી વિચરણ કરતા વડતાલ પધારી અન્નકૂટોત્સવ કર્યો :

તે પછી શ્રીજી સંતના મંડળે વીંટાણા થકા ગામ **કારિયાણી**એ પધાર્યા. પછી ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. પછી ત્યાં પોતે જમીને સર્વે સંતમંડળને જમાડ્યા. ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે માર્ગમાં આવતા ગામના સર્વે હરિભક્તને દર્શન દેતા થકા ગામ **બરવાળે** થઈને ત્યાંના હરિભક્તને દર્શન દઈને ગામ **નાવડે** પધાર્યા. ત્યાંના સર્વે હરિભક્તને દર્શન દઈને તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરીને ત્યાંથી

ચાલ્યા, તે **ધોલેરે** પધાર્યા. તે ગામના હરિભક્ત પૂજાભાઈ, ડોસા શેઠ, કાયાભાઈ તથા વરસાભાઈ એ આદિક સર્વે હરિભક્ત સામા આવ્યા ને ગાજતેવાજતે ચોરામાં ઉતાર્યા. પછી ત્યાં પોતે જમીને તથા પોતાના પાર્ષદને જમાડીને પછી બીજે દિવસ ચાલ્યા, તે **પીપળી**માં દાદાભાઈના દરબારમાં ઊતર્યા.

ત્યાં જમીને બીજે દિવસ ચાલ્યા, તે ભોગાવા નદીને ઊતરીને ગામ **બોરુ** પધાર્યા. ત્યાંના હરિભક્તને દર્શન દઈને ગામ **ભોળાદ** પધાર્યા. ત્યાંથી સાબરમતી ઊતરીને **ગલિયાણે** થઈને **સિંજીવાડે** રાત રહ્યા ને બારોટ જગરૂપના ડેલામાં ઊતર્યા. ગામના પટેલ બાપુજીએ શ્રીજીમહારાજ સારુ થાળ કરાવ્યો, તે પોતે જમ્યા ને પોતાના પાર્ષદને જમાડ્યા.

પછી ત્યાં એક રાત રહીને બીજે દિવસે દિવાળી ઉપર **વરતાલે** પધાર્યા. ત્યાં ભારે દીપમાળ કરાવીને પોતે પાટ ઉપર વિરાજમાન થયા. ને સંત પાસે દિવાળીનાં કીર્તન ગવરાવ્યાં. ને અન્નકૂટને દિવસે સવારમાં સંતને મળ્યા. મધ્યાન સમયે હરિભક્તે નાના પ્રકારની સામગ્રીએ કરીને શ્રીજીમહારાજની આગળ અન્નકોટ ભરીને જમાડ્યા ને મનવાંછિત લહાવો લીધો. અને શ્રીજીમહારાજે અન્નકોટનો સામાન હતો તે પોતાના હાથે પીરસીને સંતને જમાડ્યા. આવી નિત્ય પ્રત્યે નવી ને નવી લીલા કરતા થકા ને પોતાના એકાંતિક ભક્તે ચંદન-પુષ્પાદિકે કરી જે સેવા, તેને અંગીકાર કરતા થકા ત્યાં અન્નકોટનો ઉત્સવ કર્યો. ને ત્યાં દેવદિવાળી સુધી રહ્યા.

✹ વડતાલથી માર્ગમાં ભક્તોના થાળ જમતા ગઢડે પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે **મહેળાવ** પધાર્યા. ત્યાંના સર્વે સત્સંગીને દર્શન આપીને **પીપળાવ** પધાર્યા. ત્યાં દાજી ગોરને ઘેર પોતે જમ્યા ને પોતા ભેળા હતા એવા જે સાધુ, પાળા તથા અસવાર તેમને જમાડ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે માર્ગના ગામના હરિભક્તને દર્શન દેતા

થકા **બુધેજ** પધાર્યા ને ખોડાભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં તેમણે સુંદર રસોઈ કરાવી, તેને પોતે જમ્યા ને તે પ્રસાદ ખોડાભાઈ આદિક હરિભક્તને આપ્યો. પછી સાધુ, પાળા તથા અસવાર તેમને જમાડ્યા. અને તે ગામના હરિજને કરી જે સેવા તેને અંગીકાર કરી, ને સર્વે બાઈ-ભાઈને દર્શન દેતા થકા રાત રહ્યા.

અને બીજે દિવસ ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગુડેલ** પધાર્યા ને જીજીભાઈના દરબારમાં મેડી ઉપર ઊતર્યા. અને પોતાના હાથે રીંગણાનું શાક ને બાટી કરીને પોતે જમ્યા ને તે પ્રસાદ સાધુ તથા જીજીભાઈ તથા પોતાના પાર્ષદને જમાડતા હવા. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, “આવો પ્રસાદ નિત્ય જમાડો તો બહુ સારું !” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “ભેળા રહેશો તો નિત્ય પ્રસાદ મળશે.” એમ રમૂજ કરીને ત્યાં રાત રહ્યા. પછી ત્યાંથી સવારમાં ચાલ્યા, તે સાબરમતી ઊતરીને ગામ **વારણે** થઈને **નાની બોરુ**માં બપોરા કર્યા.

અને ત્યાં પોતે જમીને પોતાના પાર્ષદ તથા સાધુને જમાડીને ચાલ્યા, તે **ભોળાદ** થઈને ગામ **કમિયાળે** પધાર્યા ને સિંહાભાઈની મેડી ઉપર ઊતર્યા. અને ત્યાં પોતે થાળ જમીને સાધુ, પાળા તથા અસવારને દહીં-દૂધ સારી પેઠે પીરસીને પોતે તૃપ્ત કર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **રોજકે** પધાર્યા ને કાકાભાઈના દરબારમાં ઊતર્યા. તે ગામના હરિભક્ત દર્શને આવ્યા ને તેમણે કરી જે પૂજા તેને પોતે અંગીકાર કરી. અને ત્યાં પોતે જમીને પોતાના સેવક તથા સાધુને જમાડીને ત્યાં રાત રહ્યા.

ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં હરિભક્તને દર્શન દેતા થકા **અણિયાળી**એ પધાર્યા. ત્યાં પૂંજાશેઠના ઉતરાદે બારની ઓસરી ઉપર ઢોલિયાને વિશે વિરાજમાન થયા. પૂજાશેઠે બરફી ને દૂધ-પેંડાનો થાળ ભરીને આગળ મૂક્યો, તેને પોતે પોતાના પાર્ષદ તથા સાધુને આપ્યા.

પછી રસોઈ તૈયાર થઈ તે પોતે જમીને સાધુ, પાળા તથા અસવારને જમાડ્યા. અને ત્યાં રાત રહ્યા.

ને ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણા** પધાર્યા ને વનાશાની મેડીમાં ઊતર્યા. તે સમયે ગામના સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને વીંટી વળ્યા ને ચંદ્રમા સામે જેમ ચકોર પક્ષી જુએ તેમ એક દૃષ્ટિએ કરીને દર્શન કરતા હવા. પછી પોતાના પ્રેમીભક્તે કર્યો જે થાળ તેને પોતે જમ્યા. ને સાધુ, પાળા તથા અસવારને પોતે જમાડ્યા. પછી ડોસા ખાચરના દરબારમાં સભા કરાવી. પછી વનાશાની મેડીમાં પોઢી ગયા.

સવારમાં ચાલ્યા, તે ગામ **સાળંગપુર** પધાર્યા ને જીવા ખાચરના દરબારમાં ઊતર્યા. ત્યાં પોતે રીંગણાનું ભરથું ને બાટી કરીને જમ્યા ને જીવા ખાચર આદિક હરિભક્ને પ્રસાદી આપી. ત્યારે તે હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! આવી સ્વાદુ પ્રસાદી તો કોઈ દિવસ જમ્યા નથી." પછી સાધુ, પાળા તથા અસવાર તેમને પણ તે પ્રસાદ આપ્યો. અને ત્યાં રાત રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા ને ત્યાં સર્વે સંતને તેડાવ્યા.

✵ દાદાના વિવાહમાં રમૂજ કરતા થકા સંતોને ખૂબ જમાડ્યા :

તે સમયે દાદા ખાચરનો વિવાહ કર્યો. તેમાં પાંચ પ્રકારનાં પકવાન કરાવ્યાં ને સર્વે સંતને પોતે જમાડતા થકા વારંવાર ફરીને સારી પેઠે તૃપ્ત કર્યા. પછી દહીં ને સાકર સારી પેઠે ફેરવી, તેમાં ફેરવતે ફેરવતે દહીં વધ્યું. તે લઈને પોતે એમ બોલ્યા જે, "આજ તો દાદા ખાચરનો વિવાહ છે. તે માટે મહાનુભાવાનંદસ્વામીના માત્રો ધાધલ ભાઈબંધ છે. તે માટે વેવાઈના પક્ષવાળા છે, માટે તેમને માથે લાવો દહીં માંગલિક છે તે નાંખીએ." એમ કહીને પોતે દહીં ને સાકર સારી પેઠે મહાનુભાવાનંદસ્વામી ઉપર નાંખીને ચોળ્યું. તે જોઈને સર્વે સંત તથા હરિભક્ત હતા તે બહુ હસ્યા.

તે સમયે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ બે જણ ચેલા ખાચરને ભગવાનની વાત કરતા હતા. તે એમના દેખ્યામાં તે લીલા ન આવી. ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! એ લીલા અમને દેખાડો." ત્યારે પોતે કહ્યું જે, "દેખાડશું." એમ કહીને બીજે દિવસે સંતની પંગતમાં જલેબી આદિ પકવાનને ફેરવતાં ફેરવતાં પોતે એમ બોલ્યા જે, "જેટલી જલેબી તમે જમો એટલી અમે જમીએ." એમ સંત પ્રત્યે બોલ્યા.

ત્યારે સંતે કહ્યું જે, "સારું મહારાજ." પછી શ્રીજીમહારાજ એક જલેબી જમીને સંતને જમાડે. એમ કરતે કરતે દહીં ને દૂધની ત્રાંબડી મહાનુભાવાનંદસ્વામીને માથે ઢોળી. પછી સર્વે અંગે લેપન કર્યું. તે જોઈને બ્રહ્માનંદસ્વામી આદિ સંત સર્વે હસ્યા. એમ લીલા કરતે થકે ત્રીજે દિવસે પંગતમાં દૂધ ફેરવતે ફેરવતે બ્રહ્માનંદસ્વામીના માથે દૂધનો ઘડો ઢોળીને સર્વેને હસાવ્યા.

✹ ગઢડામાં ફૂલદોલ ઉત્સવમાં રંગે રમ્યા :

એમ લીલાને કરતે થકે ફૂલડોલનો ઉત્સવ આવ્યો. ત્યારે મોટીબા તથા લાડુબા બોલ્યાં જે, "હે મહારાજ ! કાલ ફૂલડોલનો ઉત્સવ આવ્યો." ત્યારે મહારાજ બોલ્યા જે, "બહુ સારું, ગુલાલ મંગાવો અને કેશુડા ને પતંગનો રંગ કઢાવો." ત્યારે ફૂલડોલને દિવસ રંગ કઢાવ્યો ને બહુ ગુલાલ મંગાવ્યો. પછી દાદા ખાચરે કહ્યું જે, "હે મહારાજ ! રંગ તૈયાર થયો છે."

પછી શ્રીજીમહારાજે હસતા થકા ઊભા થઈને કસુબંલ વસ્ત્ર ઉતારીને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. પછી કેડે રૂમાલ બાંધીને સાધુ, પાળા તથા દેશાંતરથી આવ્યા જે સર્વે હરિભક્ત, તેમને તાંસળી ભરી ભરીને રંગ નાંખ્યો. પછી રૂમાલની ઝોળી કરીને તે વખતે સર્વેને ગુલાલ નાખ્યો.

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમારી મરજી હોય તો અમે પણ રંગ નાંખીએ." ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "બહુ સારું, નાંખો." ત્યારે બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિક સર્વે સાધુ શ્રીજીમહારાજ ઉપર રંગ ને ગુલાલ નાંખવા માંડ્યા. પછી મહારાજે કહ્યું જે, "તમો માંહીમાંહી રંગ નાંખો." પછી જોડ બાંધીને સામસામા રંગ નાંખવા માંડ્યા.

✵ મહારાજ તથા સંતો-ભક્તોની ઘેલામાં દિવ્ય જળક્રીડા :

પછી મહારાજ બોલ્યા જે, "બહુ રંગ રમ્યા, ચાલો ઘેલામાં નાવા જઈએ." એમ કહીને પોતે માણકી ઘોડી ઉપર અસવાર થયા. પછી બીજા કાઠી લોક હતા, તે પણ ઘોડે અસવાર થઈને આવ્યા. પછી માર્ગમાં રંગ તથા ગુલાલ ઉડાડતાં ઉડાડતાં ચાલ્યા. પછી ઢોલ તથા શરણાઈ આદિક વાજા વાજતે સતે ઘેલામાં પધાર્યા ને ખળખળિયાથી દક્ષણાદિ તરફ મોટો પાણીનો ધરો છે, તેમાં પોતે નાવા પધાર્યા. પછી ત્યાં મીલ(ટોળી) બાંધીને સામસામા પાણી છાંટવા માંડ્યા. પછી મહારાજ ઊંડા હાથ ઘાલીને પાણી ઉછાળવા માંડ્યા.

પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! થોડા હાથ ઘાલો તો પાણી વધારે ઊછળે ને થાક લાગે નહીં." ત્યારે મહારાજ થોડાક હાથ પાણીમાં ઘાલીને જળ ઉછાળવા લાગ્યા. પછી પોતે બોલ્યા જે, "અમે ડૂબકી ખાઈએ, તે અમને ખોળી કાઢો." ત્યારે સુરા ખાચર, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અમે તમને ખોળી કાઢીએ !" ત્યારે મહારાજે જળમાં ડૂબકી મારી. તેમને ખોળવા સારુ સુરા ખાચર આદિક સર્વે ડૂબકી મારતા હવા. ત્યારે તે આથમણા ખોળવા જાય ત્યારે મહારાજ ઉગમણા નીકળે, ને ઉગમણા ખોળવા જાય ત્યારે આથમણા નીકળે; એવી રીતે બહુ વાર સુધી જળક્રીડા કરી.

પછી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આપ થાકી જાશો, વાસ્તે બહાર નીકળો તો બહુ સારું." ત્યારે પોતે હસતા થકા બહાર નીકળ્યા. પછી સુંદર સારાં કસુંબલ વસ્ત્ર ધારણ કર્યાં. પછી ઘોડે અસવાર થઈને ગાજતેવાજતે દરબારમાં પધાર્યા. પછી મોટી કઠેડાવાળી પાટ ઉપર ગાદી-તકિયા નંખાવીને પોતે વિરાજમાન થયા. પછી લાડુબાએ દાદા ખાચરને કહ્યું જે, "થાળ તૈયાર થયો છે, વાસ્તે મહારાજને જમવા બોલાવો." પછી દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "જમવા પધારો !"

ત્યારે મહારાજ હસતા થકા જમવા પધાર્યા. પછી થાળ જમીને સાધુ, પાળા તથા અસવાર એ આદિક સર્વેને મોતિયા લાડુ તથા જલેબી તેને પોતે પીરસીને જમાડ્યા. પછી પોતે દાદા ખાચરને કહ્યું જે, "હર કોઈ માણસ આવે તેને જમાડજો. આજ ઉત્સવનો દિવસ છે, વાસ્તે કોઈ ભૂખ્યું ન રહે." એમ કહીને પોઢવા પધાર્યા.

✵ ગઢડામાં મહારાજ તથા સંતોની કીર્તનસહ રાસલીલા :

પછી સાંજને સમે મોટી સભા કરીને વિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી તથા જોગાનંદસ્વામી આદિક સાધુ પાસે વાજામાં હોળીનાં પદ ગવરાવ્યાં. પછી સંધ્યા આરતી થયા કેડે રાત્રીને વિશે શ્રીજીમહારાજે સાધુને કહ્યું જે, "ફરીને કીર્તન ગાઓ." ત્યારે સાધુ સર્વે લિંબડાને ફરતે કીર્તન ગાવા માંડ્યા. પછી તેમની રમત જોઈને પોતે પણ માંઈ ફરવા લાગ્યા. પછી ફરતે ફરતે અર્ધરાત્રી ગઈ ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! આપ થાકી જશો, વાસ્તે આપ રહેવા દો." પછી મહારાજે સર્વે સંતને કહ્યું જે, "તમે સર્વે હવે ઉતારા ઉપર જાઓ." એમ કહીને પોતે પોઢવા પધાર્યા.

પછી બીજે દિવસે સુરા ખાચરે કહ્યું જે, "મારે સાધુને રસોઈ દેવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું, રસોઈ કરાવો." પછી સારી રસોઈ કરાવીને કહ્યું જે, "હે મહારાજ ! તમે થાળ જમીને સર્વે સાધુને પીરસો." ત્યારે પોતે જમીને સાધુ, પાળા તથા અસવાર એ આદિક સર્વેને પોતે પીરસીને જમાડ્યા. એવી લીલા કરતા થકા ઘણાક દિવસ ગઢડાને વિશે રહ્યા.

પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીના મંડળને વાળાંક દેશમા ફરવા મોકલ્યા. અને નિત્યાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામીના મંડળને તળાજે ને ગોપનાથ મહાદેવ એ આદિક ગામમાં મોકલ્યા. પછી રામનવમીના ઉત્સવ ઉપર તેડાવ્યા. તે આવીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં.

✵ બ્રહ્માનંદસ્વામીને અન્ય સંતોની આયુષ્ય અપાવી :

પછી બ્રહ્માનંદસ્વામી માંદા થયા, તે દેહ પડી જાય એવા થયા. ત્યારે શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામીને દર્શન દેવા પધાર્યા ને સર્વેને કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામીને આયુષ્ય આપો." એમ કહ્યું ત્યારે સાધુએ, એક વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ હું આયુષ્ય આપું છું, એમ આપતે સતે પોતાનો જેટલો સંકલ્પ હતો એટલાં વર્ષ થયાં ત્યારે ના પાડી. ને એમ બોલ્યા જે, "હવે બ્રહ્માનંદસ્વામીનો દેહ રહેશે." એમ કહીને રાખ્યા ને બ્રહ્માનંદસ્વામીને મળીને ઢોલિયા ઉપરથી હેઠા ઊતર્યા.

પછી સંત શ્રીજીમહારાજને મળ્યા. તે કોઈ એક વાર મળ્યા ને કોઈક પાંચ વાર મળ્યા ને કોઈક દશ વાર મળ્યા; એવી રીતે સર્વે સંત મળ્યા. પછી શ્રીજીમહારાજ સર્વે સંતને ગુજરાત દેશમાં ફરવાની આજ્ઞા આપતા હવા. અને શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામી આદિક પોતાના ભક્તને આનંદ ઉપજાવતા થકા ત્યાં ગઢડે રહ્યા.

॥ ઈતિ ૭૧ એકોતેરની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૭૨ ની લીલા

✵ ગઢડાથી ગામોમાં વિચરણ કરતા વડતાલ પધાર્યા :

તે પછી પોતે વરતાલને માર્ગે ચાલ્યા, તે **સારંગપુર** પધાર્યા ને ત્યાં જીવા ખાચરના દરબારમાં ઊતર્યા. ત્યાં પોતે જમીને બીજે દિવસ ચાલ્યા, તે ગામ **સુંદરિયાણે** પધાર્યા ને વનાશાની મેડીમાં ઊતર્યા. ત્યાં પોતે જમીને પોતાના પાર્ષદને જમાડીને ત્યાંથી ચાલ્યા, તે **ધંધુકા**ને પાદર થઈને ગામ **ખસતે** પધાર્યા. ત્યાં જમીને બીજે દિવસ ચાલ્યા, તે ગામ **પચ્છમ** પધાર્યા ને પટેલ જેરાજને ઘેર ઊતર્યા. પછી જેરાજે કહ્યું જે, "સર્વેને શીરા-પૂરીની રસોઈ કરીને જમાડો." ત્યારે શ્રીજીમહારાજ જમીને સર્વેને પીરસીને જમાડતા હવા, ને ઉપર દહીં-દૂધ સારી પેઠે ફેરવતા હવા.

પછી ત્યાંથી ગામ **કમિયાળે** પધાર્યા ને ત્યાં સિંહા વણારની મેડીમાં ઊતર્યા ને કંકોડાનું શાક ને પૂરી કરીને પોતે જમ્યા. પછી દૂધમાં સાકર નાખીને જમ્યા ને પોતે પાર્ષદને દહીં-દૂધ વતે કરીને તૃપ્ત કર્યા. પછી તે ગામના હરિભક્ત સહિત ચાલ્યા, તે ઘોઘાવા નદીને કાંઠે જઈને સર્વે હરિભક્તને પાછા વાળ્યા. ને સર્વેને છાતીમાં પોતાનાં ચરણારવિંદ આપ્યાં.

પછી નદી ઊતરીને **બોરુ**ના હરિભક્તને દર્શન દઈને **સાભ્રર** નદી ઊતરીને **ગલિયાણે** થઈને **સિંજીવાડે** પધાર્યા. અને જગરૂપ બારોટના ડેલામાં ઊતર્યા ને ત્યાં શીરો-પૂરી, દૂધ-દહીં ને કંકોડાનું શાક પોતે જમ્યા ને પોતાના પાર્ષદને જમાડ્યા. પછી પટેલ બાપુજી આદિક હરિભક્તે ચંદન-પુષ્પાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી, ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સોજીત્રે** પધાર્યા. ત્યાં ગામને પાદર ઊભા રહીને પટેલ ગોકળભાઈ તથા લખાભાઈ આદિક સર્વે હરિભક્તને દર્શન દીધાં. અને તેમણે કરી જે નાના પ્રકારની પૂજા તેને અંગીકાર કરી. પછી ત્યાંથી

ચાલ્યા, તે **મહેળાવ**માં તળાવને કાંઠે પીપરના વૃક્ષ હેઠે ઊભા રહીને સર્વે હરિભક્તને દર્શન દઈને ચાલ્યા, તે **વડતાલ** પધાર્યા.

✹ વડતાલમાં ભક્તોને સમાધિમાં દિવ્ય દર્શન :

વડતાલમાં બાવા નારાયણગરની મેડીને વિશે ઊતર્યા. તે સમયમાં પટેલ બાપુજી, જોબન પગી તથા સુંદર પગી એ આદિક સર્વે હરિભક્ત દર્શને આવ્યા. ને તે હરિભક્તે કરી જે પૂજા તેને શ્રીજીમહારાજ અંગીકાર કરતા હવા. પછી ત્યાં થાળ થયો તેને પોતે જમ્યા ને પોતા ભેળા હતા જે સાધુ તથા પાળા તેને જમાડ્યા.

અને તે દિવસ સાંજને સમય મોટી સભા થઈ, તેમાં પોતે વિરાજમાન થયા. અને ગુજરાત દેશથી આવ્યા જે સર્વે હરિભક્ત, તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર તથા અલંકાર વતે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી. અને **'પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ ભગવાનના સંત વતે કરીને જીવનું કલ્યાણ થાય છે.'** એમ કહીને પોતાના સ્વરૂપને વિશે સર્વને ભગવાનપણાનો નિશ્ચય થાય તેવા અંગની ઘણીક વાર્તા કરી. અને સંત પાસે તાળી વજાડીને ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં. તે સમયમાં ઘણાક માણસને સમાધિ થઈ ગઈ. તે સમાધિને વિશે શ્રીજીમહારાજને કરોડ કરોડ સૂર્યના પ્રકાશે યુક્ત દેખ્યા. ને (સમાધિમાંથી ઊઠીને) તે વાત સર્વેને કહી, તેને સાંભળીને ઘણાક જીવ સત્સંગી થયા. એવી લીલા કરીને પોતાના ઉતારામાં આવીને પોતે પોઢી ગયા. બીજે દિવસ ગામના હરિભક્તે કરાવી જે ભારે રસોઈ તેને પોતે જમીને સંતો તથા પાળા તેમને પોતે પીરસીને જમાડ્યા ને સર્વેને પોતે દર્શન દીધાં.

✹ વડતાલમાં જન્માષ્ટમીના ઉત્સવમાં સર્વ ભક્તોને દિવ્ય દર્શન :

એવી લીલા કરતે કરતે પછી જન્માષ્ટમીનો દિવસ આવ્યો. ત્યારે સાધુ તથા પોતાના પાર્ષદ તથા સત્સંગીને લઈને ગામથી દક્ષિણાદી કોર ધના તલાવડીમાં નાવા પધાર્યા ને ત્યાં પોતે જળક્રીડા કરી. પછી ભારે

ભારે વસ્ત્ર પહેરીને પોતાના પાર્ષદ, સાધુ તથા સર્વે હરિભક્તે વીંટાણા થકા ગાજતેવાજતે ગામમાં પધાર્યા.

સાંજને સમે ગામથી ઉગમણી તરફ આંબલા તળે મોટી સભા કરાવી અને ત્યાં પોતે વિરાજમાન થયા. તે સમયમાં ગામના હરિભક્ત મોટો ફૂલડોલનો હિંડોળો બાંધતા હવા ને જન્મ સમયમાં તેમાં શ્રીજીમહારાજને પધરાવ્યા. તે સમયમાં સર્વે હરિભક્ત અક્ષરધામને વિશે ભગવાનની મૂર્તિ છે તે અને શ્રીજીમહારાજની મૂર્તિને એકપણે દેખતા હવા. તે સમયમાં દર્શન કરવા સારુ આવ્યા જે દેવતા તે પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "આ ક્યાંથી પુષ્પ પડે છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારી આ સભાનાં દર્શન કરવા દેવ આવ્યા છે, તે ફૂલની વૃષ્ટિ કરે છે." તે વાર્તાને સાંભળીને સર્વે જન આશ્ચર્યને પામ્યા. ત્યાર પછી સંત પાસે શ્રીજીમહારાજ ફરીને કીર્તન ગવરાવતા હવા. ને સવારનો પહોર થયો ત્યારે પોતાના ઉતારાને વિશે પધાર્યા. ત્યાર પછી સુંદર સારી રસોઈ કરાવીને સાધુ તથા પોતાના પાર્ષદને જમાડ્યા. અને પોતાનાં દર્શન કરવા આવ્યા જે હરિભક્ત તેમને પણ જમાડ્યા.

✹ બુધેજમાં જ્ઞાન, વૈરાગ્યાદિકની ઘણી વાતો કરી :

એમ નિત્ય નિત્ય નવી ને નવી લીલા કરતા થકા અષ્ટમીનો સમૈયો કરીને ઘણાક દિવસ રહીને પોતાના ભક્તજનને આનંદ પમાડતા થકા, ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોચાસણ** પધાર્યા ને કાશીદાસને ઘેર ઊતર્યા. ત્યાં પોતે જમ્યા ને સાધુ તથા પાળાને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **રામોલડી** થઈને **ઊંટવાળે** થઈને ગામ **બુધેજે** પધાર્યા. ગામના હરિભક્ત ખોડાભાઈ તથા તેજાભાઈ એ આદિક સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને ગાજતેવાજતે પોતાના દરબારને વિશે પધરાવતા હવા.

તે સમયને વિશે ગામના સર્વે હરિભક્ત દર્શને આવ્યા. પછી તેજાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે." પછી પોતે જમીને સર્વને જમાડ્યા. પછી તે દિવસ સાંજને સમે મોટી સભા થઈ તેને વિશે પોતે વિરાજમાન થયા. પછી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા આત્મનિષ્ઠા એ આદિકની ઘણીક વાર્તા કરી અને ભગવાનના સ્વરૂપના નિશ્ચયની પણ ઘણીક વાર્તા કરી. પછી તેજાભાઈએ પૂછ્યું જે, "હે મહારાજ ! જ્ઞાન-વૈરાગ્યાદિકની પ્રાપ્તિ શા થકી થાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "**જ્ઞાન-વૈરાગ્યાદિકે જુક્ત એવા જે પ્રત્યક્ષ ભગવાનના સાધુ, તેમના સંગે કરીને જ્ઞાન-વૈરાગ્યાદિકની પ્રાપ્તિ થાય છે.**" એમ બહુ વાર સુધી વાર્તા કરી. પછી રાત્રીને વિશે તેજાભાઈના ઘરને વિશે પોઢ્યા.

તે સમે ખોડાભાઈ તથા તેજાભાઈ આવીને પાસે બેઠા. પછી બેયના મનને વિશે ચરણારવિંદની સેવા કરવાની ઘણીક ઈચ્છા હતી, પણ બોલી શક્યા નહીં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારા મનમાં ચરણારવિંદ દાબવાની ઈચ્છા છે, વાસ્તે તમે દાબો." પછી બેય જણ શ્રીજીમહારાજના ચરણારવિંદની સેવા કરવા લાગ્યા. પછી મહારાજે કહ્યું જે, "અમારે પોઢવું છે." એમ કહીને પોતે પોઢ્યા.

✵ ગુડેલ તથા પીપળીમાં સંતો-પાર્ષદો સહિત પોતે જમ્યા :

પછી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **ગુડેલ**માં જીજીભાઈની મેડીને વિશે ઊતર્યા. પછી ત્યાંના સર્વે હરિભક્ત મહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા. પછી સર્વે હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો સારી રસોઈ કરીને સાધુ-પાળા સર્વેને જમાડો." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું, રસોઈ કરાવો." પછી રસોઈ તૈયાર થઈ. ત્યાર પછી પોતે થાળ જમીને સર્વેને જમાડ્યા.

પછી તે દિવસે ત્યાં રહીને બીજે દિવસ ચાલ્યા, તે સાભરનદી (સાબરમતી) ઊતરીને ગામ **પીપળી** પધાર્યા ને દાદાભાઈના દરબારમાં

ઊતર્યા. પછી ત્યાં અડદની દાળ, કંકોડાનું શાક, શીરો-પૂરી તથા દહીં ને સાકર જમ્યા. પછી પોતાના પાર્ષદને જમાડ્યા.

✵ ધોલેરામાં કેટલાક મનુષ્યોને સમાધિ અને શ્રીહરિનો નિશ્ચય :

પછી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **આંબલી** થઈને ગામ **ધોલેરે** પધાર્યા. પછી પૂજાભાઈ, ભોજાભાઈ, કાયાભાઈ તથા વરસાભાઈ એ આદિક સર્વે મહારાજને સામા ગયા ને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજ પૂજાભાઈના ઓરડાની ઓસરીને વિશે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી ગામના સર્વે હરિભક્ત બરફી તથા દૂધ-પેંડા આદિક ભેટ મેલીને પગે લાગ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "આ પ્રસાદી છે તે સાધુ, પાળા તથા સર્વે હરિભક્તને વહેંચી દ્યો." પછી પૂજાભાઈએ કહ્યું જે, "હે મહારાજ! તમ સારુ થાળ તૈયાર થયો છે." પછી પોતે જમીને પોતાના પ્રેમી ભક્ત હતા, તેમને થાળની પ્રસાદી આપી. પછી ભોજાભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! સાધુ-પાળાને જમાડો." પછી પોતે પીરસીને જમાડ્યા.

પછી સાંજની સભા થઈ તેમાં ગામના સર્વે શાહુકાર તથા ગરાસિયા સર્વે દર્શને આવ્યા. તેમાં કેટલાકને શ્રીજીમહારાજનાં દર્શન કરીને સમાધિ થઈ ગઈ. તે સમાધિ જોઈને ઘણા લોકોને તો એમ થયું જે, 'આવો ચમત્કાર કોઈ ઠેકાણે નથી !' તે જોઈને મહારાજને વિશે ભગવાનપણાનો નિશ્ચય કર્યો ને ઘણાક લોક શ્રીજીમહારાજના આશ્રિત થયા.

✵ બરવાળા અને કારિયાણીમાં હરિભક્તે સંતો-પાર્ષદોને જમાડ્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **નાવડે** પધાર્યા ને તે ગામના શેઠ હીરા સંઘવીએ કરી જે પૂજા તેને અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **બરવાળે** શેઠ વીરા ભુતાને ઘેર પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

પછી પોતે પૂરી, શાક, દહીં ને સાકર જમ્યા. અને તે ગામના હરિભક્તે મોતૈયા લાડુ ને ગાંઠિયાના તાંસ ભરીને શ્રીજીમહારાજની આગળ મેલ્યા ને કહ્યું જે, “હે મહારાજ ! આ લાડુ સર્વે સાધુ-પાળાને જમાડો.” ત્યારે પોતે પીરસીને જમાડ્યા.

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ પધાર્યા ને વસતા ખાચરના દરબારમાં ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમયમાં પટેલ રાઘવ, ખોડો, કાનો તથા જીવો એ આદિક સર્વે હરિભક્ત દર્શને આવ્યા. પછી રાઘવ પટેલ બોલ્યા જે, “હે મહારાજ ! આજ મારી રસોઈ છે, તે સાધુને શીરા-પૂરીની રસોઈ કરાવીને જમાડો.” પછી પોતે જમીને સાધુ-પાળાને પોતે પીરસીને જમાડ્યા.

✵ ગઢડામાં દેશાંતરથી સંતોને તેડાવી દિવાળીનો ઉત્સવ કર્યો :

પછી તે દિવસ ત્યાં રહીને ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે હરિભક્ત ભેટ સામગ્રી લઈને મહારાજને દર્શને આવ્યા ને ચંદન-પુષ્પ વતે કરીને મહારાજની પૂજા કરી. પછી લાડુબાઈએ મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, “મહારાજને જમવા બોલાવો, થાળ તૈયાર થયો છે.” ત્યારે બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, “જમવા પધારો !” પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા ને ગંગાજળિયા કૂવા ઉપર નાહીને જમવા પધાર્યા. પછી જમીને મુખવાસ કરીને પોતાના ઉતારામાં પધાર્યા.

અને સાંજને સમે મોટી સભાને વિશે વિરાજમાન થયા. તે સમયમાં સાધુ તથા હરિભક્ત સર્વે શ્રીજીમહારાજને મોગરાના તથા ગુલાબના હાર પહેરાવતા હવા ને ગજરા બાજુબંધ બાંધતા હવા. એવી શોભાને ધરતા થકા શ્રીજીમહારાજ બોલ્યા જે, “ઝીલણિયાં કીર્તન ગાઓ.” ત્યારે સંત તાળી વજાડીને કીર્તન ગાવતા હવા.

તેવા સમયને વિશે લાડુબા તથા મોટીબાએ દાદા ખાચર પાસે કેવરાવ્યું જે, "તમે શ્રીજીમહારાજને કહો જે દિવાળીનો સમૈયો ઢૂંકડો આવ્યો. વાસ્તે સાધુને તેડાવો ને કંદોઈને તેડાવીને પકવાન પડાવો." ત્યારે મહારાજે દેશાંતરથી સાધુને તેડાવ્યા ને પોતે કહ્યું જે, **"આ સર્વે સાધુ બહુ જીવનું કલ્યાણ કરે છે, માટે આ સાધુની સેવા કરે છે, તેનાં બહુ મોટાં ભાગ્ય છે."**

પછી દિવાળીને દિવસ સાંજની સભાને વિશે દાદા ખાચરે શ્રીજીમહારાજને કિનખાપનો રાતો સુરવાળ તથા કિનખાપની ડગલી પહેરાવ્યાં ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો ને એક રેંટો કેડે બંધાવ્યો. પછી આરતીનો સમય થયો ત્યારે પોતે શ્રીજીમહારાજની આરતી ઉતારી. પછી દીપમાળા કરાવીને તેને વિશે દીવા કરાવ્યા ને તે દીપમાળાને વિશે મોટો પાટ ઢળાવીને શ્રીજીમહારાજને પધરાવ્યા. અને શ્રીજીમહારાજ સાધુ પાસે ફરીને કીર્તન ગવરાવતા હવા. પછી ઘણીક રાત ગઈ ત્યારે પોતે પોઢવાને પધાર્યા ને સાધુ પોતાના ઉતારાને વિશે ગયા.

અને અન્નકૂટને દિવસે નાના પ્રકારનાં પકવાન ને બહુ પ્રકારનાં શાક એ આદિક ઘણા પ્રકારના પદાર્થ શ્રીજીમહારાજની આગળ અન્નકૂટની પેઠે પીરસ્યા ને મહારાજ પણ પોતાના એકાંતિક ભક્તના મનોરથ પૂરણ કરતા થકા જમ્યા. પછી સંતની પંક્તિ કરાવીને તે અન્નકૂટનો સામાન પોતે પીરસીને સંતને જમાડ્યા. **એવી રીતે ૭૨ની દિવાળીનો સમૈયો (ગઢડામાં) કર્યો.**

✵ વડતાલમાં જોબનપગીની મેડીએ ગુપ્ત રહ્યા :

તે પછી પોતે **જેતલપુર** પધાર્યા ને ત્યાં પોતે મહોલમાં ઊતર્યા. ત્યાં ગંગાબાઈએ પોતાને ઘેર થાળ કર્યો, તેને શ્રીજી સારી પેઠે જમ્યા ને તે પ્રસાદી સંતોને આપી. અને પોતે વડ હેઠે સભા કરતા થકા, ને તે ગામના ભક્તોને આનંદ ઉપજાવતા થકા, ને તેમની સર્વ સેવાને અંગીકાર

કરતા થકા બહુ દિન રહીને પાછા **ગઢડે** પધાર્યા. ત્યાં ભક્તજનની સર્વે સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને **રોઝકે** પધાર્યા. પછી **બુધેજ** પધાર્યા ને ખોડાભાઈના ખેતરમાં ઊતર્યા અને પોતે જમ્યા ને ખોડાભાઈ તથા પોતાના સેવકને પ્રસાદી આપી.

પછી ત્યાંથી ગાડે બેસીને ચાલ્યા, તે ગામ **વડતાલે** જોબન પગીની મેડીમાં ઊતર્યા (ને ત્યાં ગુપ્ત રહ્યા.) એવામાં ગામ ઈટોલાના હરિભક્ત નારાયણ પટેલ રીંગણા ને ગલકાનું શાક લઈને આવ્યા. પછી જોબન પગીને કહ્યું જે, "આ શાક મહારાજને આપો." પછી તેમણે આપ્યું, ત્યારે મહારાજ બોલ્યા જે, "કોણ આ લાવ્યા છે ?" ત્યારે કહ્યું જે, "ઈટોલાના હરિભક્ત લાવ્યા છે." પછી તેમને તેડાવીને પોતે દર્શન દીધાં.

પછી ગઢડેથી નાજો જોગિયો આવ્યા. પછી જગમાલને કહ્યું જે, "હું તારી ઘોડી ફેરવીને સારી કરી આપું, મને તું ચાકર રાખીશ ?" ત્યારે કહ્યું જે, "રાખીશ." પછી જોબનપગીની મેડી ઉપર ચડવા માંડ્યું. ત્યારે કરીમે કહ્યું જે, "પૂછ્યા વિના કાં જાય છે ?" ત્યારે નાજો જોગિયો બોલ્યા જે, "અમે ચાકર રહ્યા છીએ, તે શા શારુ ન જાઈએ ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કોણ બોલે છે ?" ત્યારે કહ્યું જે, "નાજો જોગિયો બોલે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "આવવા દ્યો."

પછી નાજા જોગિયા આવીને મહારાજને પગે લાગ્યા. ત્યારે પૂછ્યું જે, "કાઠિયાવાડમાં કેમ છે ?" ત્યારે નાજે જોગિયે કહ્યું જે, "તમારે વિયોગે કરીને તમારા પ્રેમી ભક્ત કોઈ અન્ન ખાતા નથી. વાસ્તે શરીર સુકાઈ ગયાં છે ને હાડકાં ને શ્વાસ રહ્યાં છે." પછી મહારાજે કહ્યું જે, "તેમની વાત રહેવા દ્યો, અમારો જીવ ઉદાસ થઈ જાય છે." એમ કહીને ભાઈ રામદાસજી પાસે પધાર્યા. અને તેમને કહ્યું જે, "અમે

ધરમપુર જઈએ છીએ. વાસ્તે અમે તેડાવીએ ત્યારે સાધુને અમારી પાસે મોકલજો."

✹ વડતાલથી ધરમપુર જતાં રસ્તામાં મહી નદીને મોજડી આપી :

એમ કહીને ત્યાંથી જોબન પગી આદિક દસ ધારાળા લઈને ચાલ્યા, તે ગામ **બોચાસણ** ગયા ને કાશીદાસના વિમાનિયા કૂવાવાળા ખેતરમાં ઊતર્યા. પછી કાશીદાસ મોટાને કહેરાવ્યું જે, 'મહારાજ પધાર્યા છે, વાસ્તે તમે પાળા સારુ જમવાનું લાવજો.' ત્યારે મોટા જમવાનું લઈને મહારાજ પાસે ગયા. પછી મહારાજ સારુ જમવાનું થયું, તેને પોતે જમીને પછી સેવક લોકોને જમાડ્યા.

અને બીજે દિવસ રસોઈ કરાવીને સર્વેને જમાડીને સુખડીનું ભાતું આપીને મોટાની વેલ ઉપર બેસીને ચાલ્યા, તે ગામ **શારોલ**નો આરો ઊતરીને સામે કાંઠે ગયા. અને મહી નદીમાં એક મોજડી પડી ગઈ, ત્યારે બીજી મોજડી પણ મહી માતાને પૂજવા સારુ આપી. પછી પોતે બહિર્ભૂમિ ગયા. ત્યાં એક રાંક છોકરો હતો, તેને નાજા જોગિયા પાસે પુછાવ્યું જે, "છોકરા ! તું જળડોડી(માછલી) ખાય છે ?" ત્યારે છોકરે કહ્યું જે, "હું તો નથી ખાતો." ત્યારે મહારાજે તેને સુખડીના લાડવા અપાવ્યા.

પછી પોતે સ્નાન કરીને ચાલ્યા, તે ગામ **ગવાસદ** ગયા. પછી ગામ **સોખડે** ગયા. પછી નાજા જોગિયા પાસે દાળ મંગાવીને કહ્યું જે, "ત્યાં દાળ કેટલી છે ?" ત્યારે કહ્યું જે, "સો મણ દાળનો ઢગલો છે." ત્યારે પોતે દાળને ફૂકી અને અનેક જીવનાં કલ્યાણ સારુ તે દાળને ઢગલામાં નંખાવી; ને બીજી દાળ મગાવી. પછી ત્યાં ખીચડી કરાવીને સર્વેને જમાડ્યા. પછી **ટંકારિયે** રાત રહ્યા. ગામ દોરાના બ્રાહ્મણ કાશીદાસ રસોઈ કરીને ટોપલામાં ભરીને લાવ્યા, તે પોતે જમીને સર્વેને જમાડ્યા.

પછી માર્ગમાં એક ગરાસિયો મળ્યો. તેણે પાળાને પૂછ્યું જે, "આ કોણ જાય છે ?" ત્યારે કહ્યું જે, "ગોવિંદજી શેઠ જાય છે." ત્યારે ગરાસિયે કહ્યું જે, "આ તો કોઈક મોટા પુરુષ છે !" એમ કહીને બે કાકડીઓ લાવીને મહારાજને આપી. ને એમ કહ્યું જે, "મારું સારું કરજો."

✵ મીનપુરમાં માતાના મંદિરે માતાના ધણી શ્રીહરિ ઊતર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે નર્મદા નદી ઊતરીને **મીનપુર** ગયા. ત્યાં માતાના ચોરા(મંદિર) ઉપર ઊતર્યા. પછી તે લોકોએ કહ્યું જે, "તમે માતાના સ્થાનમાં કેમ ઊતર્યા છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જેમ તમે તમારે ઘેર ઊતરો છો, એમ અમે અમારે ઘેર ઊતર્યા છીએ." ત્યારે તે લોકોએ કહ્યું જે, "તમે માતાના ધણી છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "હા." ત્યારે તે લોક બોલ્યા જે, "આ તો માતાના ધણી આવ્યા છે." એમ કહીને સર્વે મહારાજને વીંટી વળ્યા. પછી મહારાજને કહ્યું જે, "તમારે કાંઈ જોઈતું હોય તો અમે આપીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારા બળદ સારુ ખડ જોઈએ છે, તે આપો."

✵ પદ્મનાભાનંદસ્વામીએ પોતાની કળા દેખાડી

પછી ત્યાં રાત રહીને ચાલ્યા, તે મારગમાં એક દેસાઈ બ્રાહ્મણની ગાડી જાતી હતી. તેને દેખીને મહારાજે પદ્મનાભ સંન્યાસીને કહ્યું જે, "તમે આ ગાડી ઉપર બેસો તો કળાવાળા ખરા !" ત્યારે પદ્મનાભાનંદ સ્વામી ગાડીવાળા પાસે ગયા. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, "હે સ્વામી ! ગાડીમાં બેસો." ત્યારે સંન્યાસી બોલ્યા જે, "અમે નારાયણ કહેવાઈએ તે તારા ભેળા ન બેસીએ. તું ઊતરીને ચાલ તો હું બેસું." ત્યારે તે બ્રાહ્મણ ઊતર્યા ને સંન્યાસીને ગાડીમાં બેસાડ્યા. પછી બે ખેતરવા જઈને ઊતરી પડ્યા.

પછી મહારાજ હસીને બોલ્યા જે, "તમે કળાવાળા ખરા !" એમ કહીને ચાલ્યા, તે ગામ **ચોકી**માં રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે સુરતની

પાસે ગામ **ઉધને** પધાર્યા. અને સુરતના હરિભક્તોને ખબર પડી ત્યારે સર્વે હરિભક્ત પોતાનાં સર્વે કામકાજ પડ્યાં મૂકીને અતિ વેગે કરીને શ્રીજીમહારાજને દર્શને આવ્યા. અને ચંદન-પુષ્પ વડે કરીને મહારાજની પૂજા કરી. અને બરફી, દૂધપેંડા તથા ખાંડ-સાકરનાં રમકડાં એ આદિ ભેટ મેલી, ને સાંજ સુધી દર્શન કરીને પોતાને ઘેર ગયા.

✵ વાઘથી બળદની રક્ષા કરી :

અને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે વનમાં રાત રહ્યા. મહારાજે જોબન પગીને પૂછ્યું જે, "તમે શુકનમાં જાણો ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા, અમે જાણીએ છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ સમયમાં કેવા શુકન થાય છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ઉગમણા (શિયાળિયા) લાળી બોલે છે, આથમણી ચીબરી બોલે છે ને દક્ષણાદો કારડિયો પડદો છે; વાસ્તે આ ટાણે લોહી દેખાણું જોઈએ." તેવામાં વાઘે બળદ ઉપર તરાપ નાખી. ત્યારે મહારાજે હાથ ઊંચો કર્યો ત્યારે વાઘ પાછી કોલાટ(ગુલાટ) ખાઈને ભાગી ગયો. પછી મહારાજ બોલ્યા જે, "તમે શુકન જાણનારા ખરા !" એમ કહીને ચાલ્યા, તે ગામ **ચીખલી** ગયા.

✵ ધરમપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો :

ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **ધરમપુર** પધાર્યા. તે ગામનો રાજા(વિજયદેવ) અસવારી લઈને શ્રીજીની સન્મુખ આવ્યો ને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. શ્રીજીએ પોતાના એકાંતિક ભક્ત એવાં જે કુશળકુંવરબાઈ તેને પોતાનું દર્શન આપ્યું ને તેમને પોતાના સ્વરૂપની ઘણીક વાર્તા કરી.

ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. તે ઉત્સવમાં સુરતના સત્સંગીએ શ્રીજીમહારાજને મુગુટ ધરાવ્યો. અને તે જ દિવસે રાજા વિજયદેવે પોતાની અસવારી કરીને શ્રીજીને હાથી ઉપર બેસાર્યા ને પોતે શ્રીજીના

ઉપર ચમર કરવા લાગ્યો. અને ગાજતેવાજતે બહાર મહાદેવનું મંદિર હતું ત્યાં પધાર્યા. અને પાછા પુરમાં પધારીને રાજદરબારમાં દીવાનખાનામાં વિરાજમાન થયા.

પછી પોતાના ભક્ત કુશળકુંવરબાઈ તેણે શ્રીજીમહારાજને જમવા સારુ બોલાવ્યા. ત્યારે પોતે જમવા સારુ પધાર્યા. પછી કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને કહ્યું જે, "આજ તો રાજાની રીતે જમો તો બહુ સારું." ત્યારે મહારાજ પણ તેમના મનોરથ પૂરણ કરતા થકા રાજાની રીતે જમ્યા. પછી વિજયદેવે આપ્યો જે મુખવાસ તેને પોતે જમ્યા. પછી પોતે પોતાના ઉતારે પધાર્યા.

✵ ધરમપુરના રાજ્યનો અસ્વીકાર :

પછી બાઈએ પોતાના સંબંધીને તેડાવીને મનસૂબો કર્યો જે, 'મહારાજને ગાદીએ બેસાડીએ ને કુંવરને ખોળે બેસાડીએ.' ત્યારે સર્વેએ કહ્યું જે, "બહુ સારું." પછી બીજે દિવસે જમવા પધાર્યા. ત્યારે સર્વે માંહોમાંહી હસવા લાગ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "કેમ આજ બહુ હસો છો ?" ત્યારે એક વૃદ્ધ બાઈ હતાં, તે બોલ્યાં જે, "આજ અમે મહારાજને ગાદીએ બેસાડવાનો મનસૂબો કર્યો છે."

पछे महाराज बोल्या जे अमे कांई राज्य करवा
आव्या नथि अमे तो अनेक जिवनां कल्याण करवा आ
छैये ने राजमा सुख होय तो स्वार्थनु मनुष्यादिक राजाश्रा
सारु राज मेलेल मक हिने पोते उदास थया ने कह्युं जे त
मारे आम करवुं होय तो अमे नहि रहिये ने आरे बाई ये कह्यु
जे महाराज तमे सुखे करिने रहो जे मत मे राज्य नि वातो तेम
अमे करियु

પછી મહારાજ બોલ્યા જે, **"અમે કાંઈ રાજ્ય કરવા આવ્યા નથી. અમે તો અનેક જીવનાં કલ્યાણ કરવા આવ્યા છૈયે. જો રાજ્યમાં સુખ હોય તો સ્વાયંભુમનુ આદિક રાજા શા સારુ રાજ મેલે ?"** એમ કહીને પોતે ઉદાસ થયા, ને કહ્યું જે, "તમારે આમ કરવું હોય તો અમે નહિ રહીએ." ત્યારે બાઈએ કહ્યું જે, "મહારાજ ! તમે સુખે કરીને રહો. જેમ તમે રાજી થાશો તેમ અમે કરીશું."

પછી પોતે રાજી થઈને ત્યાં રહ્યા ને સભા કરીને બેઠા ને ગવૈયા ગાવણું કરવા માંડ્યા. ત્યારે મહારાજે દેવાનંદસ્વામીને કહ્યું જે, "તમે આલાપચારી કરો." ત્યારે દેવાનંદસ્વામીએ આલાપચારી કરી. ત્યારે ગવૈયાનાં વાજાં ચાલ્યાં નહીં. ત્યારે ગવૈયા બોલ્યા જે, "હે મહારાજ ! નભાવો તો નભીએ." ત્યારે શ્રીજીમહારાજે કિનખાબની ડગલી કાઢી અને દેવાનંદસ્વામીને માથે ઉતારીને તે ગવૈયાને આપી.

પછી ગઢડેથી નિત્યાનંદસ્વામી, શુકસ્વામી તથા સોમલા ખાચર આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ તેમને સામા ઊઠીને મળ્યા. ત્યારે બાઈએ કહ્યું જે, "આવા પ્રેમી હરિભક્ત કોણ છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારા સારુ ગામ-ગરાસ મેલીને અમારી વાંસે ફરે છે." એમ કહીને કાઠિયાવાડના સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે જેમ હતા તેમ સમાચાર કહ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "એમને પગમાં કાંટા વાગ્યા છે, તે કઢાવો." એમ કહીને તેમને જમાડ્યા.

✺ ધરમપુરની અસવારીમાં મુગટ ધરેલાં શ્રીહરિના દર્શન :

પછી નિત્યાનંદસ્વામી તથા સોમલા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! હાથીની અસવારી ને મુગટનાં દર્શન થયાં નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "એક દિવસ કરાવશું." પછી કુશળકુંવરબાઈએ એક દિવસ ભારે અસવારી કરાવી અને સારી અંબાડી, સોનારૂપાનાં ઘરેણાં તથા ભારે કિનખાબની ઝૂલ્ય, એ આદિક વતે કરીને હાથીને શણગારીને

શ્રીજીમહારાજની આગળ લાવીને ઊભો રાખ્યો. અને શ્રીજીમહારાજને કહ્યું જે, "અસવારી તૈયાર થઈ છે."

પછી બાઈએ વિજયદેવને કહ્યું જે, "આ વસ્ત્ર મહારાજને પહેરાવો." ત્યારે મહારાજને કિનખાબનો ભારે સુરવાળ તથા કિનખાબની ડગલી પહેરાવી ને ભારે રેંટો કેડે બંધાવ્યો ને ભારે હીરા, માણેક ને મોતીનો જડેલ માથે મુગટ ધરાવ્યો, ને સોનાનાં કડાં, સાંકળાં, મોતીની માળા તથા હીરાકંઠી પહેરાવ્યાં. એવી શોભાને ધરતા થકા શ્રીજીમહારાજ હાથી ઉપર વિરાજમાન થયા. રાજા વિજયદેવ મહારાજને માથે મોરચંગ કરતા હવા ને આગે છત્રીસ પ્રકારનાં વાજાં વાગતાં હવાં. એવી શોભાએ જુક્ત શ્રીજીમહારાજ પુર થકી બહાર નીકળ્યા અને ત્યાંથી શિવના મંદિર સુધી ગયા.

તે સમયમાં રાજાએ દોડતે ઘોડે ભડાકો કરીને મહારાજને મજરો(સલામ) કર્યો. પછી મહારાજે વખાણ કરીને કહ્યું જે, "ઘોડો મરી જાય ત્યાં સુધી દોડાવવો નહીં." એવી લીલા કરતા થકા પુરમાં પધાર્યા. પછી પોતે જમવા પધાર્યા ને જમીને ચળુ કરીને કહ્યું જે, "રૂમાલ લાવો." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "રૂમાલ તો ઉતારે રહી ગયો છે." ત્યારે વિજયદેવની રાણી હતી તેણે ભારે વસ્ત્ર હતું, તેનો છેડો લઈને હાથ લૂછવા આપ્યો. ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "દ્રૌપદીની પેઠે એમને સમય સાચવતાં આવડ્યું !" એમ કહીને પોતાના ઉતારામાં પધાર્યા.

✵ કુશળકુંવરબાઈની મૂર્તિ ધારવાની રીત તથા સ્તુતિ-પ્રાર્થના :

પછી એક દિવસે કુશળકુંવરબાઈએ શ્રીજીમહારાજને ભારે વસ્ત્ર તથા ઘરેણાં આપીને પહેરાવીને સારી પાટ ઉપર પધરાવ્યા. પછી વિજયદેવ પાસે આરતી ઉતરાવી અને પોતે શ્રીજીમહારાજનું ધ્યાન કરવા લાગ્યાં અને જેવી બહાર મૂર્તિ હતી તેવી ને તેવી અંતરમાં ઉતારી.

પછી અંતરમાં મૂર્તિ સ્થિર થઈ ત્યારે આરતી રખાવી. પછી બાઈએ કહ્યું જે, "જેમ તમારે કહેવું હોય તેવું કહેજો."

ત્યારે મહારાજે બહુ આકરી વાર્તા કરી. ત્યારે કુશળકુંવરબાઈ બોલ્યાં જે, "હે મહારાજ ! મોર્ય તો પૈસાના ડાંભ(ડામ) દીધા હતા ને હમણાં કોશના ડાંભ ઘો છો, પણ કાંઈ કસર રહેવા દેશો નહીં. તમારા કહ્યામાં કસર રહે તો તમારો વાંક ને હું તે પ્રમાણે ન વર્તું તો મારો વાંક. અને આ દેહે કરીને કસર ટળાવીને તમારા ધામમાં લઈ જાઓ." એમ કહીને શ્રીજીમહારાજની સ્તુતિ કરી. પછી શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામી તથા સોમલા ખાચર આગળ કહ્યું જે, "જેવું દેવહુતિને કપિલજી ઉપર હેત હતું, એવું અમારા ઉપર આ બાઈને હેત છે." એમ કહ્યું.

❋ વાંસદામાં રાજાની સેવા-પૂજા સ્વીકારી ને ચરણ પાડી દીધાં :

પછી એક દિવસ વાંસદાના રાજા રાયસંગજી શ્રીજીમહારાજને તેડવા આવ્યા. તે પછી કુશળકુંવરબાઈને કહ્યું જે, "અમારે ગામ મહારાજને મોકલો." ત્યારે બાઈએ મહારાજને કહ્યું જે, "રાયસંગજી તેડવા આવ્યા છે, વાસ્તે વાંસદે પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું." એમ કહીને પોતે ત્યાંથી ચાલ્યા, તે ગામ **વાંસદે** પધાર્યા. ત્યાંનો રાજા રાયસંગજી નિશાન તથા ડંકો તેણે સહિત અસવારી લઈને મહારાજને સામા આવ્યા ને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. અને ભારે ઢોલિયા ઉપર બેઠા એવા જે મહારાજ, તેમને સોનાનાં ને રૂપાનાં ફૂલે કરીને વધાવ્યા, ને ભારે વસ્ત્ર તથા અલંકાર મહારાજને પહેરાવ્યા, ને હાથ જોડીને સ્તુતિ કરીને મહારાજને જમવા સારુ પોતાના મહોલમાં લઈ ગયા.

પછી શ્રીજીમહારાજે જમીને પોતાના સાધુ તથા પાર્ષદને જમાડ્યા. પછી રાત્રીને સમે સેજવટ(છત) બાંધેલો સારો ઢોલિયો હતો, તે ઉપર વિરાજમાન થયા. તે સમયમાં રાજાની કાકી કામણ-ટુમણવાળી હતી, તે

આવીને મહારાજને કામણ કરવા લાગી. ત્યારે મહારાજે તેના બરડામાં બે-ત્રણ સોટીઓ મારી, ને કહ્યું જે, "રાંડ પૂતના, આવાં નઠારાં કામ કરે છે ? બાળીને ભસ્મ કરી નાખીશ !" ત્યારે ભાગી ગઈ. ત્યારે રાજા તથા તેમની માયે કહ્યું જે, "હે મહારાજ ! એ તો બહુ ભૂંડી છે, તે તમને કાંઈ કરશે." ત્યારે મહારાજ બોલ્યા જે, **"મને તમે કેવો જાણો છો ? મારા ભય થકી વાયુ વાય છે ને મારી આજ્ઞામાં સૂર્ય, કાળ તથા અગ્નિ એ સર્વે મારી આગળ થરથર ધ્રુજે છે,** તો એ રાંડનું અમારા ઉપર કાંઈ ચાલવાનું નથી અને તમારા ઉપર પણ તેનું કાંઈ ચાલવાનું નથી." પછી રાજાએ નિરભે થઈને મહારાજનાં ચરણ દાબવા માંડ્યા. પછી મહારાજ ત્યાં પોઢી ગયા.

પછી સવારમાં ઊઠીને સભામાં વિરાજમાન થયા. તે સમયમાં પોતાના પુરુષોત્તમપણાની ઘણીક વાર્તા કરી અને ઘણાક લોકોને સમાધિ કરાવી. તેમાં બહુ ચમત્કાર દેખાડ્યો ને ઘણાક માણસને પોતાના આશ્રિત કર્યા. પછી રાયસંગજીને પૂજવા સારુ ચરણારવિંદ પાડી આપ્યાં. પછી રાયસંગજીએ શ્રીજીમહારાજની ભારે ભારે વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. પછી હાથ જોડીને સ્તુતિ કરી.

✵ કુશળકુંવરબાઈએ સંતો-પાર્ષદોને રૂડી ભેટ અપાવી :

પછી પોતાના ભક્તજનને રાજી કરીને સાધુ તથા પોતાના પાર્ષદે સહિત **ધરમપુર**માં પધાર્યા. કુશળકુંવરબાઈએ શ્રીમહારાજની ભારે ભારે વસ્ત્ર તથા અલંકાર તેણે કરીને પૂજા કરી. પછી રૂપિયાનો થાળ ભરીને મહારાજની આગળ મેલ્યો. ત્યારે મહારાજે તે રૂપિયા હતા, તે તેમના ચાકર લોકોને આપી દીધા. પછી જેટલા શ્રીજીમહારાજ ભેળા અસ્વાર તથા પાળા હતા, તેમને સર્વને પોષાગ આપ્યા અને જેટલા ભણનારા સંત હતા, તેમને શ્રીમદ્ ભાગવત આપ્યાં. એવી રીતે રૂડે પ્રકારે પૂજા કરીને લાવ લીધો.

✵ સોરઠના હરિભક્તોમાં ઝીણાભાઈને સર્વશ્રેષ્ઠ ગણ્યા :

પછી શ્રીજી દરબારમાં વિરાજમાન થયા. તે સમે મુક્તાનંદસ્વામી આદિ સંત આવીને શ્રીજીને પગે લાગીને બેઠા. તેમને શ્રીજીમહારાજ સર્વ દેશના ભક્તજનના સમાચાર પૂછતા હવા. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મહાનુભાવાનંદસ્વામીને બહુ હરિભક્તનાં નામ લેતાં આવડે છે." પછી શ્રીજી બોલ્યા જે, "બહુ નામ આવડે છે ?" એમ કહીને લોજ-માંગરોળ આદિ સોરઠ દેશના સર્વ હરિભક્તનાં નામ લેવરાવ્યાં. પછી તે સર્વ હરિભક્તમાં મોટેરા ભક્તની પરીક્ષા(ગણતરી) કરાવી.

પછી મહાનુભાવાનંદસ્વામીએ જાદવજી ક્ષત્રિ, મયારામ ભટ્ટ, ઝીણાભાઈ તથા નાનાભાઈ એ ચારનાં નામ લીધાં. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "બહુ સારી નજર પહોંચે છે !" એમ કહીને બોલ્યા જે, "એ ચારમાં કોણ મોટા છે ?" પછી એ મુનિએ કહ્યું જે, "એ તો મહારાજ તમે કહો." પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "ઝીણાભાઈ અધિક છે." એવી રીતે ભક્તજનને આનંદ પમાડતા હવા. અને પોતાના ભક્ત કુશળકુંવરબાઈ તે શ્રીજીમહારાજની મૂર્તિ વારંવાર નીરખીને પોતાના હૃદયને વિષે ધારતાં હવાં.

✵ ધરમપુરથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે મારગમાં હરિભક્તને દર્શન દઈને ગામ **ઝાડેશ્વર** પધાર્યા. ત્યાંથી મારગમાં હરિભક્તને દર્શન દેતા થકા ગામ **રણુ** પધાર્યા. ને મારગમાં સંતે બે કોઠાં આપ્યાં, તેને પોતાના હાથે ભાંગીને જમ્યા ને તે પ્રસાદી સંતને આપી. પછી મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી આદિક સંત મહારાજને દાબતા હવા. પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, તમારો થાક હું ઉતારું." એમ કહીને સંતને ખભે

હાથ ભરાવી, બરડા માથે ચરણ ભરાવી, કડાકા વજાડીને થાક ઉતાર્યો. અને મહી નદીમાં પોતાનો ભક્ત બ્રાહ્મણ, તેણે આપ્યો જે કંસાર, રોટલી, ભાત તથા દાળ તેને પોતે જમ્યા.

અને ત્યાંથી **બામણગામ** પધાર્યા ને તે ગામના ભક્ત રણછોડદાસ તેને ઘરે થાળ જમ્યા. ત્યાંથી **વડતાલ** પધાર્યા ને મુક્તાનંદસ્વામી આદિ સાધુને વડથલ મેલ્યા, ને વડતાલમાં પાંચ દિન રહીને ચાલ્યા, તે ગામ **બોચાસણ** થઈને ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાં રાત રહીને **કારિયાણી** પધાર્યા. પછી **ગઢડે** પધાર્યા.

✺ ગઢડાથી વડતાલ ફૂલદોલનો ઉત્સવ કરવા પ્રયાણ :

ત્યાં રહીને દેશદેશમાં કંકોત્રીઓ લખી જે, વડતાલે ફૂલદોલનો સમૈયો કરશું, ત્યાં સર્વે આવજો. એવી રીતે લખાવીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોટાદ** પધાર્યા. ત્યાં રાત રહીને જમીને ચાલ્યા, તે ગામ **સુંદરિયાણે** પધાર્યા. ત્યાં પોતાના ભક્ત વનાશા તેમને સુખ આપીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **રોઝકે** બપોરા કરીને ગામ **ગાંફ** પધાર્યા. ત્યાં રાજાના દરબારમાં ઊતર્યા ને ત્યાં પોતે જમીને પોતા ભેળા હતા જે સાધુ, પાળા તથા અસવાર તેમને જમાડીને ત્યાં રાત રહ્યા. અને ત્યાં મોટી સભા કરીને ત્યાંના રાજા મનુભા આગળ પોતાના ઐશ્વર્યપણાની ઘણીક વાર્તા કરી.

તે સભાને વિષે બેઠા જે જન, તે એમ સમજ્યા જે, **'આ જગતના કર્તાહર્તા જે ભગવાન કહેવાય છે, તે જ આ મહારાજ છે, પણ બીજો કોઈ નથી.'** એમ કહીને ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **કમિયાળે** રહેતા હવા. ને ત્યાં રાત રહીને ચાલ્યા, તે **બોરુ** ગયા. ને ત્યાં બપોરા કરીને ચાલ્યા, તે ગામ **જાખડે** ગયા. ને ત્યાં પોતે જમીને સાધુ, પાળા તથા અસવારને જમાડ્યા.

✹ વસોમાં બ્રાહ્મણ ભક્તોના થાળ જમ્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **વસો** પધાર્યા. તે ગામના હરિભક્ત પટેલ તુલસીભાઈ, હાંસજીભાઈ, દાદા દવે, વાલા ધ્રુ, જગન્નાથ તથા શાહ ઝવેર આદિક હરિભક્તે સામા જઈને વાજતેગાજતે ગામમાં પધરાવ્યા ને બરફી, દૂધપેંડા, પતાસા, દાડમ તથા નારંગી આદિક મેવાની ભેટ ધરી. અને હાથ જોડીને સર્વ હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! આજ રાત રહો ને અમને પાવન કરો !" પછી પોતે રાજી થઈને રહ્યા ને જેટલા બ્રાહ્મણ હરિભક્ત હતા, તે સર્વે નોખા નોખા થાળ કરીને શ્રીજીમહારાજની પાસે લાવ્યા. પછી સર્વેના થાળ મહારાજ જમ્યા ને સર્વેને આનંદ પમાડ્યા. પછી ગામના પાટીદાર તુલસીભાઈ આદિક સર્વે હરિભક્તે સાધુ સારુ ભારે રસોઈ કરાવી. પછી મહારાજને કહ્યું જે, "તમે સંતને પીરસીને જમાડો." ત્યારે મહારાજ ઊઠીને સંત, પાળા તથા અસવાર તેમને પીરસીને જમાડતા હવા.

✹ પ્રત્યક્ષ ભગવાનના ભજનથી આ દેહે જ કલ્યાણ :

પછી સાંજને સમે ભારે સભા કરાવી અને તેના મધ્યને વિશે મોટી સુંદર પાટ હતી, તે ઉપર વિરાજમાન થયા. પછી તે સમયને વિષે ગામના લોકોએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "પરોક્ષ ભગવાનને ભજને કરીને કેટલું કલ્યાણ થાય છે ? ને પ્રત્યક્ષ ભગવાનને ભજને કરીને કેટલું કલ્યાણ થાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"પરોક્ષ ભગવાનના ભજનથી જન્માંતરે કરીને કલ્યાણ થાય છે ને પ્રત્યક્ષ ભગવાનના ભજનથી આ ને આ દેહે કરીને કલ્યાણ થાય છે; એટલો ફેર છે."** ત્યારે તે લોક બોલ્યા જે, "હે મહારાજ ! જેમ તમે વાત કહો છો, તે વાત કોઈ કહેતા નથી." પછી તેવામાં કેટલાક લોકને પોતે સમાધિ કરાવીને પોતાનું અનેક ઐશ્વર્ય દેખાડ્યું. તેને જોઈને ઘણાક લોક મહારાજના આશ્રિત થયા.

✵ વડતાલ ફૂલદોલ ઉત્સવમાં અદ્‌ભુત રંગોત્સવ :

પછી બીજે દિવસ ત્યાંથી ચાલ્યા, તે ગામ **વરતાલ** પધાર્યા ને જોબન પગીની મેડીમાં ઊતર્યા. સંતો હતા તે ગામથી ઉગમણી તરફ આંબલા તળે ઊતર્યા. પછી મહારાજ થાળ જમીને સાધુ, પાળા, અસવાર તેમને જમાડતા હવા. પછી સાંજને સમે સભા થઈ ત્યારે પટેલ બાપુજી, જોબન પગી તથા બાવા નારાયણગર એ આદિક ગામના સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને કહેતા હવા જે, "હે મહારાજ ! ફૂલડોલનો ઉત્સવ ઢૂકડો આવ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "ઉત્સવનો સામાન મંગાવો."

ત્યારે પતંગ, કેસુડાં તથા ગુલાલનાં ગાડાં ભરીને મંગાવ્યાં અને સાધુને પિચકારીઓ કરવા સારુ જાડા વાંસનાં ગાડાં ભરાવીને મંગાવ્યાં. પછી સુતાર પાસે તેની પિચકારીઓ કરાવીને સાધુને આપી. પછી ઉત્સવને દિવસ રંગ કઢાવીને તે વતે બે હોજ ભરાવ્યા. પછી શ્રીજીમહારાજ ઘોડે અસવાર થઈને ત્યાં પધાર્યા. પછી રંગના ભરેલા હોજ તથા ગુલાલના ભરેલાં ગાડાં તેને જોઈને પોતે હસ્યા અને ભારે પથ્થરનો બાંધેલો ઓટો હતો, તે ઉપર વિરાજમાન થયા. અને પોતે પહેર્યાં હતાં જે કસુંબલ વસ્ત્ર તેને ઉતારીને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં.

પછી પોતે બોલ્યા જે, "રંગ લાવો રમીએ." ત્યારે ગામના પટેલ બાપુજીએ મહારાજના હાથમાં રૂપાની પિચકારી આપી. પછી પોતે રંગની પિચકારી ભરીને સંત ઉપર નાંખવા માંડ્યા. પછી સંત પણ શ્રીજીમહારાજને ઉપર પિચકારીઓ ભરીને રંગ નાંખવા માંડ્યા. ને મહારાજ ગુલાલની ઝોળી ભરીને સંત ઉપર નાંખવા માંડ્યા ને સર્વે સત્સંગી પણ મહારાજના ઉપર રંગ તથા ગુલાલ નાંખવા માંડ્યા.

પછી એક તરફ સાધુ ને સત્સંગી થયા અને એક તરફ મહારાજ ને કાઠી તથા પાળા થયા. પછી સામસામા રંગ ને ગુલાલ નાંખવા લાગ્યા. તે સમયમાં પૃથ્વીને વિશે રંગે કરીને ગારો થઈ ગયો ને પૃથ્વી

ગુલાલે કરીને રક્ત થઈ ગઈ. તે સમયમાં આંબા ઉપર ભારે નોબત વાગી ને ત્રાંસાં તથા શરણાઈ આદિક અનેક પ્રકારનાં વાજાં વાગ્યાં. તે સમયમાં કેવી શોભા થઈ ? તો જેમ આકાશને વિશે રક્ત વાદળાં હોય ને તેમાં ગાજવીજ ને વરસાત થાતો હોય ને જેવી શોભા થાય તેવી શોભા થઈ. તેમાં વાદળાને ઠેકાણે તો ગુલાલ જાણવો, વરસાતને ઠેકાણે તો રંગ જાણવો ને વીજળીને ઠેકાણે તો શ્રીજીમહારાજે પહેર્યાં જે નંગજડિત સોનાનાં કડાં તેના ચળકારા જાણવા, ને ગર્જનાને ઠેકાણે તો નોબતનો ને નગારાનો શબ્દ જાણવો.

આવી લીલાને કરતા થકા દેશાંતરથી આવ્યા જે પોતાના ભક્તજન તેમને આનંદ પમાડતા થકા ઘોડે ચઢીને સર્વે હરિભક્તને દર્શન દીધાં. અને સીમમાં જ્યાં જ્યાં હરિભક્તના ઉતારા હતા, ત્યાં જઈને પોતે પૂછ્યું જે, "કોઈને કાંઈ જોઈતું-કારવતું હોય તો સુખેથી માંગી લેજો." એમ કહીને સાધુ, પાળા, અસવાર તથા સર્વે સત્સંગીએ સહિત ધારુ તલાવડીમાં પોતે નાવા સારુ પેસતા હવા. અને સાધુ-પાળા આદિક સર્વે હરિજન મહારાજ ભેળા નાવા લાગ્યા. અને શ્રીજીમહારાજ ઝાઝી વાર સુધી જળક્રીડા કરતા હવા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ તો ગોમતીજી તુલ્ય છે." એમ કહીને પોતે બહાર નીસર્યા ને ભારે ભારે વસ્ત્ર પહેર્યાં ને પોતાના ભક્તજને ચંદન-પુષ્પ તથા વસ્ત્ર-અલંકારાદિકે કરી જે પૂજા, તેને અંગીકાર કરી.

પછી ઘોડે ચડીને ગાજતેવાજતે જોબન પગીની મેડીમાં પધાર્યા. ત્યાં ગંગામાએ કર્યો જે થાળ તેને પોતે જમ્યા, ને સાધુ સારુ હરિભક્તે કરાવી જે રસોઈ તેને પોતે પીરસીને એમ કહ્યું જે, "હે સંતો ! રમીને થાક્યા હશો, વાસ્તે સારી પેઠે જમો." એમ કહીને પોતે હાથ ધોઈને ઉતારામાં પધાર્યા ને થોડીક વાર પોઢ્યા. અને સાંજને સમે સભા કરાવીને તેમાં વિરાજમાન થયા ને પોતાના સર્વે હરિજનને દર્શન દીધાં.

✵ વડતાલમાં શ્રીહરિને શણગાર ધરાવી સુંદર હિંડોળે ઝૂલાવ્યા :

પછી બીજે દિવસ ગામથી ઉગમણી તરફ આંબલાના સમીપમાં બે મોટા આંબા હતા, તેની વચ્ચે મહારાજના પ્રેમીભક્તે મોટો મોભ નાંખીને તે વચ્ચે ભારે હિંડોળો બાંધ્યો. ને તેને સોનારૂપા વતે કરીને શોભાડ્યો, ને તેને ચારેકોર મોતીની માળાઓ તે વડે કરીને શોભા કરી, ને કમાનોને વિશે સોનારૂપાના વર્ગે(વરખે) જુક્ત લીંબુ લટકાવ્યાં, ને માંહિલીકોરે સોનેરી તથા રૂપેરી વસ્ત્ર વતે કરીને શોભા કરી; એવી રીતે હિંડોળો તૈયાર થયો. ત્યારે હરિભક્તે શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ! હિંડોળો તૈયાર થયો છે."

પછી પોતે ઘોડે ચડીને ચાલ્યા, તે આંબલા તળે પાટ ઉપર વિરાજમાન થયા. પછી પોતાના પ્રેમી હરિભક્ત હતા, તેણે મહારાજને કિનખાપનો સુરવાળ તથા ડગલી પહેરાવ્યાં તથા કેડે ભારે રેંટો બંધાવ્યો તથા મોતીની માળા ને હીરાકંઠી કંઠને વિશે પહેરાવી તથા નંગજડિત કડાં, સાંકળાં તથા નંગજડિત વીંટીઓ ને વેઢ હસ્તને વિશે પહેરાવ્યાં, ને મસ્તકને વિશે હીરા આદિક નંગજડિત મુગટ ધરાવ્યો.

પછી મુનિ તથા સર્વે હરિભક્ત હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! હિંડોળામાં પધારો." પછી મંદમંદ હસતા થકા હિંડોળામાં શ્રીજીમહારાજ વિરાજમાન થયા. તે સમયમાં સર્વે હરિભક્ત 'જયજય' એવો શબ્દ કરવા લાગ્યા. પછી પોતાના એકાંતિક ભક્ત હીરની દોરી તાણીને હિંચકા નાંખવા લાગ્યા. તે સમયમાં બહુ હિંચકાને વેગે કરીને મુગટ નમી જાવા લાગ્યો. ત્યારે નિત્યાનંદસ્વામી હિંડોળા ઉપર ચડીને મુગટને ઝાલી રાખતા હવા.

✵ હિંડોળે ઝૂલતા શ્રીહરિના દર્શનાર્થે દેવો ને મુક્તો આવ્યા :

પછી તે સમયમાં શ્રીજીહારાજ છડી વતે તથા હસ્ત વતે સર્વેના હાર લેતા હવા. અને એક ઠેકાણે રહ્યા થકા સર્વે પોતાના ભક્તજન

તેમના મનોરથ પૂરણ કરતા હવા. પછી તે સમયમાં દેવતાનાં જે વિમાન તેણે કરીને આકાશ ભરાઈ ગયો ને દેવો ચંદન ને પુષ્પની વૃષ્ટિ કરતા હતા. તે સમયમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમના મુક્ત શ્રીજીમહારાજને દર્શને આવ્યા, તેને સમાધિવાળા દેખતા હતા. પછી ઘણીકવાર હિંડોળા ઉપર ઝૂલ્યા.

✵ ઉત્સવમાં વિઘ્ન કરવા આવેલ કોળીઓનો પરાભવ :

પછી ઘોડે ચડીને ગામમાં પધાર્યા. પછી પોતે ગંગામાયે થાળ કર્યો તે જમ્યા. પછી ગામના હરિભક્તે સંત સારુ રસોઈ કરાવી હતી, તેને પોતે સર્વે સંતને પીરસી. પછી પોતાના ઉતારાને વિશે પધાર્યા. તે સમયમાં કોળી લોક સમૈયામાં વિઘ્ન કરવા આવ્યા. ત્યારે શ્રીજીમહારાજ કાઠીના અસવારે સહિત ઘોડે ચડીને સંઘમાં પધાર્યા, ને એમ બોલ્યા જે, “કોઈ ચિંતા કરશો નહીં.” એમ કહીને પછી તે કોળીના જૂથમાં પોતે ઘોડાં નાંખ્યાં ને અસ્તવ્યસ્ત કરી નાંખ્યા. ને સીમમાં ઉતારે ઉતારે ફરીને સર્વેને દર્શન દઈને ‘કોઈ બીશો નહીં’ એમ કહીને ગામમાં પધાર્યા.

પછી બીજે દિવસ આંબલા તળે ભારે સભા કરાવી અને પોતે પાટ ઉપર વિરાજ્યા. તે સમયમાં પોતાના પુરુષોત્તમપણાની ઘણીક વાર્તા કરી. પછી ત્યાંથી ઉગમણી તરફ રાયણના વૃક્ષ તળે ગંગામા તથા બીજી ઘણીક બ્રાહ્મણીઓ, તે શ્રીજીમહારાજ સારુ થાળ લઈને આવી. ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ શ્રીજીમહારાજને કહ્યું જે, “હે મહારાજ ! જમવા સારુ પધારો.”

પછી પોતે રાયણ તળે બેસીને સર્વેના થાળ જમ્યા. તે સમામાં શ્રીજીમહારાજ પાસે દસ-વીસેક લેલાં(‘લે લે’ કરતું એક પક્ષી) આવીને બોલવા માંડ્યાં. ત્યારે મુકુંદબ્રહ્મચારીએ કહ્યું જે, “હે મહારાજ ! એ શું કહે છે ?” ત્યારે મહારાજે કહ્યું જે, “અમારું કલ્યાણ કરો, એમ કહે છે.”

પછી એમ કહીને તેનું કલ્યાણ કર્યું. પછી મધ્યાહ્ન સમે ત્યાં રંગોળી પુરાવી ને સેવોમાં ઝાઝું ઘી ને ખાંડ નાંખીને પોતે સંતને જમાડ્યા. એવી રીતે સમૈયો કર્યો.

✹ વડતાલથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

પછી મુક્તાનંદસ્વામી આદિ ૧૫ સદ્ગુરુને પોતા ભેળા લઈને ને બીજા સંતને દેશમાં ફરવાની આજ્ઞા આપીને પોતે ગઢડાને માર્ગે ચાલ્યા, તે ગામ **મહેળાવ** તથા **સોજીત્રા**ના હરિભક્તને દર્શન દેતા થકા ગામ **સિંજીવાડે** ગયા. ત્યાં એક રાત રહીને માર્ગના ગામના હરિભક્તને દર્શન દેતા થકા ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાં જમીને બીજે દિવસ ચાલ્યા, તે ગામ **રોઝકે** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **સારંગપુર** પધાર્યા. ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા.

✹ માંચા ખાચરના દહાડા ઉપર કારિયાણી પધાર્યા :

તે વાર પછી કારિયાણીથી વસ્તા ખાચર તેડવા આવ્યા, ને બોલ્યા જે, “હે મહારાજ ! માંચા ખાચરના દાડા ઉપર ત્યાં પધારો.” ત્યારે શ્રીજીમહારાજ **કારિયાણી** પધાર્યા ને સાટા કરાવીને રૂડે પ્રકારે કારજ કર્યું. અને સાટા વધ્યા તે ફેર સંતને બોલાવીને આઠ ગળ્યા ને આઠ મોળા સર્વ સંતને બંધાવ્યા. અને તે સંત ગુજરાતમાં ગયા ને શ્રીજીમહારાજ **ગઢડે** પધાર્યા.

✹ કેરી ટાણે ગઢડેથી વિચરણ કરતા વડતાલ પધાર્યા :

અને કેરીઓ ટાણે પાછા વરતાલ જવા ચાલ્યા, તે ગામ **બોટાદ** પધાર્યા. ત્યાં ભગા શેઠની રસોઈ હતી તેને પોતે જમીને પાળા તથા અસવાર તેમને જમાડીને ચાલ્યા, તે **લોયે** બપોરા કરીને **નાગડકે** સુરા ખાચરના દરબારમાં ઊતર્યા. ત્યાં જમીને રાત રહ્યા. પછી સુરા ખાચરે કહ્યું જે, “ગુજરાતમાં કેરીઓ બહુ પાકી છે.”

ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો, તમને કેરીઓ જમાડીએ." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે **ભેંસજાળ** કાયાભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં પોતે જમીને રાત રહ્યા ને બીજે દિવસ ચાલ્યા, તે ગામ **વાગડ** પધાર્યા.

ત્યાં રાત રહીને સર્વે હરિભક્તને આનંદ આપીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મોરશિયે** પધાર્યા. ત્યાંથી **ધંધુકે** પધાર્યા ને ત્યાં બપોરા કરીને ચાલ્યા, તે ગામ **ખડોળ** પધાર્યા. ત્યાંના હરિભક્તે સારી રસોઈ કરાવીને મહારાજને જમાડ્યા ને પોતા ભેળા પાર્ષદ હતા તેમને જમાડ્યા ને બહુ તાણ કરીને શ્રીજીમહારાજને રાત રાખ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કમિયાળે** પધાર્યા ને ત્યાં તળાવને કાંઠે આંબલીઓમાં ઊતર્યા. પછી ગામમાં જમવા પધાર્યા ને સિંહા વણારની મેડીમાં રાત રહ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે **ભોળાદ**ને પાદર થઈને ગામ **જાખડે** પધાર્યા. ત્યાંના હરિભક્તે શ્રીજીમહારાજને કહ્યું, "તમે સારી પેઠે જમો ને તમારા પાર્ષદ તથા સર્વે સાધુને દહીં-દૂધ વતે સારી પેઠે ત્રપ્ત કરો." ત્યારે મહારાજે દૂધ-દહીં વતે કરીને સર્વને ત્રપ્ત કર્યા.

અને ત્યાંથી ચાલ્યા, તે **પછેગામ**નો આરો ઊતરીને ગામ **દેવે** પધાર્યા. ત્યાં બપોરા કરીને સાધુ તથા પાર્ષદને જમાડીને ચાલ્યા, તે ગામ **ચાંગે** પધાર્યા ને ત્યાં પોતે રાત રહ્યા. બીજે દિવસ પોતે જમીને તથા સાધુ-પાળાને જમાડીને ગામ **વરતાલ** પધાર્યા. ત્યાં કેરીઓની સર્વે સત્સંગીએ રસોઈઓ આપી ને મહારાજની બહુ સેવા કરી.

✵ ગાના ગામને બાજરી પાક્યાનો આશીર્વાદ :

અને મહારાજ દશ દિવસ ત્યાં રહીને પાછા **ગઢડા**ને માર્ગે ચાલ્યા, તે ગામ **ગાને** પધાર્યા ને ગામની તરફ તળાવને કાંઠે ઊતર્યા. ત્યાં કાઠીઓ સારુ રોટલા મંગાવ્યા. રોટલા આવ્યા ત્યારે ઊજળો રોટલો જોઈને અલૈયા ખાચરે માંગી લીધો. પછી ખાવા માંડ્યો, ત્યારે

ખહરક ખહરક થાવા માંડ્યો. ત્યારે અલૈયા ખાચરે કહ્યું જે, "આ તે શાનો રોટલો છે?" ત્યારે મહારાજે રગનાથદાસ પટેલને કહ્યું જે, "આ શાના રોટલા છે ?" ત્યારે રગનાથદાસ બોલ્યા જે, "આ તો ચીણાનો રોટલો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "બાજરીના રોટલા કેમ ખાતા નથી?" ત્યારે કહ્યું જે, "અમારી સીમમાં બાજરી થોડી પાકે છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આજથી બાજરી સારી પાકશે."

❋ શ્રીહરિ ગાનાથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોચાસણ**માં કાશીદાસ મોટાને ઘેર ઊતર્યા. પછી કાશીદાસે રસોઈ કરાવી, તે પોતે જમીને સાધુ તથા પાર્ષદને જમાડ્યા. પછી સર્વે સંતને ફરવાની આજ્ઞા કરી, ને નિત્યાનંદસ્વામી આદિક ભણનારા સાધુને ભેળા લઈને ચાલ્યા ને માર્ગમાં ઘણોક વરસાત થયો. પછી પોતે **બુધેજ** પધાર્યા ને વાંસે ઉકા ખાચર આવતા હતા, તે માર્ગમાં પડી જાય ત્યારે કેરીયુંને ગાળુ દે જે, "ધત ! તાલી માની કેરી, ઉકો કાંણુ ને કેરી કીમી ? અને ડોશી કીમી ને દિતવાર(રવીવાર) કીમો ?" એમ કહ્યું. પછી આ વાત નિત્યાનંદસ્વામીએ મહારાજને કહી, ત્યારે મહારાજ બહુ હસ્યા.

પછી ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **ગુડેલ** થઈને ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાં જમીને બીજે દિવસ ચાલ્યા, તે ગામ **કુંડળ** પધાર્યા ને મામૈયા પટગીરને ઘેર ઊતર્યા. ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ પધાર્યા ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં નિત્યે ઘેલે સાધુ, સત્સંગી, પાળા સહિત નાવા પધારતા. એ પ્રકારે લીલાને કરતા થકા ત્યાં રહેતા હવા.

॥ ઈતિ ૭૨ બોતેરની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૭૩ ની લીલા

✹ વડતાલ દિવાળી કરીને પાછા ગઢડે પધાર્યા :

પછી જન્માષ્ટમી કરીને સર્વ સંતને દર્શન દેતા થકા રહેતા હવા. અને દિવાળી ઉપર તો પોતે વરતાલને માર્ગ ચાલ્યા, તે ગામ **સારંગપુર** આવ્યા. ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણે** પધાર્યા ને બીજે દિવસ જમીને ચાલ્યા, તે ગામ **રોઝકે** પધાર્યા. ત્યાંથી **કમિયાળે** પધાર્યા ને ત્યાંથી ચાલ્યા, તે **સિંજીવાડે** પધાર્યા. ત્યાંથી **વરતાલ** પધાર્યા ને ત્યાં બહુ દીવા કરાવીને દીપમાળાને સમીપે પોતે વિરાજમાન થકા સર્વે સંતને તથા સત્સંગીને દર્શન આપતા થકા બહુ દિન રહ્યા. તે સમયમાં હરિભક્તે કરી જે પૂજા તેને અંગીકાર કરી અને તેમણે કરાવી જે ભારેભારે રસોઈઓ તેને પોતે સંતને જમાડીને તેમના મનોરથ પૂરા કર્યા.

પછી શ્રીજીમહારાજ **જેતલપુર** પધાર્યા. ત્યાં મુક્તાનંદસ્વામી આદિ સર્વે સાધુને તેડાવ્યા. તે સર્વે સંતે આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા ને છાતીમાં મહારાજનાં ચરણકમળ લીધાં ને દર્શન કરતા થકા રહેતા હવા. પછી શ્રીજી ત્યાં પાંચ દિવસ રહ્યા. પછી સર્વે સંતને દેશદેશમાં ફરવાની આજ્ઞા આપી અને આનંદાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ ભણનારા સંત, તેમને પુરુષોત્તમ શાસ્ત્રી ભેળે બામણગામ આદિક ગામમાં જાવાની આજ્ઞા આપી. અને ત્યાંથી નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી આદિ પાંચ સંતને પોતે ભેળા લઈને **ગઢડે** પધાર્યા.

✹ ગઢડાથી વિચરણ કરતા ફૂલદોલોત્સવ કરવા વડતાલ પધાર્યા :

પછી સર્વ સંત ઉપર કાગળ લખાવીને મોકલ્યો જે, ‘ફૂલડોલનો ઉત્સવ વડતાલે કરવો છે. તે સર્વે સત્સંગીને ખબર કરજ્યો ને તમે સર્વે વડતાલે આવજ્યો.’ એમ સંત ઉપર કાગળ મોકલીને શ્રીજી વડતાલને

માર્ગે ચાલ્યા, તે ગામ **કારિયાણી** આવ્યા. ત્યાં જમીને ચાલ્યા, તે **બરવાળે** થઈને ગામ **ગાંફ** પધાર્યા. ત્યાં દરબારમાં ઊતર્યા ને ત્યાં પોતે જમીને પાળા, સાધુ તથા અસવારને જમાડ્યા. અને ત્યાંના દરબાર મનુભા તેણે વસ્ત્ર-અલંકારે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી.

બીજે દિવસ ચાલ્યા, તે **કમિયાળે** પધાર્યા ને ત્યાંથી **બોરુ** પધાર્યા. તે ગામના બ્રાહ્મણોએ શ્રીજીમહારાજને રસોઈ કરીને જમાડ્યા ને સાધુ, પાળા તથા બીજા હરિભક્તને જમાડ્યા. પછી **ગોલાણા**નો આરો ઊતરીને ગામ **મોરજ** પધાર્યા. ત્યાં રાત રહીને ગામ **માણજ** પધાર્યા. ત્યાં બપોરા કર્યા ને પોતે જમ્યા. પછી સર્વેને જમાડ્યા.

પછી નારના પાટીદાર કાળીદાસે મહારાજને કહ્યું જે, "મહારાજ ! અમારે ગામ પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું." એમ કહીને પોતે ગામ **નાર** પધાર્યા. ત્યાંના હરિભક્તે ભારે રસોઈ કરાવી. પછી શ્રીજીમહારાજ જમીને સર્વે સાધુ, પાળા તથા અસવાર તેમને જમાડતા હવા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **પંડોળી**એ પધાર્યા. ત્યાંના સર્વે હરિભક્તે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આજ રહો ને સર્વે સંતને જમાડીને પછી ચાલો." ત્યારે પોતે દયા કરીને ત્યાં રહ્યા. પછી પોતે જમીને સર્વે સંત તથા પોતાના પાર્ષદને જમાડ્યા. અને તે ગામના હરિભક્તે ચંદન-પુષ્પાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરી.

ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **પીપળાવ** પધાર્યા. ત્યાં પોતે પ્રભાશંકર તથા દાજી ગોરને ઘેર જમીને પછી સર્વે સંત તથા પાર્ષદને જમાડીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **વડતાલ** આવ્યા. અને સર્વે સંતમંડળ તથા સર્વે દેશદેશના હરિજન ત્યાં ફૂલડોલના ઉત્સવ ઉપર આવ્યા.

પછી શ્રીજી ગામથી પૂર્વ દિશામાં તળાવને સમીપે રંગના હોજ ભરાવીને સર્વે સંત ઉપર ને સર્વે હરિજનની ઉપર પિચકારીઓ ભરી ભરીને નાખતા હવા. એમ શ્રીજીને રંગ રમતે સતે બહુ મનુષ્યની

ભીડ થઈ, ત્યારે શ્રીજીમહારાજ ઘોડા ઉપર ચડીને અસવારી કરીને સર્વે સંઘને દર્શન દેતા થકા ચારેકોર ફર્યા.

✵ સુરતી ભક્તનો મુગટ પહેરી સંતોએ બાંધેલ હિંડોળે ઝૂલ્યા :

પછી સાયંકાળે નિષ્કુળાનંદસ્વામી આદિ સંતમંડળે એ તળાવમાં જોડે જોડે બે આંબા, તે ઉપર મોભ નાખીને મોટો હિંડોળો બાંધ્યો. તેને વિષે શ્રીજીમહારાજ બિરાજ્યા. પછી દેશદેશના હરિભક્તે શ્રીજીમહારાજને ઘણાક પુષ્પના હાર પહેરાવ્યા. સુરતના હરિભક્ત શ્રીજીને ઝરીનાં વસ્ત્ર-ઘરેણાં ને મસ્તકને વિષે મુગટ ધરાવીને આરતી ઉતારતા હવા. તે સમે ચંદનની વૃષ્ટિ થઈ. એવી રીતે ફૂલડોલનો મોટો ઉત્સવ કરીને, પોતાના પ્રેમીભક્તે કર્યા જે થાળ તેને જમીને, તેમણે કરાવી જે ભારે ભારે રસોઈયો તે સંતને જમાડી. પછી સર્વે સંતને દેશદેશમાં જાવાની આજ્ઞા આપી.

✵ સુણાવ, પાળજ અને પેટલાદમાં થાળ-પધરામણી :

પછી પાછા શ્રીજીમહારાજ ગઢડાને માર્ગે ચાલ્યા, તે ગામ **સુણાવ** પધાર્યા. ત્યાં રાત રહીને બીજે દિવસ પોતે જમ્યા. પછી સાધુને જમાડીને તે ગામના હરિભક્તે ચંદન-પુષ્પાદિક વડે કરી જે પૂજા તેને અંગીકાર કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **પાળજ** પધાર્યા. ત્યાંના હરિભક્ત ગાજતેવાજતે શ્રીજીમહારાજને પધરાવતા હવા. ત્યાં સંતમંડળ સારુ રસોઈ કરાવી ને ત્યાંના બ્રાહ્મણ હરિભક્તે શ્રીજીમહારાજને થાળ કરીને જમાડ્યા. પછી સંતમંડળને જમાડ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ બ્રાહ્મણે સત્સંગ સારુ જેવું કષ્ટ વેઠ્યું, તે તેવું કોઈથી વેઠાય નહીં." એમ કહીને ત્યાં એક રાત રહ્યા.

પછી સવારના પહોરમાં ચાલ્યા, તે ગામ **પેટલાદ** પધાર્યા. ત્યાંના શેઠ વજા આદિક સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. પછી મુકુંદ બ્રહ્મચારીએ વજા શેઠના ઘરમાં કર્યો જે થાળ

તેને પોતે જમ્યા. પછી વજા શેઠે કહ્યું જે, "હે મહારાજ ! સંત સારુ રસોઈ તૈયાર થઈ છે." પછી શ્રીજીમહારાજ સંતમંડળ તથા પોતાના પાર્ષદને જમાડતા હવા. પછી સાંજને સમે સભાને વિશે બેઠા એવા જે મહારાજ તેમની વજા શેઠે ચંદન-પુષ્પ તથા અલંકાર વતે કરીને કરી જે પૂજા, તેને પોતે અંગીકાર કરતા હવા.

✹ પીપલોઈ, પીપળી અને ધોલેરા થાળ-પધરામણી :

પછી બીજે દિવસ ચાલ્યા, તે ગામમાં હરિભક્તોને દર્શન દેતા થકા ગામ **પીપલોઈ** પધાર્યા. પછી તે ગામના હરિભક્ત પટેલ ભાઈબા તે મહારાજને ગામમાં પધરાવતા હવા. પછી તેમણે કરી એવી જે સેવા તેને અંગીકાર કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ ખંભાતને પાદર **નારેસર** તળાવના સમીપમાં એક પહોર ટકતા હવા ને ત્યાંના સર્વે હરિભક્તને દર્શન દીધાં. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **મીતલી**નો આરો ઊતરીને ગામ **પીપળી** પધાર્યા, ને દાદાભાઈના દરબારમાં ઊતર્યા. પછી ત્યાં પોતે જમીને પછી સંતમંડળને જમાડ્યા.

ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **ધોલેરે** પધાર્યા ને ત્યાં પુંજાભાઈની મેડીને વિશે ઊતર્યા. પછી તે ગામના સર્વે હરિભક્ત દર્શને આવ્યા. પછી દ્રાક્ષ તથા કાજુકળિયા આદિક મેવાની ભેટ મેલી. તેને સાધુ તથા સર્વે હરિભક્તને વહેંચી દીધી. પછી પોતે જમીને સંતમંડળને જમાડ્યા.

✹ ધોલેરાથી વિચરણ કરતા ગઢડા પધાર્યા :

પછી ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **નાવડે** પધાર્યા. ત્યાં રાત રહીને સવારમાં ચાલ્યા, તે ગામ **ઝમરાળે** પધાર્યા. પછી ત્યાં જીવો દવે મહારાજ સારુ જમવાનું લાવ્યા તેને જમ્યા. ને પોતે સંતમંડળને જમાડીને ચાલ્યા, તે ગામ **રોહિશાળે** પધાર્યા. ત્યાંના સર્વે હરિભક્તને

દર્શન દઈને ગામ **કેરિયા** પધાર્યા. ત્યાં પોતે જમીને પછી સંતમંડળને જમાડીને ત્યાં રાત રહ્યા. પછી સવારના પહોરમાં ચાલ્યા, તે ગામ **નિંગાળે** પધાર્યા ને ત્યાંના સર્વે હરિભક્તને દર્શન દીધાં. પછી નદીમાં ઘોડાં પાઈને ચાલ્યા, તે ગામ **ઉગામેડી** ઊતર્યા.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા નિત્ય ઘેલામાં સ્નાનને અર્થે સંતમંડળ સહિત પધારે ને ત્યાં પોતે બહુ પ્રકારે જળક્રીડા કરીને પાછા પોતાને ઉતારે આવે. એમ લીલા કરતા થકા ત્યાં બહુ દિન રહ્યા.

✹ જેતલપુરમાં સંતોને સેવા-પૂજાનો વિવેક શીખવ્યો :

પછી ભીમ એકાદશી ઉપર **જેતલપુર** પધાર્યા. ને તે ગામના ભક્ત જે આસજીભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતેવાજતે પધરાવ્યા ને મહોલમાં ઉતાર્યા. શ્રીજીમહારાજને અર્થે ગંગાબાઈએ થાળ કર્યો, તે પોતે સારી પેઠે જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી મહોલમાં પધાર્યા ને ત્યાં આસોપાલવ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે સાધુ અદ્વૈતાનંદસ્વામીએ ખોટા મોતીનો હાર પહેરાવ્યો. તેને જોઈને રાજી ન થયા ને સર્વે સંતને કહ્યું જે, "તમે જો આ હાર રાખશો તો ચોર સાચા મોતીના હાર જાણીને તમને લૂંટી લેશે ને મારી નાખશે. માટે ચણોઠીના, રતાંજળીના ને મોતીના હાર જેના પાસે હોય એ સર્વે લાવો." એમ કહીને તે હાર સંત પાસેથી લઈને સત્સંગીને આપ્યા. ને કહ્યું જે, **"ગૃહસ્થની પેઠે સાધુને સેવા કરવા ન ઈચ્છવી."** એમ કહીને સર્વે સંતને હાર રાખવાની ના પાડી.

✹ જેતલપુરમાં ભીમ એકાદશીનો ઉત્સવ :

એમ શ્રીજી લીલા કરતા થકા ભીમ એકાદશીનો ઉત્સવ આવ્યો. તે દિવસ ગામથી ઉત્તર દિશામાં તળાવને કાંઠે વડને ઉગમણે ડાળે હિંડોળો હરિભક્તે બાંધ્યો હતો, તે ઉપર પોતે વિરાજમાન થયા. તે

સમે શ્રીજીની આનંદાનંદસ્વામીએ કેસર-ચંદનાદિકે કરીને પૂજા કરી અને હરિભક્તે ઘરેણાં વસ્ત્ર આદિકે કરીને પૂજા કરી, તે સર્વેને ધારણ કરતા થકા વિરાજતા હવા. એવી રીતે તે ભક્તોની પૂજાને અંગીકાર કરતા થકા બહુ દિન ત્યાં રહ્યા.

❋ જેતલપુરથી ડભાણ-વડતાલ થઈ વિચરણ કરતા ગઢડે પધાર્યા :

પછી **ડભાણ** પધાર્યા ને ત્યાં એક દિન રહીને બીજે દિવસે **વડતાલ** પધાર્યા. ત્યાંના હરિભક્તે કરી જે સેવા તેને અંગીકાર કરી. અને દિવસ પાંચ રહીને ચાલ્યા, તે ગામ **મહેળાવ** થઈને ગામ **સોજીત્રા**ના હરિભક્તને દર્શન દઈને ગામ **સિંજીવાડે** પધાર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **ગલિયાણે** પધાર્યા.

ત્યાંથી સાભર ઊતરીને ચાલ્યા, તે ગામ **વારણા**ના હરિભક્તને દર્શન દઈને ગામ **બોરુ** થઈને ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **ઝીંઝર** પધાર્યા ને ખોડાભાઈના દરબારમાં ઊતર્યા. પછી ત્યાં પોતે જમીને પછી સંતમંડળને જમાડ્યા. સાંજને સમે મોટી સભા કરાવીને તેને વિશે વિરાજમાન થયા ને પોતાના પુરુષોત્તમપણાની વાત કરી.

પછી ત્યાં એક દિવસ રહીને ગામ **કુંડળ** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ગામ **સમઢિયાળે** થઈને ગામના હરિભક્તને દર્શન દઈને ગામ **કારિયાણી** પધાર્યા. પછી ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** પધાર્યા. ત્યાં બપોરા કરીને ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા

॥ ઈતિ ૭૩ તોતેરની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૭૪ ની લીલા

✵ ગઢડામાં જન્માષ્ટમીનો ઉત્સવ :

અને ત્યાં-ગઢડા રહીને પ્રાગજી દવે પાસે કથા કરાવે ને નિત્ય પ્રત્યે ઘેલે નાવા પધારે. એવી રીતે લીલા કરતા થકા ને ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં ચાતુર્માસ રહ્યા. ત્યાં જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. ત્યારે સર્વે સાધુ તથા સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને દર્શને આવ્યા. પછી જન્માષ્ટમીને દિવસ સવારના પહોરમાં ઊઠીને ઓરડાની ઓસરી ઉપર ઢોલિયાને વિશે બિરાજમાન થયા.

પછી સુરા ખાચરે કહ્યું જે, “હે મહારાજ ! આજ જન્માષ્ટમીનો દિવસ છે, તે માટે સારાં સારાં વસ્ત્ર પહેરો.” ત્યારે મહારાજે કહ્યું જે, “લાવો.” પછી દાદા ખાચરે શ્રીજીમહારાજને કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવી, ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો. ને હસ્તકમળને વિશે સોનાનાં કડાં ને સાંકળાં પહેરાવ્યા, ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા.

પછી એમ દર્શન દેતે થકે ત્રીજો પહોર થયો, ત્યારે બહુ હરિભક્તની ભીડ થઈ. ત્યારે પોતે ઘોડે ચડીને સર્વને દર્શન થાય તે સારુ વાડીએ પધાર્યા. સર્વને દર્શન દઈને પાછા ગામમાં પધાર્યા ને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી ગવૈયા પાસે ગાવણું કરાવ્યું. એમ દર્શન દેતે થકે અડધી રાત થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા. ને સંત તથા હરિભક્ત ઉતારા ઉપર ગયા.

પછી પારણાને દિવસ લાડુબાએ મોતૈયા લાડુની રસોઈ કરાવી. પછી બ્રહ્મચારીને કહ્યું જે, “મહારાજને કહો જે રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે તમે થાળ જમવા પધારો.” ત્યારે પોતે ત્યાં પધાર્યા ને પોતાના પ્રેમીભક્તે પીરસીને મૂક્યો જે થાળ તેને પોતે જમ્યા. પછી મુખવાસ

લઈને પોતે પીરસવાને તૈયાર થયા. ત્યારે સંત મોતૈયા લાડુનો તાંસ ઝાલીને આગળ આવીને ઊભા રહ્યા. તેમાંથી બે હાથ વડે લાડુ લઈને પોતે પીરસતા હવા. એમ ને એમ પાંચ દિવસ સંતને જમાડ્યા. પછી દેશમાં ફરવાની આજ્ઞા કરી.

✷ ગઢડામાં દશેરાનો ઉત્સવ :

એમ લીલા કરતે સતે દશેરાનો દિવસ આવ્યો. ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, “આજ તો અસ્વારી કરો ને ભારે વસ્ત્ર પહેરો.” પછી ભારે સુરવાળ અને ડગલી પહેર્યાં, ને મસ્તકને વિષે ભારે રેંટો બાંધ્યો અને એક રેંટો કેડે બાંધ્યો, ને કંઠને વિષે સોનાની ઊતરી પહેરી, ને પગને વિષે સોનાનો તોડો ધારણ કર્યો. પછી માણકી ઘોડી ઉપર પોતે અસ્વાર થયા ને ગાજતેવાજતે ગામમાંથી બહાર નીસર્યા. ને બોટાદને માર્ગે ઘોડાને ફેરવીને વાડીએ થઈને પછી ગામમાં પધાર્યા.

પછી ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સર્વે સાધુ તથા સર્વે હરિભક્તે મહારાજની પૂજા કરી. એવી રીતે દશેરાનો સમૈયો કર્યો. પછી પોતાને દર્શને આવ્યા જે સંત તેમને પાંચ દિવસ જમાડીને ફરવા મોકલ્યા ને પોતે ત્યાં રહ્યા.

✷ વડતાલ દિવાળી અન્નકૂટ ઉત્સવ કરી પાછા ગઢડે પધાર્યા :

પછી **બોટાદ** પધાર્યા ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સુંદરિયાણે** પધાર્યા. ત્યાંથી ગામ **કમિયાળે** પધાર્યા ને ત્યાંથી **સિંજીવાડે** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **વડતાલ** પધાર્યા. ત્યાં દેશદેશથી સત્સંગીને તેડાવ્યા ને સાધુમાત્રને તેડાવ્યા. અને બહુ પ્રકારે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સબંધી વાર્તા કરી. અને ત્યાં અન્નકૂટના દિવસે નાના પ્રકારનાં ભોજન અને વ્યંજન તેણે કરીને પોતાના પ્રેમીભક્તે મહારાજને જમાડ્યા. એવી રીતે સમૈયો કર્યો.

અને મોટા મોટા સદ્‌ગુરુને કહ્યું જે, "તમારે જ્યારે અમારા દર્શને આવવું હોય ત્યારે આવજો." એમ કહીને ત્યાંથી ગઢડાને માર્ગે ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા, ને ખોડાભાઈના દરબારમાં ઉતારો કર્યો. પછી ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **ગોરાડ** પધાર્યા. પછી ત્યાં પોતે જમીને સંતમંડળને દહીં-દૂધ વડે કરીને તૃપ્ત કર્યા. પછી ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **ગુડેલ**માં જીજીભાઈના દરબારમાં પધાર્યા ને તેની મેડી ઉપર પોતે ઊતર્યા. પછી ત્યાં ઝાઝું ઘી નાખીને રીંગણાનું શાક પોતે કર્યું. પછી તે શાક જમતા જાય અને સંતો તથા પાળાને આપતા જાય. પછી સંતે શાકનાં બહુ વખાણ કર્યાં જે, "હે મહારાજ ! આવું તો શાક કોઈ દહાડો જમ્યા નથી." પછી તે શાકની પ્રસાદી જીજીભાઈને આપી.

પછી ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **બોરુ** પધાર્યા. ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે ગામ **ખરડ** પધાર્યા ને ત્યાં સંતમંડળને જમાડીને દહીં-દૂધ વડે કરીને તૃપ્ત કર્યા. ત્યાંથી બીજે દિવસે **કારિયાણી** પધાર્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં વીસ-પચીસ દિવસ રહીને પોતાના એકાંતિક ભક્તને મનવાંછિત સુખ આપ્યું.

✵ વડતાલમાં વેદાંતાચાર્યનું સન્માન કરી દક્ષિણા આપી :

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **પીપળી**એ પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **ગુડેલ** પધાર્યા. ત્યાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ આદિક સંત દર્શન કરવા આવ્યા તે ભેળા થયા.

પછી શ્રીજીમહારાજ સંતમંડળે સહિત ત્યાંથી **વડતાલ** પધાર્યા ને જોબનપગીને ઘેર ઊતર્યા. ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિક સાધુને વેદાંતાચાર્યને તેડવાને વાસ્તે અમદાવાદ મોકલ્યા. તે મુક્તાનંદસ્વામી વેદાંતાચાર્યને તેડી આવ્યા. તેમને સન્મુખ શ્રીજીમહારાજ સાધુ-સત્સંગી

સહિત પધાર્યા, ને બહુ સન્માને કરીને વેદાંતાચાર્યને ગામમાં લાવ્યા, ને નારાયણગર બાવાની ધર્મશાળામાં ઉતારો આપ્યો, ને સાકરનાં સીધાં દેવરાવ્યાં.

અને શ્રીજીમહારાજે એને ઘણાક પ્રશ્ન પૂછ્યા. તે કિયા ? તો એક તો એ પ્રશ્ન પૂછ્યો જે, 'સુષુમ્ણા નામે નાડી તે આ દેહમાં કઈ રીતે રહી છે ? અને દેહ થકી બહાર કઈ રીતે રહી છે ?' અને વળી એમ પૂછ્યું જે, 'જાગ્રત આદિ ચાર અવસ્થા છે, તે એક એક અવસ્થાને વિષે ચાર ચાર અવસ્થા કઈ રીતે રહી છે ? અને પ્રણવનું સ્વરૂપ તે કેવું છે? અને નાદનું સ્વરૂપ તે કેવું છે ? અને દૃષ્ટા ને દૃશ્ય થકી પર જે બ્રહ્મ તેનું સ્વરૂપ તે કેવું છે ? અને બ્રહ્મ થકી પર જે પરબ્રહ્મ તેનું સ્વરૂપ તે કેવું છે? અને વેદની ઉત્પત્તિ તે વૈરાટનારાયણ થકી છે કે મહાવિષ્ણુ થકી છે કે વૈકુંઠનાથ થકી છે કે શ્વેતદ્વીપવાસી થકી છે કે અક્ષરબ્રહ્મ થકી છે કે અક્ષર પર એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ તે થકી છે ? અને એ સર્વના મધ્યે વેદ તે કોણ પર છે ?"

ત્યારે વેદાંતાચાર્યને તે શ્રીજીમહારાજના સર્વે પ્રશ્નનો ઉત્તર ન આવડ્યો. તે પછી શ્રીજીમહારાજે તે વેદાંતાચાર્યને સો રૂપિયા આપીને તેને વિદાય કર્યો. તે ગામ પીપળાવમાં જઈને શ્રીજીમહારાજની નિંદા કરી. તે નિંદાનો કાગળ લખ્યો. તે કાગળ શ્રીજીમહારાજને હાથ આવ્યો. તે વાંચીને પોતે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ ભણેલા સાધુને મોકલ્યા. તેમણે જઈને નડિયાદમાં રોક્યો ને કહ્યું જે, "તમારું શ્રીજીમહારાજે બહુ સન્માન કર્યું ને છતાં તમે શા સારુ નિંદા કરી ?" એવી રીતે ઠપકો દીધો.

ત્યારે તે વેદાંતાચાર્ય સાધુને કરગરવા લાગ્યો અને કહ્યું જે, "મેં જખ મારી ને હું ભૂલ્યો..!" ત્યારે તેને સાધુએ જવા દીધો ને સાધુ પાછા શ્રીજીમહારાજ પાસે વડતાલ આવ્યા. તે વાર પછી સર્વ સાધુને

ફરવાની આજ્ઞા કરી. અને શ્રીજીમહારાજ પોતે મોટેરા સાધુને સાથે લઈને ગઢડે પધાર્યા. ત્યાં કેટલાક માસ રહેતા હવા.

❋ અંગ્રેજનું રાજ્ય થતા શ્રીહરિ ગઢડાથી અમદાવાદ પધાર્યા :

એક દિવસને સમે તો મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ મોટેરા સાધુને કહ્યું જે, "હું તમને પાકા કરવા સારુ અહીં લાવ્યો છું. ને સાધુને તો એક ટંક ખાવું ને દેહ-ઈન્દ્રિયનું દમન કરવું." એવી રીતે ઘણીક વાર્તા કરી, ને નિત્ય પ્રત્યે લીલા કરતા થકા શ્રીજીમહારાજ ત્યાં ગઢડે રહેતા હવા.

એક સમે અમદાવાદથી નથુ ભટ્ટ ને કુબેરસિંહજી શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ ગઢડે આવ્યા. તે શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરીને શ્રીજીમહારાજની સમીપમાં બેઠા. ત્યારે શ્રીજીમહારાજે શહેરની ખબર પૂછી. ત્યારે તેમણે કહ્યું જે, "શહેરમાં તો અંગ્રેજ સરકારનું રાજ આવ્યું છે ને દેશકાળ બહુ સારો છે. માટે તમે અમદાવાદ પધારો." ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીના મંડળને અમદાવાદ મોકલ્યું.

ત્યારે ત્યાં જઈને મુક્તાનંદસ્વામીએ સાહેબને ખબર કરાવી જે, "સરકારની રજા હોય તો સ્વામિનારાયણ અહીંયાં આવે." ત્યારે સાહેબે કહ્યું જે, "સુખેથી સ્વામિનારાયણ અહીં આવે." ત્યારે મુક્તાનંદસ્વામીએ તથા સર્વ હરિભક્તે શ્રીજીમહારાજને તેડવા સારુ કાગળ લખીને એક હરિભક્તને મોકલ્યો.

❋ શ્રીનગર પધારેલ શ્રીહરિનું હરિભક્તો અને રાજાએ સામૈયું કર્યું :

ત્યારે તે પત્ર વાંચીને શ્રીજીમહારાજ પોતે અસ્વારે સહિત તથા પાળા સહિત શ્રીનગરની સમીપમાં આવ્યા. તે શહેરના હરિભક્ત શ્રીજીમહારાજને આવતા સાંભળીને સામા ગયા. ને શ્રીજીમહારાજને સન્મુખ રાજાની અસ્વારી તથા છત્રીસ પ્રકારનાં વાજાં વગડાવતા થકા

શ્રીજીમહારાજની અસ્વારીને ધીરે ધીરે શહેરમાં લાવ્યા. તે શહેરમાં શ્રીજીમહારાજને આવતા જાણીને શહેરનાં સ્ત્રી-પુરુષ હલકીને(ઊમટીને) મહારાજને દર્શને આવ્યાં. તે બજારમાં બે બાજુએ ઘણી ભીડ થઈ. તેમાં જે મુમુક્ષુ જીવ હતા તેને તો એવો નિશ્ચય થયો જે, 'આ શ્રીજીમહારાજ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ ભગવાન છે.' એવું જાણીને શ્રીજીને પુષ્પે કરીને વધાવતા હવા.

અને શ્રીજીમહારાજને શહેરમાં આવતા જાણીને ઇન્દ્રાદિક દેવ પણ પોતાના વિમાનમાં બેસીને શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવ્યા. તે શ્રીજીમહારાજની શોભા જોઈને તથા શહેરની શોભા જોઈને પોતાની અમરાવતી જે પુરી તેને તુચ્છ જાણતા હવા. ને શહેરમાં શ્રીજીમહારાજ અસ્વારી, સાધુ, પાળા સહિત ચોકે ચોકે બજારે બજારે સર્વને દર્શન દેતા થકા ને આનંદ ઉપજાવતા થકા નવાવાસમાં ઉતારો કરતા હવા ને ત્યાં સભા કરીને વિરાજમાન થયા.

એક દિવસ લાલદાસને ઘેરે થાળ કર્યો, તે ત્યાં જમવા પધાર્યા. ને ત્યાં નાના પ્રકારનાં ભોજન જમ્યા ને સર્વ સંત તથા પોતાના પાર્ષદને જમાડ્યા. અને શ્રીજીમહારાજે સભા પણ ત્યાં જ કરી ને સંત પાસે કીર્તન ગવડાવ્યાં. અને પોતાના ભક્તોને આનંદ ઉપજાવતા થકા રાત્રી પણ લાલદાસને ઘેર રહ્યા. તે લાલદાસ ભક્તે શ્રીજીમહારાજની વસ્ત્ર-અલંકાર તથા ચંદન-પુષ્પે કરીને બહુ પ્રકારે પૂજા કરી.

પછી સવારમાં પોતે નવાવાસમાં પધાર્યા ને ત્યાં સભા કરીને જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય સબંધી વાર્તા કરતા થકા ને ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ને સુંદર શરદ ઋતુના કમળની પાંખડી સરખાં લાંબાં ને અણિયાળાં જે નેત્ર, તેણે કરીને ભક્તજનને જોતા થકા ને આનંદ ઉપજાવતા થકા, તે શ્રીનગરને વિષે રહેતા હવા.

❋ અમદાવાદમાં ભક્તોના થાળ જમ્યા ને સેવા સ્વીકારી :

એક દિવસ શ્રીજીમહારાજ સર્વ સંત સહિત હીરાચંદ ચોક્સીને ઘેર જમવા પધાર્યા. તે સમે શ્રીજીમહારાજની આગળ નાના પ્રકારની જમવાની સામગ્રીઓ લાવીને મૂકી, તેને પોતે સારી પેઠે જમ્યા. પછી સંતને જમાડ્યા. પછી તે ભક્તની સર્વ સેવાને અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા. એ પ્રકારે દિન દિન પ્રત્યે સર્વ ભક્તજનને ઘેર થાળ જમતા ને તેમની સર્વ સેવાને અંગીકાર કરતા થકા ત્યાં બહુ દિન રહ્યા.

કોઈક દિવસને સમે મોહનલાલ શેઠને ઘેર ત્યાં વિવાહનો ભારે માંડવો કર્યો હતો. ત્યાં તે શેઠે શ્રીજીમહારાજને તેડાવ્યા ને ત્યાં મંચ ઉપર પધરાવ્યા. પછી ચંદન, પુષ્પ, વસ્ત્ર ને અલંકારે કરીને સારી પેઠે પૂજ્યા, એવા જે શ્રીજીમહારાજ તે પોતે પાછા ઉતારે પધાર્યા. ને ત્યાં પોતાને અર્થે થાળ થયો તેને જમ્યા ને સર્વ સંતને પણ કંસાર સારી પેઠે જમાડ્યો.

પછી પોતે તૈયાર થઈને ઘોડે અસ્વાર થયા. પછી અસ્વાર, પાળા તથા સાધુ એ સર્વ તૈયાર થયા. તે સમે અમદાવાદના ભક્ત નાના પ્રકારનાં વાજાં લાવ્યા. તે શ્રીજી ગાજતેવાજતે કાલુપુર દરવાજે થઈને સરસપુરને મધ્યે થઈને સરસપુરની ઉગમણી ભાગોળે પધાર્યા. ત્યાંથી સર્વ ભક્તજન શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને પાછા વળ્યા.

❋ વહેલાલમાં બીજી વાર જમનારા સંતોને ઠબકો :

અને શ્રીજીમહારાજ પણ પોતે ત્યાંથી ચાલ્યા, તે ગામ **નીકોલ** પધાર્યા. તે ગામના પટેલીયા આવીને શ્રીજીમહારાજને બહુ તાણ કરીને રાખવા માંડ્યા, પણ શ્રીજીમહારાજ તો ન રહ્યા ને તળાવમાં ઘોડાને પાણી પાઈને ત્યાંથી **વહેલાલ** પધાર્યા. તે ગામના જેસંગભાઈ આદિક ભક્ત, તે વાજિંત્ર લઈને શ્રીજીમહારાજને સન્મુખ વાજતેગાજતે આવ્યા ને શ્રીજીમહારાજને ગામની મધ્યે થઈને ગામની પૂર્વ ભાગોળે તળાવમાં ઉતાર્યા.

અને રાત્રીને વિષે સભા કરીને વિરાજમાન થયા. જેસંગભાઈએ થાળ કરાવીને શ્રીજીમહારાજને રૂડી રીતે જમાડ્યા અને મહારાજ ભેળા પાળા તથા અસ્વાર હતા તેમને ખીચડી કરાવીને જમાડ્યા. તેમાં સંત પણ કેટલાક જમી ગયા. પછી તે વાત શ્રીજીના જાણ્યામાં આવી ને બીજે દિન તળાવથી પૂર્વ દિશામાં રાયણના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા.

પછી શ્રીજી સર્વે સાધુ પ્રત્યે બોલ્યા જે, "સાધુને એક વાર જમ્યાની અમે આજ્ઞા કરી છે ને કેમ બીજી વાર જમો છો ? બીજી વાર તો જે પંદર વર્ષનો હોય તથા વૃદ્ધ હોય તેને આજ્ઞા છે, પણ બીજાને તો ફેર જમવાની આજ્ઞા નથી. તે માટે જે નાના છોકરા હો તથા વૃદ્ધ હો તે સભામાં અમારી આગળ ઊભા થાઓ." પછી શ્રીજીને વચને કરીને તે સભામાં ઊભા થયા. તેમને જોઈને તેમની પરીક્ષા કરી અને જે બાળ-વૃદ્ધ હતા તેમને બીજી વાર જમવાની આજ્ઞા આપી. અને બોલ્યા જે, "વૃદ્ધ-બાળ વિના જે બીજી વાર જમે તે વચનદ્રોહી ને ગુરુદ્રોહી છે." એવી રીતે સર્વ સંતને વાત કરી.

✹ વહેલાલમાં એક દિવસે અઢાર ઘેરે થાળ જમ્યા :

પછી ગામમાં જમવા પધાર્યા ને પ્રથમ જેસંગભાઈને ઘેર જમ્યા. પછી બીજા ભક્તોને ઘેર થાળ જમવા પધાર્યા. તે જેમ જેસંગભાઈને ઘેર સારી પેઠે થાળ જમ્યા તેમ જ બીજા ભક્તને ઘેર જેસંગભાઈએ હાથે કરીને જમાડ્યા. તે એવી રીતે અઢાર-ઓગણીસ ઘરે જમીને તે પ્રેમીભક્ત જેસંગભાઈનો મનોરથ પૂરણ કર્યો. અને તે જેસંગભાઈના ફળિયામાં સર્વ સંતને પોતે લાડુ પીરસીને સારી પેઠે ત્રપ્ત કરીને પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

પછી તે ભક્તે ચંદનના તથા પુષ્પના હારે કરીને પૂજ્યા એવા જે શ્રીહરિ, તેમણે ચાલવાને અર્થે કેડ બાંધીને ત્યારી કરી. પછી ઘોડે

અસવાર થઈને ગામની ભાગોળે પધાર્યા. તે સમે એક ભક્તે કેરીઓનું ગાડું લાવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "સર્વ સંતને કેરીઓ આપો." પછી શ્રીજીમહારાજે ગાડા ઉપર ચડીને સર્વ સંતને કેરીઓ આપી.

❋ કણભા, મહેમદાવાદ, ખાતરજમાં થાળ-પધરામણી :

પછી ત્યાંથી ગામ **ભુવાલડી** થઈને **કણભે** પધાર્યા ને ગામથી ઉત્તર દિશામાં તળાવમાં ઊતર્યા. તે ગામના નાથજીભક્ત આદિકે આવીને શ્રીજીમહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. પછી પોતાને ઘેર પધરાવીને નાના પ્રકારનાં ભોજન કરાવીને જમાડ્યા ને સર્વ સંતને પણ જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ સર્વ સંત તથા પાળા સહિત ગામ સોંસરા થઈને ગામ **હીરાપર** થઈને **મેમદાવાદ** પધાર્યા. તે ગામના ભક્ત બેચર ભટ્ટ તથા દુર્લભરામ આદિ વિપ્રોએ શ્રીજીમહારાજને સન્મુખ આવીને રૂડે પ્રકારે પૂજા કરી. અને શ્રીજીમહારાજ ગામની ભાગોળે સભા કરીને વિરાજમાન થયા. પછી ગામમાં થાળ જમવા પધાર્યા ને સર્વ સંતને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **ખાતરજ** પધાર્યા. પછી તે ગામના સર્વે હરિભક્તે ગાજતેવાજતે શ્રીજીમહારાજને સુંદર જાયગાને વિષે પધરાવ્યા. પછી મહાદેવજીના ઓટલા ઉપર સભા કરીને વિરાજમાન થયા. પછી સર્વે હરિભક્ત ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી ને ત્યાં તાણ કરીને એક દિવસ રાખ્યા.

❋ વાંઠવાળીમાં ત્રણ જણનો સંકલ્પ પૂરો કરી આશ્રિત કર્યા :

પછી જમીને બીજે દિવસે ચાલ્યા, તે ગામ **વાંઠવાળી** પધાર્યા ને પાદરમાં તળાવને કાંઠે પીપળના વૃક્ષ હેઠે વિરાજમાન થયા. તે સમયમાં ગામના પટેલ ઓત્તમદાસ તથા બાવો ગુલાબગર તથા એક વાલમ બ્રાહ્મણ, એ ત્રણ જણ શ્રીજીમહારાજ પાસે કેરીઓની ત્રણ ટોપલીઓ લઈને આવ્યા. પછી ત્રણે જણે એવો સંકલ્પ કર્યો જે, 'આ કેરીઓ

સર્વ સંઘને બે બે આપે ને ન ખૂટે તો સ્વામિનારાયણ ભગવાન ખરા.' પછી તેમનો એવો સંકલ્પ જાણીને બે બે કેરીઓ આપી. પછી કેરીઓ ન ખૂટી ત્યારે ત્રણે જણે નિશ્ચય કર્યો જે, 'સ્વામિનારાયણ ભગવાન ખરા !' એમ નિશ્ચય કરાવ્યો.

✵ વડથલ, ડડુસર અને ચૂણેલમાં પૂજન, થાળ ને પધરામણી :

પછી ત્યાંથી ગામ **વડથલ** પધાર્યા. તે ગામના ભક્ત રઘુનાથ પંડ્યા, કાળીદાસ તથા મંછારામ આદિ વિપ્રે શ્રીજીને સન્મુખ આવીને માંગલિક દ્રવ્યે કરીને પૂજ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવીને ગામથી ઈશાનકોણમાં વડ તળે ઢોલિયા ઉપર બિરાજમાન કર્યા. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ સર્વ સંત આવીને શ્રીજીને સન્મુખ બેઠા.

તે સમે ગામના લોકોએ કેરીઓના ટોપલા લાવીને શ્રીજીને ભેટ કરી. પછી શ્રીજીમહારાજે સર્વ સાધુને સભા મધ્યે કેરીઓ આપી. તે એવી રીતે લીલા કરીને ગામમાં ભોજન કરવા પધાર્યા ને ભક્તજનને ઘેર જમીને ને યજ્ઞશાળા પ્રત્યે આવીને સર્વ સંતને લાડુ પીરસ્યા ને પાછા વડ તળે બિરાજમાન થયા. એવી રીતે પાંચ-છ દિન રહીને ભક્ત રઘુનાથ પંડ્યા, કાળીદાસ, રાયજી જોશી તથા હરિબાઈને ઘેર નિત્ય થાળ જમવા પધારે ને સંતને લાડુ પીરસે.

એ રીતે લીલા કરીને ગામ **ડડુસર** પધાર્યા ને ભક્ત ગલુજીના ફળિયામાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. તે ભક્તે ચંદન-પુષ્પાદિકે કરીને પૂજ્યા ને થાળ કરાવીને જમાડ્યા. પછી ત્યાંથી ગામ **ચૂણેલ** પધાર્યા ને તે ગામથી આથમણી તરફ તળાવ ને કૂવાની વચ્ચે ચોગાન જાયગા હતી, ત્યાં ઊતર્યા.

તે સમયમાં દયારામ શુકલ ને નંદુભાઈ ઠાકરની ભાણેજ માનાબાઈ દર્શને આવ્યાં. ત્યાર પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારા

ઘોડાં તરસ્યાં છે." ત્યારે માનાબાઈએ ગામમાંથી ઘડો ને દોરડું લાવીને કૂવામાંથી પાણી કાઢીને ઘોડાને પાણી પાયું. ત્યારે મહારાજ રાજી થયા. પછી ગામના હરિભક્તે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ કરાવો." ત્યારે પોતે બોલ્યા જે, "સાધુ તો જમીને આવ્યા છે ને તમારે બહુ તાણ હોય તો કાઠી સારુ રોટલા લાવીને જમાડો." અને દ્વિજ માનાબાઈ મહારાજ સારુ જમવાનું લાવ્યા તે જમ્યા.

✺ હીરંજ અને ઉમરેઠમાં થાળ-પધરામણી :

પછી ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **હિરંજ** પધાર્યા. તે ગામના હરિભક્તે મહારાજને રાખ્યાને અર્થે બહુ તાણ કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે જાવાની ઉતાવળ છે, તે નહિ રહેવાય." એમ કહીને ગામથી ઉગમણી તરફ તળાવને કાંઠે એક મોટું વૃક્ષ હતું, તેને તળે બિરાજમાન થયા. પછી તે હરિભક્ત સર્વેએ શ્રીજીમહારાજની નાના પ્રકારની પૂજા કરી, તેને અંગીકાર કરીને હીરંજના પાદરમાં ઊતર્યા.

અને ત્યાંથી ગામ **ઉમરેઠ** પધાર્યા ને ગામના નંદુ ઠાકર આદિ ભક્તજને સન્મુખ આવીને ગાજતેવાજતે પુરમાં પધરાવ્યા. ને નંદુભાઈએ નાના પ્રકારનાં ભોજન કરાવીને શ્રીજીને જમાડ્યા ને સર્વે સંતને રસ-રોટલીની રસોઈ જમાડી. બીજે દિન નરભેરામ દવેને ઘેર થાળ જમીને સંતને લાડુ પીરસ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે ગામથી આથમણી કોરા નડિયાદને માર્ગે એક વિસામો મેલીને બીજે વિસામે શ્રીજીમહારાજ બિરાજમાન થયા. નંદુભાઈ, નરભેરામ, ગંગાદત્ત તથા મલ્કાર્જુન એ આદિક સર્વે હરિભક્ત ત્યાં મહારાજને વળાવવાને આવ્યા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સર્વ હરિભક્ત પાછા વળો." ત્યારે સર્વ હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! વહેલા પધારજો ને અખંડ આવા ને આવા હૃદયને વિષે દેખાયા કરજો." એમ કહીને હેતનાં જે આંસુ તેણે યુક્ત છે નેત્ર જેમનાં એવા થકા પાછા વળ્યા.

✵ સામરખા, વડતાલ, ગાના તથા બોચાસણમાં વિચરણ :

પછી શ્રીજીમહારાજ સાધુ તથા અસ્વારો સહિત ગામ **સામરખા**માં ભક્ત વખતા પગીને ઘેર રાત્રી રહીને ગામ **આણંદ** પધાર્યા. તે ગામના લોકે ઉપાધિ કરી તેથી ગામમાં ન પેઠા ને ત્યાંથી ગામ **વડતાલ** પધાર્યા. ને સુતાર વાસણને ઘેર ઊતર્યા ને થાળ જમ્યા ને સર્વ સંતને જમાડ્યા. તે જ દિન ગામ **ગાને** પધાર્યા. ત્યાં રાત્રી રહીને ગામ **બોચાસણ** પધાર્યા ને પોતાના ભક્ત કાશીદાસ આદિ સર્વની સેવાને અંગીકાર કરી, ને ત્યાં રહેતા હવા.

॥ ઈતિ ૭૪ ચુમોતેરની લીલા સંપૂર્ણ ॥





અમદાવાદમાં શ્રીહરિની સવારી



સંવત્ ૧૮૭૫ ની લીલા

✵ ગઢપુરમાં જન્માષ્ટમી ઉત્સવ કર્યો :

પછી ત્યાંથી ગઢડાને માર્ગે ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં રાત રહીને ગામ **કમિયાળે** પધાર્યા. પછી ત્યાંથી ગામ **રોઝકે** પધાર્યા ને કાકાભાઈને દરબારમાં ઊતર્યા. ત્યાંથી જમીને ચાલ્યા, તે ગામ **સારંગપુર** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં દાદા ખાચરના દરબારમાં બિરાજમાન થયા ને દાદા ખાચરને ઘેર થાળ જમ્યા ને સર્વ સંતને જમાડ્યા.

પછી અષાઢ સુદી એકાદશી કેડે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ ભણનારા સંતને પોતાને પાસે રાખ્યા ને બીજા રમતા સંતને ફરવાની આજ્ઞા કરી, તે ફરવા ગયા ને પોતે ત્યાં રહ્યા થકા સર્વ સંતને તથા ભક્તજનને દર્શન આપતા હવા.

અને શ્રાવણ માસ આવ્યો ત્યારે સર્વ સંત ધારણાંપારણાં કરવા લાગ્યા. તેને પોતે પારણાને દિવસે નાના પ્રકારની રસોઈ કરાવીને જમાડતા થકા ને સંતને આનંદ ઉપજાવતા થકા જન્માષ્ટમીનો ઉત્સવ કરતા હવા.

✵ મુક્તાનંદસ્વામી વડોદરાની સભા જીત્યા :

ત્યાર પછી મુક્તાનંદસ્વામીને વડોદરે મોકલ્યા ને ત્યાં વેદાંતાચાર્ય સંગાથે સભા થઈ. તે વેદાંતાચાર્યે કહ્યું જે, “સ્વામિનારાયણ પગે તુલસી કેમ ચઢાવે છે ? ને મુગટ કેમ ધારે છે ? ને લોકોને સ્ત્રીનો કેમ ત્યાગ કરાવે છે ?” ઇત્યાદિક મુક્તાનંદસ્વામીને ઘણાક પ્રશ્ન પૂછ્યા, તે સર્વેનો મુક્તાનંદસ્વામીએ ઉત્તર કર્યો. પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો, તેનો ઉત્તર વેદાંતાચાર્યથી ન થયો. ત્યારે ભાવુ શાસ્ત્રીએ “મુક્તાનંદસ્વામી જીત્યા..!” એમ કહીને ચંદન તથા પુષ્પના હારે કરીને સર્વ સંતમંડળની પૂજા કરી. અને વેદાંતાચાર્યનો પરાજય થયો,

તે જોઈને સયાજીરાવ આદિ સર્વને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાની ભાવના થઈ. ને (મુક્તાનંદસ્વામી) ત્યાં રહ્યા.

✵ કંથારિયા, લિંબડી, ભલગામ, શિયાણી ને તાવીમાં વિચરણ :

ને પોતે (શ્રીજીમહારાજ) ગઢડેથી સર્વ સંતનું મંડળ લઈને **બોટાદ** પધાર્યા. ત્યાં ભક્તજનની સેવાને ગ્રહણ કરતા થકા ત્યાંથી ગામ **કંથારીએ** પધાર્યા. તે ગામના ભક્ત હરિભાઈ ઠાકોર તેમણે શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. પછી પોતાને ઘેર શ્રીજીમહારાજને અર્થે થાળ કરાવીને જમાડ્યા ને સર્વ સંતને પણ જમાડ્યા. પછી શ્રીજીમહારાજને કેસરચંદન, વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. તેને અંગીકાર કરીને ત્યાંથી ગામ **લિંબડી**એ પધાર્યા ને નરભેરામ આચાર્ય તથા રણછોડ સોની આદિ ભક્તજનોએ સન્મુખ આવીને શ્રીજીમહારાજની પૂજા કરી. ને ત્યાંથી **ભલગામ** પધાર્યા ને તે ગામના ઠાકોર બાપુભાઈ તેના દરબારમાં ઊતર્યા ને ત્યાં થાળ જમ્યા.

પછી ત્યાંથી ગામ **શિયાણી**એ પધાર્યા ને તે ગામના ભક્ત શિવરામ ભટ્ટ, વિઠ્ઠલજી પંડ્યા, ભીમો શેઠ તથા મેઘજી શેઠ એ આદિ ભક્તજન શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે શ્રીજીમહારાજને પોતાના ગામમાં ફેરવ્યા. પછી શિવરામ ભટ્ટને ઘેર ઊતર્યા ને તે ભટ્ટે શ્રીહરિને નાના પ્રકારનાં ભોજન કરીને જમાડ્યા ને સર્વ સંતને જમાડ્યા. ને શ્રીજીમહારાજની તથા સાધુની ચંદન-પુષ્પે કરીને પૂજા કરી. અને તે જ પ્રકારે શ્રીજી બીજા ભક્તોને ઘેર જમ્યા ને સર્વ ભક્તને આનંદ પમાડીને ગામ **તાવી** પધાર્યા. તે ગામના ભક્ત ક્ષત્રિય જેઠીભાઈ, અદાભાઈ તથા અખાભાઈ એ ત્રણ ભાઈ તથા ભારાભાઈ તથા રઘાભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને વાજતેગાજતે પોતાના દરબારમાં ઉતાર્યા. અને ભોજન કરાવીને જમાડ્યા ને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરીને લાવ લીધો.

✹ દદુકા, ડાંગરવા, કરજીસણ આદિ ગામમાં વિચરણ :

અને ત્યાંથી ગામ **દદુકે** પધાર્યા ને તે ગામના ભક્તે સન્મુખ આવીને શ્રીજીમહારાજને પોતાના ગામમાં પધરાવ્યા. ત્યાંથી ગામ **ચીખલે** પધાર્યા ને ત્યાં રાત્રી રહીને ગામ **કલોલ** પધાર્યા. ત્યાંથી ગામ **ઓલે** પધાર્યા. ને તે ગામના તળાવમાં ઘોડાં પાયાં ને ગામમાં પધાર્યા. ત્યાંથી ગામ **ડાંગરવા** ને **કરજીસણ**ના સીમાડામાં મહુડાના વૃક્ષ તળે બિરાજમાન થયા. અને ગામ **ડાંગરવે**થી જતનબાઈ થાળ લાવ્યાં, તેને પોતે જમ્યા. પછી તે ગામના ભક્ત અગરોજી, અમરોજી તથા પટેલ નરોત્તમ આદિ તેમણે શ્રીજીને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને બાઈ જતનના ફળિયામાં ઊતર્યા. ત્યાં બાઈ જતને પોતાના ઘરને વિષે ઢોલિયો ઢાળીને શ્રીજીમહારાજને તે ઉપર પોઢાડ્યા.

પછી પ્રાતઃકાળે શ્રીજીમહારાજ ઊઠીને બર્હિભૂમિ જાવાનું મિસ લઈને એકલા ચાલ્યા, તે ગામ **કરજીસણ**ના ચોરામાં બેઠા. ત્યારે ગામના ગોવિંદજી તથા કસળજી આદિ સર્વ સત્સંગીએ શ્રીજીમહારાજ પધાર્યા એમ જાણીને શ્રીજીમહારાજને પોતાને ઘેર ઢોલિયા ઉપર પધરાવ્યા ને નાના પ્રકારનાં ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા, ને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજ્યા. પછી ત્યાંથી ગામ વડુને માર્ગે ચાલ્યા ને તે માર્ગમાં બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, પરમાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી આદિ સંતમંડળ ભેળું થયું. અને તે સંત સાષ્ટાંગ પ્રણામ કરીને શ્રીજીમહારાજને પગે લાગ્યા ને શ્રીજીમહારાજ સર્વ સાધુને કૃપા કરીને મળ્યા ને સમાચાર પૂછ્યા.

પછી તે સર્વ મુનિએ સહિત **વડુ** પધાર્યા ને વડુના ભક્ત જેરામ ચોપડા, ઉમોજી તથા માનો ગોયલ એ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી તે ગામની

પૂર્વ ભાગોળે વડ તળે શ્રીજી બિરાજમાન થયા. અને તે ભક્તે સર્વ સાધુ સહિત શ્રીજીને ભોજન કરાવીને જમાડ્યા ને રૂડી રીતે લાવ લીધો.

✹ ઝુલાસણ, ઓળા, ધમાસણામાં વિચરણ :

પછી ત્યાંથી ગામ **ઝુલાસણ** પધાર્યા ને તે ગામના હીરા ચૌધરી તથા પટેલ ઝવેર પારેખ આદિ ભક્તે શ્રીજીને પોતાના ગામમાં પધરાવ્યા. તે ભક્તની સેવા અંગીકાર કરીને ગામ **ઓલે** પધાર્યા. તે ગામના ભક્ત જીવણદાસ તથા નારાયણદાસ આદિ તેમણે પોતાના ગામમાં પધરાવ્યા. પછી ગામની પૂર્વ ભાગોળે અગ્નિકોણમાં વડ તળે પ્રાતઃકાળે સભા કરીને હિંડોળામાં વિરાજમાન થયા ને પ્રેમી ભક્ત હિંડોળતા હતા.

તે સમે બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિ સંત દુકડ-સરોદા વગાડીને કીર્તન ગાતા હતા ને સર્વે ભક્તજન એકાગ્ર ચિત્ત થઈને શ્રીજીના મુખારવિંદ સન્મુખ જોઈ રહ્યા હતા. તે સમે બે સ્ત્રી-પુરુષ જાતે બામચા, દાતરડાં ને બંધિયાં(ભારો બાંધવાના દોરડા) હાથમાં ઝાલીને ત્યાં ઊભાં રહ્યાં થકાં તે સભાને જોઈને પરસ્પર હસ્યાં. તેને જોઈને શ્રીજીમહારાજ મંદમંદ હસીને સંત પ્રત્યે બોલ્યા જે, "જુઓને ! નીચ જાતિ છે, મહાદુઃખ પામે છે, તોય પણ આપણ સર્વને ગાંડા સમજે છે ને દુઃખિયા સમજે છે; પણ જીવને પોતાના દુઃખની માલુમ નથી." એ રીતે વાત ઘણી કરી.

પછી ગામમાં ભોજન કરવા પધાર્યા ને સર્વ સમાજને જમાડીને ત્યાંથી ગામ **ધમાસણે** પધાર્યા. ગામના વિપ્ર મુળજીરામ આદિ શ્રીજીની સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા ને શ્રીજીમહારાજની વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી, તેને અંગીકાર કરી.

✹ આદરજમાં દિવાળી કરી ને ચાર સંતોને સદ્ગુરુ કર્યા :

પછી ગામ **આદરજ** પધાર્યા ને ગામના રતુ ખાંટ, બાદર ખાંટ તથા હવનબા એ આદિ ભક્તજન શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને

ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી શ્રીજી તે ગામથી ઉત્તર દિશામાં આંબલીઓનાં વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા.

પછી બીજે દિન વડોદરેથી મુક્તાનંદસ્વામી આદિ સંત દિવાળીના ઉત્સવ ઉપર ત્યાં શ્રીજીને દર્શને આવ્યા. અને બીજા પણ દેશદેશથી હરિજન ઉત્સવ ઉપર શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તે ઉત્સવને દિન આંબલીએ હિંડોળો બાંધીને શ્રીજીમહારાજને ઝુલાવ્યા. એવી રીતે નિત્ય પ્રત્યે લીલા કરતા થકા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી એ ચારને સદ્‌ગુરુ કર્યા.

પછી રાત્રીને વિષે સર્વ સંત ફરીને કીર્તન ગાતા હતા. તેમને પોતાને ઉતારેથી જોવા આવ્યા ને તેમને જોઈને ઘણા રાજી થયા. બીજા ભક્ત પણ ફરીને કીર્તન ગાતા હતા, તેમને જોઈને પ્રસન્ન થયા.

✵ કોલવડ અને ઉનાવામાં સંતો-પાર્ષદોને લાડુ જમાડ્યા :

પછી ત્યાંથી પાંચસો સંત તથા દાદા ખાચર, સુરા ખાચર આદિ કાઠીના અસવાર સહિત ગામ **કોલવડે** પધાર્યા. તે ગામથી દક્ષણાદિ દિશામાં મારગમાં વડ તળે સભા કરીને વિરાજમાન થયા. તે ગામમાં પોતાના ભક્ત બાઈ જીવી તેણે સુખડીના લાડુ કરીને શ્રીજીમહારાજની આગળ મેલ્યા. પછી તે લાડુ શ્રીજીમહારાજે સર્વ સંત, પાળા, અસવાર આદિને આપ્યા.

પછી ત્યાંથી ગામ **ઉનાવે** પધાર્યા ને તે ગામના ભક્ત પટેલ રામદાસ, વાલાભાઈ, વસનદાસ, કુબેરદાસ, બાજીભાઈ, વણારસીદાસ, સુતાર હરખજીભાઈ, સુતાર જેઠા, બારોટ રઘા તથા બારોટ બાજી એ આદિ સર્વ ભક્તજન શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી ભક્ત રામદાસજીએ નાના પ્રકારનાં ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી ભક્તના ફળિયામાં સર્વ સાધુ તથા પાર્ષદ એ સર્વને પોતે લાડુ ફેરવીને સારી પેઠે જમાડ્યા. અને

ભક્ત રામદાસજીની ઓસરીએ પાટ ઉપર વિરાજમાન થયા ને સાધુ સર્વ સન્મુખ બેઠા.

પછી તે રામદાસજીએ ચંદન તથા પુષ્પના હાર ઈત્યાદિક ઉપચારે કરીને શ્રીજીને પૂજ્યા. પછી સર્વ સંત સહિત ગામની પૂર્વ ભાગોળે વડ તળે વિરાજમાન થયા. અને રાત્રીને વિષે એ વડ થકી ઉત્તર દિશામાં તળાવની પાળે ગામની કોરે જે છત્રી ત્યાં વિરાજમાન થયા. અને તે ગામના કેટલાક લોકને વર્તમાન ધરાવીને પોતાના આશ્રિત કર્યા.

✹ માણસા, વિહાર, ગેરીતા ને બામણવા ગામમાં વિચરણ :

ત્યાંથી **બાલવે** થઈને ગામ **માણસે** પધાર્યા. તે ગામના અંબારામ વિપ્ર, વજેરામ, રાજારામ, સાંકળચંદ, ભાવસાર પીતાંબર તથા ગામના ઠાકોર સબળસિંહ, ઠાકોર પીથુભાઈ તથા અણદાભાઈ આદિ ભક્તજન સર્વે અસવારી લઈને તથા તે ગામના સર્વ લોક અતિ ઉત્સાહે કરીને શ્રીજીમહારાજને સન્મુખ ગાઉ એક પર્યંત આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી શ્રીજી તે ગામની પૂર્વ ભાગોળે તળાવની પાળે લીંબડાને સમીપે સભા કરીને વિરાજમાન થયા. તે સભામાં ગામના ઠાકોર શ્રીજીને પગે લાગીને સમીપે બેઠા. તે સમે સંત કીર્તન ગાતા હવા. એવી રીતે શોભાએ જુક્ત થકા વિરાજતા હવા.

પછી ભક્તજન થાળ કરીને ગામમાંથી લાવ્યા. તેને જોઈને પછી શ્રીજીમહારાજ ત્યાંથી ઉત્તર દિશામાં દૂધિયા કૂવાને સમીપે આસોપાલવના વૃક્ષ તળે ભોજન કરવા પધાર્યા. ભોજન કરીને પછી સભામાં વિરાજમાન થયા. તે સમે તે ગામના ભક્તે સુખડીના લાડુ લાવીને શ્રીજીને ભેટ કરી. પછી તે લાડુ સાધુ, પાળા ને અસવાર આદિ સર્વેને આપ્યા. પછી પોતે ઘોડે અસવાર થઈને સર્વે સમાજ સહિત ઠાકોર પીથુભાઈના માઢમાં પધાર્યા ને સર્વને દર્શન આપ્યાં, ને તેમની પૂજા અંગીકાર કરી.

અને ત્યાંથી ગામ **ચરાડા** તથા **બિલોદરે** થઈને **વિહાર** પધાર્યા. તે ગામના ભક્ત ખુશાલદાસ, જેઠીભાઈ, પીતાંબર તરવાડી, તુલસીદાસ, કલ્યાણદાસ તથા કુબેરદાસ આદિ સર્વ ભક્તજને શ્રીજીને સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા. અને તે ગામની પૂર્વ ભાગોળે તળાવની પાળે લીંબડાના વૃક્ષ તળે શ્રીજી સભા કરીને વિરાજમાન થયા. પછી મધ્યાન સમે ગામમાં પીતાંબર તરવાડીને ઘેર ભોજન કરવા પધાર્યા. ત્યાં જમીને બીજા ભક્તોને ઘેર પણ જમ્યા. પછી તે માઢમાં આવીને પાછા પરમહંસ તથા પાળા ને અસવાર આદિ સર્વને લાડુ પીરસીને સારી પેઠે તૃપ્ત કરીને દહીં-દૂધની રેલમછેલ કરી.

એ રીતે લીલા કરીને ઘોડે અસવાર થઈને અસવારે વીંટાણા થકા ગામ **ગેરીતે** પધાર્યા. તે ગામના ભક્ત હરિસિંઘ પટેલ, મોતી ભાવસાર તથા જલોલી એ આદિ સર્વ સન્મુખ આવ્યા ને પોતાના ગામમાં શ્રીજીને પધરાવ્યા. અને બહુ પ્રકારનાં ભોજન કરાવીને જમાડ્યા ને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજ્યા ને સાધુ આદિ સર્વ સંતને સુખડીના લાડુ આપ્યા.

પછી ત્યાંથી ગામ **પામોલ** થઈને ગામ **બામણવે** પધાર્યા. તે ગામના ભક્ત નારુજી, રતોજી તથા ગાંગજી એ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી શ્રીજી ગામથી દક્ષણાદિ કોરે વિરાજમાન થયા. પછી પોતાને હાથે શીરો-બાટીની રસોઈ કરીને જમ્યા ને પોતે રસોઈ કરાવીને સર્વ સંત આદિને જમાડ્યા. એ રીતે લીલા કરીને ભક્તને આનંદ પમાડ્યા.

✸ વડનગરમાં સામૈયું તથા ત્યાંના નાગ ધરામાં સ્નાન :

અને ત્યાંથી ગામ **વડનગર** પધાર્યા. તે ગામના કુમાસદાર તથા અધિકારી રૂપચંદ બ્રાહ્મણ તે અસવારી તથા નગારા, નિશાન, ચોપદાર ને વાજિંત્ર આદિ સર્વ રાજ-સામગ્રી લઈને એક ગાઉ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. અને તે ગામના ભક્ત વનમાળી, સૂરજરામ,

આદિતરામ, ઉજમ, સદાશિવ, ભીખા તરવાડી તથા શામળદાસ આદિ વિપ્ર તથા નાનચંદ, ચંદા, ઝુમખરામ, નારસીદાસ, બળદેવ, પ્રભુદાસ, પ્રેમચંદ તથા પુજા એ આદિ સર્વે ભક્ત અતિ ઉત્સાહે ગાતાં ગાતાં શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. અને સાષ્ટાંગ પ્રણામ કરીને, પગે લાગીને કેસરચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર, તોરા, ગજરા અને બાજુબંધે કરીને મહારાજને પૂજતા હવા.

અને શ્રીજી તે સર્વ અસવાર તેણે વીંટાણા થકા ને સર્વ સંતમંડળે સહિત ગાજતેવાજતે તે પુરમાં પિઠોરીને દરવાજે થઈને પ્રવેશ કરીને રાજમાર્ગમાં પધાર્યા અને સર્વે નગરના લોકને દર્શન દેતા થકા ને એવી શોભાએ જુક્ત થકા ગામ સોંસરા થઈને નાગ ધરે પધાર્યા. તે ધરા ઉપર આંબાના વૃક્ષના સમૂહમાં ગાડી ઉપર વિરાજમાન થયા અને તે મહા સરોવરને જોઈને પ્રસન્ન થયા. અને તે સર્વ સંત સહિત નાગ ધરામાં પોતે નાહ્યા.

પછી બહાર નીસરીને પીતાંબર પહેરીને તથા ઓઢીને ગરનાળાને સમીપે આંબાના વૃક્ષ તળે આસન ઉપર વિરાજમાન થયા. ત્યાં જેઠીબાઈ તથા દોલીબાઈ આદિ સમસ્ત બાઈઓ થાળ કરીને લાવી. તે સર્વના થાળ પ્રીતે કરીને જમીને પાછા તે ગાડી ઉપર બિરાજ્યા. તે સમે ગામના મોટા મોટા શાહુકાર લોક દર્શન કરવા આવ્યા. અને ત્યારે તે ગામના શેઠ જીતા મહેતા શ્રીજીમહારાજના ચરણારવિંદમાં ઊર્ધ્વરેખા આદિ ચિહ્ન જોઈને 'આ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે !' એ પ્રકારે નિશ્ચય કરતા હવા.

પછી ત્યાંથી ગામમાં તળાવને કાંઠે શેઠની કરાવેલ ધર્મશાળા, ત્યાં પધારીને સર્વ સંતને વારંવાર લાડુ પીરસ્યા. પછી બોલ્યા જે, "આ ધર્મશાળા કરાવનારાનું કલ્યાણ થાશે." એમ કહીને પાછા સર્વ સંતે સહિત નાગ ધરા ઉપર પધાર્યા. ત્યાંથી ઘડીક દિન રહ્યો ત્યારે ગામની

ભાગોળમાં ઈશાન કોણે વિસામા ઉપર વિરાજમાન થયા. અને સર્વ મુનિ સમાજ તથા ભક્તજન સર્વે શ્રીજીની આગળ બેઠા. તે સમે ગામના કુમાસદારે આવીને શ્રીજીમહારાજની ઘણીક પ્રાર્થના કરી. ને વર માગ્યો જે, "હે મહારાજ ! કાલનો દિન રહીને મારી રસોઈ જમીને પધારો."

પછી શ્રીજી બોલ્યા જે, "અમારે જાવાની ઉતાવળ છે, વાસ્તે નહિ રહેવાય. અને આવો તમારો ભાવ છે એટલે જમી ચૂક્યા." એમ કહીને તેને પ્રસન્ન કરીને તે ગામના ભક્તોને આનંદ પમાડીને પોતે ઘોડે અસવાર થઈને સર્વ સંત, પાળા તથા અસવારે વીંટાણા થકા ગામ સોંસરા થઈને આથમણે દરવાજે નીસરીને ચાલ્યા, તે સાંકલસર તળાવમાં ઘોડાને પાણી પાયું.

❋ ગુંઝામાં ભક્તોની પૂજા સ્વીકારી :

પછી તે ગામના સર્વ ભક્તજનને પાછા વાળીને ચાલ્યા, તે ગામ **ગુંઝે** પધાર્યા. તે ગામના ભક્ત સોની સર્વ બાઈભાઈ શ્રીજીમહારાજને સન્મુખ પૂજાની સામગ્રી લઈને આવ્યાં, તેને પોતે અંગીકાર કરી અને તે ભક્તને આનંદ ઉપજાવીને ચાલ્યા, તે પેંડરિયા તળાવની પાળે ગરનાળા ઉપર ઊતર્યા.

❋ વિશનગરમાં ભક્તોએ ભારે સામૈયું કરી પધરાવ્યા :

પછી **વિશલનગર**ના હરિભક્ત બળદેવ, મોતીરામ તથા વ્રજજીવન આદિ વિપ્ર તથા ભાવસાર હેમચંદ, હરિભાઈ તથા પાનાચંદ એ આદિ સર્વ ભક્તજન સરકારની અસવારી લઈને ડંકો, નિશાન, નોબત, છડીદાર એ આદિક સર્વ સાહિત્ય તથા ઝાંઝ-મૃદંગ આદિ વાજિંત્ર લઈને આવ્યા અને શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરીને કહ્યું જે, "હે મહારાજ ! ગામમાં પધારો." ત્યારે પોતે કહ્યું જે, "ચાલો." એમ કહીને ઘોડે અસવાર થયા ને પોતાની સર્વે અસવારી પણ તૈયાર થઈ ને ચાલ્યા, તે ગાજતેવાજતે કડાને દરવાજે થઈને શહેરમાં પેઠા

ને રાજબજારે ચાલ્યા. તે સમે 'શ્રીજી પધાર્યા' એમ જાણીને સર્વે જન હલકીને શ્રીજીને દર્શને આવ્યા.

તેમાં સ્ત્રીઓ તો શ્રીજીને સોનારૂપાનાં ફૂલ તથા જવારા(જવના અંકુર), અક્ષત, લાજા(ડાંગરની ધાણી) એ આદિ મંગલ દ્રવ્યે કરીને વધાવતી હતી ને શ્રીજીનાં દર્શન કરીને પોતાના નેત્રને સફલ કરતી હતી. અને શ્રીજીની આગળ ચાલતા એવા જે સરબંધી તે બંધૂકોના ઘણાક અવાજ કરતા હવા. તેને સાંભળીને દુર્જનના અંતઃકરણમાં ત્રાસ થયો ને ભક્તજનને આનંદ થયો. એવી રીતે સર્વ જનને દર્શન દેતા થકા તે નગર સોંસરા થઈને ભીમનાથ મહાદેવના મંદિરમાં પધાર્યા ને ધર્મશાળામાં ઊતર્યા.

તે ગામના ભક્તે શ્રીજીને ઢોલિયા ઉપર પધરાવ્યા. પછી ઉદેકુંવરને ઘેર થાળ થયો તે જમવા પધાર્યા. તે થાળ જમીને પાછા ઉતારે પધાર્યા. પછી સંતની રસોઈ થઈ તે શ્રીજીમહારાજે લાડવા ફેરવ્યા, તે સંત સારી પેઠે જમ્યા. પછી શ્રીહરિ જઈને ભીમનાથ મહાદેવના મંદિરની દક્ષિણાદિ રૂપચોકીએ ગાદી-તકિયા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંતની સભા ભરાઈને બેઠી હતી. ગવૈયા સંત દુકડ-સરોદા લઈને કીર્તન ગાતા હવા. તે પછી સંધ્યા આરતી કરીને શ્રીજી વિરાજમાન થયા.

તે સમે બ્રહ્માનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ બે જણા શ્રીજીમહારાજની અત્તર વડે કરીને પૂજા કરી. પછી પોતે ગામના દેસાઈ આદિ વિપ્રને દર્શન આપીને પોઢવા પધાર્યા. પછી પ્રાતઃકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ ઘોડે અસવાર થઈને નગર સોંસરા ચાલ્યા, તે એક ગાઉ જઈને સર્વ સત્સંગીને પાછા વાળ્યા.

✵ કડુ, લાછડિયા, વસઈ ગામે થાળ-પધરામણી :

પછી પોતે ગામ કડુએ પધાર્યા. તે ગામના વિપ્ર અમુલખ તથા મંછારામ આદિ શ્રીજીને સન્મુખ આવીને પોતાને ઘેર તેડી ગયા ને

શ્રીહરિની કેસરચંદન, પુષ્પ, વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. પછી તે ભક્તોને દર્શન આપીને ચાલ્યા, તે ગામ **લાછડિયે** પધાર્યા. ને ગામથી પૂર્વ દિશામાં મારગ ઉપર પટેલ તુલસીદાસની બેન થાળ કરીને લાવ્યાં, તેને પોતે જમ્યા ને પ્રસાદી સર્વ ભક્તજનને આપી.

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ડાભલે** થઈને **વસઈ** જાતા વચ્ચે તળાવ આવ્યું, તે સોંસરો રોઝો ઘોડો નાખીને બહાર નીસર્યા ને કોરા વસ્ત્રને ધારણ કરીને ચાલ્યા, તે ગામ **વસઈ**એ પધાર્યા. તે ગામના ભક્ત પુજા ભાવસાર તથા સાંકળચંદ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગરાસિયાને ચોરે પધરાવ્યા ને શ્રીજીને અર્થે સોનીને ઘેર થાળ કર્યો, તેને પોતે જમ્યા.

પછી તે ગામના ભક્ત પુંજે શ્રીજીની આગળ સુખડીના લાડુની ભેટ કરી. તેને મહાનુભાવાનંદસ્વામી શ્રીજીની આજ્ઞાએ કરીને સર્વ સંત તથા પાળા આદિને આપતા હવા. પછી તે ભક્તની સર્વ સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ સોંસરા થઈને ગામ **ધેંધુસણ**ની ઉતરાદિ કોરે ભાગોળે વડના વૃક્ષ તળે પોતે ઊતર્યા.

❋ મેઉમાં થાળ જમ્યા ને ભક્તોની પૂજા સ્વીકારી :

તે એક ઘડી ત્યાં વિશ્રામ કરીને ચાલ્યા, તે ગામ **મેઉ** પધાર્યા. તે ગામના ભક્ત ભુખણદાસ, મંછારામ તથા તુલસીદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામ સોંસરા થઈને પશ્ચિમ દિશામાં ભાગોળે વડના વૃક્ષ તળે ઉતાર્યા. પછી પોતે વતુ કરાવીને નાહ્યા. પછી શ્રીજીને અર્થે ગામમાં થાળ થયો તેને પોતે જમવા પધાર્યા. તે જમીને સંતની રસોઈ હતી, તેને પોતે સારી પેઠે માલપુવા ફેરવ્યા ને સંતને તૃપ્ત કર્યા. પછી તે ભક્તજને અર્પણ કર્યાં એવાં જે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર આદિ સર્વ સેવા, તેને અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા ને સંત પણ આવ્યા.

પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામથી દક્ષિણ દિશામાં ભાગોળે જઈને સર્વ સંતે સહવર્તમાન ઊતર્યા. ત્યાં શ્રીજી ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને શ્રીજીની આગળ સંતની સભા થઈ ને ગવૈયા સંતે કીર્તન ગાયાં. તેને સાંભળીને શ્રીજી બહુ રાજી થયા ને તે સર્વને દર્શન દેતા થકા પોતે પોઢ્યા.

❋ લાંઘણજમાં ભક્તોનો ભાવ સ્વીકારી સુખાળા કર્યા :

જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે ઘોડે અસવાર થઈને સર્વ સંત, પાળા ને અસવાર તેણે વીંટાણા થકા ચાલ્યા, તે ગામ **લાંઘણજ** પધાર્યા. તે ગામના ભક્ત રામા ભાવસાર તથા તેના પુત્ર ગણેશ, ઝુમખરામ ને નાગરદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ગાજતેવાજતે શ્રીજીને ગામથી ઉત્તર દિશામાં ભાગોળે હનુમાનની જાયગામાં ઉતાર્યા.

પછી શ્રીજીએ તે જાયગા જોઈને કહ્યું જે, “આ ઉતારો તો ઠીક નથી.” એમ કહીને ચાલવાનુ કર્યું. તેટલામાં તે ગામના પટેલિયાએ આવીને શ્રીજીને કહ્યું જે, “તમે ભગવાન કહાવો છો, ત્યારે અમને પરચો આપો.” ત્યારે શ્રીજીએ કહ્યું જે, “પરચો તો આ તમારો બાવો આપશે.” એમ કહીને શ્રીજી ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ સોંસરા થઈને દક્ષણાદિ ભાગોળે જઈને ઊતર્યા. ત્યાં શ્રીજી ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંત પણ શ્રીજીને સન્મુખ આવીને સભામાં બેઠા.

પછી ગામમાં થાળ થયો તે પોતે જમવા પધાર્યા. ત્યાં રામાભક્તને ઘેર ગંગામાને હાથે જમ્યા. પછી સંતને લાડુ ફેરવ્યા. પછી તે પોતાના સેવક એવા જે રામા ભાવસાર તથા પટેલ માનસંગ આદિ સર્વે ભક્તની સેવાને અંગીકાર કરી. પછી પોતાને ઉતારે પધાર્યા ને ત્યાં સભા કરીને

વિરાજમાન થયા ને સંત, પાળા ને અસવાર આદિ સર્વને બહુ વાર દર્શન આપીને પછી પોતે સુખાળા થયા.

✹ ડાંગરવા, ઝુલાસણ આદિ ગામમાં ભક્તોની સેવા સ્વીકારી :

પછી જ્યારે પ્રાતઃકાળ થયું ત્યારે ઘોડે અસવાર થઈને સંતોના મંડળે વીંટાણા થકા ચાલ્યા, તે ગામ **વડહમે** પધાર્યા. તે ગામના સર્વ જનને પોતે ઊભા રહીને દર્શન આપ્યાં. પછી ચાલ્યા, તે ગામ સોંસરા થઈને ગામ **ડાંગરવે** પધાર્યા. તે ગામના ભક્ત પટેલ વેણીદાસ, અગરોજી તથા અમરોજી એ આદિક શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામને મધ્યે થઈને વેણીદાસને ઘેર ઉતાર્યા. ત્યાં બાઈ જતનને ઘેર થાળ થયો તે પોતે જમ્યા. પછી સાધુની જમવા પંક્તિ થઈ તેને પોતે સારી પેઠે લાડુ ફેરવ્યા ને તે ઉપર સારી પેઠે દહીં ને દૂધ ફેરવીને, પછી પોતે આસને પધાર્યા. પછી ભક્ત વેણીદાસ, અગરોજી તથા અમરોજી ઈત્યાદિ સત્સંગીની સેવાને અંગીકાર કરી.

પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને સર્વ સંતમંડળે વીંટાણા થકા ગામ **વડુ**એ પધાર્યા. તે ગામના ભક્તજન જેરામદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા. તેમને દર્શન દેતા થકા ચાલ્યા, તે ગામ **ઝુલાસણ** આવ્યા. તે ગામના ભક્ત હીરા ચોધરી તથા પટેલ ઝવેર આદિ શ્રીજીને સન્મુખ આવ્યા. તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **પાનસર** પધાર્યા. તે ગામના ભક્ત સુતાર આદિ શ્રીજીને સન્મુખ આવ્યા. તેમને દર્શન દઈને ચાલ્યા, તે ગામ **ઓળે** પધાર્યા. તે ગામની પૂર્વ ભાગોળે વડલાના વૃક્ષ તળે પોતે ઊતર્યા.

પછી પટેલ શ્રીધરદાસે શ્રીજીને ઢોલિયા ઉપર પધરાવ્યા. પછી ગામમાં થાળ થયો તે જમવા પધાર્યા. તે રૂડી રીતે જમ્યા ને પછી સંતને લાડુ ફેરવ્યા. પછી પોતાને ઉતારે પધાર્યા. પછી તે ભક્તની સેવાને અંગીકાર કરી.

✹ અડાલજ અને મોટેરામાં ભક્તોની સેવા સ્વીકારી :

પછી ચાલ્યા, તે ગામ **અડાલજ** પધાર્યા. તે ગામના ભક્ત મુળુ ગઢવી તથા ગેદાલજી આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામની ઉત્તર ભાગોળે વાવ ઉપર ઉતાર્યા. તે સમે શ્રીજી ઢોલિયા ઉપર પૂર્વમુખે વિરાજમાન થયા. પછી સર્વ સંતની પણ સભા થઈ ને ગવૈયા સંત કીર્તન ગાવા લાગ્યા. તે ગાવણું સાંભળીને શ્રીજી બહુ રાજી થયા. પછી પોતે ગામમાં થાળ થયો તે જમવા પધાર્યા. તે સારી પેઠે જમીને પછી મુળુ ગઢવીના ફળિયામાં સંતને લાડુ ફેરવીને, પછી પોતાને ઉતારે પધાર્યા.

ત્યાં રાત રહીને તે ભક્તની સેવાને અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **મોટેરે** પધાર્યા. તે ગામના ભક્ત પટેલ પુરુષોત્તમદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને વાજતેગાજતે પોતાના ફળિયામાં ઢોલિયા ઉપર શ્રીજીને પધરાવ્યા. પછી પુરુષોત્તમદાસને ઘેર થાળ થયો તે પોતે જમવા પધાર્યા ને તે સારી પેઠે જમીને સંતને સારી પેઠે લાડુ ફેરવીને જમાડ્યા. અને તે ગામના ભક્તજનની સેવા અંગીકાર કરી.

✹ અમદાવાદમાં ઘરોઘર થાળ તથા શાસ્ત્રીના પ્રશ્નોના ઉત્તર :

પછી સાબરમતીને ઊતરીને ચાલ્યા, તે **અમદાવાદ** પધાર્યા. તે ગામના ભક્ત લાલદાસ, હીરાચંદ, દામોદર તથા કુબેરસંગ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે દરિયાપર દરવાજે થઈને નવાવાસમાં લાવીને ઉતાર્યા. શ્રીજીમહારાજ તે ભક્તજનને ઘરોઘર થાળ જમ્યા ને સર્વે સાધુને લાડુ જમાડ્યા.

પછી સભા કરીને વિરાજમાન થયા. તે સભામાં એક નરભેરામ નામે કરીને શાસ્ત્રી આવ્યો. તેણે મહારાજને ઘણાક પ્રશ્ન પૂછ્યા. તે પ્રશ્નના ઉત્તર શ્રીજીમહારાજે એકકાળાવચ્છિન્ન કર્યા અને પોતે પ્રસન્ન થઈને શાસ્ત્રીને પોતાની ડગલી આપી. પછી પોતાને ઉતારે પધાર્યા ને ત્યાં ઘણાક દિવસ રહ્યા.

✵ જેતલપુરમાં બાર સદ્‌ગુરુ કરી એમનો મહિમા કહ્યો :

પછી એક દિવસે પ્રાતઃકાળે ઘોડે અસવાર થઈને રાજમાર્ગે ચાલ્યા, તે આષ્ટોડિયે દરવાજે થઈને નીસર્યા. તે ચંડોળા તળાવમાં થઈને **અશ્લાલીએ** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે **જેતલપુર** પધાર્યા. ત્યાંના હરિભક્ત આસજીભાઈ આદિ સર્વે શ્રીજીમહારાજને સન્મુખ જઈને ઘણાક સન્માને કરીને શ્રીજીમહારાજને મહોલમાં પધરાવ્યા. પછી શ્રીજીએ માર્ગ મધ્યે આંબલી તળે મંચ ઉપર વિરાજમાન થઈને સભામાં કીર્તન ગવરાવ્યાં ને ભણેલા સાધુ પાસે પ્રશ્ન-ઉત્તર કરાવ્યા.

પછી તે સભા મધ્યે શ્રીજીમહારાજે આનંદાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા સ્વયંપ્રકાશાનંદસ્વામી આદિક સાધુ બાર મૂર્તિને સર્વે સાધુના સદ્‌ગુરુ કર્યા. ને પોતે એમ બોલ્યા જે, “જેમ અમારી સેવા સર્વે સાધુ તથા હરિભક્ત કરો છો તેમ જ એ સદ્‌ગુરુની પણ સેવા કરજ્યો, ને એ સદ્‌ગુરુની આજ્ઞા માનજ્યો.” એવી રીતે શ્રીજીમહારાજે સર્વે સભાને આજ્ઞા કરી. તે આજ્ઞાને સર્વે સાધુ તથા હરિભક્ત અતિ રાજી થઈને માનતા હવા.

✵ ભક્તજનોના અગણિત હાર દિવ્યભાવ દેખાડીને ગ્રહણ કર્યા :

પછી શ્રીજીમહારાજને વાસ્તે ગંગામાએ થાળ તૈયાર કરીને મુળજી બ્રહ્મચારીને કહેવરાવ્યું. ત્યારે મુળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું જે, “હે કૃપાનાથ ! હે મહારાજ ! જમવા સારુ પધારો.” પછી ભગુજી આદિક પાર્ષદે વીંટાણા થકા શ્રીજીમહારાજ જમવા પધાર્યા ને પોતાના ભક્તજનને પ્રીતિ ઉપજાવતા થકા જમ્યા. અને જમીને પાછા મંદિરમાં પધાર્યા ને ત્યાં સભા કરીને વિરાજમાન થયા. અને ભક્તજને સર્વ સંત સહિત શ્રીજીની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી.

તે પછી શ્રીજીમહારાજ મહોલમાં આસોપાલવ સન્મુખ ગોખમાં વિરાજમાન થયા. તે ગોખમાં બેસીને ભક્તજનના અગણિત હાર

છડીએ કરીને દિવ્યભાવ દેખાડતા થકા ગ્રહણ કરતા હવા. એવી રીતે ભક્તજનને સુખ આપ્યું.

✹ ધોળકા, જવારજ વગેરે ગામમાં વિચરતા ગઢડા પધાર્યા :

પછી ત્યાંથી ગામ **વસઈ** થઈને **ધોળકે** પધાર્યા. તે ગામના રેવાશંકર, નારાયણજી તથા સેવકરામ એ આદિ ભક્તજને શ્રીજીને સન્મુખ આવીને ગાજતેવાજતે પોતાના પુરમાં પધરાવ્યા. પછી ગામથી આથમણી કોર જે ચકલી તળાવ, તેની પૂર્વ પાળને સમીપે ચોકને વિષે સર્વ સમાજ સહિત વિરાજમાન થયા. ત્યાં અવલબાઈ તથા પૂતળીબાઈ થાળ કરીને લાવ્યાં, તેને જમ્યા. અને ત્યાં રાત્રી રહીને ગામ **જવારજ** પધાર્યા. તે ગામના આધાર બારોટ, ખોડાભક્ત તથા ચાંદોજી એ આદિ હરિભક્તે શ્રીજીને સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા. અને આધાર ભક્તની મેડીએ ઊતર્યા ને ત્યાં સુંદર રસોઈ કરીને ભક્તજને જમાડ્યા.

પછી ત્યાંથી ગામ **અડવાલ** પધાર્યા ને મેતા ત્રિકમજીને ઘેર વિરાજમાન થયા. તે ભક્તે થાળ કરીને શ્રીજીને જમાડ્યા. ને ત્યાં રાત્રી રહીને ગામ **સુંદરિયાણે** પધાર્યા. તે ગામના વનાશા, પુંજાશા તથા ડોસા ખાચર એ આદિ ભક્તે શ્રીજીને પોતાના ગામમાં પધરાવ્યા. તે ભક્તને ઘેર શ્રીજી થાળ જમ્યા ને ત્યાંથી ગામ **સારંગપુર** પધાર્યા. અને ત્યાં રાત્રી રહીને **ગઢડે** પધાર્યા. ત્યાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

✹ ગઢડે વસંતોત્સવમાં ગામડેથી આવેલ સંતો પર શ્રીહરિનો રાજીપો :

ગઢડામાં પોતાના ભક્ત જીવુબાઈ તથા લાડુબાઈ તેમણે વસંતના ઉત્સવ ઉપર સર્વ સાધુને તેડાવ્યા. તેમાં ભાઈ આત્માનંદસ્વામીનું મંડળ પ્રથમ આવ્યું તથા ચૈતન્યાનંદસ્વામીનું મંડળ આવ્યું. પછી ભજનાનંદસ્વામીનું મંડળ આવ્યું. પછી આનંદાનંદસ્વામીનું મંડળ આવ્યું.

પછી પૂર્ણાનંદસ્વામીનું મંડળ આવ્યું તથા નરોનારાયણાનંદસ્વામીનું મંડળ આવ્યું. પછી અદ્‌ભુતાનંદસ્વામીનું મંડળ આવ્યું. પછી શ્રીગુરુચરણરતાનંદસ્વામીનું મંડળ આવ્યું. પછી કલ્યાણાનંદસ્વામીનું મંડળ આવ્યું, એ આદિક સર્વે સાધુનાં મંડળ આવ્યાં.

પછી તે સમયમાં આવ્યાં જે સંતનાં મંડળ તેમને શ્રીજીમહારાજ ઊભા થઈને સર્વેને પૃથક પૃથક મળ્યા; ને કેટલાકને છાતીમાં ચરણારવિંદ દીધાં, ને કેટલાકને માથે હાથ મેલ્યા; ને કેટલાકને પોતાની કોટમાંથી હાર કાઢીને આપ્યા; ને કેટલાકને તોરા-બાજુ આપ્યા; ને કેટલાકને પછેડી, ખેસ તથા રૂમાલ આદિક વસ્ત્ર આપ્યાં; ને કેટલાકને પોતે જમીને થાળ આપ્યા; ને જે જે મંડળ જે જે દેશમાં ફરવા ગયા હતા, તેમને તે તે દેશના સમાચાર પૂછ્યા. પછી સંતોએ જે દેશમાં જે જે વાત થાતી હતી, તે સર્વે કહી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **“હે સંતો ! તમે ભૂખ-તરસ તથા માન-અપમાનનું સહન કરીને દેશમાં ફરીને સત્સંગ કરાવો છો, તે તમારો ગુણ હું જરાય ભૂલતો નથી.”** પછી સંત બોલ્યા જે, “કર્માધીન થઈને ઘણાક જીવ માન-અપમાન તથા ભૂખ-તરસનું સહન કરે છે, પણ તેના ઉપર કોઈ રાજી થાતા નથી; ને આ તો થોડાકમાં તમે અમારી ઉપર રાજી થયા ! વાસ્તે એ અમારાં મોટાં ભાગ્ય માનીએ છીએ.”

અને પ્રથમથી મહારાજ ભેળા આવીને રહ્યા જે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તે પણ એમ બોલ્યા જે, “હે મહારાજ ! પરદેશમાં ફરવા સારુ જે સંત જાય છે, તેમને ઘણો દાખડો પડે છે; પણ મહારાજ રાજી થયા વાસ્તે એમનો દાખડો સફળ થયો.” એમ કહેતા હવા.

✺ ગઢડામાં વસંતપંચમીનો ઉત્સવ :

પછી બીજે દિવસ વસંતપંચમી(મહા સુદ ૫) આવી. ત્યારે શ્રીજીમહારાજ સવારના પહોરમાં ઊઠીને ઓરડાની ઓસરી ઉપર ઢોલિયાને વિષે વિરાજમાન થયા. પછી સર્વે વસંતી(સફેદ) વસ્ત્ર ધારણ કરીને ઊભા થયા. ત્યારે પોતાના પ્રેમી હરિભક્ત હતા તેમણે રંગ ને ગુલાલ લાવીને આગળ મેલ્યો. ત્યારે પોતે રંગની તાંસળીઓ ભરીને સંત તથા હરિભક્ત ઉપર નાંખવા માંડ્યો. ત્યારે નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી શ્રીજીમહારાજને માથે રંગ ને ગુલાલ નાંખવા માંડ્યા. (તેનાથી મહારાજનાં વસ્ત્ર રંગમય થઈ ગયાં.) એવી શોભાને ધારણ કરતા થકા પોતે સંતમંડળે સહિત ઘેલામાં નાહીને પાછા દરબારમાં પધાર્યા ને પોતે જમીને સંતને જમાડ્યા.

અને ફૂલડોલના ઉત્સવ પર્યંત સર્વ સંતને નિત્ય પ્રત્યે જલેબી ને મોતૈયા લાડુ આદિ પકવાન કરાવીને જમાડ્યા ને શ્રીજીમહારાજ સર્વ સાધુને નિત્યે પંક્તિમાં વારંવાર ફરીને ને અતિ ઘણી તાણ કરીને પીરસતા થકા સંતને આનંદ પમાડે, એવી રીતે નિત્ય નવી ને નવી લીલા કરતા થકા પોતાના ભક્તને આનંદ ઉપજાવતા હવા.

✺ ગઢડામાં ફૂલદોલનો ઉત્સવ :

પછી ત્યાં ફૂલદોલના ઉત્સવ ઉપર દેશદેશના ભક્તજન આવ્યા. પછી મહારાજે તેમને માથે રંગ ને ગુલાલ નાંખીને સારી પેઠે રસબસ કર્યા. પછી સર્વે સંત તથા સર્વે હરિભક્તે મહારાજને માથે રંગ ને ગુલાલ નાંખ્યો. પછી રંગે કરીને ઓસરી તથા ચોક પલળીને ગારે જુક્ત થયો ને રંગે કરીને દરબાર રંગાય ગયો. એમ રંગ રમીને પોતે બોલ્યા જે, “ચાલો નાવા જઈએ.” એમ કહીને ઘોડે અસવાર થઈને સાધુ, પાળા તથા હરિભક્તે સહિત ગાજતેવાજતે નાવા પધાર્યા.

પછી પોતે સ્નાન કરવા પેઠા, તે ભેળા સર્વે સાધુ તથા હરિભક્ત નાવા પેસતા હતા. તે સમયમાં ઘેલા નદીનું સર્વે પાણી રંગે જુક્ત થઈ ગયું. એવી રીતે જળક્રીડા કરીને પછી બહાર નીસર્યા. ત્યાર કેડે સર્વે નવીન વસ્ત્ર ધારણ કરીને પછી ઘોડે ચડીને ગાજતેવાજતે દરબારમાં પધાર્યા. પછી પોતા સારુ જમવાનો થાળ થયો, તેને જમીને પછી સંતને જમાડ્યા. પછી પોતે પોઢવા પધાર્યા.

✵ લડવા આવેલ વડોદરાનો દીવાન શ્રીહરિનું સામર્થ્ય જોઈ ભાગી ગયો :

પછી સાંજને સમે બોટાદને માર્ગે મોટો મંચ કરાવીને તે ઉપર વિરાજમાન થયા. તે સમયમાં સાધુ તથા સર્વે હરિભક્ત તથા પાર્ષદ એ સર્વે શ્રીજીમહારાજને સમીપે આવીને બેઠા. તે સમયમાં લંઘા(એ નામની જાત) શરણાઈ વગાડીને વસંતનાં કીર્તન ગાતા હતા. પછી તેમને રાજી થઈને મહારાજે બાજુબંધ આપ્યા.

તે સમયમાં વડોદરાવાળો દીવાનજી બોટાદ આવ્યો હતો, તેણે પોતાનો અસવાર મોકલીને ખબર કઢાવી જે, 'સ્વામિનારાયણ છે કે ભાગી ગયા ?' ત્યારે તેણે કહ્યું જે, 'સ્વામિનારાયણ તો સભા કરીને મોટા મંચ ઉપર બેઠા છે.' પછી બીજો અસવાર મોકલ્યો, તેણે પણ તેમ જ કહ્યું. પછી પોતે અસવારી લઈને ચડ્યો, તે ગઢડાની સીમમાં આવ્યો, ત્યારે પોતાની અસવારીની કવાયત કરાવતો હવો.

તે સમયમાં દાદા ખાચરને પાંચ અસવાર લઈને તેની સામા મોકલ્યા. પછી મહારાજ બોલ્યા જે, "દીવાનજી શું તેનો બાપ આવે તોપણ આંહીંથી ઊઠવું નથી." એમ કહીને પોતે કીર્તન ગવરાવવા લાગ્યા. પછી દીવાનજી લક્ષ્મીવાડીને આંટો દઈને ઘેલાને કાંઠે ઊતર્યો. પછી શ્રીજીમહારાજ દરબારમાં પધાર્યા. પછી રાત્રીને વિષે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવતા હવા.

તે સમયમાં દીવાનજીના શાસ્ત્રી, પુરાણી તથા કારભારી શ્રીજીમહારાજ પાસે આવ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારે શાસ્ત્રની ચર્ચા કરવી હોય તો આ નિત્યાનંદસ્વામી સાથે કરો, ને જો બીજી ચર્ચા કરવી હોય તો પાળા પણ છે, તે સાથે કરો." પછી તેમણે કહ્યું જે, "અમારે તો કોઈ ચર્ચા કરવી નથી. અમે તો તમને મળવા સારુ આવ્યા છીએ." એમ કહીને મહારાજની રજા લઈને પોતાના ઉતારે ગયા. પછી આ સર્વે વાત દીવાનજીને કહી.

પછી સવારના પહોરમાં મહારાજે સર્વે સંતને આજ્ઞા કરી જે, "દીવાનજી ઊતર્યો છે, તે આરે તમે નાવા જાઓ." પછી સર્વે સંત તથા સંન્યાસી નાવા ગયા. તે સમયમાં દીવાનજી માર્ગને કાંઠે ખુરશી નાંખીને બેઠો હતો. પછી તેણે સંન્યાસી તથા સાધુને ગણવા માંડ્યા, તે પાંચસે તો સંન્યાસી દેખાણા ને હજારો સાધુ દેખાણા. ત્યારે દીવાનજી બોલ્યો જે, "આટલા સંન્યાસી સ્વામિનારાયણે ક્યાંથી કર્યા ?" એમ કહીને પોતાના મનમાં આશ્ચર્ય પામ્યો. પછી ત્યાંથી ઊઠીને અમરેલી ગયો ને શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં રહેતા હવા.

✵ બોટાદમાં ફૂલદોલ ઉત્સવ કરી ગઢડે પધાર્યા :

પછી ત્યાંથી સર્વે સંત તથા સર્વે હરિભક્ત સહિત ફૂલદોલનો ઉત્સવ કરવા ગામ **બોટાદ** તેરસને દિને પધાર્યા. તે ગામના ભક્ત હમીર ખાચર, ભગા શેઠ તથા અદા શેઠ એ આદિ સર્વે શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને હમીર ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

પછી ત્યાંથી ગામથી નૈઋત કોણે તળાવની પાળે વિરાજમાન થયા ને સર્વ સંત તથા હરિભક્ત આવીને શ્રીજીને સન્મુખ બેઠા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિ સંત દુકડ, સરોદા, સતાર લઈને કીર્તન ગાતા હવા.

પછી બીજે દિન તે તળાવ ઉપર સર્વ ભક્તજનને રંગ નાખ્યો ને સર્વને રંગમાં રસબસ કરીને ત્યાંથી સર્વના ઉપર ગુલાલ નાખતા નાખતા હમીર ખાચરના દરબારમાં પધાર્યા ને ત્યાં બિરાજમાન થયા. પછી જમીને સર્વ સંતને મોતૈયા લાડુ પોતે જમાડ્યા. પછી તે દરબારમાં ભુજના ગંગારામ આદિ મલ્લને રમાડ્યા. એવી રીતે તે ગામમાં ઉત્સવ કર્યો ને સર્વ સંતને મોતૈયા લાડુનું ટીમણ આપીને સર્વ સંત સહિત **ગઢડે** પધાર્યા ને દરબારમાં વિરાજમાન થયા. શ્રીજીને અર્થે મોટીબાને ઘેર થાળ થયો તે પોતે જમવા પધાર્યા. તે સારી પેઠે થાળ જમીને પછી સાધુની જમવાની પંક્તિ થઈ તે પોતે કેડે રૂમાલ બાંધીને સર્વ સંતને લાડુ સારી પેઠે ફેરવીને હસ્તકમળ ધોયા.

✹ વડથલમાં મુક્તાનંદસ્વામીને મોકલીને તેમની પૂજા કરાવી :

પછી પોતે ઉતારે પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે સર્વે સંતની સભા થઈ. પછી સર્વ સંતોને કહ્યું જે, "તમે સર્વે ગામ **વડથલ** જાઓ ને અમે પણ આવશું." એમ કહીને સર્વ સંતને ગામ વડથલ મોકલ્યા ને પોતે ઝાઝા દિવસ રહીને પછી વડથલ જાવા સારુ તૈયાર થયા. તે ગાડા ઉપર બેસીને સર્વ ભક્તજને વીંટાણા થકા ચાલ્યા, તે પીપળાવાળી વાડીએ જઈને પોતે ગાડા ઉપરથી ઊતરી પડ્યા. પછી પોતે કાગળ લખાવીને જેરામ બ્રહ્મચારીને મોકલ્યા ને તેમને કહ્યું જે, "તમે સર્વે જેમ અમારી પૂજા કરો છો તેમ મુક્તાનંદસ્વામીની પૂજા કરજ્યો." એમ કહીને જેરામ બ્રહ્મચારીને ગામ વડથલ મોકલ્યા ને શ્રીજી પાછા **ગઢડે** પધાર્યા.

॥ ઈતિ ૭૫ પંચોતેરની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૭૯ ની લીલા

✵ ગઢડામાં ભૂકંપ થતાં ધૂન બોલ્યા અને દિવાળી ઉત્સવ :

એક સમયને વિષે મહારાજ ગઢડા મધ્યે સભા કરીને ઓસરીએ વિરાજમાન થયા. તે સમે પૃથ્વી હલી, ત્યારે સોમલા ખાચરે શ્રીજીનો હાથ ઝાલીને ઓસરીથી હેઠે ઉતાર્યા. પછી શ્રીજીમહારાજ સર્વે સંત સહિત 'નરનારાયણ...સ્વામિનારાયણ...' એ પ્રકારે ધૂન કરવા લાગ્યા. પછી પૃથ્વી હલી રહી ત્યારે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી દિવાળીનો ઉત્સવ આવ્યો. તે ઉત્સવને વિષે શ્રીજીમહારાજને આનંદાનંદસ્વામીએ કિનખાપનો પોશાગ પહેરાવીને આરતી ઉતારી. એવી રીતે ત્યાં દિવાળીનો ઉત્સવ કર્યો.

✵ ગઢડાથી વિચરણ કરતા જેતલપુર પધાર્યા :

ને ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણે** થઈને ગામ **કઉકે** આવ્યા. ત્યાંથી **ચિત્રાસર** થઈને **સાબરનદી**માં નાહીને ગામ **જેતલપુર** પધાર્યા. ને ત્યાં મંદિરમાં વિરાજમાન થયા. અને ત્યાં સ્વયંપ્રકાશાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામી આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત કરીને પગે લાગ્યા ને તેમને મળ્યા.

પછી ગંગાબાઈને ઘેર થાળ જમવા પધાર્યા. પછી મહોલમાં જઈને આસોપાલવને ઓઠિંગણ દઈને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે ભક્તજને ચંપા, મોગરા આદિના હાર લાવીને શ્રીજીને પહેરાવ્યા. બીજે દિવસે વાડીમાં બોરસડીના વૃક્ષ તળે વેદિકા ઉપર સભા કરીને વિરાજમાન થયા. ત્યાં ભક્તજને નાના પ્રકારના પુષ્પના હાર, ચંદનાદિકે કરીને પૂજા કરી. એવી રીતે ત્યાં ત્રણ દિવસ રહીને લીલા કરી.

✵ શ્રીનગરમાં હરિભક્તોના થાળ જમ્યા ને પૂજા સ્વીકારી :

અને ત્યાંથી **અશ્લાલી** થઈને **શ્રીનગર** પધાર્યા ને પુરથી બહાર આંબલીઓનાં વૃક્ષ તળે સર્વ સમાજ સહિત વિરાજમાન થયા. પછી

કુબેરસિંહ તથા લાલદાસ આદિ હરિભક્ત સમસ્ત છત્રીસ પ્રકારનાં વાજાં લઈ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના પુરમાં પધરાવ્યા. અને રાજબજારે થઈને નવાવાસમાં આવીને લીંબડા તળે ગાડા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા.

સર્વ હરિભક્તે ચંદન-પુષ્પના હાર, વસ્ત્ર-અલંકારે કરીને શ્રીજીની પૂજા કરી. તે શ્રીનગરમાં રહીને સર્વ હરિભક્તને ઘેર થાળ જમવા પધાર્યા. એવી રીતે ત્યાં રહીને લીલા કરીને પાછા **અશ્લાલી**એ પધાર્યા. તે ગામના વેણીભાઈ આદિ ભક્તે શ્રીજીમહારાજને સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા.

✹ જેતલપુરમાં મુમધાના બ્રહ્મરાક્ષસનો મોક્ષ કર્યો :

અને ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં વિરાજમાન થયા. તે વાર પછી બોરસડી હેઠે ઓટા ઉપર વિરાજમાન થયા. ત્યાંથી રાત્રીને સમે પાછા મંદિરમાં પધાર્યા ને ગંગામાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા.જમીને પછી વડ હેઠે સભા કરીને વિરાજમાન થયા હતા. તે સમે ગામ મુમધા(મહુધા)નો બ્રાહ્મણ દવે ઈશ્વર નામે, તેને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો. તે ત્યાં શ્રીજીના દર્શને આવ્યો ને તે શ્રીજીને જોઈને બળવા લાગ્યો ને અતિ બરકા પાડવા માંડ્યો. તેને જોઈને શ્રીજીએ કહ્યું જે, “તું કોણ છે ?” ત્યારે તેણે કહ્યું જે, “હું બ્રહ્મરાક્ષસ છું.”

પછી શ્રીજી બોલ્યા જે, “તું બ્રાહ્મણનો ત્યાગ કરીને અમારે વિષે તથા આ અમારા સાધુ ને સત્સંગી તેમાં આવ.” પછી તે બ્રહ્મરાક્ષસે કહ્યું જે, “તિહાં તો હું બળી મરું, ન રહેવાય.” ત્યારે શ્રીજીએ કહ્યું જે, “બાઈઓમાં રહીશ ?” ત્યારે તે ભૂતે કહ્યું જે, “બાઈઓમાં કોઈ વર્તમાનમાં મોળું વર્તતું હોય તેમાં રહું.” પછી શ્રીજીએ તાળી વજાડીને કહ્યું જે, “આ ભૂત કહે છે જે, વર્તમાનમાં મોળું વર્તતું હોય તેમાં હું રહું.”

પછી સર્વે બાઈઓ બોલી જે, "હે મહારાજ ! મોકલશો મા. અમે વર્તમાનમાં ખબડદાર થઈને વર્તશું." ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તું બદરિકાશ્રમમાં જા." ત્યારે તે ભૂત શ્રીજીની આજ્ઞાએ કરીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ મસ્તકે લઈને બદરિકાશ્રમમાં ગયો. અને તે બ્રાહ્મણ શ્રીજીનો આશ્રિત થયો.

✹ જેતલપુરથી વિચરણ કરતા ગુડેલ પધાર્યા :

પછી શ્રીજી ત્યાં ત્રણ દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે **મેમદાવાદ** આવ્યા. તે ગામના હરિભક્ત બેચર ભટ્ટ, દુર્લભરામ, અંબારામ તથા ઈશ્વર પંડ્યા એ આદિક સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા ને સર્વેએ શ્રીજીમહારાજને પોતાને ઘેર નોખા નોખા થાળ કરીને જમાડ્યા. પછી સર્વે સાધુ તથા પાળા તેમને જમાડ્યા. પછી ગામમાં ફરીને સર્વ જનને દર્શન દીધાં ને ત્યાંથી ઉમગણી કોરે વડ હેઠે વિસામા ઉપર રાત્રી રહ્યા.

પછી તે સમયમાં ભણેલા બ્રાહ્મણ શ્રીજીમહારાજ પાસે આવ્યા. પછી તેમને શ્રીજીમહારાજે વેદાંતના ઝીણા ઝીણા ઘણાક પ્રશ્ન પૂછ્યા. પછી તે બ્રાહ્મણ બોલ્યા જે, "હે મહારાજ ! તમારા પ્રશ્નને જે સમજી શકે, તેને અમે ખરો શાસ્ત્રી જાણીએ છીએ. અને હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો, વાસ્તે તમારા પ્રશ્નનું સમાધાન અમારાથી થાય એમ જણાતું નથી." એમ કહીને મહારાજને પગે લાગીને પોતાને ઘેર ગયા. પછી સર્વે હરિભક્તે મહારાજની પૂજા કરી.

પછી બીજે દિવસે ત્યાં જમીને **ડભાણ** પધાર્યા. ત્યાં એક રાત્રી રહીને **વરતાલ** પધાર્યા ને વાસણ સુતારના ઘરને વિષે ઊતર્યા. ને પોતાના પ્રેમી હરિભક્ત થાળ લાવ્યા તેને પોતે જમ્યા. સાંજને સમે મોટી સભા કરાવી ને તે વચ્ચે પોતે વિરાજમાન થયા ને પોતાના સ્વરૂપના નિશ્ચયની ઘણીક વાર્તા કરી. અને આસપાસના ગામથી આવ્યા જે સર્વે સત્સંગી

તેમની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં ચાર-પાંચ દિવસ રહીને ગઢડાને માર્ગે ચાલ્યા, તે ગામ **પીપળાવ** ગયા. ત્યાંના હરિભક્તને દર્શન દઈને **બુધેજ** પધાર્યા. અને ત્યાંથી પોતે જમીને ચાલ્યા, તે **ગુડેલ** ગયા.

❋ ભક્તની રક્ષામાં દેહ મૂકતા ગુડેલના જીભાઈને ધામમાં તેડી ગયા :

ત્યાં જીભાઈની મેડીને વિશે ઊતર્યા. પછી ત્યાં હરિભક્ત એક બાઈ કણબણ હતી. તેણે શ્રીજીમહારાજને કહ્યું જે, "હે મહારાજ ! આજ મારી રસોઈ લ્યો ને સર્વે સાધુને જમાડો." પછી પોતે રસોઈ કરાવી. પછી જમીને સર્વે સંત તથા પાર્ષદને પોતે પીરસીને જમાડ્યા. પછી તે બાઈએ સો રૂપિયા લાવીને મહારાજની આગળ મેલ્યા. પછી જીભાઈને મહારાજે કહ્યું જે, "તમે આ બાઈની ખબર રાખજો."

પછી એક દિવસ બાઈને ઘેર ચોરનું ધાડું પડ્યું. ત્યારે જીભાઈ લડાઈમાં ચાલ્યા, તે અઢાર ચોરને ઘવરાવ્યા ને ચોરના ધાડાને ગામ બહાર કાઢી મેલ્યું. પછી એક ચોર સંતાઈ રહ્યો હતો. તેણે જીભાઈને ઘા કર્યો. પછી જીભાઈને દેહ મૂકવાનો સમય થયો. ત્યારે શ્રીજીમહારાજ અનેક વિમાન અને પાર્ષદે સહિત તેને તેડવા આવ્યા. પછી જીભાઈએ સર્વે પોતાના સંબંધીને કહ્યું જે, "મને મહારાજ તેડવા આવ્યા છે ને હું અક્ષરધામમાં જાઉં છું." એમ ચમત્કાર દેખાડીને પોતે દેહ મૂક્યો. આ વાત પ્રકરણવશાત લખી છે.

❋ ગુડેલથી કમિયાળા, ઝીંઝર વગેરે ગામે થઈ ગઢડા પધાર્યા :

પછી ત્યાંથી શ્રીજી ચાલ્યા, તે ગામ **કમિયાળે** ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **ઝીંઝર** ગયા અને તે ગામથી દક્ષિણાદે તરફ તળાવને કાંઠે વડ તળે રહ્યા. પછી તે ગામના હરિભક્ત શ્રીજીમહારાજ પ્રત્યે આવીને બોલ્યા જે, "હે મહારાજ ! આજ તમે રહો ને સર્વે સંતને સારી રસોઈ કરાવીએ તે તમે પીરસીને જમાડો." પછી પોતે ગામમાં પધાર્યા ને પોતાના એકાંતિક ભક્ત થાળ કરીને લાવ્યા તેને

પોતે જમ્યા. પછી સંતમંડળને પોતે પીરસીને જમાડ્યા. પછી ઘોડે ચડીને સર્વે હરિભક્તને ઘેર પોતાનાં ચરણારવિંદ કરતા હવા ને તે હરિભક્તે કરી જે સેવા તેને અંગીકાર કરીને પાછા ઉતારા ઉપર પધાર્યા.

પછી ત્યાં એક રાત રહીને ચાલ્યા, તે **ભીમનાથ** થઈને ગામ **પોલારપર** પધાર્યા. ને ગામથી ઉગમણી કોરે તળાવની પાળે ઊભા રહીને સર્વેને દર્શન દીધાં. ને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કુંડળ** થઈને **કારિયાણી**એ પધાર્યા. ત્યાં બે દિવસ રહ્યા. એવામાં નાગર રંગીલદાસ ગામને પાદર થઈને નીકળ્યો. ત્યારે રાઘવ પટેલે મહારાજને કહ્યું જે, "રંગીલદાસ જાય છે." પછી પોતે ઘોડે અસવાર થઈને રંગીલદાસને મળ્યા.

પછી શ્રીજીમહારાજે રંગીલદાસને કહ્યું જે, "તમે ગઢડે ચાલો." ત્યારે તેણે કહ્યું જે, "જ્યાં તમે હો ત્યાં મારે આવવું નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો વૈકુંઠધામને વિશે અખંડ રહીએ છીએ." ત્યારે તેણે કહ્યું જે, "તમે વૈકુંઠધામમાં હો તો મારે ત્યાં આવવું નહીં." એમ કહ્યું ત્યારે શ્રીજીમહારાજ **ગઢડે** પધાર્યા.

✹ ગઢપુરમાં સંતોને ટાટ પહેરવાનું દિવ્ય પ્રકરણ :

પછી એક દિવસ પ્રકરણ ફેરવતા હવા જે, "ટાટ પહેરીને આવે તેને થાળ આપીએ." એમ કહીને પોતે થાળ જમવા પધાર્યા. પછી નિષ્કુળાનંદસ્વામી ટાટ પહેરીને આવ્યા, ત્યારે તેમને થાળ આપ્યો. પછી જે જે સાધુ ટાટ પહેરીને આવે તેમને પોતે થાળની પ્રસાદી આપે. પછી નિત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "મારે દરબારમાં થઈને નિત્ય કથા કરવા આવવું, વાસ્તે ટાટ પહેર્યે કેમ મર્યાદા રહેશે ?" ત્યારે મહારાજ કાંઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજની મરજી જાણીને એક ટાટ પહેર્યું ને એક માથે બાંધ્યું ને એક ઓઢીને કથા કરવા ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ પામરી ઓઢીને કોણ આવ્યું ?" એમ કહીને માથેથી પાઘ ઉતારીને આપી અને પછેડી આપી.

પછી બીજે દિવસ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, ભાઈ આત્માનંદસ્વામી તથા ભાઈ સ્વયંપ્રકાશાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, આનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી આદિક ઘણાક સાધુ ટાટ પહેરીને આવ્યા. તે સર્વેને પોતે પૃથક પૃથક થાળ આપ્યા. પછી દેશદેશમાં કાગળ લખાવ્યો જે, "આજ દિવસથી સર્વે સંતને ટાટ પહેરવા."

✹ સાંખ્યાનંદસ્વામીના ટાટ કૂતરા તાણી ગયા ! :

પછી એક દિવસ સાંખ્યાનંદસ્વામી નાઈને આવતા હતા, તે માર્ગમાં કૂતરાં બાજ્યાં તે ટાટ તાંણી ગયાં. પછી બજારના વાણિયા હતા, તેમણે મેલાવ્યા. પછી બ્રહ્માનંદસ્વામી મહારાજ પ્રત્યે બોલ્યા જે, "આ પ્રકરણમાં અમારે તો એક મોટો ગુણ થયો જે, જરાક શરીરને હલાવીએ ત્યારે ધાધરની ચેળ મટી જાય, પણ આ પ્રકરણમાં એકુકી લાકડીની આજ્ઞા કરો તો સારું. શા વાસ્તે ? જે સાંખ્યાનંદસ્વામી નાઈને આવતા હતા તે બજારમાં કૂતરાં બાજ્યાં તે ટાટ તાંણી ગયાં."

પછી આ વાતને સાંભળીને મહારાજ બોલ્યા જે, "ટાટનું પ્રકરણ અળસાવો ને સર્વે વસ્ત્ર પહેરો." એમ કહીને વસ્ત્ર પહેરવાની આજ્ઞા કરી અને દેશાંતરમાં કાગળ મોકલ્યા જે, "સર્વે સંત ટાટનો ત્યાગ કરીને વસ્ત્ર પહેરજો." પછી ટાટનું પ્રકરણ થોડાક દિવસ રહ્યું.

ત્યાર બાદ એવું હિમ(અતિશય ઠંડી) પડ્યું, જે કપાસમાત્ર બળી ગયો, ને રીંગણી તથા મરચી આદિક ઘણીક વસ્તુ બળી ગઈ ને ઘેલામાં પાણી ઠરી ગયું, તે હજારો માછલાં મરી ગયાં.

❋ ટાઢા પાણીથી નાવાનું તથા એકાદશી નકોરડી કરવાનું પ્રકરણ :

પછી વળી એક દિવસ મહારાજે પ્રકરણ ફેરવ્યું જે - સાધુ તથા સર્વે હરિભક્તને દિવસ ઊગ્યા મોર ટાઢે પાણીએ નાવું. પછી વળી એક દિવસ બીજું પ્રકરણ ફેરવ્યું જે - સર્વે સાધુ-હરિભક્તને એકાદશી નકોરડી કરીને, રાત્રીને વિશે ચાર પહોર જાગરણ કરવું, ને ગાતે ગાતે સવારમાં નાવા જાવું. પછી પોતે પણ નકોરડી એકાદશી કરવા માંડી. પછી તો જેનાથી ન રહી શકાય, તે પણ નકોરડી એકાદશી કરવા માંડ્યા.

પછી એક દિવસ સુરા ખાચરનો ભત્રીજો માણસિયો ખાચર, તેણે એકાદશી કરી. તે બંધાણી ને ચાર ટાણાનો ખાનારો, તે ત્રીજા પહોરે ભૂખે કરીને મૂર્છિત થઈ ગયો. ત્યારે મહારાજને આવીને માણસે કહ્યું જે, "માણસિયો ખાચર મરી જાય છે." ત્યારે તેને જોવા સારુ મહારાજ આવ્યા. પછી તેને જોઈને બોલ્યા જે, "દહીં ને સાકર લાવો." તેને પોતે પાયું. પછી તેને પૂછ્યું જે, "તને કેમ થયું ?" ત્યારે તેણે કહ્યું જે, "મારે ચાર ટાણાં ખાવાનો હેવા છે, તે ત્રણ ટાણાં ગયાં પછી મારો જીવ તો ઊંડો ઊતરી ગયો, ને મને દેહની ખબર રહી નહીં."

પછી સુરા ખાચરે કહ્યું જે, "આવી એકાદશીમાંથી તો ઘણાક હરિભક્ત મરી જાશે !" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને નકોરડી

એકાદશી ન રહેવાય તે ફળાહાર કરજો." પછી સુરા ખાચર બોલ્યા જે, "અમારા દેશમાં ફળાહારની છત નહિ, વાસ્તે ખેડુલોગના શા હાલ થાશે?" પછી મહારાજ બોલ્યા જે, "કાંઈક ફળાહારનો જોગ ન હોય ને બહુ કામ કરવું પડે, ત્યારે એક ટાણું ખાઈને એકાદશી કરવી, પણ વ્રતનો ત્યાગ ન કરવો." એમ કહીને પોતે ગઢડામાં નિવાસ કરીને રહેતા હવા.

❋ ગઢડાથી વિચરણ કરતા મછિયાવ પધારી ફૂલદોલોત્સવ કર્યો :

પછી ત્યાંથી મુક્તાનંદસ્વામીને અમદાવાદ નરનારાયણના મંદિરની જગ્યા લેવાને વાસ્તે મોકલ્યા. તે વાર પછી મછિયાવના ઠાકોર બાપુભાઈનો કાગળ આવ્યો. તેને વાંચીને દેશદેશ પ્રત્યે કંકોતરીઓ મોકલાવી જે, "ફૂલડોલનો સમૈયો મછિયાવ કરવાનો છે, તે સર્વે ત્યાં આવજો." એવી રીતે લખીને પછી સર્વે સદ્‌ગુરુમાત્રને લીંબડીએ જાવાની આજ્ઞા આપી. પછી ત્યાંથી શ્રીજી ચાલ્યા, તે **સારંગપુર** પધાર્યા ને ત્યાંથી **સુંદરિયાણે** પધાર્યા. ત્યાંથી **શિયાળ** પધાર્યા ને ત્યાં માધુ મેઘજી તથા જેસંગ મેઘજી તેમને ઘેર ઊતર્યા ને પોતાના પાર્ષદ સહિત શ્રીજીમહારાજ થાળ જમ્યા. ત્યાં એક રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ડુમાલી** પધાર્યા.

ત્યાંના ભક્તજનની સેવા અંગીકાર કરીને **મછિયાવ** પધાર્યા. ત્યાંના ઠાકોર બાપુભાઈ સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. ત્યાં દેશદેશના હરિભક્ત આવ્યા. પછી ભક્તજને શ્રીજીને હિંડોળામાં ઝુલાવ્યા ને પોતે સર્વે સત્સંગી ઉપર ખોબા ભરી ભરીને ગુલાલ નાખ્યો ને સર્વે હરિભક્તને કરુણાએ કરીને જોતા હવા. અને ત્યાં બહુ મનુષ્યનો ભીડો થયો, તે ત્યાંથી ચારણના ફળિયામાં ચોતરા ઉપર વિરાજમાન થયા. ત્યાં સર્વે સાધુ, બ્રહ્મચારી, સત્સંગી તેમની સભા થઈ.

ત્યાં સુરતનો સંઘ આવ્યો હતો. તેમાં ગોવિંદ વાળંદ પાસે ભફાકિયાના સાધુના જેવો અસત્પુરુષનો વેષ કઢાવીને સંત-અસંતનાં લક્ષણ જણાવ્યાં ને ભક્તજનને બહુ પ્રકારે આનંદ કરાવ્યો. અને શ્રીજીમહારાજે મહાનુભાવાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, “તમે સર્વે સંઘમાં જે કોઈ ભૂખ્યો હોય ને કોઈને ખરચી ખૂટી હોય તેને અપાવો.” ત્યારે તે અપાવતા હવા.

❋ મછિયાવ રંગોત્સવમાં દેવો દર્શને આવ્યા :

પછી શ્રીજી સંતમંડળે વીંટાણા થકા ત્યાંથી ચાલ્યા, તે ગામથી આથમણી કોરે તળાવની દક્ષિણાદિ પાળ ઉપર કૂવાને કાંઠે જઈને સર્વે સાધુ સંઘાથે પોતે હાથમા રંગ-પિચકારી લઈને સંતને તથા હરિભક્તને રંગ નાખતા થકા રંગે રમતા હવા.

તે સમે ઈન્દ્રાદિક દેવ વિમાન ઉપર બેસીને ત્યાં આવ્યા ને ત્યાં શ્રીજીને અતિ રંગે રમતા જોઈને તેમને અતિ આશ્ચર્ય થયું. એમ સારી પેઠે રંગ નાખીને પછી પોતે તળાવમાં જઈને સારી પેઠે જળક્રીડાને કરતા થકા તાળી દઈને કીર્તન ગાતા હવા. પછી જળમાંથી બહાર નીસરીને કોરાં વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થયા.

પછી સર્વે ભક્તજનને દર્શન દેતા થકા ઠાકોર બાપુભાઈના દરબારમાં પધાર્યા. ત્યાં મેડીની ઉગમણી ઓસરી ઉપર ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને સર્વે સંત તથા દેશદેશના હરિભક્તની સભા થઈ, તેને દર્શન દેતા થકા બહુ વાર સુધી સ્વધર્મ, જ્ઞાન ને ભક્તિ તે સબંધી વાર્તા કરી.

પછી થાળ થયો ત્યાં જમવા પધાર્યા. તે પોતે જમતા જાય ને પોતાના એકાંતિક ભક્તને પ્રસાદી આપતા જાય. એમ લીલાને કરતા થકા બહુ વાર સુધી જમ્યા.પછી સંતને જમવા સારુ પંક્તિ થઈ, તેમા

પોતે સારી પેઠે લાડુ ફેરવીને હાથ ધોયા. પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે ભુજનગરના ગંગારામ આદિ મલ્લને શ્રીજીમહારાજ રમાડતા હવા. અને મલ્લને મલ્લવિદ્યા શીખવતા થકા બહુ વાર સુધી મલ્લ રમત કરાવી અને પોતે તે મલ્લો ઉપર રાજી થયા ને પોતાનાં સર્વે વસ્ત્ર ગંગારામ મલ્લને આપ્યાં.

❋ દદુકામાં અલુભાઈને ઘરે થાળ અને પૂજન :

અને ત્યાર પછી શ્રીજી ઘોડે અસવાર થઈને સંતમંડળે વીંટાણા થકા ત્યાંથી ચાલ્યા, તે ગામ **દદુકે** ગયા. તે ગામના ભક્તજન અલુભાઈ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામ વચ્ચે થઈને તળાવને કાંઠે ઉતાર્યા. ત્યાં સર્વે સંત તથા હરિભક્તની સભા થઈ ને ગવૈયા સંત કીર્તન ગાવા લાગ્યા. પછી ગામમાં અલુજીને ઘેર થાળ થયો, તે સંતે સહિત જમવા પધાર્યા. જમીને પછી પોતે સર્વે સંતને લાડુ પીરસ્યા. પછી પોતાના ઉતારે આવીને વિરાજમાન થયા ને તે ગામના ભક્ત શ્રીજીને ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજતા હવા.

❋ મછિયાવમાં બાઈએ મહારાજના સુખાર્થે ત્રણ વર માગ્યા :

પછી ત્યાંથી ગામ **મછિયાવ** આવીને બાપુભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પોતાના એકાંતિક ભક્ત એવા જે બાપુભાઈ તથા તેમની બેન બાઈસાહબા ને તેમની માતા ફઈબા, તે શ્રીજીમહારાજને નાના પ્રકારનાં ભોજન કરાવીને જમાડતાં હવાં. ને ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજતાં હવાં. પછી બાઈસાહબાએ શ્રીજી પાસે ત્રણ વર માગ્યા જે, "હે મહારાજ ! તમારે એક ટાઢે પાણીએ નાવુ નહીં, તથા એકાદશીનો ઉપવાસ કરવો નહીં, તથા બીજી વાર ભોજન કરવું; એ વર મને આપો." પછી શ્રીજી પ્રસન્ન થઈને એ ત્રણ વર અંગીકાર કરતા હવા. એ રીતે તે ભક્તનો મનોરથ પૂરણ કર્યો.

અને ત્યાંથી ગામ **મેલાસણ** થઈને તથા **કુંડલ**(તા.સાણંદ) થઈને ગામ **શિયાળ**માં શેઠ માધવજીને ઘેર ઊતર્યા. તે ભક્તે અતિ પ્રેમે કરીને સેવા કરી. તેને જોઈને તથા તે ભક્તની અતિ ધર્મનિષ્ઠા જોઈને તેનું 'તુલાધર' એવું નામ પાડ્યું. અને ત્યાંથી **બળોલ** થઈને ગામ **રોઝકે** પધાર્યા. તે ગામમાં ગજા ગઢવીને ઘેર ઊતર્યા ને કાકાભાઈ આદિ કેટલાક જનને પોતાના આશ્રિત કર્યા.

✵ ભાવનગરથી ગઢપુર ચડાઈ કરવા આવેલ આરબોનો પરાભવ :

અને ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં રહ્યા થકા સમીપના ગામમાં પોતાના ભક્તને ઘોડે અસવાર થઈને દર્શન દેવા પધારે. એવી રીતે ત્યાં રહ્યા થકા ભક્તજનને સુખ દેતા હવા. પછી એવા સમયમાં ભાવનગરથી દાદા ખાચર સાથે લડાઈ કરવા સારુ હલા આવી. તેમાં દોઢસો આરબ હતા. ગોવાળિયા વિગેરે કેટલાક કાઠીના અસવાર હતા. પછી દાદા ખાચરને પાંચ અસવારે સહિત સાળંગપુર મોકલ્યા ને પોતે તો ત્યાં ને ત્યાં રહ્યા.

પછી મહારાજે સુરવાળ તથા ડગલી પહેરી, ને કેડે રેંટો બાંધ્યો ને બોકાના સહિત માથે રેંટો ધારણ કર્યો, ને હાથમા કમાન ને ઢાલ-તરવાર ધારણ કર્યાં, ને માનસિંઘ ને કેસરીસિંઘને પોતા પાસે રાખ્યા. તે સમયમાં એક ચારણ દર્શન કરવા સારુ આવ્યો. તેને પોતે નરસિંહરૂપે પોતાનું દર્શન આપ્યું. પછી તે ચારણ તે લોકને કહેવા લાગ્યો જે, "તમારું ભૂંડું થાય, સર્વે નાસી જાઓ ! દાદાના દરબારમાં નરસિંહજી બેઠા છે, તે તમને મારી નાખશે !"

પછી તેનું ન માનીને સર્વે આરબ બંધૂકો ભરીને આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "સર્વે કેસરિયાં કરો." ત્યારે સોમલા ખાચર, ઘેલા ધાધલ, અલૈયા કહર તથા નાજા જોગિયા એ આદિક સર્વે કેસરિયાં વસ્ત્ર ધારણ કરતા હવા. અને ઘોડે અસવાર થઈને હાથમાં બરછીઓ લઈને

તેમના સામા જઈને ઊભા રહ્યા, ને તેમને કહ્યું જે, "પાજીઓ! તમે પ્રથમ ઘા કરો, પછી અમારી રમત જુઓ; તમારા રાઈ રાઈ જેટલા કટકા કરવા છે !" પછી તેમણે બંધૂકો દાબી, તે બંધૂકો બંધ થઈ ગઈ ને બરિયાન(સળગતા તણખા) ઊડ્યા, તે સર્વેનાં દાઢાં બળી ગયાં. પછી જખ મારતા પાછા ગયા.

પછી શ્રીજીમહારાજ ઘોડે અસવાર થઈને પોતાના પાર્ષદે સહિત જીવા ખાચરના દરબારમાં ગયા. અને જીવા ખાચરને કહ્યું જે, "આ હલા કોણે મંગાવી છે ?" પછી જીવા ખાચર બોલ્યા જે, "મને ખબર નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "સત્સંગી થઈને અમારા આગળ ખોટું બોલો છો ? તમારે ઘેર ખીચડું રંધાય છે ને આટલા અસવાર બાંધ્યા છે, તે અમે શું નથી જાણતા ?" એમ કહીને પોતે **કારિયાણી**એ પધાર્યા.

✹ ગઢડામાં ભાઈ રામદાસજીનો અક્ષરવાસ :

પછી ભાઈ રામદાસજીને અતિ માંદા સાંભળીને પાછા **ગઢડે** પધાર્યા. અને ભાઈને પોતાનું દર્શન આપીને બોલ્યા જે, "હે ભાઈ ! બ્રહ્મપુરમાં ચાલ્યા જાઓ." એમ કહીને તેમને સ્વધામ પમાડીને તેમના દેહની ક્રિયા કરાવી અને પોતે દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. અને પાછા **કારિયાણી**એ પધાર્યા. ત્યાંથી ગામ **ઝમરાળે** જીવા દવેને ઘરે પધાર્યા. ત્યાં થાળ જમીને પાછા **ગઢડે** પધાર્યા. ત્યાં ચોમાસું રહીને ભક્તજનને સુખ આપતા હવા.

✹ ગઢડામાં જન્માષ્ટમી ઉત્સવ :

એવા સમયમાં જન્માષ્ટમીનો દિવસ આવ્યો, ત્યારે ગાજતેવાજતે ઘોડે ચડીને સંતમંડળે સહિત ગામથી આથમણી કોરે ઘેલાના વચ્ચે એક મોટો ઊંચો પથ્થર હતો તે ઉપર વિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા સર્વે સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં એક હરિભક્તે મહારાજને એક રેંટો માથે બંધાવ્યો ને

બીજો રેંટો કેડે બંધાવ્યો. પછી ભાલને વિષે કેસર-ચંદને કરીને અરચા કરી, ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા, ને મસ્તકને વિષે તોરા ધરાવ્યા.

પછી તે ભક્ત સાધુની પૂજા કરવા આવ્યો. તે પ્રથમ મુક્તાનંદ સ્વામીની પૂજા કરીને નિત્યાનંદસ્વામીની પૂજા કરી. પછી હરિયાનંદસ્વામી ને વિશ્વચૈતન્યાનંદસ્વામીની પૂજા કરવા આવ્યો. ત્યારે તેમણે અવળા મો કરીને પૂજા કરવા ન દીધી. ત્યારે મહારાજને તે સારું ન લાગ્યું. ત્યારે પોતાનાં વસ્ત્ર હતાં, તે નિત્યાનંદસ્વામીને પહેરાવ્યાં ને માણકી ઘોડી ઉપર બેસાર્યા. ને સર્વને કહ્યું જે, "તમે એમની આગળ તે નાતમાં ચાલો ને અમે પણ આગળ ચાલશું." એમ કહીને પોતે આગળ ચાલ્યા ને બજારમાં થઈને દરબારમાં પધાર્યા.

પછી શ્રીજીમહારાજની આગળ સર્વે સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી. પછી મહારાજ બોલ્યા જે, "સારાં સારાં કીર્તન ગાઓ." ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી તથા દેવાનંદસ્વામી આદિક સર્વે ગવૈયા સરોદા દુકડ લઈને કીર્તન ગાવતા હવા. પછી આરતી થઈ ત્યાર કેડે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી. પછી અડધી રાત થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા ને સંતો ઉતારે ગયા.

પછી પારણાને દિવસ મોતૈયા લાડુની રસોઈ કરાવી. પછી પોતે જમીને સંતને પીરસવા આવ્યા. પછી એક એક હાથમાં બે બે લાડુ લઈને બે પંગતમાં હારે પીરસવા લાગ્યા. એમ નિત્ય નવી લીલા કરતા થકા પોતે ત્યાં રહેતા હવા. અને બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી આદિક મોટેરા સાધુને સુરત મોકલ્યા.

❋ ગઢડામાં દશેરાને દિવસે સુંદર વસ્ત્રાલંકાર પહેરી ઘોડી દોડાવી :

પછી દશેરાનો દિવસ આવ્યો, ત્યારે સોમલા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો દશેરાનો દિવસ છે. વાસ્તે સારાં સારાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરો તો બહુ સારું." ત્યારે પોતાના એકાંતિક ભક્તને

રાજી કરવા સારુ લાડુબાએ મોકલ્યો એવો જે સુરવાળ તથા કિનખાપની ડગલી તેને પોતે પહેર્યાં. મસ્તકને વિશે ભારે રેંટો ધારણ કર્યો, ને કેડને વિશે આસમાની રંગનો રેંટો બાંધ્યો, ને હસ્તકમળને વિશે નંગજડિત સોનાનાં કડાં તથા સાંકળાં ધારણ કર્યાં, ને કંઠને વિશે મોતીની માળા ને સોનાની ઊતરી પહેરી, ને મસ્તકને વિશે કલંગી ધારણ કરી, ને ચરણકમળને વિશે સોનાનો તોડો ધારણ કર્યો.

એવા સમયમાં માણકી ઘોડીને શણગારીને શ્રીજીમહારાજ પાસે નાજા જોગિયા લાવ્યા. પછી તે ઉપર પોતે અસવાર થયા ને સોમલા ખાચર, સુરા ખાચર તથા દાદા ખાચર આદિક પોતાના પાર્ષદ તેણે વીંટાણા થકા ગાજતેવાજતે ગામથી બાહેર નીસર્યા. અને જીવા ખાચર પણ પોતાના અસવારે સહિત મહારાજ ભેળા નીસર્યા. પછી ગામથી આથમણી તરફ નારાયણ હ્રદને સમીપે પોતે માણકી ઘોડી ફેરવી. તેને જોઈને સર્વે અસવાર એમ બોલ્યા જે, "આવી ઘોડી કોઈને ફેરવતાં આવડે નહીં." પછી મહારાજની આજ્ઞાથી સર્વે પોતપોતાનાં ઘોડાં ફેરવતા હવા.

પછી રામા ખાચરે દાદા ખાચરને કહ્યું જે, "આપણે બે બેલડીએ દોડીએ." ત્યારે ઘેલા ધાધલે કહ્યું જે, "દાદા ખાચર તો ભક્તરાજ છે. હું ને તું બે બેલડીએ દોડીએ." ત્યારે રામા ખાચરે કહ્યું જે, "મામા ! તારા સાથે તો નહિ દોડું." ત્યારે શ્રીજીમહારાજ હસ્યા ને રામા ખાચર ઘોડેથી પડી ગયા.

✵ દાદા ખાચર અને જીવા ખાચરની ગાયો દોડાવી :

પછી દાદા ખાચર ને જીવા ખાચર એ બેયની ગાયોનાં ધણ આવ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "ગાયોનાં ધણ દોડાવો, જેનો દિવસ ચડતો હોય તેનું ધણ આગળ થાય." ત્યારે બેયના ગોવાળ પોતપોતાનાં ધણ લઈને દોડ્યા. ત્યારે દાદા ખાચરનું ધણ આગળ થઈ ગયું.

પછી શ્રીજીમહારાજ ગાજતેવાજતે મોટી બજારમાં થઈને દાદા ખાચરના દરબારમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે સંતે શ્રીજીમહારાજની ચંદનપુષ્પ વતે કરીને પૂજા કરી ને સર્વે હરિભક્તે પણ વસ્ત્ર-અલંકાર વતે કરીને પૂજા કરી.

પછી શ્રીજીમહારાજને મુકુંદ બ્રહ્મચારીએ જમવા સારુ બોલાવ્યા. ત્યારે પોતે જમવા પધાર્યા. પછી જમીને પોતે સંતને મોતૈયા લાડુ ને જલેબી પીરસીને જમાડ્યા ને પોતાના પાર્ષદને પણ જમાડ્યા. એમ દશેરાનો સમૈયો કરીને પોતે ત્યાં રહ્યા ને કેટલાક સંતને પોતા પાસે રાખ્યા ને કેટલાકને આસપાસ ફરવા મોકલ્યા.

॥ ઈતિ ૭૬ છોતેરની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૭૭ ની લીલા

✹ ગઢડામાં દિવાળી તથા અન્નકૂટ ઉત્સવ :

અને સુરતથી બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદ સ્વામી તથા સ્વયંપ્રકાશાનંદસ્વામી ઈત્યાદિક સંત ગઢડે આવ્યા. તે નરનારાયણ સ્વામિનારાયણ એ બે નામે અંકિત વસ્ત્ર લાવીને શ્રીજીને ઓઢાડ્યાં. તે વાર પછી શ્રીજીમહારાજે અન્નકૂટના સમૈયા ઉપર સર્વે સંતને તેડાવ્યા. પછી મોટા આત્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, અદ્ભુતાનંદસ્વામી, નરોનારાયણાનંદસ્વામી તથા કલ્યાણાનંદસ્વામી એ આદિક સર્વે સંતનાં મંડળ આવ્યાં.

પછી તે સર્વેને શ્રીજીમહારાજ ઊભા થઈને મળ્યા ને સર્વેને દેશાંતરના હરિભક્તની ખબર પૂછી. પછી કંદોઈને તેડાવીને નાના પ્રકારનાં પકવાન પડાવ્યાં ને બીજો પણ ઘણોક અન્નકૂટનો સામાન ભેળો કર્યો.

પછી દિવાળીને દિવસે દાદા ખાચરે ભારે દીપમાળા કરાવી, ને તેને વિશે દીવા કરાવ્યા. પછી શ્રીજીમહારાજને સોનેરી વસ્ત્ર પહેરાવીને સુંદર પાટ ઉપર પધરાવ્યા. પછી મહારાજે સંત પાસે ફરીને કીર્તન ગવરાવ્યાં ને પોતે પણ ભેળા ફર્યા. પછી બહુ રાત ગઈ ત્યારે પોતે પોઢવા સારુ પધાર્યા ને સંત ઉતારા ઉપર ગયા.

બીજે દિવસ અન્નકૂટનો સામાન તૈયાર થયો, ત્યારે શ્રીજીમહારાજ ઓસરી ઉપર ભારે મોટો પાટલો હતો, તે ઉપર વિરાજમાન થયા. પછી જેટલી વસ્તુ અન્નકૂટની તૈયાર થઈ હતી, તેટલી સર્વે નાના પ્રકારનાં કટોરા, વાટકા તથા તાંસળીઓમાં ભરીને, એક મોટો રૂપાનો થાળ હતો તેમાં મેલીને, મહારાજની આગળ મુકુંદ બ્રહ્મચારીએ મૂક્યો.

પછી જ્યાં સુધી શ્રીજીમહારાજ જમ્યા ત્યાં પર્યંત લાડુબાઈ અષ્ટપદીનું ગાન કરતાં હવાં.

પછી પોતે જમી રહ્યા ત્યાર કેડે સંતને મોતૈયા લાડુ, જલેબી તથા સાટા એ આદિક જેટલો અન્નકૂટમાં સામાન હતો, તેટલો પોતે પીરસીને જમાડતા હવા. એમ ઘણાક દિવસ સંતને જમાડીને પોતાના એકાંતિક ભક્તના મનોરથ પૂર્ણ કર્યા.

✵ વસંતપંચમી તથા હુતાશણીને દિન રંગે રમ્યા :

પછી એમ કરતાં વસંતપંચમી આવી. પછી પોતે સાધુ તથા હરિભક્ત ઉપર રંગ-ગુલાલ નાંખ્યો અને સર્વેને રંગવતે કરીને પલાળી દીધા. અને સાધુ, પોતાના પાર્ષદ તથા હરિભક્ત તે સર્વે મહારાજ ઉપર રંગ-ગુલાલ નાંખતા હવા. પછી સંતમંડળે સહિત પોતે ઘેલામાં નાવા પધાર્યા. પછી નાહીને દરબારમાં પધાર્યા. પછી પોતે જમીને સર્વે સંતને જમાડ્યા. પછી સાંજને સમે વસંતનાં કીર્તન ગવરાવ્યાં ને સર્વે સાધુએ પુષ્પના હાર પહેરાવ્યા.

એમ નિત્ય નિત્ય નવી લીલા કરતે સતે હુતાશણીનો સમૈયો આવ્યો. પછી ઝાઝો રંગ કઢાવ્યો ને ઘણોક ગુલાલ મંગાવ્યો. અને સાધુને રંગ નાખવા સારુ વાંસની પિચકારીઓ કરાવી. પછી ઉત્સવને દિવસ ઓસરી ઉપર વિરાજમાન થયા. પછી પોતાના પ્રેમીભક્તે ધોળાં વસ્ત્ર તથા સોનાનાં કડાં પહેરાવ્યાં. પછી પોતે રૂપાની પિચકારી હાથમાં લઈને સંતમંડળ ઉપર હસતા થકા રંગ નાંખવા માંડ્યા. પછી સંત પણ પિચકારીઓ ભરી ભરીને મહારાજની ઉપર રંગ નાંખવા માંડ્યા. પછી શ્રીજીમહારાજ પણ ગુલાલની ફાંટો ભરીને નાંખવા માંડ્યા ને સંત પણ જેમ અષાઢમાં મેઘની વૃષ્ટિ થાય, તેમ મહારાજની ઉપર રંગની વૃષ્ટિ કરવા લાગ્યા.

પછી પોતાના પાર્ષદ એવા જે કાઠી લોક તેમણે મોટી રોઝી ઢાલો લઈને આગળ ધરી, તોપણ સંતે ચારેકોરથી પિચકારીઓ નાંખવા માંડી. પછી મહારાજ આકળા થઈને લીંબડા ઉપર ચડી ગયા, તોપણ સંતે હેઠળથી પિચકારીઓ મારવા માંડી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે લીંબડે ચડી ગયા, તોપણ તમે આળસતા નથી." ત્યારે સંત રંગ નાંખતા રહી ગયા. ત્યાર કેડે મહારાજ હેઠા ઊતર્યા.

પછી જીવા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! મારા દરબારમાં રંગ તૈયાર થયો છે, વાસ્તે ત્યાં પધારો." પછી મહારાજ બોલ્યા જે, "અમે તો રમીને થાકી ગયા છીએ." પછી જીવા ખાચર બોલ્યા જે, દાદો વહાલો ને હું અળખામણો, તે એનો રંગ રમ્યા ને મારો નહીં !" પછી શ્રીજીમહારાજ હસતા થકા માર્ગમાં રંગ-ગુલાલને ઉડાડતા થકા જીવા ખાચરના દરબારમાં પધાર્યા ને તેમના ઉગમણા બારના ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન થયા. પછી પોતાના પાર્ષદ અને કાઠી લોક તેને પોતાની તરફ રાખ્યા. પછી તાંસળીઓ ભરીને રંગ નાંખવા માંડ્યા ને ફાંટ્યો ભરીને ગુલાલ નાંખવા માંડ્યા. પછી સંત સર્વે મહારાજ ઉપર પિચકારીઓ નાંખવા માંડ્યા. તેણે કરીને પાર્ષદે સહિત પોતે અકળાઈ ગયા.

પછી એક સાધુ ઓસરી ઉપર ચડવા માંડ્યા. તેમને અલૈયા ખાચરે ઠેલી પાડ્યા. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "એને હેઠો તાણી પાડો." ત્યારે સંતે ઝાલીને તાણવા માંડ્યો, ત્યારે તેણે મોતિયું(નેવાનું પાટિયું) ઝાલ્યું. પછી સંતે જોર કર્યું, તે મોતિયા સહિત હેઠો પડ્યો. પછી અલૈયા ખાચર ઘોડીએ ચડીને આવ્યો. પછી સાધુ ઉપર ઘોડી નાંખવા માંડી. ત્યારે સાધુએ ઘોડીને પિચકારી મારી. પછી અલૈયા ખાચરે ઘણીક હાંકી, પણ સાધુ ઉપર ઘોડી આવી નહીં.પછી અલૈયા ખાચર બોલ્યા જે, "મારી ઘોડી દેવતામાં નાંખું તો પડે, પણ પિચકારીથી

પાછી હઠી ગઈ. એ તે શું થયું ?" તેવા સમયમાં નિત્યાનંદસ્વામી ઓસરી ઉપર ચડી ગયા ને શ્રીજીમહારાજને પકડી લીધા ને હાથમાં કડાં હતાં, તે કાઢી લીધાં.

પછી મહારાજ બોલ્યા જે, "તમે જીત્યા ને અમે હાર્યા, વાસ્તે ફગવામાં આવો મળીએ." એમ કહીને સર્વે સંતને પોતે મળ્યા. પછી પોતે ઘોડે ચડીને સાધુ તથા પાર્ષદે સહિત ઘેલામાં નાવા પધાર્યા. તે સમયમાં ઘેલાનું સર્વે પાણી રાતું થઈ ગયું. પછી નાહીને બહાર નીકળ્યા કેડે ભારે કસુંબલ વસ્ત્ર ધારણ કર્યાં. પછી નિત્યાનંદસ્વામીએ મહારાજના હાથમાંથી કાઢી લીધાં જે કડાં તે પહેરાવ્યાં. પછી ઘોડે ચડીને ગાજતેવાજતે દરબારમાં પધાર્યા. પછી શ્રીજીમહારાજને જમવા સારુ મુકુંદબ્રહ્મચારી બોલાવતા હવા. પછી પોતે થાળ જમીને સર્વે સંતને મોતૈયા લાડુ પીરસ્યા. પછી પોતાના ઉતારા ઉપર પધાર્યા.

સાંજને સમે મોટી સભા કરાવીને તેને વિષે પોતે વિરાજમાન થયા. તે સમયમાં દર્શન કરવા આવ્યા જે સર્વે હરિભક્ત તે મહારાજની પૂજા કરતા હવા. પછી મહારાજે કહ્યું જે, "ઝીલણિયાં કીર્તન બોલો." પછી સંત કીર્તન ગાવા માંડ્યા. તે ભેળા પોતે પણ તાળી વજાડીને કીર્તન ગાવા લાગ્યા. પછી આરતી-ધૂન થયા કેડે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી. પછી અધ્યાય પૂરો થયો ત્યારે પોતે 'જય સચ્ચિદાનંદ' કહીને પોઢવા પધાર્યા. એવી રીતે ફૂલડોલનો ઉત્સવ કર્યો.

✵ ગઢડામાં મરકીના રોગથી પોતાના ભક્તોની રક્ષા :

પછી થોડાક દિવસ કેડે ગઢડામાં મરકીનો રોગ આવ્યો. તેણે કરીને ઢુંઢિયા તથા બીજા કુસંગી લોક મરવા માંડ્યા. તેવામાં પોતાનો પાળો જે હમીરભગત તેને પણ તે રોગ થયો. ત્યારે બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીએ મહારાજને જઈને કહ્યું જે, "બીજા લોક મરકીને રોગે કરીને મરે તેમ તમારા હરિભક્ત મરે તે ઠીક નહીં."

પછી મહારાજ બોલ્યા જે, "કોને એ રોગ થયો છે ?" પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમારા પાળા હમીરભક્તને એ રોગ થયો છે." ત્યારે પોતે તે પાસે જઈને તેને દહીં ને સાકર પાયું.

પછી એક હરિભક્તે આવીને કહ્યું જે, "બેચર ભટ્ટની સ્ત્રીને પણ એ રોગ થયો છે." ત્યારે તેને ઘેર જવા સારુ ચાલ્યા, ત્યારે માર્ગમાં એક ગાંડી ઘાંચણ હતી, તેણે મહારાજને કહ્યું જે, "તમે તમારી સેવક બ્રાહ્મણીને સાજી કરો તો તમે ભગવાન ખરા ને ન કરો તો નહીં."

પછી પોતે હસતા થકા ત્યાં પધાર્યા. પછી લખીરામે કહ્યું જે, "એ તો મરી ગઈ છે." પછી મહારાજ બોલ્યા જે, "એ તો નથી મરી ગઈ." એમ કહીને એને બોલાવી. પછી દહીં ને સાકર પાયું. પછી એમ બોલ્યા જે, "સર્વે સમ ખાઓ જે, મરી ગઈ હતી તેને જીવતી કરી એમ કહેવું નહીં." પછી લખીરામે કહ્યું જે, "અમે તો નહિ કહીએ, પણ ગાંડી ઘાંચણ કહે ત્યારે અમારો શો વાંક ?" પછી પોતે હસતા થકા દરબારમાં પધાર્યા.


✹ સચ્ચિદાનંદસ્વામીએ ટૂંટિયું કાઢ્યું :

વળી એક સમયમાં સચ્ચિદાનંદસ્વામી ગામમાંથી વાવે ગયા. ત્યારે માર્ગમાં ટુંટિયું(કોલેરા - તે રોગનું મૂર્તિમાન સ્વરૂપ) સામું મળ્યું. ત્યારે તેને કહ્યું જે, "તું કોણ છે ?" ત્યારે તેણે કહ્યું જે, "હું ટૂંટિયું છું." ત્યારે તેને કહ્યું જે, "મારામાં આવીશ ?" ત્યારે તેણે તેમનામાં પ્રવેશ કર્યો. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સમાધિ કરીને મળને ઠેકાણે ત્રણ દિવસ રોકી રાખ્યું. પછી રોવા લાગ્યું ને કહ્યું જે, "હું સત્સંગી પાસે નહિ જાઉં." ત્યારે ઝાડે ફરવા ગયા, ત્યાં તેને મળ ભેળું કાઢી નાંખ્યું. પછી પોતે મહારાજ પાસે આવ્યા. પછી તેમને જોઈને પોતે હસ્યા ને કંઠમાંથી હાર કાઢીને તેમને આપ્યો.

તે સમયમાં પોતે-શ્રીહરિએ માંદાનો મિસ લીધો ને તે ઉપર સર્વ સંતને તેડાવીને દર્શન દીધાં. અને મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, “સર્વ સંતને વરિયાળી ને મરિયાં ઘૂંટીને પાઓ ને સંતને પાવલાં (પગરખા)કરાવી દેજો.” એમ આજ્ઞા કરી. પછી ભગા શેઠ જલેબીની રસોઈ કરાવીને લાવ્યા. તેને પોતે પીરસીને સર્વ સંતને જમાડ્યા. પછી આનંદાનંદસ્વામીને અમદાવાદ શ્રી નરનારાયણના મંદિરનું કામ ચાલતું હતું, તેને કરાવવા સારુ મેલ્યા ને નિત્યાનંદસ્વામીને વડોદરે મેલ્યા.

॥ ઈતિ ૭૭ સત્યોતેરની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૭૮ ની લીલા

❋ ઉનાળો અને ચોમાસું ગઢપુરમાં રહ્યાં :

તે પછી ત્યાં ગઢડામાં રહ્યા થકા ઉનાળામાં પોતાના ભક્તજન લાવ્યા જે કેરીઓ તેને પોતે જમતા ને પ્રસાદીની સાધુ તથા પોતાના પાર્ષદને આપતા. અને ચોમાસાને વિશે પોતાના પાર્ષદ તથા સંતમંડળે સહિત ખળખળિયાને વિશે નાવા પધારતા ને પાછા દરબારમાં આવતા. પછી પોતે જન્માષ્ટમીનો ભારે સમૈયો કર્યો ને પાંચ દિવસ સુધી સંતને જમાડ્યા. અને દશેરાનો ઉત્સવ પોતે સારો કર્યો ને વાવને માર્ગે ઘોડાં ફેરવ્યાં. પછી અન્નકૂટનો ઉત્સવ કર્યો ને તે ઉત્સવને વિશે સર્વ સાધુને જમાડ્યા ને સર્વે સંતને મળ્યા.

❋ અમદાવાદમાં દેવોની પ્રતિષ્ઠા કરવા પધાર્યા :

તે પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને શ્રીનરનારાયણની પ્રતિષ્ઠા નિમિત્ત સામાન તૈયાર કરાવા સારુ આગળથી અમદાવાદ મેલ્યા. પછી શ્રીજીએ સર્વ દેશદેશમાં કાગળ લખાવીને મેલ્યા જે, ‘શ્રીનગરમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા ફાગણ સુદી ત્રીજની છે. તે ઉપર સર્વ હરિભક્ત આવજ્યો.’ એ રીતે પત્ર લખાવીને પછી પોતે શ્રીનરનારાયણ પધરાવ્યાને અર્થે સર્વ સંત તથા દાદા ખાચર, સુરા ખાચર આદિક કાઠીના અસવારે વીંટાણા થકા ત્યાંથી ચાલ્યા, તે ગામ **સારંગપુર** થઈને **જવારજ** પધાર્યા ને તળાવની પાળે ઊતર્યા. તે ગામના બ્રાહ્મણે પ્રશ્ન પૂછ્યા, તે સર્વના ઉત્તર તત્કાળ કર્યા. તેથી તે બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યા.

પછી ત્યાંથી ગામ **ધોળકે** પધાર્યા ને ત્યાંથી **ચિત્રાસર** થઈને દશમને દિવસ **જેતલપુર** આવીને મંદિરમાં વિરાજમાન થયા. અને એકાદશીને દિવસે વહેલા પ્રાતઃકાળમાં ઊઠીને સર્વ કાઠીના અસવારે વીંટાણા થકા

શ્રીનગર પધાર્યા ને મંદિરમાં આવીને શ્રીનરનારાયણની મૂર્તિઓ જોઈને બહુ પ્રસન્ન થયા ને મુખ આદિ સર્વ અંગને વિશે વારંવાર હાથ ફેરવીને મૂર્તિઓને મળીને બહુ વખાણતા થકા બ્રાહ્મણને ઘોડાનું દાન કર્યું.

પછી સર્વ અસવાર સહિત ભોજન જમીને પોતાને મુકામ કરવાની જાયગા જોવા સારુ પાદશાવાડીના મહોલમાં પધાર્યા. તે પાદશાવાડી જોઈને ત્યાંથી અંધારીવાડીએ પધાર્યા. તે વાડીને જોઈને ત્યાંથી **દુધેશ્વર** પધાર્યા. ત્યાં દુધેશ્વરની સર્વ આંબલીઓ જોઈને સર્વ અસવારે વીંટાણા એવા જે શ્રીજીમહારાજ તે ઈડરિયે દરવાજે થઈને શહેરમાં પ્રવેશ કરીને રાજબજાર વચ્ચે ગાજતેવાજતે કાંકરિયા તળાવે પધાર્યા. તળાવની ભૂમિકા જોઈને ત્યાં ઉતારો ઠેરાવીને પાછા **જેતલપુર** પધાર્યા ને આસોપાલવ સન્મુખ મહોલમાં ગોખને વિશે વિરાજમાન થયા ને સર્વ સંત તથા હરિભક્તે શ્રીજીનાં દર્શન કર્યાં.

પછી શ્રીજીમહારાજ દ્વાદશીને દિવસ ગામ **અશ્લાલી** આવ્યા. ને સર્વ સંત સહિત પટેલ વેણીભાઈને ઘરે થાળ જમીને તળાવની પાળે આંબલીઓ તળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સંત શ્રીજીને સન્મુખ ચોકમાં બેઠા. વેણીભાઈએ શ્રીજીની પૂજા કરી. પછી ત્યાંથી સર્વ સંઘ સહિત ચાલ્યા, તે મધ્યાન સમે **કાંકરિયે તળાવ** પધાર્યા. ને તળાવની દક્ષણાદિ દિશે આંબલીઓમાં દેરા તણાવીને શ્રીજી તે તંબુને વિષે વિરાજમાન થયા. અને તે દેરાથી ઉગમણી કોરે સર્વે સાધુ ઊતર્યા ને શ્રીજીના તંબુને ચારેકોર આંબલીઓમાં સંઘ ઊતર્યો.

પછી શ્રીજીએ મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, “શાહુકાર લોકને ઉતારો વચમાં આપવો ને જે શસ્ત્રધારી લોક હોય તેને છેવાડો ઉતારો દેવો.” પછી મહાનુભાવાનંદસ્વામી તે જ પ્રકારે કરતા હતા. ને દેશદેશથી હજારો હજાર સંઘ તે ઉત્સવ ઉપર આવીને કાંકરિયા તળાવને ચારેકોર ઊતર્યા.

પછી બીજે દિવસ પ્રાતઃકાળે ઊંચા મંચ ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત તથા દેશદેશના હરિભક્ત શ્રીજીની આગળ સભા ભરાઈને બેઠા. તે સમે શહેરમાંથી દુલાપસાહેબ તથા એરણસાહેબ આવીને ટોપીઓ ઉતારીને શ્રીજીને પગે લાગ્યા. અને દર્શન કરીને બહુ ખુશ થયા ને બોલ્યા જે, "હે સ્વામિનારાયણ ! તમે પાદશાવાડીમાં કેમ ઊતર્યા નહીં ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હજારો મનુષ્ય ભેળાં થાય, તે કોઈક સરકારના બાગમાં ફળ-પુષ્પ તોડે તે સરકારના બાગમાં નુકશાન થાય, માટે ન ઊતર્યા."

પછી તે સાહેબ શહેરમાં ગયા ને પાછલો પહોર દિન રહ્યો ત્યારે ફેર શ્રીજીને દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને કહ્યું જે, "હે મહારાજ ! તમે અમારે બંગલે પધારો." પછી પોતે બંગલે પધાર્યા. તે સાહેબ હાથમાં ટોપી લઈને શ્રીજીને સામા આવ્યા ને ખુરસી ઉપર બેસારીને સારી પેઠે સન્માન કર્યું. પછી પાછા શ્રીજી મુકામમાં પધાર્યા.

પછી ભક્તજને શિવરાત્રીને દિવસ સર્વે સંતને કેળાં ને દૂધપેંડાનું ફળાહાર કરાવ્યું. પછી તે દિન શ્રીજીમહારાજ ચાર વેદના ભણેલ બ્રાહ્મણને વરુણીમાં વરાવતા હવા ને તે બ્રાહ્મણ મંદિર આગળ વેદિકા મંડપમાં બેસીને હોમ કરતા હવા.

✵ અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી :

પછી ત્રીજને દિવસ પ્રાતઃકાળે દિવસ ઊગ્યા પહેલા મંદિરના દરવાજાના મેડા ઉપર વિરાજમાન થયા. પછી **સંવત્ ૧૮૭૮ ફાગણ સુદી ત્રીજને દિવસે રવિવારે દોઢ પહોર દિવસ ચડ્યે શ્રીનરનારાયણને મળીને વિધિ સહિત પોતે પધરાવ્યા.** પછી શ્રીજીએ પોતે આરતી ઉતારી ને બે ઘડી પર્યંત એકાગ્ર દૃષ્ટિએ કરીને નરનારાયણ દેવને જોઈ રહ્યા. પછી શ્રીજી અતિ પ્રેમે કરીને મળીને બોલ્યા જે, "અમે સદા આ

મૂર્તિઓને વિશે રહેશું ને આમાં રહ્યા થકા ભક્તજનના મનોરથ પૂર્ણ કરશું. ને નરનારાયણ દેવનો દિન દિન અધિક પ્રતાપ વધશે." એમ કહીને સંતને પગે લગાડ્યા ને પોતે ત્યાં બેસીને થાળ જમ્યા. એ પ્રકારે અતિ આદરે કરીને શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. પછી સર્વ સંત સહિત બેચર મણકીની હવેલીએ પધાર્યા ને ત્યાં સાધુને જમાડીને પાછા મંદિરમાં આવીને દરવાજાને મેડે વિરાજમાન થયા.

✹ અમદાવાદમાં એક દિવસમાં ચોરાસી કરી :

પછી સાંજને સમે લીંબડા તળે સભા કરીને વિરાજમાન થયા ને વરુણીમાં વર્યા હતા, તે સર્વ બ્રાહ્મણને બહુ પ્રકારની દક્ષિણાઓ આપી. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ સંતને પૂછ્યું જે, "બ્રાહ્મણની ચોરાસી કરશું ?" પછી તેમણે કહ્યું જે, "હે મહારાજ! હમણાં તત્કાળ ચોરાસી નહિ થાય, માટે ફેર જ્યારે પધારો ત્યારે કરજો." પછી શ્રીજી બોલ્યા જે, "એક દિવસે કરવી છે." એમ કહીને પછી સંત સહિત કાંકરિયે મુકામમાં પધાર્યા. ત્યાં મંચ ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત શ્રીજીમહારાજને સન્મુખ બેઠા.

તે સમે દેશદેશના સર્વ હરિભક્ત શ્રીજીની નાના પ્રકારનાં વસ્ત્ર, ઘરેણાં, રૂપિયા આદિ દ્રવ્યે કરીને સેવા કરતા હવા. પછી પ્રાતઃકાળમાં શ્રીનરનારાયણના મંદિરમાં આવીને ચોરાસી નાતના પટેલિયા બ્રાહ્મણને તેડાવીને કહ્યું જે, "અમારે ચોરાસી કરવી છે, કેમ તમે જમશો ?" પછી તે બ્રાહ્મણે કહ્યું જે, "હે મહારાજ ! અમદાવાદની ચોરાસી તો બહુ દિવસથી સામાન ભેળો કર્યો હોય ત્યારે થાય ને તમે તો કાંઈ સામગ્રી ભેળી કરી નથી. માટે કયા પ્રકારે ચોરાસી કરશો ?" પછી શ્રીજી બોલ્યા જે, "તમે જમવાની પ્રથમ હા પાડો. અમારે સામાન ભેળો કર્યાની સામર્થી છે તો કહીએ છીએ." પછી બ્રાહ્મણે કહ્યું જે, "બહુ સારું મહારાજ, શા સારુ નહિ જમીએ ?"

એ પ્રકારે જમ્યાનું નક્કી કરીને એક કાળે ઘી, સાકર, લોટ, દાળ, ચોખા આદિ સર્વે સામગ્રીઓ કાંકરિયે તળાવ પહોંચાડી. પછી પોતે ત્યાં પધાર્યા ને રસોઈયા બ્રાહ્મણને બોલાવીને તે રસોઈયાને પ્રથમ જમાડ્યા. પછી સર્વેને સીધાં અપાવીને તેમને ચોકે ચોકે કાંઈ બગાડ ન થાય તેને અર્થે સાધુને મેલ્યા.

પછી તેવામાં એક જાતિના બ્રાહ્મણ સીધાનું ગાડું લઈને શહેરમાં ચાલ્યા. તેને નિષ્કુળાનંદસ્વામીએ પાછા વાળવા માંડ્યા, તે ન વળ્યા ને તેમને બટકું લીધું. તે સમે દશ-બાર અસવાર સહિત તત્કાળ ત્યાં શ્રીજી પ્રગટ થયા ને સાધુની રક્ષા કરી. અને તે ગાડાં સહિત બ્રાહ્મણને પાછા વાળીને સર્વે સમૂહ ભેળી રસોઈ કરાવી. ને પોતે તો ત્યારે મંચ ઉપર વિરાજતા હતા, પણ એ પ્રકારે પ્રગટ થઈને રક્ષા કરી.

પછી સર્વ બ્રાહ્મણ પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દિવસ છતાં જમી લ્યો, રાત્રીભોજન શાસ્ત્રમાં નિષેધ છે. તે સારુ નિર્વિઘ્ન દિવસમાં જમો." એ પ્રકારે શ્રીજીનું વચન તેને બ્રાહ્મણે માથે ચડાવ્યું ને તત્કાળ પંક્તિઓ થઈ ને નરનારાયણ દેવની જય બોલીને જમવા લાગ્યા. પછી શ્રીજીમહારાજે ઘોડે અસવાર થઈને, સર્વ અસવારે વીંટાણા થકા સર્વે બ્રાહ્મણને બે વાર પ્રદક્ષિણા કરી. અને કરોડો મનુષ્યને દર્શન આપીને પાછા મંચ ઉપર વિરાજમાન થઈને બોલ્યા જે, "આવી મનુષ્યની ભીડ તો કોઈ ઉત્સવમાં થઈ નથી. આ તો બહુ મનુષ્યની ભીડ છે !" એમ કહ્યું.

✹ શ્રીનગરથી વિચરણ કરતા ગઢડે આવી હુતાશણી કરી :

પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ મોટેરા સંતને કહ્યું જે, "તમારે સંઘ સહિત કોઈને અમારા ભેળું ચાલવું નહીં. ચોરાસીનો વધેલ

સામાન શહેરમાં પહોંચાડીને તે પછી વેરાવું-જુદા થવું." એ પ્રકારે આજ્ઞા કરીને પોતે 'જય સચ્ચિદાનંદ' કહીને ઘોડે અસવાર થઈને સર્વ અસવારે વીંટાણા થકા શીઘ્ર ગતિએ ગામ **જેતલપુર** જઈને મંદિરમાં પોઢ્યા.

અને ત્યાંથી પ્રાતઃકાળે અસવાર થઈને ચાલ્યા, તે **ધોળકે** મંદિરમાં વિરાજમાન થયા. ત્યાંથી **ગણેશ ધોળકે** દોઢ પહોર દિવસ ચડ્યે પધાર્યા. ને ત્યાં ગણપતિના મંદિરમાં જઈને પોઢ્યા. પછી ચાર ઘડી દિવસ રહ્યો ત્યારે રાયણુંમાં આવીને વિરાજમાન થયા ને ત્યાં દહીંભાત જમ્યા. ત્યાં બે રાત્રી રહીને ગામ **બળોલ** પધાર્યા ને ત્યાંથી **હડાળે** થઈને **ગઢડે** જઈને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં હુતાશણીનો ઉત્સવ કર્યો.

✹ ગઢપુરમાં વાસુદેવ નારાયણની પ્રતિષ્ઠા કરી :

પછી એક સમયમાં સારુ મુહૂર્ત જોવરાવીને, તે પછી વેદના ભણેલા સારા બ્રાહ્મણને બોલાવીને ઓતરાદા બારના ઓરડાને વિષે વાસુદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. અને તે ઉત્સવ ઉપર સર્વે સંતને તેડાવ્યા. અને બ્રાહ્મણની ચોરાશી કરાવી ને ભણેલા બ્રાહ્મણોને ઘણીક દાન-દક્ષિણા દીધી. અને મોતૈયા ને જલેબી આદિક પકવાનની રસોઈઓ કરાવીને પોતે પીરસીને સંતને જમાડ્યા.

અને તે ઉત્સવ ઉપર અમદાવાદથી દામોદર, માણેકશાહ, લખો, હીરો તથા અશ્લાલીવાળા વેણીભાઈ આવ્યા હતા. તેમણે શ્રીજીમહારાજની પૂજા કરીને કેડમાં રૂપાનો કંદોરો પહેરાવ્યો ને હાથને વિશે સોનાનાં કડાં પહેરાવ્યાં ને કાનને વિશે મોતીએ જુક્ત ચોકડાં પહેરાવ્યાં ને આરતી ઉતારીને સાષ્ટાંગ દંડવત કર્યા. અને તેમના માથે શ્રીજીમહારાજે પોતાનાં હસ્તકમળ મેલ્યાં ને તેમનો થાળ હતો, તે પોતે જમીને એમને પ્રસાદી આપી.

અને ત્યાંથી પાંચ દિવસ કેડે **સાળંગપુર** પધાર્યા ને જીવા ખાચરના ઓરડામાં ઊતર્યા. મહારાજ ભેળા અમદાવાદના હરિભક્ત પણ આવ્યા. પછી તેમણે મહારાજ સારુ થાળ કરાવ્યો. ત્યારે મહારાજના એકાંતિક ભક્ત હતા, તેમણે થાળ કરીને આગળ મૂક્યો. ત્યારે પોતે રમૂજ કરતા જાય ને જમતા જાય. એમ પોતાના એકાંતિક ભક્તને આનંદ પમાડીને, ત્યાં સાત દિવસ રહીને પાછા **ગઢડે** પધાર્યા.

॥ ઈતિ ૭૮ અઠ્યોતેરની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૭૯ ની લીલા

✹ ગઢડામાં સંતોભક્તોએ ચાતુર્માસના નિયમ લીધા :

પછી ચાતુર્માસુ આવ્યું ત્યારે પોતે ઘોડીએ ચડીને સંતમંડળ તથા પોતાના પાર્ષદે સહિત ઘેલા નદીમાં સ્નાન કરવા પધારે. તેમાં કોઈ દિવસ ખળખળિયે, કોઈ દિવસ નારાયણ હ્રદે ને ખીજડાને આરે તથા ઉગમણે ખળખળિયે, એમ નોખા નોખા નાવા પધારે.

એવામાં નિયમની એકાદશી આવી, ત્યારે સંતે ધારણાં-પારણાં, ચાંદ્રાયણ, આસન જીતવું તથા લાંબા પગ કરીને સૂવું નહીં ને ખાતી વખતે જ પાણી પીવું પણ બીજી વાર ન પીવું; એવા નોખા નોખા નિયમ રાખ્યા. અને બાઈઓએ પળી પાણી પીવું, પાશેર અન્ન ખાવું, મટકું મારવું નહીં ને માંખ, મગતરું(મચ્છર) ઉડાડવું નહીં; એવા નોખા નોખા નિયમ રાખ્યા. અને દાદા ખાચરે નિયમવાળા સંત તથા વૃદ્ધ એમને જમાડવાનુ નિયમ રાખ્યું.

✹ ગઢડામાં જન્માષ્ટમી તથા મકાઈ-ડોડાનો ઉત્સવ કર્યો :

એમ કરતાં જન્માષ્ટમીનો સમૈયો આવ્યો. ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર તથા ઘરેણાં પહેરીને સર્વે સંત તથા હરિભક્તને દર્શન દીધાં ને ઘોડીએ ચડીને સર્વેને દર્શન થાય તે સારુ પોતે વાવે પધાર્યા ને ગાજતેવાજતે ગામમાં પધાર્યા. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિ ગવૈયા સાધુ દુકડ, સરોદા, સતાર વજાડીને કીર્તન ગાતા હવા. તેમાં એ કીર્તન આવ્યું જે,

ઈન મોહનાને મેરો મન હર લીનો મા.૦

તેવામાં એક હરિભક્તે મહારાજની આગળ મકાઈ-ડોડા મેલ્યા. ત્યારે પોતે બે હાથમાં બે મકાઈ લઈને ફેરવવા માંડ્યા, ને એમ બોલ્યા જે, 'ઈન મોહનાને મેરો મન હરિ લિનો.' એમ કહીને હસતા થકા

ગવૈયા તથા મોટા સાધુ હતા તેમને એકુકો મકાઈ-ડોડો આપ્યો. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "બાપને તો સર્વે છોકરાં સરખાં હોય." ત્યારે પોતે હસીને સુરા ખાચર, સોમલા ખાચર તથા દાદા ખાચર એ આદિક પોતાના પાર્ષદને એકુકો મકાઈ-ડોડો આપ્યો. પછી આરતી-ધૂન કરીને કથા કરાવી. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા.

✹ સંતો અને બાઈઓના ત્યાગની પ્રશંસા કરી :

પછી પારણાને દિવસ સવારમાં ઊઠીને ઓસરીએ વિરાજમાન થયા. ત્યાર કેડે સાધુને જમવા સારુ રસોઈ તૈયાર થઈ. પછી ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને જમવા પધાર્યા. પછી જમીને સંત પ્રત્યે બોલ્યા જે, "આજથી નિયમની સમાપ્તિ કરો ને પ્રસાદી જમો. તમારા જેવો કોઈએ ત્યાગ રાખ્યો નથી ને કોઈ રાખશે પણ નહીં; તમે તો ત્યાગનો અંત લીધો." પછી સંતે કહ્યું જે, **"અમારે તો તમને રાજી કરવા છે, તે વાસ્તે તમારી મરજી હોય તેમ કરીએ."**

પછી જેમ સંતના ત્યાગનાં વખાણ કર્યાં, તેમ જ બાઈઓના ત્યાગનાં વખાણ કરીને તેમના વ્રતની પણ સમાપ્તિ કરાવી. અને પોતે સંતને સારી પેઠે પીરસીને જમાડ્યા. ત્યાર કેડે પોતાના ઉતારામાં પધાર્યા. પછી સાંજને સમે મોટી સભા કરાવી. તે કેડે સાધુ તથા સર્વે હરિભક્તે શ્રીજીમહારાજની પૂજા કરી. પછી સંત પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં. એવી રીતે લીલા કરતે સતે અષ્ટમીનો સમૈયો પૂરો થયો.

✹ દશેરાએ રૂડાં વસ્ત્રાલંકાર પહેરી ઘોડી ફેરવતા દર્શન આપ્યાં :

ત્યાર કેડે દશેરાનો સમૈયો આવ્યો. તે ઉપર આસપાસનાં ગામોમાંથી સંતને તેડાવ્યા. પછી દશેરાનો દિવસ આવ્યો ત્યારે પોતે ઓસરીમાં આવીને વિરાજમાન થયા. પછી સોમલા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! આજ તો ઉત્સવનો દિવસ છે, વાસ્તે વસ્ત્ર-ઘરેણાં પહેરો તો સારું."

ત્યાર કેડે મોટીબાએ દાદા ખાચરને કહ્યું જે, "આ વસ્ત્ર-ઘરેણાં તમે મહારાજને પહેરાવો." ત્યારે દાદા ખાચરે મહારાજને કિનખાપનો સુરવાલ તથા ડગલી પહેરાવ્યાં ને માથે ભારે રેંટો બંધાવ્યો ને કેડે સોનેરી પટકો બંધાવ્યો. પછી સોનાનાં કડાં ને સાંકળાં પહેરાવ્યાં ને પગને વિષે સોનાનો તોડો પહેરાવ્યો.

પછી પોતાનો પાર્ષદ માણકી ઘોડી શણગારીને લાવ્યો, તે ઉપર પોતે અસવાર થયા. પછી અસવારીએ સહિત ગામથી બહાર પધાર્યા. પછી બોટાદને માર્ગે ઘોડાં ફેરવ્યાં. પછી દાદા ખાચરના દરબારમાં પધાર્યા. પછી સંતે મહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી અને હરિભક્તે વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. એવી રીતે દશેરાનો સમૈયો કર્યો.

✺ ગઢપુરમાં દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ કર્યો :

પછી દિવાળીનો સમૈયો આવ્યો, ત્યારે સર્વે સંતને બોલાવ્યા. પછી દિવાળીને દિવસ ભારે દીપમાળા કરાવી અને તેમાં પોતે વિરાજમાન થયા. પછી અન્નકૂટનો દિવસ આવ્યો, ત્યારે સર્વે સાધુ તથા પોતાના પાર્ષદ તેમને મહારાજ મળ્યા. પછી વાસુદેવ નારાયણ આગળ અન્નકૂટ પુરાવ્યો ને આરતી થઈ ત્યારે પોતે ત્યાં પધાર્યા. ત્યાર કેડે અન્નકૂટને વિશે નોખી નોખી ધરી એવી જે સામગ્રીઓ તેને જોઈને પોતે હસ્યા ને બોલ્યા જે, "બહુ સારો અન્નકૂટ પૂર્યો છે."

પછી બ્રહ્મચારી બોલ્યા જે, "તમારે જમવાનો થાળ તૈયાર થયો." ત્યારે મહારાજે કહ્યું જે, "આંહીં લાવો." ત્યારે બ્રહ્મચારી ત્યાં થાળ લાવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "ઠાકરને નૈવેદ્ય થાય ત્યાર કેડે અમે જમીએ." ત્યારે બ્રહ્મચારીએ નૈવેદ્ય કરીને ઘંટાનો નાદ કર્યો. ત્યારે પોતે જમવા માંડ્યા, તે જેટલી પ્રકારની અન્નકૂટમાં સામગ્રી હતી, તેટલી સામગ્રી મહારાજના થાળમાં પૂરી હતી, તેને પોતે જમવા માંડ્યા. પછી ચળુ કરીને પાનબીડીનો મુખવાસ લીધો.

પછી સંતની પંક્તિ થઈ ત્યારે પોતે પીરસવા પધાર્યા ને જલેબી, મોતૈયા લાડુ, સાટા એનાં નામ લઈને પોતે વારંવાર પંગતમાં પીરસતા હવા. પછી હાથ ધોઈ પોઢવા પધાર્યા. પછી સાંજને સમે ગવૈયા પાસે સરોદા-દુકડ લઈને કીર્તન ગવરાવ્યાં. પછી પોતાના ઉતારાને વિશે પધાર્યા. એવી રીતે અન્નકૂટનો સમૈયો કર્યો.

✵ ગઢપુરમાં વસંતપંચમીને દિવસે રંગે રમ્યા :

ત્યાર પછી ઉત્તરાયણનો દિવસ આવ્યો. ત્યારે પોતે તલ મંગાવીને સંતને આપ્યા, બ્રાહ્મણને ચોરાસી કરીને જમાડ્યા ને સાધુને ખાંડના લાડુ તથા બિરંજ કરાવીને જમાડ્યા. ત્યાર કેડે વસંતપંચમીનો ઉત્સવ આવ્યો. તે ઉપર મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકમુની, સ્વયંપ્રકાશાનંદસ્વામી, વૃદ્ધ આત્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી એ આદિક સર્વે સંતમંડળ આવ્યાં. તેમને શ્રીજીમહારાજ ઊભા થઈને મળ્યા ને દેશાંતરના હરિભક્તના સમાચાર પૂછ્યા.

ત્યારે મોટા આત્માનંદસ્વામી બોલ્યા જે, "લોક એમ કહે છે જે, તમારામાં પ્રકરણ બહુ ફરે છે." ત્યારે મહારાજે કહ્યું જે, **"સમર્થ પુરુષ હોય તે પ્રકરણ ફેરવે, પણ અસમર્થથી ફરે નહીં."** એમ કહીને પોતે જમવા સારુ પધાર્યા. પછી પોતે જમતા જાય ને થાળની પ્રસાદી સર્વેને આપતા જાય. એવી રીતે સંતને ત્રપ્ત કર્યા.

પછી વસંતને દિવસ પોતે ઓસરી ઉપર આવીને વિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સર્વે સંતને ગુલાલના ગોટા માર્યા. તેણે કરીને સંતનાં મુખ રંગાઈ જાય ત્યારે પોતે હસે. પછી રંગ મંગાવીને સંત તથા સર્વે હરિભક્ત ઉપર તાંસળીઓ ભરીને નાંખવા માંડ્યા.

ત્યાર કેડે શ્રીજીમહારાજની ઉપર નિત્યાનંદસ્વામીએ રંગનો ઘડો રેડ્યો. અને બ્રહ્માનંદસ્વામીએ મહારાજને માથે ગુલાલ નાંખ્યો. પછી શ્રીજીમહારાજ બેયને માથે હાથ મેલીને ગુલાલ વતે તેમનાં મુખ રંગવા માંડ્યા. પછી સર્વે સંત હસ્યા. પછી ગાજતેવાજતે પોતે નાવા પધાર્યા. પછી નાહીને નવાં વસ્ત્ર ધારણ કરીને ઘોડે અસવાર થઈને દરબારમાં પધાર્યા. પછી પોતે જમીને સંતને જમાડ્યા. એવી રીતે વસંતપંચમીનો સમૈયો કર્યો.

❋ ગઢપુરમાં હુતાશણીનો સમૈયો કર્યો :

ત્યાર કેડે હુતાશનીનો સમૈયો આવ્યો, ત્યારે દેશાંતરથી સંત તથા હરિભક્ત આવ્યા. તે હરિભક્તને પ્રથક પ્રથક ઉતારા કરાવ્યા, ને તે હરિભક્તોને મહારાજે પૂછ્યું જે, “તમારા દેશમાં અમારા તરફની શી શી વાર્તા થાય છે ?”

ત્યારે હરિભક્ત બોલ્યા જે, “અમારા દેશમાં સારા સારા માણસ છે, તે એમ બોલે છે જે, ‘આ સમામાં સ્વામિનારાયણે સારો મારગ ચલાવ્યો છે. સાધુને અષ્ટ પ્રકારે કરીને સ્ત્રીનો ત્યાગ કરાવે છે ને સર્વ પ્રકારે ધનનો ત્યાગ કરાવે છે. અને વિધવા સ્ત્રીઓને પુરુષને અડવાનો ત્યાગ કરાવે છે, ને આપણા ગુરુ તો વિધવા સ્ત્રીઓને અડે છે ને તેનો સંગ પણ કરે છે.’ એમ માંહોમાહે વાત કરે છે.” એ વાત સાંભળીને પોતે હસ્યા. પછી પોતે જમીને સંતને જમાડ્યા.

પછી હુતાશનીનો દિવસ આવ્યો ત્યારે સવારના પહોરમાં પોતે ઓસરી ઉપર આવીને વિરાજમાન થયા. ત્યાર કેડે શુકાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિક સંત સર્વે ઝાંઝ-મૃદંગ લઈને હોરીનાં કીર્તન ગાવા લાગ્યા. પછી દાદા ખાચરે કહ્યું જે, “હે મહારાજ ! રંગ તૈયાર થયો છે.” પછી પોતે કેડે રૂમાલ બાંધીને સર્વે સંત તથા

હરિભક્તને માથે રંગ નાખ્યો ને પોસો ભરીને ગુલાલ નાખ્યો. અને સંતમંડળે પણ શ્રીજીમહારાજને માથે રંગ ને ગુલાલ સારી પેઠે નાંખ્યો.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “બહુ વાર સુધી રમ્યા, વાસ્તે ચાલો નાવા જઈએ.” એમ કહીને પોતે ઘોડીએ અસવાર થયા ને સંત તથા હરિભક્ત સર્વે કીર્તન ગાતા થકા મહારાજ ભેળા નાવા ગયા. ઘેલા નદીમાં જઈને પોતે જળક્રીડા કરી અને સાધુ તથા હરિભક્ત મહારાજનો પ્રસાદ જાણીને તે પાણીને પીતા હતા. અને ઘેલા નદીમાં બહુ માણસની ભીડ થઈ તેને જોઈને દેવતા કહે જે, “અમારે આવો અલૌકિક લાભ ના આવ્યો !” એમ દેવ પરિતાપ કરીને મનુષ્યપણાને માગતા હતા.

પછી સહુને આનંદ પમાડીને કોરાં વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થઈને દરબારમાં પધાર્યા ને પોતે જમીને સંતને જમાડ્યા. એવી રીતે હુતાશનીનો સમૈયો કર્યો. પછી સંતને આસપાસના ગામમાં ફરવાની આજ્ઞા કરી ને પોતે તો ત્યાં રહ્યા.

✹ ગઢડે અસુર ઉપદ્રવથી સારંગપુરમાં જન્માષ્ટમી ઉત્સવ કર્યો :

ત્યાર કેડે ગુજરાત દેશમાંથી સાધુ તથા હરિભક્ત લાવ્યા જે કેરીઓ તેને પોતે જમતા ને પોતાના સંત તથા પાર્ષદને પ્રસાદી આપતા. એમ કરતાં ચોમાસું આવ્યું. તેમાં અષ્ટમીનો સમૈયો ઢૂંકડો આવ્યો, ત્યારે અસુર જને ઉપદ્રવ કર્યો. ત્યારે પોતે સંતમંડળે સહિત **સારંગપુર** પધાર્યા. ત્યાં જમીને સંતને જમાડ્યા.

પછી અષ્ટમીનો દિવસ આવ્યો, ત્યારે પોતે ગામથી બહાર પધાર્યા ને ગાડા ઉપર ઢોલિયાને વિષે વિરાજમાન થયા. સંત તથા હરિભક્તને દર્શન દઈને ગામમાં પધાર્યા. ને સંત પાસે માંહોમાંહી પ્રશ્નઉત્તર કરાવ્યા. પછી પોતે દોઢ માસ રહીને **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

✺ કફની પહેરી પરમહંસ થયેલ મહારાજની દિવ્ય લીલા :

પછી તે વર્ષમાં એક દિવસ પોતે ઉદાસ થઈને બોલ્યા જે, "અમે તો બદરિકાશ્રમમાં જઈશું." ત્યારે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી એ સર્વે શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, "તમે શા ઉપાયે રહો ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમને પરમહંસ કરો તો રહીએ, ને અમારી પાસે કોઈ બાઈ આવે નહિ ને અમારે અર્થે કોઈ થાળ કરે નહીં તો અમે રહીએ."

ત્યારે સંતે કહ્યું જે, "બહુ સારું, તમે પરમહંસ થાઓ." ત્યારે પોતે માથાનો ફેંટો હતો તેને ફાડીને લપેટાની(રેશમી વસ્ત્રની) કોપીન વાળી, ને પછેડી ફાડીને કફની કરી અને તે ઉપર રૂમાલ બાંધ્યો. પછી બ્રહ્મચારીને કહ્યું જે, "આંહીંથી ધાતુપાત્ર હોય તે લઈ જાઓ." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "તમારે ધાતુપાત્ર કેદી છે ? આ તો મારો કળસિયો છે." એમ કહીને ઉપાડી લીધો.

પછી મહારાજે કહ્યું જે, "તુંબડી હોય તો લાવો." ત્યારે નિર્માનાનંદસ્વામીએ મહારાજને તુંબડી આપી. ત્યારે પોતે રાજી થયા ને બોલ્યા જે, "આ તુંબડી તો રજોગુણી છે." ત્યારે નિષ્કુળાનંદસ્વામી વાંકી ને રંગ્યા વિનાની તુંબડી લાવ્યા. ત્યારે હસીને મહારાજ બોલ્યા જે, "આ તો લઘુશંકા કરીને હાથ ધોયા જેવી છે." એમ કહીને ચોકડી ઉપર મેલાવી ને પ્રથમની તુંબડી હતી, તે પાણી પીવા રાખી.

પછી નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "કથા કરો." ત્યારે દત્તાત્રેયના આખ્યાનની કથા કરી. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "તમારો દત્તાત્રેયના જેવો સ્વભાવ છે." ત્યારે પોતે બોલ્યા છે જે, "અમારે દત્તાત્રેય ઉપર ઘણું હેત છે." એમ કરતાં મધ્યાહ્ન સમય થયો. ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે ભિક્ષા માગવાનો સમય થયો." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "તમે દરબારમાં ભિક્ષા માગો."

ત્યારે પોતે ઝોળી લઈને વાસુદેવ નારાયણના મંદિર આગળ આવીને 'નારાયણ હરે...સચ્ચિદાનંદ પ્રભો..!' એવો શબ્દ કર્યો. પછી પોતાના રસોઈયા હતા તેમણે પૂરી, બિરંજ આદિક ભિક્ષા ઝોળીમાં નાખી. ત્યારે પોતે બોલ્યા જે, "અમે ના પાડી હતી ને કેમ આવી સારી રસોઈ કરી ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "એ રસોઈ તમારા સારુ નથી કરી. એ તો ઠાકોરજી સારુ કરી હતી, તે તમે ભિક્ષા માગવા આવ્યા ત્યારે તમારી ઝોળીમાં નાખી."

તેવામાં મહારાજની નવી લીલા જોવા સારુ સર્વે હરિભક્ત આવ્યા. તે સમયમાં વાયરે કરીને કફની ઊંચી ચડી ગઈ. તેને જોઈને સર્વે હસ્યા ને તે મૂર્તિને અંતરમાં ધારીને ચિંતવન કરતા હતા. અને મહારાજ પોતાના ઉતારામાં ભિક્ષા માગી લાવ્યા હતા તેને પોતે જમ્યા. ને અન્ન વધ્યું ત્યારે મહારાજ બોલ્યા જે, "આનું કેમ કરવું ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "પરમહંસનો પ્રસાદ તો પરમહંસને ખપે." પછી મહારાજે કહ્યું જે, "તમે લઈ જાઓ." એમ કહીને પોતે પોઢ્યા.

પછી ત્રીજો પહોર થયો ત્યારે કથાનો આરંભ કરાવ્યો. તેમાં **'આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવી'** એવી વાર્તા આવી. તેને પોતે વિસ્તારે કરીને કહી. એમ કરતાં સાંજનો સમય થયો. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજને જમવાનો સમય થયો." ત્યારે મહારાજ બોલ્યા જે, "પરમહંસને બીજી વખત ભિક્ષા માગવા કેમ જવાય?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "દત્તાત્રેય જેવા જે પરમહંસ તે તો અણઇચ્છાએ જમવાનું આવે તેને જમતા. વાસ્તે તમને કોઈ માગ્યા વિનાનું આપે તો જમો."

પછી બ્રહ્મચારી મહારાજ સારુ જમવાનું લાવ્યા તેને પોતે જમ્યા. પછી આરતી-ધૂન થયા કેડે પોતે પોઢ્યા. પછી મચ્છરિયાં આવીને કાનમાં ગણગણાટ કરવા માંડ્યાં. ત્યારે પોતે બોલ્યા જે, "આ તો મચ્છરિયાં

બહુ કનડે છે.” ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, “ફેંટો બાંધો તો મચ્છરિયાં કાનમાં ન પેસે.” ત્યારે પોતે ફેંટો બાંધ્યો.

પછી સવારનો પહોર થયો ત્યારે પરમહંસ ભેળા પોતે નાવા પધાર્યા. પછી ખળખળિયામાં જઈને કફની તથા ફેંટે સહિત નાવા બેઠા. પછી કફની તથા ફેંટો તણાતો મેલ્યો, તેને પોતાના પાર્ષદે લઈ લીધો. પછી મહારાજે કહ્યું જે, “હવે અમારે કેમ કરવું ?” ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “પરમહંસને બાઈમાણસને દેખતાં કોપીનભર ન થાવું.” પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “હમણાં તમે ખેસ પહેરો ને ઉતારા ઉપર જઈને કફની પહેરજો.” ત્યારે પોતે ખેસ પહેર્યો. પછી પરમહંસે સહિત દરબારમાં પધાર્યા.

ત્યાર કેડે જીવા ખાચર મહારાજ પાસે આવીને રોવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, “તમે શા સારુ રુવો છો ?” ત્યારે જીવા ખાચર બોલ્યા જે, “તમે પરમહંસ થયા ત્યારે મારાથી ઘરમાં કેમ રહેવાશે ?” ત્યારે મહારાજે કહ્યું જે, “શા સારુ દિલગીર થાઓ છો ? તમે રાજી થાઓ તેમ કરીએ.” ત્યારે તેમણે કહ્યું જે, “ડભાણના યજ્ઞમાં જેવાં વસ્ત્ર ને ઘરેણાં પહેર્યાં હતાં, તેવાં પહેરો તો હું બહુ રાજી થાઉં.” ત્યારે મહારાજે તેવાં વસ્ત્ર ને ઘરેણાં પહેર્યાં. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “આવાં દર્શન સર્વને દ્યો તો બહુ સારું.” પછી બહાર સભામાં પધારીને સર્વને દર્શન દીધાં ને સર્વે હરિજનને આનંદ ઉપજાવતા હવા.

✹ પ્રેમાનંદસ્વામીએ પાંચભાષાનું કીર્તન કર્યું :

પછી એ જ વર્ષમાં એક વખત પ્રેમાનંદસ્વામી પંચભાષાનું કીર્તન ગાતા હતા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “હમણાં માંડ ઉપાધિ સમી છે ને તમે આવું કીર્તન કેમ ગાઓ છો ?” ત્યારે પ્રેમાનંદસ્વામીએ ગાવું બંધ રાખ્યું. ત્યારે નાજે જોગિયે જઈને મહારાજને કહ્યું જે, “કોઈ કવિ અમને લેખામાં લાવ્યા નહીં. આજ પ્રેમાનંદસ્વામી (પંચભાષાનું કીર્તન

બનાવ્યું, તેમાં અમારી કાઠીની ભાષા વાપરીને) અમને લેખામાં લાવ્યા (અમારી ગણના કરી)." ત્યારે મહારાજે કહ્યું જે, "પ્રેમાનંદસ્વામીને બોલાવો." ત્યારે નાજા જોગિયા પ્રેમાનંદસ્વામીને બોલાવી લાવ્યા.

પછી મહારાજે કહ્યું જે, "પંચભાષાનું કીર્તન ગાઓ." ત્યારે પ્રેમાનંદસ્વામીએ કહ્યું જે, "મને તો બ્રહ્માનંદસ્વામીએ ના પાડી છે, તે હું નહિ ગાઉં." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાંઈ ફિકર રાખશો નહીં, સુખેથી ગાઓ." એમ કહીને મહારાજે સતાર મંગાવ્યો ને પ્રેમાનંદસ્વામીને આપ્યો. ત્યારે સતાર લઈને કીર્તન ગાવા માંડ્યા.

ત્યારે મહારાજને ખભે રેંટો હતો, તે ઉતારીને પ્રેમાનંદસ્વામીને આપ્યો. ને એમ કહ્યું જે, "આ રેંટો ઓઢીને કીર્તન ગાતા થકા બ્રહ્માનંદસ્વામી પાસે જાઓ." ત્યારે કીર્તન ગાતાં ગાતાં બ્રહ્માનંદસ્વામી પાસે ગયા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ઓય પ્રેમસખી ! આવી મોજ ક્યાંથી લઈ આવ્યા ?" ત્યારે કહ્યું જે, "મને મહારાજે રેંટો આલ્યો." તે સાંભળીને સર્વે સંત રાજી થયા.

❋ કારિયાણીમાં દશેરા ઉત્સવ :

પછી ત્યાંથી ગામ **કારિયાણી** પધાર્યા ને વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. પછી દશેરાનો દિવસ આવ્યો, ત્યારે શ્રીજીમહારાજ ભારે વસ્ત્ર તથા ઘરેણાં પહેરીને ઘોડીએ અસવાર થઈને કાઠીઓના અસવારે સહિત ગામથી બહાર નીસર્યા ને તળાવને ચારે કોરે ઘોડાં ફેરવ્યાં. પછી ગાજતેવાજતે ગામમાં પધાર્યા ને સર્વે હરિભક્તને મનવાંછિત સુખ આપતા હવા.

પછી મહારાજે કહ્યું જે, "સર્વે સંત ફરવા જાઓ." ત્યારે વસ્તા ખાચરે મહારાજને કહ્યું જે, "બાજરો, ઘઉં તથા ડાંગર એ આદિક અન્ન ઘણું છે. વાસ્તે દિવાળીના સમૈયા સુધી સંતને રાખો." ત્યારે મહારાજે સંતને રાખ્યા ને નિત્ય પ્રત્યે નવી રસોઈ કરાવીને સંતને જમાડતા.

❋ શ્રીહરિએ પોતાનો મહિમા કહ્યો :

પછી એક દિવસ ઓતરાદા બારના ઓરડાની ઓસરીએ છપર પલંગ ઉપર વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં ચડવાના પગથિયાના દોરડાની ગાંઠ ઉપર એક ચકલી આવીને બેઠી. તેને મહારાજને જોઈને સમાધિ થઈ, ત્યારે પાળે ઉડાડવા માંડી, પણ ઊડી નહીં.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"અમારે જીવનાં નાડીપ્રાણ તાણી લેવાં ને કલ્યાણ કરવું તે કાંઈ કઠણ નહીં; પણ જેવો હું છું ને જેવો મારો મહિમા છે, તેવો જીવના હૃદયમાં સમઝાવવો તે કઠણ પડે છે. અને અંત સમે આ સભા સાંભરી આવે તો તે જીવનું કલ્યાણ થાય ને અમારા શરીરને સ્પર્શ કરીને વાયરો જેને અડે, તેનું પણ કલ્યાણ થાય;** પણ આવી વાત સમજાવવી ઘણી કઠણ છે." એવી રીતે પોતાના મહિમાની વાર્તા કરી.

❋ કારિયાણીમાં ખોદાવેલ તળાવ અંગે ભલામણ કરી :

પછી એક દિવસ વસ્તા ખાચરને અને રાઘવ પટેલને મહારાજે કહ્યું જે, "આ તળાવ અમે બહુ દાખડે કરીને ખોદાવ્યું છે. વાસ્તે તેની પાળ તમે બંધાવજ્યો અને જ્યાં અમને પાતાળનું પાણી કાઢીને સંતે નવરાવ્યા છે, તે ઠેકાણે તમે કુંડ બંધાવજો. અને જ્યાં અમે યજ્ઞ કરાવ્યો છે, તે કુંડ ઉપર કોઈક એંધાણ કરજો. અને **ભગવાને પૈસા આપ્યા હોય તેનું તો સંત જમાડવા, બ્રહ્મભોજન કરાવવા તથા તળાવ બંધાવવાં એ જ ફળ છે."** ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! તમે જેમ કહ્યું તેમ અમે કરશું." ત્યારે તેમના ઉપર મહારાજ રાજી થયા ને પોતાનાં ચરણારવિંદ છાતીમાં આપ્યાં.

✺ કારિયાણીમાં દિવાળી તથા અન્નકૂટોત્સવ કર્યો :

પછી અન્નકૂટનો સમૈયો ઢૂંકડો આવ્યો. ત્યારે વસ્તા ખાચરે કંદોઈ બોલાવીને પકવાન પડાવવા માંડ્યા. તે પકવાન પાડીને જ્યાં મૂક્યાં હતાં તેને જોઈને મહારાજ રાજી થયા. અને દિવાળીને દિવસ દીપમાળા કરાવી ને તેમાં દીવા કરાવીને પોતે વચ્ચમાં વિરાજમાન થયા. અને સંતો પાસે ફરીને કીર્તન ગવરાવ્યાં ને પોતે પણ ભેળા ફરીને ગાવા લાગ્યા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "બહુ વાર સુધી ગાયા, વાસ્તે થાક લાગ્યો હશે." પછી પોતે પોઢવા પધાર્યા.

અને અન્નકૂટને દિવસ સવારમાં (સર્વ સંતોને) મળ્યા ને મધ્યાન થયા ત્યારે મહારાજ આગળ અન્નકૂટ પૂર્યો. પછી મોતૈયા લાડુ, જલેબી તથા સાટા એ આદિક સર્વે સામગ્રીને પોતે જમ્યા. પછી જમીને સર્વે સંતને મોતૈયા લાડુ, જલેબી એ આદિક સર્વે પકવાન પોતે પીરસીને જમાડ્યા. ત્યાર પછી પોતે પોઢવા પધાર્યા. ત્યાર કેડે સાંજની સભાને વિષે પોતે ઘણાક પ્રશ્નઉત્તર કરાવ્યા. તે વચનામૃતમાં છે, વાસ્તે આંહીં નથી લખતા. ત્યાર કેડે પોતાના પ્રેમીભક્ત(દીવબંદરનાં પ્રેમબાઈ)નાં વસ્ત્ર, અલંકાર, છત્ર તથા પાદુકા તેને પોતે સામા જઈને અંગીકાર કર્યાં. એ આદિક ઘણીક લીલા કરી.

✺ લોયામાં શાકોત્સવ કર્યો :

પછી સુરા ખાચરે આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "વસંત પંચમીનો સમૈયો લોયે કરો." ત્યારે મહારાજે હા પાડી. પછી ત્યાં દશેરાનો ઉત્સવ, દીપોત્સવ તથા અન્નકૂટનો સમૈયો કરીને દેશદેશના હરિભક્તને દર્શન આપીને સર્વ સંતમંડળ સહિત **બોટાદ** પધાર્યા. ત્યાં થાળ જમીને ત્યાંથી **લોયે** પધાર્યા. ત્યાં સુરા ખાચરના દરબારમાં ઊતર્યા ને ત્યાં વસંતપંચમીના સમૈયા ઉપર દેશદેશના હરિભક્ત આવ્યા. તે સર્વને મહાનુભાવાનંદમુનિને બોલાવીને ઉતારો દેવરાવ્યો. ને ત્યાં થાળ જમ્યા.

પછી સુરાભક્તે સર્વ સાધુને રસોઈ આપી. તે ખોલડિયાદના પટેલ ખેંગાર સિંધવ, રામા સિંધવ, નારાયણ સિંધવ તથા મુળો અડાજ્યો એ ચારે ભક્તજને વૈંતાક મંગાવીને જુદી જુદી રસોઈ આપી. તે શાકને શ્રીજીમહારાજે રૂડી પ્રકારે કર્યું અને તે શાક કરીને પોતે શ્રીજીમહારાજે સંતને ફેરવ્યું. એવી રીતે દિન દિન પ્રત્યે શાકોત્સવ કર્યો. તે કેવી રીતે? તો પીપરડીના ભાણજી બ્રાહ્મણનું આઠ મણ ઘી ને પચાશ મણ વૈંતાક તેનું શાક કર્યું ને સંતને ફેરવ્યું.

✹ લોયામાં ધર્મકુળનું આગમન :

તે વાર પછી પોતાના ભાઈ ઈચ્છારામ આવ્યા. તેમને પાટ ઉપરથી ઊઠીને મળ્યા ને અજાણ્યા થઈને સર્વ સમાચાર પૂછ્યા. પછી બે-ચાર દિન કેડે પોતાના મોટા રામપ્રતાપભાઈ આવે છે, એવું સાંભળીને સર્વ સાધુ, બ્રહ્મચારી, પાળા તથા દેશદેશના હરિભક્ત આવ્યા હતા, તેમને સન્મુખ મોકલ્યા. તે રૂડી પ્રકારે સત્કાર કરીને લાવ્યા. પછી શ્રીજીમહારાજ પાટ ઉપરથી ઊઠીને મળ્યા ને પોતાના સગાસંબંધીના સમાચાર પૂછ્યા.

✹ વસંતપંચમીએ વાસુદેવાનંદ વર્ણીને મોટેરા કર્યા ને રંગે રમ્યા :

પછી શ્રીજીમહારાજે વસંતને દિન વાસુદેવાનંદ બ્રહ્મચારીને સાધુના ને બ્રહ્મચારીના મોટેરા કર્યા અને પાટ ઉપર બેસારીને બ્રહ્મચારીની પોતે આરતી ઉતારી. અને એમ બોલ્યા જે, "સાધુ, બ્રહ્મચારી તથા પાળા એ સર્વેના મોટેરા આ બ્રહ્મચારી છે. એમની આજ્ઞામાં સર્વેને રહેવું." એવી રીતની લીલા કરી.

પછી ત્યાર કેડે રંગ-ગુલાલ લઈને સર્વે સંત તથા હરિભક્તને માથે નાંખવા માંડ્યા ને સંત પણ મહારાજને માથે રંગ તથા ગુલાલ નાંખવા માંડ્યા. ત્યાર કેડે સંતને પોતે એકુકી પોસ ભરીને ફગવા આપ્યા. પછી ઘોડે ચડીને સંત તથા હરિભક્તે સહિત પોતે ભાદર નદીમાં નાવા પધાર્યા. પછી નાહીને કસુબંલ વસ્ત્ર ધારણ કરીને પોતે ગાજતેવાજતે

ગામમાં પધાર્યા. પછી રસોઈ તૈયાર થઈ હતી, તેને પોતે જમીને સર્વ સંતને જમાડ્યા ને રાત્રીને વિષે માંહોમાંહી પ્રશ્નઉત્તર કરાવ્યા.

✵ લોયામાં સંતોને શ્લોકો બોલાવ્યા ને પ્રશ્નોત્તર કરાવ્યા :

પછી એક દિવસ સાધુ પાસે શ્લોક બોલાવ્યા. તેમાં એક કોરે નિત્યાનંદસ્વામી ને એક કોરે સર્વે સાધુ, એમ વિભાગ કરીને બોલ્યા જે, "જે જીતે તેને થાળ આપવો." એમ વિવાદ કરાવતા હવા. અને પ્રથમ નિત્યાનંદસ્વામી જીત્યા ત્યારે તેમને પોતે થાળ આપ્યો. બીજે દિવસે એક કોરે શુકસ્વામી ને બીજા બધાય સાધુ, તેમની પાસે શ્લોક બોલાવ્યા. તેમાં શુકસ્વામી જીત્યા, ત્યારે તેમને પોતે થાળ આપ્યો. પછી ત્રીજે દિવસે ભણનારાને માંહોમાંહે ચર્ચા કરાવી. તેમાં ભગવદાનંદસ્વામી જીત્યા. તેમને પોતાનો થાળ આપ્યો. અને ચોથે દિવસે નાના આત્માનંદસ્વામી જીત્યા અને પાંચમે દિવસે કપિલેશ્વરાનંદસ્વામી જીત્યા. તે સર્વેને શ્રીજીમહારાજે થાળ આપ્યા ને એમની જે વિદ્યા તેની પરીક્ષા કરી.

✵ ગ્રહણમાં ધૂન કરાવી ને દાન આપ્યા :

પછી એ સમૈયામાં એક મોટું ગ્રહણ આવ્યું. તે જ્યાં સુધી એ ગ્રહણ રહ્યું ત્યાં સુધી સ્વામિનારાયણ નામની ધૂન કરાવી. અને કીર્તન ગવરાવીને ગ્રહણની સમાપ્તિ થઈ ત્યારે પોતે સાધુ તથા હરિભક્તે સહિત ભાદર નદીમાં નાવા પધાર્યા. અને સ્નાન કરવા પેઠા ત્યારે સર્વે સંત તથા હરિભક્તને ટાઢ બહુ વાય. ત્યારે ધૂણીઓ કરીને તપાડ્યા. પછી ઘોડે ચડીને ગામમાં પધાર્યા. અને સવારમાં બ્રાહ્મણોને ઘણાંક દાન દીધાં ને બ્રાહ્મણ અને સાધુને સારી રસોઈ કરાવીને તેમને જમાડ્યા.

પછી મહારાજે ચાલવાનું કહ્યું, ત્યારે મહાનુભાવાનંદમુનિ બોલ્યા જે, "ચાર-પાંચ રસોઈ છે તે નહિ ચલાય." ત્યારે શ્રીજી બોલ્યા જે, "લીંબડીના નરભેરામ બ્રાહ્મણ નવા સત્સંગી છે, તેમની રસોઈ લ્યો ને બીજી રસોઈનું ભાતુ કરો." ત્યારે મુનિએ તેવી રીતે કર્યું.

અને અંકેવાળિયાના ખેમા, જીવા તથા મકા પટેલ તેમની રસોઈનું ભાતું કર્યું. તેમની ઉપર રાજી થયા ને શ્રીજી એમ બોલ્યા જે, “આ તમારું ભાતું છે, તે તો સ્વર્ગનું છે.” એમ કહ્યું.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **પીપરડી** પધાર્યા ને ભાણજીને ઘેર પોતે જમ્યા ને સંતને ઘી પીરસીને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે **હાથસણી** આવ્યા ને ત્યાંથી **જસદણ** આવ્યા. ત્યાંથી ચાલ્યા, તે વગડામાં નદી આવી, ત્યાં ગળી સુખડી જમ્યા ને **બંધિયે** પધાર્યા. ત્યાંથી **ગોંડલ** પધાર્યા ને ત્યાંથી **ઝાંઝમેર** પધાર્યા. ત્યાં હાથે રસોઈ કરીને સંતને જમાડ્યા. પછી **જાળિયે** પધાર્યા ને ત્યાંથી **ગણોદ** પધાર્યા. ત્યાંથી **માણાવદર** પધાર્યા. અને ત્યાંથી **પંચાળે** પધાર્યા ને ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા.

✹ પંચાળામાં ફૂલદોલનો સમૈયો કર્યો :

ત્યાં સર્વ દેશદેશથી સાધુ તથા સત્સંગી તેમને તેડાવ્યા ને ત્યાં ફૂલડોલનો સમૈયો કર્યો. અને પોતે દરબારમાં રંગ રમીને બહાર મંચ ઉપર વિરાજમાન થયા. અને બે હોજ કરાવીને એક કોર પાર્ષદે સહિત પોતે ને એક કોર સંતમંડળ, એમ વિભાગ કરીને, સારી પેઠે રંગ રમીને, મઘરિયા ધરામાં સંતમંડળે સહિત પોતે નાવા પધાર્યા. ત્યાં સારી પેઠે જલક્રીડા કરીને ભારે ભારે વસ્ત્ર પહેરીને ગાજતેવાજતે દરબારમાં પધાર્યા. અને પોતે જમીને સંતને મોતૈયા લાડુ ને જલેબી સારી પેઠે પીરસીને જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “એક એક સંત ઊભા થઈને ભગવાનની વાર્તા કરો.” ત્યારે સંતે વાર્તા કરી. પછી શ્રીજીએ સંત ભેળા ફરીને કીર્તન ગાયાં, તે ગાતે ગાતે અર્ધ રાત્રી વીતી ગઈ તોય પણ ન થાક્યા. ત્યારે સંતે ‘ચોર...ચોર...’ એ પ્રકારે ખોટી બૂમ પાડી. ત્યારે શ્રીજી ગાતા બંધ રહ્યા ને સર્વે સંતે મહારાજની પૂજા કરી.

પછી રામપ્રતાપભાઈને દ્વારિકા મોકલ્યા. તે વાર પછી તે દ્વારિકા જઈને આવ્યા, ત્યારે શ્રીજીમહારાજે રામપ્રતાપભાઈને પોતાના દેશમાં જાવાની આજ્ઞા આપી. એવી રીતે દોઢ માસ સુધી લીલા કરી.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **માણાવદર** આવ્યા ને ભટ્ટને ઘેર જમીને ત્યાંથી **ગણોદ** આવ્યા. ત્યાંથી **જાળીયે** આવ્યા ને ત્યાંથી **દુધીવદર** આવ્યા ને સંતને શીરાની રસોઈ કરાવીને પોતે જમીને સંતને જમાડ્યા. ત્યાંથી **બંધીયે** આવ્યા ને ત્યાંથી **રાયપર** આવ્યા. ત્યાંથી **વાંકીયે** આવ્યા ને ત્યાંથી જમીને **ગઢપુર** પધાર્યા.

✹ ગઢડાથી બ્રહ્માનંદસ્વામીને વડતાલ મંદિર કરવા મોકલ્યા :

પછી શ્રીજીમહારાજે મોટેરા સાધુને પૂછ્યું જે, "આપણે એક મંદિર કરવું છે, તે સર્વે બોલો કિયે ઠેકાણે કરીએ ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "બોચાસણ ગામ સારું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ ગામની ભાગોળ સાંકડી છે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "જેતલપુર સારું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો બે જોડાજોડ આવ્યાં." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "બામણગામ સારું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ત્યાં પાણીનું કઠણ પડે." ત્યારે સ્વયંપ્રકાશાનંદસ્વામી બોલ્યા જે, "કરાલી ગામ સારું છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એનો રાજા ભાવવાળો નથી."

ત્યારે સર્વે સંત બોલ્યા જે, "હે મહારાજ ! તમને ગમતું હોય તે કહો." ત્યારે પોતે બોલ્યા જે, "અમને તો વરતાલ ગમે છે." ત્યારે સર્વે સંત બોલ્યા જે, "હે મહારાજ ! એવું ચરોતરમાં કોઈ બીજું ગામ નથી." ત્યારે મહારાજે રાજી થઈને બ્રહ્માનંદસ્વામીને મંદિર કરવા સારુ મોકલ્યા ને એમ કહ્યું જે, "બોરડી તળે પાળ ઉપર અમે જ્યાં બેઠા હતા, ત્યાં ઠાકોરજીનાં ચરણારવિંદ આવે એમ પાયો નાંખજ્યો અને ગામથી ઉગમણું તળાવની કાંઠે જેવું મંદિર છે, તેવડું કરજ્યો."

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "બહુ સારું." એમ કહીને ચાલવાને તૈયાર થયા. ત્યારે શ્રીજીમહારાજ ઊભા થઈને મંડળે સહિત બ્રહ્માનંદસ્વામીને મળ્યા ને પોતે જમીને થાળ આપ્યો. પછી (જનારા સંતો) મહારાજ તથા સર્વે સંતને પગે લાગીને ચાલ્યા. પછી વરતાલ જઈને મંદિરનો પાયો નાંખ્યો. તે મોટા શિખરબદ્ધ મંદિરનો પાયો ખોદાવ્યો. તેની મહારાજ પાસે ખબર આવી જે, 'બ્રહ્માનંદસ્વામી તો મોટા શિખરબદ્ધ મંદિરનો પાયો ખોદાવે છે.' ત્યારે શ્રીજીમહારાજે કાગળ લખીને નિષ્કુળાનંદસ્વામીને મોકલ્યા. તેમાં એક સાખી લખાવી જે,

આપકિ પોંચ વિચારકે, કરતવ કીજે દોર;
તેતે પાવ પસારિયે, જેતી લંબી સોર.

એ સાખીને વાંચીને બ્રહ્માનંદસ્વામીએ એવો અર્થ કર્યો જે, "મહારાજ બરોબર કોઈની પહોંચ કહેવાય નહિ, ને સત્સંગ બરોબર બીજી સોડ ન કહેવાય; વાસ્તે સર્વે સત્સંગી માય ને દર્શન કરતાં ભીડ ન થાય એવડું મંદિર કરજ્યો. એમ કહ્યું છે." ત્યારે નિષ્કુળાનંદસ્વામી તો કાંઈ ન બોલ્યા.

પછી મહારાજ પાસે ખબર આવી જે, 'એ તો નિષ્કુળાનંદસ્વામીનું માનતા નથી.' ત્યારે મહારાજ બોલ્યા જે, "હાથીને પાછો હઠાવવો હોય ત્યારે હાથી જોઈએ." એમ કહીને નિત્યાનંદસ્વામીને મોકલ્યા. પછી બે ભેળા થયા, ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "તમે ઠીક કર્યું." એમ કહીને બોલ્યા જે, "ત્રણ શિખરનું મંદિર આટલામાં નથી, વાસ્તે ત્રણ શિખરનું મંદિર આપણે થાય તો બહુ સારું." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "એક મંદિરનો પાયો મેં ખોદાવ્યો ને બીજા બે મંદિરનો પાયો તમે ખોદાવો." એમ કહીને ત્રણ મંદિરનો પાયો ખોદાવીને પુરાવા માંડ્યો. તે ઓટો તૈયાર થયો ત્યારે લાકડાની ઘૂમટી(ઘૂમટ જેવી નાની આકૃતિ) કરી, તેમાં નાની નરનારાયણની મૂર્તિઓ પધરાવી.

પછી નિત્યાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી વડોદરે ગયા. ત્યાંથી લક્ષ્મીનારાયણની મૂર્તિ લઈને બોચાસણ આવ્યા, ત્યારે વરસાદ થયો. ત્યારે મૂર્તિ ત્યાં મેલીને મહારાજ પાસે ગઢડે ગયા. ત્યારે નિત્યાનંદસ્વામીને અને નિષ્કુળાનંદસ્વામીને મંડળે સહિત શ્રીજીમહારાજ મળ્યા ને થાળ દીધો ને બહુ પ્રસન્ન થયા.

પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “અમે તો લક્ષ્મીનારાયણની મૂર્તિ લઈને આવતા હતા, પણ વચમાં વરસાદ થયો તે બોચાસણ મેલી આવ્યા.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ તો એમને ત્યાં રહ્યાની મરજી થઈ.” એમ કહીને પોતે હસ્યા ને તેમને પાસે રાખ્યા. અને ત્યાં ભીમ એકાદશી ઉપર દેશદેશથી સાધુને તેડાવીને તેમને દર્શન દીધાં. અને તેમની વૃત્તિઓ ભગવાનની મૂર્તિમાં એકાગ્ર થાતી હવી.

॥ ઈતિ ૭૯ ઓગણએંસીની લીલા સંપૂર્ણ ॥





ધર્મકુળનું મિલન

સંવત્ ૧૮૮૦ ની લીલા

✺ ગઢડામાં જન્માષ્ટમી તથા દિવાળીનો ઉત્સવ કર્યો :

પછી મહાનુભાવાનંદસ્વામી તથા સ્વયંપ્રકાશાનંદસ્વામી તેમને સુરત મોકલ્યા ને કહ્યું જે, “તમારે જન્માષ્ટમી ઉપર આવવું નહીં.” પછી શ્રીજીએ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. અને દશેરા ઉપર સુરતથી મહાનુભાવાનંદસ્વામીનું મંડળ સુરતના સંઘે સહિત ગઢડે આવ્યું. અને ત્યાં શ્રીજીમહારાજે દિવાળીનો તથા અન્નકૂટનો ઉત્સવ કર્યો. તે ઉત્સવને વિષે સર્વ સંતને નાના પ્રકારનાં ભોજન જમાડતા થકા સુખ આપ્યું.

✺ પ્રબોધની ઉત્સવ કરવા વડતાલ પ્રયાણ :

પછી શ્રીજી બોલ્યા જે, “પ્રબોધની એકાદશીનો ઉત્સવ વરતાલ કરવો છે.” એમ કહીને પછી સંતને જલેબીનું ભાતું બંધાવીને સર્વ સંતે સહિત **બોટાદ** પધાર્યા. ત્યાંથી ગામ **અણિયાળી** આવ્યા. ત્યાં રાત્રી રહીને પ્રાતઃકાળે ચાલ્યા, તે ગામ **ધંધુકે** પધાર્યા. ત્યાં મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, “સંઘ લઈને આવજો.” એમ કહીને ઘોડાં દોડાવ્યાં, તે ગામ **ગાંફ** પધાર્યા ને વસ્તા રાવળને ઘેર ઊતર્યા.

અને મહારાજે કહ્યું જે, “અસવાર સર્વે ભૂખ્યા છે.” ત્યારે વસ્તા રાવળે કહ્યું જે, “તમે રહો તો હું રસોઈ કરાવું.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારે ઉતાવળ છે, વાસ્તે જે તૈયાર હોય તે લાવો.” ત્યારે રોટલા ને દધી મહારાજ પાસે લાવ્યા. તે તર ઉતારીને લાવ્યા ત્યારે મહારાજ હસતા થકા સુરા ખાચરને આપતા હવા. ને એમ બોલ્યા જે, “બીજું દહીં હોય તો લાવો.” ત્યારે તે ગોરસાની તર ઉતારીને બીજા ગોરસામાં નાંખીને લાવ્યા.

એમ જે જે ગોરસાની તર ઉતારીને લાવે તેને પોતે પાર્ષદને દઈ દે. ત્યારે મહારાજે કહ્યું જે, “હવે દહીં છે ?” ત્યારે મહારાજની આગળ

તર લાવીને મેલી. તેને પોતે જમતા જાય ને હસતા જાય. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "અમારા ને તમારા દહીંમાં ફેર છે." ત્યારે પોતે તરની પ્રસાદી આપી.

❋ મુક્તમુનિનો ઘોડેથી પડતાં હાથ ભાંગ્યો :

એમ પોતાના ભક્તજનને આનંદ આપતા થકા ત્યાંથી ચાલ્યા, તે ગામ **કમિયાળે** ગયા. ત્યાં મુક્તાનંદસ્વામી ઘોડેથી પડ્યા તે હાથ ભાંગ્યો. તે જોઈને શ્રીજી બહુ ઉદાસ થયા. પછી વૈદ્યને તેડાવીને હાથ ચડાવ્યો. પછી ત્યાં બે રાત્રી રહીને ચાલ્યા, તે ગામ **નાનીબોરુ** ગયા. ત્યાં હીરા સોનીને ઘેર થાળ જમ્યા ને સંતને પણ જમાડ્યા.

તે સમે ગામ **જાખડા**થી ભક્ત કાશીદાસ શેઠે આવીને શ્રીજીને કહ્યું જે, "તમે મારે ઘરે પધારો !" ત્યારે શ્રીજીએ કહ્યું જે, "તમે કહો તેમ હું કરું." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ તમારે ગામ તો આવશે, પણ રહેશે નહીં." ત્યારે તે ભક્તે કહ્યું જે, "ઠીક." એમ કહીને શ્રીજીને પોતાને ગામ તેડી ગયા ને ગામની ભાગોળે માંડવામાં ઉતાર્યા. પછી શ્રીજીને પોતાને ઘેર પધરાવીને થાળ કરાવીને જમાડ્યા ને કેસરચંદનાદિકે કરીને પૂજા કરી.

પછી રૂપિયા પાંચસે ને ઘણાક વસ્ત્ર તે સર્વે શ્રીજીને પગે મૂક્યાં. તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા, તે ગામ **ગલિયાણે** ગયા. ત્યાં એક રાત્રી રહીને **સિંજીવાડે** ગયા. તે ગામના ભક્ત બાપુજી આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતેવાજતે ગામમાં પધરાવ્યા. અને થાળ કરાવીને શ્રીજીને જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા.

❋ વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **વરતાલ** ગયા. ત્યાં સુતાર વાસણને ઘરે ઊતર્યા. સર્વે સંતમંડળ આંબાવાડીયામાં જઈને ઊતર્યા. પછી ગામમાં

રસોઈ થઈ ત્યારે સંતની જમવા સારુ પંક્તિ થઈ. ત્યાં શ્રીજી થાળ જમીને સંતને લાડુ ફેરવવા સારુ પધાર્યા. તે સારી પેઠે સંતને જમાડીને પછી પોતે ઉતારે પધાર્યા. સંત પણ પોતાને ઉતારે ગયા.

પછી દેશદેશનો સંઘ આવીને ગોમતીને કાંઠે ઊતર્યો, તેને પોતે દર્શન દેતા થકા ત્યાં વેદના ભણેલા બ્રાહ્મણોને તેડાવીને વરુણીમાં વર્યા. પછી ભારે હોમ કરાવીને **શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા સંવત્ ૧૮૮૦ ના કાર્તિક સુદી એકાદશી**ને દિવસે પોતાને હાથે કરી. પછી ભારે બ્રહ્મભોજન (ઉત્સવ) કર્યો. તે સમે બ્રાહ્મણોને ભારે ભારે દક્ષિણાઓ દીધી. પછી પોતે ઉતારે ગયા ને સંત પણ ઉતારે ગયા.

✵ વસોમાં હરિભક્તોના ઘેર પધરામણી કરી :

પછી બીજે દિવસ શ્રીલક્ષ્મીનારાયણનાં દર્શન કરીને સર્વે સંતે સહિત ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર શ્રીજી વિરાજ્યા. એમ લીલાને કરતા થકા ત્યાં દેવ-દિવાળીનો સમૈયો કર્યો. અને વડોદરાવાળા પ્રભુદાસની જલેબીની રસોઈ હતી, તે સંતને પીરસી. અને હરિભક્તને મહા મોટો ઉપકાર કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **વસો** પધાર્યા ને રામેશ્વર તળાવથી ઈશાન કોણમાં ચારડામાં ઊતર્યા.

મહારાજને આવતા જાણીને સર્વે ગામના લોક અતિ ઉત્સાહે કરીને દર્શને આવ્યા. તે મહારાજની મૂર્તિ સામું જોઈ જ રહે, ને કહે જે, “સ્વામિનારાયણ જેવા કોઈ દીઠા નથી, ને એવા સંત પણ નથી.” પછી મહારાજે એને ભગવાનના પ્રતાપની ઘણીક વાર્તા કરી. પછી આરતી-ધૂન કરીને પોતે ત્યાં પોઢ્યા.

પછી સવારના પહોરમાં પોતાનો નિત્યવિધિ કરીને પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં એક હરિભક્તે બે પાકી કેરીઓ લઈને શ્રીજીમહારાજને આપી. પછી તે

કેરીઓ પોતાને હાથે છોલીને જમ્યા અને સાધુ તથા પોતાના પાર્ષદને આપી. પછી ગામના સર્વે હરિભક્તે પ્રાર્થના કરીને કહ્યું જે, "હે મહારાજ! અમારા ગામમાં પધારો." ત્યારે પોતે ઘોડે ચડીને પોતાના પાર્ષદે સહિત ગામમાં પધાર્યા.

ત્યારે પટેલ તુલસીભાઈએ કહ્યું જે, "મારે ઘેર પધારો!" ત્યારે તેમને ઘેર પધાર્યા. ત્યાર કેડે તેમણે ચંદન, પુષ્પ તથા વસ્ત્ર-અલંકાર વતે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. ત્યારે પટેલ હાંસજી બોલ્યા જે, "મારું ઘર સમીપમાં છે, વાસ્તે પધારો." ત્યારે તેને ઘેર પધાર્યા. ત્યારે તેમણે તુલસીભાઈની પેઠે પૂજા કરીને સ્તુતિ કરી.

પછી દાદા દવેને ઘેર પધાર્યા ને ત્યાં પોતે જમ્યા. અને વાલાધ્રુ તથા બાલાધ્રુ તેમને ઘેર પધાર્યા ને તેમણે નૈવેદ્ય ધર્યું તેને પોતે જમ્યા. ત્યાર કેડે ભટ્ટ આશારામ તથા જગન્નાથ એ આદિક બ્રાહ્મણોને ઘેર પધાર્યા. અને પટેલ વાલાભાઈ આદિક સર્વે પાટીદારને ઘેર પધાર્યા ને તેમણે જે જે સેવા કરી તેને પોતે અંગીકાર કરી અને ત્યાંથી પોતાને ઉતારે આવ્યા.

ત્યાર કેડે ગંગામાએ થાળ કર્યો તે પોતે જમ્યા. પછી સંતની રસોઈ તૈયાર થઈ ત્યારે તુલસીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! સાધુની રસોઈ તૈયાર થઈ છે." પછી તળાવથી ઓતરાદિ પાળે કોઠીના વૃક્ષ હેઠે સંતની પંક્તિ કરાવી ને પોતે લાડુ પીરસ્યા. ત્યાર કેડે પોતે ઢોલિયા ઉપર આવીને બેઠા ને સંતમંડળને ગુજરાત દેશમાં ફરવાની આજ્ઞા કરી. અને બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી આદિક મોટેરા સાધુને ભેળા રાખ્યા.

✵ પછેગામમાં શ્રીજી શાક ને બાટી બનાવીને જમ્યા :

અને ત્યાંથી પોતે ચાલ્યા, તે ગામ **આણંદરે (અલિંદ્રે)** થઈને **પછેગામ**નો આરો ઊતરીને પોતે બોલ્યા જે, "આ વાડીમાં રીંગણાં હશે ?"

એમ કહીને ચાલી નીકળ્યા. ત્યાર કેડે ઝીંઝરવાળા ખોડાભાઈ તથા માતરા ધાધલ એ બે અસવાર વાંસે રહ્યા. ત્યારે તેમણે વાડીવાળાને પૂછ્યું જે, "તું અમને રીંગણાં આલ." ત્યારે તેણે કહ્યું જે, "વાડીમાં રીંગણાં નથી." ત્યારે તેમણે કહ્યું જે, "એક રીંગણું આલ તો અડધો રૂપૈયો આપું." ત્યારે બે રીંગણાં લઈ આવ્યો. તેમાં એક રીંગણું આપ્યું ને એક સંતાડી રાખ્યું. ત્યારે માતરા ધાધલ બોલ્યા જે, "તું કાંઈ પ્રભુથી ડર, અમે એક રીંગણાનો અરધો આપીએ છીએ ને બીજું સંતાડી રાખે છે !"

પછી તેણે બીજું રીંગણું આપ્યું. ત્યારે ખોડાભાઈએ મહારાજને તે બે રીંગણાં આલ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "લીલાં મરચાં હોય તો શાક કરીએ." ત્યારે તે ગામના હરિભક્તે મરચાં તથા ઘીનો ગાડવો(સાંકડા મોઢાવાળો ઘી ભરેલો માટીનો ઘડો) લાવીને આગળ મેલ્યો. ત્યારે પોતે ઝાઝું ઘી મેલીને રીંગણાનું શાક કર્યું ને પોતાને હાથે બાટીઓ કરીને પોતે જમવા બેઠા. પછી પોતે બોલ્યા જે, "આજના જેવું સ્વાદુ શાક કોઈ દાડે થયું નથી." ત્યારે માતરા ધાધલ બોલ્યા જે, "ખોડાભાઈ અરધો રૂપૈયો આપીને એક રીંગણું લાવ્યા છે ને બીજું રીંગણું એને ડારો દઈને લાવ્યા છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો ખોડાભાઈના પ્રેમને લઈને શાક સ્વાદુ થયું છે."

પછી સુરા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! એ શાકની પ્રસાદી અમને આલો." પછી બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, નિષ્કુળાનંદ સ્વામી તથા સુરા ખાચર, સોમલા ખાચર તથા દાદા ખાચર એ સર્વેને શાક તથા બાટીની પ્રસાદી આપી. ત્યારે તે સર્વે બોલ્યા જે, "આવી તો પ્રસાદી કોઈ દાડે ખાધી નથી !"

પછી પોતે ત્યાં રાત રહીને ગામ **કમિયાળે** ગયા. ત્યાં મુક્તાનંદ સ્વામી હતા, તેમને પોતે મળ્યા ને તેમના હાથની ખબર પૂછી. ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમારી ક્રિપાથી હાથે શાંતિ છે."

પછી તેમની સેવામાં સાધુ હતા, તેમને મળીને સિંહા વણારની મેડીને વિષે પોતે ઊતર્યા. પછી ત્યાં પોતે જમીને સાધુ તથા પાર્ષદને જમાડ્યા. પછી બે દિવસ ત્યાં રહીને મુક્તાનંદસ્વામીને ભેળા લઈને ચાલ્યા, તે **ગાંફ** ગયા. ત્યાંથી **ખરડ** ગયા ને ત્યાંથી **ઝીંઝર** ગયા. ત્યાંથી **કુંડળ** ગયા ને ત્યાંથી **કારિયાણી**એ ગયા ને ત્યાંથી **ગઢડે** ગયા.

✵ કારિયાણીમાં મહારાજ પાસે ધર્મકુળ આવ્યું :

અને ત્યાં થોડાક દિવસ રહીને **કારિયાણી**એ પધાર્યા. તેવામાં રામપ્રતાપજી મહારાજનાં પત્ની સુવાસની ને ઇચ્છારામજી મહારાજનાં પત્ની વસુમતી એ બેને પોતાનાં સંબંધી સહિત આવતાં સાંભળીને મહારાજ સામા ગયા. ત્યારે તે બેય મેનામાંથી ઊતરીને શ્રીજીમહારાજના ચરણમાં માથું મેલીને પગે લાગ્યાં. ને હેતનાં જે આંસુ તેણે કરીને મહારાજનાં ચરણકમળને પલાળી દીધાં. ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજના મામા જે સુફળ તેમને કહ્યું જે, “તમે આમને કહો જે અમારા ચરણને મેલી દે.” ત્યારે તેમણે કહ્યું જે, “મહારાજના ચરણ છોડ દો.” ત્યારે પગે લાગીને મેનામાં બેઠાં ને મહારાજ ભેળા ગામમાં આવ્યાં.

ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, “એમને પાકી રસોઈનો સામાન આપો.” ત્યારે બ્રહ્મચારીએ ઘી-સાકર આદિક સર્વે સામાન આપ્યો. ત્યાર પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! જમવા પધારો.” ત્યારે પોતે જમવા પધાર્યા ને જમવા માંડ્યા. ત્યારે સુવાસનીબાઈએ મહારાજના બાળચરિત્રની વાર્તા કહેવા માંડી. ત્યારે પોતે હસ્યા ને જમીને પોતાના ઉતારામાં પધાર્યા.

✵ ઝીંઝાવદરમાં નિત્યાનંદસ્વામીએ થાળ જમી અલૈયાને રાજી કર્યા :

પછી ત્યાં બે દિવસ રહીને ચાલ્યા, તે **ઝીંઝાવદર** આવ્યા. ત્યારે અલૈયા ખાચરે મહારાજને ઘણી તાણ કરીને પોતાના દરબારમાં

પધરાવ્યા. અને મહારાજને કહ્યું જે, “સર્વે સંત સારુ રસોઈ કરાવો.” ત્યારે રસોઈ કરાવવા માંડી. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “એ મહારાજનું વાંકું બોલે છે, વાસ્તે એનું અન્ન હું તો નહિ ખાઉં.” ત્યારે અલૈયા ખાચરની આંખમાં પાણી આવ્યું. ત્યારે મહારાજે ઘણીક તાણ કરીને કહ્યું, ત્યારે (નિત્યાનંદસ્વામીએ) થાળ જમવાની હા પાડી. પછી પોતે જમીને થાળ આપ્યો, ત્યારે (નિત્યાનંદસ્વામી) જમ્યા.

✵ ગઢડામાં વસંતપંચમી કરીને વિચરણ કરતા વડતાલ પધાર્યા :

પછી પોતે સંતને પીરસીને ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. તે શિયાળામાં પોતે રીંગણાનું શાક કર્યું ને સાધુને પીરસ્યું એ લીલા કરી. અને મહા સુદ વસંત પંચમીનો સમૈયો શ્રીજીમહારાજે ગઢડામાં કર્યો ને બહુ રંગ-ગુલાલ ઉડાડ્યો ને ઉત્સવ કર્યો. પછી ત્યાંથી વરતાલને માર્ગે ચાલ્યા, તે મુક્તાનંદસ્વામીને ડોલીએ ઉપાડીને ભેળા લીધા ને ગામ **કારિયાણી**એ રહ્યા. ત્યાંથી **પોલારપર** પધાર્યા ને ગામથી ઉગમણી કોરે તળાવમાં રાત રહ્યા. ત્યાંથી **ખસતા**માં તળાવથી ઈશાન કોણ રાત રહ્યા.

ત્યાંથી **નાની બોરુ**ના તળાવથી ઉગમણી તરફ રાત રહ્યા. ત્યાંથી **ગલિયાણે** ગયા ને ગરાસિયાની ઉગમણી ડેલીએ બિરાજમાન થયા ને સાધુને શાક ને રોટલા કરાવીને જમાડ્યા. ત્યાંથી **સિંજીવાડે** રાત રહ્યા ને ત્યાંથી **પીપળાવ** આવ્યા ને વડ તળે ઓટા ઉપર વિરાજમાન થયા. ત્યાર કેડે પોતે ગામમાં જમીને સંતને જમાડીને પાછા મુકામે પધાર્યા. ત્યાં રાત રહીને ત્યાંથી ચાલ્યા, તે સં.૧૮૮૦, ફાગણ સુદમાં શ્રીજીમહારાજ ગામ **વરતાલ** પધાર્યા. ત્યાં સાધુ-હરિભક્તને તેડાવ્યા ને હુતાશણીનો ઉત્સવ કર્યો ને ગુલાલ ઉડાડ્યો.

એક દિવસ સુતારના ઘરમાં ભણનારા તથા લૈયા સાધુએ શ્રીજીમહારાજની કેસરચંદન વતે કરીને પૂજા કરી. ત્યાર કેડે પોતે ગોમતીજીને સમીપે ઓટા ઉપર વિરાજમાન થયા. પછી રમતા સંત

હતા તેમના મનમાં એવા સંકલ્પ થયા જે, 'આપણે શે ગુણે કરીને મહારાજને રાજી કરીએ ?' ત્યારે શ્રીજીમહારાજ તેમના સંકલ્પને જાણીને બોલ્યા જે, "સર્વે સંત પૂજા કરો." ત્યારે સર્વેએ મહારાજની પૂજા કરી.

❋ કીર્તન ગાતા થકા રાસ લેનારા સંતોને મહારાજ ભેટ્યા :

અને ત્યાં બીજે દિવસ સાધુએ ફરીને કીર્તન ગાયાં ને સર્વે સંતને મહારાજે હાર પહેરાવ્યા. ત્યાર કેડે બીજે દિવસ બોરડીવાળા કૂવાને સમીપે સંત ફરીને કીર્તન ગાવા માંડ્યા. તેમાં બે તડ(પક્ષ) પડ્યાં, તેમાં એક મોટા પ્રજ્ઞાનંદસ્વામીનું ને બીજું ગોવિંદસ્વામીનું, એમ સામસામા વાદ કરીને ગાવા માંડ્યા. તે ગાતે ગાતે પાછલી પહોર રાત રહી ત્યારે મહારાજે કહ્યું જે, "આ શેનો ઘોષ થાય છે ?" ત્યારે પોતાની પાસે પાળા હતા, તેમણે કહ્યું જે, "સંત કીર્તન ગાય છે ને સામસામાં તડ પડ્યાં છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો, આપણે ત્યાં જઈએ." એમ કહીને ત્યાં જઈ તે સંતને મળ્યા.

❋ સંઘના ઉતારે જમીને ભક્તોને આનંદ આપ્યો :

અને મંદિરથી આથમણી તરફ સંઘ ઊતર્યો હતો. તેમાં નિત્ય પ્રત્યે પોતે જમવા જાય. તેમાં એક દિવસ રામચંદ્ર વૈદ્યને ઉતારે જમવા પધાર્યા ને તેમણે થાળ કર્યો તેને પોતે જમ્યા. અને તેમણે કરેલી જે દાળ તેને પોતે વખાણી. પછી ત્યાંથી જમીને નારુપંથ નાનાને ઉતારે જમવા પધાર્યા ને એમની રસોઈનાં વખાણ કર્યાં. પછી શોભારામ શાસ્ત્રીને ચોકે જમવા પધાર્યા. એમ નિત્ય નિત્ય પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા જેટલા દિવસ ત્યાં રહ્યા તેટલા દિવસ જમવા પધાર્યા.

❋ બ્રહ્માનંદસ્વામીએ યુક્તિથી દેવને વસ્ત્રો અપાવ્યાં :

પછી એક દિવસ શ્રીજીમહારાજને હરિભક્તે ભારે ભારે વસ્ત્ર પહેરાવ્યાં. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ વસ્ત્ર લેવાની જુક્તિ કરી જે, "ઠાકોરજીને સાદાં વસ્ત્ર પહેરાવજો." એમ પૂજારીને કહ્યું. ત્યાર કેડે

આરતી સમે પોતે ઠાકોરજીને દર્શને પધાર્યા અને એમ બોલ્યા જે, “ઠાકોરજીને આવાં સાદાં વસ્ત્ર કેમ પહેરાવ્યાં છે ?” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “ઠાકોરજી તમને એમ કહે છે જે, તમ બેઠે મારે આવાં સાદાં વસ્ત્ર ? એમ કહે છે.” ત્યારે શ્રીજીમહારાજે પોતા પાસે વસ્ત્ર હતાં, તે સર્વે ઠાકોરજીને આલ્યાં.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “અમારે તો આટલું જ કામ હતું.”

પછી પોતે હસતા થકા પોતાને ઉતારે પધાર્યા. ત્યાં થાળ જમીને સંતને પીરસવા આવ્યા. પછી પોતે એકુકા હાથમાં બબે લાડુ લઈને સંતને પીરસવા માંડ્યા. એમ ફેરવતે ફેરવતે સંત તૃપ્ત થયા ત્યારે ‘અડધો લાડુ.. ચોથિયો લાડુ.. કકડો લાડુ..’ એમ કહીને પંગતમાં ફર્યા. અને અડધો લાડુ માંગે ત્યારે આખો આલે ને ચોથિયો લાડુ માંગે તેને અડધો આપે ને કકડો માંગે તેને ચોથા ભાગનો આપે. એમ કરતાં કોઈએ ન લીધો ત્યારે પોતે હાથ ધોઈને પછી પોતાને ઉતારે પધાર્યા. અને હરિભક્ત તથા સાધુને છાપો દીધી. એવી રીતે વડતાલમાં સમૈયો કર્યો.

✹ વડતાલથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

અને સમૈયો કરીને સુરત જાતા **દાવોલ**થી પાછા વળ્યા ને ત્યાંથી ગામ **બુધેજ** પધાર્યા. ત્યાંથી ગામ **કમિયાળે** પધાર્યા ને ત્યાંથી **પીપળી** થઈને **ધોલેરે** પધાર્યા. ત્યાં એક રાત રહીને ત્યાંથી **કારિયાણી** પધાર્યા. ત્યાંથી **ગઢડે** પધાર્યા. પછી ત્યાર કેડે ઉનાળામાં ગુજરાતમાંથી ગોપાળસ્વામીના સાધુ તથા મોટા આત્માનંદસ્વામીના સાધુ તથા હરિભક્તે કેરીઓ લાવીને મહારાજની આગળ મેલી. તે પોતે જમીને સર્વેને પ્રસાદી આપી, ને સાધુને મળ્યા તથા હરિભક્તને છાતીમાં ચરણારવિંદ દીધાં. અને બીજે દિવસ તે કેરીઓ પોતે જમીને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા દાદા ખાચર એ આદિક પોતાના પ્રેમી ભક્તજનને પ્રસાદી આપી.

✹ મીઠું ન ખાવાનું પ્રકરણ અને રાધાવાવ ગળાવી :

એવી રીતે લીલા કરતાં કરતાં ચાતુર્માસ આવ્યો. ત્યારે એ **પ્રકરણ ફેરવ્યું જે, 'સાધુને મીઠું ખાવું નહીં.'** ત્યારે મુક્તાનંદસ્વામી તથા આનંદાનંદસ્વામીએ કહ્યું જે, "બહુ સારું." પછી એક વાર વરસાદ વર્ષીને ખરડિયું(વરસાદ છતાં દુષ્કાળ) કાઢ્યું, તે બાજરા સુકાવા માંડ્યા. ત્યારે દાદા ખાચરે શ્રીજીમહારાજને કહ્યું જે, "બાજરા સુકાઈ જાય છે, તે સાધુને શું જમાડશું?" ત્યારે મહારાજ બોલ્યા જે, "રાધાવાવ ગળાવો." એમ કહીને પોતે ત્યાં પધાર્યા ને વાવ ગળાવવા માંડી. તે નિત્ય પ્રત્યે પોતે પધારે ને પાર્ષદ પાસે વાવ ગળાવે.

✹ પ્રેમી ભક્તો ભગા-મુળાના કહેવાથી વરસાદ કર્યો :

એવામાં પીઠવડીથી ભગો-મુળો આવ્યા. તે ભેળા આહીર હતા, તે બોલ્યા જે, "હે મહારાજ ! ભેંસો મરી જાશે, અમે શું ખાશું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ શું કહે છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "એ એમ કહે છે જે, 'અમારે તો ભેંસો વતે કરીને જીવારો છે, તે ખડ વિના એ મરી જાશે. ત્યારે અમે અન્ન વિના મરી જાશું, પણ તમે તેડવા ક્યારે આવશો ?' એમ કહે છે."

ત્યારે ભગો-મુળો બોલ્યા જે, "શું બેસી રહ્યા છો ? વરસાદ કરો." ત્યારે પોતે રમૂજ કરી જે, "કાંઈ મફત વરસાદ થાય છે ?" ત્યારે તેણે કહ્યું જે, "સો રૂપિયા આપું જો વરસાદ કરો તો !" ત્યારે મહારાજ બોલ્યા જે, "એટલે તો વરસાદ ન કરું." ત્યારે તેણે એમ કહ્યું જે, "સંતને મોતૈયા લાડુની રસોઈ આપું."

ત્યારે પોતે હસીને ઉગમણી તરફ એક નાનું વાદળું હતું, તે સામું જોયું. ત્યારે તે વાદળું ચાલ્યું, તે દરબારમાં લીંબડા ઉપર આવ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "સંતો ! ઓસરી ઉપર આવો."

ત્યારે સંત ઓસરી ઉપર ચડ્યા ને વરસાદ વરસવા માંડ્યો. તે નેવામાં તથા દરબારમાં પાણી માયું નહીં, એમ વરસ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "પાણી ડોળતાં ડોળતાં ઘેર જાઓ." ત્યારે ભગે-મુળે કહ્યું જે, "સાધુની માનતા કરી ત્યારે વરસાદ થયો છે. વાસ્તે સાધુને જમાડ્યા વિના કેમ જવાય ?" પછી મહારાજે મોતૈયા લાડુની રસોઈ કરાવી અને સંતને જમાડ્યા. ત્યારે તે પોતાને ઘેર ગયા. પછી વાંસેથી વરસાદ ન થયો વાસ્તે અન્ન ન પાક્યું.

॥ ઈતિ ૮૦ એંસીની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૮૧ ની લીલા

✹ ગઢડામાં જન્માષ્ટમી ઉત્સવ ને કાળમાં ભક્તો દ્વારા સંતોનો નિભાવ :

પછી એકાશિયો કાળ પડ્યો. ત્યારે દાદા ખાચરે આવીને શ્રીજીમહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! કાળ પડ્યો છે, તે સાધુને આંહીં રાખો ને દાણા ઘણાય છે." એમ કહીને સંતને રાખ્યા. પછી જ્યારે જન્માષ્ટમીનો સમૈયો આવ્યો, ત્યારે દેશદેશના હરિભક્ત આવ્યા. તેમણે શ્રીજીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! અમારે તો બે કોરનો કાળ થયો જે, એક તો કાળ પડ્યો ને બીજો કાળ એ જે, સાધુ નહિ આવે." ત્યારે શ્રીજી બોલ્યા જે, "જેને જેટલા સાધુ જોઈએ તેટલા લઈ જાઓ." ત્યારે દેશદેશના હરિભક્ત તેમણે જેને જેટલા જોઈતા હતા, તેટલા સાધુનું અન્ન-વસ્ત્ર બારે મહિના સુધી પૂરું કરવાની પ્રતિજ્ઞા કરીને લઈ ગયા.

✹ ગઢપુરથી વડતાલ પધારી પ્રબોધની સમૈયો કર્યો :

અને શ્રીજી તો ત્યાં જન્માષ્ટમી તથા દશેરાનો સમૈયો કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ ગયા. ત્યાં રાત રહી **કુંડળ** ગયા ને ત્યાં પાંચ પાંચ સંતની મંડળી બાંધી. અને એમ બોલ્યા જે, "જે ગામમાં પાંચ સાધુની મંડળી જાય ત્યાં બીજા સંતને જાવું નહીં." એમ કહીને પોતે ચાલ્યા, તે ગામ **કમિયાળે** ગયા. ત્યાં થોડીક વાર ટકીને **નાનીબોરુ** ગયા. ત્યાં અખંડાનંદસ્વામી આગળથી આવ્યા હતા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તમારા ગામમાં ઊતરીએ ?" ત્યારે તેમણે કહ્યું જે, "સુખેથી ઊતરો." ત્યારે મહારાજ ત્યાં રહ્યા. પછી તે ગામના બ્રાહ્મણ હરિભક્તે મહારાજ સારુ થાળ કરીને જમાડ્યા ને બીજાને શીરો કરીને જમાડ્યા. મહારાજે અખંડાનંદસ્વામીને થાળ આપ્યો. અને મહારાજ ત્યાંથી **બુધેજ** ગયા.

અને ત્યાં રાત રહીને બીજે દિવસ **વડતાલ** ગયા. પછી એકાદશીને દિવસ ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા ને દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે ચંદન-પુષ્પ, વસ્ત્ર-અલંકાર વતે પૂજ્યા એવા જે શ્રીજીમહારાજ, તે પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં ઘણીવાર બેસીને ગામમાં પધાર્યા. સાંજને સમે મંદિરને વાંસે સભા કરીને વિરાજમાન થયા ને હરિભક્તે પૂજા કરી ને પોતે પોઢવા પધાર્યા. અને બારશને દિવસ પોતે જમીને સંતને પીરસીને જમાડ્યા.

પછી દેવદિવાળીને દિવસ સાંજને સમે સભાને વિષે વિરાજમાન થયા ને પોતાના એકાંતિક ભક્તે સોનેરી સુરવાળ ને ડગલી પહેરાવ્યાં, ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો, ને હાથને વિષે સોનાનાં કડાં ને સાંકળાં પહેરાવ્યાં. પછી મંદિરને ચારેકોર દીવા કરાવ્યા, ને ચોકને વિષે દીપમાળા કરી. તેમાં પોતે વિરાજમાન થયા. અને સંત ભેળા પોતે ફરીને કીર્તન ગાયાં, ને ઝાઝી રાત ગઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા. એવી રીતે ત્યાં પ્રબોધનીનો સમૈયો કર્યો.

✺ વડતાલથી આમોદ, બુવા વગેરે ગામ થઈ સુરત પધાર્યા :

પછી દેવદિવાળીનો ઉત્સવ કરીને સુરત જવા તૈયાર થયા. તે ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોચાસણ** કાશીદાસને ઘેર રાત રહ્યા. ત્યાંથી ગામ **દેવાણ** પધાર્યા ને દરબારમાં ઊતર્યા ને ત્યાં થાળ જમ્યા. ત્યાંથી ગામ **કારેલી** રાત રહ્યા. ત્યાંથી ગામ આમોદને માર્ગે ચાલ્યા. પછી મહારાજ બોલ્યા જે, "સુરતના સત્સંગી બહુ રાજી થાશે." પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "કાંઈ રાજી નહિ થાય." પછી શ્રીજી બોલ્યા જે, "અમે પધારીએ છીએ તે કેમ રાજી નહિ થાય ?" પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "બહુ રસોઈયોનો સામાન ભેળો કર્યો છે, તે સાધુ વિના રાજી નહિ થાય." પછી શ્રીજી બોલ્યા જે, "ત્યારે તો સાધુને તેડાવો."

પછી તે સમે મહાનુભાવાનંદસ્વામીએ માધવદાસ નામે સાધુને ચરણારવિંદ આપવાનું કરીને સાધુને તેડવા મોકલ્યા. પછી સાધુ તો શ્રીજીને કેડે આવતા હતા તેને તેડી લાવ્યા. પછી સર્વે સંત સહિત શ્રીજી **આમોદ** પધાર્યા ને શેઠ હરજીવનને ઘેર ઊતર્યા. પછી એમણે કહ્યું જે, "હે મહારાજ ! આજ પધાર્યા તે બહુ સારું થયું." અને મહારાજને રાખવાની ઘણી તાણ કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે સાધુને જમાડજો, અમે તો બુવે જઈને જમશું." એમ કહીને ગુલાબ મોટાના ઉતારાની મેડી ઉપર થોડીક વાર પોઢ્યા.

પછી ત્યાંથી પોતે અસવારી સહિત ચાલ્યા, તે માર્ગમાં એક વિસામો આવે છે, ત્યાં પોતે ઘોડેથી ઊતરીને હરિજને આસન નાખ્યું તે ઉપર વિરાજમાન થયા. ત્યાં હરજીવન શેઠે બરફી તથા દૂધ-પેંડા લાવીને મહારાજની આગળ મેલ્યાં તથા મમરા લાવ્યા. મહારાજે તે અસવાર તથા પાળાને આપ્યા. ને એમ બોલ્યા જે, "આ જગ્યા બહુ સારી છે, વાસ્તે આંહીં એંધાણ કરજો." એમ હરજીવન શેઠને કહ્યું. પછી એમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને ગામ **બુવે** પધાર્યા ને તળાવથી ઓતરાદિ તરફ વડ તળે સભા કરીને બેઠા. ત્યાં જીવના કલ્યાણની ઘણીક વાર્તા કરી. પછી ગુલાબ મોટાના ઘરમાં પોતાના એકાંતિક ભક્તે થાળ કર્યો તેને પોતે જમ્યા અને પોતાના એકાંતિક ભક્તને આનંદ આપતા થકા પોતે મેડી ઉપર પોઢ્યા.

પછી થોડીક વાર પોઢીને ડેલીમાં આવીને બેઠા. ત્યાં માણસની ભીડ બહુ થઈ ત્યારે ગામમાં મહાદેવના મંદિરના સમીપમાં મોટો ચોતરો હતો, તે ઉપર વિરાજમાન થયા. ત્યાં મોટી સભા થઈ ત્યારે **'પ્રત્યક્ષ ભગવાનના સબંધે કરીને જીવનું કલ્યાણ સુગમ થાય છે, એવું બીજે સાધને કરીને નથી થાતું.'** એ આદિક ઘણીક વાત કરી. ત્યારે કેટલાક

માણસ વર્તમાન ધારીને મહારાજનું ભજન કરવા લાગ્યા. પછી વાંસેથી જે સાધુ આમોદ જમવા રહ્યા હતા, તે પણ ત્યાં આવ્યા. ત્યાર કેડે રાત્રીને સમે શ્રીજીમહારાજ ગુલાબ મોટાની મેડીને વિષે પોઢવા પધાર્યા.

પછી સવારના પહોરમાં ઊઠીને ડેલીમાં આવીને વિરાજમાન થયા. ત્યારે પોતાનો સેવક માણકી ઘોડી લઈને આવ્યો. ત્યારે કાનદાસ બોલ્યા જે, "હે મહારાજ ! એક ઘર પ્રસાદી વિનાનું રહી ગયું." ત્યારે પોતે હસતા થકા ત્યાં પધાર્યા ને પોતાના ભક્તજનને આનંદ આપ્યો.

પછી ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ગામ **કેલોદ** પધાર્યા. ત્યાંના હરિભક્તને રાજી કરતા થકા ટીમણ કરીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભરૂચ** ગયા. ત્યાંના હરિભક્તે સામા જઈને ગાજતેવાજતે રાજમાર્ગે થઈને ગામમાં પધરાવ્યા. પછી ત્યાં નર્મદા નદીને કાંઠે પીપળા તળે ચોતરા ઉપર વિરાજમાન થયા. પછી સંઘે સહિત નર્મદા નદી ઊતરીને **અંકલેશ્વર**ને પાદર વાવ ઉપર પોતે રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **ચોકી** થઈને ગામ **કોહાર** પધાર્યા ને કૂવા ઉપર રાત્રી રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે ગાડિયા આરે નદી ઊતરીને **રૂસ્તમબાગ**માં ઊતર્યા. અને ભિખારીદાસની દીકરી મહાલક્ષ્મીબાઈએ થાળ કર્યો તે જમ્યા ને ત્યાં રાત્રી રહ્યા.

બીજે દિવસ સવારના પહોરમાં આંબલી તળે મુક્તાનંદસ્વામીના આસને પધાર્યા. તેવામાં વાંસે સંત હતા, તે મહારાજને આવીને પગે લાગ્યા. ત્યારે તેમને માથે હાથ મેલીને 'ભલે આવ્યા !' એમ કહ્યું. પછી ત્યાંથી ઊઠીને ધર્મશાળામાં પાટ ઉપર વિરાજમાન થયા. પછી ત્યાં સંતને લાડુ પીરસ્યા.

✺ સુરતમાં ભક્તોને ઘેર પધરામણી કરી :

પછી સાંજને સમે સુરતના અરદેસર શેઠ નાના પ્રકારના વેશવાળી પલટણ લઈને આવ્યા. અને મહારાજના આગળ તેનાતમાં(સેવાચાકરી

માટે હજૂરમાં) ચાલ્યા. તથા ગિરધરલાલ, દયારામ, પુરુષોત્તમ કણિયા તથા અંબારામ મહેતા આદિ સર્વ હરિભક્તે નાના પ્રકારનાં વાજાં લઈને શ્રીજીને સન્મુખ આવીને ગાજતેવાજતે પોતાના પુરમાં પધરાવ્યા. ને લાલકૃષ્ણની વાડીમાં બજાર ઉપર અરદેસર શેઠના બંગલાને વિષે ઊતર્યા.

અને સર્વે ભક્તજન ચંદન, પુષ્પ ને અલંકારે કરીને શ્રીજીને પૂજતા હવા. અને શ્રીજી પોતાના ભક્તના મનોરથ પૂરણ કરવાને અર્થે તે ભક્તને ઘરે થાળ જમવા પધાર્યા ને જમીને મંદિરમાં પધાર્યા. અને કૂવાના સમીપમાં ટાંકા ઉપર ઓરડીમાં ઠાકોરની સેવા(પૂજાપેટી) હતી. તેમાં લાલજી હતા, તેને પોતે હાથમાં લીધા ને એમ બોલ્યા જે, "આ લાલજી બહુ પ્રતાપી છે."

ત્યારે હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! ઠાકોરજીને મંદિર બહુ સાંકડું છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આંહીં તો ભારે શિખરબદ્ધ મંદિર થાશે ને તેમાં મોટા ઠાકોર આવીને બેસશે." એ વાત સાંભળીને સર્વે હરિભક્ત રાજી થયા. પછી હરિભક્ત પ્રત્યે મહારાજ એમ બોલ્યા જે, "આસપાસથી જાયગા મળે તો લેજો." એમ કહીને પોતાને ઉતારે રૂસ્તમબાગમાં પધાર્યા.

✵ સુરતમાં સંતો સામે શાસ્ત્રીઓ તથા ગવૈયાનો પરાભવ :

પછી એક દિવસ ગામના શાસ્ત્રી મહારાજ પાસે ચર્ચા કરવા આવ્યા. ત્યારે વ્યાકરણની ચર્ચાનું પ્રકરણ નીકળ્યું. ત્યારે ભગવદાનંદસ્વામી, આત્માનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, જોગાનંદસ્વામી તથા સેવાનંદ સ્વામી એ આદિક ભણનારા તે ચર્ચા કરવા માંડ્યા. તેમાં તેમણે પૂછ્યા એવા જે સર્વે પ્રશ્ન તેના ઉત્તર સાધુએ કર્યા. અને સાધુએ પૂછ્યા જે પ્રશ્ન, તેના ઉત્તર શાસ્ત્રીઓથી થયા નહીં. પછી તેમને ને રગનાથ શાસ્ત્રીને ચર્ચા થાવા માંડી. તેમાં તેમણે પૂછ્યા જે પ્રશ્ન તેના રગનાથ

શાસ્ત્રીએ તરત ઉત્તર કર્યા ને રગનાથ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યા, તેનો તે શાસ્ત્રી લોકોથી ઉત્તર ન થયો. ત્યારે શ્રીજીમહારાજ રગનાથ શાસ્ત્રી ઉપર રાજી થયા ને માથે હાથ મેલ્યા.

પછી બીજે દિવસ ગામના ગવૈયા વાજાં લઈને ગાવણું કરવા આવ્યા, તે ગાવા માંડ્યું. ત્યારે મહારાજે પ્રેમાનંદસ્વામીને કહ્યું જે, "તમે રાગણીની આલાપચારી કરો." ત્યારે તેમણે આલાપચારી કરી ને ધ્રુપદ ગાવા માંડ્યું. ત્યારે તેમનાં વાજાં બંધ થઈ ગયાં. પછી શ્રીજીમહારાજે પોતાના કંઠમાંથી હાર ઉતારીને પ્રેમાનંદસ્વામીને આપ્યા ને માથે હાથ મેલ્યા અને તે ગામના ગવૈયાને બે રૂપિયા અપાવ્યા. પછી બીજે દિવસ પ્રજ્ઞાનંદસ્વામી ને ગોવિંદસ્વામી પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં ને તેમને રાજી થઈને હાર આપ્યા ને છાતીમાં ચરણારવિંદ દીધાં.

પછી એક દિવસ સુરા ખાચરે શ્રીજીમહારાજ પાસે આવીને રાવ કરી જે, "અમારે આ ગામમાં નાવા-ધોવાનું બહુ દુઃખ પડે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "દાદા ખાચર સારુ ને સુરા ખાચર સારુ બે ખાડા કરાવી આલો."

✷ સુરતના નવાબને દિવ્ય દર્શન અને ભગવત્સ્વરૂપનો નિશ્ચય :

ત્યાર કેડે શ્રીજીમહારાજ નવાબ સાહેબને ત્યાં પધાર્યા. ત્યારે નવાબ સાહેબે સામા આવીને સત્કારપૂર્વક શ્રીજીમહારાજને તખત ઉપર પધરાવ્યા. અને મહારાજ ભેળા કાઠી લોક હતા, તે સલામ કરીને ખુરશી ઉપર જઈને બેઠા. સંત હતા તે સુંદર આસન પાથર્યું હતું, તે ઉપર બેઠા ને ઝીણાભાઈ આવીને સલામ કરીને પાછે પગે હઠીને કચેરીની રીત પ્રમાણે બેઠા.

ત્યારે નવાબ સાહેબ બોલ્યા જે, "કચેરી કે બેઠનેવાલે તો એક હી આદમી હે." અને સુખસ્વામી પગ ઉપર પગ ચડાવીને બેઠા. ત્યારે એક ઘયડો ચોપદાર હતો, તે પગે લાગ્યાના મિષે કરીને પગ

હેઠો ઉતરાવ્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ તો સર્વે ડુંગરી રાજા(ઉપજમાં કોઈનો ભાગ ન હોય તેવા કેવળ મહેસુલ હક્કવાળા ગામના) છે." એમ કહીને યોગીની વાત કહી જે, "જે માર્ગમાં લોક સૂતા છે, તે માર્ગમાં યોગી જાગે છે ને જે માર્ગમાં યોગી સૂતા છે તે માર્ગમાં લોક જાગે છે." એ અંગની ઘણીક વાર્તા કરી અને પોતાનું દિવ્ય સ્વરૂપે કરીને નવાબ સાહેબને દર્શન દીધું ને પોતાના સ્વરૂપને વિશે ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો.

ત્યારે નવાબ સાહેબે હીરા, મોતી, સુવર્ણ આદિકના અલંકાર તથા ભારે વસ્ત્ર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી અને કાઠી લોકોને ગુલાબનું પાણી, અત્તર તથા પાનબીડાં આપ્યાં. પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા ત્યારે નવાબ પોતાના દરવાજા સુધી વળાવવા આવ્યા ને મહારાજ પોતાના મુકામમાં આવ્યા.

✹ અરદેશર શેઠે પોતાને બંગલે પધારેલ શ્રીહરિની સ્તુતિ-પૂજા કરી :

पछे बिजे दिवसे अरदेशर शेठना साहिबाना
बंगलामां पोते पधार्या ने भारे कोच हती ते उपर विराजमान
थया ने श्रीजिमहाराजना मुखारविंदने आगळ्य सर्वे संत
तथा हरिभक्त निसभा भराइने बेठि हति ते समयमां श्रीजि
महाराजे जिवना कल्याणनि घणिक वार्ता करिने पोते एम बोल्या
जे अक्षरधाममां भगवाननि मुर्ति छे ते मांने आ मुर्तिमां अणु
मात्र फेर नथि त्यारे अरदेशर शेठ बोल्या जे हे महाराजकृपणएम
जसमकुंछुं एम कहिने श्रीजिमहाराजनि स्तुति करिने एम
कह्युं जे आ बावाने आ बाबा आविने तमारा धाममां तेडि जाज्यो त्यारे
महाराज बोल्या जे बेफकर रहेजो अमे ने तमे अक्षरधामने
विशे भेळा रहिशुं एम कहिने संत पासे किरतन गवराव्यां

પછી બીજે દિવસ અરદેશર શેઠના વાડીવાળા બંગલામાં પોતે પધાર્યા ને ભારે કોચ(છપરપલંગ) હતો, તે ઉપર વિરાજમાન થયા. ને શ્રીજીમહારાજના મુખારવિંદને આગળ સર્વે સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં શ્રીજીમહારાજે જીવના કલ્યાણની ઘણીક વાર્તા કરીને પોતે એમ બોલ્યા જે, **"અક્ષરધામમાં ભગવાનની મૂર્તિ છે, તેમાં ને આ મૂર્તિમાં અણુમાત્ર ફેર નથી."**

ત્યારે અરદેશર શેઠ બોલ્યા જે, "હે મહારાજ ! હું પણ એમ જ સમજુ છું." એમ કહીને શ્રીજીમહારાજની સ્તુતિ કરીને એમ કહ્યું જે, "આવા ને આવા આવીને તમારા ધામમાં તેડી જાજ્યો." ત્યારે મહારાજ બોલ્યા જે, "બેફિકર રેજો, અમે ને તમે અક્ષરધામને વિશે ભેળા રહેશું." એમ કહીને સંત પાસે કીર્તન ગવરાવ્યાં.

પછી એ ઠેકાણે શેઠે મહારાજની ચંદન-પુષ્પ તથા વસ્ત્ર-અલંકાર વતે કરીને પૂજા કરી અને આરતી ઉતારીને સર્વે સંતને પુષ્પના હાર પહેરાવ્યા, ને માર્ગને વિશે બે કોર ગાડદ(લશ્કર)ની પલટણ ઊભી રાખી, ને હજારો મશાલો કરાવી, ને મહારાજને પોતાના ઉતારા પ્રત્યે પહોંચાડ્યા. અને મહારાજ આવીને પોઢી ગયા.

✹ એરણ સાહેબ ને જવન સાહેબને દિવ્ય દર્શન ને નિશ્ચય

અને બીજે દિવસ એરણ સાહેબ તથા જવન સાહેબ તેમણે પોતાને બંગલે પધરાવ્યા. ટોપીઓ ઉતારીને શ્રીજીને પગે લાગ્યા ને ખુરશી ઉપર પધરાવીને રૂડે પ્રકારે સન્માન કરીને બહુ જ ખુશી થયા. અને અતિ સ્નેહે કરીને વારંવાર મૂર્તિને નીરખીને મને કરીને મળ્યા. પછી શ્રીજીમહારાજ પ્રત્યે એમ બોલ્યા જે, "ડભાણમાં મળ્યા ત્યારે તમે જવાન હતા ને હમણાં તમે ઘરડા થઈ ગયા." એમ કહીને આંખોમાં હેતનાં આંસુ આવ્યાં. પછી મહારાજને કહ્યું જે, "તમે માંહિલીકોર પધારો !"

એમ કહીને મહારાજને માંહિલી તરફ પધરાવ્યા. ત્યારે તેમની મેઢમો દર્શન કરવા આવી ને છેટે ઊભી રહી.

ત્યારે સાહેબે મેઢમોને કહ્યું જે, "જેને બ્રહ્મ કહે છે તે જ આ સ્વામિનારાયણ છે." ત્યારે મહારાજ તેમને દિવ્ય સ્વરૂપે દર્શન દઈને પોતાને વિશે ભગવાનપણાનો નિશ્ચય કરાવીને તેમના ચિત્તની વૃત્તિઓને પોતાની મૂર્તિને વિશે આકર્ષણ કરતા થકા ત્યાંથી પોતાના મુકામમાં આવ્યા. અને સુરતના હરિજને નવ દિવસ પર્યંત સંતને નવી નવી રસોઈઓ કરીને જમાડ્યા ને શ્રીજીને પ્રસન્ન કર્યા.

✹ રૂસ્તમબાગમાં અરદેસર શેઠને પાઘ આપીને સુરતથી પ્રયાણ :

પછી શ્રીજીમહારાજ ત્યાંથી ગાજતેવાજતે ચાલ્યા, તે પાછા રૂસ્તમબાગમાં વિરાજમાન થયા. ત્યાં પ્રસન્ન થઈને અરદેસર શેઠને પોતાની પાઘ આપીને તેને મળ્યા. તે સમયમાં સુરતના હરિભક્તે શ્રીજીમહારાજને પાઘ બંધાવી. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કોહાર**માં રાત રહ્યા. ત્યાં આનંદસ્વામીએ દૂધની બાટી ને રીંગણાનું ભરથું જમાડ્યું.

પછી ત્યાંથી ગાડીએ બેસીને ચાલ્યા ને માર્ગમાં શુકસ્વામીને ગાડીમાં બેસાર્યા. અને આગે જાતા શ્રીજીમહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "તમારી પાસે જમવાનું છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "સાથવો છે." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો." ત્યારે સાથવો ને સાકર આપી, તેને થાળીમાં ચોળીને પોતે જમ્યા ને તે પ્રસાદી સંતને આપી. પછી કીમ નદીમાં જઈને પોતે નાયા ને ખીચડી જમ્યા ને સંતે પણ ત્યાં ટીમણ કર્યાં.

✹ અંકલેશ્વરમાં જાતે ઘી લાવીને સંતોને ઘીવાળી ખીચડી જમાડી :

પછી ત્યાંથી ચાલ્યા, તે **અંકલેશ્વર** વાવ ઉપર રાત રહ્યા. પછી મહારાજ બોલ્યા જે, "રસોઈ કરો." ત્યારે સંતે કહ્યું જે, "પાણી લાવવાનાં ઠામ નથી." ત્યારે પોતે બોલ્યા જે, "ઠાકોરજી તુંબડાનું

પાણી શું નથી પીતા ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ઠાકોરજી તો તુંબડાનું પાણી પીયે છે." ત્યારે સંત ચોખાં તુંબડાં લઈને પાણી ભરી આવ્યા ને રસોઈ કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "પાંત(પંક્તિ) કરો." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી ઘી લેવા ગયા છે, તે આવ્યા નથી."

ત્યારે પોતે બોલ્યા જે, "એ તો સુંઘુંમુંઘુ(સોંઘુંમોંઘું) કરવા રહ્યા હશે, તે વહેલા નહિ આવે." એમ કહીને પોતે મશાલદારનો હાથ ઝાલીને દોડ્યા, તે કોઈ વાંસે પૂગ્યા નહીં. ને જ્યાં બ્રહ્માનંદસ્વામી ઘી લેતા હતા ત્યાં ગયા. ને પોતે બોલ્યા જે, "સાધુ સારુ લેવું તેમાં સુંઘું-મુંઘું કરવું નહીં." એમ કહીને પાળાને કહ્યું જે, "આ કુડલું ઉપાડી લો ને જે માગે તે આલજ્યો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અણતોળ્યું લઈ જઈને જે માગે તે આલો તેનો તમને કોઈ ઠબકો દે નહીં, ને અમને તો સર્વે ઠબકો દે." એમ કહ્યું. ત્યારે પોતે હસતા થકા ઘી લઈને ઉતારા ઉપર આવ્યા અને સંતને ઘી ને ખીચડી જમાડી.

✵ નર્મદા ઊતરી ભરુચમાં મંદિર કરવાની આજ્ઞા કરી :

પછી ત્યાંથી ચાલ્યા, તે **નર્મદા**માં નાહીને તેને કાંઠે બે કલાક બેઠા ને ઘોડાંને વહાણમાં ચડાવવા માંડ્યાં. ત્યારે જીભાઈની ઘોડીએ માથું હલાવવા માંડ્યું. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "ઘોડી એમ કહે છે જે, ભાલ દેશમાં ખારું પાણી પીવા નહિ આવું." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમારી ઘોડીને પ્રથમ ચડાવો." ત્યારે તેમણે કહ્યું જે, "માણકી પણ નહિ ચડે." ત્યારે મહારાજે પાળાને કહ્યું જે, "અસવાર થઈને વહાણમાં ચડાવો." ત્યારે અસવાર થયા ત્યારે તરત વહાણમાં ચડી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "કેતા હતા ને કે માણકી ન ચડે !" ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "બે હજાર રૂપિયા ઠાણમાંથી(વછેરી ગર્ભમાં હોય ત્યારથી) આપીએ છીએ, તે જાતના આપીએ છીએ."

ત્યારે પોતે હસ્યા ને વહાણે બેસીને નર્મદા નદીને ઊતર્યા અને વહાણના હાંકનારાને પોતે શિરપાવ આપ્યો ને સંત પણ વહાણે બેસીને ઊતર્યા. ને સર્વે **ભરુચ** પહોંચ્યા.

અને ત્યાંના(ભરુચના) હરિભક્ત સામૈયુ લાવ્યા તે ગાજતેવાજતે મોટી બજારમાં થઈને ભૃગુઋષિના આશ્રમને સમીપે આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "આંહીં બલીએ યજ્ઞ કર્યો હતો ને વામનજી આવ્યા હતા. વાસ્તે તમે આંહીં અમારું મંદિર કરજો. અમે મૂર્તિઓ પધરાવવા આવીશું."

પછી આનંદસ્વામીએ મંદિર કર્યું ને મૂર્તિઓની પ્રતિષ્ઠાનો સમય થયો, ત્યારે બોલ્યા જે, "મને મહારાજે કહ્યું હતું જે, હું પ્રતિષ્ઠા ઉપર આવીશ ને કેમ ના આવ્યા ?" ત્યારે પોતે દિવ્ય દેહે કરીને આવ્યા ને મૂર્તિઓની પોતાને હાથે પ્રતિષ્ઠા કરી. અને **આનંદસ્વામીને કહ્યું જે, "હું તો તમ જેવા સાધુથી પળમાત્ર છેટે રહેતો નથી."** એમ કહીને પોતે અદૃશ્ય થઈ ગયા. આ વાત પ્રકરણવશાત લખી છે.

✵ ભરુચથી વિચરણ કરતા ખંભાત પધાર્યા :

પછી પોતે શહેર બહાર નીકળીને સંતને ફરવા મોકલ્યા. ત્યાંથી **કેલોદ** પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા, તે **આમોદ** આવ્યા, ને શેઠ હરજીવનને ઘેર ઊતર્યા. તેમણે પાકી રસોઈની તાણ કરી. ત્યારે મહારાજ બોલ્યા જે, "એમને(સાથેના સ્વારોને) દહીં, રોટલા ને ખીચડી કરીને જમાડો તો તે બહુ રાજી થાય." ત્યારે તેવી રસોઈ કરીને જમાડી ને પોતે દીનાનાથ ભટ્ટને ઘેર મેડા ઉપર જમવા પધાર્યા. જમીને શેઠ હરજીવનની મેડીને વિશે રાત રહ્યા. સવારમાં ચાલ્યા, તે ગામ **કારેલી** આવ્યા. ત્યાંથી **બદલપર** રાત રહ્યા. પછી ત્યાંથી **ખંભાત** પધાર્યા ને **નારેશર**ના(નારેશ્વર મહાદેવની) સમીપમાં ઊતર્યા.

✵ ખંભાતમાં મંદિર કરવાની આજ્ઞા :

ત્યાં સર્વ હરિજન દર્શન કરવા આવ્યા ને તેમણે શ્રીજીમહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી, ને બરફી, દૂધ-પેંડા આદિક ભેટ મેલીને પગે લાગ્યા. પછી દામાલાલ, સદાશિવ વ્યાસ તથા શેઠ પ્રાણવલ્લભ એ આદિક સર્વે હરિભક્તો મહારાજ પ્રત્યે બોલ્યા જે, "અમારા ગામમાં પધારો ને અમારાં ઘર પાવન કરો." ત્યારે પોતે ઘોડે ચડીને તેમને ઘેર પધાર્યા ને તેમણે કરી જે સેવા તેને પોતે અંગીકાર કરી.

પછી ચાલ્યા, તે રાણીચકલે આવ્યા ને કહ્યું જે, "આંહીં સાધુનું મંદિર છે ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "મંદિર નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "આ ચોગાન સારું છે, આંહીં મંદિર કરજો ને નાની મૂર્તિઓ પધરાવજો." એમ કહીને પાછા ઉતારે પધાર્યા.

✵ ધોલેરામાં થાળ જમી ભક્તોને મનમાન્યું જમાડ્યું :

અને ત્યાંથી-ખંભાતથી ચાલ્યા, તે ગામ **ગુડેલ** પધાર્યા ને જીભાઈની મેડીને વિશે ઊતર્યા. ત્યાં પોતે રીંગણાનું શાક ને બાટીઓ પોતાના હાથે કરીને જમ્યા. ને પોતાના પાર્ષદને પ્રસાદી આપી. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "આવું શાક, ભજિયાં ને વડાં જમાડો તો બહુ સારું." ત્યારે મહારાજ બોલ્યા જે, "કાલ તમને એટલાં વાનાં જમાડીશું." એમ કહીને પુજાભાઈની બોનને સમાધિમાં દર્શન દીધાં ને એમ કહ્યું જે, "અમારા થાળમાં ભજિયાં, વડાં તથા રીંગણનું શાક કરજો. અમે કાલ આંહીં આવીને જમશું."

પછી ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ ધોલેરે પધાર્યા ને પુજાભાઈને ઘેર ઊતર્યા ને તરત મહારાજને જમવા સારુ બોલાવ્યા. ત્યારે જેટલાં વાનાં સમાધિમાં કહ્યાં હતાં, તેટલાં વાનાં થાળમાં જોઈને પોતે હસ્યા ને જમીને સુરા ખાચરને જેટલાં વાનાં માગ્યાં હતાં, તેટલાં વાનાંની પ્રસાદી આપી ને બીજા પાર્ષદ હતા, તેમને પણ તે પ્રસાદી આપી.

✵ ગઢડામાં મોટેરા સંતોને વાસુદેવની મહાદીક્ષા આપી :

પછી ત્યાં એક દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી**એ ગયા. ત્યાં રાત રહીને **ગઢડે** પધાર્યા. અને એક સમયને વિશે મોટેરા સંત હતા, તેમને શ્રીજીમહારાજ વાસુદેવની મહાદીક્ષા દેતા હવા. તેનો વિધિ અક્ષરઓરડીના ચોકમાં વેદિ કરાવીને સર્વેને શ્વેત વસ્ત્ર પહેરાવીને બે ઊંચા હાથ રખાવીને સર્વેને ઊભા રાખ્યા. ત્યારે દીક્ષા દેનાર વેદિયા બ્રાહ્મણે કહ્યું જે, "રૂપ ને વયની વિક્તિ સહિત સ્ત્રીનું મુખ દેખાય તો ઉપવાસ કરવો." ત્યારે સર્વ દીક્ષાવાળા બોલ્યા જે, "બાઢમ(ભલે.)" ત્યારે મહારાજ મંદમંદ હસ્યા.

✵ શ્વેતધર્મી સંતોની નામાવલી :

પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "આ તો ધોળાં લૂગડાં, કોળી લૂંટી લેશે." ત્યારે મહારાજે કહ્યું જે, "દીક્ષા પૂરી થઈ રહ્યા કેડે મોરે જેવાં વસ્ત્ર પહેરતા તેવાં પહેરજો." એમ કહીને પોતે જમવા પધાર્યા ને સર્વે શ્વેતધર્મીને થાળની પ્રસાદી આપી. અને એમ બોલ્યા જે, "જેને દોરનાર હોય તે સર્વે શ્વેતધર્મ રાખો." તે જેણે શ્વેતધર્મ લીધો તેનાં નામ : ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, અખંડાનંદ, આત્માનંદ, ભગવદાનંદ, યોગાનંદ, શિવાનંદ, કૃષ્ણાનંદ, નિર્માનાનંદ, નિષ્કામાનંદ, પ્રજ્ઞાનંદ, પ્રજ્ઞાનાનંદ, ક્ષેત્રજ્ઞાનંદ, પુરુષોત્તમાનંદ, મંજુકેશાનંદ, ભૂધરાનંદ, રામાનંદ, વાસુદેવાનંદ, અભેદાનંદ, ત્રિગુણાતીતાનંદ, સુપર્ણાનંદ, નિર્મળાનંદ, હરિહૈયાનંદ, ગોવિંદાનંદ, બાલમુકુંદાનંદ, અદ્‌ભુતાનંદ, લક્ષ્મણાનંદ, જગદીશાનંદ, કપિલેશ્વરાનંદ, બદ્રિનાથાનંદ, અમોઘાનંદ, વૈષ્ણવાનંદ, ધ્યાનાનંદ, અશોકાનંદ, વૈરાગ્યાનંદ, જ્ઞાનાનંદ, પૂર્ણાનંદ, સૂર્યાનંદ,

નરનારાયણાનંદ, વાસુદેવાનંદ, મહાપુરુષાનંદ, શ્રીગુરુચરણરતાનંદ, વૈષ્ણાનંદ, ગોવિંદાનંદ, અદ્‌ભુતાનંદ, શિવાનંદ, અનંતાનંદ, અરૂપાનંદ, પતિતપાવનાનંદ, વ્યાપકાનંદ, સર્વજ્ઞાનંદ, સર્વનિવાસાનંદ, વિરક્તાનંદ, ગુણાતીતાનંદ, પરમહંસાનંદ, ચિન્મયાનંદ, ચિદ્રૂપાનંદ, અમૂર્તાનંદ, નિર્લોભાનંદ, સ્વયંપ્રકાશાનંદ, રાઘવાનંદ, નૃસિંહાનંદ - એટલા સાધુએ શ્વેતધર્મ લીધો છે, તેના નામ છે.

✹ દાદા ખાચરના વિવાહમાં ગામ જમાડ્યું :

પછી દાદા ખાચરને પરણાવવાનું પરિયાણ કર્યું. પછી સવારના પહોરમાં મહારાજ ભારે શોભાયમાન વસ્ત્ર પહેરીને ઓસરી ઉપર વિરાજમાન થયા. ત્યારે મોટીબાને પૂછ્યું જે, “તમારે પરણવા જાય ત્યારે શો વિધિ છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “ગામનો ગરઢેરો-મુખી,આગેવાન હોય તે ગામ જમાડે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “દાદા ખાચરથી કોણ ગરઢેરો છે ? વાસ્તે આપણે ગામ જમાડીએ.”

એમ કહીને તરત ગામમાં નોતરું ફેરવાવ્યું ને કંદોઈ પાસે શીરો કરાવવા માંડ્યો. અને સર્વેને જમવા બોલાવ્યા ત્યારે દરબારમાં સર્વે માણસ જમવા સારુ આવીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, “કંદોઈથી શીરો પૂરો થઈ શકશે નહીં. વાસ્તે તમે શીરો કરો.” ત્યારે નિત્યાનંદસ્વામીએ ગોળની બે કડાઈઓ ચડાવી ને શીરો કર્યો ને પીરસવા માંડ્યો. પછી એક પહોરમાં આખું ગામ જમાડી દીધું

પછી શ્રીજીમહારાજ દાદા ખાચરને પરણાવા ચાલ્યા. તે ગામ **માલપરા** રહ્યા ને ત્યાંથી **પીઠવડી** ગયા. ત્યાંથી **ભટવદર** ગયા ને ત્યાં દાદા ખાચરને પરણાવીને ચાલ્યા, તે ગામ **વાવેરે** આવ્યા. ત્યાંથી **ગોરડકે** આવ્યા ને ત્યાંથી **પીઠવડી** આવ્યા. ત્યાં પોતે જમ્યા ને સર્વેને જમાડ્યા. ત્યાંથી **માલપરે** આવ્યા, ત્યાંથી **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના ફૂલેકામાં પોતે ફર્યા ને સારી પેઠે ગાજતેવાજતે પોતે દરબારમાં પધાર્યા.

✹ ગઢડામાં વસંતપંચમી ઉત્સવ કર્યો :

અને એકાશિયાના મહા સુદી વસંત પંચમીને દિવસ સર્વે સાધુ તથા સર્વે હરિભક્તને પોતે રંગ-ગુલાલ નાખ્યો અને સંતે પણ શ્રીજીમહારાજને રંગ-ગુલાલ નાખ્યો. રંગે રમી રહ્યા કેડે પોતે સંતમંડળે સહિત ઘેલામાં નાવા પધાર્યા. ત્યાં બહુવાર સુધી જળક્રીડા કરીને બહાર નીસર્યા. ને શ્વેત વસ્ત્ર ધારણ કરીને ઘોડીએ ચડીને દરબારમાં પધાર્યા. ત્યાર કેડે પોતે જમીને સંતને લાડુ પીરસ્યા.

પછી સાંજને સમે સભા થઈ, ત્યારે પોતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી પાસે વસંતનાં કીર્તન ગવડાવ્યાં. ને આરતી-ધૂન થયા કેડે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી. પછી અધ્યાયની સમાપ્તિ થઈ ત્યાર કેડે પોતે પોઢવા પધાર્યા.

પછી પાંચ દિવસ રાખીને ભજનાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી તથા પૂર્ણાનંદસ્વામી તેમને ગુજરાતમાં ફરવા મોકલ્યા. અને નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ આદિક મોટેરા સાધુને પાસે રાખ્યા.

✹ ગઢપુરથી વિચરણ કરતા ફૂલદોલ ઉત્સવ કરવા શ્રીનગર પધાર્યા :

ને ત્યાં વસંતનો ઉત્સવ કરીને પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **સારંગપુર** તથા **વાગડ** થઈને ગામ **કંથારિયે** પધાર્યા અને શેઠ કાનજી શાહને ઘેર થાળ જમ્યા. રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા, તે **લીંબડી** થઈને ગામ **શિયાણી** પધાર્યા ને શિવરામ ભટ્ટને ઘેર ઊતર્યા. ત્યાં બે-ત્રણ રાત્રી રહીને ગામ **તાવી**એ ઠાકોર જેઠીભાઈના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં બે-ત્રણ રાત્રી રહીને ગામ **દેવળીએ** કેશાબા તથા તેના

પુત્ર ઠાકોર જાલમસિંહ તેમના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પોતાના એકાંતિક ભક્તને સુખ આપીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાપર**ના તળાવ ઉપર ઊતર્યા અને સર્વે સંત સહિત શ્રીજી તે તળાવને વિષે નાહીને, તે તળાવની દક્ષણાદિ પાળ ઉપર બેસીને માનસીપૂજા કરતા હવા.

તે એકાદશીને દિવસ ગામ શિયાણીના શેઠ ભીમા વોરાએ સર્વે સંતને ખજૂરનું ફળાહાર કરાવ્યું. અને તે ભક્તે નિષ્કામભાવે કરીને સેવ્યા તેણે કરીને તેના ઉપર બહુ રાજી થયા. અને ત્યાંથી તે ભક્તને પાછા વાળીને ગામ **દદુકે** પધાર્યા ને ઠાકોર અલુભાઈને ઘેર ઊતર્યા. તે ભક્તે દ્વાદશીને દિવસ સર્વે સંત સહિત શ્રીજીને શીરા-પૂરીની રસોઈ કરાવીને જમાડ્યા ને દહીં-દૂધની રેલમછેલ કરી.

પછી ત્યાંથી ગામ **મછિયાવ** પધાર્યા ને ઠાકોર બાપુભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પોતાના એકાંતિક ભક્ત એવા જે બાપુભાઈ તથા (તેમના બેન) બાઈસાહબા તેણે થાળ કરાવીને શ્રીજીને જમાડ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી ત્યાંથી ગામ **કુવારજ** થઈને તથા **સાણંદ** થઈને **શ્રીનગર** પધાર્યા.

શ્રીનગરના ભક્તે છત્રીસ પ્રકારનાં વાજાં લઈને સન્મુખ આવીને ગાજતેવાજતે ખાનપરે દરવાજે થઈને શહેરમાં રાજબજાર સોંસરા થઈને મંદિરમાં પધરાવ્યા. અને ફૂલડોલના ઉત્સવ ઉપર શ્રીજીને દર્શને દેશદેશથી હરિભક્ત આવ્યા. તે ઉત્સવને દિવસ સર્વે સંત તથા હરિભક્ત સાથે રંગ રમીને પછી તે રંગભર્યા એમ ને એમ નારાયણ ઘાટે નાવા પધાર્યા. સર્વ સમાજ સહિત સાબરમતીમાં નાહીને પાછા નરનારાયણના મંદિરમાં વિરાજમાન થયા. તે સમે સર્વ ભક્તજન ચંદન-પુષ્પના હાર તથા વસ્ત્ર-અલંકારે કરીને શ્રીજીને પૂજતા હવા.

✺ શ્રીનગરમાં નટ રમાડીને તેની જેમ હરિમાં અખંડવૃત્તિ રાખવા કહ્યું :

એક દિવસ (મહારાજ) લીંબડા તળે ઓટા ઉપર વિરાજમાન થયા હતા અને સર્વ સંત એકાગ્ર દૃષ્ટિ કરીને શ્રીજીનાં દર્શન કરતા હતા. તે સમે નટ શ્રીજીની આજ્ઞાએ કરીને રમવા લાગ્યા. તેમની એકાગ્રવૃત્તિ જોઈને શ્રીજી સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, **“જેમ આ નટ પેટને અર્થે એકાગ્ર ચિત્ત થઈને રમે છે, તેમ ભગવાનના ભક્તને ભગવાનને વિષે વૃત્તિ રાખવી.”**

એવી રીતે ઘણીક વાર્તા કરી ને એ નટની રમતને જોઈને તેમના ઉપર પ્રસન્ન થઈને મોજ આપી. એવી રીતે શ્રીનગરને વિષે રહીને લીલા કરી અને ભક્તજનને સુખ આપ્યું.

✺ વડતાલ રામનવમી ઉપર સીતારામજીને જનોઈ દીધી :

પછી ત્યાંથી ગામ **અશ્લાલી** પધાર્યા. ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં વિરાજમાન થયા. ત્યાં રાત્રી રહીને **વડતાલ** પધાર્યા. રામનવમીના ઉચ્છવ ઉપર શ્રીજીના દર્શને દેશદેશથી હરિજન આવ્યા ને નાના પ્રકારના ઉપહારે કરીને શ્રીજીની પૂજા કરી. અને ત્યાં સીતારામજી મહારાજને પોતે જનોઈ દઈને બ્રહ્મભોજન કરાવ્યા.

✹ વડતાલ સંતોને અષ્ટાંગયોગ શીખવાની વાત કરી :

પછી એક દિવસ શ્રીજીમહારાજ બોલ્યા જે, “મારે વિષે જ્ઞાન, વૈરાગ્યાદિક સર્વે ગુણ હતા, તે મેં સંતને આપ્યા, પણ મારે વિષે અષ્ટાંગ યોગ છે, તે આપ્યો નથી.” ત્યારે ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “એ અમને શીખવો.” ત્યારે મહારાજે અષ્ટાંગયોગ શીખવાની સર્વે વાર્તા કહી દેખાડી.” પછી ગોપાળાનંદસ્વામીને વડોદરે જાવાની આજ્ઞા કરી. પછી વડોદરેથી કરાલી જઈને યોગ શીખ્યા.

પછી શ્રીજી સર્વે ભક્તજનને સુખ આપીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મહેળાવ** થઈને તથા **સોજીત્રે** થઈને **સિંજીવાડે** ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે **ગલિયાણે** થઈને ગામ **કમિયાળે** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **રોઝકે** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાં રાત રહીને **ગઢડે** પધાર્યા ને ત્યાં જઈને સર્વ સંતને અષ્ટાંગયોગ શીખવતા હવા.

॥ ઈતિ ૮૧ એકાશીની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૮૨ ની લીલા

❋ બોટાદ થાળ જમી પાછા ગઢડે પધાર્યા :

બ્યાંસીના જેઠ મહિનામાં શ્રીજીમહારાજ બોટાદને માર્ગે ચાલ્યા ને બ્રહ્માનંદસ્વામીને ગાડે બેસાર્યા. અને તે પાસે કીર્તન ગવરાવતા જાય ને પોતે પણ ભેળા ગાતા જાય. એમ ગાતાં ગાતાં **બોટાદ** દરવાજામાં પેઠા. ને ત્યાંથી ચાલ્યા, તે દાહા ખાચરના દરબારમાં પધાર્યા. ત્યાં પણ કીર્તન ગવરાવ્યા, તે ગાતે ગાતે સવાર થયું. વળી સવારમાં કીર્તન ગાવવા માંડ્યા, તે બપોર થયા ને થાળ જમવા પણ ઊઠે નહીં. ત્યારે સર્વે હરિભક્તે પ્રાર્થના કરી ત્યારે જમવા ઊઠ્યા ને થાળ જમ્યા. અને દાહા ખાચરની ઓસરીએ સંતને પોતે જ શીરો પીરસીને જમાડ્યા. ને ત્યાંથી પોતે **ગઢડે** પધાર્યા.

❋ આજ્ઞા વિના મહારાજ અર્થે કેરી માંગનારા પર કુરાજીપો :

પછી એક દિવસ પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં ઓટા ઉપર વિરાજમાન થયા. પછી વાડીના રક્ષક હરજીભાઈ કેરીઓ મૂકીને પગે લાગ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, “કાળિયા આંબા ઉપર કેટલી કેરીઓ છે ?” પછી તેણે કહ્યું જે, “જે સાધુ આવે છે તે કાળિયા આંબાની કેરીઓ માગે છે. વાસ્તે થોડી કેરીઓ છે.” પછી મહારાજ બોલ્યા જે, “સાધુ કેરીઓ માગે છે ?” ત્યારે તેણે કહ્યું જે, “હા માગે છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “સાધુને માગવાની આજ્ઞા નથી ને કેમ માગી ? વાસ્તે જેણે અમને કેરીઓ જમાડી હોય તે ગુજરાતમાં જાઓ.”

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “અમને તો વાડીવાળે આલી, ત્યારે અમે (આપને) જમાડી છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “તેનો બાધ નહીં, ને માગીને જમાડે તેનો બાધ છે.” ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, “અમને આલી ત્યારે અમે જમાડી છે.” ત્યારે મહારાજે ભણનારાને

પૂછ્યું જે, "તમે માગીને અમને કેરીઓ જમાડી કે વગર માગે આલી ને જમાડી?" ત્યારે ભણનારા બોલ્યા જે, "અમે માગીને કેરીઓ જમાડી."

પછી મહારાજ બોલ્યા જે, "જેણે અમને માગીને કેરીઓ જમાડી હોય તે ગુજરાતમાં જાઓ. અમે હરિભક્ત ઉપર કાગળ લખીશું જે, જેણે અમને કેરીઓ જમાડી તેને સારી પેઠે કેરીઓ જમાડજો." પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આ ઠેકાણે એક આખ્યાન છે જે, એક રાજા સાકર જમવા બેઠો. તેમાં એક સાકરનો કાંકરો આવ્યો. ત્યારે તેણે કહ્યું જે, આ સાકર કોણે દળી હતી ? ત્યારે કહ્યું જે, આપણી દાસીએ દળી હતી. ત્યારે રાજાએ કહ્યું જે, બશેર સાકરના કાંકરા એને જમાડો. એવો દંડ કર્યો, તેમ તમે પણ ભણનારાને એવો દંડ દીધો. કેમ જે, એને કેરીઓ ઉપર હેત તો હતું ને તમે હરિભક્તને કહ્યું જે, એમને સારી પેઠે કેરીઓ જમાડજો. વાસ્તે સારી પેઠે જમીને ઊંઘી જાશે. પછી ભણવાનું ભૂલી જાશે." ત્યારે મહારાજે કહ્યું જે, "ભણવાનું ભૂલી જાય ત્યારે ન મોકલશો." એમ કહીને પાસે રાખ્યા.

✵ ખળખળિયામાં સંતો-ભક્તો સાથે ખૂબ જળક્રીડા કરી :

પછી ચોમાસું આવ્યું. તેમાં નિયમની એકાદશીને દિવસ શ્રીજીમહારાજ લાડુબાઈના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તેવામાં ભણનારા તથા લહિયા સાધુએ મહારાજને કહ્યું જે, "અમારે નિયમ લેવા છે." તેવામાં બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! નદીમાં પાણી નાહ્યા જેવું નિર્મળ થયું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ચાલો નાવા જઈએ." એમ કહીને સંતમંડળે સહિત પોતે નાહવા પધાર્યા અને ખળખળિયાને વિષે પોતે છાતી સમા પાણીમાં ઊભા રહ્યા. મહારાજને અથડાઈને આગળ પાણીની છોળો પડે, તેનું સંત પાન કરે ને મસ્તકને વિષે ધારણ કરે.

એવામાં સંતે કહ્યું જે, "અમને નિયમ આપો." ત્યારે મહારાજે કહ્યું જે, "પાણીમાં તણાઈને આવે તેમને નિયમ આપીએ." ત્યારે સર્વે સંત ખળખળિયામાં વારાફરતી તણાઈને મહારાજ પાસે આવીને પાણીમાં ઊભા રહ્યા. ત્યારે નિત્યાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે પણ તણાઈને આવો." ત્યારે તેમણે શરીર તણાતું મેલ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "હવે તમારો વારો આવ્યો." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "શરીર જાડું, વાસ્તે વાગી જાય." ત્યારે મહરાજે સુરા ખાચરને પગ વતે ઠેલીને પાણીમાં પાડ્યા. ત્યારે સુરા ખાચરે બ્રહ્માનંદસ્વામીને બાથ ભરી. ત્યારે બેય જણા આડા પડ્યા ને તણાવા માંડ્યા. ત્યારે મહારાજ હસવા લાગ્યા.

અને બેય જણા મહારાજ જ્યાં હતા ત્યાં આવીને ઊભા રહ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "શરીર ભારે તે હાથ-પગે વાગે તો કાવ્ય થાય નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તમને કાંઈ કર્યું છે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "કાંઈક કૃષ્ણાવતારનો પગે કરીને કમાડ ઠેલવાનો હેવા રહી ગયો છે." ત્યારે મહારાજ હસતા થકા ઊંડા પાણીમાં પધાર્યા. અને સામસામી મીલો(ટોળી) બાંધીને પોતે જળ ઉછાળવા માંડ્યા. ત્યારે હાથ કુંણી સુધી પાણીમાં ઘાલીને ઉછાળે. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "થોડા હાથ પાણીમાં ઘાલો તો પાણી ઘણું ઉછળે." ત્યારે પોતે તેમ કરીને જળ ઉછાળવા માંડ્યા. ત્યારે જળ ઘણું ઉછળ્યું ત્યારે પોતે હસવા લાગ્યા.

✵ જળક્રીડા જોવા દેવો ને મુક્તો આવ્યા :

હવે તે સમયની શોભા લખીએ છીએ. શ્રીજીમહારાજની જળક્રીડા જોવાને ઇન્દ્રાદિક દેવ આવ્યા. તેમના વિમાને કરીને જેમ ચોમાસામાં વાદળાએ કરીને આકાશ છવાઈ જાય, તેમ વિમાને કરીને આકાશ છવાઈ ગયો. અને મહારાજે સંતને કહ્યું જે, "ઝીલણિયાં કીર્તન ગાઓ." ત્યારે

સંત કીર્તન ગાવા માંડ્યા. તે ભેળે મહારાજ તાળી વગાડીને કીર્તન ગાવા માંડ્યા. ત્યારે અપ્સરાઓ નૃત્ય કરવા લાગી ને ગાંધર્વ ગાન કરવા લાગ્યા. ઈન્દ્રાદિક દેવ પુષ્પની ને ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા. બ્રહ્મા ને શિવ જય જય શબ્દ કહીને સ્તુતિ કરવા લાગ્યા. શ્વેતદ્વીપના મુક્ત તથા બદરિકાશ્રમના મુક્ત શ્રીજીમહારાજનાં દર્શન કરીને સ્થિર થઈ ગયા. અને નદીના કાંઠાને વિષે બાઈભાઈની ભીડ થઈ.

એવી લીલાને કરતા થકા પોતે બહાર નીકળ્યા. ત્યારે પોતાના પ્રેમી હરિભક્ત હતા, તેમણે મહારાજને કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવી, ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો, ને એક રેંટો કેડે બંધાવ્યો, ને એક ખભાને વિષે ધારણ કરાવ્યો, ને ભાલને વિષે કેસરચંદનની અર્ચા કરી, ને વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો, ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા, ને ભુજાને વિષે ગજરા ને બાજુબંધ બાંધ્યા; એવી શોભાને ધરતા થકા પોતે ઘોડીએ અસ્વાર થઈ સંતમંડળે સહિત કીર્તનની ધૂની સાંભળતા થકા દરબારમાં લાડુબાઈના ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન થયા.

✵ ચાતુર્માસમાં સંતોએ વિવિધ નિયમ લીધા :

ત્યારે સંતે કહ્યું જે, “હે મહારાજ ! અમને નિયમ આપો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “જેને જેવા નિયમ લેવા હોય તે બોલો.” ત્યારે જવાનિયા સંત હતા તેમણે કહ્યું જે, “અમે ધારણાંપારણાં કરશું.” ત્યારે મહારાજે કહ્યું જે, “ઠીક.” ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “મને નિયમ આપો.” ત્યારે મહારાજે કહ્યું જે, “જ્યાંથી અમારાં દર્શન થયાં છે, ત્યાંથી સર્વે અમારી લીલા ચિંતવવી.”

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “મને નિયમ આપો.” ત્યારે મહારાજે કહ્યું જે, “નિત્ય પ્રત્યક્ષ લીલાનાં ચાર કીર્તન કરવાં.” ત્યારે પ્રેમાનંદસ્વામી બોલ્યા જે, “મને નિયમ આપો.” ત્યારે તેમને પણ નિત્ય નવાં ચાર કીર્તન કરવાં એવું નિયમ આપ્યું.

પછેનિત્યાનંદસ્વામિયેકહ્યુંજેમુનેનિયમઆપો ત્યારેતેમનેકહ્યુંજેતમારેઅમારાઆગળચ્યારમહિનાકથાવાંચવિ પછેદાદાખાચરનિમાયેકહ્યુંજેહુંધારણાંપારણાંકરિશ ત્યારેમહારાજેકહ્યુંજેતમેતોરાજામાણસતેતમારેતોસંતનેજમાડવાનોનિયમજોઈયે ત્યારેતેમણેકહ્યુંજેએકમહિનાસુધિમારાંપારણાંતેમાંકોયનોભાગનહિ ત્યારેમહારાજેકહ્યુંજેઅમારેપિરસ્યાનુંનિયમએમકહિનેમહારાજેનિત્યાનંદસ્વામિપાસેભાગવતનિકથાનોઆરંભકરાવ્યો ત્યારેપોતેપુસ્તકનિપુજાકરિનેનિત્યાનંદસ્વામિનિપુજાકરિનેપોતાનાકંઠમાંહારહતાતેઉતારિનેનિત્યાનંદસ્વામિનેપેરાવ્યા

પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, “મુને નિયમ આપો.” ત્યારે તેમને કહ્યું જે, “તમારે અમારા આગળ ચાર મહિના કથા વાંચવી.” પછી દાદા ખાચરની માએ કહ્યું જે, “હું ધારણાંપારણાં કરીશ.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમે તો રાજામાણસ, તે તમારે તો સંતને જમાડવાના નિયમ (લેવા) જોઈએ.” ત્યારે તેમણે કહ્યું જે, “એક મહિના સુધી મારા પારણા (ધારણા-પારણાવાળા સંતોને મારે પારણાં કરાવવા) એમાં કોઈનો ભાગ નહીં.” ત્યારે મહારાજે કહ્યું જે, “અમારે પીરસ્યાનું નિયમ.” એમ કહીને મહારાજે નિત્યાનંદસ્વામી પાસે ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. ત્યારે પોતે પુસ્તકની પૂજા કરીને નિત્યાનંદસ્વામીની પૂજા કરી અને પોતાના કંઠમાં હાર હતા, તે ઉતારીને નિત્યાનંદસ્વામીને પહેરાવ્યા.

પછી પોતે બોલ્યા જે, “શાસ્ત્રમાં પુરાણીને જમાડવાનું કહ્યું છે, તે નિત્ય એમને સીધું આપવું. તે અમે તો કોઈક દિવસ ભૂલી જઈએ.” એમ કહીને બ્રહ્મચારીને કહ્યું જે, “અમારો થાળ નિત્ય આપજો.” ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, “મારે એ ઠીક પડશે.”

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આ તો બહુ કઠણ નિયમ આપ્યું, આવું નિયમ તો મને આપો તો હું પણ રાખું." ત્યારે મહારાજ હસ્યા ને કથાનો અધ્યાય પૂરો થયો ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને પોતે માંહિલી તરફ પધાર્યા. સાંજને સમે સભાને વિષે એકાદશીનાં કીર્તન ગવરાવ્યાં. ત્યાર કેડે પોતે પોઢવા પધાર્યા.

✵ બારસને દિવસે સંતોને ખૂબ લાડુ જમાડ્યા :

બારશને દિવસ રસોઈ તૈયાર થઈ ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "જમવા પધારો !" ત્યારે પોતે ગંગાજળિયા કૂવા આગળ નાહીને ઓટા ઉપર જમવા બેઠા. ત્યારે દાદા ખાચરે મહારાજની ચંદન વતે કરીને ભાલને વિશે અર્ચા કરી, ને કંઠને વિશે હાર પહેરાવ્યા, ને હાથને વિશે ગજરા ને બાજુબંધ બાંધ્યા. પછી પોતે સંતને પીરસવા પધાર્યા ને એકુકા હાથમાં બબે લાડવા લઈને બેય કોરે લાડુનું નામ લેતા જાય ને ફેરવતા જાય. અને સંત ના પાડે ત્યારે એમ કહે જે, "સારી પેઠે જમો, કાલના ઉપવાસી છો." એમ સારી પેઠે તાણ કરીને જમાડ્યા.

એમ જમાડતે સતે બીજી એકાદશી આવી. તે એકાદશીને દિવસ સંતોને પારણાં આવ્યાં, ત્યારે દાદા ખાચરની માએ મહારાજને કહ્યું જે, "કાલ તો સંતને લાડવાનું ફરાળ કરાવો." ત્યારે મહારાજ બોલ્યા જે, "એકાદશીને દિવસ અન્ન કેમ ખવાય ?" ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! મારું નિયમ જાય." ત્યારે મહારાજ બોલ્યા જે, "તલ છે કે નથી ?" ત્યારે તેમણે કહ્યું જે, "તલ તો ઘણા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તલસાંકળી કરાવો ને દહીં-દૂધ ભેળું કરો." ત્યારે તેમણે તેમ જ કર્યું.

✵ શ્રીહરિ સારા વસ્તુ-પદાર્થથી નહીં, પણ શુદ્ધ ભાવથી રાજી થતા :

પછી એકાદશીનો દિવસ આવ્યો. ત્યારે મહારાજ લાડુબાઈના ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન થયા ને ઢોલિયાથી ચાર આંગળ

ચરણારવિંદ બહાર રાખ્યાં ને તકિયા ઉપર ઓઠિંગણ દઈને આડા પડ્યા. ત્યારે એક હરિભક્તે મહારાજની આગળ થાળી ભરીને સાકર મેલી અને પગે લાગ્યો. ત્યારે મહારાજની મરજી જોઈને તેણે છાતીમાં ચરણારવિંદ લીધાં. ત્યારે પોતે ચરણારવિંદની ભીંહ દીધી. ત્યારે બીજા હરિભક્તોએ જાણ્યું જે, 'મહારાજની સાકર લાવ્યામાં મરજી છે.'

પછી તે હરિભક્તો સાકરની થાળી મહારાજની આગળ મેલે ને છાતીમાં ચરણારવિંદ લે. એવામાં ખીમા સુતાર ગોળનું ભીલું મહારાજ આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લેવા માંડ્યા. ત્યારે પોતે ચરણારવિંદ તાણી લીધાં. ત્યારે તેણે મહારાજને કહ્યું જે, "કેમ ચરણારવિંદ તાણી લ્યો છો?" ત્યારે પોતે બોલ્યા જે, "ગોળ લાવે તે બ્રહ્માનંદસ્વામીને પગે લાગે ને સાકર લાવે તે અમને પગે લાગે." એમ કહ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "નકટીનો વર બાવો, કોઈ ન સંઘરે તેને બાવા સંઘરે." ત્યારે મહારાજ હસ્યા.

પછી તે હરિભક્ત ઘેર જઈને રૂપિયાની સાકર લાવીને, મહારાજની આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લેવા માંડ્યા. ત્યારે પોતે પાછાં તાણી લીધાં. ત્યારે તેણે મહારાજને કહ્યું જે, "ગોળ લીધો ને સાકર લીધી તોય કેમ ચરણારવિંદ આપતા નથી ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! હવે દયા કરો." ત્યારે પોતે ચરણારવિંદ આપ્યાં.

એવામાં અજુભક્તે મહારાજ આગળ ચીભડાંની ગાંસડી મેલી. ત્યારે મહારાજે તેમને ચરણારવિંદ છાતીમાં આપ્યાં. ત્યારે ખીમાભક્તે કહ્યું જે, "ભગવાનના ઘરમાં એવો કેવો ન્યાય! જે ચીભડાંવાળાને ચરણારવિંદ ને ગોળવાળાને નહીં !" ત્યારે મહારાજ બોલ્યા જે, "ચીભડાં તો નવૈનાં છે, વાસ્તે ચરણારવિંદ આપ્યાં છે." એમ કહીને પોતે જમવા પધાર્યા. જમીને સંતને તલસાંકળી, દહીં-દૂધ ને સાકર પોતે

પીરસીને ત્રપ્ત કર્યા. પછી ધારણાંપારણાં પૂરાં થયાં ત્યારે સંતે ચંદન-પુષ્પ વતે કરીને મહારાજની પૂજા કરી. અને મહારાજે તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

✵ રક્ષાબંધનના દિવસે પૂજા અને જન્માષ્ટમીનો સમૈયો :

પછી એમ કરતાં બળેવ(રક્ષાબંધન) આવી. ત્યારે શ્રીજીમહારાજ લાડુબાઈના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તે સમયમાં અમદાવાદના તથા સુરતના હરિભક્તે શ્રીજીમહારાજને આવીને પવિત્રા, રાખડીઓ તથા ગોટા તે પહેરાવ્યા. પછી મહારાજે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, નાના આત્માનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, નાના મોટા સેવાનંદસ્વામી એ સર્વેને પવિત્રા, રાખડીઓ તથા ગોટા આલ્યા.

ત્યાર પછી જન્માષ્ટમી આવી. ત્યારે સર્વે સંત શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ આવ્યા ને દેશના સર્વે હરિભક્ત દર્શન કરવા આવ્યા. પછી શ્રીજીમહારાજ જન્માષ્ટમીને દિવસે ભારેભારે વસ્ત્ર, ઘરેણાં, પુષ્પના હાર, તોરા ને ગજરા પહેરીને, સર્વને દર્શન થાય તે સારુ ઘોડીએ ચડીને લક્ષ્મીવાડીએ પધાર્યા. પછી બાગમાં ફરીને પોતે દરબારમાં પધાર્યા. પછી સંત પાસે ગાવણું કરાવ્યું ને અર્ધી રાત સુધી સર્વેને દર્શન દઈને પોતે પોઢવા પધાર્યા.

સવારમાં ઊઠીને ઓસરી ઉપર વિરાજમાન થયા. પછી બ્રહ્મચારીને પૂછ્યું જે, “સાધુની રસોઈને શી વાર છે ?” પછી બ્રહ્મચારી બોલ્યા જે, “રસોઈ તૈયાર થઈ છે. તમે જમવા પધારો.” ત્યારે મહારાજ હસતા થકા જમવા પધાર્યા. પછી જમીને સંતને પીરસવા આવ્યા. પછી લાડુ લઈને પોતે સંતને જમાડ્યા. પછી સાંજની સભા થઈ ત્યારે ઝીલણિયાં

કીર્તન ગવરાવ્યાં. તેમાં **'હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે'** એ કીર્તન સંતે ગાવા માંડ્યા. ત્યારે પોતે તાળી વજાડીને ભેળા ગાવા લાગ્યા.

પછી એમ બોલ્યા જે, "આ કીર્તનમાં જેમ કહ્યું છે, તેમ ભગવાનના ભક્તને હિંમત રાખવી." એમ વાર્તા કરતાં રાત પડી, ત્યારે પોતે પોઢવા પધાર્યા. એવી રીતે જન્માષ્ટમીનો સમૈયો કર્યો.

❋ ગઢડામાં જળઝીલણીનો ઉત્સવ :

પછી ભાદરવા સુદિ જળઝીલણી એકાદશીને દિવસે આસપાસથી સંત બોલાવ્યા. પછી સર્વે સંત આવીને શ્રીજીમહારાજને પગે લાગ્યા. ત્યારે શ્રીજીમહારાજે સર્વેને માથે હાથ મેલ્યા ને સર્વેને હાર આપ્યા. પછી મધ્યાન સમો થયો ત્યારે પોતે ઠાકરજીને ઝિલાવવા સારુ સંત, પાળા ને અસવાર તેણે સહિત નદીને કાંઠે ગયા. અને જળમાં ઠાકરજીને ઝુલાવીને પોતે જળક્રીડા કરી અને પાછા દરબારમાં પધાર્યા. સાંજની સભા થઈ ત્યારે 'કોડે કોડે એકાદશી કીજીએ.' એ કીર્તન ગવરાવ્યાં. પછી ગવરાવતે થકે ઘણીક રાત ગઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા.

બારસને દિવસ સવારના પહોરમાં ઊઠીને ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી મહારાજને બ્રહ્મચારી જમવા સારુ તેડવા આવ્યા. ત્યારે પોતે હસતા થકા તે ભેળા જમવા પધાર્યા. પછી જમીને સંતને મોતૈયા લાડુ પીરસીને જમાડ્યા. પછી પોતે હાથ ધોઈને પોઢવા પધાર્યા. એવી રીતે જળઝીલણીનો સમૈયો કર્યો.

❋ ધર્મદેવ-ભક્તિમાતાના શ્રાદ્ધને દિવસે સૌને લાડુ જમાડ્યા :

પછી ધર્મદેવનું શ્રાદ્ધ આવ્યું, ત્યારે મહારાજે સાધુને જમાડવા સારુ મોતૈયા લાડુ કરાવ્યા. તેમાં ભક્તિમાતાના શ્રાદ્ધના પણ લાડુ કરાવ્યા. પછી ધર્મદેવના શ્રાદ્ધને દિવસે પોતે સંતને મોતૈયા લાડુ પીરસવા માંડ્યા. તે બેય દિવસના લાડુ એક દિવસે સંત જમી ગયા. ત્યારે મહારાજે

મોટીબાને પૂછ્યું જે, "હવે લાડુ કેટલા છે ?" ત્યારે મોટીબાએ કહ્યું જે, "બેય દિવસના લાડુ સંત જમી ગયા. હવે તો દશ-પંદર લાડુ છે."

પછી શ્રીજીમહારાજ સારી પેઠે હસ્યા અને એમ બોલ્યા જે, "ભક્તિમાતાના શ્રાદ્ધમાં બાઈઓને જમવા સારુ બીજા લાડુ કરાવો." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "સંત જમશે ત્યારે ભક્તિમાતા રાજી થશે, પણ એકલી બાઈઓ જમે તો ભક્તિમાતા રાજી નહિ થાય." ત્યારે મહારાજ હસતા થકા બોલ્યા જે, "બેય જમે એટલા લાડુ કરાવો." ત્યારે તેમણે તે પ્રમાણે લાડુ કરાવ્યા.

પછી ભક્તિમાતાના શ્રાદ્ધને દિવસ પોતે સંતને લાડુ પીરસતા જાય ને હસતા જાય. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "કેમ બહુ હસો છો ?" પછી મહારાજ બોલ્યા જે, "આજ બાઈઓને જમવા સારુ લાડુ રહેશે કે નહિ રહે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ભક્તિમાતા રસોઈમાં આવ્યાં છે. વાસ્તે ખૂટ્યાની ફકર રાખશો નહીં." એમ રમૂજ કરી. ને પોતે હાથ ધોઈને ઉતારા પર પધાર્યા.

✹ દિવાળીને દિ' શ્રીહરિની અદ્‌ભુત શોભા જોઈને ભક્તોને સમાધિ :

અને ૮૨ બ્યાંસીના આસો વદમાં દિવાળીના ઉત્સવ ઉપર સર્વે સંતને તેડાવ્યા. પછી સર્વે સાધુ આવ્યા, તેમને પોતે બાથમાં ઘાલીને મળ્યા. પછી સંત પણ શ્રીજીમહારાજના સામું ચકોર પક્ષી ચંદ્રમા સામું જુવે તેમ એક દૃષ્ટિએ કરીને જોતા હવા. પછી છેટેથી સંત આવ્યા તેમને તે તે દેશના હરિભક્તના સુખસાતાના સમાચાર પૂછ્યા. પછી પોતે જમીને સંતને જમાડ્યા. ત્યાર પછી દિવાળીનો દિવસ આવ્યો, ત્યારે મહારાજ ઓસરીમાં વિરાજમાન થયા. ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "આજ તો દિવાળીનો દિવસ છે, વાસ્તે ભારે ભારે વસ્ત્ર ધારણ કરો."

ત્યારે લાડુબાઈએ દાદા ખાચરને કહ્યું જે, "આ વસ્ત્ર તમે મહારાજને પહેરાવો." ત્યારે સોનેરી સુરવાલ તથા સોનેરી ડગલી

શ્રીજીમહારાજને દાદા ખાચરે પહેરાવ્યા, ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો, ને એક રેંટો કેડે બંધાવ્યો, ને કંઠને વિશે મોતીની માળા તથા ભારે ઊતરી પહેરાવી, ને હસ્તને વિશે સોનાનાં કડાં પહેરાવ્યાં, ને આંગળીઓને વિશે નંગજડીત વીંટીઓ પહેરાવી, ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા. એવી શોભાને ધરતા થકા મહારાજે દિવાળીનાં કીર્તન ગવરાવ્યાં. પછી પોતે જમીને સંતને જમાડ્યા.

પછી રાત્રીને સમે દાદા ખાચરે ભારે દીપમાળ કરાવ્યો ને તેને વિશે કાચના ઝાડ, હાંડીઓ તથા દીવાલગીરીઓ દીપકે સહિત બંધાવી. પછી દીપમાળાને વિશે ભારે પાટ ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. પછી મહારાજે સંતમંડળ પાસે ફરીને કીર્તન ગવરાવવા માંડ્યા. પછી પોતે પણ તે ભેળા ગાવા લાગ્યા. તે સમયને વિશે નંગજડિત જે સોનાનાં કડાં તેના આકાશને વિશે વીજળીની પેઠે ઝબકારા થતા હતા. એવી શોભાને જોઈને કેટલાકને સમાધિ થઈ ગઈ, ને કેટલાક તો મટકે રહિત દર્શન કરતા હવા. પછી ઘણીક રાત ગઈ ત્યારે ગાવવું રહેવા દઈને સંતને ઉતારે મોકલ્યા ને પોતે પોઢવા પધાર્યા.

✵ બેસતા વર્ષના દિવસે ભેટણલીલા તથા અન્નકૂટનો ઉત્સવ :

પછી અન્નકૂટને દિવસ સવારના પહોરમાં ઓસરી ઉપર વિરાજમાન થયા. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આજ તો ઝાળપટોળાં(બેસતા વર્ષ)નો દિવસ છે, તે સર્વે માંહોમાંહ મળશે, વાસ્તે સંતને મળો તો બહુ સારું." ત્યારે મહારાજ હસતા થકા સંતને મળ્યા. પછી વાસુદેવની મૂર્તિ આગળ બ્રહ્મચારીએ અન્નકૂટ ભર્યો ને આરતી કરી. ત્યારે મહારાજ ત્યાં પધાર્યા ને અન્નકૂટની શોભા જોઈને પોતે બહુ રાજી થયા.

પછી બ્રહ્મચારીએ કહ્યું જે, "હે મહારાજ ! જમવા પધારો." ત્યારે મહારાજ વાસુદેવ નારાયણના સમીપમાં જમવા બેઠા. ત્યારે જેટલી સામગ્રી અન્નકૂટમાં હતી, તેટલી સામગ્રી થાળમાં પૂરીને બ્રહ્મચારીએ

મહારાજની આગળ મૂકી, તેને પોતે જમ્યા. પછી જમ્યા કેડે અન્નકૂટનો જેટલો સામાન હતો, તે સંતને જમાડ્યો. પછી હાથ ધોઈને પોતે પોઢવા પધાર્યા.

પછી સાંજને સમે મોટી સભા કરાવીને તેને વિશે પોતે વિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિક સાધુએ સતાર, દુકડ, સરોદા આદિક વાજિંત્ર લઈને દિવાળીનાં કીર્તન ગાયાં. ત્યારે તેમને મહારાજે પોતાના કંઠમાંથી હાર ઉતારીને આપ્યા.

✹ વડતાલ પ્રબોધનીનો સમૈયો કર્યો :

પછી બીજે દિવસે અન્નકૂટનો સામાન વધ્યો હતો, તે સંતને જમાડીને ત્યાંથી ગામ **કારિયાણી** આવ્યા. પછી ત્યાં એક દિવસ રહીને ગામ **બરવાળે** થઈને ગામ **ધોલેરે** આવ્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **પીપળી** થઈને ગામ **કમિયાળે** આવ્યા. ત્યાંથી સવારમાં ચાલ્યા, તે ગામ **બુધેજ** પધાર્યા ને ત્યાં પોતાના ભક્તજનને આનંદ પમાડીને ગામ **વરતાલ** પધાર્યા. ત્યાં સાધુ-હરિભક્તને તેડાવ્યા અને સંવત્ ૧૮ અઢારસો ને ૮૨ બ્યાશીના કાર્તિક સુદિ ૧૧ એકાદશી પ્રબોધનીનો સમૈયો કર્યો.

અને સર્વે સાધુને મળ્યા ને તેમાં દેવદિવાળીને દિવસ લક્ષ્મીનારાયણના મંદિરને ચારે કોરે દીવા કરાવ્યા ને ચોકને વિશે દીપમાળ કરાવીને દીવા કરાવ્યા. ત્યારે તે સમયમાં મહારાજ સોનેરી વસ્ત્ર પહેરીને મંદિરને વાંસે પોતે વિરાજમાન થયા. તે સમયમાં '**આજ દિવાળી રે, નટવર નીરખતા રે લોલ**.' એ કીર્તન મુક્તાનંદસ્વામીએ ગાયાં. ત્યારે મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા.

પછી વડોદરાના તથા અમદાવાદના ઓછવિયા સામાસામા બેસીને કીર્તન ગાવા માંડ્યા. તેમાં રાસનાં કીર્તન ગાવા માંડ્યા. ત્યારે વડોદરાના

દયારામને રાગ બેઠો નહીં. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમે એમને રાગ શીખવો." ત્યારે મુક્તાનંદસ્વામીએ પોતાના હાથમાં ઝાંઝ લઈને તે કીર્તન ગાઈને તેમને રાગ શીખવ્યો. પછી ઘણીક રાત્રી ગઈ ત્યારે મહારાજ પોઢવા પધાર્યા.

પછી બીજે દિવસ મંદિરની વાંસે મહારાજ બેઠા હતા, ત્યારે વડોદરાના જગજીવન વકીલે મહારાજની પૂજા કરી. તેમાં કિનખાપનો સુરવાલ ને ડગલી પહેરાવ્યાં, ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો, ને અત્તરની શીશી લઈને મહારાજને અત્તર ચર્ચ્યું, ને કોટમાં પુષ્પના હાર પહેરાવ્યા. તેવા સમયમાં બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવા આવ્યા. ત્યારે મહારાજ પોતાના ઉતારામાં જઈને પ્રેમીભક્ત લાવ્યા જે થાળ તેને જમ્યા.

✵ જમતાં બોલવું નહીં ને સાન કરીને માગવું નહીં :

પછી સંતની પંક્તિ થઈ ત્યારે પોતે પીરસવા પધાર્યા. તેવામાં **'જમતાં બોલવું નહીં'** એ પ્રકરણ હતું. ત્યારે સંતે સાન કરીને લાડુ માંગ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી પાસે તો જેટલું જોઈએ તેટલું માંગી લેવું, પણ સાન કરીને માગવું નહીં." એમ સંતને જમાડીને પોતે ઉતારાને વિશે પધાર્યા. ને દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર ને અલંકારે કરીને કરી જે પૂજા તેને પોતે અંગીકાર કરી.

અને તેમને આનંદ આપતા થકા ત્યાંથી ચાલ્યા, તે ગામ **બોચાસણ** ગયા ને કાશીદાસ મોટાને ઘેર ઊતર્યા. ત્યાં પોતે જમીને સંતને જમાડીને ચાલ્યા, તે ગામ **બુધેજ** ગયા. ત્યાં તેજાભાઈને ઘેર ઊતર્યા ને ત્યાં પોતે જમીને ચાલ્યા, તે **ગુડેલ** થઈને **કમિયાળે** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે **ધોલેરે** ગયા. ત્યાં બે દિવસ રહીને **કારિયાણી**એ પધાર્યા. ત્યાંથી સવારના પહોરમાં ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા.

✵ ગઢડેથી જૂનાગઢ જઈ ઝીણાભાઈને દેહ મુકાવ્યો :

પછી મોટા શિવાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી તથા હિંદુસ્તાની ગોપાળાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામી તેમને મહારાજે કારિયાણીથી તેડાવ્યા. તેમાં ભૂમાનંદસ્વામીને પોતાની પાસે રાખ્યા ને તે જણ ચારને ઝીણાભાઈ માંદા હતા, વાસ્તે જૂનાગઢ મોકલ્યા. પછી થોડાક દિવસ થયા ત્યારે પોતે અડધી રાતને સમે બોલ્યા જે, "અમારે તો આ ટાણે જૂનાગઢ જાવું છે." ત્યારે નિત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "વાણું વાવા(સવાર થવા) દિયો. શા વાસ્તે જે, જૂનેગઢ જાવું તે થોડે અસવારે જવાય નહીં." એમ કહીને **કારિયાણી** તથા **સાળંગપુર** માણસ મોકલીને અસવાર બોલાવ્યા.

પછી સવારમાં ત્યાંથી ચાલ્યા, તે ગામ **રાણપર** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા, તે ગામ **જૂનેગઢ** પધાર્યા ને ઝીણાભાઈના દીવાનખાનામાં વિરાજમાન થયા. પછી મહારાજને જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે પોતે ઝીણાભાઈની મેડીમાં પધાર્યા ને ત્યાં પોતે જમીને સાધુ, પાળા તથા અસવાર તેમને જમાડ્યા. પછી ઝીણાભાઈને જોવા સારુ પોતે પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને પોતે ઝીણાભાઈને એમ કહ્યું જે, "તમારે જે ધામમાં જાવું હોય તે ધામને વિશે તમને પહોંચાડું."

ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "મારે તો બીજે ક્યાંઈ જાવું નથી. મારે તો તમારી સેવામાં રહેવું છે." ત્યારે શ્રીજી બોલ્યા જે, "તમને સેવામાં રાખશું." એમ કહ્યું. ત્યારે ઝીણાભાઈ બોલ્યા જે, "મારી હવેલીમાં મંદિર કરો." ત્યારે મહારાજે મંદિર કરવાનો કોલ આપ્યો.

પછી પોતે ઉતારામાં પધાર્યા ને ઝીણાભાઈએ દેહ મૂક્યો. ત્યારે પોતે તેમના દેહની ક્રિયા કરવા સારુ દામોદર કુંડે પધાર્યા. દેહની ક્રિયા થઈ રહી ત્યારે પોતે દામોદર નદીને ઉપરલી તરફ મોટો પાણીનો ધરો હતો, ત્યાં પોતે નાયા.

❋ મહારાજ ગિરનાર ચડ્યા :

અને પોતે ગિરનાર ચડ્યા ને નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે ગામમાં જાઓ ને અમારા સારુ રસોઈ કરીને સામા લઈ આવજ્યો." એમ કહીને પોતે ગિરનાર ચડ્યા ને રાખેંગારના મોલ આગળ ગયા. ત્યાંથી ગોમુખી ગંગાએ ગયા ને ત્યાં પોતે જળપાન કર્યું.

અને ત્યાંથી પાછા વળ્યા ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! ભૂખ લાગી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "રૂપિયાના એક શેર દાળિયા મળે તોય લાવો." પણ દાળિયા મળ્યા નહિ ને પોતે હેઠા ઊતર્યા. તેવામાં ચડાવની વાવ આગળ નિત્યાનંદસ્વામી જમવાનું લઈને આવ્યા. ત્યારે નદીને કાંઠે સ્વચ્છ જગ્યા હતી, ત્યાં પોતે જમ્યા ને પાર્ષદને જમાડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "સીતારામને શું જમાડશો ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "સાથવો ને સાકર લાવ્યો છું." ત્યારે મહારાજ રાજી થયા ને સર્વેને જમાડીને પોતે ગામમાં પધાર્યા.

❋ જૂનાગઢ મંદિર માટે દાદાભાઈનું ભૂમિદાન ને નવાબની સંમત્તિ :

ત્યારે દાદાભાઈ આવીને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "આજ અમે ઝીણાભાઈને (મંદિર કરવાનો) કોલ આપ્યો, પણ જાયગા સાંકડી પડશે." ત્યારે દાદાભાઈએ કહ્યું જે, "આપણી વાડીમાં મંદિર કરો." ત્યારે મહારાજે લાધા ઠક્કરને કહ્યું જે, "લેખ કરી લ્યો." ત્યારે તેણે લેખ કરીને મહારાજના હાથમાં આપ્યો. ત્યારે મહારાજે દાદાભાઈને કહ્યું જે, "આમાં તમે સહી કરો." ત્યારે દાદાભાઈએ સહી કરી, ત્યારે મહારાજ રાજી થયા.

પછી નવાબ સાહેબે મહારાજને બોલાવ્યા. ત્યારે તેમના દરબારમાં પધાર્યા. ત્યારે નવાબ સાહેબે મહારાજને સત્કારપૂર્વક સભાને વિશે કોચ(છત્રીપલંગ,સુખાસન)ઉપર પધરાવ્યા અને મહારાજની પૂજા કરીને એમ બોલ્યા જે, "સ્વામિનારાયણ જેવા ખુદા ને ઝીણાભાઈ જેવા સેવક

પૃથ્વીને વિશે થવા દુર્લભ છે." એમ કહીને બોલ્યા જે, "આંહીં તમે મંદિર કરાવો." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી મરજી છે, તો અમે મંદિર કરશું." એમ કહીને પોતે ઉતારામાં પધાર્યા.

❋ દેવરામ સુતારની સમજણ અને ગઢડામાં ધામમાં તેડી ગયા :

પછી ત્યાંથી ચાલ્યા, તે **વાંસાવડ** થઈને લખમણને **પીપળિયે** પધાર્યા. ત્યાંથી બીજે દિવસ ચાલ્યા, તે **કોટડે** થઈને ગામ **વાંકિયે** પધાર્યા. ત્યાં પોતે જમીને બીજે દિવસ ચાલ્યા, તે **ગઢડે** પધાર્યા. અને બીજે દિવસ શ્રીજીમહારાજ લક્ષ્મીવાડીએ પધાર્યા ને વેદિકા ઉપર વિરાજમાન થયા.

તેવામાં નારાયણજી ઘડિયાળી આવ્યા. ત્યારે મહારાજે તેમને નખ ઉતારવાનું કહ્યું. ત્યારે તેમણે નખ ઉતારવા માંડ્યા ને મહારાજને કહ્યું જે, "દેવરામ કહે છે જે, 'આજ અડધી રાતે હું દેહ મૂકીશ. કેમ જે મારે ને ઝીણાભાઈને કોલ છે જે, જે પ્રથમ ભગવાનના ધામમાં જાય તે તેડવા આવે. વાસ્તે આજ અડધી રાત્રે મને તેડવા આવશે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ વાત સૌ સાંભળે એમ કહો." ત્યારે સૌ સાંભળે તેમ કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ચાલો, દેવરામને દર્શન દેવા જઈએ."

એમ કહીને પોતે દર્શન દેવા પધાર્યા ને દેવરામને કહ્યું જે, "તમારે કાંઈ કહેવું છે ?" ત્યારે દેવરામે કહ્યું જે, "મારે તો કાંઈએ કહેવું નથી. મારે તો તમારી સેવામાં રહેવું છે." ત્યારે મહારાજ રાજી થઈને હસતા થકા પોતાને ઉતારે પધાર્યા.

પછી સાંજને સમે નાના નાના ભણનારા સાધુ હતા, તેમને દેવરામ પાસે મોકલ્યા. પછી રાતના અગિયાર વાગ્યા, ત્યારે દેવરામે નારાયણજીને કહ્યું, "કેટલીક વાર છે ?" ત્યારે નારાયણજીએ કહ્યું જે, "એક કલાકની વાર છે." એમ કરતાં અડધી કલાક રહી ત્યારે કહ્યું

જે, "ચોકો કરાવો." ત્યારે ચોકો કરાવ્યો ને દશ મિનટ રહી ત્યારે પોતે ઊઠીને ચોકામાં જઈને આસન વાળીને બેઠા. ત્યારે સંતોને કહ્યું જે, "તમે વેગળા બેસો." એમ કહીને બાર વાગ્યા, ત્યારે પોતે બોલ્યા જે, "ઝીણાભાઈ અને મહારાજ તેડવા આવ્યા છે, તે હું અક્ષરધામમાં જાઉં છું." એમ કહીને દેહ મૂક્યો.

પછી સવારનો પહોર થયો ત્યારે ભારે વિમાન કરાવ્યું ને તેમાં બેસારીને ઓછવ કરતે સતે લઈ ચાલ્યા. અને મહારાજ પણ ભેળા ચાલ્યા ને ખીજડાને આરે ઘેલાના સામે કાંઠે અગ્નિસંસ્કાર કર્યો. અને મહારાજ ત્યાં પાણીનો મોટો ધરો હતો ત્યાં નાયા. પછી પોતે ગામમાં પધાર્યા.

❋ પ્રેમી આંબાશેઠે ગઢાળીમાં બે દિવસ રસોઈ જમાડીને પૂજા કરી :

પછી આંબા શેઠે શ્રીજીમહારાજને કહ્યું જે, "મારે સાધુ જમાડવા છે, તે તમે આજ્ઞા કરો તો હું રસોઈ કરાવું." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું, સંતને તેડી જાઓ." ત્યારે મહારાજની આજ્ઞાએ કરીને મોટા પ્રજ્ઞાનંદસ્વામી તથા સવિતાનંદસ્વામી બીજા સાધુને લઈને ગઢાળીએ ગયા ને ત્યાં મોતૈયા લાડુ તૈયાર કર્યા.

ત્યારે આંબા શેઠ મહારાજને તેડવા સારુ વહેલા ઊઠ્યા. ત્યારે એક રાજપુત તેમને મારવા ફરે, તે માર્ગમાં મળ્યો. ત્યારે તેણે આંબા શેઠને કહ્યું જે, "બકાલ ! (બકાલી જેવો તુચ્છ) આજ માર્યા વિના મેલવો નથી." ત્યારે આંબા શેઠ બોલ્યા જે, "ગરાસિયાભાઈ! વિચારીને આવજો, પગમાં પથરો મારીશ, તે પગ ભાંગી જાશે." એમ કહીને પગમાં પથરો માર્યો, તે ગરાસિયાથી પાસે અવાણું નહીં. એમ કરતાં થકા બેય ઘેલાના સમીપમાં આવ્યા. ત્યારે ગરાસિયો તો પાછો વળી ગયો ને આંબા શેઠ મહારાજ પાસે આવ્યા.

ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમને બીક ન લાગી જે રાતમાં આવ્યા ?" ત્યારે તેમણે ગરાસિયા સંઘાથે લડાઈ થઈ તે વાત કહી. ત્યારે મહારાજે સોમલા ખાચર આગળ કહ્યું જે, "આજ તો વાણિયો ગરાસિયાને જીત્યો !" ત્યારે સર્વે હસવા લાગ્યા.

પછી મહારાજ (ગઢાળી) જાવાને તૈયાર થયા. ત્યારે આંબા શેઠે કહ્યું જે, "બાઈઓનો સાથ પણ ભેળો લ્યો." ત્યારે મહારાજે મોટીબા તથા લાડુબાને કહ્યું જે, "તમે પણ ભેળા ચાલો." ત્યારે તે પણ સર્વે મહારાજની સાથે ચાલ્યા. પછી સંતમંડળે સહિત મહારાજ **ગઢાળી**ને માર્ગે ચાલ્યા ને માર્ગને વિશે પોતે બહુ વાર સુધી ઘોડી ફેરવી.

પછી ગામના સમીપે ગયા ત્યારે ઢોલ, શરણાઈ તથા ઝાંઝ-મૃદંગ લઈને હરિભક્ત સામા આવ્યા અને માંહોમાંહી ગુલાલ નાંખવા માંડ્યા ને મહારાજ તથા પાર્ષદ ઉપર ગુલાલ નાંખ્યો; એમ ઉત્સવ કરતાં ને ગુલાલ ઉડાડતાં થકા ગામમાં આવ્યા. પછી ગરાસિયાના ફળિયામાં ઊતર્યા. ત્યારે આંબા શેઠે કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે." ત્યારે પોતે આંબા શેઠને ઘેર પધાર્યા. ત્યારે તેણે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ દૂધે કરીને ધોયાં. ત્યારે મહારાજે કહ્યું જે, "આ શું કરો છો ?" ત્યારે તેણે કહ્યું જે, "પ્રભુના પગ તો દૂધે ધોવાય." ત્યારે પોતે હસતા થકા જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યાર કેડે આંબા શેઠે મહારાજની પૂજા કરી.

પછી મહારાજ પોતે સંતને પીરસવા પધાર્યા અને એકુકા હાથમાં બે બે મોતૈયા લાડુ લઈને બેય કોરા પંગતમાં પીરસવા લાગ્યા. એમ સારી પેઠે સંતને જમાડીને પોતે હાથ ધોયા. એમ ભક્તના મનોરથ પૂરણ કરીને પાછા ગઢડાને માર્ગે ચાલ્યા.

ત્યારે લાડુબાઈએ કહ્યું જે, "તમે તાજણ ઘોડીને બહુ વખાણો છો, તે આજ ફેરવો અમારે જોવું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો બહુ વાર ઘોડી ફેરવીને થાક્યા છીએ." એમ કહીને તે ઘોડી ઉપર

ઘેલા ધાધલને ચડાવ્યા. પછી તેમણે ઘોડીને બહુ ફેરવી. પછી મહારાજે કહ્યું જે, "એ ઘોડીનો વાજ(વેગ) તો માણકી ઘોડીના જેવો છે." એમ કહીને પોતે ગામમાં પધાર્યા. બીજે દિવસ પણ આવી લીલા કરતા થકા ગામ ગઢાળીએ સંતમંડળને જમાડીને પાછા ગઢડામાં આવ્યા.

✹ મહી નદીમાં તણાતા રઘુવીરજી મહારાજને ઉગાર્યા :

ત્યાર કેડે રઘુવીરજી મહારાજ ને અયોધ્યાપ્રસાદજી મહારાજ પૂર્વ દેશમાંથી (જ્યારે) આવ્યા. ત્યારે મહારાજે રઘુવીરજી મહારાજને પૂછ્યું જે, "તમે મહી નદીનો કિયો આરો ઊતર્યા ?" ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "બામણગામનો આરો ઊતર્યા."

એમ કહીને બોલ્યા જે, "અમે તો નદીમાં તણાઈ જતા હતા, પણ એક વહાણવાળો આવ્યો, તેણે અમને હાથે ઝાલીને વહાણમાં બેસારીને કાંઠે ઉતાર્યા. પછી એને અમે કહ્યું જે, તમે કોણ છો ? ત્યારે તેણે કહ્યું જે, 'તમારે પૂછ્યાનું શું કામ છે ?' એમ કહીને એ તો અદૃશ્ય થઈ ગયા." ત્યારે મહારાજ હસીને બોલ્યા જે, "એ તો અમે હતા." એ વાત સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા.

✹ સુંદરિયાણે હેમરાજ શાહનો દાડો અને વસંતપંચમીનો ઉત્સવ :

પછી થોડાક દિવસ કેડે ગામ સુંદરિયાણેથી શેઠ વનાશા તથા શેઠ પુંજાશા તથા શેઠ હીરાશા એ સર્વે મહારાજ પાસે આવ્યા. અને એમ કહ્યું જે, "અમારા બાપે દેહ મૂક્યો તેના ખર્ચમાં અમારા જ્ઞાતિવાળા જમવા આવતા નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુને તેડી જાઓ." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તમ વિના હરિભક્ત રાજી થાશે નહીં." પછી મહારાજે કહ્યું જે, "ત્યાં વસંતપંચમીનો સમૈયો ઠરાવો." ત્યારે હરિભક્ત બહુ રાજી થયા.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **સાળંગપુર** ગયા. ત્યાંથી **સુંદરિયાણે** ગયા ને ગાજતેવાજતે ગુલાલ ઉડાડતા થકા પોતે ગામમાં પધાર્યા. ને

ગરાસિયાના ફળિયામાં ઊતર્યા. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મહારાજને બ્રહ્મચારી જમવા તેડવા આવ્યા. ત્યારે પોતે વનાશાની મેડીમાં બેસીને થાળ જમ્યા. ત્યાર કેડે પોતે સંતને પીરસવા પધાર્યા. પછી સંતને મોતૈયા લાડુ લઈને પોતે જમાડ્યા. ત્યાર કેડે મંદિરમાં સાંજને સમે મોટી સભા કરાવી ને તેમાં પોતે વિરાજમાન થયા. અને ગવૈયાને બોલાવીને દુકડ, સરોદા લઈને વસંતનાં કીર્તન ગવરાવ્યાં. પછી આરતી-ધૂન કરીને પોતે પોઢવા પધાર્યા.

પછી બીજે દિવસ વસંત પંચમી આવી. ત્યારે વનાશાએ ઝાઝો રંગ કઢાવ્યો ને ગુલાલ પણ ઘણો મંગાવ્યો. પછી મહારાજને કહ્યું જે, "રંગ-ગુલાલ તૈયાર થયો છે, વાસ્તે રમવા પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "આંહીં તો સાંકડ છે." ત્યારે તેમણે કહ્યું જે, "ગામથી બહાર પધારો, તો ત્યાં બહુ સારી જાયગા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું."

પછી બહાર એક મોટો મંચ કરાવ્યો અને રંગ તથા ગુલાલ ત્યાં ભેળો કર્યો. પછી મહારાજ વાજતે ગાજતે ત્યાં પધાર્યા. પછી તે મંચ ઉપર પોતે બેઠા. ત્યારે નિત્યાનંદસ્વામીએ જઈને મહારાજને માથે રંગ નાંખ્યો. ત્યારે મહારાજે પણ તેમને માથે રંગ નાંખ્યો. પછી તાંસળીઓ ભરીને બીજા સંત ઉપર પોતે રંગ નાંખ્યો ને ગુલાલની પણ ફાંટો ભરીને સંત ઉપર પોતે નાખવા લાગ્યા. ત્યાં એટલો રંગ નાંખ્યો તે ચાર આંગળ પૃથ્વી પલળી ગઈ.

એવી રીતે રંગ રમીને પોતે ગામમાં પધાર્યા ને વનાશાના ફળિયામાં પોતે નાવા બેઠા. ત્યારે રંગ ભરેલાં જે વસ્ત્ર તે ત્રણે ભાઈને આપ્યાં. ને પોતે નાયા ત્યારે ફળિયું રંગે કરીને રંગાઈ ગયું. ત્યાર કેડે પોતે વનાશાની મેડીમાં જમવા પધાર્યા. પછી જમીને સંતને મોતૈયા લાડુ પીરસ્યા. ત્યાર કેડે હાથ ધોઈને પોતે પોઢવા પધાર્યા. પછી સાંજને સમે

સભાને વિશે આવીને વિરાજમાન થયા ને સંત પાસે કીર્તન ગવરાવ્યાં. પછી બીજે દિવસ પોતે જાવાને તૈયાર થયા. ત્યારે વનાશાએ કહ્યું જે, "લાડુ વધ્યા છે, તે સંતને જમાડીને જાઓ." પછી પોતે સંતને જમાડીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ભેંસજાળ** ગયા ને કાયાભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **નાગડકે** ગયા. ત્યાંથી **લોયે** ગયા ને ત્યાં એક દિવસ રહીને **બોટાદ** ગયા. ત્યાંથી સવારમાં ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા.

✹ ગઢપુરથી વિચરણ કરતા હુતાશની કરવા અમદાવાદ પધાર્યા :

પછી હુતાશણીના સમૈયા ઉપર અમદાવાદને માર્ગે ચાલ્યા, તે ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાંથી ચાલ્યા, તે ગામ **રોઝકે** પધાર્યા ને ઘઉંના ખળામાં ઊતર્યા. ત્યાં રાત્રીમાં સંત પાસે કીર્તન ગવરાવ્યાં. તેમાં પ્રથમ બદરિનાથાનંદસ્વામી તથા જ્ઞાનસ્વરૂપાનંદસ્વામી બે સંત 'ઓરા આવો નટવર નાનડિયા' એ કીર્તન બોલ્યા. તેને સાંભળીને શ્રીજીમહારાજ ખસતાં ખસતાં તે સાધુને સમીપે આવ્યા. પછી કીર્તનિયા ગોવિંદાનંદસ્વામી તથા પ્રજ્ઞાનંદસ્વામી એ બે સંત આવીને કીર્તન બોલવા લાગ્યા, તે ગાતાં ગાતાં પ્રાતઃકાળ થયું.

પછી ત્યાંથી ચાલ્યા, તે **ગાંફ** થઈને ગામ **સમાણી** પધાર્યા. ત્યાં પણ અર્ધી રાત્રી પર્યંત કીર્તન બોલાવ્યાં. ને રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કઉકે** પધાર્યા. ત્યાં થાળ જમીને ગામ **આંબારેલી** પધાર્યા ને ત્યાં બપોરા કરીને ગામ **ધોળકે** મંદિરમાં પધાર્યા. તે મંદિરની સર્વ જાયગા જોઈને તથા મંદિરને સમીપે કૂવો તેને જોઈને પછી બોલ્યા જે, "સંઘ સહિત મંદિરમાં તો નહિ માઈએ." એમ કહીને ગામથી બહાર નાગેશ્વર મહાદેવના દર્શન કરીને, તે મહાદેવથી ઈશાન કોણે કૂવાને સમીપે પીપળા તળે વિસામા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંતની સભા ભરાઈને બેઠી.

તે સમે શહેરમાંથી બહુ લોક શ્રીજીમહારાજને દર્શને આવ્યા. તેમને શ્રીજીમહારાજે ઘણીક ઉપદેશની વાત કરી. તેને સાંભળીને ઘણાક મનુષ્યે નિયમ ધાર્યા અને કેટલાક મનુષ્યના ઉપર ઘડામાંથી પાણી લઈને છાંટ્યું. ને બોલ્યા જે, **"આ પાણી જેને અડ્યું, તે સર્વનું કલ્યાણ થાશે."** અને પોતાનું પીધેલ જળ કૂવામાં નંખાવ્યું.

એવી લીલા કરીને ત્યાંથી ચાલ્યા, તે **સાબરનદી**માં નાહીને ગામ **કમોડ**ના વડ તળે વિરાજમાન થયા. ત્યાં થાળ કરાવીને જમ્યા ને ત્યાં બપોરા કરીને ચાલ્યા, તે સર્વ સંત સહિત જ્યાં સાબરમતી ઘૂક(વળાંક?) ખાઈને ચાલે છે, તે ઠેકાણે નાહ્યા. પછી **શ્રીનગર** પધાર્યા ને સર્વે શહેરના ભક્તજને સન્મુખ આવીને ગાજતેવાજતે રાયપરે દરવાજે થઈને શહેરમાં પધરાવ્યા. તે સમે 'સ્વામિનારાયણ આવ્યા...' એવો શબ્દ સાંભળીને શ્રીજીને દર્શને શહેરના લોક બાઈભાઈ હજારુ હજાર રાજબજારમાં આવ્યાં. તેમને દર્શન દેતા થકા ને સર્વ અસવારે વીંટાણા થકા સંધ્યા આરતી સમે ઘણીક મશાલો ને પ્રકાશે જુક્ત થકા મંદિરમાં પધાર્યા.

બીજે દિવસ શંભુદાસ પટેલની રસોઈ જમીને પછી પાતશાવાડીના મહોલે પગથિયાને આરે નાવા પધાર્યા ને સર્વ સંત સહિત ઘણી વાર ત્યાં નાયા. પછી મહોલથી દક્ષિણ કોરે આંબલીના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા. પછી શ્રીજી બોલ્યા જે, "સાધુ હોય તેને બહુ જળક્રીડા ન કરવી અને ઉન્મત્તની પેઠે ન વર્તવું." ઇત્યાદિ સાધુના લક્ષણની વાર્તા કરી.

પછી ત્યાંથી ઊઠ્યા ને અસવારે વીંટાણા થકા અંધારીવાડી થઈને ગામમાં પધાર્યા અને નરનારાયણના સન્મુખ વેદિકા ઉપર ગાદીતકિયા નંખાવી વિરાજમાન થયા. સંત તથા દેશદેશના હરિભક્તની શ્રીજીમહારાજને ચારેકોર સભા ભરાઈને બેઠી. અને ભક્તજને અગણિત ગુલાબના તથા ચંપા આદિ પુષ્પના હાર-તોરા શ્રીજીને પહેરાવ્યા.

✹ અમદાવાદમાં વિવિધ લીલા કરતા થકા રંગે રમ્યા :

પછી શ્રીજી મધ્યાહ્ન સમે પતંગ ને કેસુડાનો રંગ મંગાવીને પોતે હોરી રમવા લાગ્યા. તે રંગની થાળીઓ ભરી ભરીને સર્વે સાધુ તથા હરિભક્ત ઉપર નાંખી. અને રમતા થકા બહુ વાર સુધી પોતાના એકાંતિક ભક્તજનને રમાડ્યા. પછી ગુલાલની સર્વ સંત ઉપર ફાંટો ભરીને નાંખી ને રંગનો કીચ-કીચડ કર્યો. એ પ્રકારે ઝાઝી વાર રંગ રમીને પછી વેદિકા ઉપરથી ઊતરીને મંડપમાં ગયા. ત્યાં ઉચ્છવિયાની ઉપર સારી પેઠે રંગ-ગુલાલ નાંખીને સર્વેને રંગબોળ કર્યા.

પછી પાછા વેદિકા ઉપર વિરાજમાન થઈને શ્રીજી એમ બોલ્યા જે, "આ અમારા રંગના લાવનારા મહાનુભાવાનંદસ્વામી તથા ભૂમાનંદ સ્વામી આદિ રહી ગયા." એમ કહીને પછી રંગની માટલી લઈને એ બેને માથે ઢોળીને રંગબોળ કર્યા. એ પ્રકારે રંગનો ભારે કીચડ મચાવ્યો. તે જોવાને આવ્યા એવા જે ઈન્દ્રાદિ દેવ તે પોતાનાં વિમાન ઉપર રહ્યા થકા આશ્ચર્ય પામીને મૂર્છિતની પેઠે સ્થિર થઈ ગયા.

✹ નારાયણ ઘાટે જળક્રીડાના દર્શને દેવો તથા ગંગાજી આવ્યા :

પછી સ્નાન કરવા સારુ ઘોડે અસવાર થઈને સર્વે સંત તથા હરિભક્તનો સમૂહ, તેણે વીંટાણા થકા રાજમાર્ગે થઈને રંગના ભરેલા ચાલ્યા એવા જે શ્રીજી, તેમને જોઈને પોતાના નેત્રનું સુફળપણું કરતા એવા તે શહેરનાં મનુષ્ય, તેમને દર્શન દેતા થકા ઈડરિયે દરવાજે થઈને ગાતાં ગાતાં શ્રીજીમહારાજ નારાયણ ઘાટે પધાર્યા. અને સર્વ સંત તથા સમસ્ત હરિભક્ત સહિત જળમાં પ્રવેશ કરીને નાયા. તે નાહવે કરીને સાબરમતીનું સર્વ જળ રંગમય થઈ ગયું.

તે સમે જળલીલા જોવાને અર્થે બ્રહ્માદિક દેવતાનાં વિમાન આકાશમાં છાઈ ગયાં. અને તે બ્રહ્માદિક દેવ જળક્રીડા જોઈને અતિ

આશ્ચર્ય પામીને સ્થિર થઈ ગયા. અને મૂર્તિમાન ગંગાજી પણ શ્રીજીનાં દર્શન કરવા આવ્યાં. તે સમે સાબરમતીનું જળ પણ સ્થિર થઈ ગયું ને શ્રીજીમહારાજ પણ બે ઘડી પર્યંત જળને વિષે સ્થિર થઈને ઊભા રહ્યા. પછી બહુવાર જળક્રીડા કરી અને બહાર નીસરીને કોરાં વસ્ત્ર પહેર્યાં ને ભીનાં વસ્ત્ર દામોદર ભક્તને આપ્યાં.

✵ ગંગાજીએ શ્રીહરિને સ્તુતિ કરીને સાબરમતીમાં નિવાસ કર્યો :

પછી તે સમે મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું, "હે મહારાજ ! બે ઘડી પર્યંત જળમાં સ્થિર થઈને ઊભા રહ્યા તેનું શું કારણ હશે ?" પછી શ્રીજી બોલ્યા જે, "આજ તો ગંગાજીએ આવીને અમારી બહુ સ્તુતિ કરી અને પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે પ્રભો ! બહુ દિનથી તમારો તથા તમારા સંતનો વિયોગ હતો, તે આજ જોગ થયો છે. અને સર્વ સંત સહિત આંહીં નાયા, માટે હું પણ સદા આંહીં નિવાસ કરીને રહીશ.' એ પ્રકારે ગંગાજીએ અમારી પ્રાર્થના કરી ને અહીં નિવાસ કર્યો." એમ મુક્તાનંદસ્વામીને કહીને પછી તે સ્થાનકનું નામ **'નારાયણઘાટ'** એવું પાડ્યું.

✵ શ્રીનગરથી વિચરણ કરતા વડતાલ પધાર્યા :

અને ઘોડે અસવાર થયા ને સર્વ અસવારે વીંટાણા થકા ગામ **મોટેરે** પધાર્યા. ત્યાં સર્વ ભક્તને ઘેર થાળ જમીને પછી મંદિરમાં પધાર્યા ને નરનારાયણને સન્મુખ વેદિકા ઉપર ગાદીતકિયા નંખાવીને વિરાજમાન થયા. સર્વ સંત શ્રીજીને સન્મુખ સભા ભરાઈને બેઠા. તે સમે ભક્તજને ગુલાબ-ચંપાદિ પુષ્પના અગણિત હાર પહેરાવ્યા. પછી શ્રીજીમહારાજ આરતી કરીને પાછા વેદિકા ઉપર વિરાજમાન થયા ને સંત પાસે કીર્તન બોલાવ્યાં. તે પછી શ્રીજીએ વાર્તા કરી.

પછી બીજને દિવસ વડોદરાના નાથભક્તે ઘેબરની રસોઈ આપી. તેને શ્રીજી વારંવાર ફેરવીને સંતને જમાડ્યા. પછી શ્રીનગરથી વાજતે

ગાજતે ચાલ્યા, તે ગામ **અશ્લાલી** પધાર્યા. તે ગામના હરિભાઈ આદિ ભક્ત સામૈયું લઈને અર્ધ ગાઉ પર્યંત શ્રીજીની સામે આવ્યા અને શ્રીજી સર્વ સંત સહિત આંબાવાડિયામાં ઊતર્યા. શ્રીજી ત્યાં ઓટા ઉપર વિરાજમાન થયા ને વાજાના વજાડનારાને પ્રસન્ન થઈને પોતાનું સેલું આપ્યું. અને ગામમાં હરિભાઈને ઘેર થાળ જમવા પધાર્યા ને જમીને સર્વે સાધુને લાડુ પીરસ્યા. અને પાછા આંબાવાડીયામાં વિરાજમાન થયા.

અને ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને ગામની ભાગોળે જ્યાં પોતે મહારુદ્ર કર્યો હતો, તે ભૂમિકાને વિષે વિરાજમાન થયા. અને ગામમાં ગંગામાને ઘેર થાળ જમ્યા ને આસજીભાઈ આદિ ભક્તે સાધુને અર્થે રસોઈ કરાવી હતી, તે સંતને પીરસીને જમાડ્યા ને પાછા ઉતારે પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ચોસર**ની નદીમાં ઘોડાં પાઈને સર્વ સંત પ્રત્યે 'જય સચ્ચિદાનંદ' કહીને ઘોડાં દોડાવ્યાં, તે **વડતાલ** પધાર્યા.

✹ વડતાલમાં રામનવમીનો સમૈયો :

અને સંત બીજે દિવસ વડતાલ ગયા ને શ્રીજીમહરાજનાં દર્શન કર્યાં. તે દિવસે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંતે ચંદન-પુષ્પે કરીને પૂજા કરી. અને શ્રીજીમહારાજે સર્વે સંતને એકુકો હાર આપ્યો ને માણકી ઘોડીએ ચડીને મંદિરમાં પધાર્યા ને પોતે જમીને સંતને જમાડીને પોતે ઉતારામાં આવ્યા.

અને રામનવમીને દિવસ મંદિરની વાંસે પોતે વિરાજમાન થયા. તે સમયમાં હરિભક્તે મહારાજને ઝીણો અંગરખો પહેરાવ્યો ને માથે ભારે રેંટો બંધાવ્યો. અને દશમને દિવસ પોતે જમીને પીરસવા પધાર્યા. સંત જમીને તૃપ્ત થયા ત્યારે પોતે ઉતારામાં પધાર્યા. એકાદશીને દિવસ ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરીને સર્વે ભક્તજનને દર્શન દીધાં. દ્વાદશીને દિવસ પોતે જમીને સંતને પારણાં કરાવ્યાં.

અને સાંજને સમયે સભાને વિષે પોતે વિરાજમાન થયા ને સર્વને દર્શન દીધાં. પછી પૂનમ સુધી રહીને શ્રીજીમહારાજ રામનવમીનો સમૈયો કરીને તે ઉત્સવને વિષે હરિભક્તે ચંદન, પુષ્પ, વસ્ત્ર ને અલંકારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી તેને પોતે અંગીકાર કરી.

✹ વડતાલથી બ્રહ્મમુનિને સાથે લઈને ગઢડે પધાર્યા :

પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, "તમે તો મંદિર કરાવ્યાના કામકાજમાં રોકાઈ રહ્યા ને અમારે તો કીર્તનની બહુ ખોટ આવી. માટે અમારા ભેળા ગઢડે ચાલો." તે પ્રકારે આજ્ઞા કરી. પછી બ્રહ્માનંદસ્વામીએ કેસરચંદન તથા પુષ્પના હાર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી ને સારી પેઠે મળ્યા. પછી શ્રીજીમહારાજ બ્રહ્માનંદસ્વામીને લઈને ગઢડે ચાલ્યા, તે માર્ગનાં ગામ આવ્યાં તે ગામના હરિભક્તને ઘેર રહીને તેમના મનોરથ પૂરણ કરીને ગઢડે પધાર્યા. અને ત્યાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા.

✹ ઇચ્છારામજી મહારાજે સૌને કેરી જમાડી :

અને ત્યાં પોતાના એકાંતિક ભક્તજનની સેવાને અંગીકાર કરતા થકા પોતે રહ્યા. જ્યારે કેરીઓ પાકી ત્યારે શ્રીજીમહારાજના ભાઈ ઇચ્છારામજીએ રઘુવીરજીને કહ્યું જે, "કેરી લાવો તો જમીએ ને ઝાઝી કેરીઓ હોય તો સંતને જમાડીએ." ત્યારે રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, "ભાઈને સાધુને કેરીઓ જમાડવી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ગુજરાતમાં પાળાને મોકલીએ, તે સારી સરસ કેરીઓ હોય તે લાવે."

ત્યારે પાળા ગુજરાતમાં જઈને મહેળાવથી સાત ગાડાં કેરીઓનાં ભરીને ગઢડે લાવ્યા, ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "કેરીઓ લાવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "સાત

ગાડાં કેરીઓ લાવ્યા છઈએ." ત્યારે મહારાજ દરબારમાં લીંબડા પાસે આવ્યા. ત્યારે એક કણેરી કેરીઓનું ગાડું હતું, તેને જોઈને પોતે બહુ રાજી થયા. અને બોલ્યા, "હમણાં ને હમણાં કેરીઓ જમવા માંડો." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "પ્રથમ તમે જમો, ત્યાર કેડે બીજા જમશે." એમ કહીને મહારાજને પોતે કેરી જમાડી.

ત્યારે મહારાજે કહ્યું જે, "બે ઓસરીઓમાં કેરીઓની ઢગલીઓ કરો." ત્યારે સંતે કેરીઓની ઢગલીઓ કરી. ત્યારે મહારાજે બાઈઓને કહ્યું જે, "ઢગલીઓની ચારે તરફ બેસીને કેરીઓ જમો." એમ કહીને ગામમાં જે હરિભક્ત હોય તે સર્વેને 'કેરીઓ જમો.' એમ કહીને તેમને પણ પોતે કેરીઓ જમાડી. ત્યારે બ્રહ્મચારીએ સાધુને કહ્યું જે, "તમે કેરીઓ ઓરડામાં ભરો." ત્યારે તેમણે કેરીઓ ભરી.

✹ સુરા ખાચરની રસોઈમાં સંતોને ખૂબ રસ જમાડ્યો :

પછી સુરા ખાચરે કહ્યું જે, "કાલ મારે રસોઈ આપવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કેરીઓ છે ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "છે." પછી બીજે દિવસે કેરીઓનો રસ કઢાવીને ભારે રસોઈ કરાવી. ને સાધુએ રસ ગરણી બાંધીને કાઢ્યો. તેને જોઈને પોતે રાજી થયા ને પોતે થાળ જમવા પધાર્યા. જમીને સાધુની જાયગાને વિષે પંગત કરાવી ને પોતે રૂપાને કટોરે કરીને રસ ફેરવ્યો અને ઉપર સાકર ને ઘી ફેરવ્યાં. ને એમ બોલ્યા જે, "હે મહાપુરુષો ! રસ લ્યો, ફેર આવો રસ નહિ મળે." એમ કહીને જોરાઈએ રસ ફેરવ્યો. એમ રસોઈઓ કરાવીને સંતને જમાડીને મહા સુખિયા કર્યા. એવી લીલાને કરીને ત્યાં (ગઢપુરમાં) વરસને પૂરું કર્યું.

॥ ઈતિ ૮૨ બ્યાસીની લીલા સંપૂર્ણ ॥



સંવત્ ૧૮૮૩ ની લીલા

✵ ગઢડામાં અષ્ટમીનો સમૈયો ને પાર્ષદો દ્વારા અસુરોનો પરાભવ :

પછી જ્યારે ચોમાસું આવ્યું ત્યારે શ્રીજીમહારાજે સર્વ સંતને તેડાવ્યા. સંતે ધારણાંપારણાંના નિયમ રાખ્યા તે પૂરા થયા. ત્યાર કેડે અષ્ટમીનો સમૈયો આવ્યો. તે ઉપર સર્વે હરિભક્ત દર્શને આવ્યા. તેમને પોતે કરુણાની દૃષ્ટિએ કરીને જોતા હવા ને સર્વેને અતિ હેતે કરીને બોલાવ્યા. અને નવમીને દિવસ સંતને પોતે ઘી ને ખાંડ સારી પેઠે ફેરવીને સંતની પ્રસાદી પાળાને આપી. એવી રીતે અષ્ટમીનો સમૈયો કર્યો.

પછી ભાણ ખાચર અને દાદા ખાચરને કજિયો થયો. તે ભાણ ખાચરના પક્ષવાળા ખબડ આદિ અસુરાંશ જે બસે આરબ, તેમનો ભગુજી આદિ બાર પાળા પાસે પરાજય કરાવ્યો.

✵ વડતાલ દશેરા ઉત્સવ ને માંદા સંતોને પ્રસાદી જમાડી સાજા કર્યા :

અને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે **૮૩ ત્યાંસીના ભાદરવા વદ ચોથ**ને દિવસે સંતમંડળે સહિત **વડતાલ** પધાર્યા. પછી દશેરાના દિવસે શ્રીજીમહારાજે ગોમતીજીને કાંઠે સમીપૂજન કર્યું. ને બામણોલીને માર્ગે ઘોડી ફેરવીને ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. દશેરાના સમૈયામાં સ્વયંપ્રકાશાનંદસ્વામી ગઢડેથી મંડળે સહિત આવ્યા. તેમને સંતમંડળે સહિત મહારાજ મળ્યા ને પોતા પાસે રાખ્યા. ત્યાર કેડે મંડળે સહિત માંદા પડ્યા, ત્યારે તેમને મહારાજ જોવા સારુ પધાર્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને સર્વેને એકુકો હાર આપ્યો.

પછી મહારાજે પૂછ્યું જે, “તમે જમ્યાનું કેમ કરો છો ?” ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, “અમે તો સર્વે માંદા છઈએ, વાસ્તે કોઈ ખાધાનું કરી આપનાર નથી.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તમે સાધુ મોકલજો, મારા થાળમાંથી તમારે જે જોઈશે તે હું આપીશ.”

ત્યારે નારાયણાનંદસ્વામી સર્વે માંદાનાં પત્તર લઈને જાય, ત્યારે તેમને સર્વેનાં પત્તર ભરીને પ્રસાદી આપે; એમ કરતાં પંદર દિવસ થયા ત્યારે સર્વે સાધુ સાજા થયા.

પછી મહારાજે કહ્યું જે, "તમે અહીં રહો ને બીજા સાધુને ફરવા મોકલો." ત્યારે સાધુ ગામ વસો ગયા. પછી ફેર માંદા થયા. ત્યારે પોતે તેડાવીને પાસે રાખ્યા ને પ્રસાદી આપીને સાજા કર્યા. ત્યાર કેડે નિત્યાનંદસ્વામી ગઢડેથી આવ્યા. ત્યારે પોતે ઊભા થઈને તેમને મળ્યા ને પોતાના થાળની પ્રસાદી આપી. અને એમ બોલ્યા જે, "તમારા વિદ્યાર્થી માંદા પડ્યા હતા, તે અમે પ્રસાદી આપીને સાજા કર્યા." પછી ગઢડાના સુખસાતાના સમાચાર પૂછ્યા.

❋ વડતાલમાં દિવાળી, અન્નકૂટ તથા પ્રબોધનીનો ઉત્સવ :

આસો વદમાં દિવાળીનો ઉત્સવ ત્યાં કર્યો. દિવાળીને દિવસ મંદિરની ચારેકોર છજા ઉપર દીવા કરાવ્યા ને ચોકમાં ભારે દીપમાળ કરાવ્યો ને તેમાં પોતે સોનેરી વસ્ત્ર પહેરીને વિરાજમાન થયા. ઓચ્છવિયા દિવાળીનાં કીર્તન ગાઈને ઓચ્છવ કરતા હવા. પછી બહુ રાત ગઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા.

અને પડવાને દિવસ કૂવાથી ઉતરાદી તરફ પાળ ઉપર પોતે વિરાજમાન થયા ને સર્વે સંત સભા કરીને બેઠા. તેવામાં બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આજ તો ઝાળપટોળાંનો(બેસતા વર્ષના આશિર્વાદ લેવાનો) દિવસ છે, વાસ્તે સર્વને મળો તો સારું." ત્યારે પોતે બોલ્યા જે, "ભીડ ન કરો તો મળીએ." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "ભીડ નહિ થવા દઈએ." ત્યારે પોતે હસીને ઊભા થયા. અને એમ બોલ્યા જે, "એક મળીને જાય ત્યારે બીજાને આવવું." એમ કહીને મળવા માંડ્યા.

સર્વે સંતને મળી રહ્યા ત્યાર કેડે અન્નકૂટ પૂર્યો. ત્યારે બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે ધર્મદેવના મંદિર

આગળ દક્ષણાદે મુખારવિંદે પોતે જમવા બેઠા. તેવામાં બ્રહ્મચારીએ આરતી કરી. ત્યારે જમવા માંડ્યા, તે જેટલાં વાનાં અન્નકૂટમાં હતાં તેટલાં થાળમાં પીરસ્યાં હતાં. તેને જમીને પછી પોતે સંતને પીરસવા પધાર્યા ને પીરસીને પોતાના ઉતારામાં પધાર્યા.

સાંજને સમે ગોમતીજી ઉપર મોટી સભા થઈ. ત્યારે સર્વે હરિભક્તે શ્રીજીમહારાજની પૂજા કરી, ને પોતે મંદિરમાં પધાર્યા. અને કાર્તિકી અગિયારસ પ્રબોધનીનો ઉત્સવ ત્યાં કર્યો. એવામાં ઇચ્છારામભાઈ માંદા હતા. વાસ્તે મહારાજે હોમ કરાવ્યો ને બ્રાહ્મણોને ઘણીક પ્રકારનાં દાન દીધાં. તે સમયમાં શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણ દેવની **સવાસો** પ્રદક્ષિણા કરતા હતા.

✹ વડોદરામાં સયાજીરાવને સંતો દ્વારા સત્સંગ થયો :

તેવા સમયમાં વડોદરામાં સયાજીમહારાજે પોતાના શાસ્ત્રીઓને તેડાવીને પ્રશ્ન પૂછ્યો જે, "કેટલાક સ્વામિનારાયણને નારાયણ અવતાર થયો એમ કહે છે ને ભગવાન કહે છે, તે વાત સાચી છે કે નહીં ? તેનો શાસ્ત્ર પ્રમાણે ઉત્તર કરો." સર્વે શાસ્ત્રીએ શાસ્ત્રમાં જોઈને કહ્યું જે, "સ્વામિનારાયણ ભગવાનનો અવતાર તો ખરો !"

ત્યારે સયાજીમહારાજે કાગળ લખીને પોતાનો હજૂરી માણસ હતો, તેને શ્રીજીમહારાજ પાસે મોકલ્યો. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીને વડોદરે મોકલ્યા. પછી તેમને તેડવા સારુ (સંતોના ઉતારે) સરકાર નિત્ય ત્રણ મ્યાના મોકલે. તે ઉપર બેસીને સંતો નિત્ય સરકારવાડામાં જાય ને દેવસેવા(દેવઘર) આગળ સભા થાય. ત્યાં સરકાર આવીને નિત્ય બેસે. તેમના આગળ મુક્તાનંદસ્વામી મહારાજના પુરુષોત્તમપણાની વાર્તા કરે. (તેથી સત્સંગ ને નિશ્ચય થયો)

તેવામાં એક દિવસ અનંતાચાર્ય આવ્યા ને એમ બોલ્યા જે, "કેટલાકનો કેવલાદ્વૈત મત છે, કેટલાકનો શુદ્ધાદ્વૈત મત છે, કેટલાકનો અદ્વૈત મત છે ને કેટલાકનો વિશિષ્ટાદ્વૈત મત છે; તેમાં આપનો કિયો મત છે ?" ત્યારે તેનો નિત્યાનંદસ્વામીએ ઉત્તર કરવા માંડ્યો. તેવામાં સરકારે સ્વામીની પૂજા કરી. ત્યારે નારુપંથ નાનાએ સરકારને કહ્યું જે, "અનંતાચાર્યની પૂજા કરો." ત્યારે સરકાર બોલ્યા જે, "વગર તેડાવે આવ્યા છે, વાસ્તે એની પૂજા નહિ થાય." એમ કહીને સ્વામીની વિદાયગીરી કરી અને સરકાર માંહિલી તરફ ગયા.

❋ સયાજીરાવની વિનંતીથી મહારાજ વડોદરા પધાર્યા :

ત્યાર કેડે આઠ-દસ દિવસ થયા ત્યારે સરકારે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીની પૂજા કરી અને હાથ જોડીને વિનયપૂર્વક સ્તુતિ કરીને કહ્યું જે, "મને શ્રીજીમહારાજનાં દર્શન કરાવો." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો ભગવાન છે ને સ્વતંત્ર છે, પણ તમારી તરફથી મહારાજને વિનંતી કરીને કહીશું." ત્યારે સરકારે સંતને મેનામાં બેસારીને વડતાલ પહોંચાડ્યા.

ત્યારે સંતે મહારાજને જેવો સરકારનો ભાવ હતો તેવો કહી દેખાડ્યો. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સરકારનો ભાવ સાચો છે, વાસ્તે આપણે ત્યાં જાવું." એમ કહીને સર્વે સંતને આગેથી મોકલ્યા ને પોતે બીજે દિવસ ચાલ્યા, તે ગામ **સાંકરદે** ગયા. ત્યાં વરસાદ થયો, ત્યારે નિર્ગુણાનંદસ્વામીએ બે માફા ઉપર મોદ નાખી અને મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીને આવું કરી આપો." ત્યારે બે ખાટલા મંગાવીને તે ઊભા મેલીને તે ઉપર મોદ નાખીને તેના તળે મુક્તાનંદસ્વામીને બેસાર્યા. અને ગામમાં જમવાનું થયું ત્યારે સર્વ સંત, પાળા તથા અસવાર એ સર્વેને જમાડ્યા.

પછી શ્રીજીમહારાજ કૂવાથી ઓતરાદી તરફ રાત રહ્યા. સવારમાં ચાલ્યા ત્યારે રતનજીની માએ મહારાજની પૂજા કરી, ને રૂપિયા આગળ મેલ્યા. ત્યારે ગણેશજી બોલ્યા જે, "રૂપિયા તો લક્ષ્મીનું રૂપ છે, વાસ્તે સારા શુકન થયા." ત્યારે મહારાજ હસતા થકા માફામાં બેઠા. પછી મેનામાં ઘાંચો(ચીલાના ખાડા) આવી, ત્યારે પોતે ઊતરીને ઘોડીએ અસવાર થયા અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **છાણી**એ ગયા. ત્યાંથી થોડેક છેટે ગયા ત્યારે સરકારની અસ્વારી આવી. અને જે સંત આગલા દિવસે ગયા હતા, તે પણ આવ્યા.

❋ વડોદરામાં મહારાજની અદ્ભુત અસવારી :

પછી સરકારના દીવાન જે નારુપંત નાના તેમણે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! સરકારે તમારા સારુ હાથી મોકલ્યો છે." તે હાથીને ચારે પગમાં સોનાનાં સાંકળાં, વાંસે ડમચી, ગળામાં સોનારૂપાનાં હૂલર(હાથીનો હાર), માથે કલંગી, પીઠ ઉપર સોનાની અંબાડી ને તેને વિષે મોતીનાં લેરખાં(ઝૂમખાં) ને જાળીને વિષે નંગ જડેલા; એવી શોભાએ જુક્ત જે હાથી તે ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા.

તે સમયમાં નારુપંત નાનાએ શ્રીજીમહારાજને ભારે સોનેરી વસ્ત્ર પહેરાવ્યાં, ને હાથને વિષે નંગ જડેલ સોનાનાં કડાં ને સાંકળાં પહેરાવ્યાં, ને કંઠને વિષે સોનાની ઊતરી, મોતીની માળા ને હીરાકંઠી પહેરાવી, ને હાથની આંગળીઓને વિષે નંગજડીત વીંટીઓ પહેરાવી, એ આદિક અલંકાર મહારાજને પહેરાવ્યાં. એવી શોભાને ધરતા થકા મહારાજ હાથી ઉપર વિરાજમાન થયા ને નારુપંત નાના ચમર કરવા બેઠા.

બીજા હાથી ઉપર મુક્તાનંદસ્વામી અને શુકમુની બેઠા. ત્રીજા હાથી ઉપર અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ બેઠા. નિત્યાનંદસ્વામીને પાલખીમાં બેસાર્યા અને કેટલાક સંતને મેનામાં, ઘોડવેલમાં, માફામાં તથા રથમાં બેસાર્યા. અને સંતમંડળ તથા ચતુરંગની

સેનાએ વીંટાણા થકા પોતે ચાલ્યા, તે કાંપની(કેમ્પ=લશ્કરની છાવણી હતી ત્યાં) તલાવડીએ આવ્યા. ત્યારે સાહેબ લોકોએ શોભા સારુ બેય કોરા ગાડદની પલટણ(સૈનિકની ટૂકડી) ઊભી રાખી હતી. તેના વચ્ચે થઈને ચાલ્યા, તે વિશ્વામિત્રીનો પટ ઊતરીને શહેરમાં પધાર્યા.

તે સમયમાં મહારાજની આગળ ઘોડાં, હાથી, પાલખી, પાળા, રથ ચાલ્યાં. અને શ્રીજીહારાજની મૂર્તિની શોભા જોઈને કોટી કામદેવ લજ્જા પામી ગયા, એવા શોભાયમાન શ્રીજી થયા. અને આકાશમાં દેવતા દર્શન કરવા સારુ આવ્યા ને તેઓ ચંદન-પુષ્પે કરીને મહારાજને વધાવવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને બ્રહ્મા ને અક્ષરાદિક મુક્ત ‘જયજય’ શબ્દને કરીને આનંદને પામ્યા. અને મહારાજની આગળ પ્રણવ, દુંદુભિ, પડઘમ, ભેરી, ત્રાંસાં તેમના શબ્દને સાંભળીને શહેરના હજારુ લોક દર્શને આવ્યા અને મહારાજને પુષ્પના હાર પહેરાવ્યા.

અને સોનાનાં ને રૂપાનાં પચરંગી નિશાન ઊડતાં હતાં, ને કેટલાક ઘોડા દોડતા હતા, ને કેટલાક નિશાને સહિત ઘોડાને કુંડે ફેરવતા હતા, ને પોતાના ભેળા જે અસવાર તેમની બરછીઓને વિષે સૂર્યની કિરણ પડે તેણે કરીને આકાશને વિશે વીજળીની પેઠે સળાકા(ચમકારા) થતા હતા, ને હરિભક્ત ઝાંઝ-મૃદંગ લઈને આગળ કીર્તન ગાતા હતા; એવી શોભાને ધરતા થકા પોતે પુરમાં પધાર્યા.

ત્યારે શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ હજારો માણસ આવ્યા ને મહારાજની આગળ હાથ જોડીને ઊભા રહ્યા. અને મહારાજ પ્રત્યે બોલ્યા જે, “તમે ભલે પધાર્યા ! આજ અમારાં નેત્ર સફળ થયાં.” એમ બોલતા હતા. અને મહારાજના મુખારવિંદનાં દર્શન કરવા આવ્યા જે માણસ, તેમની રાજમાર્ગમાં બહુ ભીડ થઈ. અને ઓટલા, કઠેડા, અગાશીઓ ને નેવાં ઉપર ચડીને બેય કોરનાં માણસ મહારાજનાં દર્શન કરતાં હતાં. અને અગાશીઓને વિશે રહી જે પુરની સ્ત્રીઓ, તે મહારાજને

માથે પુષ્પની વૃષ્ટિ કરતી હતી અને માંહોમાંહી એમ બોલતી હતી જે, **"માયા થકી પર જે પોતાનું અક્ષરધામ તેને વિશે રહ્યા જે ભગવાન તે જ મનુષ્યાકૃતિ ધારણ કરીને આપણા કલ્યાણ સારુ આંહીં પધાર્યા છે. વાસ્તે દર્શન કરી લો, ફેર આવો અવસર નહિ આવે."** એમ કહીને મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારીને મળતી હતી ને શ્રીજીની ઉપર પુષ્પની વૃષ્ટિ કરતી હતી. ત્યારે પોતે મંદમંદ હસતા થકા ઊંચુ જોઈને તેમના ચિત્તની વૃત્તિઓને પોતાની મૂર્તિને વિશે આકર્ષણ કરતા થકા માંડવીને તળે આવ્યા. ત્યારે એક સરકારી બાઈમાણસે શ્રીજીમહારાજને સોના-રૂપાના ફૂલે કરીને વધાવ્યા.

✺ સયાજીરાવે શ્રીહરિની અદ્ભુત પૂજા-સ્તુતિ કરી :

અને સરકારની હવેલીને સમીપમાં આવ્યા ત્યારે મહારાજને સરકારે બોલાવ્યા. ત્યારે મહારાજ હાથી ઉપરથી ઊતર્યા. ત્યારે સયાજીએ શ્રીજીમહારાજના ચરણમાં પડીને, મહારાજનો હાથ ઝાલીને, પોતાની હવેલીમાં ભારે આસન નાંખીને, તે ઉપર પધરાવ્યા. અને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા દાદા ખાચર આદિક મહારાજના પાર્ષદ તેમને પણ સારાં આસન નાંખીને તે ઉપર બેસાર્યા.

પછી શ્રીજીમહારાજના ચરણારવિંદને ધોઈને તે જળ પોતાના મસ્તકને વિશે ધારણ કર્યું. અને પોતાનાં ધન્યભાગ્ય માનીને પોતે આરતી ઉતારી અને કંઠને વિશે પુષ્પના હાર પહેરાવ્યા, ને સોનેરી ડગલી પહેરાવી, ને તે ઉપર દુશાલો ઓઢાડ્યો, ને શ્રીજીમહારાજને હસ્તને વિશે નંગજડિત કડાં ને સાંકળાં પહેરાવ્યાં, ને કંઠને વિશે મોતીની માળા ને હીરાજડિત ભારે કંઠાભરણ પહેરાવ્યાં, ને મસ્તકને વિશે ભારે હીરાજડિત શિરપેચ બાંધ્યા, ને મહારાજની આગળ મીઠાઈ ને મેવા મેલ્યાં.

पछेस्तुतिकरवामांड्याजेहेश्री नारायण हेअखिल लोकपति हेपरमपुरुष हेअनेकअवतारनाअवतारि हेमहाराजजेचरणनीरजनेब्रह्मादिकदेवनेमोटामोटा मुनिमाथानेविशेधारणकरेछे तेचरणारविंदनोमुनेस्पर्शथयोतेआजमारांमोटांभाग्यथयां।नेआअमारुंराज्यनेघरनेसंपतितेतमारिछे।नेहुंतमारोदासछुं नेमुनेतमाराच रणारविंदनेविषेराखजो पछेराजानोशुद्धभावजाणिनेपोतेअभयवरआपताहवा।नेपोतानाकंठमांथिउतारिनेहारआप्या।

તે પછી સ્તુતિ કરવા માંડ્યા જે, “હે શ્રીનારાયણ ! હે અખિલલોકપતિ ! હે પરમપુરુષ ! હે અનેક અવતારના અવતારી ! હે મહારાજ ! જે ચરણની રજને બ્રહ્માદિક દેવ ને મોટા મોટા મુનિ માથાને વિશે ધારણ કરે છે, તે ચરણારવિંદનો મુને સ્પર્શ થયો ! તે આજ મારાં મોટાં ભાગ્ય થયાં ! અને આ અમારું રાજ્ય ને ઘર ને સંપત્તિ તે તમારી છે. ને હું તમારો દાસ છું. ને મુને તમારા ચરણારવિંદને વિશે રાખજો.” પછી રાજાનો શુદ્ધ ભાવ જાણીને પોતે અભયવર આપતા હવા ને પોતાના કંઠમાંથી ઉતારીને હાર આપ્યા.

✹ વાડી મંદિરે પધારી, ત્યાં શિખરબદ્ધ મંદિર થવાનો વર દીધો :

પછી પોતે ચાલવાને તૈયાર થયા, ત્યારે સરકાર મહારાજનો હાથ ઝાલીને બજાર સુધી વળાવવા આવ્યા અને મહારાજને હાથીએ બેસાર્યા. મહારાજ ત્યાંથી ચાલ્યા, તે ચાંપાનેરને દરવાજે થઈને નારુપંથ નાનાની હવેલી આગળ ગયા. ત્યારે તેમનાં ઘરના માણસે મહારાજની ગોખમાં રહીને પૂજા કરી. પછી ત્યાંથી ચાલ્યા, તે પાણીને દરવાજે થઈને પોતાના (વાડી) મંદિરમાં પધાર્યા. અને નારુપંથ નાનાએ કહ્યું જે, “મંદિર તો

નાનું છે.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આંહીં તો ભારે શિખરબદ્ધ મંદિર થાશે !” એમ કહીને માંડવીમાં થઈને ચાલ્યા.

તેવામાં સરકારની અસવારી આવી. ત્યારે સરકારે મહારાજને કહ્યું જે, “આપની મરજી હોય તો ભેળો ચાલું.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમે આગળ ચાલો ને અમે તો સર્વને દર્શન દેતા થકા ધીરા ધીરા આવશું.” એમ કહીને પોતે મસ્તુબાગમાં લાકડાનો બંગલો હતો, તે ઉપર વિરાજમાન થયા ને સર્વે સાધુ તંબુને વિશે ઊતર્યા. તે સમયમાં શહેરના તથા ગામડાના ઘણાક લોક દર્શને આવ્યા.

ત્યાર કેડે સયાજીમહારાજે શ્રીજીમહારાજને જમવા સારુ થાળ મોકલ્યો. તેને પોતાના પાર્ષદને જમાડતા હવા અને પોતે તો મીઠું ને સાથવો જમ્યા. ત્યાર કેડે સંતને ભારે રસોઈ કરીને જમાડ્યા. ત્યાર કેડે દેશ-પ્રદેશથી આવ્યા જે હરિભક્ત તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર ને અલંકાર તે વડે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરતા થકા તેમને ઘણીક વાર સુધી દર્શન દઈને પોતે પોઢવા પધાર્યા.

✹ વડોદરામાં શ્રીહરિનો પ્રતાપ જોઈ ઘણા લોક આશ્રિત થયા :

બીજે દિવસ સવારના પહોરમાં લાકડાના બંગલા ઉપર પોતે વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયને વિશે મોટા મોટા ઉમરાવ, દીવાન, ભટ્ટ, પંડિત, જ્ઞાની, કવિ, ગુણવાન, મતવાદિ તથા મહા અભિમાની એવા જે મલ્લ તથા કેટલાક નાટક-ચેટકવાળા જન આવ્યા. તે સૂર્યના તેજ આગળ ખદ્યોતિયાના તેજનો પ્રકાશ નાશ થાય, તેમ મહારાજના પ્રતાપ આગળ તેમનો પ્રયાસ નાશ થઈ ગયો.

અને કેટલાક શાસ્ત્રી પુરાણીએ મહારાજને આવીને પ્રશ્ન પૂછ્યા. તેના ક્ષણમાત્રમાં પોતે ઉત્તર કર્યા. તેને સાંભળીને સંત તથા હરિભક્ત સર્વે રાજી થયા. આવો મહારાજનો પ્રતાપ દેખીને શહેરના સર્વે જન

આશ્ચર્ય પામ્યા ને એમ પરસ્પર બોલતા જે, "આ તો કોઈ અવતારી પુરુષ છે ને એમના પ્રતાપે કરીને હજારો માણસને સમાધિ થાય છે !" એમ કહીને ઘણાક લોક મહારાજને આશ્રિત થયા.

સાંજને સમે સયાજીમહારાજ, ગણપતરાવ તથા દીવાનજી એ સર્વે મહારાજને દર્શને આવ્યા. ત્યારે મહારાજે પોતાના બંગલામાં બોલાવીને પાસે બેસાર્યા ને ત્રણેને એકુકો હાર આલ્યો. ત્યાર કેડે દીવાનજી પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે અમારું તથા સાધુનું વાંકુ બોલો છો, તે તમને ઘટે નહીં. કેમ જે રાજા રાજાને ખાર હોય ને દીવાનને દીવાન સંઘાથે ખાર હોય. વાસ્તે તમે રાજાના દીવાન ને આ સાધુ, તે તમારે સાધુનો અપરાધ કરવો ઘટે નહીં. અને **મોટા પુરુષનો અપરાધ કરીને કોઈનું સારું થયું નથી ને થાશે પણ નહીં."** એમ કહીને બીજો હાર આપ્યો. ત્યાર કેડે મહારાજની રજા લઈને સરકાર દીવાનજીએ સહિત ગામમાં ગયા. પછી આરતીનો સમય થયો ત્યારે આરતી કરીને ઘણીક વાર સુધી સંત-હરિભક્તને દર્શન દઈને પોતે પોઢવા પધાર્યા.

✹ મહારાજને પકડવા માટે દીવાનનું કાવતરું નિષ્ફળ :

તે સમયમાં દીવાનજી તથા સારાભાઈ એ આદિક મહારાજના દ્વેષી તે સર્વે ભેળા થઈને મનસૂબો કર્યો જે, 'સ્વામિનારાયણને પકડી લેવા.' એમ કહીને લશ્કર સાબધું(તૈયાર) કરવા માંડ્યું. ત્યારે સયાજીમહારાજને ખબર પડી જે, 'દીવાનજી તો સ્વામિનારાયણને પકડવાનો મનસૂબો કરે છે.' તેવામાં નારુપંથ નાના સરકાર પાસે આવ્યા. (દીવાનના દગા વિશે જ્યારે વાત કરી) ત્યારે સયાજીમહારાજ બોલ્યા જે, "દીવાનજીએ તો સર્વે સેના વશ કરી લીધી ને હાલમાં મારી પાસે કોઈ માણસ નથી; વાસ્તે તમે મહારાજને પૂછો જે, આ સમે મારે કેમ કરવું."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે નિર્ભય રહેજો. ઈશ્વરનું ધાર્યું થાશે પણ જીવનું ધાર્યું કાંઈ થાવાનું નથી." એમ કહીને પોતે

વરસાદ કરવા માંડ્યો. તેણે કરીને એનું એકે ઘોડું પાયગા(તબેલા)માંથી બહાર નીકળ્યું નહીં. ત્યારે દીવાનજીએ કહ્યું જે, "હાથીની અસવારી ચડાવો." ત્યારે શ્રીજીમહારાજે વીજળી કરી. તે હાથીની આંખમાં પેસી જાય, તેથી હાથી પણ ચીસ પાડીને પાયગામાં પેસી ગયા. એમ કરતાં સૂર્ય નારાયણનો ઉદય થયો. ત્યારે સર્વેના મનસૂબા ખોટા થઈ ગયા.

✵ સયાજીરાવે પૂજા કરીને મહારાજને વિદાય આપી :

પછી સયાજીમહારાજે નારુપંથ નાના પાસે શ્રીજીમહારાજને પુછાવ્યું જે, "તમારે રહ્યાની મરજી છે કે ચાલવાની છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે ચાલવાની મરજી છે." ત્યારે સયાજીમહારાજે મોરે જેમ હાથીએ સહિત અસવારી મોકલી હતી, તેવી અસવારી મોકલી. ત્યારે પોતે સંતને જમાડીને હાથી ઉપર વિરાજમાન થયા ને સંતમંડળ તથા પોતાના પાર્ષદે સહિત રાજમાર્ગમાં થઈને સરકારની હવેલી આગળ ગયા. ત્યારે સરકારે શ્રીજીમહારાજનો હાથ ઝાલીને પોતાની હવેલીમાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ તથા અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તથા દાદા ખાચર એ આદિક શ્રીજીમહારાજના પાર્ષદ તેણે સહિત પધરાવ્યા.

પછી શ્રીજીમહારાજની ચંદન-પુષ્પ તથા વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી અને અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજને શાલ-દુશાલા ઓઢાડ્યાં. અને મુક્તાનંદસ્વામી આદિક સંતમંડળની આગળ જગન્નાથીનાં થાન(કાપડના તાકા) મેલ્યાં ને દાદા ખાચર આદિક શ્રીજીમહારાજના પાર્ષદ તેને ભારે સરપાવ કર્યા.

પછી નારુપંથ નાનાએ કહ્યું જે, "સરકારને વર્તમાન ધારવા છે." ત્યારે શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે વર્તમાન ધરાવો." ત્યારે નિત્યાનંદસ્વામીએ વર્તમાન ધરાવ્યાં. ત્યાર કેડે શ્રીજીમહારાજ

બોલ્યા જે, "હવે અમારે ચાલવું છે." ત્યારે સરકાર બોલ્યા જે, "હે મહારાજ ! પાછા વહેલા પધારજો ને જ્યારે સંભારું ત્યારે આવાં ને આવાં દર્શન દેજ્યો." એમ કહીને શ્રીજીમહારાજનો હાથ ઝાલીને બજાર સુધી વળાવા આવ્યા.

❋ વડોદરાથી મહારાજ અને સંતો વડતાલ પધાર્યા :

ત્યાર કેડે શ્રીજીમહારાજ હાથીએ બેસીને અસવારીએ સહિત ચાલ્યા, તે રાજમાર્ગે થઈને કાંપમાં પધાર્યા. ત્યારે અંગ્રેજ સાહેબે પોતાનો છડીદાર મોકલ્યો ને શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારે મિલાખાત(મુલાકાત) કરવી છે, વાસ્તે તમે એક દિવસ આંહીં રહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારા નાનાભાઈ બહુ માંદા છે, વાસ્તે હમણાં તો અમે જઈશું અને હવેના(હવે પછી) આવીશું ત્યારે સાહેબલોકને મિલાખાત થાશે."

એમ કહીને શ્રીજીમહારાજ ચાલ્યા, તે કાંપથી તલાવડીએ આવ્યા. ત્યારે પોતે હાથીએથી ઊતરીને માણકી ઘોડીએ અસવાર થઈને લગામ તાણીને ઘોડીને દોડાવી અને વાંસે સરકારની અસવારીનાં (મહારાજને પકડવા આવેલા દીવાનજીના) ઘોડાં દોડ્યાં, પણ કોઈ પહોંચ્યાં નહીં. પછી ગામ છાણીથી પાછાં વળ્યાં.

અને શ્રીજીમહારાજ તો **સાંકરદે** જઈને ઊભા રહ્યા ને પોતા ભેળા અસવાર હતા તેમને દહીં ને રોટલા જમાડ્યા. ત્યાંથી ઘોડી દોડાવી તે **વરતાલે** આવીને ઠાકોરજીની શયન આરતીનાં દર્શન કર્યાં. અને ઠાકોરજીનો થાળ પોતે જમ્યા ને પછી પોઢવા પધાર્યા. બીજે દિવસ સર્વે સંત આવ્યા. પછી શ્રીજીમહારાજે મોટી સભા કરાવી, તેને વિશે પોતે વિરાજમાન થયા ને સર્વે સંત તથા હરિભક્ત શ્રીજીમહારાજના મુખારવિંદ સામા ચકોર પક્ષીની પેઠે એકાગ્ર દષ્ટિ કરીને દર્શન કરતા હતા.

તેવામાં મુક્તાનંદસ્વામીએ વડોદરામાં જેવી રીતે શ્રીજીમહારાજે દિગ્વિજય કર્યો તે સર્વે વાત કહી. ત્યારે સર્વે હરિભક્ત બહુ રાજી થયા અને શ્રીજીમહારાજ પ્રત્યે બોલ્યા જે, "હે મહારાજ ! આવો દિગ્વિજય તો તમ વતે થાય પણ બીજા કોઈથી થાય નહીં. તેવામાં(તે વખતે) નિત્ય પ્રત્યે સયાજીમહારાજ મેવાની કાવડ મોકલતા. તે મેવા જમીને પોતે સંતમંડળને તથા પોતાના પાર્ષદને આપતા.

✵ વડતાલથી વિચરણ કરતા ગઢપુર પધાર્યા :

એમ કરતાં દોઢ માસ થયો ત્યારે ગઢડાને માર્ગે ચાલ્યા ને ઈચ્છારામજી મહારાજને મેનામાં બેસારીને ભેળા લીધા. અને પ્રથમના મુકામે **સિંજીવાડે** રહ્યા ને સાબરમતિ ઊતરીને **જાખડે** બપોરા કર્યા. ત્યાં જમીને **કમિયાળે** રાત રહ્યા ને ત્યાંથી **ધોલેરે** ગયા. ત્યાંના હરિભક્તને આનંદ પમાડતા થકા એક દિવસ રહીને ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ ગયા ને ત્યાંથી **ગઢડે** ગયા.

✵ મહારાજે પોતે દાદા ખાચરના ખળાની સંભાળ લીધી :

ત્યાર કેડે થોડાક દિવસ થયા, ત્યારે ભારે માવઠું થયું. તે દિવસ સવારના પહોરમાં શ્રીજીમહારાજ સાધુની જાયગામાં આવીને સંતને કહ્યું જે, "બાજરા પલળી ગયા. વાસ્તે ચાલો ખળામાં જઈને તેની રક્ષા કરીએ." એમ કહીને પોતે ચાલ્યા, તે માથે રાતી છત્રી ધરી. તે ઉપર સૂર્યની કિરણ પડી, તેણે કરીને ગુલાબના ફૂલ જેવી મહારાજની મૂર્તિ શોભતી હતી. અને ખળામાં જઈને સંત પાસે પગરની(ખળામાં અનાજ છૂટું પાડેલા ડૂંડા વિગેરેની) ઢગલીઓ કરાવી.

તેવામાં નાના સાધુ હતા તેમણે તાપ કરીને તાપવા માંડ્યું.ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે સાધુને તેડી આવો." ત્યારે બ્રહ્માનંદસ્વામી તેડવા ગયા, તે પોતે પણ તાપવા બેસી ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે પણ તાપમાં લોભાણા કે શું ?"

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મુને તો આ છોકરા આવવા દેતા નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તમારી જુગતિ જાણી!" એમ કહીને બોલાવી લીધા.

પછી મહારાજ બોલ્યા જે, "સાધુએ બહુ દાખડો કર્યો, વાસ્તે કોઈ માંદા થઈ જાશે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હું કહું એમ કરો તો કોઈ માંદા થાય નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "કહો." ત્યારે તેમણે કહ્યું જે, "સારી પેઠે ગોળ ને ઘી જમાડો તો કોઈ માંદા થાય નહીં." ત્યારે મહારાજે સંતને ઘઉંના રોટલા, ગોળ ને ઘી પોતે પીરસીને જમાડ્યા.

✺ મુક્તાનંદસ્વામીએ કાળની શાંતિ માટે સૌને જમાડ્યા :

એક દિવસને સમે મુક્તાનંદસ્વામીને સ્વપ્નને વિશે રુદ્ર(કાળ) દેખાણો. તે એક હાથમાં ત્રિશૂલ ને બીજામાં ખપર, એવો થકો સ્વામી પ્રત્યે બોલ્યો જે, "બહુ દિવસથી મારું ખપર ભરાણું નથી, વાસ્તે મુને આજ્ઞા કરો તો મારું ખપર ભરું." ત્યારે મુક્તાનંદસ્વામીએ મનમાં વિચાર કર્યો જે, 'આ તો કાળ સ્વરૂપ છે. વાસ્તે તેની શાંતિ કરીએ તો ઠીક.' એમ વિચારીને પોતે સંકલ્પ કર્યો જે, 'મહારાજને જમાડીએ તો ત્રિલોકીની ત્રપ્તિ થાય, તે ભેળી કાળની પણ શાંતિ થાય. અને સાધુ-બ્રહ્મચારીને જમાડીએ તો સર્વે હરિભક્તને સુખ થાય.' એવો રાત્રીમાં સંકલ્પ કર્યો.

પછી સવારમાં ઊઠીને નાહીને પૂજા કરવા બેઠા. તેવામાં મુકુંદ બ્રહ્મચારી સ્વામીને પગે લાગવા આવ્યા. ત્યારે (સ્વામીએ) તેમને ચાંદલો કરીને ધોતિયું ઓઢાડ્યું. અને એમ કહ્યું જે, "તમે અમારા નામનો મહારાજને વાસ્તે થાળ કરજ્યો ને તમે પણ જમજો." એમ કહ્યું ત્યારે બ્રહ્મચારી મહારાજ પાસે ગયા.

ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મચારી ! અત્યારમાં ક્યાં પૂજાઈ આવ્યા ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીએ મારી પૂજા કરી, ને એમ કહ્યું છે જે, 'તમે મારા નામનો મહારાજને વાસ્તે થાળ કરજ્યો ને તમે પણ જમજ્યો." ત્યારે પોતે હસતા થકા સભામાં પધાર્યા. ત્યારે મુક્તાનંદસ્વામી પણ સભામાં આવીને બેઠા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમે બ્રહ્મચારીને શું કહ્યું ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "આજ મુને સ્વપ્નમાં રુદ્ર દેખાણો. તેણે કહ્યું જે, 'હું બહુ દહાડાથી ભૂખ્યો છું.' ત્યારે તેની શાંતિને અર્થે અમારા નામનો મહારાજને વાસ્તે થાળ કરવાનું કહ્યું છે. અને સાધુને ગળવાણાની રસોઈ આપવી ને સવા રૂપૈયાની ગાય બ્રાહ્મણને અપાવવી, એવો સંકલ્પ કર્યો છે."

ત્યારે શ્રીજીમહારાજ હસતા થકા મોટીબા પ્રત્યે બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીના નામની ગળવાણાની રસોઈ શોભશે ?" ત્યારે તેમણે કહ્યું જે, "સ્વામીના નામની રસોઈ તો સર્વોપરી જોઈએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "મોતૈયા લાડુની રસોઈ કરાવો." એમ કહીને મોતૈયા લાડુનો સામાન કરાવ્યો. અને એમ કહ્યું જે, "કાલને દિવસ રસોઈ થાશે, વાસ્તે આસપાસ ગામડામાં સાધુ હોય તેમને બોલાવો." એમ કહીને પવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી તથા જગન્નાથાનંદસ્વામી એ સર્વેને કંદોઈ પાસે સામાન કરવા લાગવાની આજ્ઞા કરી. પછી પોતે જમવા પધાર્યા ને સંતે રસોઈ કરાવા માંડી.

પછી તે જ દિવસ સાંજને સમે મહારાજ સભાને વિશે વિરાજમાન થયા. ત્યાર કેડે પોતે જમવા પધાર્યા, ત્યારે મોતૈયા લાડુનો થાળ ભરીને સંત મહારાજને પાસે લઈ ગયા. ત્યારે મહારાજ તેને જોઈને રાજી થયા ને તેને જમીને સંતને પ્રસાદી કરીને આપી. પછી સાધુએ કહ્યું જે, "લાડુ કરીને અમે ક્યાં મૂકીએ ?" ત્યારે પોતે કહ્યું જે, "લાડુબાઈના

સભા કરવાના ઓરડામાં મેલજ્યો." ત્યારે સંતે ગોળની(ગોળ કરવાની) કડાયો ઊંચી બાંધીને તેમાં લાડવા ભર્યા ને સંત ઉતારે ગયા.

પછી સવારમાં મહારાજ ત્યાં પધાર્યા ને લાડવા કડાઈયોમાં ભર્યા તેને જોઈને પોતે સંત ઉપર રાજી થયા. પછી પોતાના રસોઈયા હતા તેમને કહ્યું જે, "જેવી અમારા થાળમાં સામગ્રી થાય છે, તેવી સંતને વાસ્તે રસોઈ કરજ્યો." ત્યારે તેમણે પણ સંત સારુ તેવી જ રસોઈ કરી. તેને જોઈને પોતે બહુ રાજી થયા. પછી પોતે થાળ જમીને સંતને પીરસવા પધાર્યા.

✹ મુક્તાનંદસ્વામી અને મહારાજે પરસ્પર પૂજા કરી :

તે સમયમાં મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મારે પૂજા કરવી છે, ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો." ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજની પૂજા કરવા માંડી, તે શિખાથી કટિ પર્યંત કેસરે જુક્ત જે ચંદન તેનું લેપન કરીને કહ્યું જે, "ચરણારવિંદની પૂજા કરું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "કરો." ત્યારે ચરણથી લઈને ઢીંચણ પરજંત પૂજા કરી, ને ભાલને વિશે કુંકુમનો ચાંદલો કર્યો ને કંઠને વિશે ફૂલનો હાર પહેરાવ્યો. પછી ભુજાને વિશે બાજુબંધ ને ગજરા બાંધ્યા.

તે સમયમાં પીળી બંડી પહેરી હોય ને પીળો સુરવાલ પહેર્યો હોય ને તે ઉપર ધોળુ ધોતિયું પેર્યું હોય ને જેવી શોભા આવે તેવી શોભા થઈ. એવી શોભાને ધરતા થકા પોતે સંતને લાડુ પીરસતા હવા ને વારંવાર તાણ કરીને સંતને લાડુ જમાડ્યા. પછી ભંડારીને લાડુ આપીને પોતે વાસુદેવની ઓસરીમાં વિરાજમાન થયા.

ત્યારે મુક્તાનંદસ્વામી આદિક સાધુ મહારાજ પાસે આવીને બેઠા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીની પૂજા કરી ને કંકું વતે પીળા કરીને રૂપિયા ૧૫૦૦ પંદરસેનો થાળ ભરીને આગળ મેલ્યો. અને એમ

કહ્યું જે, "તમારી નજરમાં આવે તે બ્રાહ્મણને દાન કરી દ્યો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "આ સમે તો દાનનું પાત્ર ધર્મકુળ છે." એમ કહીને ધર્મકુળને આપ્યા.

અને (સ્વામીને) સવા રૂપિયાની ગાયનો સંકલ્પ હતો, તેને સાટે સર્વ ગાયમાં શ્રેષ્ઠ એવી ગોરહર ગાય લાવીને (મહારાજે) કહ્યું જે, "તમને ગમે તે બ્રાહ્મણને આપો." ત્યારે ગાયે મહારાજના મુખારવિંદ સામું જોયું. ત્યારે મહારાજે કહ્યું જે, "આ ગાયનું દૂધ અમે બહુ પીધું છે, વાસ્તે જ્યાં સુખી થાય ત્યાં આપજો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "આ ગાય હું સીતારામજી મહારાજને આપું છું." ત્યારે મહારાજ રાજી થયા ને હસતા થકા પોઢવા પધાર્યા.

✹ વાડીએ જઈ મૂળા જમાડ્યા, રસ્તામાં માણકીના હેતનું પારખું :

પછી એક દિવસ શ્રીજીમહારાજ સવારના પહોરમાં ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા ને સર્વે સંતની સભા ભરાઈને બેઠી હતી. તેવા સમયમાં ઉકાભક્ત મહારાજ પાસે મૂળા લાવ્યા. તેને પોતે જોઈને રાજી થયા ને જમીને સંત તથા પાર્ષદને પ્રસાદી આપી. ત્યારે ઉકાભક્તે કહ્યું જે, "મૂળા મોટા થઈ જાય છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ચાલો, મૂળા જમવા જઈએ." એમ કહીને પોતે માણકી ઘોડીએ અસવાર થયા ને સંત તથા પોતાના પાર્ષદ તેણે સહિત વાવને માર્ગે ચાલ્યા, તે માર્ગમાં વોકળી આવી.

ત્યારે મહારાજ બોલ્યા જે, "માણકીને અમારા ઉપર જેવું હેત છે, તેવું તેની વછેરી ઉપર નથી." ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "જેવું ઘોડીને વછેરી ઉપર હેત હોય તેવું અસવાર ઉપર હોય નહીં." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એનું પારખું લેવું છે ?" એમ કહીને સર્વે ઘોડાને માર્ગે ચાલવાની આજ્ઞા કરી ને પોતે ઘોડીથી ઊતરીને ઉગમણા એક ખેતરવા પોતે ગયા. ત્યારે માણકી ઘોડી પણ મહારાજની વાંસે

ચાલી, ને મહારાજ લઘુશંકા કરવા બેઠા ત્યારે મહારાજને પાસે જઈને ઊભી રહી. પછી મહારાજ ઘોડીએ અસવાર થયા ને ઘોડીને છૂટી મેલી, ત્યારે પોતાની વછેરીઓ હતી, ત્યાં ભેળી થઈ.

ત્યારે મહારાજે સુરા ખાચરને કહ્યું જે, "તમે કહેતા હતા જે માણકીને વછેરી ઉપર હેત એટલું અમારા ઉપર નહીં, તે તમે નજરે જોયું કે નહીં ?" ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "બે હજાર રૂપિયા ઠાણમાંથી(વછેરી ગર્ભમાં હોય ત્યારથી) આપીએ છીએ, તે જાતના આપીએ છીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "સુરા ખાચરને ફરતા વાર નહીં." એમ કહીને પોતે હસતા થકા વાવે પધાર્યા.

અને વાવથી દક્ષણાદિ તરફ આસન નાંખ્યું હતું, તે ઉપર વિરાજમાન થયા. સંતે વાવમાં મૂળા ધોઈને કેળનાં પત્ર ઉપર ઢગલો કર્યો. ત્યારે શ્રીજીમહારાજને સોમલા ખાચરે તથા નિત્યાનંદસ્વામીએ મૂળા સુધારીને આપ્યા. તેમાં મીઠું-જીરું નાંખીને, અડધો મૂળો જમીને નિત્યાનંદસ્વામી આદિ સાધુ તથા સોમલા ખાચર આદિક પોતાના પાર્ષદ તેમને આપે. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "પવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી તથા દામોદરાનંદસ્વામી એ પ્રસાદી વિના રહી ગયા છે." ત્યારે પોતે જમીને તેમને પ્રસાદી આપી.

ત્યાર કેડે સચ્ચિદાનંદસ્વામીએ એક મોટી કેળાની લૂમ લાવીને મહારાજની આગળ મેલી. તેમાંથી અડધું અડધું કેળું જમીને મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી આદિક સંતમંડળ તેમને તથા સોમલા ખાચર આદિક પાર્ષદ તેમને આપ્યું. એવી લીલા કરીને પોતે ત્યાંથી ઊઠીને બાગમાં ગયા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ ગુલાબ તથા મોગરાના હાર પહેરાવ્યા, હાથને વિશે ગજરા ને બાજુબંધ બાંધ્યા ને પાઘને વિશે તોરા ધરાવ્યા.

અને વાડીવાળા સેવકે મહારાજના આગળ સુંદર રીંગણાં મેલ્યાં. તેને જોઈને પોતે રાજી થયા, ને બ્રહ્મચારીને કહ્યું જે, “અમારા રસોઈયાને આપજો ને તેનું શાક કરાવજ્યો.” એવી લીલાને કરતા થકા પોતે દરબારમાં પધાર્યા ને થાળ જમીને પોઢી ગયા. અને સાંજને સમે ગવૈયા પાસે દુકડ સરોદા વજડાવીને કીર્તન ગવરાવ્યાં. અને આરતી ધૂન કર્યા કેડે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી, ને અધ્યાય પૂરો થયો ત્યારે પોતે પોઢવા પધાર્યા.

✹ લક્ષ્મીવાડીએ જઈ મૂળા તથા ફળ જમાડ્યા :

ત્યાર કેડે હરજીભાઈએ મહારાજને આવીને કહ્યું જે, “લક્ષ્મીવાડીમાં મૂળા મોટા થઈ જાય છે.” ત્યારે શ્રીજીમહારાજે સંતમંડળને કહ્યું જે, “ચાલો, વાડીએ મૂળા જમવા જઈએ.” એમ કહીને પોતે માણકીએ અસવાર થઈને સંતમંડળે સહિત વાડીએ પધાર્યા ને આંબાવાડિયાથી ઉગમણા ખેતરમાં વિરાજમાન થયા. સંતે ધોઈને મૂળાનો આગળ ઢગલો કર્યો. ત્યાર કેડે નિત્યાનંદસ્વામી, સોમલા ખાચર તથા શુકમુનિ તેમણે સુધારીને મેલ્યા જે મૂળા તેને પોતે જમીને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિક સર્વે સંત તથા દાદા ખાચર આદિ પોતાના પાર્ષદ તેમને દીધા.

અને મોટા પ્રજ્ઞાનંદસ્વામી, સવિતાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી તથા નારાયણાનંદસ્વામી તેમને મહારાજે કહ્યું જે, “જે હરિભક્ત મૂળા વિના રહી ગયા હોય તે સર્વેને મૂળા આપો.” ત્યારે તેમણે જે રહી ગયા હતા તેમને આપ્યા. સર્વે જમી રહ્યા ત્યારે પોતે બાગમાં છત્રીએ જુક્ત વેદિકા ઉપર વિરાજમાન થયા. ત્યારે વાડીમાં રહેનારા જે પોતાના ભક્તજન તેમણે મહારાજની આગળ લાવીને મૂક્યાં જે દાડમ, નારંગી, જામફળ, કેળા તથા દ્રાક્ષ એ આદિક મેવા તેને પોતે જમીને સંતમંડળ તથા પોતાના પાર્ષદ તેમને આપીને પોતે દરબારમાં પધાર્યા.

✵ મોડી રાત સુધી કીર્તન ગાનારા સંતોને મહારાજ મળ્યા :

અને વળી એક દિવસ કેટલાક સંત ઓચ્છવ કરીને ગાય ને કેટલાક સંત ફરીને ગાય. એમ કરતાં માંહોમાંહી વાદવિવાદ થયો, તે કોઈ આળશે(બંધ થયા) નહીં. એમ કરતાં પાછલી છ ઘડી રાત રહી, ત્યારે મહારાજે પોતાના ઉતારામાંથી આવીને કોઈ ન દેખે તેમ બેસીને આઠ કીર્તન સાંભળ્યાં. પછી બેય મંડળીઓના મધ્યમાં આવીને બેઠા ને પોતે બોલ્યા જે, “સંતો ! બહુ કીર્તન ગાયાં, વાસ્તે હવે રહેવા દ્યો.” ત્યારે સર્વે સંત મહારાજ પાસે આવીને પગે લાગ્યા.

ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, “ફરીને કીર્તન ગાય ને ઓચ્છવ કરીને ગાય તેમાં અધિક દાખડો કેનો ?” ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “ઓચ્છવવાળા તો બેસીને ગાય ને ફરનારા તો ઊભા ઊભા ગાય ને કંઠેથી ગાય. વાસ્તે ફરીને ગાય તેમનો અધિક દાખડો કહેવાય.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “ફરીને ગાયા તેમને પ્રથમ મળીએ.” એમ કહીને ફરનારાને પ્રથમ મળ્યા. ત્યાર કેડે ઓચ્છવિયાને મળ્યા. એમ સર્વને આનંદ આપીને પોતે માંહિલી કોર પધાર્યા.

✵ ગઢડામાં ઇચ્છારામભાઈને ધામમાં લઈ ગયા :

ત્યાર કેડે પોતાના ભાઈ ઇચ્છારામજી માંદા થયા. ત્યાં સર્વ સાધુને તેડાવ્યા. તે સર્વે સંત ઇચ્છારામભાઈનાં દર્શન કરીને બેઠા. તે વાર પછી બ્રહ્માનંદસ્વામી **‘લગાડી તેં પ્રીતિ લાલ રે..’** એ કીર્તન બોલ્યા. તેને સાંભળીને શ્રીજીમહારાજ રાજી થયા ને પોતાનાં સર્વે વસ્ત્ર આપ્યાં. અને શ્રીજીએ સર્વ સંતના ચરણામૃતનું જળ ઇચ્છારામભાઈને પાયું. પછી ઇચ્છારામભાઈ દેહત્યાગ કરીને સ્વધામ ગયા.

પછી તેમના દેહને ડોલીમાં બેસારીને સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તેમણે સહિત શ્રીજીમહારાજ ઓચ્છવ કરતા થકા ઘેલાને વિશે લઈ ગયા. ત્યાં દહનાદિક ક્રિયા કરી અને ત્યાં મોટો પાણીનો ધરો

હતો, તેમાં સંત તથા સર્વ હરિભક્ત તેણે સહિત પોતે સ્નાન કરીને મંદિરમાં પાછા પધાર્યા. તેમનું રૂડી પ્રકારે ખર્ચ કર્યું અને ત્યાં વસંત ને શિવરાત્રી સુધી વિરાજ્યા.

✵ ગઢડામાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો :

પછી વસંતપંચમીનો દિવસ આવ્યો ત્યારે પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા ને શ્રીજીમહારાજના મુખારવિંદ આગળ સંત તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી આદિક ગવૈયાને કહ્યું જે, "તમે વસંતનાં કીર્તન ગાઓ." ત્યારે તેમણે દુકડ, સરોદા, સતાર વજાડીને કીર્તન ગાયાં.

ત્યાર કેડે વસંતના કુંભમાં આંબાનો મોર, ઘઉંની ઉંબીઓ(ડૂંડી) અને આંબાનાં પત્ર માંહી મેલીને, તે ઉપર ગુલાલ નાંખીને દાદા ખાચરે માથે લીધો. અને શ્રીજીમહારાજ ઘોડીએ અસવાર થઈને સંતમંડળ ને હરિભક્ત તેણે વીંટાણા થકા ચાલ્યા. સંતો આગળ ઓચ્છવ કરતા જાય ને ઢોલ, શરણાઈયો વાગતી જાય ને ગુલાલ ઊડતો જાય, એમ કરતા થકા વાસુદેવ નારાયણના મંદિરમાં લાવીને કુંભ મેલ્યો. શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને ત્યાં સારી પેઠે ઉત્સવ કર્યો ને શ્રીજીમહારાજે સંત તથા હરિભક્ત ઉપર સારી પેઠે રંગ-ગુલાલ નાખ્યો. સંતે પણ મહારાજને માથે રંગ-ગુલાલ સારી પેઠે નાખ્યો.

પછી હરિભક્તે શ્રીજીમહારાજની આગળ ખજૂર, ખારેકો, ટોપરા તથા દાળિયા લાવીને મૂક્યાં. તેને જોઈને પોતે રાજી થયા ને સર્વે સંતને પોશ ભરીને ફગવા આપ્યા. ને પોતે ગાજતેવાજતે ઘેલાને વિષે નાવા ગયા. નાહીને કોરાં વસ્ત્ર પહેરીને દરબારમાં આવ્યા ને પોતે થાળ જમવા પધાર્યા. જમી રહ્યા ત્યારે દાદા ખાચરે મહારાજની પૂજા કરી. તે ભાલને વિષે પીળા ચંદનની અર્ચા કરી, તેને વિષે કુંકુમનો

ચાંદલો કર્યો ને હસ્તને વિષે બાજુબંધ, ગજરા બાંધ્યા ને પાઘને વિષે તોરા ખોસ્યા.

ત્યાર કેડે શ્રીજી ખેસને ડાબે ખભે આડસોડે નાખીને, તે વતે કેડ બાંધીને, સંતને પોતે લાડુ પીરસતાં પીરસતાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી આદિક મોટેરા સાધુ પાસે આવ્યા. ત્યારે તેમણે છેલ્લી વાર આડા હાથ દીધા. ત્યારે તેમના સેવકે પણ આડા હાથ દીધા. ત્યારે મહારાજ બોલ્યા જે, "મોટેરાથી દબાઈને ના પાડવી તે ઠીક નહીં, જેને જેટલો આહાર હોય તેટલું લેવું." એમ કહીને મોટેરા સંતના સેવકને બબે લાડુ આપ્યા, તે જમી ગયા. એવી લીલાને કરતા સતા પંગતમા ફર્યા. એવી રીતે સર્વ સંતને ત્રપ્ત કરીને પોતે ઉતારાને વિષે પધાર્યા.

✹ મહારાજે ઘી ન ખાવાનું પ્રકરણ રાખ્યું :

ત્યાર કેડે પોતે પ્રકરણ ફેરવ્યું જે, **"અમારે આજથી ઘી ન ખાવું."** પછી થોડાક દહાડા એવું પ્રકરણ રહ્યું. ત્યાર કેડે હરિભક્તે પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! તમે ઘી જમવાનો ત્યાગ કર્યો ત્યારે સંતે પણ ઘીનો ત્યાગ કર્યો. ત્યારે અમે શી પ્રકારે તમારી તથા સંતની સેવા કરીશું ? વાસ્તે અમારા ઉપર કૃપા કરીને તમે ઘી જમો." ત્યારે મહારાજે પોતાના ભક્તજનની પ્રાર્થના સાંભળીને ઘી જમવાની હા પાડી. ત્યાર કેડે ભણનારા સાધુને કારિયાણી તથા સુંદરિયાણે જાવાની આજ્ઞા કરી, તે ગયા.

✹ ગઢડાથી વડતાલ પધાર્યા ને મંદિરનું કામ ચાલુ કર્યું :

ત્યાર કેડે પોતે વરતાલને માર્ગે ચાલ્યા, તે ગામ **સારગંપુર** ગયા. ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણે** ગયા ને ગરાસિયાના ફળિયામાં ઊતર્યા. અને સાધુને શેરડી ને ગોળ પોતે જમીને આપ્યો ને વનાશાની મેડીએ થાળ જમીને સાધુને આપ્યો. અને સાધુ-પાળાને એકાદશીને દિવસ ખજૂર

આપીને ચાલ્યા, તે ગામ **અણિયાળી**એ ગયા. ત્યાંથી **કમિયાળે** ગયા ને ત્યાંથી **વરસડે** ગયા ને **સિંજીવાડે** થઈને **વડતાલે** પધાર્યા.

પછી શ્રીજીમહારાજે લક્ષ્મીનારાયણના મંડપનું કામ ચાલતું કર્યું. તેમાં એક દિવસ ચૂનાનાં તગારાં ન પૂગ્યાં. ત્યારે કડિયા બોલ્યા જે, "ચૂના વિના બેસી રહ્યા છીએ." ત્યારે શ્રીજીમહારાજે ચૂનાનું તગારું લીધું. ત્યાર કેડે બીજા સર્વે આવી પૂગ્યા ને મહારાજના હાથમાંથી તગારું લેવા માંડ્યું, પણ કોઈને આપે નહીં. ત્યારે નિત્યાનંદસ્વામી તગારે જઈને બાજ્યા. ત્યારે પોતે બોલ્યા જે, "આવા ભક્તિવાળા હતા ત્યારે આગળથી કેમ ન આવ્યા ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "એટલી ભૂલ આવી !" ત્યારે તગારું આપ્યું.

❋ મહારાજ પોતાના માથે ઈંટ ઉપાડી લાવ્યા :

एक दिवस ईंट्यो खुटि त्यारे पोते गाम थि उगम
णि तरफ आंबलाने पासे ईंटवाडो हतो त्यां पधार्या ते भेळा
हजारो हरिभक्त ने साधु पण गया त्यारे महाराजे त्रण ईंट्यो
माथे लिधि त्यारे ब्रह्मानंद स्वामिये कह्यु जे मारे एक
ईंट ओछि छे एम कहिने एक ईंट लेइ लिधि त्यारे नित्या
नंद स्वामिये कह्युं जे मारे एक ईंट ओछि छे एम कहिने ए
क ईंट लेइ लिधि पछे एक ईंट पोते माथे नुपाडिने चाल्या
[illegible]
[illegible]

એક દિવસ ઈંટો ખૂટી, ત્યારે પોતે ગામથી ઉગમણી તરફ આંબલાને પાસે ઈંટવાડો હતો ત્યાં પધાર્યા. તે ભેળા હજારો હરિભક્ત ને સાધુ પણ ગયા. ત્યારે મહારાજે ત્રણ ઈંટો માથે લીધી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "મારે એક ઈંટ ઓછી છે." એમ કહીને એક ઈંટ લઈ લીધી. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "મારે એક ઈંટ

ઓછી છે." એમ કહીને એક ઈંટ લઈ લીધી. પછી એક ઈંટ પોતે માથે ઉપાડીને ચાલ્યા. તે સમયમાં રામચંદ્રની સેનાની જેવી શોભા આવી ને ઈંટો લાવીને મંદિરમાં ઢગલો કર્યો.

અને બીજી વાર જવાને તૈયાર થયા ત્યારે ગંગામાએ કહ્યું જે, "તમે રહેવા દ્યો, તમારી મરજી હોય તો આખો ઈંટવાડો ઉપાડી લાવીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે લાવતા હો તો અમારે શા સારુ લેવા જાવું પડે ?" ત્યારે ગંગામા બાઈઓનો સાથ લઈને ગયાં, તે અડધો ઈંટવાડો ઉપાડીને લાવ્યાં. તેને જોઈને પોતે બહુ રાજી થયા

✹ સેવાથી ગારાળાં થયેલા અંગવાળાને મહારાજ મળ્યા :

વળી એક દિવસ સંતને મહારાજે આજ્ઞા કરી જે, "જેને ઈંટો દાબતાં આવડે, તે મંડપમાં જઈને ચણવા બેસો, ને જેને ન આવડે તે ગારો લાવો." એમ કામ કરતે થકે બપોર થયા. ત્યારે મહારાજ કારખાનું અળસાવીને પોતે જમવા પધાર્યા. જમીને સંતને પીરસવા પધાર્યા અને સંતને જમાડીને પોતે થોડીક વાર પોઢીને પાછા મંડપમાં પધાર્યા. અને સંત પણ સારી પેઠે કામ કરવા માંડ્યા.

પછી સાંજનો સમય થયો ત્યારે પોતે બોલ્યા જે, "હે સંતો ! જેનાં ગારાળાં અંગ હોય તે આવો, પ્રથમ તમને મળીએ." ત્યારે સંત મહારાજને મળવા આવ્યા અને ગારો ને પરસેવો હતો તેને ધોવા માંડ્યો. ત્યારે પોતે બોલ્યા જે, "એ તો અમને ચંદન કરતાં સારો લાગે છે." એમ કહીને સર્વને મળવા માંડ્યા. ત્યારે જે ગારાળા ન હતા, તે ગારો ચોપડીને મળવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "જે નવો ગારો ચોપડીને આવ્યા છે, તેમને હું ઓળખું છું."

ત્યારે મહાનુભાવાનંદસ્વામી મળવા આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમે ગારાળા નથી થયા." ત્યારે મહાનુભાવાનંદસ્વામી

બોલ્યા જે, “હું સર્વને બતાવતો હતો.” ત્યારે મહારાજ બોલ્યા જે, “એ ભક્તિ પણ ખરી, પણ ગારાવાળા બરોબર નહીં.” એમ કહીને તેમને પણ મળ્યા. એમ સર્વેને મળીને પોતે જમવા પધાર્યા.

❋ સર્વસમર્થ ભગવાન રાજીપો આપવા સેવા કરાવે છે :

ત્યારે અમદાવાદ, વડોદરા તથા સુરત એ ગામની સાંખ્યયોગી બાઈઓ, તેમણે મહારાજના રસોઈયાને કહ્યું જે, “તમે મહારાજને કહો જે, સંત અમારે ઘેર જમવા આવે છે, ત્યારે અમે ગાડીએ બેસારીને તેડી જઈએ છીએ, ને ગારાળા પગ થાવા દેતા નથી; તે સંત પાસે તમે ગારો ઉપડાવો છો. વાસ્તે તમારે જેટલા રૂપિયા જોઈતા હોય તેટલા રૂપિયા આપીએ.”

ત્યારે લાડુબાઈએ તે વાત મહારાજને કહી. ત્યારે પોતે હસ્યા ને મુખવાસ કરીને પોતે રામપ્રતાપભાઈવાળા બંગલાના આથમણા કઠેડાને વિષે વિરાજમાન થયા. સર્વ સંત તથા હરિભક્ત શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ આવીને બેઠા.

ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારા પાસે ન રહેતા હોય તે તો અમારા અભિપ્રાયને ન જાણે તેનો તો ખરખરો નહીં, પણ રાતદિવસ અમારી વાતો સાંભળતા હોય તે પણ અમારા અભિપ્રાયને ન જાણે ત્યારે ભેળા રહ્યા તેનું શું ફળ ?” ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, “એ તો વાત કાંઈ સમજાણી નહીં.”

ત્યારે મહારાજ બોલ્યા જે, “આજ અમે જમવા સારુ ગયા, ત્યારે હરિભક્ત બાઈઓએ અમને લોભી જાણીને કહ્યું જે, ‘તમારે રૂપિયા જોઈતા હોય તો અમે આપીએ, પણ તમે સંત પાસે ગારો ઉપડાવશો નહીં.’ ત્યારે જો ગારો ન ઉપડાવ્યો હોત તો સંતો અમને શે નિમિત્ત મળત ? ને **હું તો ધારું તો સોનાનું મંદિર પૃથ્વીમાંથી બાહેર કાઢું ને**

છતાંય હું સંત પાસે સેવા કરાવું છું, તે તો એમના ઉપર ભગવાન રાજી થાય તે સારુ કરાવું છું." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "અમે પણ એમ સમજીએ છીએ." ત્યારે શ્રીજીમહારાજ હસતા થકા પોઢવા પધાર્યા.

✹ ગોમતીને ખોદાવવાનો આરંભ ને પોતે ગાળની પોટલી ઉપાડતા :

પછી શ્રીજીમહારાજે ગોમતીજીને ખોદાવવાનો આદર કર્યો. પછી નિત્ય પ્રત્યે શ્રીજીમહારાજ ગોમતીજીને કાંઠે છત્રીવાળી વેદિકા ઉપર આવીને વિરાજમાન થાય ને સંત તથા હરિભક્ત પાસે ગોમતી ગળાવે. પછી બપોરને સમે મંદિરમાં પધારે, ત્યારે પોતે મૃત્તિકાની પોટલી લઈને ભારે મોળિયા ઉપર મેલે ને પંડે ઘોડે બેસે. અને સંત તથા હરિભક્ત મૃત્તિકાની પોટલીઓ લઈને મહારાજની આગળ કીર્તન ગાતા થકા ચાલે ને આગળ વાજાં વાગે.

એવી શ્રીજીમહારાજની નવી નવી લીલા જોવા સારુ ઈન્દ્રાદિક દેવ આવ્યા ને પુષ્પની વૃષ્ટિ કરતા થકા એમ બોલ્યા જે, "જે પુન્યે કરીને અમે સ્વર્ગાદિક સુખને પામ્યા છીએ તે સુખમાં જો બાકી રહ્યું હોય તો તે પુન્યે કરીને અમને હરિભક્તને ઘેર જનમ આપો ને આવી તમારી સેવામાં ભળીએ એવી કૃપા કરો." ત્યારે પોતે તેમના ઉપર કૃપા કટાક્ષે કરીને જોતા થકા તેમને રાજી કર્યા. અને સર્વે મૃત્તિકાની પોટલીઓ ભંડાર આગળ ખાડો હતો, તેમાં નંખાવે. એમ સવાર-સાંજ બે વાર મૃત્તિકાની પોટલીઓએ સહિત પોતે મંદિરમાં આવે. અને સંતને નિત્ય પ્રત્યે પચાસ ટોપલીઓ કાઢવાનો નિયમ આલ્યો.

✹ રાત્રે દેવોએ ગોમતીમાંથી મૃત્તિકા કાઢી :

પછી એક દિવસ સાંજને સમે પોતે ચાલ્યા, ત્યારે ગોમતીજીમાં હળ વતે મૃત્તિકા ખોદાવીને એમ બોલ્યા જે, "આપણે સવારમાં આવીને કઢાવશું." પછી રાત્રીને વિષે દેવ આવ્યા. તેમણે તે મૃત્તિકા કાઢીને

કાંઠે નાખી દીધી. પછી સવારના પહોરમાં મૃત્તિકા કઢાવવાને અર્થે પોતે તૈયાર થયા. ત્યારે માધવદાસજીએ મહારાજને કહ્યું જે, "રાત્રીને વિષે દેવ આવ્યા, તે મૃત્તિકા કાઢીને કાંઠે નાખી ગયા. તે હું ધ્યાનમાં બેઠો હતો, ત્યારે મેં દેખ્યા."

પછી મહારાજ હસતા થકા બોલ્યા જે, "જાઓ, મૃત્તિકા ખોદાવીને તૈયાર કરો." ત્યારે હળ જોડાવીને મૃત્તિકા તૈયાર કરી. ત્યારે મહારાજ ગોમતીજીને કાંઠે આવીને બેઠા. પછી સર્વે હરિભક્ત તથા સાધુ પાસે મૃત્તિકા કઢાવીને કાંઠે નંખાવી. પછી ચાલતી વખત મૃત્તિકાની પોટલી પોતે માથે મેલી ને સર્વે સંત તથા હરિભક્ત તેમણે પણ મૃત્તિકાની પોટલીઓ માથે મેલી. એમ લીલા કરતા થકા મહારાજ મંદિરમાં પધાર્યા.

✹ ધામનાં તથા અહીંનાં મૂર્તિ ને પાર્ષદ એકરૂપે દેખાડ્યાં :

પછી એક સમે લક્ષ્મીનારાયણના મંદિરથી ઓતરાદી તરફ લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર પોતે વિરાજમાન હતા. તેવામાં એક હરિભક્તને સમાધિ થઈ. ત્યાર કેડે રામચંદ્ર વૈદ્ય આવ્યા. તેમને શ્રીજીમહારાજે કહ્યું જે, "આ માણસને શું થયું છે ? એની નાડી તમે જુઓ." ત્યારે તેમણે નાડી જોઈ, તે શરીરમાં નાડી ન જણાણી. ત્યારે મહારાજને કહ્યું જે, "આને નાડી નથી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એમાં જીવ છે કે નથી ?" ત્યારે વૈદ બોલ્યા જે, "મૂર્છા સુધીથી ઔષધ વતે કરીને હું પાછો લાવું, પણ આ તો મૂર્છાથી આઘો ગયો છે. વાસ્તે મારી કારી(યુક્તિ-કરામત) નહિ ચાલે."

ત્યારે શ્રીજીમહારાજે પોતાની આંગળીની સાને કરીને તેને જગાડ્યો. ત્યારે મહારાજને આવીને પગે લાગ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "વૈદ્યરાજ ! એને તમે પૂછી જુઓ જે, તું ક્યાં ગયો હતો ?" ત્યારે તેમણે પૂછ્યું, ત્યારે તે સમાધિવાળો બોલ્યો જે, "હું તો ભગવાનના અક્ષરધામમાં ગયો હતો. અક્ષરધામમાં જે મૂર્તિ છે ને ત્યાંના પાર્ષદ છે,

તેમના એક રોમમાં કોટિ સૂર્યના જેવો પ્રકાશ છે. તે મૂર્તિ ને ત્યાંના પાર્ષદ ને આ મૂર્તિ ને આંહીંના પાર્ષદ મુને એકરૂપે દેખાણા.” ત્યારે તે સમયમાં સભાના બેસનારા સર્વે આશ્ચર્ય પામ્યા. અને ત્યાંની મૂર્તિ ને ત્યાંના પાર્ષદ ને આંહીંની મૂર્તિ ને આંહીંના પાર્ષદ તે એક છે. એમ સર્વે જાણતા હવા.

❋ રાજા કે મોટા માણસને સત્સંગી કરવાની ઇચ્છા ન રાખવી :

પછી શોભારામ શાસ્ત્રીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, “આવો ચમત્કાર તમે મોટા માણસને દેખાડો તો ઘણોક સમાસ થાય.” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારે તો કોઈક ગરીબ જીવ હોય ને મોટો રાજા હોય એ બેયનું કલ્યાણ કરવું સરખું છે. અને અમે કોઈ રાજામાણસને સમાધિ કરાવીએ ત્યારે તે અમને ગામગરાસ આપે, તે અમારે જોઈતું નથી. અને રાજામાણસને સત્સંગી કરીએ ત્યારે તે અમારી પાસે આવીને બેસે ને તેના ભેળા ઘણાક ચાકરલોક બેસે. તે ગરીબગર્બાને પાસે આવવા દે નહીં, તેમાં તમારે કેટલો લાભ થાશે ?”

એમ કહીને પોતે બોલ્યા જે, “કેટલાક સંતના મનમાં એમ રહે છે જે, ‘અમે રાજાને સત્સંગ કરાવીએ’ પણ એમ નથી જાણતા જે, રાજાને સત્સંગી કરીશું ત્યારે અમારો ત્યાગ-વૈરાગ્ય આવો નહિ રહેવા દે. ને કેટલાક હરિભક્તના મનમાં પણ એમ રહે છે જે, ‘રાજા સત્સંગી થાય તો સારું’ પણ તેમાં હરિભક્તને શો લાભ છે ? કેમ જે રાજા સત્સંગી થાય ત્યારે સાધુને ભિક્ષા માગવા ન દે, ને ગરીબગર્બાને રસોઈ દીધાનો પણ અવકાશ આવે નહીં. વાસ્તે ગરીબ હરિભક્તના મનોરથ પૂર્ણ કરવા સારુ અમે આવું રાખ્યું છે.” એમ કહીને પોતે ઉતારામાં પધાર્યા.

❋ સત્સંગમાંથી પાછા ન પડાય તે માટે સંતોને સાક્ષી કરાવ્યા :

પછી એક દિવસ લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે પોતે સભા કરીને બેઠા. ને એમ બોલ્યા જે, “કોઈ દિવસ સત્સંગમાંથી પાછો પગ

હઠે નહિ તે વાતના મોટા સાધુને જમાન(સાક્ષી) આલો." ત્યારે સારા સાધુ હતા તેમના બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી જમાન થયા અને જેનો સત્સંગમાં નિરધાર નહિ તેમના જમાન કોય થયા નહીં. ત્યારે તેમની રક્ષા સારુ પોતે બોલ્યા જે, "જેના કોઈ જમાન ન થયા તેના અમે જમાન." એમ કહીને ઘણીક રાત ગઈ ત્યારે પોઢવા પધાર્યા.

✹ મહારાજ કીર્તન-ભક્તિમાં સમયનું ભાન ભૂલી જતા :

પછી એક દિવસ શ્રીજીમહારાજ લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે કીર્તન ગવરાવવા માડ્યાં. તે મધ્યાહ્ન થયો ને પોતાને જમવા સારુ બ્રહ્મચારી બોલાવવા આવ્યા તોપણ ઊઠે નહીં. ત્યારે જેરામબ્રહ્મચારીએ કડિયા લોકોને કહ્યું જે, "તમે મહારાજને કહો જે, 'અમે ભૂખ્યા થયા છૈયે." ત્યારે તેમણે તેમ કહ્યું. પછી મહારાજ જમવા ઊઠ્યા ને જમીને સંતને પીરસવા પધાર્યા. પછી પીરસીને પોતાને ઉતારે પધાર્યા. તે દિવસ સાંજની સભાને વિષે પોતે સંત પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવવા માંડ્યાં, તે ભેળા પોતે પણ તાળી વજાડીને કીર્તન ગાતા હતા. પછી આરતી ધૂન કરીને પોઢવા પધાર્યા.

✹ભક્તોએ પૂજા કર્યા બાદ મહારાજે ધ્યાનાર્થે ડગલી કાઢી દર્શન દીધાં :

પછી એક દિવસ સવારના પહોરમાં લક્ષ્મીનારાયણના મંદિર વાંસે વિરાજમાન હતા. તેવામાં એક હરિભક્ત પોશાક લઈને આવ્યો. ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આને પૂજા કરવી છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "કરો." ત્યારે તે હરિભક્તે મહારાજને ભારે સુરવાળ ને કિનખાબની ડગલી પહેરાવી, ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો, ને આસમાની રંગનું ભારે શેલું ઓઢાડ્યું, ને ભાલને વિષે પીળા ચંદનની અર્ચા કરી, ને તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો, ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા, ને પાઘને વિષે તોરા ધરાવ્યા; એવી શોભાને ધરતા થકા ને પોતાના ભક્તજનના નેત્રને આનંદ ઉપજાવતા થકા ઘણીક વાર બેઠા.

પછી મુકુંદબ્રહ્મચારી મહારાજને જમવા તેડવા આવ્યા. ત્યારે મંદિરથી નૈઋત્ય ખૂણામાં બંગલો છે, તેને વિષે પોતે જમવા પધાર્યા. તે બંગલાને બે ઉગમણી બારીઓ છે. તેમાં ઓતરાદિ બારીને વિષે આવીને ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા. તેવામાં ભૂમાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી તથા ભાવાનંદસ્વામી એ પાંચ જણ ઠાકોરજીની દક્ષણાદિ રૂપચોકીથી આથમણી તરફ ઊભા હતા ને રૂપચોકીથી ઊગમણી તરફ બાઈઓ ઊભી હતી.

તેવામાં પોતાના ખભાને વિષે રેંટો હતો, તે પાળાને આલ્યો ને ડગલી કાઢીને પાળાને આલી. અને સુરવાળ ને મસ્તકને વિષે પાઘ તેણે જુક્ત ઊભા રહીને મંદ મંદ હસતા હવા. તે સમયને વિષે ધ્યાનના કરનારા જે સંત તેમના મનને હરિ લે એવી શોભા આવી હતી.

✵ પ્રસાદીના જળમાં નાહનારા છોકરાંને ચક્રવર્તી રાજ્યની પ્રાપ્તિ :

પછી સુરવાળ ને પાઘ તે બ્રહ્મચારીને આલ્યાં ને પોતે નાવા સારુ પધાર્યા. તે બંગલાથી દક્ષણાદિ તરફ કોઠો હતો, તેમાં પોતે નાવા બેઠા. પછી નાહ્યાનું જે જળ તેનો દંદુડો હેઠો પડતો હતો. તેમાં નાનાં નાનાં કોળીનાં છોકરાં નાતાં હતાં. તેને જોઈને બ્રહ્મચારી બોલ્યા જે, “આ કોળીનાં છોકરાં પ્રસાદીના જળને વિશે નાય છે.”

પછી મહારાજે ધોતિયું પહેરીને તેના સામું જોયું. પછી એમ બોલ્યા જે, “ચક્રવર્તી રાજ્યના અધિકારી તો થઈ ગયા.” એમ કહીને પોતે જમવા બેઠા ને બ્રહ્મચારી રૂમાલ લઈને હવા નાખવા લાગ્યા. ત્યાર કેડે ચળુ કરીને પોતે મુખવાસ લીધો ને સંતને પીરસવા પોતે પધાર્યા અને સંતને જમાડીને પોતાના ઉતારામાં પોઢ્યા.

સાંજની સભા થઈ ત્યારે દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે મહારાજની ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર વડે કરીને પૂજા કરી અને સર્વે હાથ જોડીને સ્તુતિ કરીને બોલ્યા જે, “હે મહારાજ ! જ્યારે સંભારીએ

ત્યારે આવાં ને આવાં દર્શન દેજ્યો." પછી એમના સામું જોઈને મંદ મંદ હસતા થકા પોતે પોઢવા પધાર્યા.

✵ પંચાળે માંદા થયા ત્યારે સ્વમુખે ધર્મકુળનાં નામ કહ્યાં :

ત્યાર કેડે મુક્તાનંદસ્વામી આવ્યા. તેવા સમયમાં (શ્રીજી) પોતે પંચાળે માંદા થયા હતા, તે વાત કાઢી. ત્યારે મુક્તાનંદસ્વામીએ, જે મહારાજને પ્રાર્થના કરીને કહ્યું હતું, તે વાત પ્રકરણ વશાત લખીએ છીએ.

એક સમયને વિશે પોતે મંદવાડનો મિસ લીધો. ને એમ બોલ્યા જે, "અમારો દેહ રહે એવો નિરધાર જણાતો નથી." ત્યારે મુક્તાનંદસ્વામી હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! સત્સંગની પરંપરા રહે ને અનેક જીવોનો ઉદ્ધાર થાય એવો ઉપાય કરો. અને તમારી જન્મભૂમિ કહો ને તમારા માતાપિતાનાં નામ કહો."

ત્યારે પોતે કૃપા કરીને સંકલ્પનો મંદવાડ હતો, તેનો ત્યાગ કરીને હસતા થકા બોલ્યા જે, "અયોધ્યાથી ઉત્તર છપૈયા ગામ છે, ત્યાં અમારી જન્મભૂમિ છે. અને અમારા પિતાનું નામ હરિપ્રસાદ છે ને અમારી માતાનું નામ ભક્તિમાતા છે. અમારા મોટાભાઈનું નામ રામપ્રતાપ છે ને અમારા નાના ભાઈનું નામ ઈચ્છારામ છે." એ વાત સાંભળીને સર્વે રાજી થયા.

✵ માયાજીતાનંદજીએ છપૈયા જઈ ધર્મકુળને શ્રીહરિની વાત કરી :

તે જાણીને માયાજીતાનંદ સ્વામીએ પછી છપૈયામાં જઈને રામપ્રતાપજીને ને ઈચ્છારામજીને કહ્યું જે, "તમારા ભાઈ જે ઘનશ્યામ તે તો ભગવાન છે. લાખો માણસ એમને ભગવાન જાણીને ભજન કરે છે." ત્યારે રામપ્રતાપજી ને ઈચ્છારામજી એ બે જણ ત્યાંથી ચાલ્યા, તે લોયે આવ્યા. શ્રીજીમહારાજને મળ્યા ને મહારાજ ભેળા પંચાળે ગયા.

ને મહારાજે તેમને કહ્યું જે, "તમે દ્વારકાની જાત્રા કરીને તમારા દેશમાં જાઓ ને તમારા કુટુંબે સહિત પાછા આવો." ત્યારે તે પણ દેશમાંથી પોતાના કુટુંબે સહિત વરતાલે આવ્યા.

✵ વડતાલ અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીને ગાદીએ બેસાડ્યા :

ત્યાર કેડે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા સ્વયંપ્રકાશાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ આદિક સર્વે મોટેરા સંતને બોલાવીને શ્રીજીમહારાજે કહ્યું જે, "નરનારાયણ ને લક્ષ્મીનારાયણનાં બે મંદિર પૂરાં થયાં, તે તમો રાખો."

ત્યારે તેમણે કહ્યું જે, "અમે મંદિર નહિ રાખીએ. શા વાસ્તે જે મંદિરમાં તો દ્રવ્યનો સંબંધ હોય ને તમે તો અમને સ્ત્રી-ધનનો ત્યાગ કરાવ્યો છે. તે સારુ અમે નહિ રાખીએ, તમારે ચાય તે બ્રાહ્મણને આપી દિયો. તેમાં તમારા કુળના બ્રાહ્મણોને આપો તો અમે ઘણા રાજી છીએ."

તે વાત સાંભળીને શ્રીજીમહારાજ અતિશે ઉદાસ થઈ ગયા ને ઘડીક વારે બોલ્યા જે, **"સત્સંગ તો સાધુએ કરાવ્યો છે. વાસ્તે એથી મારે કોઈ વહાલું નથી."** ત્યારે મુક્તાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "તમારા કુળથી અમારા ધર્મની રક્ષા થાશે. વાસ્તે ધર્મવંશના હોય તેને મોટેરા કરો તો અમે સર્વે સંત રાજી છીએ."

તે સમયમાં રામપ્રતાપજી ને ઈચ્છારામજી આવીને શ્રીજીમહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે તમારા પાસે કાંઈક માંગવું છે." ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! તમારે માંગવું હોય તે માંગો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે અમને એકુકો દીકરો આપો." ત્યારે રામપ્રતાપજી બોલ્યા જે, "અમારે ત્રણ દીકરા છે. તેમાંથી તમારી નજરમાં આવે તે લિયો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અયોધ્યાપ્રસાદજી આપો."

પછી ઈચ્છારામજીએ કહ્યું જે, "મારે પાંચ દીકરા છે. તેમાંથી તમારે જે નજરમાં આવે તેને તમે રાખો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમને રઘુવીરજી આપો." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું મહારાજ." ત્યાર કેડે વેદના ભણેલા વેદિયા તથા શાસ્ત્રી પુરાણીને બોલાવીને શાસ્ત્રવિધિએ દત્તપુત્ર કરીને પોતાની ગાદીએ બેસાર્યા.

પછી લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે બે પાટો ઢાળી. તેમાં એક પાટ ઉપર અયોધ્યાપ્રસાદજી મહારાજને ને બ્રહ્માનંદસ્વામીને બેસાર્યા અને બીજી પાટ ઉપર રઘુવીરજી મહારાજને ને નિત્યાનંદસ્વામીને બેસાર્યા. પછી શ્રીજીમહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અયોધ્યાપ્રસાદજી મહારાજની જીભને ઠેકાણે બ્રહ્માનંદસ્વામીને જાણજો અને રઘુવીરજી મહારાજની જીભને ઠેકાણે નિત્યાનંદસ્વામીને જાણજો." એમ કહીને સર્વે હરિભક્તને કહ્યું જે, "આજથી અમારે ઠેકાણે એમને માનજ્યો ને એમની પૂજા કરજ્યો."

ત્યારે સર્વે હરિભક્તે ચંદન તથા પુષ્પ વતે કરીને પૂજા કરી, પણ મહારાજ સારુ વસ્ત્ર-અલંકાર લાવ્યા હતા, તે કોઈએ ન પહેરાવ્યાં. ત્યારે શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે હરિભક્તને સમજાવીને કહેશો ત્યારે એમનું માહાત્મ્ય સમજશે. ને ત્યારે સેવા પૂજા કરશે."

ત્યારે તેમણે કહ્યું જે, "બ્રહ્મા, શિવજી, સૂર્ય, ચંદ્રમા અને કોટી બ્રહ્માંડ જેમની આજ્ઞામાં છે, તે આ પરમેશ્વર પ્રત્યક્ષ છે એમ જાણતા હો તો જેમ શ્રીજીમહારાજ કહે તેમ કરો." ત્યારે તેમણે અતિ ભાવે કરીને વસ્ત્ર ને ઘરેણાં પહેરાવ્યાં, ને પુષ્પના હાર પહેરાવીને આરતી કરી, ને સ્તુતિ કરી. તેને જોઈને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. ને તે જ દિવસ પોતે બ્રહ્મભોજન કરાવ્યું ને શાસ્ત્રી, પુરાણી તથા વેદના ભણેલા બ્રાહ્મણ તેમને ઘણીક પ્રકારનાં દાન દીધાં ને સાધુ તથા સત્સંગીને રાજી કર્યા.

✹ ફૂલદોલને દિવસે રંગે રમ્યા ને બેય ભાઈનો થાળ જમ્યા :

પછી હુતાશણીને બીજે દિવસે બહુ રંગ કરાવ્યો અને રામપ્રતાપભાઈવાળા બંગલાના આથમણા કઠેડામાં ઊભા રહીને પોતે સારી પેઠે રંગ-ગુલાલ ઉડાડ્યો. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજને કહ્યું જે, “તમે સર્વે હરિભક્ત ઉપર રંગ નાંખો.” ત્યારે તેમણે સર્વે ઉપર રંગ નાંખ્યો.

ત્યાર કેડે સર્વેને રાજી કરીને સંતમંડળે સહિત પોતે ગાજતેવાજતે ગોમતીજીને કાંઠે જઈને બેઠા અને ગોમતીજીના મધ્ય ભાગમાં ઊંડું પાણી હતું, તેમાં પોતે સંતમંડળે સહિત નાવા પેઠા. નાહીને બારા નીસર્યા ત્યારે હરિભક્તે શ્રીજીમહારાજને ભારે ભારે વસ્ત્ર ને ઘરેણાં પહેરાવ્યાં. તેને જોઈને સાધુ ને હરિભક્ત બહુ આનંદ પામ્યા. ને સંતમંડળે સહિત પોતે મંદિરમાં પધાર્યા.

પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને રઘુવીરજી મહારાજ શ્રીજીમહારાજને જમવા સારુ બોલાવા આવ્યા. ત્યારે તે બેય ભાઈના ઉતારામાં જમવા સારુ પધાર્યા. ત્યારે અયોધ્યાપ્રસાદજીનાં માતુશ્રી ને રઘુવીરજીનાં માતુશ્રી મહારાજ પાસે થાળ લઈને આવ્યાં અને શ્રીજીમહારાજની આગળ મૂક્યો. ત્યારે પોતે જમવા માંડ્યા.

ત્યારે અયોધ્યાપ્રસાદજીનાં માતુશ્રી સુવાસનીબાઈ બોલ્યાં જે, “હે મહારાજ ! સારી પેઠે જમજો. બહુ દિવસે આજ અમારે લાવ આવ્યો છે.” એમ કહીને મહારાજના બાળચરિત્રની વાતો કરવા માંડી. તેને પોતે સાંભળતા જાય ને જમતા જાય. પોતે જમી રહ્યા ત્યાર કેડે અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજે આપ્યો જે મુખવાસ તેને લઈને, તેમણે કરી જે ચંદન-પુષ્પાદિક વતે પૂજા, તેને અંગીકાર કરીને સંતને પીરસવા પધાર્યા. સંતને જમાડીને પોતાના ઉતારામાં પધાર્યા.

અને સાંજને સમે ગોમતીજીને કાંઠે સભા થઈ. ત્યારે દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે સોનાનાં સાંકળાં, કડાં, ઊતરી, મોતીની માળાઓ તથા શિરપેચ આદિ ઘરેણાં તથા સોનેરી સુરવાલ, ડગલી તથા ભારે શાલ-દુશાલા આદિક વસ્ત્ર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને સંતમંડળે ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. એવી શોભાને ધરતા થકા પોતે મંદિરમાં પધાર્યા.

પછી બીજે દિવસ મંદિરને વાંસે બે પાટો ઢળાવી અને તે ઉપર બેય ભાઈને બેસારીને અયોધ્યાપ્રસાદજી મહારાજના પડખામાં મહાનુભાવાનંદસ્વામીને અને વાસુદેવાનંદ બ્રહ્મચારીને બેસાર્યા. ને પોતે બોલ્યા જે, “આ બેયને અયોધ્યાપ્રસાદજીના હાથને ઠેકાણે જાણજો.” અને રઘુવીરજી મહારાજના પડખામાં સ્વયંપ્રકાશાનંદસ્વામી ને અખંડાનંદ બ્રહ્મચારીને બેસારીને શ્રીજીમહારાજ બોલ્યા જે, “આ બે જણને રઘુવીરજીના હાથને ઠેકાણે જાણજો.” એવી રીતે પોતે વ્યવસ્થા કરીને ચાલવાને તૈયાર થયા.

✵ વડતાલથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! રસોઈઓ ઘણી છે. વાસ્તે બે દિવસ રહીને પધારો તો બહુ સારું.” ત્યારે પોતે દયા કરીને ભક્તના મનોરથ પૂર્ણ કરવા સારુ બે દિવસ રહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **મહેળાવ**ના તળાવને કાંઠે રાત રહ્યા. ત્યાંથી **પીપળાવ** ગયા ને ત્યાંથી ચાલ્યા, તે **ગલિયાણે** નદી ઊતરીને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **જાખડે** ગયા ને ત્યાંથી ચાલ્યા, તે **કમિયાળે** ગયા ને રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **ગાંફ** થઈને **ભાદર** નદીને કાંઠે રાત રહ્યા.

તે સમયમાં એક બ્રાહ્મણે દહીંનું ગોરસું લાવીને શ્રીજીમહારાજને આપ્યું. ત્યારે પોતે જમ્યા ને મુક્તાનંદસ્વામીને પ્રસાદી આપી. ને કહ્યું જે, “તમારાથી જેટલું જમાય તેટલું જમો. આજ તમને દહીં નહિ નડે.”

પછી ત્યાંથી ચાલ્યા, તે **ખરડ** ગયા. ત્યાંથી ઘોડી દોડવીને પાછા રણમાં જઈને સંઘનાં મનુષ્ય બહુ તરસ્યાં હતાં, તેમને શ્રીજીમહારાજે પાણી પાયું. ને નાથાભાઈના ફળિયામાં લીંબડાના વૃક્ષ હેઠે પોતે પોઢ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે **અણિયાળી**એ ગયા ને ત્યાં સાધુ-પાળાને સુખડી આપી. ત્યાંથી **સુંદરિયાણે** પધાર્યા ને ત્યાંથી **સાળંગપુર** ગયા. ત્યાંથી ચાલ્યા, તે **ગઢડે** ગયા ને ત્યાં પોતે ભક્તજનને આનંદ ઉપજાવતા થકા તે વરસ પૂરું કર્યું.

॥ ઈતિ ૮૩ ત્યાસીની લીલા સંપૂર્ણ ॥





સંવત્ ૧૮૮૪ ની લીલા

✵ સાધુના વર્ણ મુજબ વિભાગ કર્યા ને મંડળમાં શિષ્યોની બદલી કરી :

ગઢડે જઈને પોતે પ્રકરણ ફેરવ્યું જે, બ્રાહ્મણિયા સાધુ હોય, તેમની 'વાસુદેવવાળા' એવી સંજ્ઞા પાડી અને ક્ષત્રિયમાં જે ભળતા હોય તેમની 'લક્ષ્મીનારાયણવાળા' એવી સંજ્ઞા પાડી અને વૈશ્યમાં જે મળતા હોય તેમની 'રાધાકૃષ્ણવાળા' એવી સંજ્ઞા પાડી અને એ ત્રણને રસોડાં નોખાં કરાવી આપ્યાં. અને વાસુદેવવાળાનું રાંધેલું લક્ષ્મીનારાયણવાળા તથા રાધાકૃષ્ણવાળા જમે, પણ તેમનું રાંધેલું વાસુદેવવાળા ન જમે. અને રાધાકૃષ્ણવાળાનું લક્ષ્મીનારાયણવાળા જમે. એવી શ્રીજીમહારાજે આજ્ઞા કરી.

અને વળી એક દિવસ પોતાના ઉતારામાંથી ઉગમણી ઓસરીએ આવીને વિરાજમાન થયા. ને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "તમે તો ચેલામાં બંધઈ ગયા ને ચેલા છે, તે તમારામાં બંધઈ ગયા ! આમાં મારો સાધુ કોણ છે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "સાધુ બધાય તમારા છે. તમને રાજી કરવા સારુ અમારી સેવા કરે છે. ને આ વાતનું તમારે પારખું લેવું હોય તો મુક્તાનંદસ્વામીને ઊભા કરો ને એમ કહો જે, અમારા હો તે બેસી રહેજો ને મુક્તાનંદસ્વામીના હો તે ઊભા થાજો."

ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો ઠીક." એમ કહીને મુક્તાનંદ સ્વામીને ઊભા કર્યા અને કહ્યું જે, "મુક્તાનંદસ્વામીના હોય તે ઊભા થાઓ." ત્યારે કોઈ સાધુ ઊભા થયા નહીં. ત્યારે મહારાજે (મુક્તાનંદસ્વામીને) કહ્યું જે, "તમે હેઠા બેસો." ત્યાર કેડે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ઊભા થાઓ." ત્યારે બ્રહ્માનંદસ્વામી ઊભા થયા, પણ તેમના ભેળા એકેય સાધુ ઊભા થયા નહીં. ત્યારે પોતે હસતા હસતા નિત્યાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "તમે ઊભા થાઓ." ત્યારે નિત્યાનંદસ્વામી ઊભા થયા.

તેવામાં દામોદરાનંદસ્વામી ઓસરીના સમીપમાં ઊભા રહીને દર્શન કરતા હતા. ત્યારે તેમણે એમ જાણ્યું જે, 'મુને મહારાજ નિત્યાનંદસ્વામીનો જાણશે' એમ સમજીને હેઠું પડતું મેલ્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોણ પડ્યું ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "દામોદરાનંદસ્વામી નિત્યાનંદસ્વામી ભેળા રહે છે. તે એણે એમ જાણ્યું જે, 'મુને મહારાજ નિત્યાનંદસ્વામીનો જાણશે' વાસ્તે પડતું મેલ્યું."

પછી ગોપાળાનંદસ્વામીને ઊભા કર્યા, પણ એમની ભેળા કોઈ ન ઊઠ્યા. એમ સર્વે મોટેરાને ઊભા કરીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીના સાધુ નિત્યાનંદસ્વામી ભેળા જાય, નિત્યાનંદસ્વામીના સાધુ મુક્તાનંદસ્વામીના ભેળા જાય અને બ્રહ્માનંદ સ્વામીના સ્વયંપ્રકાશાનંદ ભેળા જાય; પણ જેના ભેળા રહેતા હોય તેના ભેળા રહેવું નહીં." એવી રીતે સર્વે સંતની ફેરવણી કરી અને ગુરુ-શિષ્યના નાતા તોડ્યા.

✹ આચાર્યને સાધુની ખબર રાખવાની ભલામણ કરી :

ત્યાર કેડે અયોધ્યાપ્રસાદજી મહારાજને અને રઘુવીરજી મહારાજને કહ્યું જે, "તમને મંદિર અને આખો સત્સંગ સોંપ્યો. વાસ્તે તમારે માંદા-સાજા સાધુની સેવા કરવી." ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે માંદાસાજા સાધુની ખબર રાખવા સારુ નિર્દોષાનંદસ્વામી તથા જિષ્ણવાનંદસ્વામીને રાખ્યા. અને રઘુવીરજી મહારાજે ભૂમાનંદસ્વામી તથા દામોદારાનંદ સ્વામીને રાખ્યા. ત્યારે શ્રીજીમહારાજ બેય ભાઈ પ્રત્યે બોલ્યા જે, "આ ચાર સાધુ તમારી પાસે સાધુ સારુ જે માગે તે તરત આપવું, પણ ના પાડવી નહીં." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું મહારાજ."

પછી એક દિવસ ગુજરાતમાંથી સાધુની બે મંડળીઓ આવી. ત્યારે ભૂમાનંદસ્વામીએ તે સાધુને પૂછ્યું જે, "તમારામાં માંદા સાધુ છે?" ત્યારે તેમણે કહ્યું જે, "અમારા મંડળમાં બે સાધુ માંદા છે."

ત્યારે માંદા સાધુને પૂછ્યું જે, "તમારે શું જમવા જોઈશે ?" ત્યારે એક સાધુએ કહ્યું, "દાળભાત જોઈશે." ને બીજા સાધુએ કહ્યું જે, "શાક ને રોટલી જોઈશે." ત્યારે ભૂમાનંદસ્વામીએ બ્રહ્મચારીને કહ્યું જે, "તમે રઘુવીરજી મહારાજને ખબર કરો જે, બે સાધુ માંદા આવ્યા છે, તેમને દાળભાત, રોટલી ને શાક જોઈએ છે."

✹ રઘુવીરજીમહારાજે પોતાને જમવાનું માંદા સાધુને આપ્યું :

ત્યારે રઘુવીરજી મહારાજને અર્થે થાળી પીરસી હતી, તે સંતને આપી. ને નવી રસોઈ થઈ ત્યારે (રઘુવીરજી) જમીને મહારાજના ચરણની સેવા કરવા ગયા. ત્યારે કહ્યું જે, "તમે મોડા કેમ આવ્યા ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, "એમને જમવાનું હતું તે સાધુને આપીને, નવી રસોઈ થઈ ત્યારે જમીને આવ્યા." તે વાત સાંભળીને એમના ઉપર મહારાજ રાજી થયા.

✹ બે દેશમાં સાધુની વહેંચણી કરી ને નામવેરો નક્કી કર્યો :

વળી એક દિવસ રામપ્રતાપજી અને બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "અમને સાધુ વહેંચી આપો." ત્યારે મહારાજે સર્વે સંતને કહ્યું જે, "જેને નરનારાયણના દેશમાં ફરવાની રુચિ હોય તે અયોધ્યાપ્રસાદજીની તરફ રહો ને જેને લક્ષ્મીનારાયણના દેશમાં ફરવાની રુચિ હોય તે

રઘુવીરજીની તરફ રહો.” ત્યારે જે સંતને જ્યાં રુચિ હતી તે ત્યાં રહ્યા. તેમાં લક્ષ્મીનારાયણની તરફ સાધુ ઝાઝા રહ્યા ને નરનારાયણની કોરે થોડા રહ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “અમને તો બરોબર ધાવા(ભાગ) કરીને વહેંચી આલો.” ત્યારે શ્રીજીમહારાજે ગુણે કરીને બરોબર હોય તેમાંથી એકને નરનારાયણની તરફ મોકલ્યા અને એકને લક્ષ્મીનારાયણની તરફ મોકલ્યા. એવી રીતે વ્યવસ્થા કરી.

એક દિવસ શ્રીજીમહારાજ પોતાની અક્ષરઓરડીને વિશે વિરાજમાન હતા. તે સમયને વિશે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, શુકમુનિ, મહાનુભાવાનંદસ્વામી તથા દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ એ સર્વે શ્રીજીમહારાજના સન્મુખ આવીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, “અમારું સર્વસ્વ હતું, તે આ બે ભાઈને આપ્યું, ત્યારે અમારે સાધુ જમાડવા હોય તથા બ્રાહ્મણને દાન-દક્ષિણા આપવી હોય, તે એમની પાસે અમારે માગવું એ ઠીક નહીં.”

ત્યારે મુક્તાનંદસ્વામી આદિક સર્વે મોટેરા સંત બોલ્યા જે, “હે મહારાજ ! તમારી જેમ મરજી હોય તેમ કહો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “સર્વે સત્સંગી અમને બાર મહિનામાં એક વાર નામનો અડધો રૂપૈયો આપે.” ત્યારે સુરા ખાચર તથા દાદા ખાચર બોલ્યા જે, “પચવીશ રૂપૈયા નામના હું આપીશ.” ત્યારે મહારાજ બોલ્યા જે, “રાજા હોય અથવા રેંટિયાની કાંતનારી ડોસી હોય તે પણ અમને નામનો તો અડધો રૂપૈયો આપે, પણ તેથી અધિક ન આપે.” ત્યારે સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! તમે જેમ કહ્યું તેમ સર્વે હરિભક્ત કરશે.”

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "નામના પૈસા આવે તે અમારે સાધુ જમાડવા હોય તથા બ્રાહ્મણને દાનદક્ષિણા આપવી હોય તેમાં વરે." એમ કહીને પોતે બોલ્યા જે, "સાધુ ગામ જઈને આવે ત્યારે તેમને આમાંથી અમારા થાળ ભેળા જમાડવા." તે વાત સાંભળીને સર્વે બહુ રાજી થયા.

ત્યાર કેડે બ્રહ્માનંદસ્વામીને કાંઈક કાર્ય સારુ થાળ જમાડીને કારિયાણીએ મોકલ્યા. પછી કાર્ય કરીને પાછા આવ્યા ત્યારે બ્રહ્મચારીને કહ્યું જે, "અમારા મંડળે સહિત મહારાજના થાળ ભેળું નોતરું છે." ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "કાલ થાળ જમીને ગયા છો ને આજ શાનું નોતરું દ્યો છો ?" ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મહારાજે સદાવ્રત બાંધ્યું, તેનો થાળ માગીએ છીએ." ત્યારે મહારાજ હસતા થકા બોલ્યા જે, "અમારા રસોઈયાને કહો જે, બ્રહ્માનંદસ્વામીના મંડળે સહિત અમે જમીએ એટલો થાળ કરજ્યો." એવી રીતે નામના પૈસાની વ્યવસ્થા કરી.

✵ લક્ષ્મીવાડીમાં દશ દિવસ શેરડી જમ્યા ને સૌને જમાડી :

વળી એક દિવસ શ્રીજીમહારાજ (ગઢડામાં) ઉગમણા બારના ઓરડાની ઓસરીને વિશે વિરાજમાન હતા. તે સમયમાં હરજીભાઈએ લક્ષ્મીવાડીએથી આવીને મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! વાડીમાં શેલડી બહુ સારી થઈ છે. તેને પીલવા સારુ કોલું કરાવી આલો." ત્યારે મહારાજે કહ્યું જે, "શેલડી પીલીને ગોળ સાધુને જમાડવો ત્યારે શેલડી જમાડીએ તો કેમ ?" ત્યારે તેણે કહ્યું જે, "તમારી નજરમાં આવે તેમ કરો. અમારે તો તમને રાજી કરવા છે."

ત્યારે શ્રીજીમહારાજ સંત તથા પાર્ષદે સહિત લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં જામફળીના વૃક્ષથી ઓતરાદિ તરફ પાથરણું નંખાવીને તે ઉપર પોતે વિરાજમાન થયા. ત્યારે વાડીવાળા જે પોતાના ભક્તજન હતા, તેમણે શેલડી લાવીને મહારાજ આગળ ઢગલો કર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "જેને જેટલી જમાય તેટલી લઈને જમો."

એમ કહીને પોતે શેલડી જમવા માંડ્યા. પછી સાધુ તથા પાર્ષદ શેલડી જમ્યા. એવી રીતે દશ દિવસ સુધી પોતે ત્યાં આવીને સર્વે સાધુ તથા પોતાના પાર્ષદને સર્વે શેરડી જમાડી દીધી. એવી રીતની લીલા કરી.

❋ પ્રેમી ભક્તની કેરી શ્રીહરિ જમ્યા ને સંતોને જમાડી :

વળી એક દિવસ શ્રીજીમહારાજ ઉગમણી ઓસરીને વિશે વિરાજમાન હતા. તે સમયમાં મુકુંદબ્રહ્મચારી પાકી કેરીઓ થાળી ભરીને લાવ્યા. તે કેરીઓને પોતે જમવા માંડી. તેમાં અવળું છોડું કરીને ગોટલા સહિત ચૂસી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ બ્રહ્મચારીને કહ્યું જે, "એમાંથી એક કેરી તમે મુને આલો." ત્યારે બ્રહ્મચારીએ તેમાંથી કેરી લેવા માંડી. ત્યારે મહારાજે કહ્યું જે, "આમાંથી તો અમારે કોઈને કેરી આલવી નથી. આ તો અમારા પ્રેમીભક્ત માથે ઉપાડીને ગુજરાતમાંથી લાવ્યા છે. તેમને આપવી છે."

એમ કહીને તેમાંથી એક કેરી મુક્તાનંદસ્વામીને આપી. એક નિત્યાનંદસ્વામીને આપી ને એકેક સર્વે સાધુને આપી. અને વાંસેથી(છેલ્લે) બ્રહ્માનંદસ્વામીને આપી. અને એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીને સંકલ્પ ન થયો તો પ્રથમ મળી, નિત્યાનંદસ્વામીને સંકલ્પ થયો પણ બોલ્યા નહીં, ત્યારે તેમને તે કેડે મળી અને બ્રહ્માનંદસ્વામીએ માગી વાસ્તે સર્વને કેડે મળી.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "મુક્તાનંદસ્વામી તો સર્વના ગુરુ ને હું તો એમનો શિષ્ય, વાસ્તે નાનો કહેવાઉ. અને નાનાં છોકરાં મા-બાપ પાસે માગે તે કાંઈ વાંક કહેવાય નહીં." એવાં મરમનાં વચન સાંભળીને મહારાજ હસ્યા ને બોલ્યા જે, "આવાં વેણ એ ક્યાંથી ગોઠવી રાખે છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "કવિ હોય તેને સહેજે એવું સાંભરી આવે." પછી મહારાજ જમેલી જે કેરીઓ, તે જે લાવ્યા હતા તેને આપી.

✵ સદ્.સ્વયંપ્રકાશાનંદસ્વામીએ મોકલેલ કેરીઓ જમ્યા :

એક દિવસ શ્રીજીમહારાજ ઉગમણી ઓસરીએ વિરાજમાન હતા. તે સમયમાં પ્રભુતાનંદસ્વામી ને નરોત્તમાનંદસ્વામી કેરીઓ લઈને આવ્યા અને મહારાજ આગળ મેલીને પગે લાગ્યા. ને બોલ્યા જે, “સ્વયંપ્રકાશાનંદસ્વામીએ નારાયણ કહ્યા છે ને મહારાજ સારુ કેરીઓ મોકલી છે.” પછી મહારાજે રાજી થઈને તે સંતને છાતીમાં ચરણારવિંદ આપ્યાં અને પોતે તે કેરીઓ જમવા માંડ્યા. ત્યારે કેરી બહુ મોટી, તે મુખને વિશે આવી નહીં. ત્યારે પોતે છોલીને ચીરીઓ કરીને જમવા માંડ્યા. અને બોલ્યા જે, “કેરીઓ બહુ સ્વાદુ છે.” એમ કહીને સર્વે સંતને પ્રસાદી આપી અને પોતે જમવા બેઠા. ત્યારે સંતે તેમાંની કેરીઓ લઈને આગળ મેલી. ત્યારે તેના બે ચીરિયાં કરીને પડિયામાંથી દહીં જમે તેમ તેમાંથી પોતે રસ જમ્યા. એવી રીતે તે કેરીઓનો રસ દશ દિવસ સુધી જમ્યા.

✵ ઇચ્છારામભાઈના માસીસા ઉપર સૌને જમાડ્યા :

અને (ઇચ્છારામ)ભાઈના માસીસા(ધામમાં ગયા તેને એક મહિનો થયો તે) ઉપર આસપાસથી સર્વે સંતને બોલાવ્યા. તે મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે ભારે રસોઈ કરાવી. અને થાળ તૈયાર થયો ત્યારે રઘુવીરજી મહારાજ શ્રીજીમહારાજને જમવા બોલાવા આવ્યા. ત્યારે તેમના ઘરને વિશે પોતે પધાર્યા. રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની પૂજા કરી ને થાળ લાવીને આગળ મેલ્યો. તેમાં મોટાં વડાં જોઈને પોતે હસતા જાય ને જમતા જાય. એવી રીતે પોતાના ભક્તજનના મનોરથ પૂર્ણ કરીને પોઢવા પધાર્યા.

✵ લાડુબા-જીવુબાને સંતોનાં ફરાળ-પારણાંની સેવા મળી :

અને સાંજની સભા થઈ ત્યારે મોટીબાને શ્રીજીમહારાજે કહ્યું જે, “એકાદશીનું ફરાળ ને પારણાં તમારે સંતને કરાવવાં.” ને લાડુબાઈને

કહ્યું જે, "અંજવાળિયાની એકાદશીનું ફરાળ ને પારણાં તમારે સંતને કરાવવાં." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું મહારાજ. આજ અમારા ઉપર મોટી કૃપા કરી !" ત્યાર કેડે પોતે પોઢવા પધાર્યા.

બારશને દિવસ પોતે ઓસરીએ આવીને વિરાજમાન થયા અને બોલ્યા જે, "સંતની રસોઈની કેટલી વાર છે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે તમે જમવા પધારો." ત્યારે પોતે બ્રહ્મચારી ભેળા ચાલ્યા, તે ગંગાજળિયા કૂવાના થાળામાં નાવા બેઠા. નાહીને ધોળો ખેશ પહેરીને ઓટાને વિશે જઈને બેઠા. ત્યારે દાદા ખાચરે મહારાજના ભાલને વિશે પીળું ચંદન તેણે કરીને અર્ચા કરી, ને વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો, ને ભુજાને વિશે ચંદનનું લેપન કર્યું, ને ચાંદલા કર્યા, ને ચરણને વિશે ચંદન ચરચીને ચાંદલા કર્યા, ને કંઠને વિશે સુંદર હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે ગજરા ને બાજુબંધ બાંધ્યા.

ત્યાર કેડે પોતે જમવા માંડ્યા ને જમતા જાય ને પોતે રમૂજ કરતા જાય. ત્યારે પોતાના રસોઈયા હતા તેમણે કહ્યું જે, "સેવક ઉપર કૃપા કરીને સારી પેઠે જમજો." ત્યારે તેમના મનોરથ પૂર્ણ કરતા થકા પોતે ચળુ કરીને મુખવાસ લીધો. ને ઊભા થયા ત્યારે દાદા ખાચરે પાઘને વિશે બે તોરા પહેરાવ્યા. એવી શોભાને ધરતા થકા સંતને પીરસવા પધાર્યા અને ડાબા ખભાને વિશે ખેશ નાંખીને, તે વતે કેડ બાંધીને, પોતે હાથમાં ડંકો લઈને સંતને બિરંજ પીરસવા માંડ્યા. સર્વેને પીરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને સંતને જમવાની આજ્ઞા કરી. અને પોતે હરિસો ફેરવવા માંડ્યા, તે થોડો માગે તેને પતર ભરાય તેટલો આપે. એમ સંતને ત્રપ્ત કરીને પોતે હાથ ધોઈને ઉતારાને વિશે પધાર્યા.

❋ મહારાજને લક્ષ્મીવાડીમાં સુંદર હિંડોળે ઝુલાવ્યા :

અને બીજી એકાદશી આવી ત્યારે સંતને ફળાહાર કરાવીને બારશને દિવસ મોતૈયા લાડુ ને જલેબી પોતે પીરસીને સંતને

ત્રપ્ત કર્યા. ત્યાર કેડે એક હરિભક્તે લક્ષ્મીવાડીએ રસોઈ કરાવી. ત્યારે ત્યાં ઓતરાદા બારની ધર્મશાળામાં નિત્યાનંદસ્વામીએ ભારે હિંડોળો બાંધ્યો ને ચારેકોરે પુષ્પની ઝાળી ભરીને ભારે શોભા કરી. ત્યાર કેડે શ્રીજીમહારાજ સંતને જમાડવા પધાર્યા. ત્યારે નિત્યાનંદસ્વામીએ હાથ ઝાલીને મહારાજને હિંડોળામાં પધરાવ્યા.

ત્યારે પોતે રાજી થઈને બોલ્યા જે, “ભારે હિંડોળાની શોભા થઈ છે!” ત્યારે નિત્યાનંદસ્વામીએ બહુ વાર સુધી હિંચકા નાંખ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “ચાલો, સંતને જમાડીએ.” એમ કહીને પોતે પીરસવા પધાર્યા ને સંતને લાડુ પીરસીને ત્રપ્ત કર્યા ને પોતે દરબારમાં પધાર્યા.

બીજે દિવસ સચ્ચિદાનંદસ્વામીએ ભૂમાનંદસ્વામી, પવિત્રાનંદ સ્વામી, દામોદરાનંદસ્વામી તથા શૂન્યાતીતાનંદસ્વામીને કહ્યું જે, “તમે કાલ વાડીમાં હિંડોળો બાંધ્યો હતો, તેવો અમને બાંધી આપો.” ત્યારે તેમણે લાડુબાઈના વંડામાં લીંબડાની ડાળે હિંડોળો બાંધ્યો. તે હિંડોળાને ચારેકોરે ગુલાબ ને મોગરાના ફૂલની ઝાળી ભરી ને દોરને વિશે પુષ્પના હાર વીંટ્યા ને માંહિ દાડમનાં ફૂલ ખોસ્યાં. એવી શોભાએ જુક્ત હિંડોળો થયો.

ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, “વંડામાં રસોઈ ત્યાર થઈ છે.” ત્યારે મહારાજ ત્યાં પધાર્યા ને હિંડોળો જોઈને રાજી થયા અને તેને વિશે પોતે વિરાજમાન થયા. સચ્ચિદાનંદસ્વામી દોરી ઝાલીને હિંચકા નાંખવા માંડ્યા. શ્રીજીમહારાજ બહુ વાર ઝૂલીને સંતને લાડુ પીરસવા પધાર્યા ને સંત જમીને તૃપ્ત થયા ત્યારે પોતે દરબારમાં પધાર્યા.

બીજે દિવસ અયોધ્યાપ્રસાદજી મહારાજે વંડામાં હિંડોળો બાંધ્યો. હિંડોળો તૈયાર થયો ત્યારે મહારાજને બોલાવ્યા ને અયોધ્યાપ્રસાદજી

મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, "તમે હિંડોળામાં બેસો." ત્યારે પોતે બેઠા ને કહ્યું જે, "હિંડોળાનું પ્રકરણ ચલવશો નહીં." અને પોતે દરબારમાં પધાર્યા.

❋ વરસાદમાં નાગમાલાના વંડામાં જારની ખાણની રક્ષા :

અને જેઠ મહિનામાં પ્રથમ વરસાદ થયો, ત્યારે સંતમંડળે સહિત પોતે ચાખડીએ ચડીને નાગમાલાના વંડામાં જારની ખાણમાં પાણી પેસતું હતું, તેને સમું કરવા સારુ પધાર્યા. અને સંતને કહ્યું જે, "તમે મૃત્તિકા લાવી આ ખાણને સમી કરો." એમ કહીને પોતે પાળા પાસે તલવાર હતી, તેને હાથમાં લઈને પાળાને કહ્યું જે, "તું મૃત્તિકા ખોદવા જા." અને ખાણનું કામ થઈ રહ્યું, ત્યારે પોતે અસી(તલવાર) હાથમાં લઈને દરબારમાં પધાર્યા અને પાળાના ઉતારામાં વિરાજમાન થયા. અને ડેલીના વચ્ચે ઢીંચણ બૂડે એટલું પાણી ભરાણું હતું.

તેવામાં એક પ્રેમી હરિભક્ત આવ્યો. તેણે કહ્યું જે, "આમાં કેટલું પાણી છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લ્યો અમે તમને ઉતારીએ." એમ કહીને જમણા હાથમાં અસી ધારણ કરી, ને ડાબા હાથ વતે તેનો હાથ ઝાલીને ઉતાર્યો. ત્યારે તેણે મહારાજને કહ્યું જે, "હાથ ઝાલ્યો તે મેલશો નહીં." ત્યારે પોતે હસતા સતા માંહિલીકોર પધાર્યા. અને જમવાની વખત થઈ ત્યારે પોતે જમીને પોઢી ગયા.

સાંજની વખત થઈ ત્યારે સભાને વિષે વિરાજમાન થયા ને સંતે મોગરાના તથા ગુલાબના હાર, તોરા, બાજુબંધ, ગજરા ધરાવ્યા; ને ભાલને વિષે ચંદનની અર્ચા કરી, ને મધ્ય ભાગને વિષે કુંકુમનો ચાંદલો કર્યો. એવી શોભાને ધારણ કરતા સતા પોતે ધૂન કરવા માંડ્યા. ત્યારે આકાશમાંથી તારા ખરે તેમ ગુલાબના ફૂલની પાંખડીઓ ખરવા માંડી. એમ ઝાઝી વાર સુધી ધૂન કરીને પોતે 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વેને છાના રાખ્યા ને પોતે માંહિલીકોર પધાર્યા.

✵ ગઢપુર નારાયણધરે એક માસ સ્નાન અને જન્માષ્ટમી ઉત્સવ :

પછી વર્ષાઋતુ આવી ને ઘેલા નદીનાં નીર નિર્મળ થયાં, ત્યારે પોતે રથને હાંકીને નારાયણ હ્રદ પ્રત્યે સંતમંડળે સહિત નાવા પધારે ને નાહીને રથને દોડાવીને પોતે દરબારમાં પધારે. એમ એક મહિના સુધી લાગટ નારાયણ હ્રદમાં પોતે નાયા. એમ કરતાં જન્માષ્ટમીનો સમૈયો આવ્યો ત્યારે પોતે દેશાંતરથી સર્વે સંતને બોલાવ્યા. સંત શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારે પોતે સર્વે સંતને મળીને જે દેશમાં જે સંત ફરતા હતા, તેમને તે દેશના સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે જેમ હતું તેમ કહ્યું. તેને સાંભળીને પોતે રાજી થયા અને સંતને લાડુ પીરસીને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા.

અને જન્માષ્ટમી આવી ત્યારે પોતે સર્વ સંતમંડળે વીંટાણા થકા ઘેલા નદીનાં નિર્મળ એવાં જે જળ તે પ્રત્યે નાવા પધાર્યા. ત્યાં ખળખળિયામાં બહુ વાર સુધી કીર્તન ગાઈને સંતે સહિત સ્નાન કર્યું. પછી કોરાં વસ્ત્ર પહેરીને પછી ઘોડે અસવાર થઈને સર્વે ભક્તજનને દર્શન દેતા થકા દાદા ખાચરના દરબારમાં આવીને વિરાજમાન થયા.

પછી ત્યાં જન્માષ્ટમીના ઉત્સવ ઉપર આવ્યા એવા જે ભક્તજન, તેમને આનંદ ઉપજાવવા સારુ મધ્યાન કેડે પોતે ઘોડે ચડીને ઘેલામાં ઉગમણા ચાલ્યા, તે સંતને નાયાના આરા સુધી જઈને ત્યાંથી બોટાદને ઝાંપે પધાર્યા. ત્યાંથી દરબારમાં પધાર્યા ને સંત પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં ને અડધી રાત થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા.

નવમીને દિવસ સવારના પહોરમાં ઓસરીએ આવીને વિરાજમાન થયા, ને પોતે બોલ્યા જે, "રસોઈની કેટલી વાર છે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, "રસોઈ તૈયાર થઈ છે, તમે નાવા પધારો." ત્યારે પોતે નાહીને જમવા બેઠા. જમીને સંતને પીરસવા પધાર્યા. તેવા સમયમાં

સંત મોતૈયા લાડુની ને જલેબીની કથરોટો લઈને આગળ ઊભા રહ્યા. ત્યારે એકુકા હાથમાં બબે લાડુ લઈને બેય કોર હારે પીરસતા જાય.

એમ સર્વે પંગતમાં પીરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને સંતને જમવાની આજ્ઞા કરી. અને પોતે જલેબી ફેરવવા માંડ્યા, તે બે માગે તેને ચાર આપે ને એક માગે તેને બે આપે; એમ સંતને તૃપ્ત કરીને પોતે અક્ષરઓરડીને વિષે પધાર્યા. આમ ને આમ નિત્ય નવી ને નવી રસોઈ કરાવીને સંતને પોતે જમાડ્યા. સમૈયો પૂરો થયો ત્યારે સંતને આસપાસનાં ગામોગામમાં ફરવા મોક્લ્યા.

✵ ગઢપુરમાં જળઝીલણીનો ઉત્સવ :

જલઝીલણી એકાદશીનો સમૈયો આવ્યો ત્યારે વળી (સંતો) આવ્યા. તે દિવસે પોતે ભારે ભારે વસ્ત્રો પહેરીને ઘોડીએ અસવાર થયા. ને બીજા ઘોડાની ઘુંમરે વીંટાણા થકા સંતમંડળ તથા હરિભક્તે સહિત ઠાકોરજીને ઝુલાવવા નીકળ્યા. ઠાકોરજીની આગળ સંત ઝાંઝ મૃદંગ લઈને કીર્તન ગાય અને મહારાજની આગળ હરિભક્ત કીર્તન ગાય અને આગળ વાજાં વાગતાં જાય; એવી લીલાને કરતા સતા પોતે ઘેલા નદીને કાંઠે પધાર્યા.

અને દરવાજાની સન્મુખ નિષ્કુળાનંદસ્વામીએ ભારે વહાણ કર્યું હતું, તે કાંઠે લાવીને ઊભું રાખ્યું. પછી તેમાં ઠાકોરજીને પધરાવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "કોઈ પાણીમાં આવશો નહીં, અમો ઠાકોરજીને ઝુલાવીને તમને બોલાવશું." એમ કહીને પાંચ-સાત આંટા પોતે ઠાકોરજીને ફેરવીને બ્રહ્મચારીને કહ્યું જે, "તમે ઠાકોરજીને લઈ જાઓ." એમ કહીને સંતને બોલાવ્યા ને પોતે સંત ઉપર જળ નાંખતા જાય ને સંત મહારાજની ઉપર નાંખતા જાય. અને પોતે સંત ભેળા તાળી વજાડીને કીર્તન ગાતા જાય ને પોતે ચીભડાં ઉછાળવા માંડ્યા. ત્યારે સંત પ્રસાદીનો મહિમા જાણીને લેવા જાય. તેને જોઈને પોતે હસવા લાગ્યા.

પછી બહાર નીસરીને કોરાં વસ્ત્ર ધારણ કર્યાં ને સંતમંડળ તથા પોતાના પાર્ષદ તેણે વીંટાણા થકા ઠાકોરજીને લઈને ગાજતેવાજતે પોતે દરબારમાં પધાર્યા. ત્યાર કેડે સંતે મહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી અને હરિભક્તે વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી. પછી આરતી-ધૂન કરીને ઘણીક રાત્રી ગઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા. દ્વાદશીનો દિવસ આવ્યો ત્યારે ભારે રસોઈ કરાવીને પોતે પીરસીને સંતને તૃપ્ત કર્યા. એમ એકાદશીનો ઉત્સવ કર્યો. પછી બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી આદિ પચાસ સાધુને જૂનાગઢનું મંદિર કરવા સારુ મોકલ્યા.

✹ ગઢપુરથી વિચરણ કરતા અન્નકૂટોત્સવ કરવા કરમડ પધાર્યા :

પછી પુજાભાઈની બેન ફુલીબાઈએ આવીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે, “હે મહારાજ! તમે અમારે ગામ પધારો ને ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમે આવશું.” એમ કહીને જયરામ બ્રહ્મચારી, મોટા પ્રજ્ઞાનંદસ્વામી ને સવિતાનંદસ્વામીને તેમના ભેળા અન્નકૂટનો સામાન કરવા સારુ મોકલ્યા.

પછી સર્વે સંતમંડળે વીંટાણા થકા પોતે માણકી ઘોડી ઉપર બેસીને ચાલ્યા, તે ગામ **બોટાદ** પધાર્યા. ત્યાં પોતે થાળ જમીને પછી સંત જમાડ્યા. ત્યાં રાત રહીને બીજે દિવસે ચાલ્યા, તે ગામ **લોયે** પધાર્યા ને સુરા ખાચરના દરબારમાં ઊતર્યા. સંત પોતાની જાયગામાં ઊતર્યા ને અયોધ્યાવાસીનો ઉતારો સંઘા પટેલને ઘેર કરાવ્યો. અને થાળ થયો ત્યારે પોતે અયોધ્યાવાસીને ઉતારે જમવા પધાર્યા. જમીને પોતે સંતને જમાડ્યા. સાંજની વખતે મોટી સભા કરીને સર્વે હરિભક્તને પોતાના દર્શન આપીને આનંદ પમાડતા હવા.

પછી બીજે દિવસે પોતે જમીને સંતમંડળને જમાડીને પોતે ગામથી બાહેર ખળામાં સભા કરીને બેઠા. તેવામાં સુરા ખાચર ને કાયાભાઈ એ બેય ભેળા આવીને પગે લાગ્યા અને બોલ્યા. તેમાં સુરા ખાચર કહે,

"નાગડકે પધારો." ને કાયાભાઈ બોલ્યા જે, "ભેંસજાળ પધારો." ત્યારે પોતે માણકી ઘોડીએ ચડીને બોલ્યા જે, "આ માણકી ઘોડી જે માર્ગે ચાલે તે ગામ જઈએ." ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "તમે ઘોડીનું ચોકડું મેલી દ્યો." ત્યારે મહારાજે મેલી દીધું, પણ ઘોડી તો **ભેંસજાળ**ને માર્ગે ચાલી. ત્યારે કાયાભાઈ બોલ્યા જે, "ગરીબના બેલી ભગવાન છે."

ત્યાર કેડે મહારાજે ધ્રોડ કરી તે કોઈ અસવાર પૂગ્યા નહીં. અને ગામમાંથી કાયાભાઈ સામૈયું લઈને સામા આવ્યા ને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. અને અયોધ્યાવાસીને ઉતારે જમીને કાયાભાઈના ઓરડાને વિષે પોતે પોઢવા પધાર્યા. અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **ચાસકે** પધાર્યા. ત્યાંના દરબારે મહારાજને કહ્યું જે, "તમે અહીં રહો ને સંતને જમાડીને પછી પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે હમણાં ઉતાવળ છે, વાસ્તે અમે આવતાં(પાછા વળતાં) રહેશું."

✵ કરમડમાં અન્નકૂટોત્સવ કર્યો :

એમ કહીને ચાલ્યા, તે ગામ **કરમડ** ગયા. ત્યાંના દરબારે ભારે સામૈયું લઈને મહારાજને ગાજતેવાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજ ફુલીબાઈના ઘરને વિષે વિરાજમાન થયા. ત્યાં થાળ કરાવીને પોતે જમ્યા ને તેમના કોટમાં(વંડામાં) સાધુની પંગત બેસવા સારુ માંડવો ઘાલ્યો હતો, ત્યાં પધાર્યા. સંતની પંગતી થઈ ત્યારે લક્ષ્મીનારાયણની સંજ્ઞાવાળા સાધુ હતા, તે મહારાજની આગળ લાડુની કથરોટો ભરીને આવ્યા. ત્યારે રાધાકૃષ્ણની સંજ્ઞાવાળા સાધુ હતા, તેમણે કહ્યું જે, "લાડુ અભડાણા, વાસ્તે અમે નહિ જમીએ."

ત્યારે મહારાજ બોલ્યા જે, "એકવાર એમને ફેરવવા દ્યો ને દાળ ફરે ત્યારે તમે ફેરવજો." એમ કહીને મહારાજે કહ્યું જે, "ઘીમાં પાક્યું હોય તે અડે ન અભડાય." એમ કહીને પોતે પીરસવા માંડ્યા ને ઝાઝી વાર સુધી પીરસીને સંત ત્રપ્ત થયા ત્યારે હાથ ધોઈને પોતે ઉતારામાં પધાર્યા.

ત્યાર કેડે પોતે ગામની બહાર ભાગોળે પીપરના વૃક્ષ તળે ગાડા ઉપર વિરાજમાન થયા. ત્યાં અન્નકૂટ-ઉચ્છવ પર આવ્યા એવા જે દેશદેશના હરિભક્ત, તેમને દર્શન દેતા થકા બહુવાર વિરાજ્યા. તે સમે ઈન્દ્ર અતિ રાજી થયો, તે અમૃતધારાએ વરસ્યો. તેમાં કરા પડ્યા. ત્યારે શ્રીજીમહારાજને માથે નિત્યાનંદસ્વામીએ પછેડી ઝાલી. તેમાં કરા પડ્યા તે મહારાજને આપ્યા, ત્યારે પોતે જમ્યા ને બોલ્યા જે, "તમારા પ્રેમી સાધુ ક્યાં ગયા ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "એ તો પૂજા-પોથીઓ સાચવવા ગયા. ત્યારે પોતે હસતા સતા ઉતારામાં પધાર્યા. ત્યાં પોતાના એકાંતિક ભક્તજનને સુખ દેતા થકા પોતે પોઢી ગયા.

અને અન્નકૂટને દિવસે શ્રીજીમહારાજ ફુલીબાની મોટી ઓસરી હતી, ત્યાં વિરાજમાન થયા. ત્યારે જેરામબ્રહ્મચારીએ જેટલી સામગ્રી કરી હતી, તે સર્વે લાવીને શ્રીજીમહારાજની આગળ અન્નકૂટ ભર્યો. ત્યારે તેમની પ્રેમલક્ષણા ભક્તિને વશ થયા સતા સર્વે સામગ્રીને પોતે જમ્યા. પછી સર્વે સંતની પંક્તિ કરાવી અને મોતૈયા લાડુ, જલેબી, સાટા એ આદિક સર્વે સામગ્રી સંતને પોતે પીરસીને ત્રપ્ત કર્યા. ત્યાર કેડે હાથ ધોઈને પોતે ઉતારાને વિષે પધાર્યા.

✹ શ્રીહરિ શિયાણી ને મછિયાવ થઈ શ્રીનગર પધાર્યા :

પછી ઝાલાવાડ દેશના હરિભક્તે આવીને શ્રીજીને પ્રાર્થના કરી જે, "હે મહારાજ ! અમારે ગામ પધારો !" ત્યારે શ્રીજીએ કહ્યું જે, "અમારે વડતાલે લક્ષ્મીનારાયણનો મંડપ(મંદિરનો ઘુંમટ) કરવો છે, તે તમે જેટલી શ્રદ્ધા હોય તેટલાં પથ્થરનાં ગાડાં લખાવો." ત્યારે તે ભક્તે જેને જેટલી શ્રદ્ધા હતી, તેણે તેટલાં ગાડાં લખાવ્યાં. ત્યારે શ્રીજીએ તે સત્સંગીઓને કહ્યું જે, "તમે ગામ ધ્રાંગધ્રેથી પથ્થરનું અકેકું ગાડલું વડતાલે પુગાડો. પછી અમે તમારે ગામ આવશું."

એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે ગામ **શિયાણીએ** પધાર્યા. તે ગામના મેઘા પટેલ, મોરારજી ભટ, વિઠ્ઠલજી પંડ્યા, શેઠ ભીમા તથા શેઠ મેઘજી એ આદિ ઘણાક ભક્ત શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગામમાં પધરાવ્યા. અને મેઘા પટેલના ફળિયામાં ગાડા ઉપર ઢોલિયાને વિષે શ્રીજીમહારાજ વિરાજમાન થયા. ત્યાં થાળ કરાવીને શ્રીજીમહારાજને તે ભક્તે જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. અને ત્યાં રાત રહીને તે ગામના ભક્તની સર્વ સેવા અંગીકાર કરી.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ મછિયાવે ગયા. ત્યાં બાપુભાઈના દરબારમાં જઈને ઊતર્યા. પછી જ્યારે થાળ થયો ત્યારે શ્રીજીમહારાજ જમવા પધાર્યા, તે સારી પેઠે જમ્યા. પછી સર્વે સંતને પણ જમાડ્યા. પછી ઠાકોર બાપુભાઈએ શ્રીજીમહારાજને વસ્ત્ર-અલંકારે કરીને પૂજા કરી તેને અંગીકાર કરી.

પછી ત્યાંથી ચાલ્યા, તે **અમદાવાદ** પધાર્યા. તે ગામના ભક્તજને શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતેવાજતે શ્રીનરનારાયણના મંદિરમાં પધરાવ્યા. ત્યાં શ્રીજીમહારાજ શ્રીનરનારાયણના મંદિરને સન્મુખ વેદિકા ઉપર વિરાજમાન થયા ને પોતાને ચારેકોર સર્વે સંતની તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી. પછી શ્રીજીમહારાજે સર્વેને દર્શન દેતા થકા ઝાઝી વાર સુધી જ્ઞાનવાર્તા કરી. પછી થાળ જમવા સારુ પધાર્યા, તે સારી પેઠે જમ્યા. પછી સર્વે સંતને પણ જમાડ્યા.

પછી પોતાને દર્શને આવ્યા એવા જે ભક્તજન તેમની પૂજાને અંગીકાર કરી અને તે ભક્તોને આનંદ ઉપજાવતા થકા ત્યાંથી દેવ દિવાળીનો સમૈયો કરીને, પોતાને જ્યારે ચાલવાનું થયું તે દિવસે પોતે મંદિરના દરબારમાં પેસતાં ડાબે હાથ લીંબડા તળે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા. અને પોતાની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી.

તે સમે શ્રીજીમહારાજની આનંદાનંદસ્વામીએ કિનખાબનો સુરવાળ, ડગલી તથા મસ્તકે મોળિયું તથા હાર, તોરા, ગજરા એ આદિકે કરીને પૂજા કરી. પછી આનંદાનંદસ્વામી પાસે ખેસ મંગાવીને પોતે પાંચસો પરમહંસને ઓઢાડ્યા. તે સમે શ્રીજીને દર્શને આવ્યા એવા જે ઈન્દ્રાદિક દેવ તે પોતે પોતાનાં વિમાન ઉપર રહ્યા થકા તે શોભાને જોઈને મહા આશ્ચર્યને પામ્યા.

પછી શ્રીજીમહારાજ શ્રીનરનારાયણનાં દર્શન કરવા પધાર્યા. દર્શન કરીને પોતે બહુ રાજી થયા ને પાછા ઉતારે પધાર્યા. અને સર્વે સંતોને ચાલવાની આજ્ઞા કરી, તે સર્વે સંત ધોળા ખેસ ઓઢીને ચાલ્યા. તેમની કેડે પોતે ઘોડે અસવાર થઈને ચાલ્યા. તે સમે પોતાની આગળ નાના પ્રકારનાં વાજાં વાજતે સતે ધીરે ધીરે રાજમાર્ગે થઈને સર્વેને દર્શન દેતા થકા, ભક્તજનને આનંદ ઊપજાવતા થકા, આસ્ટોડિયે દરવાજે થઈને ચાલ્યા, તે ચંડોળા તળાવને કાંઠે જઈને સર્વે હરિભક્તોને પાછા વાળ્યા.

✹ શ્રીનગરથી વિચરણ કરતા વડતાલ પધાર્યા :

પછી ગામ **અશ્લાલી**એ પધાર્યા ને ત્યાં ગામથી ઉત્તરમાં આંબાવાડિયામાં ઊતર્યા. ત્યાં વેદિકા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા ને સર્વે સંતની પણ સભા ભરાઈને બેઠી. પછી ગામમાં થાળ થયો, તે સંતમંડળે સહિત શ્રીજીમહારાજ જમવા પધાર્યા. પછી પોતે જમીને સર્વે સંતને પણ જમાડ્યા. પછી તે ભક્તજને ચંદન-પુષ્પ, વસ્ત્ર-અલંકારે કરીને પૂજ્યા એવા જે શ્રીજી, તે ઉતારે ગયા ને ત્યાં રાત રહ્યા.

બીજે દિવસે ત્યાંથી ચાલ્યા, તે ગામ **જેતલપુર** પધાર્યા. ત્યાં મંદિરમાં ઊતર્યા ને સંત પણ ઊતર્યા. ત્યાં જમીને સંતને લાડુ પીરસીને ત્રપ્ત કર્યા. અને ત્યાંથી ગામ **ગામડી** પધાર્યા ને ચોરામાં ઊતર્યા. અને મંદિરમાં જઈને નાયા ને તે મંદિરમાં થાળ જમ્યા ને સર્વે સંતને લાડુ પીરસ્યા ને સર્વ ભક્તજનને પરમેશ્વરની વાર્તા કરી.

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **કનીજ**ની સીમમાં તળાવડીને કાંઠે રાયણ તળે વિશ્રામ કર્યો. અને કનીજ થઈને ગામ **મેમદાવાદ** પધાર્યા ને દુર્લભરામને ઘરે ઊતર્યા. પ્રાતઃકાળે જૂના મંદિરમાં બેસીને ભક્તજનને માંહોમાંહિ સંપ રાખવો. એ પ્રકારની વાર્તા કરીને કહ્યું, "હે સંતો! જમીને આવજ્યો." એમ કહીને પોતે ગામ **ડભાણ** પધાર્યા ને ગામની ભાગોળે વડ તળે ઊતર્યા. ત્યાં થાળ જમીને ને રાત્રી રહીને પ્રબોધનીના સમૈયા ઉપર **વરતાલ** પધાર્યા ને મંદિરમાં ઊતર્યા.

અને ત્યાં રહીને ઈચ્છારામભાઈની વરસી વાળી(વાર્ષિક શ્રાદ્ધ કર્યું) ને સર્વે સંતને જમાડ્યા. અને મંદિરની વાંસે સભા કરીને વિરાજમાન થયા. ત્યારે પોતે બોલ્યા જે, "જેનો સત્સંગમાંથી પાછો પગ ન પડ્યો હોય ને પડે પણ નહીં, એવા ખબડદાર હોય તે બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીને જમાન આપો." પછી જે ધર્મનિયમના ખબડદાર હતા એમના એ બેય જણ જમાન થયા અને જેના કોઈ જમાન ન થયા તેમની રક્ષા કરતા સતા પોતે જમાન થયા. તેને જોઈને સર્વે સંત રાજી થયા.

✹ જૂનાગઢ જનારા પચાશ સંતો ઉપર રાજી થયા :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જૂનેગઢ કોણ જાશે ? તેમને મળીએ ને છાતીમાં ચરણારવિંદ આપીએ." ત્યારે મહારાજને રાજી કરવા સારુ પચાશ સાધુ આવીને પગે લાગ્યા ને બોલ્યા જે, "હે મહારાજ ! જેમ તમારો રાજીપો હોય તેમ કરીએ." ત્યારે મહારાજ રાજી થઈને તેમને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યાં ને જમીને થાળ આપ્યો. પછી સાધુ મહારાજને પગે લાગીને જૂનેગઢ ગયા.

અને દેશાંતરથી આવ્યા જે સર્વે હરિભક્ત તેમણે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજેલ મહારાજને ચંદન ચરચ્યું ને પુષ્પના હાર, તોરા ને ગજરા પહેરાવ્યા. તેને જોઈ જોઈને પ્રેમીભક્ત મહારાજની મૂર્તિ

અંતરમાં ઉતારે. અને તેમણે કરાવી જે નાના પ્રકારની રસોઈયો તેને પોતે સંતને પીરસીને ત્રપ્ત કર્યા. અને સભાને વિશે "જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને આત્મનિષ્ઠા તે અમને ગમે છે," એવી ઘણીક વાર્તા કરી. અને સર્વે સંતને ધર્માદાના દાણા માગવા વાસ્તે દેશમાં મેલ્યા.

✹ ધોલેરા જગ્યાનો લેખ કરાવીને મંદિર કરવા સંત મોકલ્યા :

અને ત્યાં **વડતાલ** બે માસ રહીને શ્રીજીમહારાજ **ધોલેરે** પધાર્યા ને પુજાજીને ઘરે ઊતર્યા. ત્યાં રહીને મંદિર કરવા નિમિત્ત જગ્યા લીધી ને તેનો લેખ કરાવ્યો. પછી પોતે ત્યાંથી ચાલ્યા, તે ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન થયા. પછી ત્યાં ભક્તજનને આનંદ ઉપજાવતા થકા નાના પ્રકારની રસોઈઓ કરાવીને સંતને જમાડતા થકા વિરાજતા હતા.

પછી ગામ કારિયાણીથી મહાનુભાવાનંદસ્વામીને તેડાવીને કહ્યું જે, "તમે ધોલેરે મંદિર કરવા સારુ જાઓ." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "મારી પાસે વિદ્યાર્થી ભણે છે તેમનો પાઠ પડશે, પણ જેમ તમે રાજી થાઓ તેમ કરવું છે." એમ કહીને શ્રીજીને પગે લાગ્યા. પછી શ્રીજીએ કહ્યું જે, "બીજા કોઈકને મોકલશું." પછી શ્રીજી બોલ્યા જે, "વિદ્યા ભણાવ્યામાં અમારો ઘણો રાજીપો છે. માટે તમે રહેવા દ્યો."

એમ કહીને શ્રીજીમહારાજે ભાઈઆત્માનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદ સ્વામી આદિ સાધુને તેડાવીને ધોલેરે મંદિર કરાવા સારુ મોકલ્યા.

✹ ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો :

પછી ૮૪ ના મહા સુદિ વસંતપંચમીનો ઉત્સવ શ્રીજીમહારાજે ગઢડામાં કર્યો ને બહુ રંગ-ગુલાલ ઉડાડ્યો. અને સર્વે સંતને પાંચ દિવસ સુધી રાખીને જમાડી ત્રપ્ત કરીને સમીપનાં ગામોમાં ફરવા મોકલ્યા. ત્યાર કેડે જૂનેગઢથી બ્રહ્માનંદસ્વામીનો કાગળ લઈને ગુણાતીતાનંદસ્વામી ને પુરુષાનંદસ્વામી આવ્યા ને શ્રીજીમહારાજને પગે લાગીને કાગળ

આપ્યો. ત્યારે પોતે ઊભા થઈને તેમને મળ્યા ને કાગળ વાંચીને બોલ્યા જે, "સાધુ તો ફરવા ગયા છે. તેમને કોઈ તેડવા જાશો ?"

ત્યારે પવિત્રાનંદસ્વામી તથા દામોદરાનંદસ્વામી ઊભા થઈને મહારાજ પ્રત્યે બોલ્યા જે, "અમને જ્યાં મોકલો ત્યાં જઈએ." ત્યારે તેમને છાતીમાં ચરણારવિંદ આપીને કહ્યું જે, "તમે કારિયાણીએ જાઓ." ત્યારે તે ત્યાં ગયા. ને વરદાનંદસ્વામીને કહ્યું જે, "તમે સાળંગપુર જાઓ." પછી બેય ગામના સંત આવીને મહારાજને પગે લાગ્યા ને પોતે બહુ રાજી થયા.

❋ જૂનાગઢ શિવરાત્રીનો સમૈયો કરવા ગઢડાથી પ્રયાણ :

અને એકાદશીને દિવસ સંતને ફરાળ કરાવીને પોતે સંતમંડળ તથા પોતાના સેવકલોક, તેણે સહિત ચાલ્યા, તે **માંડવધાર** ગયા. તે ગામના હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! સંતને બારસનાં પારણાં કરાવીને જાઓ." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે આવતાં(પાછા વળતાં) રહેશું." એમ કહીને પોતે ચાલ્યા. અને માર્ગમાં શેલડીનો એક વાઢ આવ્યો. ત્યારે તે વાઢવાળે મહારાજને પ્રાર્થના કરીને કહ્યું જે, "સંતને આજ્ઞા કરો જે અમારી શેરડી જમે."

ત્યારે મહારાજે કહ્યું જે, "એકુકો સાંઠો લ્યો." એમ કહીને ચાલ્યા, તે ગામ **વાવડી** ગયા. ત્યાં એક હરિભક્ત બાઈએ કહ્યું જે, "મારા વાઢમાં પધારો !" ત્યારે પોતે તેના વાઢમાં ગયા ને તેણે મહારાજને ગોળ જમાડ્યો ને સંતને શેરડી આપી. ત્યાંથી સાલેમાળ વચ્ચે થઈને ચાલ્યા, તે **ખંભાળે** ગયા ને તેને પાદર દેરીના ઓટા પર વિરાજમાન થયા.

❋ વાંકિયામાં મોકા ખાચરના ઘેર બાટી ને ઘી-ગોળ જમ્યા :

ત્યાંથી ચાલ્યા, તે વાંકિયે ગયા ને મોકા ખાચરના આથમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. ત્યારે મોકા ખાચર બોલ્યા જે, "હે મહારાજ ! સંતને કહો જે રસોઈ કરે." ત્યારે કહ્યું જે,

"આજ તો એકાદશી છે." ત્યારે મોકા ખાચર બોલ્યા જે, "મહારાજ પધાર્યા ને મોકાને ઘેર એકાદશી હોય નહીં." ત્યારે મહારાજે સંતને કહ્યું જે, "હમણાંથી રસોઈ કરશો ત્યારે સવારે કરી રહેશો." ત્યારે તેમના ઘરમાંથી બાઈઓએ સામાન કાઢીને મેલ્યો. ત્યારે મહારાજે સંતને કહ્યું જે, "સામાન લો."

ત્યારે ભૂમાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી તથા નિર્માનાનંદસ્વામીએ કહ્યું જે, "બાઈઓનું મેલેલું અમારે લેવાય નહીં." ત્યારે તેમના ઉપર મહારાજ રાજી થયા ને કહ્યું જે, "તમને નિર્બાધ કરી આપું." એમ કહીને પોતે સામાન લઈને સંતને આપ્યો ને સંતે બાટીઓ કરી.

પછી બાટીઓ ને ગોળ-ઘી જમાડીને પોતે સવારના પહોરમાં વહેલા ચાલ્યા, તે ચાર-પાંચ સંત ભેળા ગયા. તેમને મહારાજે કહ્યું જે, "આંહીં જળ છે ? અમારે બહિર્ભૂમિ જાવું છે." ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, "આંહીં નદી છે." ત્યારે જ્યાં હમણાં કૂવો છે, ત્યાં નદીને કાંઠે બહિર્ભૂમિ જઈને આવ્યા. ત્યારે ઊને પાણીએ કરીને હાથ મટિયાવ્યા ને દાતણ કરીને ચાલ્યા, તે ગામ **કોટડે** ગયા.

ત્યાં અસવારોને છાસ પાઈને(ટીમણ કરાવીને) ચાલ્યા, તે ગામ **ગરણી**ને પાદર ઘોડીને પાણી પાઈને, જે સંત ત્યાં પૂજા કરતા હતા, તેમને પોતે કહ્યું જે, "તમે હળવા(ધીમેથી) રહીને આવો, તમારા સારુ હું રસોઈ કરવા જાઉં છું." એમ કહીને પોતે ગામ **પીપળિયે** ગયા અને લખમણ પાસે સુખડી ને ગાંઠિયા લેવરાવ્યાં ને સંત પાસે ગામમાં ખીચડી કરાવી. ને ત્યાં પોતે પધાર્યા ત્યારે મોટા જોગાનંદસ્વામી ચરણ દાબવા માંડ્યા, ત્યારે ના પાડી. પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "નાના વિદ્યાર્થીને સેવા કરવા દ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "કરો." ત્યારે સર્વે વિદ્યાર્થી મહારાજની સેવા કરવા માંડ્યા.

એક કલાક થઈ ત્યારે પોતે બેઠા થયા ને બોલ્યા જે, "ખીચડી તૈયાર થઈ ?" ત્યારે કહ્યું જે, "થઈ છે." ત્યારે પોતે પંગત કરવાની આજ્ઞા કરી અને બ્રાહ્મણિયા સેવાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીએ રસોઈ કરી હતી, ત્યાં જમવા પધાર્યા. જમીને સંતને સુખડી ને ગાંઠિયા પીરસ્યાં ને વધ્યાં તેનું ભાતું બંધાવ્યું.

અને ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં મોટીબાની વેલ ઉંધી પડી. તેને પોતે સમી કરાવી ને તેમને સુખસાતાના સમાચાર પૂછીને પોતે **સુલતાનપર** ગયા. ત્યાં બાવાની જાયગામાં ઊતર્યા. ત્યાં ભગવદાનંદસ્વામી આગળ આખી રાત વાતો કરી. ને સવાર થયું ત્યારે પોતે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા. ને માર્ગમાં જાતા બોલ્યા જે, "આજ કોઈ બ્રહ્માનંદસ્વામીને ખબર કરો." ત્યારે પવિત્રાનંદસ્વામી તથા શ્રીનિવાસાનંદસ્વામીએ કહ્યું જે, "અમે ખબર કરીએ." ત્યારે તેમને છાતીમાંયે ચરણારવિંદ આપીને ચાલ્યા.

✺ થાણાગાલોળમાં શ્રીજી દાદા ખાચર માટે ભિક્ષા માગી લાવ્યા :

તે **થાણાગાલોળ** ગયા ને વડ તળે ઊતર્યા. અને દાદા ખાચર સારુ પોતે ગામમાં રોટલા લેવા ગયા. ત્યારે તે ગામની બાઈઓએ કહ્યું જે, "તમે બારવટિયા છો ?" ત્યારે પોતે બોલ્યા જે, "અમે તો સ્વામિનારાયણ છીએ." ત્યારે તેમણે રોટલા આપ્યા, તેને ભોજાભાઈએ લીધા. અને એક બાઈએ ઊનો રોટલો ને ધોળો પાપડ આપ્યો, તેને પોતે જમણા હાથમાં લીધો ને ડાબા હાથમાં ઘોડીની લગામ ઝાલી. એવી શોભાને ધારણ કરતા સતા ગામ બહાર નીકળ્યા. ત્યાં નિત્યાનંદસ્વામી ભેળા થયા, ત્યારે તેમણે કહ્યું જે, "ભિક્ષા માગવી તે તો અમારું કામ છે, તેને તમે ક્યાં લઈ બેઠા !"

ત્યારે પોતે હસતા થકા ઘોડી દોડાવીને વડ તળે ગયા અને અડધો રોટલો ને પાપડ દાદા ખાચરને આપ્યો અને અડધો કોટડાવાળા હરસુર

વાળાને આપ્યો. બીજા રોટલા હતા, તે પોતે પાળાને પીરસ્યા ને પોતે રથ હાંકવા બેઠા. અને સંત પ્રત્યે બોલ્યા જે, "સર્વે રથની આગળ ચાલો, કોઈ વાંસે રહેશો નહીં." એમ કહીને રથને દોડાવ્યો, તે એક પહોરમાં બાર ગઉ ગયા.

અને **જૂનાગઢ**ને દરવાજે ગયા ત્યારે સર્વે હરિભક્ત સંતમંડળે સહિત સામૈયું લઈને આવ્યા ને ગાજતેવાજતે મહારાજને રાજમાર્ગે કરીને મંદિરમાં પધરાવ્યા. અને મંદિરની વાંસે પ્રદક્ષિણાને ઉગમણે ખૂણે પોતે વિરાજમાન થયા. સર્વે હરિભક્ત દર્શન કરી રહ્યા ત્યારે પોતે ઝીણાભાઈની હવેલીમાં પધાર્યા.

✺ મંદિર અને સંતની ખબર રાખનાર જેમલમેર પર રાજીપો :

અને બીજો દિવસ થયો ત્યારે વાવ ઉપર પોતે સભા કરીને વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા સોરઠ દેશના સર્વે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેવામાં જેમલમેર મહારાજને આવીને પગે લાગ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "આ તો ડુંગરનો રાજા છે." ત્યારે મહારાજે તેમને પોતાની કોટમાંથી ઉતારીને હાર આપ્યા ને કહ્યું જે, "મંદિરની ને સાધુની તમે ખબર રાખજ્યો." ત્યારે તેણે કહ્યું જે, "મંદિર ને સાધુ તે મારા માથા ઉપર(સાટે)." ત્યારે મહારાજ તેમના ઉપર રાજી થયા ને માથે હાથ મેલ્યા. અને ત્યાંથી પોતે જમવા પધાર્યા ને જમીને સંતને પીરસવા પધાર્યા ને હાથ ધોઈને પોતે પોઢવા પધાર્યા.

અને સાંજને સમે મોટી સભા થઈ ત્યારે પોતે ત્યાં પધાર્યા. તેવામાં મોટા કારભારી લોક આવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. ત્યારે તેમના આગળ મહારાજે વાર્તા કરી જે, "પ્રત્યક્ષ ભગવાન ને ભગવાનના સાધુને સંગે કરીને જીવનું કલ્યાણ થાવું તે સુગમ છે ને પરોક્ષભક્તિએ કરીને થાવું તે ઘણું કઠણ છે." ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! એ

વાત તમે કહી તેમ જ છે." એમ કહીને શ્રીજીમહારાજને પગે લાગ્યા. અને તે દેશના હરિભક્તે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર તે વતે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને સર્વે હરિભક્તને અમૃતની દૃષ્ટિએ કરીને જોતા થકા પોતે પોઢવા પધાર્યા.

✵ જૂનાગઢના નવાબે મહારાજની પધરામણી કરાવી :

ત્રીજે દિવસે નવાબ સાહેબે મહારાજને તેડાવ્યા ને અતિ ભાવે કરીને પોતાના દરબારમાં પધરાવ્યા ને ભારે તખત ઉપર બેસાર્યા ને અત્તર, ચંદન, પુષ્પના હાર તથા વસ્ત્ર-અલંકારે કરીને મહારાજની પૂજા કરી. અને બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો ખુદા છો ને અનેક જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિશે ફરો છે." એમ કહ્યું. ને નેત્રને વિશે હેતનાં અશ્રુ આવ્યાં ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે ઊઠશું." ત્યારે બજાર સુધી વળાવા આવ્યા ને શ્રીજીમહારાજ પોતાના મંદિરમાં પધાર્યા.

✵ આજ્ઞાથી ગિરનાર ચડી આવનાર ઉપર રાજીપો :

ચોથે દિવસ ગિરનાર ચડવા ગયા ને સંતને કહ્યું જે, "તમે શિખર ચડીને આવજો." એમ કહીને પોતે ચઢાવની વાવેથી પાછા વળ્યા ને મંદિરમાં પધાર્યા. જમીને સંતને પીરસવા પધાર્યા. તેવામાં ગિરનાર ચડીને મોટા પ્રજ્ઞાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી આવ્યા. તેમને મહારાજે પૂછ્યું જે, "તમે ઠેઠ જઈને આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "અમે શિખર સુધી જઈને આવ્યા." ત્યારે મહારાજ બોલ્યા જે, "શિખરે ચડીને આવ્યા તેમને શિખર ચડાવીએ." એમ કહીને પત્તરને વિશે લાડુની શિખર કરીને પોતે સંતને ત્રપ્ત કર્યા.

✵ જૂનાગઢથી વિચરણ કરતા ગઢડે પધાર્યા ને હુતાશણી કરી :

એવી રીતે શિવરાત્રીનો સમૈયો કરીને ત્યાંથી **જમનાવડ** ગયા ને દાદાભાઈના દરબારમાં ઊતર્યા. બ્રહ્મચારી મહારાજને જમવા સારુ

બોલાવા આવ્યા ત્યારે કહ્યું જે, "તમે થાળ આંહીં લાવો." ત્યારે ત્યાં લાવ્યા. ત્યારે પોતે જમીને દાદાભાઈને કહ્યું જે, "તમે પ્રસાદી લેશો ?" ત્યારે તેમણે કહ્યું જે, "હું તો હમણાં જમીને આવ્યો." ત્યારે શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી ને પોતે પોઢી રહ્યા.

અને ત્યાંથી ચાલ્યા, તે **જેતપુર** ગયા ને મુળુ વાળાની ડેલીએ જઈને ઊતર્યા. તેમણે સાધુને રસોઈ દીધી, તેને પોતે જમાડીને ચાલ્યા, તે ગામ **ગોમટે** રાત રહ્યા. અને ત્યાંથી **સતાપર** બપોરા કર્યા ને ત્યાંથી **કોટડે** રાત રહ્યા. અને ત્યાંથી **વાંકિયે** ગયા ને સવારમાં જમીને ચાલ્યા, તે **ગઢડે** ગયા.

અને હુતાશનીના સમૈયા ઉપર સર્વે સાધુને તેડાવ્યા ને પોતે રંગ-ગુલાલ બહુ ઉડાડ્યો ને સર્વે સંતને રંગ વતે પલાળી દીધા. પછી સાધુ મંડળે સહિત ઘેલા નદીમાં નાવા પધાર્યા. નાહીને ગાજતેવાજતે દરબારમાં પધાર્યા ને પોતે જમીને સર્વે સંતમંડળને મોતૈયા લાડુ પોતે પીરસીને જમાડ્યા. એમ નિત્ય પ્રત્યે નવી નવી રસોઈઓ કરીને સંતમંડળને જમાડતા હતા.

✵ ગઢડાથી વિચરણ કરતા રામનવમી ઉપર વડતાલ પધાર્યા :

અને ત્યાંથી શ્રીજીમહારાજ વરતાલને માર્ગે ચાલ્યા, તે **કારિયાણી**એ રાત રહ્યા. ને વસતા ખાચરના બે બળધ લીધા ને પોતે **ઝમરાળે** પધાર્યા. ત્યાંથી જમીને પોતે બહાર નીસર્યા ત્યારે વસ્તા ખાચરના બળદ ગાડે જોડીને નિત્યાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "એને છૂટા મેલો, અમારે ચાલ જોવી છે." એમ કહીને માણકી ઘોડીને પડખે ચડાવીને માણકી બરોબર એની ચાલ જોઈને પોતે બોલ્યા જે, "આવા બળદ હમણાં ક્યાંઈ નથી." એમ કહીને ચાલ્યા, તે ગામ **ચોકડી**ના તળાવમાં ઊતર્યા.

ત્યાંથી ચાલ્યા,તે ગામ **ધોલેરે** પધાર્યા. ત્યાં પુજાભાઈ, ભોજાભાઈ, કાયાભાઈ તથા વરસાભાઈ આદિક સર્વે હરિભક્તે ગાજતેવાજતે મહારાજને મંદિરમાં પધરાવ્યા. અને જમીને ત્યાંથી ચાલ્યા, તે **પીપળી** પધાર્યા. તેવામાં કમિયાળાના હરિભક્ત મહારાજને તેડવા સારુ આવ્યા ને મહારાજને કહ્યું જે, "તમે અમારે ગામ આવો, ને સંતને જમાડીને પછી ચાલજ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "નિત્યાનંદસ્વામી સંઘને લઈને પાંસરે(સીધા) માર્ગે જાય તો અમે સંતને જમાડવા આવીએ." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું મહારાજ." એમ કહીને સર્વે સૂઈ રહ્યા.

❋ ભૂમાનંદસ્વામીને મહારાજનાં દર્શનની અખૂટ શ્રદ્ધા :

અને મહારાજ તળાવને કાંઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે પોઢ્યા હતા. તેવામાં ભૂમાનંદસ્વામી ઊભા થઈને મહારાજનાં દર્શન કરતા હતા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સૂઈ જાઓ." ત્યારે તેમણે કહ્યું જે, "ઉંઘ આવશે ત્યારે સૂઈ જાઈશ." એમ કરતા પાછલી પહોર રાત રહી ત્યારે સર્વે સંત નાવા ઊઠ્યા, તે ભેળા ભૂમાનંદસ્વામી પણ નાવા ગયા.

❋ કમિયાળા સિંહા વણારને ત્યાં થાળ-પધરામણી :

અને સવારનો પહોર થયો ત્યારે મહારાજ **કમિયાળે** ગયા ને સિંહા વણારની મેડીને વિશે પોતે વિરાજમાન થયા. અને પૂછ્યું જે, "રસોઈની શી વાર છે ?" ત્યારે સંતે કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે." ત્યારે પોતે જ્યાં રસોઈ થાતી હતી ત્યાં પધાર્યા ને નાહીને પોતે થાળ જમ્યા અને સંતને શીરો પીરસવા માંડ્યા ને ઘણીક વાર પંગતમાં ફર્યા.

ત્યારે મહારાજે છેટે ઊભી હતી જે બાઈઓ તેમને કહ્યું જે, "તમે દહીં લાવો." ત્યારે તેમણે દહીંનાં ગોરસાં(માટલાં/દોણાં) લાવીને મહારાજની આગળ મેલ્યાં. ત્યારે તે ગોરસાં લઈને સંતને દહીં ફેરવવા માંડ્યા. તે પીરસી રહ્યા ત્યારે મહારાજે શિવાનંદસ્વામીને કહ્યું જે, "નિત્યાનંદસ્વામી સારુ શીરો લ્યો." એમ કહીને ડબો ભરી આપ્યો.

✹ સંતોના પગ બળતા જોઈ પાવલાં પહેરવાની આજ્ઞા :

ત્યાર કેડે પોતે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે ઘોઘાવાને કાંઠે ગયા. ત્યારે સંતને પગે બળતા જોઈને પોતાને દયા આવી. તે વાત મનમાં રાખીને ચાલ્યા, તે ભોળાદ ને બોરુના વચ્ચે તલાવડી છે, ત્યાં સમડાના વૃક્ષ તળે પોતે ઊતર્યા. ત્યારે સંતે ચારે કોરા પાણી છાંટીને પૃથ્વી પલાળી દીધી ને ભીની ચાદરો કરીને આડી બાંધી. મહારાજ ત્યાં એક કલાક સુધી માંહી રહ્યા.

પછી જાગીને સંત આગળ ઘણીક વાર્તા કરી અને પોતે લઘુશંકા કરવા ઊઠ્યા ત્યારે મોજડી કાઢીને પૃથ્વી ઉપર પગ મેલ્યો, તેણે કરીને ચરણારવિંદ બળવા લાગ્યાં. ત્યારે સંતને કહ્યું જે, "સર્વે પાવલાં પહેરજો." એમ આજ્ઞા કરી. અને ચાલ્યા, તે સાબરમાં નાહીને **વરસડે** ખળામાં ઊતર્યા. ત્યાં નિત્યાનંદસ્વામીએ થાળ કર્યો ને પોતે શ્રીજીમહારાજ ગાડી ઉપર બેસીને જમ્યા ને ત્યાં રાત રહ્યા.

✹ વરતાલ રામનવમીના સમૈયે પધાર્યા :

ત્યાંથી ચાલ્યા, તે **સિંજીવાડે** થઈને ૮૪ ચોરાશિયાના ચૈત્ર સુદિ રામનવમી ઉપર શ્રીજીમહારાજ **વરતાલે** પધાર્યા અને સાધુ હરિભક્તને તેડાવ્યા. દેશદેશથી પોતાના દર્શને આવ્યા એવા ભક્તજન તેમની સેવાને અંગીકાર કરીને તેમના મનોરથ પૂર્ણ કર્યા. અને તેમણે કરાવી જે ભારે રસોઈઓ તેને પોતે સંતને પીરસીને તેમને રાજી કર્યા. અને મછિયાવના હરિભક્ત (ઠાકોર બાપુભાઈએ દેહ મૂક્યો હતો. માટે તેમની વાંસે સાધુને રસોઈ આપવા સારુ તેમના પુત્ર મદારસિંહજી બે ગાડાં ભરીને) લાવ્યા જે સેવદળ તેને પોતે પીરસીને સંતને જમાડ્યા.

અને ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર પોતે વિરાજમાન થયા, તે સમયમાં એક હરિભક્તે મહારાજના ભાલને વિશે કેશરચંદનની અર્ચા કરી, ને ભુજાને વિશે અંગરાગ કર્યો, ને ચરણને વિશે ચંદન ચર્ચ્યું, ને

ભાલને વિશે કુંકુમનો ચાંદલો કર્યો, ને બે ભુજાને વિશે ચાંદલા કર્યા, ને મસ્તકને વિશે ફૂલની ટોપી પહેરાવી, ને કંઠને વિશે હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે ગજરા ને બાજુબંધ બાંધ્યા, ને ફૂલની પછેડી ઓઢાડી. એવી શોભાને જોઈને સર્વે હરિભક્તની ચિત્તવૃત્તિઓ મહારાજની મૂર્તિને વિશે આકર્ષિત થઈ ગઈ.

એવી શોભાને ધારણ કરતા સતા પોતે ઘોડીએ બેસીને સંત પાસે કીર્તન ગવરાવતા થકા પોતે મંદિરમાં પધાર્યા. ત્યાં ઘણીક વાર સુધી પોતાના પ્રેમીભક્તને દર્શન દઈને, ફૂલની પછેડી ને ટોપી નિત્યાનંદસ્વામીને આપી. અને પોતે જમવા પધાર્યા, જમીને પોતાના એકાંતિક ભક્તે કરી જે પૂજા તેણે સહિત સંતને પીરસવા પધાર્યા, ને સંત જમીને ત્રપ્ત થયા ત્યારે પોતે હાથ ધોઈને પોઢવા પધાર્યા.

✹ શ્રીનગરના દામોદરભક્તે તથા બુદેલખંડના ભક્તોએ પૂજા કરી :

બીજે દિવસ ગોમતીજીને કાંઠે છત્રીએ જુક્ત જે વેદિકા તેને વિશે વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદ આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં અમદાવાદના દામોદરભક્ત, તેણે પોતાના હાથનો વણેલ જે રાતો કિનખાપ, તેની ડગલી ને સુરવાલ પહેરાવ્યાં, ને ભાલને વિશે કેશરચંદનની અર્ચા કરી, ને કુંકુમનો ચાંદલો કર્યો, ને કંઠને વિશે પુષ્પના હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે ગજરા ને બાજુબંધ ધારણ કરાવ્યા, ને મહારાજના ચરણારવિંદને વિશે માથું મેલીને પગે લાગ્યા. અને શ્રીજીમહારાજ તે પોશાગને પોતે ઝાઝી વાર સુધી અંગીકાર કરીને રઘુવીરજી મહારાજને આપ્યો.

ત્યાર કેડે બુદેલખંડી હરિભક્તે શ્રીજીમહારાજને પોતાના દેશના ઘાટનું અંગરખું પહેરાવ્યું, ને મસ્તકને વિશે પાઘ ધરાવી, ને હિરકોરી ધોતી પહેરાવી, ને હસ્તને વિશે ધનુષ-બાણ આપ્યું. તે સમયને વિશે પૂર્વે

રામચંદ્રના ઉપાસક હતા, તેમને રામચંદ્રરૂપે પોતે દર્શન દીધાં. અને આવી શોભાને ધારણ કરતા થકા પોતાના ભક્તજનના નેત્રને આનંદ ઉપજાવતા સતા મંદિરમાં પધાર્યા. અને પોતે જમીને સંતને પીરસવા આવ્યા ને સંત જમીને ત્રપ્ત થયા ત્યારે પોતે હાથ ધોઈને પોતાના ઉતારાને વિશે પધાર્યા.

✹ મથુરા-વૃંદાવનના ભક્તોએ કરેલી પૂજા :

સાંજને સમે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા. તે સમયમાં મથુરા અને વૃંદાવન પ્રાંતના હરિભક્ત દર્શને આવ્યા હતા. તેમણે પોતાના દેશનો પોશાક શ્રીજીમહારાજને પહેરાવ્યો, ને પાઘડી પણ તે દેશની બંધાવી, ને હાથને વિશે વાંસળી આપી. તે સમયમાં પૂર્વે કૃષ્ણના ઉપાસક સભાને વિશે બેઠા હતા, તેમને કૃષ્ણરૂપે પોતે દર્શન દીધાં. અને આવી શોભાએ જુક્ત મંદિરમાં આવીને વિરાજમાન થયા અને ઠાકોરજીની આરતી થઈ ત્યારે પોતે દર્શન કરવા પધાર્યા ને દર્શન કરીને પોતે પોઢવા પધાર્યા.

✹ નિત્યાનંદસ્વામીનો દૃઢ નિશ્ચય જોઈ રાજી થયા :

राम पर्ताप [illegible] मां मुक्तानंदस्वामि नित्यानंद स्वामि ब्रह्मानंदस्वामि गोपाळानंदस्वामि शुकमुनि एआदिक मोटेरा संत ने ते रा [illegible] पोते बोल्या जे आम ने बिजा अवतारने [illegible] तारे नित्यानंदस्वामि बोल्या जे आमे तो तमने [illegible] तारे पोते राजि थइने बोल्या [illegible] आवो [illegible] मारा [illegible] तारे मुक्तानंदस्वामि आदिक [illegible] सर्वे राजि थया

રામપ્રતાપજીવાળા બંગલામાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકમુનિ એ આદિક મોટેરા સંતને તેડાવીને પોતે બોલ્યા જે, "અમને બીજા અવતાર જેવા ગ્રંથમાં લખો." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "અમે તો તમને જેવા જાણીએ છૈયે તેમ લખશું." એમ સાત દિવસ સુધી ટક્કર લીધી. ત્યારે પોતે રાજી થઈને બોલ્યા જે, "નિશ્ચય તો આવો જોઈએ જે અમારા ફેરવ્યા પણ ન ફર્યા, તે બીજાના ફેરવ્યા કેમ ફરે !" એમ કહીને બોલ્યા જે, "જેમ તમે સમજતા હો તેમ લખો." ત્યારે મુક્તાનંદસ્વામી આદિક સંત હતા, તે સર્વે રાજી થયા.

✹ વડોદરાના ભક્તોએ મહારાજની પૂજા કરી :

એક દિવસ (વડતાલ) મંદિરને વાંસે પોતે વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં વડોદરાવાળા નાથભક્ત તથા સદાશિવ એ આદિક હરિભક્તે મહારાજની પૂજા કરી. તેમાં જરિયાની સુરવાલ ને ડગલી પહેરાવી, ને મસ્તકને વિશે ભારે રાતો રેંટો બંધાવ્યો, ને આસમાની રંગનો રેંટો ખભે નંખાવ્યો, ને અત્તર લઈને મહારાજને ચર્ચ્યું, ને હાથ જોડીને મહારાજની સ્તુતિ કરી. પછી મહારાજ જમવા પધાર્યા ને જમીને સંતને પીરસવા ગયા. સંત ત્રપ્ત થયા ત્યારે પોતે ઉતારામાં પધાર્યા ને સર્વે સંતને દેશમાં ફરવાની આજ્ઞા કરી.

✹ ગઢડા જવા નીકળ્યા ને કારિયાણીમાં જાતે રાંધીને જમ્યા :

અને સદ્‌ગુરુ ને ભણનારા સાધુને ભેળા લઈને સંઘે સહિત પોતે વહેલા ઊઠીને ચાલ્યા, તે **બોરુ** જઈને રાત રહ્યા. ને નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે સંઘ લઈને આવજો, અમે તો આગળ ચાલશું." એમ કહીને પોતે ઘોડાં હાક્યાં, તે મધ્યાહ્ને **કારિયાણી**એ પધાર્યા. ને પોતે સાધુના ભંડારમાં પેસીને ઝાઝું મોવણ નાંખીને બશેરના બે રોટલા કર્યા.

તેમાં એકવાર ફેરવીને તેમાં તાવેથા વતે ખાજાની પેઠે ખાડા પાડ્યા ને તેમાં ઘી ભર્યું ને રીંગણાનું ભરથું કરીને પોતે જમવા બેઠા.

એવામાં સવિત્રાનંદસ્વામી, મોટા પ્રજ્ઞાનંદસ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, પવિત્રાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી આદિક સાધુ આવ્યા. તેમને પોતે પૂછ્યું જે, "સંઘ કેટલે છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ઘણે છેટે છે." ત્યારે સવિત્રાનંદસ્વામી આદિક સંતને ભરથું ને રોટલાની પ્રસાદી આપી, ને પોતે બોલ્યા જે, "આ પ્રસાદી નિત્યાનંદસ્વામી સારુ રાખી મેલો, એ સ્વાદનું પારખું કરશે." ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "એ પ્રસાદી અમને આપો." ત્યારે મહારાજે સુરા ખાચર, દાદા ખાચર, સોમલા ખાચર, વસ્તા ખાચર એ આદિક પોતાના પાર્ષદને પ્રસાદી આપી. પછી વસ્તા ખાચરના ઓરડામાં પોતે પોઢવા પધાર્યા. ત્યારે સંતે જઈને મહારાજના ચરણારવિંદને દાબવા માંડ્યા.

✹ સત્સંગ કરતાં કસર રહી, તેનો સત્સંગમાં પગ ટકે નહીં :

ત્યારે ફાટેલ કરો(ઘરની બાજુની દિવાલ) જોઈને પોતે બોલ્યા જે, "પાયો નાંખ્યામાં કસર રહી તો કરો ફાટ્યો, તેમ સત્સંગ કરતાં જેમાં કસર રહી, તેનો સંત ભેળો પગ ટકે નહીં." એ અંગની ઘણીક વાર્તા કરી. અને પોતે ચાલવાને તૈયાર થયા ત્યારે સંત પણ તૈયાર થયા. ત્યારે મહારાજે કહ્યું જે, "સદ્‌ગુરુને ને પાળાને રોટલા કોણ કરી આપશે ? વાસ્તે તમે આંહીં રહો અને તેમને જમાડીને આવજ્યો." એમ કહીને પોતે **ગઢડે** પધાર્યા.

અને નિત્યાનંદસ્વામી આવ્યા ત્યારે સંતે કહ્યું જે, "તમારા સારુ મહારાજે આટલી પ્રસાદી આપી છે." ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "મારા ઉપર મહારાજે મોટી કૃપા કરી જે, હું નોતો તોય મુને સંભારીને પ્રસાદી આપી !" એમ બોલતે સતે આંખમાં હેતનાં આંસુ આવી ગયાં.

ને પોતે પ્રસાદી જમ્યા ને બીજા સંતને પણ આપી. ને સવારમાં સંઘે સહિત ગઢડે ગયા ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ વહેલા આવ્યા." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "તમારાં દર્શન સારુ ઉતાવળા આવ્યા." ત્યારે શ્રીજીમહારાજ ઘણાક રાજી થયા.

❋ કોઠીઓ કળથી ઉપર ચઢાવી નાના સંતોએ રાજીપો લીધો :

અને લાડુબાઈના ઓરડાની ઉગમણી ઓસરીએ શ્રીજીમહારાજ વિરાજમાન હતા. તેવા સમયમાં લાડુબાએ મહારાજને કહ્યું જે, "દાણા ભરવાની કોઠીઓ છે, તે ઓસરી ઉપર મેલવી છે." ત્યારે મહારાજે વિદ્યાર્થીને બોલાવીને કહ્યું જે, "તમે આ કોઠીઓ છે, તેને ઓસરી ઉપર ચડાવો." ત્યારે તેમણે સાંઠીઓની પાળ બાંધીને કોઠીઓને ઉપર ચડાવી. ત્યારે તેમના ઉપર પોતે રાજી થયા ને જમીને થાળ આલ્યો.

❋ સાધુને હાથે લોટ દળીને રોટલા કરવાનું પ્રકરણ :

અને હમણાં મંદિર છે ત્યાં ઓરડો હતો, તેની દક્ષણાદી ઓસરીએ સવારના પહોરમાં શ્રીજીમહારાજ વિરાજમાન થયા. અને બોલ્યા જે, "આજથી સર્વે સાધુ હાથે લોટ દળીને રોટલા કરો." એમ કહીને લાડુબાઈની ઓસરીમાંથી ઘંટી મંગાવીને તૈયાર કરાવી. અને પોતે બોલ્યા જે, "જેને દળતાં આવડતું હોય તે ઊઠો." ત્યારે કોઈ ઊઠ્યા નહીં. ત્યારે પોતે ઊઠીને દળવા બેઠા. ત્યારે સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, "મને દળતાં આવડે છે." એમ કહીને મહારાજને ઉઠાડ્યા ને પોતે દળવા બેઠા. અને પ્રભાતિયા ગાવા માંડ્યા, ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો અમને સરોદા કરતાં પણ સારાં લાગે છે." એવી રીતે સાધુને દળવાની આજ્ઞા કરી ને પોતે જમવા પધાર્યા.

અને નિત્યાનંદસ્વામીએ ભગવદ્‌ગીતાની પ્રાકૃતટીકા કરીને મહારાજની આગળ પોથી મેલી. ત્યારે મહારાજ તેમના ઉપર રાજી થયા અને તેમને ને શુકસ્વામીને થાળ આપ્યો ને પોતે પોઢવા પધાર્યા.

✹ મોરલીવાળા વાદી ઉપર શ્રીજીનો રાજીપો :

સાંજને સમે નાજે જોગિયે આવીને મહારાજને કહ્યું જે, "એક મોરલીવાળો આવ્યો છે. તે ભારે મોરલી વગાડે છે. તે તમારી મરજી હોય તો બોલાવું." ત્યારે મહારાજે કહ્યું જે, "તેને બોલાવો." પછી પોતે ગંગાજળિયા કૂવા આગળ જઈને બેઠા. ત્યાં ભીડ થઈ ત્યારે ઊઠીને સજ્યાથી આથમણી કોરા ઘોડશાળની ઓસરીએ આવીને વિરાજમાન થયા. પછી વાદીએ મોરલી વગાડવા માંડી. ત્યારે મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને યોગાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે સરોદા ને દોકડ મંગાવો ને તેની ભેળા ચાલ વગાડો."

ત્યારે તેમણે વાજાં મંગાવીને તે ભેળે ગાવવા માંડ્યું. ત્યારે સેવાનંદસ્વામીએ ભૂમાનંદના હાથમાંથી મંજીરાં લઈને વગાડવા માંડ્યું, પણ ભેળા ભળ્યા નહીં. ત્યારે મહારાજ બોલ્યા જે, "તમને વજાડતાં નથી આવડતું, વાસ્તે તેને વગાડવા દ્યો." અને ઘણીક વાર સુધી તેણે મોરલી વગાડી. ત્યારે મહારાજ બોલ્યા જે, "શ્રીકૃષ્ણભગવાને રાસક્રીડા કરી ત્યારે આવી મોરલી વજાડી હતી."

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "તો ઠાકોરજીને વાંસળી કેમ ધરાવે છે ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "એ તો મોરલી શોભે નહિ, વાસ્તે વાંસળી ધરાવે છે." ને આડે દાડે વાંસળી વજાડતા ને રાસને દિવસ મોરલી વજાડી, તેની વાત કહી દેખાડી. અને તે મોરલીવાળા ઉપર પોતે રાજી થયા ને દાદા ખાચરને કહ્યું જે, "એને કાંઈ જોઈતું હોય તે આપજો." એમ કહીને પોતે પોઢવા પધાર્યા.

✹ વાલજી મલ્લ ઉપર રાજી થઈ નવીન દાવપેચ શીખવ્યા :

એક દિવસ શ્રીજીમહારાજ લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીએ વિરાજમાન હતા ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા બાઈભાઈની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં ગંગારામ મલ્લનો

ભત્રીજો વાલજી આવીને, શ્રીજીમહારાજને પગે લાગીને, મુજરો(બહુ વિવેકપૂર્વક વંદન) કરીને, આગે ઊભો. અને બોલ્યો જે, "મહારાજની મરજી હોય તો હું રમું." ત્યારે મહારાજે કહ્યું જે, "તારો જોડિયો નાનો છે, તે એને તું જાળવજે." પછી બેય જણા મલ્લવિદ્યા કરવા માંડ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "તુને હું દાવપેચ શીખવું." એમ કહીને પોતે ઊભા થયા ને ખભો થાબડ્યો. ત્યારે સર્વે હરિજન હસવા લાગ્યા ને પોતે તે સંગાથે કુસ્તી કરવા માંડ્યા. ત્યારે કોઈ મલ્લને ન આવડે એવા દાવપેચ શીખવ્યા. ત્યારે તેણે કહ્યું જે, "આવા દાવપેચ મારા કાકા ગંગારામ મલ્લને પણ નથી આવડતા." પછી પોતે જમવા પધાર્યા.

✹ હસનના ભાઈ મૂંગા સાથે શ્રીજી લાકડી રમ્યા :

સાંજને સમે શ્રીજીમહારાજ મોટીબાના ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા હતા ને સર્વે સંત હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં હસનાનો ભાઈ મૂંગો આવ્યો. તેને જોઈને સોમલા ખાચર બોલ્યા જે, "મૂંગાને લાકડી રમ્યાનું બહુ માન છે." ત્યારે મહારાજે મૂંગાને બોલાવીને કહ્યું જે, "અમારા સાથે લાકડી રમ." ત્યારે તેણે કહ્યું જે, "તમને લાકડી વાગી જાય તો મુને પાપ લાગે."

ત્યારે મહારાજે તેને કહ્યું જે, "તેનો ગુનો માફ છે." એમ કહીને બે લાકડીઓ મંગાવી. તેમાં એક એને આપી ને એક પોતે લીધી. અને પોતે કેડ બાંધીને તેના સાથે રમવા માંડ્યા. તે દક્ષણાદિ તરફથી ઓસરીમાં રમતાં રમતાં નાગમાલાના ઓરડા સુધી ગયા. ત્યાંથી રમતાં રમતાં દક્ષણાદે ખૂણે આવ્યા.

પછી મહારાજે એને લાકડી મારવા માંડી, તે પગમાં, માથામાં, હાથમાં ને છાતીમાં ગોદા મારે, પણ એનાથી એકે લાકડી ઝીલાણી નહીં. ત્યારે ઓસરીથી ઊતરીને લિંબડા તળે જઈને ઊભો. ત્યારે મહારાજે

તેને સાને કરીને બોલાવ્યો. ત્યારે તેણે કહ્યું જે, “તમે ભગવાન ને હું જીવ, તે તમને ન પુગાય !” એમ કહીને મહારાજને પગે લાગ્યો. ત્યારે પોતાને દયા આવી ને કંઠમાંથી હાર કાઢીને તેને આપ્યો. આવી નવી નવી લીલા જોઈને સર્વે સંત તથા બાઈભાઈ હરિભક્ત બહુ રાજી થયાં.

✹ ભુજના બાર મલ્લે રમીને શ્રીજીને રાજી કર્યા :

એક દિવસ એ જ ઓસરીએ શ્રીજીમહારાજ વિરાજમાન હતા ને ભુજનગરથી બાર મલ્લ આવ્યા. તે મહારાજને પગે લાગીને હાથના તાલ મારીને સામા ઊભા રહ્યા. અને મહારાજ પ્રત્યે બોલ્યા જે, “મહારાજની મરજી હોય તો અમે રમીએ.” ત્યારે મહારાજે કહ્યું જે, “રમો.” ત્યારે તે રમવા માંડ્યા. તે આંહીંથી કોલાટો(ગુલાટ) ખાતાં ખાતાં લાડુબાઈની ઓસરી સુધી ગયા ને ત્યાંથી મહારાજ પાસે આવ્યા. એમ ઘણીક પ્રકારની રમત કરી.

તેમાં એક દૂબળો મલ્લ હતો, તેને પાડીને જબરો હતો તે ઉપર ચડી બેઠો. ત્યારે મહારાજે કહ્યું જે, “મૂકી દ્યો.” ત્યારે દુર્બળ મલ્લ હતો તેણે કહ્યું જે, “મુને દૂધ નથી મળતું ને એને દૂધ મળે છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “તુંને પણ તેથી ઝાઝું મળશે.” એમ કહીને તે મલ્લોને મહારાજે પ્રસાદી આપીને રાજી કર્યા. અને પોતે જમીને સંતને લાડુ પીરસીને ત્રપ્ત કર્યા ને પોતે પોઢવા પધાર્યા.

✹ ઝોળીનું અન્ન પુરું ન થતાં વિદ્યાર્થી સંતોને કારિયાણી જતાં રોક્યાં :

એક દિવસ બ્રહ્માનંદસ્વામીને શ્રીજીમહારાજે કહ્યું જે, “જોળીના અન્ને કરીને જેટલા સંત જમી રહે તેટલા રાખજો ને અધિક હોય તેમને ફરવા મોકલજો.” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ ભૂમાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, દામોદરાનંદ, જગન્નાથાનંદ, ઈશાનંદ, નિરન્નમુક્તાનંદ તથા જિષ્ણવાનંદસ્વામી, એમને કહ્યું જે, “તમે કારિયાણીએ ભણવા જાઓ.”

ત્યારે એ સર્વે તૈયાર થઈને મહારાજ પાસે ગયા. ત્યારે મહારાજ બોલ્યા જે, “સરખા સરખા છોકરા ભેળા થઈને ક્યાં જાઓ છો ?” ત્યારે તેમણે કહ્યું જે, “અમને બ્રહ્માનંદસ્વામી કારિયાણીએ મેલે છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “બ્રહ્માનંદસ્વામીને બીજા કાઢવાના ન મળ્યા તે આ છોકરાને કાઢે છે ?” એમ કહીને પોતે બોલ્યા જે, “હું તમને ખાવાનું આપીશ, કોઈના કાઢ્યા નીકળશો નહીં.”

ત્યારે તે તો આસને જઈને બેઠા. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “કેમ આવીને બેઠા ?” ત્યારે તેમણે કહ્યું જે, “અમને મહારાજે કહ્યું જે, ‘કોઈના કાઢ્યા જાશો નહીં, હું તમને ખાવા આપીશ.” ત્યારે બ્રહ્માનંદસ્વામી રાજી થયા ને કહ્યું જે, “તમે સુખેથી રહો.”

✵ વાણિયાનું હાટ બળતું ઓલવાવ્યું :

એક દિવસ શ્રીજીમહારાજ માંહિલી તરફ વાસુદેવના ઓરડામાં પોઢ્યા હતા. તેવામાં વાંસે વાણિયાનું હાટ બળવા માંડ્યું. ત્યારે મહારાજે રતનજીને કહ્યું જે, “તમે જુઓ, વાંસે શાનું અજવાળું જણાય છે ?” ત્યારે તેમણે કહ્યું જે, “વાણિયાનું હાટ બળે છે.” ત્યારે મહારાજ ઊઠીને બહાર ચોકમાં બેઠા, ને બોલ્યા જે, “સાધુને ખબર કરો.” ત્યારે મિયાંજીએ આવીને સંતને કહ્યું જે, “મહારાજના ઓરડાની વાંસે લાય(અગ્નિ) થઈ છે.”

ત્યારે સર્વે સંત ત્યાં આવીને ગંગાજળિયા કૂવામાંથી પાણી કાઢીને ઓલવવા માંડ્યા. ત્યારે એક બાઈએ કહ્યું જે, “મારે પાણિયારે ગોળો ભર્યો છે.” ત્યારે મહારાજે ભૂમાનંદસ્વામી ને માયાતીતાનંદસ્વામીને કહ્યું જે, “તમે ગોળો ઉપાડી લાવો.” ત્યારે તેમણે ઉપાડવા માંડ્યો, પણ ગોળો ઉપડ્યો નહીં. ત્યારે પોતે ત્યાં આવીને ઉપાડવા લાગ્યા.

પછી ઓલવી રહ્યા ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “નિસરણી લાવો.” ત્યારે મહારાજે કહ્યું જે, “ક્યાં થઈને ચડ્યા હતા ?”

ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "મોતિયું(નેવાંનું પાટિયું) ઝાલીને ચડ્યો હતો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ તો ભીષ્મપિતા જેવા શૂરવીર છે !"

પછી સર્વે સંત મહારાજ પાસે આવીને બેઠા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ ભણનારા સાધુ છે, તેમને તમારે અમારાથી કોઈ દિવસ નોખા પડવા દેવા નહીં; એ ભલામણ છે." પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! હું નોંખા નહિ પડવા દઉં." પછી મહારાજ પોઢવા ગયા ને સાધુ સર્વે ઉતારામાં આવ્યા .

✹ મહારાજે ઘોડી-ઘોડાનો સ્વભાવ છોડાવ્યો :

એક દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. તે સમયમાં સુરા ખાચર ઘોડી લઈને આવ્યા ને મહારાજને કહ્યું જે, "આ ઘોડી તમારે ચડવા લાયક છે. વાસ્તે એને ફેરવીને પાંશરી(ડાહી) કરો."

ત્યારે મહારાજ ઘોડી ઉપર અસવાર થઈને વાવને માર્ગે ચાલ્યા, તે વોકળીને કાંઠે જઈને ઊભા રહ્યા. ત્યાંથી ઉગમણી તરફ હાંકી, તે અડતાળાના આડા માર્ગ સુધી ગયા. ત્યાંથી ધ્રોડ કરીને પાછા વોકળીને કાંઠે આવ્યા, ને બોલ્યા જે, "મેં મારો દયાળુ સ્વભાવ મેલીને હાંકી, પણ ઘોડીએ સ્વભાવ મેલ્યો નહીં."

ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "માણસ એક દિવસમાં સ્વભાવ મેલતા નથી, તો આ તો ઘોડી છે !" ત્યારે પોતે હસતા થકા દરબારમાં પધાર્યા. એમ ઘણાક દિવસ ફેરવીને તેનો સ્વભાવ મેલાવીને પોતાની મરજી પ્રમાણે ચાલે એવી કરી.

ત્યારે સુરા ખાચર બીજો ઘોડો લઈને આવ્યા ને મહારાજને કહ્યું જે, "આને ફેરવીને તમે સારો કરો." ત્યારે પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા ને ઝાંપા આગળ ઊભા રહ્યા અને રાઠોડિયાને ઉપર ચડાવીને ફેરવવા

માંડ્યો. ત્યારે વાળતી વખત ઊભો(ઝાડ) થયો. ત્યારે મહારાજે તેને ઢેફું માર્યું, તે ભેળે પાળે પણ ઢેફાં માર્યાં. ત્યારે રાઠોડિયે કહ્યું જે, "મને ઢેફાં વાગે છે." ત્યારે મહારાજે લીલા વાંસની સોટીઓ કપાવી. તેમાંથી એક પોતે લીધી ને જ્યારે ઊભો(ઘોડો ઝાડ) થાવા જાય ત્યારે મહારાજ તેને સોટી મારે. એમ કરીને તેનો સ્વભાવ મેલાવ્યો ને પાંશરો(સીધો-ડાહ્યો) કર્યો.

✹ સાધુનો અવગુણ લેનાર યોગીને કૂતરાનો દેહ આવ્યો :

એક દિવસ મહારાજ લાડુબાઈના ઓરડાની ઉગમણી ઓસરીએ જમવા સારુ પધાર્યા હતા. તેવામાં ભાવનગરથી પાળા આવ્યા. તે મહારાજ પ્રત્યે બોલ્યા જે, "વજેસિંહ ઠાકોરે શિકાર કરવા સારુ આ કૂતરો રાખ્યો હતો. તે જીવ મારે નહિ ને માંસ ખાય નહીં. ત્યારે ઠાકોર બોલ્યા જે, 'આ તો આપણા કામનો નહીં, વાસ્તે દાદા ખાચરને આપો." એમ પાળે આવીને કહ્યું.

ત્યારે મહારાજે કૂતરા સામું જોયું ને બોલ્યા જે, "આ પૂર્વે ભારે યોગી હતો, પણ એણે સાધુનો અવગુણ લીધો તે પાપે કરીને એને કૂતરાનો દેહ આવ્યો છે. અને માંસ નથી ખાતો ને જીવ મારતો નથી તે તપનું ફળ છે." એમ કહીને પોતે બોલ્યા જે, "એને લક્ષ્મીવાડીએ લઈ જાઓ." પછી પોતે જમીને પાળાને થાળ આપ્યો અને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા

✹ સંતના અનુગ્રહથી ભીમા-ખેતાનો હરિભક્તને ઘેર જન્મ :

બીજે દિવસ શ્રીજીહારાજ મોટીબાના ઓરડાની ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા હતા. એવામાં ભીમો ને ખેતો એ બે છોકરા આવીને સામા ઊભા. ત્યારે મહારાજે ભીમાને પૂછ્યું જે, "તું ગાંડો કે ખેતો ?" ત્યારે તેણે કહ્યું જે, "ખેતો ગાંડો." ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને

પૂછ્યું જે, “ગાંડા માણસને ભગવાન બોલાવે છે, તેનું શું કારણ હશે?” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ બેયને ઝાડનો દેહ આવે એવાં તમોગુણી કર્મ હતાં, પણ કોઈક મોટા સંતનો અનુગ્રહ થયો તેથી હરિભક્તને ઘેર જન્મ આવ્યો છે.” એમ કહીને સંતને કહ્યું જે, “આની ખાધાપીધાની ખબર રાખજ્યો.”

✺ ભાઈબંધ રતા બસિયા સાથે મહારાજની લીલા :

એક દિવસ શ્રીજીમહારાજ જીવા ખાચરના દરબારમાં જાતા હતા. ત્યારે માર્ગમાં રતો આવીને પગે લાગ્યો. ત્યારે “આવો ભાઈબંધ !” એમ કહીને તેને ખભે હાથ નાંખીને દરબારમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી રાત પડી ત્યારે મહારાજે રતાને કહ્યું જે, “બહાર જઈને જોઈ આવ, કેટલી રાત ગઈ છે ?” ત્યારે તેણે કહ્યું જે, “છો સાત પહોર રાત ગઈ છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “કેટલી રહી?” ત્યારે તેણે કહ્યું જે, “દશ-બાર પહોર રહી હશે !”

ત્યારે એક હરિભક્તે મહારાજને પૂછ્યું જે, “આણે પૂર્વે શાં પુન્ય કર્યાં હશે જે આવા ગાંડા માણસને તમે બોલાવો છો ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “આ પૂર્વે બહુ બુદ્ધિવાન ને ધર્મવાળો રાજા હતો. તેણે બુદ્ધિના છકે કરીને ભોળા ઋષિ હતા તેની ઠેકડી કરી. ત્યારે તે ઋષિએ શાપ દીધો જે, ‘તું બુદ્ધિએ રહિત થઈ જા.’ ત્યારે રાજાએ ઋષિની પ્રાર્થના કરી. ત્યારે ઋષિએ કહ્યું જે, ‘બીજે અવતારે ભગવાન તારા સખા થાશે.’ વાસ્તે અમે બોલાવીએ છીએ.”

પછી મહારાજે રતાને પૂછ્યું જે, “તુને રાત્રીમાં મોકલીએ તો બીક લાગે?” ત્યારે તેણે કહ્યું જે, “મુને બીક ન લાગે.” ત્યારે મહારાજે કહ્યું જે, “ખળખળિયાને પાસે ધૂનામાં પીપળો છે, તેનાં પાન લઈ આવ.” ત્યારે તેણે કહ્યું જે, “માણકી ઘોડી આલો તો પાન લઈ આવું.” ત્યારે મહારાજે કહ્યું જે, “આપીશું.”

ત્યારે તે લેવા ગયો, તે વાણિયાની પછીતે પીપળો હતો તેનાં પાન લઈને આવ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો ઘૂનાના પીપળનાં પાન નહિ, બીજાનાં છે." ત્યારે તેણે કહ્યું જે, "તમને કોણે કહ્યું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો છેટે હોય તેને પ્રત્યક્ષની પેઠે દેખીએ છીએ." એમ રમૂજ કરીને પોતે પોઢી રહ્યા.

✹ જીવા ખાચર તથા બે દીકરીઓની શ્રીજી ને સંતોને રસોઈ :

સવાર થયું ત્યારે દાદા ખાચરના દરબારમાં આવ્યા. એક દિવસ જીવા ખાચરે મહારાજને આવીને કહ્યું જે, "આજ મારી રસોઈ છે, વાસ્તે મારા દરબારમાં પધારો !" ત્યારે મહારાજ ત્યાં પધાર્યા ને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. ત્યાં પોતે (જમીને) સંતને મોતિયા લાડુ પીરસ્યા ને દૂધ-સાકર જમાડીને સંતને ત્રપ્ત કર્યા.

બીજે દિવસ અમુલાબાઈની ઓસરીએ વિરાજમાન થયા. ને મુકુંદ બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. તેને પોતે જમ્યા ને સંતને પોતે જલેબી પીરસીને ત્રપ્ત કર્યા. વળી બીજે દિવસ અમરબાઈના ઓરડાની ઓસરીએ પોતે વિરાજમાન થયા ને પોતે થાળ જમીને સંતને મોતિયા લાડુ ને સાટા ફેરવીને ત્રપ્ત કર્યા ને પોતે દાદા ખાચરના દરબારમાં પધાર્યા.

✹ જીવા ખાચરને માંદા જાણી મહારાજ જોવા પધાર્યા :

બીજે દિવસ શ્રીજીમહારાજ લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીએ વિરાજમાન થયા. ત્યાર કેડે અમુલાબાઈએ આવીને મહારાજને કહ્યું જે, "મારા બાપને મંદવાડ ઘણો છે." ત્યારે જીવા ખાચરને માંદા જાણીને તેમને શ્રીજીમહારાજ જોવા પધાર્યા ને તેમના ઉગમણા બારના ઓરડાને વિષે વિરાજમાન થયા. જીવા ખાચર હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે પોતે બોલ્યા જે, "જીવા ખાચર ! ભગવાનની મૂર્તિને વિશે ચિત્તની વૃત્તિ રાખજો." એમ કહીને પાછા દાદા ખાચરના દરબારમાં પધાર્યા.

✺ વસ્તા ખાચરના દીકરાના વિવાહમાં કારિયાણી પધાર્યા :

અને લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમયમાં કારિયાણીથી વસ્તા ખાચર આવીને પગે લાગ્યા ને મહારાજ પ્રત્યે બોલ્યા જે, "અમારા દીકરાનો વિવાહ છે, વાસ્તે તમે કારિયાણીએ પધારો !" ત્યારે પોતે કાંઈ બોલ્યા નહીં. ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "મહારાજ પધારો ! તો, વિવાહનું સુખ આવે." ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે આવીશું."

એમ કહીને તેમના ભેળા સંતમંડળ તથા હરિભક્તે સહિત ચાલ્યા, તે **ઝીંઝાવદર** થઈને **કારિયાણી**ને પાદર ગયા. ત્યારે વસ્તા ખાચર તથા રાઘવ પટેલ આદિક હરિભક્ત સામૈયું લઈને મહારાજને સામા આવ્યા ને આગળ હરિભક્ત કીર્તન ગાય ને વાંસે બાઈયું કીર્તન ગાય ને ગુલાલ ઊડે ને આગળ ઢોલ-શરણાઈયું વાગે ને સંત ઓચ્છવ કરે.

એવી શોભાએ જુક્ત પોતે વસ્તા ખાચરના દરબારમાં પધાર્યા ને ઓતરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. અને શ્રીજીમહારાજને બ્રહ્મચારી જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે પોતે જમવા પધાર્યા ને જમીને ફળિયામાં સંતની પંગતિ કરાવી અને પોતે મોતિયા લાડુ પીરસીને સારી પેઠે ત્રપ્ત કર્યા.

✺ જોઈતા ખાચરે કેરીને બદલે ઊતરી આપી :

સાંજને સમે સાધુની જાયગાને વિશે મોટી સભા કરાવીને વિરાજમાન થયા. એવામાં એક હરિભક્તે મહારાજની આગળ કેરીઓ લાવીને મેલી. તેને પોતે જમીને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, સુરા ખાચર, સોમલા ખાચર, દાદા ખાચર, વસ્તા ખાચર એ સર્વેને પ્રસાદી આપી. તેવામાં વસ્તાખાચરનો દીકરો જોઈતા ખાચર મહારાજને આવીને પગે લાગ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "ઊતરી આપ તો કેરી આપીએ." ત્યારે તેણે કોટમાંથી કાઢીને ઊતરી આપી.

ત્યારે મહારાજે કેરી આપી અને બોલ્યા જે, “એણે મહિમા જાણીને અમને ઊતરી આપી નથી. એણે કેરી જેટલો ઊતરીનો મહિમા જાણ્યો નથી.” એમ કહીને પોતે વાર્તા કરવા માંડ્યા જે, “ભગવાનને મૂકીને બીજા દેવની ઉપાસના કરે છે, તે કેવા ડાહ્યા છે ? તો ચિંતામણિ આપીને પૈસો લીધો તેવા છે.” એ પ્રકારની ઘણીક વાર્તા કરી.

✵ ભૂમાનંદસ્વામીને વીંછીની પીડા મટાડી :

તેવામાં ભૂમાનંદસ્વામીને પગે વીંછી કરડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, “એ સાધુને શું થયું ?” ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, “એને વીંછી કરડ્યો.” ત્યારે મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, “એ સાધુને ઘી ને સાકર ખવરાવો.” ત્યારે મુકુંદ બ્રહ્મચારીએ ઘી ને સાકર મહારાજના હાથમાં આપ્યાં. ત્યારે પ્રસાદી કરીને ભૂમાનંદસ્વામીને આપ્યાં અને સાધુને દુઃખી જોઈને પોતાને દયા આવી. ત્યારે તરત વીંછીની વેદના મટી ગઈ. પછી પોતે આરતી-ધૂન કરીને પોઢવા પધાર્યા.

✵ સંતોએ મહારાજને કૂવા પર નવરાવ્યા ને ભક્તોએ પૂજા કરી :

બીજે દિવસ સાધુની જાયગાને વિશે વતું કરાવીને મંદિરના કૂવા ઉપર નાવા બેઠા. ત્યારે ઊના પાણીનો ચરુ ભરેલો હતો, તેને અનોપમાનંદસ્વામીએ ઉપાડીને કૂવાની કુંડીમાં નાંખવા માંડ્યો, પણ ઉપડ્યો નહીં. ત્યારે મહારાજ બોલ્યા જે, “આ સાધુ ભોળા છે.” ત્યારે પવિત્રાનંદસ્વામી ને મોટા પ્રજ્ઞાનંદસ્વામીએ ચરુ ઉપાડીને કુંડીમાં પાણી નાંખ્યું. અને શૂન્યાતીતાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી એ સર્વેએ મહારાજને ચોળીને નવરાવ્યા.

પછી કોરાં વસ્ત્ર પહેરીને પોતે જમવા પધાર્યા. જમીને સાધુની જાયગાને વિશે મોતિયા લાડુ ને જલેબી પીરસીને સંતને જમાડ્યા. અને સાધુની જાયગામાં ઉગમણે બારના ઓરડામાં પોતે પોઢી ગયા. સાંજને સમે સભા થઈ ત્યારે સર્વે હરિભક્તે મહારાજની પૂજા કરી.

✹ ગઢપુરમાં હસને મહારાજની પૂજા કરી :

પછી પોતે કારિયાણીથી ગઢડે પધાર્યા ને લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તે સમયમાં કોઠારી હસન મુમાઈથી(મુંબઈ) મોતીની માળા લાવ્યો તથા બાજુબંધ, ગજરા તથા તોરા લઈને મહારાજની પૂજા કરવા આવ્યો. અને કહ્યું જે, "મારે પૂજા કરવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "કરો." ત્યારે તેણે મહારાજના ભાલને વિશે કેશરચંદનની અર્ચા કરી, ને તે મધ્યે મીનાકારી(માછલી આકારનો, ચળકતો મીનો-રંગ ચઢાવેલ) ચાંદલો ચોડ્યો. ત્યારે બીજા સર્વે લોક હસવા માંડ્યા. ત્યાર કેડે મોતીની માળાઓ, તોરા, બાજુબંધ ને ગજરા ધરાવ્યાં.

તે સમામાં મહારાજની શોભા જોઈને સર્વે સંત તથા હરિભક્ત રાજી થયા. અને પોતે આવી શોભાને ધરતા થકા માંહિલી કોરે જમવા પધાર્યા. પછી મોતીની માળા, બાજુબંધ, ગજરા, તોરા એ સર્વે દાદા ખાચરને આલ્યાં. ભાલને વિશે ચાંદલો હતો, તે દાદા ખાચરની સ્ત્રી જશુબાઈને આલ્યો. પછી જમીને પોતે સંતને પીરસવા પધાર્યા. પછી સંતને તૃપ્ત કરીને પોતાના ઉતારામાં પધાર્યા.

✹ મહારાજે મંદિરોમાં પધરાવવા મૂર્તિઓ લીધી :

ત્યાર કેડે શ્રીજીમહારાજે ઘણાક પ્રકારની પાષણની મૂર્તિઓ લીધી. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "આટલી મૂર્તિઓ ક્યાં પધરાવશો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "વડોદરા, ભરૂચ, સુરત તથા મુમાઈ એ શહેરોમાં મંદિર થાશે, ત્યારે પધરાવશું." એમ કહીને અક્ષરઓરડીથી આથમણી મેડીને વિશે મૂર્તિઓ મેલાવી. અને પોતે ત્યાં જમવા જાય ત્યારે નિત્ય પ્રત્યે મૂર્તિઓનાં મુખ આદિક અંગને વિશે હાથ ફેરવે, ને કહે જે, "આ મૂર્તિઓ વડે અનેક જીવનાં કલ્યાણ કરવાં છે." એમ કહીને પોતે સભામાં પધાર્યા.

✵ ગઢડાથી વિચરણ કરતા જૂનાગઢ જઈ મૂર્તિપ્રતિષ્ઠા કરી :

તેવામાં જૂનેગઢથી બ્રહ્માનંદસ્વામીનો કાગળ આવ્યો. ત્યારે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી આદિક મોટેરા સંત તથા વેદના ભણેલા શાસ્ત્રી-પુરાણી એ સર્વેને ભેળા લઈને (મહારાજ) ચાલ્યા, તે ગામ **વાંકિયે** ગયા. ત્યાંથી **પીપળિયે** બપોરા કરીને **સુલતાનપર** રાત રહ્યા. ત્યાંથી **જૂનેગઢ** પધાર્યા. ત્યાં સારું મુરત જોઈને વેદોક્તવિધિએ કરીને મધ્યના મંદિરમાં રણછોડ ને ત્રિકમની મૂર્તિઓ પધરાવી, ને ઉગમણા મંદિરમાં રાધાકૃષ્ણ ને પોતાની મૂર્તિ પધરાવી, ને આથમણા મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવની મૂર્તિ પધરાવી. અને બ્રાહ્મણોને જમાડીને ઘણાક પ્રકારની દક્ષિણાઓ આપી. ને વેદના ભણેલા શાસ્ત્રી-પુરાણીઓને સોનાં-રૂપાનાં દાન આપ્યાં.

✵ ગોંડળમાં રાજાની પ્રાર્થનાથી મંદિર કરવાનું નક્કી કર્યું :

એવી રીતે મૂર્તિઓ પધરાવીને ચાલ્યા, તે **જેતપુર** આવ્યા. ત્યાંથી **ગોંડળ** આવ્યા ને ત્યાંના રાજા ચતુરંગની સેના લઈને સામા આવ્યા ને ગાજતેવાજતે પોતાને ઘેર પધરાવ્યા. અને સાધુ, પાળા તથા અસવાર તેણે સહિત મહારાજને જમાડ્યા, ને વસ્ત્ર-અલંકારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. અને રાજા ને રાણીએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, "જેમ જૂનેગઢ મંદિર કરીને મૂર્તિઓ પધરાવી, તેમ અમારે આંહીં મંદિર કરાવીને મૂર્તિઓ પધરાવો !" ત્યારે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું જે, "તમે મંદિર કરાવો, મંદિર તૈયાર થશે ત્યારે અમે આવીને મૂર્તિઓ પધરાવશું."

એમ પોતાના સર્વે ભક્તજનને રાજી કરીને ત્યાંથી ચાલ્યા, તે **કોટડે** પધાર્યા. ત્યાંથી **વાંકિયે** પધાર્યા ને ત્યાંથી **ગઢડે** પધાર્યા. તેવામાં ધોલેરેથી પુજાભાઈનો કાગળ આવ્યો જે, "મંદિરમાં ચોરની બીક લાગે છે, વાસ્તે પાળાને મોકલજો." ત્યારે મહારાજ બોલ્યા જે, "આપણા ભણનારા

સાધુને મોકલો, તે રાત્રે ભણ્યા કરશે.” ત્યારે ત્રીગુણાતીતાનંદસ્વામી તથા પવિત્રાનંદસ્વામી એ આદિક ભણનારાને મોકલ્યા.

✹ ગઢપુરમાં મંદિરનો પાયો ખોદાવા માંડ્યો :

પછી શ્રીજીમહારાજે ગોપીનાથજીના મંદિરનો પાયો ખોદાવા માંડ્યો. તેમાં ખોદવાના બે વિભાગ કર્યા. તેમાં એક કોરે મોટા પ્રજ્ઞાનંદસ્વામી ને એક કોરે સવિત્રાનંદસ્વામી, એ બેને મોટેરા કર્યા અને પોતે ઉપર બેસીને ખોદાવા માંડ્યા. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, “ખરેખરો પાયો ખોદે એવા છે, તેને તો ધોલેરે મોકલ્યા છે, વાસ્તે તે સર્વે આવે તો તરત પાયો ખોદાય.”

ત્યારે મહારાજે તેમને કાગળ લખાવીને તેડાવ્યા. ત્યારે (ધોલેરાથી) સાધુ ચાલવાને તૈયાર થયા. તેવામાં એક જીવણ નામે કરીને વાણિયો હતો, તેણે ભૂમાનંદસ્વામીને આવીને કહ્યું જે, “મહારાજ સારુ તમે જે કહો તે હું લાવી આપું.” ત્યારે તેમણે કહ્યું જે, “મહારાજ સારુ સારો મુખવાસ કરવાનું જે હોય તે લાવો.” ત્યારે તેણે એલચી, તજ, લવિંગ, જાયફળ, જાવંતરી તે સર્વેની કોથળીઓ ભરીને આપી. તેને લઈને ત્યાંથી ભણનારા સર્વે ચાલ્યા, તે ગઢડામાં મંદિરનો પાયો ખોદાતો હતો, ત્યાં મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા, તેમને આવીને પગે લાગ્યા. ત્યારે મહારાજ ઊભા થઈને તેમને મળ્યા. અને કહ્યું જે, “તમે આવ્યા તે બહુ સારું થયું.”

પછી ભૂમાનંદસ્વામી મહારાજ સારુ મુખવાસ લાવ્યા હતા, તે આગળ મેલ્યો. ત્યારે પોતે તેને જોઈને બહુ રાજી થયા ને બ્રહ્મચારીને કહ્યું જે, “અમે જમી રહીએ ત્યારે નિત્ય આ મુખવાસ અમને આપજો.” ત્યાર કેડે પોતે ઘેલાને વિશે નાવા પધાર્યા ને નાહીને એક પથરો પોતે માથે લીધો ને સર્વે સંતને આજ્ઞા કરી જે, “જ્યારે નાવા જાઓ ત્યારે એકુકો પથરો લાવજો.” એમ પથરા મંગાવીને પાયો પુરાવા માંડ્યો.

✵ સંતો-પાર્ષદો સાલેમાળમાંથી મંદિર માટે પથ્થરો લાવ્યા :

એક દિવસ નિષ્કુળાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે સાલેમાળમાં જોઈ આવો જે, કાંઈ ધોળો પથ્થર છે ?" ત્યારે તેમણે ડુંગરમાં જઈને ખોળી કાઢ્યો ને મહારાજને કહ્યું જે, "પથ્થર સારા નીકળશે." ત્યારે મહારાજ સર્વે સંતને તેડીને ખાણ સમી કરવા ગયા ને ઘણીક વાર સુધી સમી કરાવી. અને રામપરામાં ભાણ ખાચર આવ્યો હતો, તેનો ભાવ ભૂંડો જોઈને પોતે ત્યાંથી ચાલી નીસર્યા. માર્ગમાં આવતા પોતે બહુ વાર ઘોડી ફેરવીને **ગઢડામાં** આવ્યા. અને સર્વે પાળાને બોલાવીને કહ્યું જે, "બંધૂકો બાંધીને પાંચ પાળા ડુંગર ઉપર બેસજો ને બીજા હો તે પથરા કાઢજો."

એમ કહીને નિત્ય પ્રત્યે સંત તથા પાળા તેમને પથરા કાઢવા મોકલે. સંત પથ્થર કાઢીને સાંજે આવે, ત્યારે સંતને પોતે છાતીમાં ચરણારવિંદ આપે ને નિત્ય જમીને થાળ આપે. એવી રીતે પોતે ગોપીનાથજીના મંદિરના પથરા કઢાવ્યા.

✵ પથ્થરની સેવા કરનારા સંતો પર શ્રીહરિનો રાજીપો :

એક દિવસ પથરાનાં ગાડાં ભરવા સારુ સંતને મોકલ્યા. તે ગાડાં ઝાઝાં આવ્યાં, તે ભરતા વાર લાગી ને થાક પણ ઘણોક લાગ્યો. એવા થકા સંતો મહારાજ પાસે આવ્યા. તે સમયમાં મહારાજ મંદિર સમીપમાં બ્રહ્મચારીના રસોડાની ઓસરીમાં વિરાજમાન હતા. તેવામાં મુકુંદ બ્રહ્મચારીએ મહારાજને પાણી પાયું. ત્યારે મહારાજે કહ્યું જે, "થાકીને આવ્યા જે સંત તેમને પ્રસાદીનું પાણી આપો." ત્યારે તેમણે(સંતોએ) કહ્યું જે, "તરસ તો બહુ લાગી છે." ત્યારે મહારાજે ટાઢા પાણીની માટલી મંગાવી અને તેમાં પ્રસાદીનું પાણી નાંખીને સર્વેને એકુકો કળશિયો પાણી પાયું. ત્યાર કેડે ફળિયામાં બેસારીને સંતને પોતે લાડુ જમાડ્યા.

એક દિવસ ઘેલાને સામે કાંઠે કાળા પથ્થર ભાંગીને મોટો ઢગલો કર્યો. તેને જોઈને બ્રહ્મચારીએ મહારાજ આગળ વાત કરી જે, "સાધુએ પથ્થર ભાંગીને મોટો ગંજ માર્યો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એમને તેડાવો, જમીને થાળ આપીએ." એમ કહીને પોતાના રસોયા હતા તેમને કહ્યું જે, "ઘઉંના રોટલા, ગોળ ને ઘી ત્યાર કરો." તેવામાં સંત આવીને મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજે પોતાના થાળની પ્રસાદી આપી અને ગોળ, ઘી ને રોટલા જમાડીને સારી પેઠે ત્રપ્ત કર્યા.

✵ ગરીબ બાઈની હાથે સુતર કાંતીને બનાવેલી પછેડી બહુ ઓઢી :

એક સમયમાં શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. તેવામાં વ્યવહારે કરીને ગરીબ હરિભક્ત બાઈ હતી. તેણે વગડામાંથી કપાસ લાવીને, પોતાને હાથે કાંતીને, તેની રાતા ખેડા(છેડા)ની પછેડી વણાવી, ને શ્રીજીહારાજને ઓઢાડી. તેને પોતે રાતદિવસ વેગળી મેલે નહીં. એમ છ મહિના સુધી પાસે રાખી. ત્યારે નિત્યાનંદસ્વામીએ મહિમા જાણીને લેવાનો ઉપાય કર્યો. તે સારી પછેડી કરાવીને શૂન્યાતીતાનંદ સ્વામીને કહ્યું જે, "હું મહારાજ પાસે કથા કરું ત્યારે લાવજે." એમ કહીને પછેડી મંગાવી ને મહારાજને ઓઢાડી.

ત્યારે પ્રસાદીની પછેડી હતી, તેને પોતે ઢીંચણ તળે દબાવી અને 'હરે...' એમ કહીને કથા ચાલતી કરાવી, પણ પછેડી ન આપી. પછી ચોફાળ કરાવીને ઓઢાડ્યો, તોય પછેડી ન આપી. ત્યારે મહારાજ ઘેલામાં બેઠા હતા ત્યારે સુરા ખાચર, સોમલા ખાચર, દાદા ખાચર, તેમને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "તમે મહારાજને કહીને આ પછેડી અપાવો." ત્યારે સુરા ખાચરે મહારાજને કહ્યું જે, "આ પછેડી નિત્યાનંદસ્વામીને આપો." ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તો અમારે કોઈને આપવી નથી."

ત્યારે સુરા ખાચર બોલ્યા જે, "હજારો પૈસાનાં વસ્ત્ર આપી દ્યો છો, તે આગળ પછેડીની શી ગણતી !?" ત્યારે મહારાજ બોલ્યા જે, "ગરીબ હરિભક્તે હાથે સુતર કાંતીને ઘણે દાખડે કરીને કરાવી છે. વાસ્તે ફાટે ત્યાં સુધી રાખવી હતી, પણ સર્વેની મરજી થઈ ને નિત્યાનંદસ્વામીએ પણ લેવાનો ઘણો દાખડો કર્યો; વાસ્તે આપીએ છીએ." એમ કહીને પોતે એક પથરો માથે લીધો ને સર્વે સંતે પણ એકુકો પથરો માથે લીધો. એવી શોભાને ધારણ કરતા થકા પોતે મંદિરમાં પધાર્યા.

✵ ગારાવાળા થયેલ સંતો સાથે ખળખળિયામાં સ્નાનલીલા :

એક દિવસ મધ્યાન સમે સંત જમવા બેઠા હતા. તે સમયમાં ભારે વરસાદ થયો. ત્યારે મહારાજ હાથમાં રાતી છત્રી ધારણ કરીને સાધુની જાયગાને વિશે આવ્યા. ને બોલ્યા જે, "શું જમ્યા કરો છો ? પાયામાં પાણી પેશી ગયું !" ત્યારે સર્વે સંત ઊઠીને ત્યાં ગયા ને પાણી બંધ કરવા માંડ્યું. અને મહારાજે ચરણ વડે કરીને બંધ કરવા માંડ્યું. તેવામાં સૂર્યનારાયણ વાદળામાંથી બહાર નીસર્યા ત્યારે છત્રી ઉપર તડકો પડ્યો. ત્યારે મહારાજની મૂર્તિની ગુલાબના જેવી શોભા આવી.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "સંત સર્વે ગારાળા થયા છે ને ઘેલામાં પાણી ઘણું સારું છે. વાસ્તે નાવા પધારો તો ઘણુ સારું." ત્યારે મહારાજ નાવા પધાર્યા ને ખળખળિયામાં પાણી ઘણું હતું, વાસ્તે તેથી ઉતરાદિ તરફ નાવા માંડ્યા. અને પોતે ઉપરવાસે જઈને શરીર તણાતું મેલે, તે કોઈક ફેરે બ્રહ્માનંદસ્વામીના પાસે આવે ત્યારે બેઠા થાય ને કોઈ ફેરે નિત્યાનંદસ્વામી પાસે આવે ત્યારે બેઠા થાય.

પછી મહારાજે કહ્યું જે, "કીર્તન ગાઓ." ત્યારે **'ચાલો સૈયરો જઈએ જમના કાંઠડે'** એ કીર્તન સંત તાળી દઈને ગાવા માંડ્યા. ત્યારે પોતે પણ તાળી દઈને ગાવા લાગ્યા. ને શુકસ્વામીને ટાઢ ચડી ત્યારે પોતે બોલ્યા જે, "સારી પેઠે મૂંઝવણ થાય ત્યાં સુધી પાણીમાં ડબકી

મારો તો ટાઢ ઊડી જાય." એમ લીલા કરતા હતા. એવામાં વોકળીમાં પૂર આવ્યું, ત્યારે અચલાનંદસ્વામીએ કહ્યું જે, "વોકળીનું પાણી ફરી વળ્યું, તે ઊતરાશે નહીં."

ત્યારે પોતે સામા પાણીએ ચાલ્યા. ત્યારે દામોદરાનંદસ્વામીએ મહારાજનો હાથ ઝાલ્યો. ને ઉંડું પાણી આવ્યું ત્યારે એને મેલી દઈને પોતે એકલા ચાલ્યા. તે ગઢાળીના ગાડામાર્ગે થઈને સામે કાંઠે ગયા ને ચાખડી પહેરીને પોતે દોડ્યા ને ભાવસારની લિંબડીઓ આગળ દરવાજા સામા ઊતરવા માંડ્યા. ત્યારે પવિત્રાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી એ આગળ ચાલતા હતા. તે ઓચિંતો ખાડો આવ્યો તેમાં ભૂમાનંદસ્વામી પડ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "એને ઝાલો, બૂડી જાશે." ત્યારે પવિત્રાનંદસ્વામીએ કહ્યું જે, "એને તો તરતાં આવડે છે, તે નહિ બૂડે." ત્યારે મહારાજે સર્વે સંતને તરવા શીખવાની આજ્ઞા કરી, ને કહ્યું જે, "સીતારામને તરવા કોણ શીખવશે ?" ત્યારે નાજે જોગીએ કહ્યું જે, "હું શીખવીશ." પછી શ્રીજી ત્યાંથી દરબારમાં પધાર્યા ને માર્ગમાં પાણીના છાંટા ઊડ્યા, તે સારુ ગંગાજળિયા કૂવા ઉપર જઈને ફેર નાયા. પછી સભામાં પધાર્યા.

✵ પંચરત્નનો ગુટકો લખવામાં સેવા કરનારા સંતો પર રાજીપો :

એક દિવસ શ્રીજીમહારાજ અક્ષરઓરડીને વિષે વિરાજમાન હતા. તે સમયમાં શ્રીજીમહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "અમારા સારુ એક પંચરત્નનો(કપિલગીતા, ગુણવિભાગ, વાસુદેવ અવતાર ચરિત્ર, વૈકુંઠધામ દર્શન અને નારાયણ કવચ આ પાંચનો) સારો ગુટકો લખાવો. ને સારાં માથાં બાંધતાં(અક્ષરના મથાળા) આવડતાં હોય તે પાસે બંધાવો. ને સારા લહિયા પાસે લખાવો." ત્યારે વૈષ્ણવાનંદસ્વામીએ કહ્યું જે, "ભૂમાનંદસ્વામીને માથાં બાંધતાં સારાં આવડે છે, પણ તમે કહ્યું છે જે, 'ભણનારા પાસે કોઈ કામ કરાવવું નહીં.' તેનુ કેમ ?"

ત્યારે મહારાજે કહ્યું જે, "બીજા કામની ના પાડી છે, પણ અમારા કામની કેદી ના પાડી છે ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજના ઉપયોગમાં આવે એ જ શિક્ષાનું ફળ છે." ત્યાર કેડે મહારાજ પોઢી ગયા ને સંત ઉતારે આવ્યા.

બીજે દિવસ મહારાજે ભણનારાને કહ્યું જે, "તમે કારિયાણી, બોટાદ, સુંદરિયાણે ભણવા જાઓ." ત્યારે તે ભણવા ગયા ને ભૂમાનંદ સ્વામી માથાં બાંધવા રહ્યા. થોડાક માથાં બાંધીને મહારાજ પાસે લઈ ગયા ને મહારાજના હાથમાં આપ્યાં. ત્યારે મહારાજ જોઈને બહુ રાજી થયા. અને કહ્યું જે, "છોકરા, તમને માથાં બાંધતાં સારાં આવડે છે !" ત્યારે તેમણે કહ્યું જે, "આવાં આવડે છે."

પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "આ છોકરો માથાં બાંધે ત્યાં સુધી નિત્ય થાળ આલજો." ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "બ્રહ્મચારી તો એક દિવસ આપશે ને બીજે દિવસે ભૂલી જાશે." ત્યારે મહારાજે કહ્યું જે, "છોકરા, અમે જમવા બેસીએ ત્યારે તું આવજે, અમે પ્રસાદી આપશું." એમ કહીને નિત્ય પ્રત્યે એક મોટો કટોરો ભરીને પ્રસાદી આપે. એમ એક મહિના સુધી પ્રસાદી આપી. અને વેદાંતાનંદસ્વામીએ ગુટકો લખીને પૂરો કર્યો ને આધારાનંદસ્વામીએ બાંધીને તૈયાર કર્યો.

પછી ત્રણે જણા મહારાજ પાસે લઈને ગયા, ત્યારે મહારાજ ગુટકાને જોઈને રાજી થયા. તેવામાં બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવા આવ્યા. ત્યારે સજ્યાથી આથમણી તરફ મેડીને વિશે જમવા પધાર્યા. ત્યારે બ્રહ્મચારીએ મહારાજના રસોયાને કહ્યું જે, "આજ લહિયા ઉપર રાજી થયા છે, તે બધી પ્રસાદી એને આપવાના છે. વાસ્તે થોડુંક રાખીને થાળ પૂરજ્યો." એમ કહીને થાળ લઈને મહારાજ પાસે આવ્યા.

ત્યારે મહારાજ જમવા માંડ્યા ને હસીને બોલ્યા જે, "બિરંજ ને પૂરી હોય તો લાવો." ત્યારે બ્રહ્મચારીએ વાંસે રખાવ્યું હતું, તે લઈ

આવ્યા. અને પોતે થાળ જમી રહ્યા ત્યારે થાળવાળાને આપવા સારુ એક થાળી ભરીને પ્રસાદી બ્રહ્મચારીને આપી. ને બીજી પ્રસાદી ગુટકો લઈને આવ્યા હતા તેમને આપી. તેમાંથી બ્રહ્મચારીએ એક બાચકો ભરીને પૂરી લઈ લીધી. ત્યારે મહારાજે બ્રહ્મચારીને થાળી આપી હતી, તે સાધુના થાળમાં ઠાલવી નાંખી.

પછી સાધુ લઈને પોતાની જાયગામાં ગયા. ત્યારે બ્રહ્મચારીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “બધી પ્રસાદી આ લઈ આવ્યા.” ત્યારે હું થાળવાળાને શું આલું ?” ત્યારે મુક્તાનંદસ્વામીએ સાધુને કહ્યું જે, “બ્રહ્મચારી જેટલી પ્રસાદી માગે તેટલી આપો, તમને તેથી બમણી કાલે આપશે.” ત્યારે બ્રહ્મચારી થાળ લઈને ગયા ને બીજે દિવસ કહી હતી, તેથી બમણી પ્રસાદી સાધુને આપી.

॥ ઈતિ ૮૪ ચોરાશીની લીલા સંપૂર્ણ ॥





ખળખળિયામાં સ્નાનલીલા

સંવત્ ૧૮૮૫ ની લીલા

✵ ગઢપુરમાં જન્માષ્ટમીનો સમૈયો કર્યો :

પછી મહારાજ માંહિલી કોર ઓરડીમાં પોઢ્યા હતા, ત્યાંથી ઊઠીને સભાને વિશે વિરાજમાન થયા. ત્યારે દાદા ખાચરે શ્રીજીમહારાજને કહ્યું જે, "અષ્ટમીનો સમૈયો ઢૂકડો આવ્યો." ત્યારે મહારાજે સર્વે સંતને બોલાવ્યા અને સ્વયંપ્રકાશાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, ભજનાનંદ સ્વામી, પૂર્ણાનંદસ્વામી, નરોનારાયણાનંદસ્વામી એ આદિક સર્વે સંતનાં મંડળ આવ્યાં. તેમને પોતે ઊભા થઈને મળ્યા ને જમીને થાળની પ્રસાદી આપી.

પછી ૮૫ પંચ્યાશીની અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ઉગમણા બારની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમયમાં કાઠિયાવાડ તથા ગુજરાતના હરિભક્ત આવ્યા. તે સર્વે મહારાજને ભેટ મેલીને પગે લાગ્યા. ત્યારે મહારાજે દાદા ખાચરને કહ્યું જે, "સર્વે હરિભક્તને ઉતારા કરાવો." ત્યારે જેને જ્યાં ઘટે તેને તેવે ઠેકાણે ઉતારા કરાવ્યા.

પછી દરબારમાં ભીડ થઈ, ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર પહેરીને ઘોડીએ અસવાર થઈને સાધુ-પાળા-અસવાર તેણે સહિત પોતે ઘેલામાં પધાર્યા. ને કહ્યું જે, "સર્વે હરિભક્ત એકુકો પથરો લેજો." એમ કહીને પોતે એક પથરો માથે લીધો. એવામાં એક હરિભક્તે મહારાજને હાર પહેરાવ્યા. એવી શોભાને ધરતા થકા પોતે દરબારમાં પધાર્યા.

સાંજને સમે સંત પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં ને તે ભેળા તાળી પાડીને પોતે ગાવા લાગ્યા. એમ કરતાં સાંજ પડી, ત્યારે પોતે આરતી-ધૂન કરીને નિત્યાનંદસ્વામી પાસે શ્રીકૃષ્ણના જન્મસમયની કથા કરાવી. એમ કરતાં અડધી રાત થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા ને સંત હરિભક્ત સર્વે પોતપોતાને ઉતારે ગયા.

નવમીને દિવસ શ્રીજીમહારાજ ઓસરીએ આવીને વિરાજમાન થયા ને સર્વે સંત તથા હરિભક્ત મહારાજના મુખારવિંદની આગળ આવીને બેઠા. તેવા સમયમાં બ્રહ્મચારીએ મહારાજને કહ્યું જે, "સંતની રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે તમે જમવા પધારો."

પછી પોતે જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યારે દાદા ખાચરે મહારાજના ભાલને વિશે કેસરચંદને કરીને અર્ચા કરી, ને ભુજા તથા ચરણારવિંદને વિશે ચંદનનું લેપન કર્યું, ને ભાલ, ભુજા ને ચરણ તેને વિશે કંકુના ચાંદલા કર્યા, ને કંઠને વિશે પુષ્પના હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે ગજરા ને બાજુબંધ બાંધ્યા, ને પાઘને વિશે તોરા ખોસ્યા.

એવી શોભાને ધરતા થકા પોતે સંતને પીરસવા પધાર્યા ને મોતૈયા લાડવા ને જલેબી પીરસીને ત્રપ્ત કર્યા. પછી પોતે અક્ષરઓરડીને વિશે પોઢવા પધાર્યા. એમ નિત્ય નિત્ય નવી રસોઈઓ કરાવીને સંતને જમાડ્યા ને બહુ દિવસ પોતા પાસે રાખ્યા.

✹ ગઢપુરમાં જલઝીલણીનો સમૈયો કર્યો :

એમ કરતાં જલઝીલણીનો સમૈયો આવ્યો. ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર પહેરીને ઠાકોરજીને ઝુલાવા નીકળ્યા. તે ઠાકોરજી આગળ સાધુ ઓચ્છવ કરે ને આગળ નાના પ્રકારનાં વાજાં વાગે અને હજારો હરિભક્ત ને સાધુ તેણે સહિત ઉગમણે ખળખળિયે પધાર્યા. ત્યાં ઠાકોરજીને ઝુલાવ્યા ને ગણપતિને પાણીમાં પધરાવ્યા. ત્યારે ભારે વરસાદ થયો.

પછી મહારાજ પગપાળા દોડ્યા, તે ઘેલાને કાંઠે ઉગમણી વોકળી ફરીને વાવને માર્ગે આવીને બેઠા. ને બોલ્યા જે, "અમારા પગમાં કાંટા વાગ્યા છે, તે જેની આંખમાં ઝાઝું તેજ હોય તે જોવો." ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, "આંહીં કાંટો વાગીને નીકળી ગયો છે." અને કપિલેશ્વરાનંદસ્વામી ને શૂન્યાતીતાનંદસ્વામીએ કહ્યું જે, "આંહીં

કાંકરો ખૂત્યો છે." પછી શ્રીજીમહારાજ ઘોડીએ ચડીને દરબારમાં પધાર્યા ને મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક ગવૈયા પાસે વાજાં વજાડીને કીર્તન ગવરાવ્યાં ને આરતી ધૂન કરીને પોતે પોઢવા પધાર્યા.

બારસને દિવસ પોતે ઓસરીએ આવીને વિરાજમાન થયા. ત્યારે મોટીબાએ દાદા ખાચર પાસે કહેવરાવ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે." ત્યારે મહારાજ જમવા પધાર્યા ને જમીને સંતને પીરસવા પધાર્યા ને પોતે પીરસીને ત્રપ્ત કર્યા ને પોતે ઉતારામાં પધાર્યા.

✵ ભાવનગરઠાકોરે મંદિરનું કામ અટકાવ્યું ને શ્રીજીએ મૂર્તિ સ્થાપી :

તેવામાં કોઈના કહ્યાથી (ભાવનગરના) ઠાકોરે મંદિરનું કામ બંધ રાખવા સારુ માણસ મોકલ્યા. ત્યારે પોતે બોલ્યા જે, "ઠાકોરને ન ગમે ત્યારે આપણે કામ બંધ રાખો." એમ કહીને સાધુ સહિત પોતે વાવ સુધી જઈને પાછા દરબારમાં પધાર્યા. ને નારાયણજી પાસે ગોપીનાથજીની મૂર્તિનો પોતાના જેવો અણસાર કરાવ્યો. ને વેદના ભણેલા શાસ્ત્રી-પુરાણી પાસે શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરાવી. અને પધરાવવાને સમે પોતે ભણનારા સાધુને બોલાવીને મંદિર ઉપર પાટ્યો નંખાવી. ને પોતે ધર્મદેવના મંદિર આગળ કોળીમાં(ગભારાની બહાર, દેવ અને ઘુંમટ વચ્ચેની જાળીની અંદરનો ભાગ) વિરાજમાન થયા.

ત્યારે દરબારના માણસે આવીને કહ્યું જે, "તમને ના પાડી છે ને તમે કેમ કામ ચલાવો છો ?" ત્યારે મહારાજે કહેવરાવ્યું જે, "મંદિર ઉપર પાટ્યો આડી-અવળી પડી છે, તે સમી કરાવીએ છીએ." એમ કહીને ગોપીનાથજી મહારાજની મૂર્તિને પોતે પધરાવી. ને નિત્યાનંદ સ્વામીને કહ્યું જે, "તમે સવારમાં આરતી ઉતારીને આવજો, અમે તો હમણાં ચાલશું." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે વોકળી આગળ જઈને પોતે બેઠા. ને ભગુજીને કહ્યું જે, "તમે મંદિર સાચવવા રહેજો."

✹ કારિયાણી, સારંગપુર, ગુંદા, સુંદરિયાણા, વાગડમાં વિચરણ :

એમ કહીને ત્યાંથી **કારિયાણી** પધાર્યા. નિત્યાનંદસ્વામી ઠાકોરજીની આરતી કરીને કારિયાણીની સમીપમાં આવ્યા ને મહારાજ ગામમાંથી બહાર નીસર્યા. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજને જઈને ખબર કરો ને ઊભા રાખો." ત્યારે ભૂમાનંદસ્વામી, જિષ્ણવાનંદસ્વામી તથા દામોદરાનંદસ્વામીએ જઈને મહારાજને કહ્યું જે, "નિત્યાનંદસ્વામી વાંસે આવે છે ને તમને કહ્યું છે જે ઊભા રહેજો." ત્યારે પોતે ઊભા રહ્યા.

સ્વામી આવ્યા ત્યારે તેમણે ગઢડાની સર્વે વાર્તા કહી. તેને સાંભળીને પોતે બહુ રાજી થયા ને સ્વામીને ગાડામાં બેસાર્યા. અને વાર્તા કરતા સતા **સારંગપુર** પધાર્યા. બ્રહ્મચારી જમવા બોલાવા આવ્યા, તે પોતે જમવા પધાર્યા ને નિત્યાનંદસ્વામીને ભેળા લઈ ગયા. અને મોટીબા ને લાડુબાઈ આગળ ગોપીનાથજી મહારાજની મૂર્તિ પધરાવીને આરતી કરી તે ટાણે હજારો માણસ દર્શને આવ્યાં તેની વાર્તા કહી દેખાડી. પછી પોતે જમીને નિત્યાનંદસ્વામીને થાળ આલ્યો ને પોતે દરબારમાં પોઢી રહ્યા. નિત્યાનંદસ્વામી સાધુની જાયગામાં આવ્યા.

પછી સવારના પહોરમાં મહારાજ ઘોડે અસવાર થઈને ચાલ્યા ને સાધુ પણ ભેળા થઈને ચાલ્યા, તે ગામ **ગુંદે** ગયા. ત્યાંથી માર્ગમાં ચાલતે પોતે વાત કરી જે, "ભગવાન મળ્યા ને ભગવાનના સંબંધને પામ્યા તોય પણ મનમાં એમ રહે જે 'અમારે સારુ બેસવાનું વાહન નહિ,' તે શું ભગવાનનો મહિમા સમજ્યા ?" એમ કહીને ચાલ્યા, તે **સુંદરિયાણા**ના સમીપમાં ગયા. ત્યારે દાદા ખાચરનો ઊંટ ફોડામાં(પગ ખૂતી જાય તેવી પાણીવાળી જમીનમાં) ખૂતી ગયો. એને કાઢવા સારુ મહારાજ આવ્યા ને સાધુને કહ્યું જે, "એને તાણી કાઢો." ત્યારે સાધુએ તાણી કાઢ્યો.

પછી ગામમાંથી સામૈયું આવ્યું, તે ગાજતેવાજતે ગામના ઝાંપા સુધી ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "સંત સર્વે જમીને આવજ્યો ને અમે તો વાગડ જઈને જમશું." ત્યારે વનાશાએ બહુ પ્રાર્થના કરી. ત્યારે એમના ઘર સુધી પોતે પધાર્યા.

ત્યાંથી ચાલ્યા, તે **વાગડ** જઈને રહ્યા, ને પોતે ત્યાં જમવા બેઠા, તે સમયમાં નિત્યાનંદસ્વામી ને શુકસ્વામી તે મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે જમીને એ બેયને થાળ આપ્યો ને એમ બોલ્યા જે, "કોઈ મુક્તાનંદસ્વામીને પ્રસાદી પહોંચાડો." ત્યારે ભૂમાનંદસ્વામી ને દામોદરાનંદસ્વામી પ્રસાદી આપવા ગયા. આપીને પાછા આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "તમે બેય જણા બેય થાળીમાં જમવા બેસી જાઓ." જમી રહ્યા ત્યારે દામોદરાનંદસ્વામીએ કહ્યું જે, "હાથ ધોવાનું પાણી જોઈએ." ત્યારે મહારાજે કહ્યું જે, "નદીમાં જઈને હાથ ધોજ્યો." એમ કહીને ઘોડીએ અસવાર થઈને પોતે નદીએ પધાર્યા.

✵ કંથારિયામાં શ્રીજી ગાડા ઉપર થાળ જમ્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં કીર્તન ગવરાવતાં ગવરાવતાં ગામ **કંથારિયે** ગયા ને તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામીની રસોઈ કરવા સારુ સર્વેશ્વરાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી ગયા. ત્યારે એક હરિભક્તે આવીને કહ્યું જે, "હું સામાન લાવું ને તમે મહારાજ સારુ રસોઈ કરો." ત્યારે તેમણે દૂધનો શીરો, પૂરી ને શાક કર્યું. પછી તે લઈને મુક્તાનંદસ્વામી પાસે ગયા ને કહ્યું જે, "તમારા ભેળી મહારાજની પણ રસોઈ કરી લાવ્યા છીએ. તે તમે મહારાજને કહો તો મહારાજ જમવા ઊઠે."

ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "મારા સારુ રસોઈ કરવા ગયા હતા, તે ભેળી તમારી પણ રસોઈ કરી લાવ્યા છે. વાસ્તે તમે જમીને પ્રસાદી કરી આપો તો હું જમું." ત્યારે મહારાજે કહ્યું જે,

"હેઠળ તો જીવડાં ઊડે, વાસ્તે ગાડા ઉપર લાવો." પછી પોતે ગાડા ઉપર બેસીને જમ્યા. ત્યાર કેડે ગાડાવાળાએ કહ્યું જે, "બળધને સારુ ખડ નથી." ત્યારે એક હરિભક્ત બોલ્યા જે, "મારા ખેતરમાં ખડ છે, તે દાતરડાં લઈને આવે તો હું બતાવું."

ત્યારે મહારાજે કહ્યું જે, "આ હરિભક્ત ભેળા જાઓ." ત્યારે તે હરિભક્તે બાજરી લીલી હતી, તે કપાવીને મહારાજ પાસે લઈ ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "લીલી બાજરી કેમ કપાવી ?" ત્યારે હરિભક્ત બોલ્યા જે, "આ બાજરી વાવી, ત્યારે મહારાજને અર્થે સંકલ્પ કર્યો હતો." ત્યારે મહારાજે રાજી થઈને કહ્યું જે, "બીજી જોઈએ તો કાપી લાવો." એમ કહીને પોતે ત્યાં પોઢી રહ્યા.

✹ કંથારિયાથી લીંમડી ને ભલગામડા થઈ શિયાણી પધાર્યા :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **લીંમડી** થઈને ભલગામડે ગયા. ત્યાં તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. નિત્યાનંદસ્વામીએ દાળિયા ને ગોળ જમાડ્યો. પછી અયોધ્યાવાસીએ થાળ કર્યો. તે પોતે જમીને ચાલ્યા, તે માર્ગમાં જાતાં જિજ્ઞાસાનંદસ્વામીએ જીતેલાં(એ નામનાં ફળ) લઈને મહારાજના હાથમાં આલ્યાં. તે પોતે જમ્યા ને કહ્યું જે, "કોઈ ઉપવાસી હોય તેને આપીએ."

ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "આજ તો ઘણાક શ્વેતધર્મી(લાલ લૂગડું દેખાતા ઉપવાસ કરનારા) ઉપવાસી છે." તે વાત મનમાં રાખીને ચાલ્યા, તે ગામ **શિયાણી**ના તળાવને કાંઠે ઓટા ઉપર વિરાજમાન થયા. ને શ્વેતધર્મીને કહ્યું જે, "અમારાં દર્શન કરતાં, નાતાં, ઝોળી માગતાં ને માર્ગમાં ચાલતાં (લાલ લૂગડું) દેખાય તેનો ઉપવાસ નહીં." એમ કહીને શિવરામ ભટ્ટને ઘેર પોતે જમવા પધાર્યા.

જમીને ગામને પાદર ગાડા ઉપર પોતે વિરાજમાન થયા. પછી સર્વે હરિભક્તે એમ કહ્યું જે, "કાલ તો સંતને ખીચડી ને ઘી જમાડો."

પછી પોતે હસતા થકા શિવરામ ભટ્ટને ત્યાં પોઢવા ગયા. બીજે દિવસ ખીચડીમાં ઘી પીરસીને પોતે સંતને જમાડ્યા.

❋ તાવી અને દેવળિયા ગામમાં મુંડન કરાવ્યું :

પછી ત્યાંથી ચાલ્યા, તે ગામ **તાવી** ગયા ને ત્યાં તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે સંતને પોતે સુખડીના લાડુ આપ્યા. ને રસોઈ કરવા ગયા તે સંતને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "વાળંદને બોલાવો." ત્યારે વાળંદે આવીને વતું કરવા માંડ્યું. ત્યારે બહુ વસમું લાગવા માંડ્યું. ત્યારે ફેંટો લઈને માથે બાંધવા માંડ્યા. ત્યારે વાળંદ બોલ્યો જે, "અડધું વતું થયું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "મોટા પુરુષનું વતું તો બહુ ગામે પૂરું થાય !"

એમ કહીને ચાલ્યા ત્યારે દેવળિયાના જાલમસિંહ ખભે કોથળી ભરાવીને વાળંદને પેગડું ઝલાવીને સામા આવ્યા. તેવામાં વગડામાં એક તલાવડી આવી ત્યાં પોતે ઊતર્યા. પછી વાળંદે વતું કરવા માંડ્યું. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "આ વાળંદ કેવો છે ? મારે વતું કરાવવું છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "ઓલ્યામાં તો જીવનું જોખમ હતું ને આમાં દેહનું જોખમ થાય, એટલો સારો છે."

❋ પૂર્ણાનંદસ્વામીને માનની મૂર્તિ કહ્યા :

એવામાં પૂર્ણાનંદસ્વામી ગવૈયા આવીને મુક્તાનંદસ્વામીને સારુ પાથરી હતી જે કામળી તે ઉપર આવીને બેઠા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, "તમે માનની મૂર્તિ ભાળી છે ?" ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "મારે દીઠામાં આવી નથી." ત્યારે મહારાજ બોલ્યા જે, "માથે રૂમાલ બાંધ્યો હોય ને ખભે સરોદો ભરાવ્યો હોય, એવી આજે માનની મૂર્તિ હોય."

પછી પોતે તલાવડીમાં નાહીને ઘોડે અસવાર થઈને ચાલ્યા, તે ગામ **દેવળિયા**ને પાદર તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સંતની રસોઈ તૈયાર થઈ ત્યારે જાલમસિંહજી મહારાજને બોલાવા આવ્યા. તે ભેળે મહારાજ ગામમાં ગયા ને તેમની ઓસરીમાં બેસીને પોતે જમ્યા ને સર્વે સંતને લાડુ ફેરવ્યા ને પાછા ઉતારામાં પધાર્યા.

અને ત્યાં રાત્રી રહીને પછી ત્યાંથી **અણિયાળી** થઈને **ડેરવાલે** પધાર્યા. ત્યાંના હરિભક્ત શ્રીજીને દર્શને આવ્યા. તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી **વળડે** પધાર્યા. ત્યાં સ્નાન કરીને અયોધ્યાવાસીએ થાળ કર્યો તેને પોતે જમીને, ત્યાં તળાવને વિશે સાધુ-પાળા સહિત પોતે નાયા. પછી ત્યાં સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિની બહુ પ્રકારની ભગવદ્‌વાર્તા કરી.

અને ત્યાંથી **ઘોડાસર** પધાર્યા ને ત્યાં તળાવની પાળે સાયંકાળે વિરાજમાન થયા. મહાનુભાવાનંદસ્વામીએ શ્રીજીને બહુ વાર સુધી વીંજણે કરીને વા નાંખ્યો. પછી તે મુનિ ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી બીજા સંતે પણ વા નાંખ્યો, તે ઉપર રાજી થયા. ભણનારા સાધુને પોતા પાસે ચોકીમાં રાખ્યા. અને રાત્રીમાં વાઘ બોલ્યો, ત્યારે ઘોડાં ભડક્યાં. ત્યારે જેમણે ઝાલ્યાં ત્યારે તેમના ઉપર રાજી થયા.

✵ મછિયાવમાં બાપુભાઈને ત્યાં કુસંપ જોઈ ન રોકાયા :

અને ત્યાં રાત્રી રહીને પછી ત્યાંથી **દદુકે** પધાર્યા. ત્યાં થાળ જમીને સંતને દહીં ને લાડુ જમાડીને ત્યાંથી **મછિયાવ** પધાર્યા. ત્યાં બાપુભાઈના દરબારમાં ઊતર્યા. ત્યાં સાસુ-વહુને વ્યવહાર નિમિત્ત લડાઈ હતી. તે ઉપર શ્રીજીએ બહુ પ્રકારે વાર્તા કરી, તોય તેમણે ન માન્યું. તે વાસ્તે રસોઈ થઈ હતી, તોપણ શ્રીજીમહારાજ પોતે જમવા ન રહ્યા અને સાધુને ના પાડી, તેથી સાધુ પણ જમવા ન રહ્યા.

✵ કુવારજ તથા મનીપર થઈ અમદાવાદ પધાર્યા :

અને ત્યાંથી **કુવારજ** પધાર્યા ને ત્યાં તળાવની પાળે ઊતર્યા ને ત્યાં નાયા. પછી શ્રીજીમહારાજે મુળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું જે, "લીંબડીના હરિભક્તે ભાતું બંધાવ્યું છે, તે સર્વને આપો." ત્યારે તેણે સર્વને આપ્યું. ને ત્યાં સંતે બાટીઓ કરી ને પાળાને સાધુના ચોકે ઝોળી મંગાવી. અને અયોધ્યાવાસીએ થાળ કરીને મહારાજને જમાડ્યા.

પછી મહારાજ સવારમાં ચાલ્યા, તે માર્ગમાં એક મોટું પાણીનું સરણ(વોકળું) આવ્યું. તેમાં પાણી ઘણું હતું. વાસ્તે ભણનારા સંત પાસે ગાડાનો સામાન હતો, તે ઉપડાવીને સામે કાંઠે નંખાવ્યો ને પોતે ઘોડીએ બેસીને ઊતર્યા ને સંત ઉપર પોતે બહુ રાજી થયા.

અને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ સાધુને અમારાથી નોખા પડવા દેશો નહીં, એ તમને ભલામણ છે." ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! હું એ સંતને તમથી નોખા પડવા નહિ દઉં." એમ સંતને અભયવર આપીને ચાલ્યા, તે **સાણંદ**ની બજાર સોંસરા થઈને **મનીપર** પધાર્યા. ત્યાં તળાવની પાળે ઊતર્યા ને ત્યાંના હરિજન સીધું લાવ્યા. તે અયોધ્યાવાસી તેમણે રસોઈ કરી, તેને પોતે જમ્યા. પછી કેડ બાંધીને સંતને અતિ હેતે કરીને જમાડ્યા.

પછી સર્વે હરિભક્ત ગાજતેવાજતે શ્રીજીને ગામમાં પધરાવીને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજતા હવા ને તેમણે બહુ સેવા કરી. પછી ભાગોળે સભા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને તે ગામના હરિજન પ્રત્યે બહુ પ્રકારની ભગવદ્‌વાર્તા કરી. પછી બહુ વાર સુધી સાધુ પાસે કીર્તન ગવરાવ્યાં. અને ત્યાં રાત્રી રહીને પછી અમદાવાદને માર્ગે ચાલ્યા, તે મધ્યે તળાવ આવ્યું ત્યાં ઊતર્યા ને તળાવને સમીપે આંબાના વૃક્ષ તળે પથ્થરના ચોતરા ઉપર વિરાજમાન થયા. અને ત્યાં પોતે વતું કરાવ્યું. પછી શ્રીજી **અમદાવાદ** પધાર્યા.

✹ અમદાવાદમાં શ્રીહરિનું સામૈયું કરી મંદિરે પધરાવ્યા :

ને ત્યાંના હરિભક્ત સર્વે સામૈયું લઈને આવ્યા. ને સર્વે હરિજન શ્રીજીનાં દર્શન કરીને નાના પ્રકારનાં વાજિંત્ર તથા ઘોડવેલ, રથ, માફા, પાલખીઓ, મેના, અસવારી, નગારાં, નિશાન, છત્ર, ચામર એ આદિક ઘણીક સામગ્રીઓ લઈને શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. ને તે ભક્તજને યથાશાસ્ત્ર શ્રીજીમહારાજની પૂજા કરી.

પછી શ્રીજીમહારાજ ઘોડે અસવાર થઈને શહેરમાં પધાર્યા. તે સમે શ્રીજીમહારાજ આગળ બ્રાહ્મણ વેદનું ઉચ્ચારણ કરતા હતા. છડીદાર 'જયજય' એ પ્રકારનો શબ્દ ઉચ્ચારતા હતા ને ભક્તજન ઝાંઝ-મૃદંગ લઈને ઉત્સવ કરતા હતા. એ સર્વેનો મનોહર શબ્દ આકાશ માર્ગે કરીને ત્રિલોકીમાં વ્યાપ્યો. તે શબ્દને સાંભળીને શ્રીજીના દર્શને શહેરનાં કોટાનકોટિ મનુષ્ય તથા દેશાંતરનાં મનુષ્ય તથા ઈન્દ્રાદિક દેવ તથા નારદાદિક ઋષિ, તે સર્વે આવ્યા. અને નાના પ્રકારનાં વસ્ત્ર, આભૂષણ તથા મોતીની માળાઓ તથા જાઈ, ચમેલી, મોગરા, ચંપો અને ગુલાબના પુષ્પની માળાઓ, તેણે કરીને અતિ શોભાયમાન એવી જે શ્રીજીની મૂર્તિ તેનાં દર્શન કરીને દેવ આકાશમાં રહ્યા થકા પુષ્પની વૃષ્ટિ તથા 'જયજય' શબ્દ કરતા હતા.

અને મનુષ્ય હવેલીઓના ઝરુખામાં રહીને શ્રીજીની અસવારી ઉપર સુવર્ણ તથા રૂપાના ફૂલની તથા જાઈ, મોગરાદિકના પુષ્પની વૃષ્ટિ કરતા હવા. એવી શોભાએ સહિત શ્રીજીમહારાજ ગાજતેવાજતે રાજમાર્ગે ધીમા ધીમા ચાલતા સતા શ્રીનરનારાયણના મંદિરમાં પધાર્યા. પછી ત્યાં લીંબડાના વૃક્ષ તળે વેદિકા ઉપર ગાદીતકિયે સહિત ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર વિરાજમાન થયા. સર્વે સંત શ્રીજીની સન્મુખ બેઠા.

તે સમાને વિશે હરિભક્ત અનંત ગુલાબના તથા ચમેલીના હાર શ્રીજીના કંઠને વિશે પહેરાવતા હવા. પછી શ્રીજી થાળ જમવા પધાર્યા ને

જમીને સાધુને વારંવાર લાડુ ફેરવ્યા. શ્રીજીમહારાજને શહેરના સત્સંગી પોતાને ઘેર પધરાવીને નાના પ્રકારનાં ઘરેણાં-વસ્ત્ર તેણે કરીને પૂજતા હવા. એ પ્રકારે નિત્ય પ્રત્યે ભક્તજન શ્રીજીમહારાજને પૂજતા. અને મહારાજ ભક્તજનની સેવા અંગીકાર કરીને, તે સર્વે ભક્તજનને રાજી કરતા. પછી અયોધ્યાવાસી, સાધુ, બ્રહ્મચારી, પાળા સહિત ચાલવાને વાસ્તે તૈયાર થયા.

ત્યારે તે સમાને વિશે શહેરના ભક્તજન છત્રીશ પ્રકારનાં વાજિંત્ર લેવરાવીને વગડાવતા હવા. પછી શ્રીજીને ચકોર પક્ષીની પેઠે જોઈ રહ્યા એવા જે સર્વ મનુષ્ય, તેમને દર્શન દેતા થકા ને દુરિજનના હૃદયને કંપાવતા થકા ને તેમનો દૃષ્ટિમાત્રે કરીને પરાભવ કરતા થકા શ્રીજીમહારાજ તે શહેર બહાર નીસર્યા ને સર્વે સત્સંગીને પાછા વાળ્યા.

પછી પોતે **અશ્લાલી**એ પધાર્યા. ત્યાંના હરિભક્ત સન્મુખ સામૈયું લાવ્યા ને વાવથી દક્ષણાદી કોર કૂવાને સમીપે પીપર હેઠે પધરાવ્યા ને હરિજને ઢોલિયા ઢાળ્યો તે ઉપર વિરાજમાન થયા. તે સમાને વિશે અમદાવાદથી શંકરાચાર્યના મનુષ્ય તેડવાને વાસ્તે આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ મોટેરા મોટેરા સંત પ્રત્યે બોલ્યા જે, “આ શંકરાચાર્યના મનુષ્ય સભા કરાવવાને વાસ્તે તેડવા આવ્યા છે, તેનું કેમ કરવું ?” ત્યારે તે સંત બોલ્યા જે, “હે મહારાજ ! તમારી નજરમાં આવે તેમ કરો.” ત્યારે શ્રીજી બોલ્યા જે, “સર્વે સાધુ, પાળા, સત્સંગી ચાલો.” એવી રીતે આજ્ઞા આપી.

પછી થાળ થયો તેને જમવા વાસ્તે વેણીભાઈને ઘેરે પધાર્યા ને પોતે સારી પેઠે હેતે કરીને થાળ જમીને પાછા પોતાને ઉતારે પધાર્યા. સાયંકાળને વિશે સભા કરીને વિરાજમાન થયા ને પોતે સંત પ્રત્યે બહુ પ્રકારની વાર્તા કરી ને ત્યાં રાત્રી રહ્યા. અને પાછલી પહોર રાત્રી રહી ત્યારે બહુ દીવીઓ કરાવી, ને દિવસ ઊગ્યા મોર **શ્રીનગરના** દરવાજે નાહી-ધોઈ પૂજા કરીને સર્વ સાધુ-પાળા સહિત આવીને ઊભા રહ્યા.

❋ અમદાવાદના શંકરાચાર્યનો પરાભવ :

પછી દ્વાર ઊઘડ્યો ત્યારે પોતે **શ્રીનગરમાં** પધાર્યા. પછી શંકરાચાર્યની હવેલીએ પધાર્યા. ત્યાં માર્ગમાં ઊભા રહીને શ્રીજીમહારાજે દામોદરને કહ્યું જે, "તમે શંકરાચાર્યને કહો જે, તમે સ્વામિનારાયણને તેડાવ્યા છે તે આવ્યા. ને તેમની ભેળા પાંચ હજાર મનુષ્ય છે ને બીજા પાંચ હજાર ચાલ્યા આવે છે. તે તેમનો ઉતારો ને સીધું-સામાન દેવડાવો.ને પછી સભાની વાત." ત્યારે તે ભક્તે તેવી જ રીતે કહ્યું.

પછી પોતે શ્રીજીમહારાજ સિંહનાદે કરીને અસુરના હૃદયને કંપાવતા થકા બોલ્યા જે, "શંકરાચાર્ય કેમ જવાબ દેતો નથી ? એના ઘરમાં કાંઈ ખાવાનું નથી કે શું ? જે, વારંવાર કહી મોકલીએ છીએ તો પણ જવાબ દેતો નથી ?"

એમ શ્રીજી બોલ્યા, ત્યારે ચોઘડિયાં વાગતાં હતાં તે બંધ થઈ ગયાં. ને તેના હૃદયને વિષે થરથર કંપારો થયો ને મરણ તુલ્ય થયો. ને પોતાના મનુષ્ય પાસે કહેવડાવ્યું જે, "શ્રીનરનારાયણના મંદિરમાં ઉતારો કરો." ત્યારે શ્રીજીમહારાજ શ્રીનરનારાયણના મંદિરમાં પાંચ હજાર મનુષ્ય સહિત ઊતર્યા. અને તે શંકરાચાર્યે તો કાંઈ સીધું-સામાન ન આપ્યું.

અને સરકારને ખબર થઈ ત્યારે સરકારે કહ્યું જે, "અમારી આજ્ઞા માગીને સ્વામિનારાયણ ગયા હતા. તેમને પાછા કોણે તેડાવ્યા?" ત્યારે પોતા પાસે બીજા માણસ હતા તેમણે કહ્યું જે, "શંકરાચાર્યે તેડાવ્યા છે." તે વાત જાણીને શંકરાચાર્યના સેવક મોરુબા દીવાન આદિક ઉપર પંચવીસ અસવાર કર્યા.

પછી હેમોભાઈ, મોરુબા આદિક આવ્યા ને શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, "તમને તેડાવ્યા તે ભૂલ્યા, તમે તો મોટા છો તે વાસ્તે મોટું પેટ રાખવું જોઈએ. અને આ બ્રહ્માંડના સર્વે શાસ્ત્રી તથા પંડિત, તેમનાથી પણ તમારો પરાજય ન થાય, ત્યારે શંકરાચાર્ય

તે શી ગણતીમાં ! એનાથી તો એકેય પ્રશ્નનો ઉત્તર થાય એમ નથી.” એવી રીતે કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “અમારે તો એ વાતનું કાંઈ નથી ને સરકારને ના કહેશું, તે કાંઈ હરકત નહિ કરે.” ત્યારે તે સર્વે ગયા.

અને શ્રીજીમહારાજ જમવા પધાર્યા ને ભાણશાની રસોઈ હતી, તે ત્યાં પોતે જમીને કેડ બાંધીને સંતને સારી પેઠે લાડુ ફેરવ્યા. સંતને અત્યંત જમાડીને પછી લીંબડા હેઠે ચોતરા ઉપર વિરાજમાન થયા. સર્વ સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે આવીને શ્રીજીને સન્મુખ બેઠા. તે સમે જૂનેગઢથી બ્રહ્માનંદસ્વામીનું મંડળ આવ્યું. તેને જોઈને શ્રીજી બહુ રાજી થયા ને સર્વે સંતને મળ્યા ને હાર આપ્યા. પછી સાધુના પંચવર્તમાનની બહુ વાર્તા કરી. પછી શ્રીનરનારાયણનાં દર્શન કરીને પોઢવા પધાર્યા.

બીજે દિવસે પ્રાતઃકાળે ઊઠીને નિત્યવિધિ કરીને થાળ જમ્યા ને જમીને સંતને પીરસવા પધાર્યા. એવી રીતની લીલા કરતા થકા ત્રણ દિવસ રહીને પછી ચાલવાનું કર્યું. ત્યારે શહેરના સત્સંગી જેટલા શહેરમાં વાજિંત્ર હતાં, તે સર્વે લાવ્યા ને શ્રીજીની આગળ વગડાવ્યાં. પછી શ્રીજી ઘોડે અસવાર થઈને વાજતે ગાજતે રાજમાર્ગે ચાલ્યા. અને બે કોરે બજારને વિષે બહુ મનુષ્યનો ભીડો થયો. અને રઘુનાથદાસનું મંદિર આવ્યું, ત્યાં અત્યંત વાજિંત્ર વગડાવ્યાં ને આષ્ટોડિયે દરવાજે નીસર્યા.

✺ અશ્લાલીમાં અનેક લીલાઓ કરી :

પછી સર્વ સત્સંગીને પાછા વાળ્યા ને પોતે **અશ્લાલી**ને માર્ગે ચાલ્યા, તે મધ્યે વાવની પાસે આંબા હેઠે ઊતર્યા ને ત્યાં વતું કરાવ્યું. ત્યાં માણસાનો સંઘ આવ્યો, તેમને પોતે દર્શન આપ્યાં ને પોતે વાવને વિષે સ્નાન કરીને **અશ્લાલી**એ પધાર્યા ને પ્રથમ ઊતર્યા હતા ત્યાં ઊતર્યા. ને વેણીભાઈને ઘેર સાધુ-પાળા સહિત જમવા પધાર્યા.

પછી જમીને પોતે વિરાજમાન થયા ને પોતાને રહેવાનું નોતું, તે સારુ સાધુને વાસ્તે હરિભક્તે દસમને દિવસ રસોઈ કરાવી, તે સર્વે સાધુ પણ જમ્યા. અને પોતે અવાડાને સમીપે ગાડા ઉપર વિરાજમાન થયા ને પછી ત્યાં પોઢ્યા.

પ્રાતઃકાળને વિષે એકાદશીને દિવસ પોતે ઊઠીને પોતાનો નિત્યવિધિ કરીને વિરાજમાન થયા ને પોતાને સન્મુખ સંત આવીને બેઠા. તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, “નરનારાયણના સંત હો તે ઉત્તર દિશમાં બેસો અને લક્ષ્મીનારાયણના સંત હો તે દક્ષિણ દિશમાં બેસો.” ત્યારે બ્રહ્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી આદિક અઢીસો સંત નરનારાયણના ઉત્તર દિશમાં બેઠા અને મુક્તાનંદસ્વામી આદિક સાધુ લક્ષ્મીનારાયણના દક્ષિણ દિશમાં બેઠા. તે વાર પછી બ્રહ્માનંદસ્વામીને અમદાવાદ શ્રીનરનારાયણનું મંદિર સોપ્યું.

✺ જેતલપુરમાં અમુક ત્યાગીઓએ પોતાનો દેશ બદલ્યો :

પછી પોતે ત્યાંથી **જેતલપુર** પધાર્યા. ત્યાં વડની હારથી ઉત્તર દિશમાં ને બે માર્ગના વચ્ચમાં આંબલી હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વ સંત શ્રીજીમહારાજની સન્મુખ આવીને બેઠા ને સર્વે સત્સંગી પણ આવીને બેઠા. તે સમાને વિષે બાલમુકુંદાનંદસ્વામીએ કહ્યું જે, “હું તો લક્ષ્મીનારાયણની તરફ રહીશ.” ત્યારે મહારાજે કહ્યું જે, “આજ્ઞા લોપી, વાસ્તે એને સભામાંથી બહાર બેસાડો.” ત્યારે તે વેગળા જઈને બેઠા.

ત્યારે તેમને હરિભક્તે પૂછ્યું જે, “તમને શે વાંકે નોખા બેસાડ્યા?” ત્યારે તેમણે કહ્યું જે, “મેં નરનારાયણના દેશમાંથી લક્ષ્મીનારાયણના દેશમાં જાવાનું કહ્યું, ત્યારે મહારાજે મુને નોખો બેસાડ્યો.” ત્યારે હરિભક્તે કહ્યું જે, “કાંઈ વધારે વાંક હશે, નહિ તો મહારાજ આવડો દંડ દે નહીં !”

તે વાત મહારાજે સાંભળી અને બોલ્યા જે, "આ તો આપણે થોડાક વાંકમાં ઘણો દંડ દીધો !" એમ કહીને બોલ્યા જે, "નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી ન ફરે. અને આજથી સાધુ, બ્રહ્મચારી, પાળા જ્યાં જેની નજરમાં આવે ત્યાં રહે." એમ કહીને બેય દેશના સાધુની બેય પંક્તિઓ નોખી કરાવી. અને પોતે બોલ્યા જે, "આજ જેને ફરવું હોય તે ફરજો." ત્યારે કેટલાક સાધુ નરનારાયણની પંક્તિના હતા, તે લક્ષ્મીનારાયણની પંક્તિમાં ગયા અને લક્ષ્મીનારાયણની પંક્તિના હતા, તે નરનારાયણની પંક્તિમાં ગયા. ત્યારે પોતે હસવા લાગ્યા.

❋ બંને દેશના ત્યાગીઓને પોતાના આચાર્યની પૂજા કરાવી :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "નરનારાયણના સાધુ જે હો તે ઉત્તર દિશામાં બેસો ને અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો. અને જે લક્ષ્મીનારાયણના પક્ષના સંત હો તે દક્ષિણ દિશમાં બેસો ને રઘુવીરજીની પૂજા કરો." ત્યારે સંતોએ શ્રીજીની આજ્ઞાએ કરીને જે નરનારાયણના સંત હતા, તેમણે પાટ ઉપર બેઠા એવા જે શ્રીઅયોધ્યાપ્રસાદજી તેમની પૂજા ચંદન-પુષ્પે કરીને કરી. અને જે લક્ષ્મીનારાયણના સંત હતા, તેમણે પાટ ઉપર બેઠા એવા જે શ્રીરઘુવીરજી તેમની પૂજા ચંદન-પુષ્પે કરીને કરી.

પછી શ્રીજી એમ બોલ્યા જે, "જેવી અમારી પૂજા કરો છો તેવી જ રીતે આ બે આચાર્યની પૂજા કરવી. કેમ જે, એ બેયને અમારી ગાદી ઉપર બેસાડ્યા છે. અને તેમની આજ્ઞામાં સાધુ, બ્રહ્મચારી, પાળા તથા સત્સંગી તેમને વર્તવું. અને તે બે આચાર્યોની આજ્ઞા કોઈને ઉલ્લંઘન ન કરવી." એવી રીતે કહ્યું. પછી શ્રીજી ગામના હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અમારે અહીં દિવાળી કરવી છે. તે વાસ્તે સીધું-સામાન ભેળો કરો."

એમ કહીને પોતે પહોર રાત્રી ગઈ હતી, તે સમે ચાલી નીસર્યા. તે મારગમાં પાણી આવ્યું, ત્યાં પોતે ઊભા રહ્યા. ત્યાર કેડે માનજી

માફો લઈને આવ્યો. તેણે ત્રિગુણાતીતાનંદસ્વામી, સવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, નરોત્તમાનંદ સ્વામીને કહ્યું જે, "મારા ભેળા તમે આવો, મારે મહારાજ પાસે જાવું છે." ત્યારે તે સંત ભેળા ગયા.

પછી મહારાજ પાસે ગયા ત્યારે ત્રિગુણાતીતાનંદસ્વામી તથા સવિત્રાનંદસ્વામીને મહારાજે ભેળા લીધા અને ભૂમાનંદસ્વામી તથા નરોત્તમાનંદ સ્વામીને જેતલપુર પાછા વાળ્યા. અને પોતે **ખેડે** ગયા ને દાદા ખાચરને કહ્યું જે, "તમે ગામમાં થઈને આવો, અમે બારોબાર જઈએ."

એમ કહીને ચાલ્યા, તે મારગમાં એક ખેતર આવ્યું, ત્યાં પોતે સાધુની પછેડી ઓઢીને પોઢી ગયા. તેવામાં એક ધારાળો(એ જાતિનો માણસ) આવ્યો. તેણે કહ્યું જે, "મહારાજ ક્યાં છે ?" ત્યારે સંતે કહ્યું જે, "આ તો સાધુ સૂતા છે." ત્યારે તેણે કહ્યું જે, "સાધુની પછેડીમાંથી તેજનો ભભકો નીકળે નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "આ વાત કોઈને કહેશો નહીં."

✺ વડતાલમાં દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કર્યો :

એમ કહીને પોતે સંવત્ ૧૮૮૫ પંચાસીની દિવાળી ઉપર **વડતાલ** પધાર્યા. અને (જેતલપુર રોકાયેલા) સંત તે રસોઈ જમ્યા ને શ્રીજીને કેડે ચાલ્યા, તે તેને તે જ દિવસ વડતાલ પૂગ્યા ને શ્રીજીનાં દર્શન કર્યાં. પછી શ્રીજીમહારાજ સભાને વિષે વિરાજમાન થયા. તે સમે સુરતના હરિભક્તે શ્રીજીને પોશાક પહેરાવ્યો.

ને બ્રહ્માનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી ઉપર બે દેશની વહેંચણી નિમિત્ત લગારેક ખીજ્યા. પછી પોતે રાજી થઈને પોતાની પાઘ બ્રહ્માનંદસ્વામીને આપી ને ત્રફાળ(ચોફાળ ?) હતો, તે મહાનુભાવાનંદસ્વામીને આપ્યો. પછી મંદિરમાં ચારેકોર દીવા કરાવ્યા

ને ચોકને વિષે દીપમાળા કરાવી ને પોતે વચમાં પાટ ઉપર વિરાજમાન થયા. એવી રીતે સર્વેને દર્શન દઈને પોઢવા ગયા.

બીજે દિવસ સર્વે સંતને મળ્યા ને ઠાકોરજી આગળ અન્નકૂટ પૂર્યો ને પોતે મંદિરમાં જમ્યા. સંતને નાના પ્રકારનાં પકવાન પીરસીને જમાડ્યા. સાંજને સમે ગોમતીજીને કાંઠે સભા કરીને બેઠા ને સર્વે હરિભક્તને દર્શન દઈને ગાજતેવાજતે પોતે ઘોડીએ ચડીને મંદિરમાં પધાર્યા.

બીજે દિવસ શ્રીજીમહારાજ ઘોડીએ ચડીને **બામરોલી**એ પધાર્યા. ત્યાં રાયણ તળે વિરાજમાન થયા ને ત્યાં પોતાના પ્રેમીભક્તે સોનારૂપાના ફૂલે કરીને વધાવ્યા. ને ત્યાં પોતે ઘોડી ફેરવીને ચાલ્યા, તે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા. ત્યાં વડોદરાના હરિભક્તે કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવ્યાં, ને માથે ભારે રેંટો બંધાવ્યો, ને એક કેડે બંધાવ્યો, ને ભાલને વિષે કેસરચંદનની અર્ચા કરી, ને તે વચ્ચે ચાંદલો કર્યો, ને કંઠને વિષે હાર પહેરાવ્યા. એવી શોભાએ જુક્ત પોતે મંદિરમાં પધાર્યા. એમ નિત્ય પ્રત્યે લીલા કરતે સતે ને સંતને જમાડતે સતે એકાદશી ઢૂકડી આવી.

✵ વડતાલ પ્રબોધની કરી તથા થાળની વ્યવસ્થા કરી :

પછી મંદિરમાં પધાર્યા ને કારતક શુદ ૧૧ એકાદશીને દિવસે શ્રીજીમહારાજ મંદિરને વાંસે વિરાજમાન થયા ને દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં વડોદરાના નાથભક્તે મહારાજની પૂજા કરીને આરતી ઉતારી. પછી પોતે જમવા પધાર્યા ને સાંજની સભા થઈ ત્યારે પોતે સંત પાસે કીર્તન ગવરાવ્યાં ને પોતાના પુરુષોત્તમપણાની ઘણીક વાર્તા કરીને પોઢવા પધાર્યા.

પછી સંઘને આગળ મોકલીને પોતે વાંસે રહ્યા ને આસપાસના સત્સંગીને દર્શન દઈને મહારાજ સુખી કરતા હવા. પછી નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું જે, “હરિભક્ત થાળ કરાવે તેની

વ્યવસ્થા કરો તો ઠીક.” ત્યારે મહારાજે કહ્યું જે, “નરનારાયણના હરિભક્ત હોય તે ગંગામા પાસે થાળ કરાવે અને લક્ષ્મીનારાયણના દેશના હરિભક્ત હોય તે ગામ વસોના દાદા દવેની દીકરી જે જમના તે પાસે થાળ કરાવે.”

એમ વ્યવસ્થા કરીને બેયને બે રસોડાં આપ્યાં. અને બ્રહ્મચારીની ઓસરીએ બેય રસોડાની વચ્ચે પોતે જમવા બેસે ને બેય કોરથી થાળ આવે તેને પોતે જમે ને સાધુ, પાળા, ને અસવાર તેમને પોતે જમતા જાય ને આપતા જાય. એમ નિત્ય પ્રત્યે ગોવાળમંડળી કરીને સંતને જમાડે.

✵ વડતાલથી ભાવનગર વજેસંગને મળી ગઢડા પધાર્યા :

અને ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા, તે **સિંજીવાડે** ગયા ને જગરૂપ બારોટને ઘેર રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે વરસડા ને ગલિયાણા વચ્ચે બીજી તલાવડીને કાંઠે શૂન્યાતીતાનંદસ્વામીએ સાથવો ને સાકર આપી, તે પોતે જમ્યા. ત્યાંથી **ગલિયાણે** ગયા ને સાધુની ઓરડીએ ઊતર્યા. ત્યાં સાધુ શૂન્યાતીતાનંદસ્વામીએ થાળ કરાવ્યો તે પોતે જમ્યા ને ત્યાંથી ચાલ્યા, તે **જાખડે** થઈને **પીપળી** ગયા. ત્યાં પણ સાધુએ રાત્રે થાળ કર્યો તે પોતે જમ્યા. ત્યાંથી **ધોલેરે** ગયા ને બે દિવસ રહ્યા.

ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી** ગયા. ત્યાંથી ચાલ્યા, તે **ભાવનગર** ગયા ને રૂપાભાઈને ઘેર રહ્યા. શૂન્યાતીતાનંદસ્વામી જમવાનું લાવ્યા તે પોતે જમ્યા ને ઠાકોર વજેસંગને મળ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે માર્ગમાં એક નદી આવી ત્યાં ભાતદાળ જમ્યા. ને ત્યાંથી શ્રીજીમહારાજ **ગઢડે** પધાર્યા.

✵ ગઢડામાં વસંતપંચમી ને હુતાશણીનો સમૈયો કર્યો :

અને પંચાસીના મહા સુદી વસંતપંચમીનો ઉત્સવ શ્રીજીમહારાજે ગઢડામાં કર્યો ને રંગ-ગુલાલ બહુ ઉડાડ્યો. અને ફાગણ સુદ પૂનમે

શ્રીજીમહારાજે સાધુ હરિભક્તને ગઢડે તેડાવ્યા ને હુતાશનીનો સમૈયો કર્યો ને બહુ રંગ-ગુલાલ ઉડાડ્યો. અને સંતને ભારે ભારે રસોઈઓ કરાવીને જમાડ્યા. ને ગોપીનાથજીમહારાજના મંદિરનું કામ ચાલતું કરીને મંદિરના સમીપનો કૂવો પોતે ઉપર બેસીને બંધાવ્યો.

❋ સેવા કરતા ભૂમાનંદસ્વામી ઉપર રાજીપો :

એક સમે શ્રીજીમહારાજ મધ્યાન સમે ગોપીનાથજીના મંદિર ઉપર વિરાજમાન થયા ને ત્યાં પોતે પોઢી ગયા. તેવામાં ભૂમાનંદસ્વામી મંદિરનું કામ કરતા હતા. તે મહારાજ પાસે આવીને બેઠા ને વાયરો નાંખવા માંડ્યા. મહારાજ એક કલાક પોઢીને જાગ્યા ને પોતાના મુખમાં એલચી હતી, તે તેમને આપી ને પોતે હેઠા ઊતરીને ઢોલિયે વિરાજમાન થયા. સર્વે સંત મહારાજની આગળ આવીને બેઠા. સંતે મહારાજને હાર પહેરાવ્યા ને કીર્તન ગાયાં. ને આરતી-ધૂન કરીને પોતે અક્ષરઓરડીને વિષે પોઢવા પધાર્યા.

એક દિવસ ગોપીનાથજીના મંદિરની કોળી ઉપર વિરાજમાન હતા ને પોતાના કંઠને વિષે વીસ હાર પહેર્યા હતા. એવામાં નિષ્કામાનંદ સ્વામી લૂગડે કરીને વાયરો નાખતા હતા. લૂગડું સુકાઈ ગયું ત્યારે ભૂમાનંદસ્વામી બીજું ભીનું લૂગડું લઈને વાયરો નાખવા માંડ્યા. ત્યારે તેમના ઉપર મહારાજ રાજી થઈને જેટલા કોટમાં હાર હતા, તેટલા તેમને આપ્યા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "નિષ્કામાનંદસ્વામીએ પણ મહારાજને વાયરો નાખ્યો છે, વાસ્તે એમને થોડાક હાર આપો." ત્યારે ભૂમાનંદસ્વામીએ તેમાંથી પાંચ હાર આલ્યા. ત્યારે સ્વામી બહુ રાજી થયા.

એક દિવસ ત્યાં સવારના પહોરમાં વિરાજમાન હતા. તે સમયમાં ભૂમાનંદસ્વામીએ બે તોરા મહારાજની પાઘને વિશે ખોસ્યા, ને કંઠને વિશે હાર પહેરાવ્યા. તે શોભાને જોઈને મુક્તાનંદસ્વામી આદિક સર્વે

સાધુ રાજી થયા. પછી ઘણીક વાર ત્યાં બેસીને પોતે જમવા પધાર્યા ને સાંજના આવીને સભાને વિશે વિરાજમાન થયા. તે સમયે મહારાજના કંઠને વિશે હાર પહેરાવ્યા ને મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક ગવૈયાએ દોકડ, સરોદા લઈને કીર્તન ગાયાં. તેમના ઉપર રાજી થઈને કંઠને વિશે હાર હતા, તે તેમને આલ્યા. અને રાત્રી થઈ ત્યારે મહારાજ પોઢવા પધાર્યા.

✺ ગઢડાથી રામનવમીનો ઉત્સવ કરવા વડતાલ પ્રયાણ :

બીજે દિવસ સવારમાં ત્યાંથી શ્રીજીમહારાજ **વરતાલ**ને માર્ગે ચાલ્યા, તે વાવે આવીને ઊભા રહ્યા. સચ્ચિદાનંદસ્વામીએ શ્રીજીમહારાજને હાર, બાજુબંધ, તોરા ને ગજરા પહેરાવ્યા, ને કેળાં આદિક ફળ તથા ભાજીની ભેટ આગે ધરી. અને ત્યાંથી ગાડે બેસીને ચાલ્યા, તે **ઉગામેડી** ગયા. ત્યાં કૂવા ઉપર ઊભા રહ્યા ને પોતે જળપાન કર્યું. ત્યાર કેડે પવિત્રાનંદસ્વામી, જગન્નાથાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, ને દામોદરાનંદસ્વામીએ બીજા સર્વે સાધુ, પાળા ને અસવાર તેમને પાણી પાયું.

તેવામાં માણકી ઘોડી હણહણી. ત્યારે મહારાજે કહ્યું જે, "અમારી ઘોડી તરસી થઈ છે." ત્યારે તેમને પણ પાણી પાયું. ત્યારે મહારાજ બોલ્યા જે, "હે મહાપુરુષો ! તમારી જવાની આજ લેખે લાગી." એમ કહીને ત્યાંથી ચાલ્યા, તે એક સમડાનું વૃક્ષ આવ્યું, ત્યાં તદ્રૂપાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને પાણી પીવા આપ્યું. ત્યારે ઘોડી આકળી થઈ તે પાણી પીવા દીધું નહીં. પછી આનંદસ્વામીએ ઘોડી લાવીને પાસે ઊભી રાખી ત્યારે પાણી પીવા દીધું. તેને જોઈને મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "આજ તમારે માંહોમાંહિ વિશેષ હેત થયું એમ અમને જણાય છે."

એમ કહીને ચાલ્યા, તે **નીંગાળા**ની નદી ઊતરીને સાંમે કાંઠે ગયા. ત્યારે રઘુવીરજીમહારાજનો સેવક અર્જુન તેને મહારાજે પૂછ્યું જે, "તુને કાંઈ સાંભરે છે ?" ત્યારે તેણે કહ્યું જે, "ગાયો ચારતો

ત્યારે મેં દૂધ બહુ પીધું છે, તે ખાતી વખતે સાંભરે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "દૂધના હેવા મટાડીને છાશ પીવા શીખવું." એમ કહીને ગુણાતીતાનંદ સ્વામી પાસે ***'હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે'*** એ કીર્તન ગવરાવા માંડ્યા ને ભેળા પોતે પણ તાળી વજાડીને કીર્તન ગાવા માંડ્યા.

✵ ઝીંઝાવદરમાં કેરિયાના ભક્તોની શેરડી સૌને જમાડી :

અને માર્ગે ચાલ્યા, તે ગામ **ઝીંઝાવદર** આવ્યા. તેવામાં ગામ કેરિયાના હરિભક્ત શેરડીના ભારા લઈને આવ્યા ને મહારાજને પગે લાગ્યા. અને પોતે ગામથી ઉતરાદે પાસે બાવળિયાના વૃક્ષ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે નિત્યાનંદસ્વામીએ મહારાજને દાળિયા ને ગોળ જમાડ્યો. ત્યાર કેડે **'મારે મોલે આજ્યોજી નંદકુમાર..'** એ કીર્તન બ્રહ્માનંદસ્વામીએ ગાયું.

ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે ત્યાગીને મહોલ કેવા ?" એમ કહીને પોતે અર્થ કર્યો જે, "ત્યાગીને કીર્તન ગાવું ત્યારે મહોલ તે પોતાનું હૃદય જાણવું ને ગૃહસ્થને કીર્તન ગાવું ત્યારે પોતાનું ઘર તે મહોલ જાણવું." એમ કહીને ભૂમાનંદસ્વામી, પવિત્રાનંદસ્વામી, દામોદરાનંદ સ્વામી, જગન્નાથાનંદસ્વામી એ ચાર જણને કહ્યું જે, "આ શેરડી છે તે સર્વેને બરોબર વહેંચીને આલો." ત્યારે તેમણે સારા બે સાંઠા કાઢીને સોમલા ખાચરને મહારાજ સારુ આપ્યા. ને બીજા હતા, તે સર્વે સાધુને વહેંચી આપ્યા. તેમાં વધ્યા નહિ ને ઘટ્યા પણ નહીં. તેને જોઈને મહારાજ તેમના ઉપર રાજી થયા.

✵ ભાઈસ્વામીએ થાળ કરીને શ્રીજીને જમાડ્યા :

અને ત્યાં ભાઈસ્વામી થાળ કરીને લાવ્યા. તેમાં પૂરી, લાડુ, અડદની દાળ, તાંદળજાની ભાજી, રીંગણાનું ભરથું, ફુલવડીની કઢી ને ખીચડી, એટલાં વાનાં થાળમાં હતાં. તેને જમ્યા ને ભાઈસ્વામીને થાળની

પ્રસાદી આપી. ત્યારે તેમણે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમારે પ્રસાદી જોઈશે ?" ત્યારે તેમણે કહ્યું જે, "જોઈશે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "પાંગતવેરો(પંક્તિભેદ) ન થાય." ત્યારે ભાઈસ્વામીએ કહ્યું જે, "તમને આપશું." ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામીએ ધાર્યું હોય તે લે ત્યારે જ રહે."

✹ કારિયાણીમાં સંતોને ખોબા ભરીને ઘીવાળું ચૂરમું પીરસ્યું :

એમ કહીને આનંદસ્વામીને રસોઈ કરવા કારિયાણીએ મોકલ્યા ને પોતે ત્યાં(ઝીંઝાવદર) ઘણીક વાર રહીને ઘોડીએ બેસીને ચાલ્યા, ત્યારે સોમલા ખાચરે મહારાજને શેરડીના માદળિયાં આપ્યાં. તેને પોતે જમવા માંડ્યા ને જમીને ભણનારા સાધુને પ્રસાદી આપી. પછી **કારિયાણી** પધાર્યા ને પોતે ગાજતેવાજતે વસ્તા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે હરિજન દર્શન કરી રહ્યા ત્યારે પોતે જમવા પધાર્યા.

तारे पवित्रानंदस्वामिने आनंदानंदस्वामिने कह्युं जे
महाराज पिरससे। तारे आनंदानंदे पुरुं नहि थाय ता
रे तेमणें कह्युं जे फेर थोडुं कढिमांहि नो ख्यो। तारे कढैया
मांथि ढंचुं करिने नांखवा मांड्युं तारे हाथमांथि कडु निक
लि गयुं। तारे बधु घिह तुं ते चुरमामां पड्युं। तारे आनंदस्वा
मियें ते बको दिधो जे मगरुना सिद्धायद ने आवां काम करो
छो। तारे भुमानंदस्वामिये कह्युं जे आमें तमने महाराजनो
वर्तको नथि आपवा देता। पछे महाराजजि मिले संतने पिर
सवा आव्या। तारे तेमणें महाराजने कह्युं जे आज तो आमे
वांक मां आव्या छैये ने स्वामिये तो आमने थोडुं कढिना खु

वानुं कह्युं हतुं पण नांखति वखत कडइयुं वांकुं वलि गयुं
ते वधारे पडि गयुं ते लाडु वलता नथि त्यारे महाराजे कह्युं
जे कोइ फकर नहि एम कहिने पोते संतने बे हाथे पोशो
भरिने पिरसवा मांड्या ने संतने सारि पेठे पिरसिने हाथ
धोइने पोढवा पधार्या

ત્યારે પવિત્રાનંદસ્વામીએ આનંદાનંદસ્વામીને કહ્યું જે, “મહારાજ પીરસશે ત્યારે આટલા લાડુએ પૂરું નહિ થાય.” ત્યારે તેમણે કહ્યું જે, “ફેર થોડુંક ઘી માંહી નાખો.” ત્યારે કડૈયામાં ઘી ઊનું કરીને નાંખવા માંડ્યું. ત્યારે હાથમાંથી કડું નીકળી ગયું, ત્યારે બધું ઘી હતું તે ચૂરમામાં પડ્યું. ત્યારે આનંદસ્વામીએ ઠબકો દીધો જે, “સદ્‌ગુરુના શિષ્ય થઈને આવાં કામ કરો છો ?” ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, “અમે તમને મહારાજનો ઠબકો નહિ આવવા દઈએ.”

પછી મહારાજ જમીને સંતને પીરસવા આવ્યા. ત્યારે તેમણે મહારાજને કહ્યું જે, “આજ તો અમે વાંકમાં આવ્યા છૈયે. સ્વામીએ તો અમને થોડુંક ઘી નાંખવાનું કહ્યું હતું, પણ નાંખતી વખત કડઈયું વાંકું વળી ગયું તે (ઘી) વધારે પડી ગયું, તે લાડુ વળતા નથી.” ત્યારે મહારાજે કહ્યું જે, “કોઈ ફકર નહીં.” એમ કહીને પોતે સંતને બે હાથે પોશો(ખોબા) ભરીને (ચૂરમું) પીરસવા માંડ્યા. અને સંતને સારી પેઠે પીરસીને હાથ ધોઈને પોઢવા પધાર્યા.

✺ કારિયાણીથી સમઢિયાળા ને બરવાળા થઈ નાવડા પધાર્યા :

સવારના પહોરમાં ત્યાંથી સંતમંડળે સહિત ચાલ્યા, તે ગામ **સમઢિયાળા**ને પાદર ગયા. ત્યારે **કુંડળ**ના હરિભક્તે કહ્યું જે, “અમારે ગામ આવો !” અને બરવાળાના વાણિયાએ કહ્યું જે, “અમારે

ત્યાં આવો!" ત્યારે મહારાજ બોલ્યા જે, "આ ઘોડી જે માર્ગે ચાલે તે ગામ આવીએ." ત્યારે ઘોડી તો **બરવાળા**ને માર્ગે ચાલી. ત્યારે વીરો ભુતો ને દ્વારકો ભુતો રાજી થયા. અને મહારાજ કોટમાં ઊતર્યા, ત્યારે કોઈક અવિદ્યાવાળે કહ્યું જે, "કેની રજાથી તમે આંહીં ઊતર્યા છો ?" ત્યારે પોતે ખરે મધ્યાને ત્યાંથી ચાલી નીકળ્યા અને મહારાજને તડકો બહુ વસમો લાગ્યો.

અને ત્યાંથી ચાલ્યા, તે **નાવડા**ને પાદર લીંબડીઓના છાયામાં પોતે ઊતર્યા. ત્યાં પોતે બ્રહ્માનંદસ્વામી પાસે કીર્તન ગવરાવવા માંડ્યા, તે બ્રહ્મચારી જમવા સારુ તેડવા આવ્યા તોય પોતે ઊઠ્યા નહીં. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "સંતને જમવાનું તૈયાર થયું છે." ત્યારે પોતે કીર્તન ગવરાવતા રહ્યા ને બોલ્યા જે, "ચાલો, સંતને જમાડવા જઈએ." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "અયોધ્યાવાસી થાળ કરીને બેસી રહ્યા છે, તે જમીને પધારો તો ઘણુ સારું." ત્યારે પોતે જમવા પધાર્યા, જમીને હીરા સંઘવીના ઘરની ઓસરીએ પોતે વિરાજમાન થયા.

સંત ફળિયામાં જમવા બેઠા. ત્યારે મહારાજે મોટા પરમાનંદસ્વામીને કહ્યું જે, "તમે કેમ જમવા બેઠા નહીં ?" ત્યારે મોટા પ્રજ્ઞાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો ઉપવાસી છે, તે પ્રસાદી હોય તો જમે." ત્યારે મહારાજે કંસારનો તાંસ મંગાવીને હાથ મેલ્યો, ત્યારે હાથ ચીકણો થયો. ત્યારે પોતે બોલ્યા જે, "લાવો સર્વે સંતને પીરસીએ." એમ કહીને સર્વે સંતને પોતે કંસાર પીરસ્યો ને પોતે હાથ ધોઈને ઉતારે પધાર્યા. અને કહ્યું જે, "સર્વે સંત પાણીનાં તુંબડાં ભરીને લેજ્યો." એમ કહ્યું.

✺ નાવડાથી સાંગાસર થઈ ધોલેરા પધાર્યા :

પછી ત્યાંથી પોતે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા, તે **સાંગાસર** રાત રહ્યા. સવારના પહોરમાં આનંદાનંદસ્વામીને ચડવાની ઘોડી હતી,

તેને પોતે ફેરવીને કહ્યું જે, "આ ઘોડી બહુ હળવાર(સરળ-ધીમી) છે. વાસ્તે તમે ચડવા રાખો." એમ કહીને આનંદાનંદસ્વામીને ચડવા આપી અને ત્યાંથી **ધોલેરે** પધાર્યા. ત્યાંના હરિભક્ત પૂજાભાઈ, ભોજાભાઈ, વરસાભાઈ, કાયાભાઈ, શેઠ ડોસાભાઈ તથા પટેલ ખેમાભાઈ એ આદિક સર્વે હરિભક્ત સામૈયું લઈને મહારાજને સામા આવ્યા ને ગાજતેવાજતે મંદિરમાં પધરાવ્યા.

શ્રીજી ફરજાની ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ત્યાં સાધુએ થાળ કર્યો તે પોતે ત્યાં નાહીને જમ્યા. તેમાં વિશેષપણે આંબલીનું પાણી ને સાકર, તેમાં ભાત નાંખીને જમ્યા. ને એમ બોલ્યા જે, "આનો ગુણ ભારે છે. જેને લૂક લાગી હોય તેને ખવરાવીએ તો ઊતરી જાય." એમ કહીને અદ્‌ભુતાનંદસ્વામીને થાળની પ્રસાદી આપી અને ત્યાં નાની એક ઓરડી હતી તેમાં પોતે પોઢ્યા.

સર્વે સંત જમી રહ્યા ત્યાર કેડે સર્વે હરિભક્તને મહારાજે કહ્યું જે, "મદનમોહનજી મહારાજના મંદિર સારુ બરવાળેથી કાંકરીના ગાડાં લાવે તેને છાતીમાં ચરણારવિંદ આપીએ." પછી જેણે લાવવાની હા પાડી તેને છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

✺ ધોલેરાથી આંબલી, પીપળી વગેરે ગામ થઈ વડતાલ પધાર્યા :

અને સર્વેને રાજી કરીને ચાલ્યા, તે ગામ **આંબલી** પધાર્યા. ને બ્રહ્માનંદસ્વામીની ઠેકડી કરીને ત્યાંથી **પીપળી** પધાર્યા. ત્યાં તળાવને કાંઠે રાત રહ્યા ને અયોધ્યાવાસીએ થાળ કર્યો તેને તેમના ઉતારે જઈને પોતે જમ્યા. સવારના પહોરમાં ત્યાંથી પોતે ગાડે બેસીને ચાલ્યા, તે ભોગાવાને કાંઠે ગયા. સંતે ખડનો પલ(પુલ-રસ્તો) બાંધ્યો તે ઉપર પોતે ગાડે બેસીને ઊતર્યા ને સંત ઉપર બહુ રાજી થયા.

ત્યાંથી ગામ **વાયણે** તળાવને કાંઠે અતીતની મઢીની ઓસરીમાં ઊતર્યા. પછી અયોધ્યાવાસીએ મહારાજના સારુ થાળ કર્યો, તેને પોતે

જમીને ચાલ્યા, તે નદીને કાંઠે ગયા. ત્યાં લીંબડાના વૃક્ષ હેઠે ઊતર્યા ને સંતે મહારાજનું શરીર દાબ્યું. ત્યાર કેડે પોતે નદીમાં નાવા પધાર્યા ને નાહીને બહાર નીસર્યા.

ત્યાર કેડે ગામ **વરસડે** પધાર્યા ને ત્યાં તળાવથી ઉતરાદી તરફ ખેતરમાં ઊતર્યા. ત્યાં પોતે થાળ જમીને પોઢી ગયા. ત્યાંથી વહેલા ઊઠીને ગાડે બેસીને ચાલ્યા ને સંતે ખડની દીવીઓ કરી. તેને જોઈને પોતે બહુ રાજી થયા ને ત્યાંથી **ઈન્દ્રણજ** થઈને ગામ **સિંજીવાડે** પધાર્યા.

✹ વડતાલમાં રામનવમીનો ઉત્સવ કર્યો :

ત્યાંથી ૮૫ પંચાસીયાના ચૈત્ર સુદી રામનવમી ઉપર શ્રીજીમહારાજ **વરતાલે** પધાર્યા ને સર્વે સંત તથા હરિભક્તને તેડાવ્યા. તેમાં ગોપાળાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, નરોનારાયણાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી એ આદિક સર્વે સંતનાં મંડળ આવ્યાં. તેમને પોતે ઊભા થઈને મળ્યા ને સર્વેને થાળની પ્રસાદી આપી.

પછી પોતે ગોમતીજીને કાંઠે છત્રીએ જુક્ત વેદિકા ઉપર વિરાજમાન થયા. તે સમયને વિશે શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ સર્વે સંતમંડળ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેવામાં સુરતના હરિભક્તે કિનખાપનો સુરવાળ ને ભારે ઝીણું અંગરખું પહેરાવ્યું, ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો, ને ભાલને વિશે કેસરચંદને કરીને અર્ચા કરી, ને તે મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો, ને કંઠને વિશે પુષ્પના હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે બાજુબંધ ને ગજરા પહેરાવ્યા, ને પાઘને વિશે તોરા ખોસ્યા. એવી શોભા જોઈને પોતાના પ્રેમી ભક્તજન હતા તેમના ચિત્તની વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિને વિશે આકર્ષિત થઈ ગઈ.

એવી રીતે પોતાના ભક્તજનને આનંદ પમાડતા થકા ઘોડીએ બેસીને ગાજતેવાજતે મંદિરમાં પધાર્યા. બ્રહ્મચારી મહારાજને જમવા વાસ્તે તેડવા આવ્યા, તે ભેળા પોતે જમવા પધાર્યા. જમીને ધર્મશાળાને વિશે સંતને લાડુ પીરસવા પધાર્યા ને સંતને ત્રપ્ત કરીને પોતે ઉતારે પધાર્યા.

પછી સાંજને સમે લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે પોતે વિરાજમાન થયા. તે સમયમાં વડોદરાના હરિભક્તે મહારાજને રાતો રેંટો માથે બંધાવ્યો, ને આસમાની રેંટો ખભે નંખાવ્યો, ને ભાલને વિશે કેસરચંદનની અર્ચા કરી, ને કંઠને વિશે હાર પહેરાવ્યા. પછી લક્ષ્મીનારાયણની આરતી થઈ ત્યારે પોતે દર્શન કરવા પધાર્યા. દર્શન કરીને પાછા સભાને વિશે પધાર્યા. પછી પ્રજ્ઞાનંદસ્વામી તથા ગોવિંદસ્વામી પાસે કીર્તન ગવરાવ્યાં. તે ભેળા પોતે પણ તાળી પાડીને કીર્તન ગાવા લાગ્યા. પછી તે સંત ઉપર પોતે રાજી થઈને પોતાના કંઠમાંથી હાર ઉતારીને તેમને આપ્યા.

એક દિવસ શ્રીજીમહારાજ ગોમતીજી ઉપર પધાર્યા. તે સમયને વિશે જેતલપુરથી માધવદાસજી આવ્યા. તેમણે મહારાજને હાર, બાજુબંધ, ગજરા બાંધ્યા, ને ફૂલની ટોપી પહેરાવી, ને ભાલને વિશે કોરા કુંકુમનો ચાંદલો કર્યો. પછી એવી શોભાને ધરતા થકા પોતે ત્યાં ઘણીક વાર વિરાજમાન થયા ને ત્યાંથી મંદિરમાં પધાર્યા. એમ નિત્ય નિત્ય નવી લીલા કરતા થકા ત્યાં ઘણાક દિવસ રહ્યા.

❋ વડતાલથી વિચરણ કરતા ગઢડે પધાર્યા :

પછી પોતે **ગઢડા**ને માર્ગે ચાલ્યા, તે **પીપળાવ** રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **સિંજીવાડે** અસવારોને છાશ પાઈને **ઈન્દ્રણજ** ગયા ને તળાવને કાંઠે વડ તળે બપોરા કર્યા. ત્યાંથી ચાલ્યા, તે **ગલિયાણા** ને **વટામણ**ને વચ્ચે રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા, તે **કમિયાળે** બપોરા કર્યા ને **ગાંફમાં**

રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી**એ રાત રહ્યા ને સાધુ આગળ અડગ નિશ્ચયની વાર્તા કરી.

ત્યાંથી શ્રીજીમહારાજ **ગઢડે** પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં ઉગમણે બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે હરિજન દર્શન કરી રહ્યા ત્યારે પોતે નાવા પધાર્યા. નાહીને કોરાં વસ્ત્ર ધારણ કરીને સજયાના સમીપમાં ઓટા ઉપર જમવા પધાર્યા. જમીને પોતે પોઢી ગયા.

✹ વંદુનાં પદ ગાનાર પ્રેમાનંદસ્વામી ઉપર રાજીપો :

સાંજને સમે ઉગમણા બારની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સંતે પુષ્પના હાર, બાજુબંધ, ગજરા પહેરાવ્યા ને શ્રીજીમહારાજના મુખારવિંદ સામું જેમ ચંદ્રમા સામા ચકોર પક્ષી જુવે તેમ એકાગ્રદષ્ટિ કરીને દર્શન કરતા હતા.

તેવા સમયમાં શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક ગવૈયાને બોલાવ્યા. ત્યારે તેમણે '**વંદુ સહજાનંદ રસરૂપ**' એ કીર્તન ગાયાં. ત્યારે તેમને પોતે રાજી થઈને હાર આપ્યા ને બોલ્યા જે, "આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું એ જ પ્રેમી ભક્તનું લક્ષણ છે." એમ ઘણીક પ્રકારની વાર્તા કરી ને આરતી ધૂન કર્યા કેડે પોતે પોઢવા પધાર્યા.

✹ લાડુબાઈની અને બોટાદના ભગાશેઠની રસોઈ :

બીજે દિવસ એકાદશી આવી ત્યારે આસપાસના ગામના હરિભક્ત દર્શને આવ્યા ને મહારાજની આગળ નાના પ્રકારની ભેટ મેલીને પગે લાગ્યા ને એકાગ્રદષ્ટિ કરીને સર્વે દર્શન કરતા હવા. પછી પોતાના ભક્તજનના ચિત્તની વૃત્તિને પોતાની મૂર્તિને વિશે આકર્ષણ કરતા થકા પોતે માંહિલી કોરે પધાર્યા.

લાડુબાઈએ બ્રહ્મચારીને કહ્યું જે, "સંતને ફરાળ આપો." ત્યારે તલ ને ગોળ આપ્યા. ને સાંજની વખત મહારાજ સભામાં આવ્યા ત્યારે સંતે **'કોડે કોડે એકાદશી કીજિયે રે'** એ કીર્તન ગાયું. ત્યારે મહારાજે સંતને હાર આપ્યા.

ત્યાર કેડે ભગા શેઠે મહારાજને કહ્યું જે, "મારે રસોઈ આપવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બારશની રસોઈ તો લાડુબાઈની છે, વાસ્તે તમે તેરશને દિવસે રસોઈ કરાવો." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારું મહારાજ !" એમ સર્વેને આનંદ પમાડીને પોતે પોઢવા પધાર્યા.

બારસને દિવસ પોતે ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને ઘણીક વાર સંતને દર્શન દીધાં. પછી બ્રહ્મચારીએ આવીને મહારાજને કહ્યું જે, "સાધુ સારુ રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે તમે જમવા પધારો." ત્યારે પોતે જમવા પધાર્યા ને પોતે જમી રહ્યા ત્યારે દાદા ખાચરે મહારાજની ચંદન તથા પુષ્પના હાર વતે કરીને પૂજા કરી. એવી શોભાને ધારતા થકા લાડુબાઈની ઓસરીએ સંતને પીરસવા પધાર્યા. ત્યારે સંતે બિરંજની કથરોટો આગળ ધરી.

ત્યારે પોતે ડંકા વતે બિરંજ ફેરવવા માંડ્યો. તે એક વાર સર્વેને બિરંજ ફેરવી ગયા. પછી પોતે હરીસો પીરસવા માંડ્યા, તે થોડોક માગે તેને પતર ભરાય ત્યાં સુધી આપે. અને સાધુ પાસે વડાં ને ભજિયાં ફેરવાવે. એમ સંતને સારી પેઠે જમાડીને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા.

સાંજને સમે સભામાં આવીને વિરાજમાન થયા ને સર્વે સંત મહારાજનાં દર્શન કરવા આવ્યા. ત્યાર કેડે વાડીએથી હરજીભાઈ આવ્યા. તેમણે મહારાજને ગુલાબના હાર, તોરા ને બાજુબંધ પહેરાવ્યા. તે મંદિરનું કામ કરાવનારા જે મોટા પ્રજ્ઞાનંદસ્વામી, નિઃસ્વાદાનંદસ્વામી ને સવિત્રાનંદ સ્વામી તેમને આપ્યા ને પોતે પોઢવા પધાર્યા.

તેરશને દિવસ પોતે ઓસરીએ આવીને વિરાજમાન થયા. ત્યારે બોટાદવાળા ભગાભાઈએ મહારાજને કહ્યું જે, "સંતની રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે તમે જમવા પધારો." ત્યારે પોતે જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યારે ભગાભાઈએ પૂજા કરી, ને કંઠને વિશે સોનાની ઊતરી પહેરાવી, ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો, ને હાથને વિશે નંગ જડિત સોનાનાં કડાં પહેરાવ્યાં, ને પુષ્પના બાજુબંધ બાંધ્યા, ને પાઘને વિશે તોરા ધરાવ્યા.

એવી શોભાને ધારણ કરતા થકા લાડુબાઈની ઓસરીએ સંતને પીરસવા પધાર્યા. તે એકુકા હાથમાં બે-બે મોતૈયા લાડુ લઈને બેયકોર હારે પીરસવા માંડ્યા. તે એક વાર સર્વે સંતને પીરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વે સંતને જમવાની આજ્ઞા કરી. ને પોતે જલેબી પીરસવા માંડ્યા, તે એક માગે તેને ત્રણ આપે ને બે માગે તેને પાંચ આપે. એમ સંતને સારી પેઠે જમાડીને પોતે પોઢવા પધાર્યા.

✹ રઘુવીરજીમહારાજે સંતોને રસોઈ આપી જમાડ્યા :

પછી રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, "અમારે કાલ સાધુ જમાડવા છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "બહુ સારું, રસોઈનો સામાન કરાવો." એમ કહીને પોતે માણકીએ અસવાર થઈને લક્ષ્મીવાડીએ પધાર્યા. ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા. પછી વાડીના રક્ષક જે પોતાના ભક્તજન તેમણે ગુલાબ, મોગરા આદિક પુષ્પના હાર પહેરાવ્યા અને કેરીઓ ને કેળાં આદિક ફળ મહારાજની આગળ લાવીને ભેટ મેલી.

ત્યાર કેડે મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી ને જોગાનંદસ્વામીને કહ્યું જે, "તમે કીર્તન ગાઓ." ત્યારે તેમણે સરોદા-દુકડ લઈને કીર્તન ગાયાં. ત્યારે તેમને મહારાજે કેરીઓ ને કેળાની પ્રસાદી આપી. નિત્યાનંદસ્વામી

તથા શુકમુનિ તેમને બે બે કેરીઓ આપી. ભગવદાનંદસ્વામી, આત્માનંદ સ્વામી, મોટા યોગાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી તથા વાસુદેવાનંદ બ્રહ્મચારી આદિક મોટા ભણનારા તેમને એકુકી કેરી આપી. અને નાના ભણનારા હતા તેમને એકુકા કેળાની પ્રસાદી આપી. એમ પોતાના ભક્તજનને રાજી કરીને પોતે દરબારમાં પધાર્યા.

બીજો દિવસ થયો ત્યારે મહારાજ સભામાં આવીને વિરાજમાન થયા. ત્યારે રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! જમવાનો થાળ તૈયાર થયો છે." ત્યારે પોતે હસતા થકા તેમના ઘરને વિશે જમવા પધાર્યા. ત્યારે મહારાજને સુંદર સારા બાજઠ ઉપર બેસારીને પાંચે ભાઈએ શ્રીજીમહારાજને સારી પેઠે ચોળીને નવરાવ્યા.

પછી સુંદર ભારે પીતાંબર પહેરાવ્યું અને ગોપાળજી મહારાજ, રઘુવીરજી મહારાજ, વૃંદાવનજી મહારાજ, સીતારામજી મહારાજ ને બદ્રિનાથજી મહારાજ એ સર્વેએ શ્રીજીમહારાજની ચંદન-પુષ્પ વતે કરીને પૂજા કરી. ત્યાર કેડે નાના પ્રકારના જમવાના પદાર્થ, તેને ભરેલો એવો મોટો રૂપાનો થાળ, તેને લઈને રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજની આગળ બાજઠ ઉપર મેલ્યો. ત્યારે તેમાં મોટાં વડાં જોઈને પોતે હસવા માંડ્યા અને બિરંજ હરીસો, દહીંવડાં, મોતૈયા લાડુ, જલેબી, પૂરી, નાના પ્રકારનાં શાક, ભાત, દાળ, દૂધ, દહીં, નાના પ્રકારનાં અથાણાં એ આદિક જે જે થાળમાં જમવાના પદાર્થ હતા તેને જમ્યા.

અને રઘુવીરજી મહારાજે આપ્યો જે મુખવાસ તેને પોતે જમીને સંતને પીરસવા પધાર્યા. તેમાં મોતૈયા લાડુ, જલેબી, બિરંજ ને હરીસો તેને પોતે પ્રથમ પીરસ્યાં. ત્યાર કેડે પોતે દહીંવડાં ફેરવ્યાં અને સંત પાસે પૂરી, ખીચડી ને કઢી ફેરવાવી. એમ સંતને ત્રપ્ત કરીને પોતે ઉતારાને વિશે પધાર્યા.

✹ અયોધ્યાપ્રસાદજીમહારાજે સંતોને રસોઈ આપી જમાડ્યા :

ત્યાર કેડે અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, "કાલ અમારે સાધુને જમાડવા છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યુ જે, "શી રસોઈ કરાવવી છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "મોતૈયા લાડુ કરાવવા છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "હમણાંથી આરંભ કરશો ત્યારે તૈયાર થાશે." એમ કહીને પોતે સભામાં પધાર્યા ને પોતાના ભક્તજનને દર્શન દઈને પોતાના ઉતારાને વિશે પધાર્યા. અને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવવા માંડી. તે અધ્યાય પૂરો થયો ત્યારે કથાની સમાપ્તિ કરી અને પોતે પોઢી ગયા ને સંત ઉતારે ગયા.

સવારનો પહોર થયો ત્યારે પોતે ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંતની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં અયોધ્યાપ્રસાદજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યુ જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે જમવા પધારો." ત્યારે પોતે તેમના ઘરને વિશે જમવા પધાર્યા. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે સારી પેઠે શરીર ચોળીને નવરાવ્યા ને સારું પીતાંબર પહેરાવ્યું. અને મોટો પાટલો હતો, તે ઉપર બેસાર્યા ને પોતે થાળ લાવીને મહારાજની આગળ મેલ્યો. તેને શ્રીજીમહારાજ જમવા માંડ્યા.

ત્યારે અયોધ્યાપ્રસાદજીનાં માતુશ્રી(સુવાસનીબાઈ) બોલ્યાં જે, "હે મહારાજ ! સારી પેઠે જમજો, ઘણાક દિવસે આજ જમાડવાનો લાવો આવ્યો છે." ત્યારે પોતે હસીને બોલ્યા જે, "નાનપણમાં ઘણાક દિવસ તમારે હાથે જમ્યા છીએ. આજ કાંઈ નવાઈ નથી." એમ કહીને પોતે ચળુ કર્યું. અને અયોધ્યાપ્રસાદજી મહારાજે આપ્યો જે મુખવાસ તેને પોતે જમીને, લાડુબાઈની ઓસરીએ સંતને પીરસવા પધાર્યા અને બબે લાડુ હાથમાં લઈને સંતને પીરસ્યા. અને ચોથા ભાગનો લાડુ કોઈએ ન લીધો, ત્યારે પોતે હાથ ધોઈને પોતાના ઉતારાને વિશે પધાર્યા.

❋ ધોલેરાના પૂજાભાઈએ ગઢડા આવી રસોઈ આપી :

એમ કરતાં એકાદશીનો દિવસ આવ્યો. ત્યારે આસપાસના હરિભક્ત દર્શને આવ્યા. તે ભેળા ધોલેરાથી પૂજાભાઈ આવ્યા. તેમણે શ્રીજીમહારાજની આગળ એલચી, તજ, લવિંગ, જાયફળ, જાવિંત્રી એ આદિક મુખવાસનો સામાન મેલ્યો ને મહારાજને પગે લાગ્યા. ને કહ્યું જે, “હે મહારાજ ! કાલ મારે રસોઈ આપવી છે.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “બારશને દિવસ તો મોટીબાને સંત જમાડ્યાનું નિયમ છે. વાસ્તે તેરશને દિવસ તમે રસોઈનું રાખો.” ત્યારે પૂજાભાઈએ મહારાજને કહ્યું જે, “જેમ તમારી મરજી હોય તેમ અમારે કરવું છે.”

પછી શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા ને સંત સર્વે ધર્મશાળામાં ગયા. સાંજને સમે મોટી સભા થઈ, ત્યારે મહારાજ સભામાં વિરાજમાન થયા. તે સમયમાં સર્વે હરિભક્તે ચંદન-પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી અને સંતે ઝીલણિયાં કીર્તન ગાયાં. ત્યાર કેડે આરતી-ધૂન કરીને પોતે પોઢવા પધાર્યા.

પછી બારશને દિવસ શ્રીજીમહારાજ ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા ને સર્વે સંતની સભા ભરાઈને બેઠી હતી. તે સમયમાં મોટીબાએ દાદા ખાચરને કહ્યું જે, “તમે મહારાજને કહો રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે જમવા પધારો.” ત્યારે મહારાજ જમવા પધાર્યા. તે જમી રહ્યા ત્યારે દાદા ખાચરે મહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. ત્યાર કેડે શ્રીજીમહારાજ સંતને પીરસવા પધાર્યા ને લાડુ પીરસીને સંતને ત્રપ્ત કરીને પોતે ઉતારામાં પધાર્યા.

તેરશને દિવસ મહારાજ સભામાં વિરાજમાન થયા ને સર્વે સંત આવીને સભામાં બેઠા. ત્યારે પૂજાભાઈએ મહારાજને કહ્યું જે, “રસોઈ તૈયાર થઈ છે.” ત્યારે મહારાજ જમવા પધાર્યા. જમી રહ્યા ત્યારે ઝીણું અંગરખું પહેરાવ્યું, ને માથે ભારે રેંટો બંધાવ્યો, ને ભાલને વિશે

પીળા ચંદનની અર્ચા કરી, ને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો, ને બેય ચરણારવિંદને વિશે ચંદન ચરચ્યું, ને કંકુના ચાંદલા કર્યા, ને કંઠને વિશે ગુલાબ, મોગરા આદિક પુષ્પના હાર પહેરાવ્યા, ને ભુજાને વિશે ગજરા, બાજુબંધ બાંધ્યા.

એવી શોભાને ધરતા થકા સંતને પીરસવા પધાર્યા ને ખભે ખેસ નાંખીને તેણે કેડ બાંધીને સંતની પંક્તિમાં પ્રવેશ કર્યો. તે સમયમાં શ્રીજીમહારાજની મૂર્તિને વિશે સંતના ચિત્તની વૃત્તિઓ આકર્ષિત થઈ ગઈ. ત્યારે પોતે હસીને લાડુ પીરસવા માંડ્યા ને સંત સારી પેઠે જમીને ત્રપ્ત થયા ત્યારે પોતે ઉતારાને વિશે પધાર્યા. ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "પાંચુબાઈને કાલ રસોઈ દેવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું."

✹ પાંચુબાઈએ રસોઈ આપી સંતોને જમાડ્યા :

પછી બીજે દિવસે શ્રીજીમહારાજ ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા ને સર્વે સંત દર્શન કરવા આવીને બેઠા. ત્યાર કેડે નાગમાલે મહારાજને કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે જમવા પધારો." ત્યારે પોતે ગંગાજળિયા કૂવા આગળ નાહીને ઓટા ઉપર જમવા પધાર્યા. જમી રહ્યા ત્યાર કેડે નાગમાલે મહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી. ત્યાર કેડે પોતે સંતને પીરસવા પધાર્યા ને ઉગમણી ઓસરીએ ને બેય ઓરડામાં સંતની પંક્તિ થઈ. ત્યારે મહારાજ લાડુ પીરસવા માંડ્યા, તે સંતને સારી પેઠે તાણ કરીને પીરસ્યા તોય લાડુ વધ્યા.

ત્યારે પાંચુબાઈએ મહારાજને કહ્યું જે, "લાડુ તો બહુ વધ્યા છે !" ત્યારે મહારાજ હસતા થકા એક લાડુના બે ભાગ કરીને તેમાં આંગળીઓ ખૂપી જાય એમ દાબીને બોલ્યા જે, "લો ગુરુપ્રસાદ..." એમ કહીને પોતે પીરસવા માંડ્યા ને બોલ્યા જે, "નુગરા હશે તે નહિ લે." એમ કહીને બધાય લાડુ ખુટાડી દીધા. પછી મહારાજે કહ્યું જે,

"હવે કેટલા લાડુ છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "દશબાર લાડુ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એટલા પ્રસાદીના રહેવા દ્યો." એમ કહીને પોતા પાસે હાર હતા, તે નાગમાલાને આપ્યા. એમ રમૂજ કરીને પોતે માંહિલીકોર પધાર્યા.

✵ જૂનાગઢના ઝીણાભાઈના બેન અદીબાની રસોઈ :

ત્યાર કેડે **જૂનેગઢ**થી ગગાભાઈ આવ્યા. ત્યારે તેમની બોન જે અદિબા તેમણે ગગાભાઈને કહ્યું જે, "તમે મહારાજને કહો જે, અમારે રસોઈ આપવી છે." ત્યારે તેમણે કહ્યું જે, "મારી બોનને કાલ રસોઈ આપવી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું." એમ કહીને પોતે સભામાં પધાર્યા. પછી મહારાજે ગગાભાઈને જૂનાગઢના મંદિરના સમાચાર પૂછ્યા. ત્યારે તેમણે જેમ હતું તેમ કહ્યું. ત્યારે મહારાજે પોતા પાસે જેટલા હાર રહ્યા હતા, એટલા ગગાભાઈને આપ્યા.

ત્યાર કેડે પ્રેમાનંદસ્વામીએ મહારાજને હાર, તોરા, બાજુબંધ, ગજરા પહેરાવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "કીર્તન ગાઓ." ત્યારે તેમણે દુકડ ને સરોદા વજાડીને કીર્તન ગાવા માંડ્યા. ત્યારે પોતે ખસતાં ખસતાં તેમના સમીપમાં ગયા ને તેમના ઉપર રાજી થઈને પોતા પાસે જેટલા હાર હતા, તે સર્વે ગવૈયાને આપ્યા. એમ લીલા કરીને પોતે માંહિલી કોરે પધાર્યા ને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવવા માંડ્યા.

તેમાં ભરતજીનું આખ્યાન આવ્યું ત્યારે પોતે બોલ્યા જે, "ભરતજી જેવા સમર્થ હતા, તેમને પણ મૃગમાં હેત રહી ગયું તો તેમને ત્રણ જન્મ ધરવા પડ્યા; વાસ્તે ત્યાગીને ભગવાન વિના ક્યાંય હેત રાખવું નહીં." એ અંગની ઘણીક વાર્તા કરી ને પોતે કથાની સમાપ્તિ કરાવીને પોઢી ગયા.

પછી બીજો દિવસ થયો, ત્યારે પોતે ઓસરીમાં આવીને વિરાજમાન થયા. ત્યારે સર્વે સંત મહારાજ પાસે આવીને બેઠા.

ત્યારે ગગાભાઈએ મહારાજને કહ્યું જે, "રસોઈ તૈયાર થઈ છે, વાસ્તે જમવા પધારો." ત્યારે પોતે જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યાર કેડે ગગાભાઈએ મહારાજની પૂજા કરી. અને કંઠને વિશે મોગરા ને ગુલાબના હાર પહેરાવ્યા, ને મસ્તકને વિશે ભારે રેંટો બંધાવ્યો, ને એક રેંટો ખભે નાંખ્યો.

એવી શોભાને ધારણ કરતા સતા સંતને પીરસવા પધાર્યા. જ્યારે પંક્તિમાં પ્રવેશ કર્યો ત્યારે સંતે સાકરના શીરાની કથરોટ આગળ ધરી. ત્યારે પોતે ડંકા વતે શીરો પીરસવા માંડ્યા. તે એક વાર સર્વે પંક્તિમાં પીરસી રહ્યા ત્યારે જમ્યાની આજ્ઞા કરી. ત્યાર કેડે પોતે બિરંજ ને હરિસો પીરસ્યો ને સંત પાસે ભજિયાં, વડાં, ખીચડી ને ફૂલવડીની કઢી ફેરવાવી. એવી રીતે સંતને ત્રપ્ત કરીને પોતે અક્ષરઓરડીમાં પધાર્યા. એમ નિત્ય પ્રત્યે નવી રસોઈઓ કરાવીને, સંતને જમાડીને, પોતાના ભક્તજનના મનોરથને પોતે સંપૂર્ણ કરતા હતા.

✵ સચ્ચિદાનંદસ્વામીએ પૂજા કરી કેરી અને કેળાં જમાડ્યા :

એક દિવસ શ્રીજીમહારાજ રાધાવાવે સંતમંડળ ને પોતાના પાર્ષદ તેણે સહિત પધાર્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને ગુલાબના કંઠથી તે ઢીંચણ પર્યંત લાંબા ઘણા હાર પહેરાવ્યા, ને પાઘને વિશે તોરા ધરાવ્યા, ને ભુજાને વિશે બાજુબંધ, ને ગજરા બાંધ્યા. એવી રીતે પુષ્પમાં ગરકાવ કર્યા અને કેરીઓ ને કેળાં લાવીને આગળ ભેટ મેલી. પછી કેરીઓ ને કેળાં જમીને સંત તથા પોતાના પાર્ષદ તેમને પ્રસાદી આપી. એમ પોતાના ભક્તજનને આનંદ પમાડીને પુષ્પમાં ગરકાવ થયા થકા દરબારમાં પધાર્યા.

✵ લક્ષ્મીવાડીના રક્ષકે પૂજા કરી કેરી જમાડી, વૃક્ષને ધામની પ્રાપ્તિ :

બીજે દિવસ પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા. તે આંબાને તળે થઈને ચાલ્યા ત્યારે કેરીઓ માથે અથડાવા માંડી. ત્યારે મુક્તાનંદસ્વામી

બોલ્યા જે, “આ વૃક્ષના પુણ્યનો પાર નહીં !” ત્યારે મહારાજ બોલ્યા જે, “વૃક્ષના દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામને પામશે !” એમ કહીને પોતે વેદિકા ઉપર વિરાજમાન થયા.

ત્યારે વાડીના રક્ષક એવા જે પોતાના ભક્તજન તેણે ગુલાબ, મોગરો, જુઈ, ચમેલી આદિક પુષ્પના હાર પહેરાવ્યા ને કેરીઓ લાવીને મહારાજની આગળ મેલી. તેને જોઈને રાજી થયા. પછી પોતે જમીને મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, શુકમુનિ, ગોપાળાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી આદિક સંત તેમને પ્રસાદી આપી ને પોતે દરબારમાં પધાર્યા.

✵ બીજલ તથા જોધા ભરવાડને મનાવી ભક્તાધીનપણું દેખાડ્યું :

એક દિવસ સવારના પહોરમાં શ્રીજીમહારાજ ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા. ત્યારે લીંબડાની ચારેકોરે ભેંશો ઊભી હતી. વાસ્તે સંતને બેસવાનો માર્ગ રહ્યો નહીં. ત્યારે મહારાજ બોલ્યા જે, “આજ ભેંશોને ચારવા કેમ લઈ ગયા નથી ?” ત્યારે સોમલા ખાચરે કહ્યું જે, “બીજલો રીસાણો છે.” ત્યારે મહારાજે તેને કહ્યું જે, “તું ઘેર હોત તો તારે કર્માધીન થઈને આખા ગામની ભેંશો ચારવી પડત. વાસ્તે અમારી આજ્ઞાએ કરીને ચારે છે, તે તારાં મોટાં ભાગ્ય જાણ.” એમ કહીને પોતે માથે બાંધવાનું મોળિયું હતું, તે એને આપ્યું.

પછી બીજે દિવસે જોધો ભરવાડ રીસાણો, તે ગાયો ચારવા ન ગયો. ત્યારે તેને પણ મોરની પેઠે વાત કરી અને પોતાને પહેરવાનો અંગરખો હતો, તે તેને આપ્યો. એમ સર્વે જનને પોતાનું ભક્તાધીનપણું દેખાડતા થકા દાદા ખાચરની ભેંશો, ગાયો ચરાવતા હવા અને પોતે ઉપર બેસીને મંદિરનું કામ ચલાવ્યું. અને સાંજનો પહોર થાય ત્યારે પોતે કેરીઓ જમીને મંદિરનું કામ કરનારા સાધુ, પાળા, કડિયા તેમને આપે.

✹ ગઢપુર મંદિર માટે ચૂનો કૂટનારા સંતો પર રાજીપો :

એક દિવસ મહારાજ ઉગમણા બારની ઓસરીએ વિરાજમાન થયા હતા ને કંઠને વિશે મોગરાના ઘણાક હાર પહેર્યા હતા. તેવામાં કડિયે કહ્યું જે, "ચૂનો થઈ રહ્યો છે." ત્યારે મહારાજે ભણનારા સાધુને કહ્યું જે, "તમારે ચૂનો કૂટી આલવો, એટલું કામ માથે રાખો." ત્યારે સંતે કહ્યું જે, "બહુ સારું મહારાજ." એમ કહીને ચૂનો કૂટવા માંડ્યો. ત્યારે તેમના ઉપર પોતે રાજી થઈને સર્વેને અકેકો હાર આપ્યો. એમ હંમેશ ચૂનો કુટાવે ને હાર આપે.

॥ ઈતિ ૮૫ પંચાશીની લીલા સંપૂર્ણ ॥





ગંગાજળિયે કૂવે સ્નાન કરતા શ્રીહરિ

સંવત્ ૧૮૮૬ ની લીલા

✹ ગઢપુરમાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો :

એમ કરતાં વર્ષા ઋતુ આવી, ત્યારે ઘેલા નદીનાં નિર્મળ જળ જાણીને પોતે ખળખળિયો, નારાયણ હ્રદ, ખીજડાનો આરો, સંતને નાહ્યાનો આરો ને ઉગમણો ખળખળિયો એ આદિક સ્થાનને વિશે પોતે નાવા પધારે. એમ કરતાં ૮૬ છ્યાંસીની જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. ત્યારે દેશાંતરમાંથી સર્વે સંતને તેડાવ્યા.

ત્યારે ગોપાળાનંદસ્વામી, મોટા આત્માનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, મહાનુભાવાનંદસ્વામી, અદ્‌ભુતાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, નરોનારાયણાનંદસ્વામી, કલ્યાણાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી એ આદિક સર્વે સંતના મંડળ આવ્યાં. તેમને પોતે ઊભા થઈને સર્વેને મળ્યા ને થાળની પ્રસાદી આપી. અને જે જે સંત જે જે દેશમાં ફરવા ગયા હતા, તે દેશના હરિભક્તના સુખસાતાના સમાચાર પૂછ્યા.

એવામાં બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે પોતે જમવા પધાર્યા. જમીને સંતને પીરસવા પધાર્યા ને પીરસીને સંતને ત્રપ્ત કરીને પોતે અક્ષરઓરડીને વિશે વિરાજમાન થયા. સાંજને સમે આવીને ઓસરી ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત મહારાજની આગળ આવીને બેઠા. ત્યારે આસપાસના હરિભક્ત મહારાજને દર્શને આવ્યા. તેમણે ચંદન-પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી. સંતે ઝીલણિયાં કીર્તન ગાયાં ને આરતી-ધૂન કરીને પોતે પોઢવા પધાર્યા.

અષ્ટમીને દિવસ ઉગમણી ઓસરીએ આવીને વિરાજમાન થયા ને સર્વે હરિભક્તની સભા ભરાઈને બેઠી. ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "આજ તો ઉત્સવનો દિવસ છે, વાસ્તે સર્વે હરિભક્તના મનોરથ પૂર્ણ કરવા સારુ સારાં વસ્ત્ર-ઘરેણાં પહેરો."

પછી મહારાજની મરજી જોઈને કિનખાબનો સુરવાળ ને ડગલી પહેરાવ્યાં, ને માથે ભારે રેંટો બંધાવ્યો, ને એક રેંટો કેડે બંધાવ્યો, ને એક શેલું ખંભે નંખાવ્યું, ને હાથને વિશે નંગજડિત સોનાનાં કડાં ને સાકળાં પહેરાવ્યાં, ને કંઠને વિશે મોતીની માળાઓ ને ઊતરી પહેરાવી, ને ભાલને વિશે કેસરચંદનની અર્ચા કરી, ને કંકુનો ચાંદલો કર્યો, ને કંઠને વિશે પુષ્પના હાર પહેરાવ્યા, ને પાઘને વિશે તોરા ધરાવ્યા, ને આરતી ઉતારી. એવી શોભાને જોઈને પોતાના ભક્તજનના ચિત્તની વૃત્તિઓ મહારાજની મૂર્તિને વિશે આકર્ષિત થઈ ગઈ.

પછી દરબારમાં ભીડ બહુ થઈ, ત્યારે સંત ને પોતાના પાર્ષદ તેણે સહિત ઘોડાના ગરટ(જૂથ)માં વીંટાણા થકા ગામથી બાહેર નીકળીને રાધાવાવે પધાર્યા. સર્વે હરિભક્તને દર્શન દઈને લક્ષ્મીવાડીએ થઈને પોતે દરબારમાં પધાર્યા ને ઓસરીએ આવીને વિરાજમાન થયા. સંત પાસે ઝીલણિયાં કીર્તન ગવરાવ્યાં ને આરતી-ધૂન કરીને પોતે નિત્યાનંદસ્વામી પાસે કૃષ્ણના જન્મસમયની કથા કરાવી. જન્મ થયો ત્યારે ગોપીનાથજીના મંદિરમાં આરતી થઈ. ત્યારે પોતે દર્શન કરવા પધાર્યા ને દર્શન કરીને પોતે પોઢવા પધાર્યા.

નવમીને દિવસે સવારના પહોરમાં આવીને ઓસરીએ વિરાજમાન થયા ને સર્વે સંતની સભા ભરાઈને બેઠી. ત્યારે બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે પોતે જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યારે દાદા ખાચરે મહારાજની પૂજા કરી. ત્યાર કેડે પોતે લાડુબાઈની ઓસરીએ સંતને પીરસવા પધાર્યા. ત્યારે સંતે મોતૈયા લાડુ ને જલેબીની કથરોટો આગળ લાવીને ધરી. ત્યારે તેમાંથી મોતૈયા લાડવા ને જલેબી લઈને સંતને પીરસવા માંડ્યા. સર્વે જમીને ત્રપ્ત થયા ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "સુરા ખાચર, મોકા ખાચર, વસ્તા ખાચર,

પૂજાભાઈ, ભોજાભાઈ, ગગાભાઈ એ આદિક અમારે ઘેર મહેમાન છે. તેમને તમે ફેરવીને(પીરસીને) જમાડજો." ત્યારે મહારાજે સર્વેને જમાડ્યા.

✵ જન્માષ્ટમીએ આવેલ સંતોને દિવાળી સુધી રાખી સુખ આપ્યું :

પછી ઘણાક હરિભક્તે મહારાજને કહ્યું જે, "અમારી રસોઈ પૂરી થાય ત્યાં સુધી સંતને રાખો ને તમે જમાડો." ત્યારે જળઝીલણીના સમૈયા સુધી સર્વે સંતને રાખ્યા ને નિત્ય નવી રસોઈઓ કરાવીને પોતે જમાડ્યા.

પછી જળઝીલણી એકાદશી આવી. ત્યારે પોતે ઠાકોરજીને ઝુલાવા નીકળ્યા. તે ઠાકોરજીની આગળ સંત ઝાંઝ-મૃદંગ વજાડીને કીર્તન ગાય ને મહારાજની આગળ હરિજન તાળી વજાડીને કીર્તન ગાય ને આગળ નાના પ્રકારનાં વાજાં વાગે. એવી શોભાએ જુક્ત પોતે ગંગાને કાંઠે પધાર્યા. પછી ખળખળિયાથી દક્ષણાદિ તરફ ધરામાં પોતે ઠાકોરજીને ઝુલાવ્યા ને ગાજતેવાજતે ઠાકોરજી સહિત પોતે દરબારમાં પધાર્યા.

બારશને દિવસ સંતને જમાડીને વેરવા(વિખેરવા=ગામડે મોકલવા) માંડ્યા. ત્યારે દાદા ખાચરે મહારાજને કહ્યું જે, "જુવાનિયા સંત છે, તે ઠાકોરજીના મંદિરનું કામ કરે છે અને વૃધ્ધ સંત છે તે દેશમાં ફરીને હમણાં આવ્યા છે; વાસ્તે દશેરા-દિવાળી સુધી રાખો. તમારે પ્રતાપે દરબારમાં કોઈ વાતની ખોટ નથી." ત્યારે મહારાજ રાજી થયા ને સર્વે સંતને પોતા પાસે રાખ્યા.

✵ બાઈઓની ભૂલથી રીસાયેલા શ્રીજીને સંતોએ મનાવ્યા :

તેવામાં ગુજરાતી બાઈઓ મહારાજને દર્શને આવી હતી. તે મહારાજના થાળમાં થોડુંઘણું મદદ કરવા લાગે. તે એક બે દિવસ કરવા

દીધું. પછી લાડુબાઈએ ના પાડી, ત્યારે તે બાઈઓ ઉદાસ થઈ ગઈ. ત્યારે મહારાજે તેમને પૂછ્યું જે, "આજે કેમ તમારે ઉછાહ નથી ?" ત્યારે તેમણે કહ્યું જે, "અમે મહારાજની સેવામાં કાંઈ કરવા લાગીએ તેની અમને ના પાડે છે."

તે વાત સાંભળીને પોતાને(મહારાજને) સારું લાગ્યું નહીં. તે વાત મનમાં રાખીને કાંઈ બોલ્યા નહીં ને રાત પડી ત્યારે પોતે પગપાળા એકલા ચાલી નીકળ્યા. ત્યાર કેડે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દાદા ખાચર એ સર્વે વાવ આવી ત્યાં ભેળા થયા ને મહારાજને હાથ ઝાલીને બેસાર્યા.

ત્યાર કેડે મોટીબા, લાડુબા એ સર્વે આવ્યાં ને રોવા લાગ્યાં ને બોલ્યાં જે, "અમે ભૂલી ગયાં, જેમ તમે રાજી થાશો તેમ કરીશું." પણ મહારાજ તો પાછા વળ્યા નહીં. ત્યારે નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી એમણે ઘણીક પ્રકારે કરીને સમજાવ્યા, પણ કોઈનું માન્યું નહીં. ત્યારે નિત્યાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "અમે તો અમારો ઉપાય કરી ચૂક્યા, હવે તો તમે કાંઈ ઉપાય કરો." ત્યારે મુક્તાનંદસ્વામી મહારાજ પ્રત્યે બોલ્યા જે, "તમે કહો છો જે 'ગુરુનું વચન લોપવું નહીં' તે અમારે માથે કે તમારે પણ ખરું ?"

ત્યારે પોતે બોલ્યા જે, "અમારે પણ ખરું." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "રામાનંદસ્વામીએ કહ્યું છે જે, 'મુક્તાનંદની આજ્ઞામાં રહેવું' એ વચન તમારે પાળવું કે નહીં ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારે રામાનંદસ્વામીનું લેશમાત્ર પણ વચન લોપવું નહીં. તમે જેમ કહો એમ અમે કરીએ." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હું તો કહું છું જે તમે દરબારમાં પધારો !"

ત્યારે પોતે હસીને બોલ્યા જે, "અમે આંહીં આવ્યા, તે ગામમાં કોઈએ જાણ્યું હશે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "અંધારે

દરબારમાં જાતા રહો તો કોઈ જાણે નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે આગળથી જઈએ ને તમે વાંસેથી આવજો." એમ કહીને પોતે દરબારમાં પધાર્યા. ત્યારે સર્વે સંત તથા હરિભક્ત બાઈભાઈ રાજી થયાં.

પછી બીજે દિવસ પ્રેમાનંદસ્વામીએ '**બોલીરી વચન કઠોર પિયશું, સમજ બિના આલી**' એ કીર્તન કરીને મહારાજના હાથમાં આપ્યું. ત્યારે મહારાજે લાડુબાઈને આપ્યું ને કહ્યું જે, "આ કીર્તન વાંચો." પછી કીર્તન વાંચીને પ્રેમાનંદસ્વામીને થાળ આપ્યો.

✵ શ્રીહરિએ અંતિમ દશેરા, દિવાળી ને અન્નકૂટ ઉત્સવ ગઢડે કર્યા :

પછી દશેરાનો દિવસ આવ્યો, ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર-ઘરેણાં પહેરીને ઘોડાં ફેરવવા નીકળ્યા. તે વાવને માર્ગે ઘોડાં ફેરવીને ગાજતેવાજતે ગામમાં પધાર્યા ને ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા. ને દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે પુષ્પ, ચંદન, વસ્ત્ર, અલંકારે કરીને મહારાજની પૂજા કરી. પછી પોતે ગવૈયા સાધુ પાસે ગાવણું કરાવ્યું ત્યાર કેડે પોતે પોઢવા પધાર્યા.

એમ પોતાના ભક્તજનને આનંદ આપતા થકા દિવાળીનો સમૈયો ઢૂંકડો આવ્યો. ત્યારે પોતે નાના પ્રકારનાં પકવાન કરાવવા માંડ્યા. પછી દિવાળીનો દિવસ આવ્યો ત્યારે ઠાકોરજીની આગળ ભારે દીપમાળ કરાવ્યો ને પોતે માંહી વિરાજમાન થયા. સંતે દીપોત્સવનાં કીર્તન ગાયાં. પછી ઘણીક વાર થઈ ત્યારે પોતે પોઢવા પધાર્યા.

સવારના પહોરમાં પોતે સભામાં આવીને વિરાજમાન થયા. ઠાકોરજી આગળ અન્નકૂટ ભર્યો ત્યારે પોતે ત્યાં પધાર્યા ને જેટલી પ્રકારના જમવાના પદાર્થ અન્નકૂટમાં પૂર્યા હતા, તેટલા પદાર્થ થાળમાં મેલીને બ્રહ્મચારી મહારાજ પાસે લાવ્યા. ત્યારે પોતે તે મંડપમાં ઠાકોરજીને સામા બેસીને જમ્યા.

પછી ઠાકોરજીની આરતી થઈ ત્યારે પોતે ઊઠીને ઊભા થયા. પછી જેટલો અન્નકૂટનો સામાન હતો, તેટલો પોતે સંતને પીરસીને જમાડતા હવા. એવી રીતે અન્નકૂટનો સમૈયો કરીને પોતાના એકાંતિક ભક્તને આનંદ આપ્યો.

✵ પ્રબોધનીનો સમૈયો કરવા વડતાલ પ્રયાણ :

પછી ત્યાંથી પોતે **વડતાલ**ને માર્ગે ચાલ્યા, તે **સાળંગપુર** રહ્યા. ને વચમાં પાળાને અને માતરાને બોલાચાલીનો કજિયો થયો. ને ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણે** ગાજતેવાજતે પધાર્યા ને ગરાશિયાના ફળિયામાં ઊતર્યા. વનાશાની મેડીને વિષે પોતે થાળ જમ્યા ને સાધુની જાયગામાં ઓટા ઉપર ચણાની તળેલી દાળ જમ્યા. સાધુ પાસે શરીર દબાવ્યું. તેમાં નિત્યાનંદસ્વામીને વખાણ્યા જે, "તમને સારું દબાવતાં આવડે છે !" ને સંતને જમાડીને ત્યાંથી ગાડે બેસીને ચાલ્યા.

માર્ગમાં એક નાની વાવ આવી. તેનું સાધુ પાણી ભરી લાવ્યા, તે પોતે પીધું ને પ્રસાદીનું પાણી સંતે વાવમાં નાખ્યું. ને ત્યાંથી ચાલ્યા, તે **અણિયાળી**માં પૂજાશાના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. ત્યાંથી ચાલ્યા, તે **ધંધુકા**થી દક્ષણાદિ તરફની વાવ ઉપર વિરાજમાન થયા. ત્યાંના કુમાસદાર આગળ બહુ વાર્તા કરી. અને **ખસતા**ની નદીને કાંઠે ઊતર્યા ને પોતે પલાશીમાં(પાંદડાવાળી ઘાટી ઝાડીમાં) બહિર્ભૂમિ જઈને આવ્યા. નદીમાં હાથ મટિયાવીને સંત બાટીઓ કરતા હતા, તેમને જોઈને પોતે હસ્યા. અને ત્યાં રાત રહ્યા ને ત્યાં થાળ જમ્યા.

અને આનંદસ્વામી સુરતથી આવ્યા તેમને પોતે મંડળે સહિત મળ્યા ને થાળની પ્રસાદી આપી. અને ત્યાંના હરિભક્તના સુખસાતાના સમાચાર પૂછ્યા. અને રાતે વાઘ આવ્યો ને પોતે બહુ હોંકારા કર્યા. અને ત્યાંથી ચાલ્યા, તે રણમાં પેટવેણ(નાનીવોંકળી) આવી, વાસ્તે પગપાળા

ચાલ્યા ને **કમિયાળે** બપોરા કર્યા. અને **બોરુમાં** તળાવને ઉગમણે કાંઠે રાત રહ્યા. ત્યાં નિત્યાનંદસ્વામીએ શ્રીજીમહારાજને રીંગણાનું ભરથું, દાળ, બાટી ને ખીચડી કરીને જમાડ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે નદી ઊતરીને ગલિયાણાને પાસે તલાવડીને કાંઠે ચણેચી(ચણાના છોડના પાનની ભાજી) જમ્યા.

ત્યાંથી ચાલ્યા, તે **વરસડા**ને સમીપે પીલુના વૃક્ષ હેઠે ઊતર્યા ને રીંગણાનું ભરથું ને બાજરીનો રોટલો જમ્યા. ત્યાંથી ચાલ્યા, તે **સિંજીવાડે** રાત રહ્યા. રાત્રીને વિષે નિત્યાનંદસ્વામીએ મહારાજને ધોળી શેરડી જમાડી ને પ્રસાદી હતી તે સર્વે તેમને આપી. સવારનાં પહોરમાં દાતણ કરીને ચીરિયો પોતાના પાર્ષદને આપી.

✵ વડતાલ છેલ્લો પ્રબોધનીનો સમૈયો :

પછી ત્યાંથી ચાલ્યા, તે ૮૬ના કારતક સુદ ૧૧ એકાદશીએ શ્રીજીમહારાજ **વડતાલે** પધાર્યા ને સાધુ હરિભક્તને તેડાવ્યા ને પ્રબોધનીનો સમૈયો કર્યો. અને જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ કિનખાબની ડગલી, સુરવાળ, માથે બાંધવાના તથા કેડે બાંધવાના રેંટા એ આદિક નોખા નોખા પોશાક ધારણ કર્યા હતા.

એક દિવસ મંદિર અને સજ્યાની વચ્ચે મહારાજ વિરાજમાન થયા હતા ને ચારેકોર મશાલો બળતી હતી. તે સમયમાં ચારેકોર સોનારૂપાની તોપો મેલી હતી, એવું અંગરખું મહારાજને સુરતના હરિભક્તે પહેરાવ્યું. તે સમયમાં મહારાજની મૂર્તિ બહુ શોભતી હતી.

એકવાર લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે પગથિયા ઉપર બેસીને બોલ્યા જે, “તમારામાંથી રામ ગયા.” ત્યારે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ગોપાળાનંદસ્વામી એ સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! શા સારુ અમારામાંથી રામ જાય ? જેમ તમે કહો તેમ કરીએ.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "શિક્ષાપત્રી પ્રમાણે વર્તો." ત્યારે સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! શિક્ષાપત્રી પ્રમાણે જ વર્તીએ છીએ, પણ દિવસમાં ઉંઘાય છે તે એક ખોટ છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દિવસમાં ઉંઘજો, પણ શિક્ષાપત્રી પ્રમાણે જ વર્તજો." એમ આજ્ઞા કરી.

અને પોતે જમવા પધાર્યા ને વડોદરાના દામા કડિયે મહારાજને સોનાની ઊતરી પહેરાવી. ને તે ફેરે જ જલેબી પીરસતા થાક લાગ્યો, તે બ્રહ્માનંદસ્વામીને આસને બેસી ગયા. ને પોતે બોલ્યા જે, "જેને પ્રસાદી ન આવી હોય તે સર્વ પાસેથી માગી લાવો." ત્યારે જે રહી ગયા હતા તે સર્વે પાસેથી માગી લાવ્યા.

✵ વડતાલથી અંતિમ વિદાય લઈ ગઢડે જવા પ્રયાણ :

પછી શ્રીજી **ગઢડા**ને માર્ગે ચાલ્યા, તે બારીએ થઈને નીસર્યા. તે સમયમાં હજારો બાઈભાઈ સર્વે રોવા લાગ્યાં ને પોતે ઉદાસી થઈ ગયાં. શ્રીજી ગાડે બેસીને ચાલ્યા ને આગે જાતા નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમને કોઈક અડી જાશે." એમ કહીને પોતા ભેળા બેસાર્યા ને સવજી કૂવે જઈને સર્વે હરિભક્તને કહ્યું જે, "આંહીંથી સર્વે રહી જાઓ." ત્યારે સર્વે રહી ગયાં. તેમાંથી દશબાર બાઈઓ રાવલી સુધી વાંસે આવી. તેમને કહ્યું જે, "રહી જાઓ." ત્યારે તે ઊભી રહી. તેમાંથી ચાર બાઈઓ વાંસે આવી. તેમને પોતે સારી પેઠે ના પાડી, ત્યારે રોતી થકી ઊભી રહી. તેમનો પ્રેમ જોઈને પોતે ઉદાસ થઈ ગયા ને ત્યાંથી ચાલ્યા, તે મારગમાં એક પીપળો આવે છે ત્યાં પોતે ઊભા રહ્યા.

અને ત્યાંથી ચાલ્યા, તે **મહેળાવ**ના પાદરમાં ઊભા રહ્યા ને સર્વેને દર્શન દઈને મહેળાવ ને પીપળાવ વચ્ચે એક તળાવડી આવી ત્યાં પોતે ઊતર્યા. ને નિત્યાનંદસ્વામીને બાઈઓ અડી ગઈ હતી, વાસ્તે નવડાવ્યા. ને કપિલેશ્વરાનંદસ્વામીએ મહારાજના બે હાથના નખ ઉતાર્યા. વાંસેથી

સંઘ આવ્યો ત્યારે પોતે ચાલ્યા, તે **પીપળાવ** ગયા ને દાજીની મેડીમાં ઊતર્યા. અને ઉગમણી બારીમાં બેસીને થાળ જમ્યા ને નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી.

અને ત્યાંથી સવારના પહોરમાં ગાડે બેસીને ચાલ્યા, તે **પરિયજ** ગયા ને તળાવને કાંઠે સરોવરના વૃક્ષ તળે વિરાજમાન થયા. ને સંઘની ગાડીઓ સિંજીવાડાને માર્ગે ગઈ, તેને વાસ્તે અસવારને મોકલ્યા. ને ત્યાંથી ગાડામાં બેસીને ચાલ્યા ને કડૈયામાં કોળું મેલ્યું હતું, તેને પોતે ચરણ વડે કરીને હલાવતા જાય ને સંત સંઘાથે રમૂજો કરતા જાય. એવામાં મારગમાં અડૈયાં છાણાં આવ્યાં. તેને જોઈને પોતે બોલ્યા જે, “આને લઈ લો, સંતને રસોઈમાં કામ આવશે.”

✵ ચાંગડામાં વિદ્યાર્થી સંતોએ બાટી કરીને સંતો-પાર્ષદોને જમાડ્યા :

એમ કરતા થકા **ચાંગડા**ના પાદરમાં પીપરના વૃક્ષો તળે ઊતર્યા ને પોતે ત્યાં થાળ જમ્યા. પછી મહારાજે કહ્યું જે, “ગામમાંથી રસોઈનો સામાન મંગાવો.” ત્યારે ગામમાં ખબર કાઢી, ત્યારે કાંઈ ન મળ્યું. ત્યારે મુકુંદબ્રહ્મચારી બોલ્યા જે, “મારા ગાડામાં લોટ છે.” તે વાતને સાંભળીને પોતે બહુ રાજી થયા. અને પવિત્રાનંદસ્વામી, દામોદરાનંદસ્વામી આદિક નાના વિદ્યાર્થીને કહ્યું જે, “તમે બાટીઓ કરીને સર્વે સંતને જમાડો.”

ત્યારે તેમણે બાટીઓ કરીને સંત તથા પાળા તેમને જમાડ્યા. ત્યારે મહારાજે તેમને-વિદ્યાર્થીને કહ્યું જે, “તમે બાટીઓ જમો.” ત્યારે તેમણે કહ્યું જે, “અમારે તો સાથવો છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “નાના છે પણ સારો દેશકાળ સાચવતાં આવડે છે.” એમ કહીને ચાલ્યા, તે નિત્યાનંદસ્વામીને પોતા ભેળા ગાડામાં બેસાર્યા.

મારગમાં ઘાંચો(ચીલામાં પડેલ ખાડ) આવી ત્યારે પોતે ગાડેથી ઊતરીને ઘોડીએ અસવાર થયા ને મારગમાં આઘા જઈને ઊતરવા

માંડ્યા. ત્યારે ભૂમાનંદસ્વામી પેંગડું ઝાલવા ગયા, ત્યારે ઝોળી ઘોડીના પગ ઉપર પડી, તે પત્તર ફૂટી ગયું. ત્યારે મહારાજે હાથમાં લઈને કહ્યું જે, "સોની પાસે સંધાવજો."

એમ કહીને ઘોડીએ અસવાર થઈને **પછેગામ** ગયા. ને નદીનો કાંઠો આવ્યો ત્યારે નાજે જોગિયે લૂગડાં ઉતારવા માંડ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "પાણી થોડું છે." એમ કહીને પોતે ઊડું પાણી હતું, ત્યાં ચાલ્યા. ત્યારે તેણે કહ્યું જે, "મારાં લૂગડાં પલળે છે." ત્યારે પોતે કહ્યું જે, "હું તમને કોરાં લૂગડાં અપાવીશ."

એમ રમૂજ કરીને ચાલ્યા, તે **વટામણ**ના ઉગમણી તરફ ખળામાં ઊતર્યા. રાત પડી ત્યારે માણસે બૂમ પાડી જે, "વાઘે માણસ રોક્યા છે. તે કોઈ શૂરવીર હોય તો મુકાવા આવજો." ત્યારે મહારાજે પાંચ પાળા મોકલ્યા. ત્યારે તેમણે જઈને જોયું તો પાડો નીકળ્યો, ત્યારે પાછા આવ્યા.

ત્યાર કેડે ભીમ ને ભલુ એ બે જણે પરજનાં કીર્તન ગાયાં. તે સાંભળીને પોતે બહુ રાજી થયા. ને ઘણીક રાત ગઈ ત્યારે બ્રહ્મચારી મહારાજને જમવા સારુ બોલાવવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આંહીં લાવો." ત્યારે ત્યાં લાવ્યા. પછી પોતે રીંગણાંનું ભરથું, બાટી ને ખીચડી જમ્યા ને નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી.

અને ત્યાંથી સવારના પહોરમાં ચાલ્યા, તે **જાખડે** ગયા. ત્યાં ગામને પાદરે બે ઘડી ઊભા રહ્યા ને સર્વને દર્શન દીધાં. અને ત્યાંથી ચાલ્યા, તે **ભોળાદ** થઈને ભોગાવો ઊતરતા શ્રીજીમહારાજ જલેબીનું એક ગુલું(ઘૂંચળું) જમ્યા ને પાણી પીધું. ને ત્યાંથી ચાલ્યા ત્યારે ગાડામાં રીંગણાંની ગાંસડી હતી, તેમાંથી એક રીંગણું તાણી કાઢે ને તે ઉપર હાથ ફેરવીને તેને માંહી ઘાલે ને બીજું કાઢે. એમ લીલા કરતે સતે મારગમાં એક તલાવડી આવી, તેને કાંઠે ઊભા રહ્યા.

અને વૈકુંઠ બ્રહ્મચારીને મહારાજે કહ્યું જે, "આ તળાવડીમાં પાણી છે." ત્યારે તેમાંથી બ્રહ્મચારી પાણી ભરી લાવ્યા. ત્યારે મહારાજે મુકુંદ બ્રહ્મચારીને કહ્યું જે, "આ કંડિયામાં શું છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "એમાં જલેબી છે." એમ કહીને તેમાંથી ત્રણ ગુલાં કાઢીને મહારાજને આપ્યાં. ત્યારે પોતે બોલ્યા જે, "આંબલીનું પાણી હોય તો લાવો." ત્યારે લાડુબાઈએ તૈયાર કરીને આપ્યું. ત્યારે જલેબીનાં ત્રણ ગુલાં આંબલીના પાણીમાં પલાળીને પોતે જમ્યા ને ભૂમાનંદસ્વામીના પત્તરમાં હાથ ધોયા.

✹ કમિયાળે જમ્યા ને કીર્તન સાંભળી ઉદાસ થયા :

અને ત્યાંથી ચાલ્યા, તે **કમિયાળા**ના તળાવને કાંઠે વાયુ ખૂણે આંબલીના વૃક્ષ હેઠે ઉતારો કર્યો. તેના સમીપમાં જ રઘુવીરજીમહારાજ ને અયોધ્યાપ્રસાદજી મહારાજ, એ બે જણે થાળ કર્યો અને પોતે શ્રીજીમહારાજ જમ્યા ને બોલ્યા જે, "બહુ સારી રસોઈ કરી છે !" અને નિત્યાનંદસ્વામીને થાળ આપ્યો ને શ્રીજીમહારાજ ત્યાં પોઢી ગયા.

સાંજની વખતે '**સૂન તેરી રે કનૈયા બાંસુરી**...' એ કીર્તન મુક્તાનંદ સ્વામી ને પ્રેમાનંદસ્વામી પાસે ગવરાવ્યાં. ને પોતે બહુ ઉદાસ થઈ ગયા ને નેત્રમાંથી જળ વહેવા લાગ્યાં. ને સર્વે ઉદાસી થઈ ગયા ને હાથમાંથી સરોદા પડી ગયા. પછી બે ઘડી કેડે પોતે ઉદાસીનો ત્યાગ કર્યો ને નેત્રને રૂમાલ વતે લુઈને માંથે ફેંટો બાંધ્યો ને ગામમાં પધાર્યા. રાત્રીને વિષે નિત્યાનંદસ્વામી, નાના આત્માનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી એ ચાર જણે મહારાજને મીણનું તેલ ચોળ્યું.

અને ત્યાંથી ચાલ્યા, તે **રોઝકે** ગયા ને સાધુની જાયગામાં લીંબડીઓની છાયામાં વિરાજમાન થયા. ને ઋષભદેવગીતાની કથા નિત્યાનંદસ્વામી પાસે વંચાવી ને કાકાભાઈ આગળ પોતે બહુ વાર્તા કરી. ને પોતે ત્યાં વતુ કરાવ્યું ને ધોલેરાના હરિભક્ત આવ્યા તેમણે નાના પ્રકારના પકવાનની માટલીઓ મેલી ને પગે લાગ્યા.

શ્રીજીમહારાજ ગજા ગઢવીની ઓસરીએ વિરાજમાન થયા. ત્યાં બ્રહ્મચારી થાળ લાવ્યા તે પોતે જમ્યા ને નિષ્કુળાનંદસ્વામી પાસે સાધુને લાડવા પિરસાવ્યા. અને ત્યાંથી ચાલ્યા, તે પોતે મારગમાં જાતાં બોલ્યા જે, “કોઈ પાસે જમવાનું હોય તો લાવો.” ત્યારે સંતે સાકરિયા ચણા, કાજુકળિયા આદિક મહારાજની આગળ લાવીને મેલ્યા. તેને પરસાદી કરીને પાછી આપી ને પોતે સાથવો ને મીઠું જમ્યા.

અને ત્યાંથી **પરબડી** ગયા ને ત્યાંના હરિભક્તે મહારાજને બહુ તાણ કરી. ત્યારે તેમના ઉપર કૃપા કરીને પોતે ત્યાં રહ્યા ને તળાવને ઉગમણે કાંઠે પીપરના વૃક્ષ તળે પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે ગામના લોક દર્શને આવ્યા, ત્યારે તેમના આગળ પોતાના પુરુષોત્તમપણાની ઘણીક વાર્તા કરી.

ત્યાર કેડે પોતે ઊઠીને પોતાના સેવકને કહ્યું જે, “અમારે બહાર જાવું છે.” ત્યારે તે પાણીનો કળશિયો ભરીને લાવ્યા. ત્યાર કેડે પોતે ભીમનાથને મારગે જાતાં એક લીંબડો છે, તેથી દક્ષણાદી કોરે ખેતરમાં બહિર્ભૂમિ જઈને આવ્યા. ને હાથ મટિયાવ્યા ને તળાવમાં પોતે નાયા. ને તેથી દક્ષણાદિ તરફ ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને સર્વે સંઘના માણસે પણ ત્યાં ઉતારો કર્યો. ને બ્રહ્મચારી થાળ લાવ્યા તે પોતે જમ્યા ને નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી. ને મુકુંદ બ્રહ્મચારીએ સાધુને પૂરી ને અથાણું જમાડ્યું.

પછી ત્યાંથી ચાલ્યા, તે **ભીમનાથ** ગયા. ત્યાંના મંહતને દર્શન દઈને **પોલારપર**ના ઝાંપામાં ઊભા રહ્યા ને સર્વે હરિભક્તને દર્શન દઈને ત્યાંથી **કુંડળ** પધાર્યા ને મામૈયા પટગરની ઓસરીએ બિરાજમાન થયા. ત્યાં પોતે જમ્યા ને સંત તથા પોતાના પાર્ષદ તેમને શીરો, પૂરી ને ખીચડી જમાડી.

❋ કારિયાણીમાં રીંગણાનું શાક કરી જમ્યા ને સૌને જમાડ્યા :

અને ત્યાંથી ચાલ્યા, તે ગામ **કારિયાણી**એ પધાર્યા ને વસ્તા ખાચરના ઓરડામાં ઊતર્યા. ત્યાં પોતે આડ ખડકીને દેગડીમાં રીંગણાનું શાક કર્યું. ત્યારે સંત બાજરીના રોટલા કરીને લાવ્યા. ત્યારે પોતે રાજી થયા ને જમતાં જમતાં શાકનાં બહુ વખાણ કરવા માંડ્યા. ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "પોતાના કરેલાને તો પોતે વખાણે, પણ બીજા વખાણે ત્યારે ખરું !" ત્યારે પોતે હસીને તેમને પ્રસાદી આપી, ત્યારે તેમણે વખાણ કર્યાં.

પછી નિત્યાનંદસ્વામી, શુકમુનિ, સુરા ખાચર, દાદા ખાચર, વસ્તા ખાચર, આદિક સર્વને અડધો રોટલો ને ડંકો ભરીને શાક આપ્યું. ને પોતાના રસોઈયા હતા તેમને શાક ને રોટલા આપીને પોતે બોલ્યા જે, "તમે દાડી શાક કરો છો, પણ આજ અમારું શાક જુઓ." ત્યારે તેમણે કહ્યું જે, "તમે તો નારાયણ ને અમે તો સેવક, વાસ્તે તમારા જેવું અમને ક્યાંથી આવડે !" એમ માંહોમાંહી રમૂજ કરી. ને વધ્યું એવું જે શાક ને રોટલા તે સંતને આપ્યાં.

અને પોતે સવારના પહોરમાં ચાલ્યા, તે **ઝીંઝાવદર** થઈને **નીંગાળા**ના ખળામાં આવ્યા. ત્યારે પોતે મીઠું ને સાથવો જમ્યા. ત્યાંથી **ઉગામેડી** થઈને રાધાવાવે આવ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને ગુલાબ ને મોગરાના હાર પહેરાવ્યા. ને પોતે ગાજતેવાજતે **ગઢડા** ગામમાં પધાર્યા ને દાદા ખાચરના દરબારમાં ઉગમણી ઓસરીએ વિરાજમાન થયા. સર્વે હરિભક્ત દર્શન કરી રહ્યા ત્યારે પોતાને નિરંતર રહેવાની જે જાયગા તેને વિષે વિરાજમાન થયા. બ્રહ્મચારી જમવા સારુ બોલાવવા આવ્યા, ત્યારે પોતે ગંગાજળિયા કૂવા આગળ નાહીને લાડુબાના રસોડામાં જમવા પધાર્યા. જમીને અક્ષરઓરડીમાં પોતે પધાર્યા.

સાંજને સમે ઉગમણા બારના ઓરડાની ઓસરીએ વિરાજમાન થયા. સંતે મહારાજને હાર, તોરા, બાજુબંધ, ગજરા પહેરાવ્યા. ત્યાર કેડે ઠાકોરજીના ઉત્થાપનની ઘંટા વાગી, ત્યારે પોતે ત્યાં પધાર્યા ને મંદિરનું કામ કરતા હતા જે સંત તેમને હાર આપ્યા ને કડિયા લોકોને તોરા આપ્યા. ને પોતે કહ્યું જે, "મંદિરનું કામ જલ્દી લેજો."

એમ કહીને પોતે સભામાં વિરાજમાન થયા. સંતે ઝીલણિયાં કીર્તન ગાયાં ને સાંજની વખતે પોતે જમવા પધાર્યા. જમીને પાછા સભામાં વિરાજમાન થયા ને આરતી કર્યા કેડે પોતે પોઢવા પધાર્યા. ને નિત્યાનંદસ્વામી પાસે સત્સંગિજીવનની કથા વંચાવવા માડી. પછી કથાની સમાપ્તિ કરાવીને પોતે પોઢી ગયા.

❋ જૂનાગઢ મંદિરનું કામ કરવા જનારા સંતો પર રાજીપો :

બીજે દિવસે શ્રીજી સભામાં આવીને બેઠા, ત્યારે જૂનેગઢથી કાગળ આવ્યો. તેમાં એમ લખ્યું જે, "મંદિરનું કામ કરવા સારુ સાધુને મોકલજો." ત્યારે પોતે બોલ્યા જે, "જે જૂનેગઢ જાય તેને બે વાર મળીએ, છાતીમાં ચરણારવિંદ આપીએ ને જમીને થાળ આપીએ." ત્યારે સંત મહારાજને રાજી કરવા સારુ ઊઠીને મળ્યા અને બોલ્યા જે, "હે મહારાજ! અમે જૂનેગઢ જાશું." એમ કહીને મંદિરનું કામ કરવા ગયા.

❋ બાઈઓમાં ઈર્ષા થતા શ્રીજી ઉદાસ થયા :

એક દિવસ મહારાજ માંહિલી કોર વિરાજમાન હતા ને બાઈઓમાં માંહોમાંહી બોલાચાલી થઈ. ત્યારે પોતે ઉદાસી થઈને ગોપીનાથજીના મંદિરની ઉગમણી કોળીના સમીપમાં છાપરામાં પાટ ઉપર વિરાજમાન થયા ને રાત પણ ત્યાં રહ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "તમે શા સારુ ઉદાસ થાઓ છો ? જેમ તમે રાજી થાશો તેમ સર્વે કરશે."

ત્યારે પોતે બોલ્યા જે, "બાઈઓમાં ઈર્ષા રાખે નહીં, કજિયો કરે નહીં ને અમારા ઉતારામાં આવે નહીં તો અમે માંહિલીકોર આવીએ." ત્યારે તે લોકોએ કહ્યું જે, "હે મહારાજ ! આજથી તમે જેમ કહેશો તેમ કરશું." ત્યારે પોતે માહિલીકોરે પધાર્યા ને દિન દિન પ્રત્યે આ લોકથી પોતે ઉદાસી થાવા માંડ્યા ને મંદિરનું કામ પણ જલ્દીથી કરાવા માંડ્યું.

તેવામાં શ્રીજીમહારાજ સજ્યાની આથમણી ઓસરીના ઓતરાદે ખૂણે બેસીને થાળ જમતા. તેમાં ભાત ને દાળ વિશેષપણે કરીને જમતા ને ખડકીના કમાડ વાંસે કોગળા કરતા. ને ક્યારેક લાડુબાઈના વચલા ઓરડામાં બારણાને સામા બેસીને શ્રીજીમહારાજ જમતા. તેમાં મૂળા વિશેષપણે જમતા ને ત્યાર કેડે કેળાં વિશેષપણે જમતા. ત્યાર કેડે કેટલાક દિવસ થાળમાં દહીંની તર ને સાકર વિશેષપણે જમતા.

✺ મહારાજે મીરસાહેબની નિખાલસતાથી મિત્રતાનો કોલ આપ્યો :

તેવામાં મીરસાહેબ આવ્યા ને તેને નોતરું દઈને પોતે રાખ્યા. તેને દર્શન દેવા સારુ સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરીને પોતાના ભત્રીજા અયોધ્યાપ્રસાદ ને રઘુવીરજી એ બેને ભેળા લઈને પોતે વાડીએ પધાર્યા ને ઓટા ઉપર ઓતરાદે મુખારવિંદે વિરાજમાન થયા ને ગાવણું કરાવા માંડ્યું. ત્યારે મીરસાહેબે કહ્યું જે, "હે મહારાજ ! તમે મારે ઉતારે પધારો." ત્યારે શ્રીજીમહારાજ તેને ઉતારે પધાર્યા ને **ભગવાન સાકાર છે** એવી ઘણીક વાર્તા કરી. ને કહ્યું જે, "ખુદા સાકાર ન હોય તો કુરાન તો ખુદાના હર્ફ(બેઠા અક્ષર-વાણી) છે, તે વાત બેસે નહીં."

ત્યારે તેમણે કહ્યું જે, "હે મહારાજ ! તમે કહો છો તેમ હું સમજું છું." એમ કહીને બોલ્યા જે, "મારે એકાંતમાં મળવું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું." પછી શ્રીજીમહારાજની તેમણે

પૂજા કરી, ને પીળી શાલ ઓઢાડી. તે શાલ ઓઢીને શ્રીજીમહારાજ મોટી બજારે થઈને દરબારમાં પધાર્યા. તે દિવસે રાત્રીએ પગે ચાલીને વાડીએ પધાર્યા ને સાધુની જાયગાને વિષે સાદડી ઉપર વિરાજમાન થયા. ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, "આજ તો તમે મોરની(અગાઉની) પેઠે ઉતાવળા ચાલ્યા !"

ત્યારે શુકસ્વામીના હાથ ઝાલીને ખેંચ્યા ને કહ્યું જે, "અમારા શરીરમાં બળ સારી પેઠે આવ્યું છે." એમ કહીને પોતે બ્રહ્મચારીના રસોડાની ઓસરીમાં બેસીને મીરસાહેબ સાથે એકાંત કરી. ત્યારે એણે દીવાનજીએ મહારાજને પકડવાનો મનસૂબો કર્યો હતો, તે સર્વે કહી દેખાડ્યો ને એમનું ભૂંડું થયું તે પણ કહી દેખાડ્યું. ને કહ્યું જે, "હું પણ તેના પક્ષમાં હતો, વાસ્તે મારો ગુનો માફ કરો ને અમારાં બચાં સુખી રહે ને અમારે ને તમારે મિત્રતા થાય. (એવી દયા કરો !)" ત્યારે પોતે મિત્રતાનો કોલ આપ્યો ને પોતે દરબારમાં પધાર્યા.

✹ ગઢડામાં વસંતપંચમીનો ઉત્સવ ને મંદિરનું કામ ઝડપથી ચલાવ્યું :

૮૬ ના મહા સુદ વસંતપંચમીનો ઉત્સવ શ્રીજીમહારાજે ગઢડામાં કર્યો. અને સાધુને કહ્યું જે, "છાણાં વીણી લાવો ને બાજરો દળીને રોટલા કરીને જમો ને અમારાં દર્શન કરો." એમ કહીને સાધુને રાખ્યા. અને ગોપીનાથજી મહારાજના મંદિરનું કારખાનું ચલાવ્યું ને પ્રદક્ષિણા કરાવી ને મંદિરના મંડપની ભીતો ચણાવી ને જાળીઓ મેલાવી ને છજા સુધી કામ ચલાવ્યું. અને સાધુને ખાણે પથરા કાઢવા મોકલતા ને જ્યારે સાંજે આવે ત્યારે શ્રીજીમહારાજ પોતે છાતીમાં ચરણારવિંદ આપતા.

એકવાર ખાણેથી ત્રીજે પહોરે સાધુ આવ્યા. તેમની ઉપર પોતે રાજી થયા ને પોતે પાણી પીને સાધુને પાયું, તે એક માટલું પાણી પી ગયા. તે સમામાં અયોધ્યાપ્રસાદજી મહારાજના ભત્રીજા જે નારાયણપ્રસાદ તેને

પોતે જનોઈ દેવરાવી. ને વાડીના કૂવાથી આથમણી કોરે દાદા ખાચરનો કૂવો ગળાવ્યો. ને શ્રીજીમહારાજ પોતે નિત્યે ત્યાં પધારે ને ગાળના ઢગલા ઉપર વિરાજમાન થાતા હવા. એક દિવસ કૂવાથી દખણાદે કોરે બાવળના વૃક્ષ હેઠે થાળ જમ્યા ને ગોપાળસ્વામી ગુજરાતમાંથી આવ્યા તેમને રાજી થઈને થાળ આપ્યો.

✵ રાજકોટ પધારી અંગ્રેજ સાહેબને દર્શન દીધાં :

એવામાં શ્રીજીમહારાજને તેડવા સારુ રાજકોટથી ગવેંદ્ર(ગર્વનર) સાહેબનો કાગળ આવ્યો, તે પોતે વાંચીને રાજી થયા ને સર્વે સાધુને કહ્યું જે, “આપણે રાજકોટ જાવું કે નહીં ?” ત્યારે સર્વેએ કહ્યું જે, “હે મહારાજ ! જાવું તો ખરું.” ત્યારે શ્રીજીમહારાજે ચાલવાની તૈયારી કરાવી ને મોટેરા સાધુ, પાળા, અસવાર એ સર્વેને ભેળા લઈને શ્રીજીમહારાજ ચાલ્યા, તે **માંડવધાર** થઈને **વાંકિયે** રાત રહ્યા. ત્યાંથી **પાડાસણ** પધાર્યા ને ત્યાંથી ૮૬ ના ફાગણ સુદ બીજે **રાજકોટ** પધાર્યા.

બીજે દિવસ શ્રીજીમહારાજ ગવેંદ્ર સાહેબને મળવા પધાર્યા. સાહેબ સામા આવ્યા ને ટોપી ઉતારીને પગે લાગ્યા. અને શ્રીજીમહારાજને ભારે બંગલામાં ખુરસી નાખીને તે ઉપર બેસાર્યા ને પોતે પણ હાથ જોડીને પાસે બેઠા. અને શ્રીજીમહારાજને કહ્યું જે, “હે મહારાજ ! તમે કહો તે પ્રકારે હું રાજ્ય કરું.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે રાજન્ ! નીતિશાસ્ત્ર ને ધર્મશાસ્ત્રને અનુસરીને તમારે રાજ્ય કરવું. અને પ્રજાનું પુત્રની પેઠે રક્ષણ-પોષણ કરવું ને પૃથ્વીને વિશે ધર્મનું સ્થાપન કરવું. અને તમારું રાજ્ય તો સારું છે ને તમારા રાજ્યને વિશે સર્વ લોકને સુખ છે, પણ ગાયો તથા બ્રાહ્મણને દુઃખ છે તે થાવું ન જોઈએ.”

ત્યારે સાહેબ હાથ જોડી વિનય સહિત બોલ્યા જે, “હે મહારાજ સ્વામિનારાયણ ! એ વાતનો હું તપાસ કરીશ અને તમારા તીર્થમાં હું

ગાય મારવા નથી દેતો. હે સ્વામિનારાયણ ! મેરા ગુના માપ કરિયો, મેરા અચ્છા કરિયો ને મેરા દુશ્મનકા બી અચ્છા કરિયો !" તે વાત સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા.

પછી સાહેબે શ્રીજીમહારાજને ઘણા પ્રશ્ન પૂછ્યા. તે પ્રશ્નના ઉત્તર મહારાજે કર્યા. તે સાંભળીને સાહેબ અતિ ખુશ થયા ને બોલ્યા જે, "જેવા સ્વામિનારાયણ મેં સાંભળ્યા હતા, તેવા જ તમે અતિ મોટા સમર્થ છો. માટે મારા ગુના બકશીશ કરશો." એમ કહીને શ્રીજીમહારાજના ચરણમાં માથું મૂકીને પગે લાગ્યા.

✵ સાહેબને શિક્ષાપત્રી આપી અને સાહેબે શ્રીહરિની પૂજા કરી :

પછી શ્રીજીમહારાજે સાહેબને કહ્યું જે, "દાદા ખાચર તમને ઘોડો આપે છે." ત્યારે સાહેબ કહે જે, "સ્વામિનારાયણ મેરે તમેરા ઘોડા ન ચૈયે.

शिक्षापत्री तमेरिहमकुदिजेतोहमकुबोतघोडादिया
रामकहिनेदादाखाचरनेकह्यु जेदादाखाचरतेरेघरस्वामि
नारायणरहेताहे।मारेतेराबोतबडानशिबहेपछेश्री जि
महाराजेदादाखाचरनिपासेलखिलेइनेसाहेबनेशिक्षापत्री
आपितेनेसाहेबेमाथेचडाविनेजानिमांमिलिइनेएकथा
लिसुरविनपरवेवाहतालेमनेसाहेबेचांसवाआपि
नेतेमणेश्रीजीनिपुजाकरिसाहेबनेवसत्रनपज्यु।तारेश्रीजिमहा
राजनिआज्ञाथेकरिनेभूमानंदस्वामियेवांचिनेनेसांभ
लिनेसाहेबघणुराजिथया

શિક્ષાપત્રી તમેરી હમકુ દીજે તો હમકુ બોત ઘોડા દિયા.” એમ કહીને દાદા ખાચરને કહ્યું જે, “દાદા ખાચર ! તેરે ઘર સ્વામિનારાયણ રેતા હે. માટે તેરા બોત બડા નસીબ હે.”

પછી શ્રીજીમહારાજે દાદા ખાચરની પાસેથી લઈને સાહેબને શિક્ષાપત્રી આપી. તેને સાહેબે માથે ચડાવીને છાતીમાં ભીડી. ને એક શાસ્ત્રી ખુરશી ઉપર બેઠા હતા, તેમને સાહેબે વાંચવા આપી. ને તેમણે વાંચી, પણ સાહેબને પસંદ ન પડ્યું. ત્યારે શ્રીજીમહારાજની આજ્ઞાએ કરીને નિત્યાનંદસ્વામીએ વાંચી, તેને સાંભળીને સાહેબ ઘણું રાજી થયા. પછી સાહેબે શિક્ષાપત્રી લીધી. પછી સાહેબે ભારે મૂલનાં વસ્ત્ર-ભૂષણ તથા રાજાને યોગ્ય એવા ઉપચારે કરીને મહારાજની પૂજા કરી. તે વાર પછી મહારાજ પોતાને ઉતારે આવીને જમ્યા ને સર્વ પોતાના આશ્રિતને જમાડ્યા ને રાત રહ્યા.

✵ ગઢડે ફૂલદોલ રામનવમીનો ઉત્સવ, જૂનાગઢે મૂર્તિપ્રતિષ્ઠા :

અને બીજા રાજા અને અસવારી સહિત સાહેબે સન્માન કરીને વળાવ્યા થકા **ગઢપુર** પધાર્યા ને ફૂલડોલનો સમૈયો કર્યો. પછી મંદિર પાસેનો કૂવો કરાવ્યો. તે પછી રામનવમીનો ઉત્સવ કર્યો. પછી **જૂનાગઢ**ના મંદિરને વિશે રાધારમણ આદિ મૂર્તિઓને મહોત્સવ કરીને યથાવિધિ પધરાવી. પછી દુર્ગપુરના મંદિરને વિશે શ્રીગોપીનાથજી આદિ મૂર્તિઓ પધરાવી.

✵ જડભરતની દશા ગ્રહણ કરી ને સ્વધામ જવા રજા માગી :

પછી તીવ્ર વૈરાગ્યને અંગીકાર કરીને શ્રીજીમહારાજ જડભરતની પેઠે વર્તવા લાગ્યા. અને પોતે ક્યારેક અન્ન જમે ને ક્યારેક ન જમે, ને ક્યારેક ફળફૂલ જમે, ક્યારેક વાયુ પીને રહે ને ક્યારેક કંદમૂળ ભક્ષણ કરે ને ક્યારેક જળપાન કરીને રહે ને વ્યવહારથી ઉદાસ રહેવા લાગ્યા.

પછી શ્રીહરિએ એમ વિચાર કર્યો જે, ‘જીવના કલ્યાણને અર્થે જે કાર્ય કરવાનું હતું તે સમગ્ર કર્યું. હવે આપણા અક્ષરધામમાં જઈએ, પણ હમારે વિશે અસાધારણ હેતવાળા જે મારા આશ્રિતજન તે મારે વિયોગે કરીને દેહ નહિ રાખી શકે. માટે એ દેહત્યાગ ન કરે એવી રીતે એને વાત કરીને ધીરજ આપું.’ એમ વિચારીને પોતાનાં આશ્રિત જે બાઈભાઈ તેમને તેડાવ્યાં. તે શ્રીજીમહારાજની પાસે આવીને તેમને વંદન કરીને બેઠાં.

તેની વિગત રામપ્રતાપજીભાઈ, ઈચ્છારામજીભાઈ, અયોધ્યા પ્રસાદજી, રઘુવીરજી, મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી, શુકાનંદમુનિ તથા આનંદાનંદસ્વામી એ આદિ મોટા મુનિ તથા મુકુંદાનંદ બ્રહ્મચારી તથા અખંડાનંદ આદિ બ્રહ્મચારી તથા ઉત્તમરાજા તથા સોમ, સૂર આદિ પાર્ષદ ને રતનજી, મિયાંજી આદિ પાળા તથા જીવુબા, લાડુબા તથા રાજબાઈ એ આદિક બાયુ એ સર્વે પ્રત્યે શ્રીહરિ આ પ્રકારે બોલ્યા જે, “મારા આશ્રિતજનો ! જીવના મોક્ષને અર્થે અમે જે કાંઈ ધાર્યું હતું તે સર્વ કાર્ય પરિપૂર્ણ થયું. માટે હમને હમારા ધામ પ્રત્યે જાવાની ઈચ્છા છે. માટે તમો સર્વ જાવાની રજા આપો. અને હમારી કેડે મુંઝાવું નહિ ને રુદન ન કરવું ને શોક ન કરવો.”

✺ વિલાપ કરતા ભક્તોને સાંત્વના અને ભલામણ :

એવું વજ્રપાત જેવું વચન સાંભળીને સર્વે ભક્તજન બહુ વ્યાકુળ થયાં ને મૂર્છા આવી તેણે કરીને ભૂમી ઉપર પડી ગયાં. અને કોઈનાં નાડી-પ્રાણ તણાઈ ગયાં, ને કોઈ બકોર પાડીને રોવા લાગ્યાં, ને કોઈની આંખ્યુંમાંથી રુધિર ચાલવા માંડ્યાં, ને સર્વના નેત્રમાંથી આંસુની ધારા ચાલવા માંડી. અને સર્વેએ કલ્પાંત કરીને કહ્યું જે, “અમે તમારા વિના ઘડી, પળ, દિવસ કેમ રહેવાય ? ને તમારા વિના અન્ન કેમ ભાવે ?

માટે અમને તમારા ભેળા તેડી જાઓ.” એવી રીતે વિલાપ કર્યો ને બહુ પ્રાર્થના કરી.

ત્યારે શ્રીજીમહારાજ તેમના પ્રત્યે બોલ્યા જે, “વરતાલ આદિક ધામમાં મારી મૂર્તિ તથા લક્ષ્મીનારાયણ, ગોપીનાથ આદિક મૂર્તિયુંને વિશે હું રહીશ ને એ મૂર્તિ દ્વારે તમારી સેવાપૂજા અંગીકાર કરશું. અને તમારા ગુરુપણાને વિશે અમે સ્થાપન કર્યા જે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી તેમને માનજ્યો. અને શિક્ષાપત્રી પ્રમાણે વરતજો ને ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેજ્યો. અને અમારી કેડે અન્નનો ત્યાગ ન કરશો, આત્મઘાત ન કરશો. અને એ હમારું વચન લોપશો તો તમારે-હમારે મેળાપ નહિ થાય.” એમ કહીને વચન પાળવા સારુ પોતાનાં ચરણકમળના સમ દીધા.

પછી તે સર્વેએ હાથ જોડીને શ્રીજીહારાજને કહ્યું જે, “હે મહારાજ! અમે તમારે વચને કરીને અહીં રહેશું, પણ તમારા ચરણકમળને વિશે નિરંતર અમારા મનની વૃત્તિ રહેજ્યો ને અમારા અપરાધ ક્ષમા કરજ્યો અને તમને સંભારીએ ત્યારે દયા કરીને દર્શન દેજ્યો. અને તમારી ભક્તિને વિશે વિઘ્ન થકી રક્ષા કરજ્યો.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “તમે માંગ્યું તે સર્વે તમારે સિદ્ધ થાશે.” તે વાર પછી શ્રીહરિની આજ્ઞાએ કરીને સર્વ ઉદાસ થકા રોતાં રોતાં પોતપોતાને સ્થાનકે ગયાં.

✹ શ્રીહરિનું સ્વધામગમન :

તે વાર પછી અનેક પ્રકારના અપશુકન થાવા લાગ્યા. તે વાર પછી શ્રીહરિ સિદ્ધાસન કરીને બેઠા ને પોતાના સ્વરૂપનુ ધ્યાન કર્યું. તે સમયને વિશે અનેક અક્ષરપાર્ષદ આકાશને વિશે વિમાનમાં બેસીને પોતાને તેડવા સારુ આવ્યા હતા, તેમણે દિવ્ય ઉપચારે કરીને પૂજ્યા. અને મહારાજ વિમાનને વિશે બેઠા થકા પોતાના પાર્ષદે સહિત પોતાના અક્ષરધામને વિશે સંવત્ ૧૮૮૬ના જ્યેષ્ઠ સુદી દશમીને મંગળવારે મધ્યાહ્ને પધાર્યા.


પછી ભક્તજન અતિ ઉદાસ થયા ને ઘણો વિલાપ કર્યો. અને તેમને પોતાનું દર્શન દઈને શ્રીહરિએ તેમની સાંત્વના કરી અને પોતાના ઐશ્વર્યે કરીને તેમના મનને ધીરજ દીધી. તેણે કરીને તે સર્વે શ્રીજીમહારાજની આજ્ઞા પાળતા થકા શ્રીહરિની ભક્તિ કરતાં હવાં.

ઈતિ શ્રીસર્વાવતારધારી શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સદ્ગુરુ
શ્રીભૂમાનંદવિરચિતઃ શ્રીહરિલીલામૃત ગ્રંથઃ સમાપ્તઃ ॥

શ્રીસહજાનંદસ્વામીને નમો નમઃ

॥इतिश्रीसर्वावतारधारिश्रीसहजानंदस्वामिशिष्य
सद्गुरुश्रीभूमानंदविरचितःश्रीहरिलीलामृतग्रंथः
समाप्तः॥ श्रीसहजानंदस्वामिनेनमोनमः॥





શ્રીહરિની અંતર્ધાનલીલા

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. શિક્ષાપત્રી
૧૬. હરિસ્મૃતિ
૧૭. હરિરસામૃત
૧૮. નિત્યનિયમ
૧૯. સંત આખ્યાન
૨૦. ભક્ત આખ્યાન
૨૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૨. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૩. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૪. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૨૬. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૨૭. સદ્.શ્રીભુમાનંદસ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૨૮. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૯. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૦. શ્રીપુરુષોત્તમલીલા
૩૧. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૨. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૩૩. સાગર સાર ભાગ : ૧ થી ૪

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *(गुजराती अनुवाद के साथ)*

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી
વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ૨૨ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા "સત્સંગ સેવક" નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

સદ્.શ્રીભૂમાનંદસ્વામીએ બંધાવેલ
મંદિરો પૈકી બે શિખરબદ્ધ મંદિર



શ્રીસ્વામિનારાયણ મંદિર, વાડી-વડોદરા



શ્રીસ્વામિનારાયણ મંદિર, રામપુરા-સુરત



ISBN 978-93-83456-59-8
9 789383 456598 08

: પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ
તથા કારેલીબાગ-વડોદરા

www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com